ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત ટિપ્પણ સહિત


શ્રી ભોજદેવકૃત રાજમાર્તંડવૃત્તિસમેત

મહર્ષિ શ્રી પતંજલિ વિરચિત

પાતંજલયોગસૂત્ર

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પાતંજલયોગસૂત્ર ભાગ-૧

શબ્દશઃ વિવેચન

✣ મૂળ ગ્રંથકાર : શ્રી પતંજલિ મહર્ષિ

✣ રાજમાર્તંડ ટીકાકાર : શ્રી ભોજદેવ

✣ ટિપ્પણીકાર : શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

✣ આશીર્વાદદાતા ✣

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

005646
06.30

* સંકલન-સંશોધનકારિકા *

સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી

✣ પ્રકાશક ✣

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

ગીતાર્થ ગંગા

પાતંજલયોગસૂત્ર ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૭ વિ. સં. ૨૦૬૭

આવૃત્તિ : પ્રથમ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૨૭૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

એક સદ્‌ગૃહસ્થ તરફથી

અમદાવાદ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

130

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

✣ મુંબઈ :

શ્રી નિકુંજભાઈ આર. ભંડારી

વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

શ્રી લલિતભાઈ ઘરમશી

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ Bangalore :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. પ્રશ્નોત્તરી

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત में ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન

૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન

૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગદર્શન શબ્દશઃ વિવેચન ભાગ-૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન
ભાગ-૧ના સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

પાતંજલયોગસૂત્રમાં યોગની વ્યુત્પત્તિ '**युज् समाधौ**'થી સ્વીકૃત છે. ભાષ્યકાર વ્યાસના અનુસાર યોગ અને સમાધિ પર્યાયવાચી છે. સૂત્રકાર પતંજલિએ પણ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત આ બંને પ્રકારના યોગના માટે 'સમાધિ' પદનો પ્રયોગ કરેલો છે.

મહર્ષિ પતંજલિને 'યોગ' શબ્દથી 'પરમસમાધિ' અર્થ અભિપ્રેત છે. પરમસમાધિરૂપ યોગની સ્થિતિ ચિત્તવૃત્તિઓનો પૂર્ણ નિરોધ થયા પછી સંભવિત છે, તેથી 'ચિત્તવૃત્તિઓના નિરોધ'ને યોગ કહ્યો છે. આ પરિભાષા અનુસાર ચિત્તવૃત્તિઓનો પૂર્ણ નિરોધ ત્યારે જ સંભવે કે જ્યારે વૃત્તિઓની સાથે તેના સંસ્કારોનો પણ નિરોધ થઈ જાય. આ દૃષ્ટિથી એકાગ્રાવસ્થામાં થવાવાળા યોગને 'સંપ્રજ્ઞાત' અને નિરુદ્ધાવસ્થામાં થવાવાળા યોગને 'અસંપ્રજ્ઞાત' કહીને યોગના બે ભેદ કરેલા છે.

ભોજદેવે તે અવસ્થાને સંપ્રજ્ઞાતસમાધિ કહી છે કે જેમાં સંશય અને વિપર્યય રહિત ધ્યેય વસ્તુનું સમ્યગ્ જ્ઞાન થાય છે, પરંતુ આ અવસ્થા અસંપ્રજ્ઞાતસમાધિની અપેક્ષાએ નીચલી કક્ષાની છે; કેમ કે આ અવસ્થામાં પ્રકૃતિ અને પુરુષવિષયક ભેદની અનુભૂતિ થાય છે અને દ્વૈતબુદ્ધિ રહે છે, જ્યારે અસંપ્રજ્ઞાતસમાધિમાં તેનો પણ નિરોધ થઈ જાય છે, ત્યાં કોઈ પણ વસ્તુનું આલંબન રહેતું નથી અને ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રણે એકાકાર બની જાય છે, બધી વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે.

મહર્ષિ પતંજલિએ 'ચિત્તવૃત્તિનિરોધ' આ લક્ષણમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત બંને પ્રકારની સમાધિનો અંતર્ભાવ કરેલો છે જે લક્ષણ માત્રથી સ્પષ્ટ થતું નથી. વાચસ્પતિ મિશ્રે 'ક્લેશાદિવિરોધીચિત્તવૃત્તિનિરોધ' કહીને ઉક્ત યોગલક્ષણમાં મહત્ત્વપૂર્ણ પરિષ્કાર સૂચિત કરેલો છે.

જૈન પરંપરાનુસાર યોગ એક વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. જેનો અર્થ છે - 'મન, વચન, કાયાની સુદૃઢ પ્રવૃત્તિ' આ પ્રવૃત્તિના પુરોવર્તી આત્મપરિણામોને પણ 'યોગ' કહેલ છે. યોગના બે પ્રકાર છે - શુભયોગ અને અશુભયોગ. શુભયોગથી પુણ્યનો આશ્રવ અને અશુભયોગથી પાપનો આશ્રવ થાય છે. આ બંને પ્રકારના યોગ કર્મબંધનો કારણ છે, તેથી મોક્ષ પ્રાપ્ત કરવા માટે યોગનિરોધ-સંવર અને પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરવો પડે છે. પ્રાચીન જૈનાગમોમાં મુખ્યપણે 'યોગ' શબ્દ આશ્રવના કારણભૂત મન, વચન અને કાયાની પ્રવૃત્તિ આદિ અર્થમાં વપરાયેલા છે પરંતુ સાથે સાથે ધ્યાન, સમાધિ આદિ વિવિધ યૌગિક સાધનોના અર્થમાં પણ 'યોગ' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. યોગપરંપરામાં પ્રચલિત યમ, નિયમ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન વગેરે પણ એક પ્રકારથી યોગ જ છે.

પતંજલિ પ્રણીત **યોગસૂત્ર** ઉપર ધારેશ્વર ભોજદેવે આ વૃત્તિ-ટીકા લખેલી જે **'રાજમાર્તંડ'** નામથી પ્રસિદ્ધ છે. પતંજલિપ્રણીત યોગસૂત્રના ચાર પાદ છે :-

(૧) સમાધિપાદ, (૨) સાધનપાદ, (૩) વિભૂતિપાદ અને (૪) કૈવલ્યપાદ.

પ્રથમ સમાધિપાદમાં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત કથન :-

અધિકૃત યોગનું લક્ષણ, ચિત્ત, વૃત્તિ અને નિરોધપદની વ્યાખ્યા, ચિત્તવૃત્તિનિરોધના અભ્યાસ માટે વૈરાગ્ય સ્વરૂપ બે ઉપાયના સ્વરૂપનું અને ભેદનું કથન, સંપ્રજ્ઞાતયોગના અને અસંપ્રજ્ઞાત યોગના પ્રધાન અને ગૌણભેદનું કથન, અસંપ્રજ્ઞાતસમાધિ અને તેના ફળના લાભનો સરળ ઉપાય ઈશ્વરનું પ્રણિધાન હોવાથી ઈશ્વરના સ્વરૂપ, પ્રમાણ, પ્રભાવ, વાચક, ઉપાસના અને ઉપાસનાના ફળનું કથન, ચિત્તના વિક્ષેપોના પ્રતિષેધના ઉપાયરૂપ એકતત્ત્વ અભ્યાસ, મૈત્ર્યાદિભાવો, પ્રાણાયામ વગેરે, સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિના પૂર્વાંગ સ્વરૂપ વિષયવતી પ્રવૃત્તિ ઇત્યાદિનું કથન,લક્ષણ સહિત ફળ સહિત અને પોત-પોતાના વિષય સહિત સમાપત્તિનું સ્વરૂપ, સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિનો ઉપસંહાર અને સબીજસમાધિના કથનપૂર્વક નિર્બીજસમાધિનું કથન.

આ રીતે પાતંજલયોગસૂત્ર ભાગ-૧માં ઉપરોક્ત પદાર્થોનું વર્ણન કરેલ છે.

દ્વિતીય સાધનાપાદમાં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત કથન :-

યોગના અંગભૂત એવા ક્લેશોની અલ્પતા ક્રિયાયોગથી થાય છે તે ક્રિયાયોગ બતાવીને ક્રિયાયોગથી ક્લેશોનું તનૂકરણ થાય છે તે ક્લેશોના ઉદ્દેશ, સ્વરૂપ, કારણ, ક્ષેત્ર અને ફળનો નિર્દેશ, ક્લેશોનું ફળ કર્મ છે, તેથી કર્મના ભેદ, કારણ, સ્વરૂપ અને ફળનો નિર્દેશ, કર્મનું ફળ કર્મોનો વિપાક છે, તેથી કર્મના વિપાકનું સ્વરૂપ અને કારણનો નિર્દેશ, ક્લેશોનું ત્યાજ્યપણું, ત્યાજ્ય એવા ક્લેશોનો ત્યાગ જ્ઞાનથી થતો હોવાથી અને જ્ઞાન શાસ્ત્રને આધીન છે તેનું કથન, શાસ્ત્ર દ્વારા હેય એવા ક્લેશોના હાનના કારણો અને ઉપાદેય એવા યોગના ઉપાદાન કારણોનો બોધ, યોગીઓ હેયનો ત્યાગ કરવા અર્થે ચાર ગુણપર્વોને આશ્રયીને ધ્યાનમાં ઉદ્યમ કરે છે, તેથી હેય ચતુર્વ્યૂહાત્મક, ચતુર્વ્યૂહાત્મક હેયના હાન વગર યોગના સ્વરૂપની પ્રાપ્તિ થતી ન હોવાથી હાન સહિત ચતુર્વ્યૂહનો સ્વ-સ્વકારણ સહિત નિર્દેશ, ઉપાદેયના કારણભૂત એવી વિવેકખ્યાતિના કારણભૂત એવા અંતરંગ ભાવરૂપે અને બહિરંગ ભાવરૂપે રહેલા આઠ યોગાંગોમાંથી યમ અને નિયમરૂપ યોગાંગનું ફળ સહિત કથન અને ત્યારપછી આસનથી માંડીને ધારણા પર્યંતના યોગાંગોનો પરસ્પર ઉપકાર્ય-ઉપકારકભાવ બતાવીને પ્રત્યેકના લક્ષણ અને ફળનો નિર્દેશ.

આ રીતે પાતંજલયોગસૂત્ર ભાગ-૧માં પ્રથમ અને દ્વિતીયપાદના ઉપરોક્ત પદાર્થનું વર્ણન કરેલ છે.

પરમપૂજ્ય ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજ સાહેબે ચારે પાદના કેટલાક સૂત્રો ઉપર જૈનમતાનુસારી વ્યાખ્યા કરીને તે તે પદાર્થોની સમાલોચના કરેલ છે. તેમાંથી પ્રથમ અને દ્વિતીય પાદમાં નીચે મુજબ પદાર્થોની વિચારણા કરેલ છે :

પ્રથમ પાદમાં કરેલ પદાર્થોની વિચારણા :-

યોગનું સ્વરૂપ, વૃત્તિઓનું સ્વરૂપ, પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિનું સ્વરૂપ, તાત્ત્વિક અને અતાત્ત્વિક ધર્મસંન્યાસસ્વરૂપ વૈરાગ્યનું સ્વરૂપ, સંપ્રજ્ઞાત સમાધિનું અને અસંપ્રજ્ઞાત સમાધિનું વિશેષ નિરૂપણ, વિદેહપ્રકૃતિલયનું સ્વરૂપ, ઈશ્વરના સ્વરૂપની વિશેષ વિચારણા, મૈત્ર્યાદિ ચાર ભાવોનું વર્ણન, સબીજસમાધિ, ઋતંભરાપ્રજ્ઞા એ દ્વિતીય અપૂર્વકરણથી થનારા સામર્થ્યયોગની ઉત્પન્ન થયેલી સમાધિપ્રજ્ઞા છે તેનું સ્પષ્ટીકરણ.

દ્વિતીય પાદમાં કરેલ પદાર્થોની વિચારણા :-

પરમ દુશ્ચર આધ્યાત્મિક તપની પ્રાપ્તિ માટે બાહ્યતપની આવશ્યકતા, અવિદ્યા વગેરે મોહનીયકર્મના ઔદયિક ભાવવિશેષો અને તેઓના પ્રસુપ્ત, તનુ, વિચ્છેદ, ઉદારપણાનું સ્વરૂપ, જૈનમતાનુસાર અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશનું સ્વરૂપ, સૂત્ર-૨/૧૦માં કહેલ હેયનું સ્વરૂપ, જાતિ, આયુષ્ય અને ભોગના સ્વરૂપની સમાલોચના, સૂત્ર-૨/૧૫માં કહેલ વિવેકીને સર્વ દુઃખ છે એ નિશ્ચયનયના મતે કથન, ગુણપર્વોની સમાલોચના, મહાવ્રત અને અણુવ્રતોમાં પારમર્ષવિવેક, ભાવશૌચને પ્રાપ્ત કરે તેવો જ દ્રવ્યશૌચ આદેય અને ઈન્દ્રિયોની પરમવશ્યતાનું સ્પષ્ટીકરણ કરેલ છે.

આ પ્રમાણે ઉપરોક્ત પદાર્થો ઉપર શાસ્ત્રપાઠો આપવા દ્વારા પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સમાલોચના કરેલ છે તેને મધ્યસ્થ પુરુષો તટસ્થ દૃષ્ટિથી વિચારશે તો યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ જરૂર થઈ શકશે.

ગીતાર્થગંગાથી પ્રકાશિત થતાં દરેક શબ્દશઃ વિવેચનાનુસાર આ ગ્રંથમાં પણ અવતરણિકા, અવતરણિકાર્થ, સૂત્ર, સૂત્રાર્થ અને ત્યારપછી તેનો ભાવાર્થ આપેલ છે. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે જે જે સૂત્ર ઉપર ટિપ્પણરૂપ વ્યાખ્યા કરેલ છે તે વ્યાખ્યા તે તે સૂત્રના ભાવાર્થ પછી ત્યાં જ આપીને એનો પણ અર્થ અને ભાવાર્થ આપેલ છે જેથી વાચકવર્ગને સમજવામાં વિશેષ ઉપયોગી થઈ શકશે.

પરમપૂજ્ય ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત પતંજલિઋષિએ કહેલા યોગમાર્ગને કહેનારી પાતંજલયોગલક્ષણદ્વાત્રિંશિકા, ઈશાનુગ્રહવિચાર-દ્વાત્રિંશિકા, યોગાવતારદ્વાત્રિંશિકા, ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા, યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા ઇત્યાદિમાં ભોજદેવકૃત રાજમાર્તંડ વૃત્તિને સામે રાખીને પદાર્થોની વિચારણા સમાલોચના કરેલ છે અને જૈનદર્શનના પક્ષપાત વગર પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનારી દૃષ્ટિથી પૂજ્ય ઉપાધ્યાય મહારાજે યત્ન કરેલ છે તે રીતે યોગના અર્થી જીવો મધ્યસ્થતાપૂર્વક પ્રસ્તુત ગ્રંથના અધ્યયન માટે અર્થ કરશે તો યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રસ્તુત ગ્રંથ જરૂર ઉપકારક બનશે.

મારી નાદુરસ્ત રહેતી તબિયતમાં પૂજ્યોની આજ્ઞાથી અમદાવાદ-રાજનગર મુકામે સ્થિરવાસ રહેવાનું થયું. તે દરમ્યાન યોગમાર્ગ-અધ્યાત્મમાર્ગવેત્તા **પં. શ્રી પ્રવીણભાઈ મોતા** પાસે યોગગ્રંથો-

અધ્યાત્મગ્રંથોનું વાંચન કરવાનો, સ્વાધ્યાય કરવાનો, આ લેખન કરવાનો સુઅવસર સાંપડ્યો. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથનું વાંચન પણ કર્યું, તેમાં પાતંજલયોગવિષયક બત્રીશીઓ આવી ત્યારે તે તે સૂત્રો અને તેનું વિવેચન રાજમાર્તંડવૃત્તિ અનુસારે ખોલેલું, ત્યારપછી સંપૂર્ણ પાતંજલયોગદર્શનસૂત્ર-રાજમાર્તંડવૃત્તિ સહ પ્રવીણભાઈ પાસે મયંકભાઈએ વાંચન કર્યું તે વખતે વિવેચન લખાતું ગયું. ફરી સંપૂર્ણ વિવેચનની સાંગોપાંગ પ્રેસકોપી કરવાનો લાભ મને પ્રાપ્ત થયો અને પાતંજલિઋષિના યોગવિષયક પાતંજલયોગસૂત્રના વિશેષ સ્વાધ્યાયનો લાભ મળ્યો. આ બધાના મૂળમાં બીજ રોપનાર પરમપૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજ સાહેબ તથા પરમપૂજ્ય પ્રવચનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજ સાહેબ તથા જામનગર મુકામે વિ. સં. ૨૦૪૭માં ચાતુર્માસ કર્યું ત્યારે પાતંજલયોગસૂત્રનું અધ્યયન, વાંચન કરાવનાર અને યોગમાર્ગવિષયક વિશેષ રુચિ ઉત્પન્ન કરાવનાર પંડિતવર્ય **શ્રી વૃજલાલ ઉપાધ્યાય**નું કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું, તેમ જ પંડિતવર્યશ્રી **પ્રવીણભાઈએ** આ ગ્રંથના પદાર્થોને ખોલવામાં જે અથાક પ્રયત્ન કર્યો છે એના દ્વારા પાતંજલયોગસૂત્રના રહસ્યો અને પૂજ્ય ઉપાધ્યાય મહારાજે કહેલ સમાલોચના દ્વારા જે રહસ્યો પ્રાપ્ત થયા છે અને યોગમાર્ગનો જે વિશદ બોધ પ્રાપ્ત થયો અને આંશિક યોગ પરિણતિનો વિકાસ થયો તે બદલ તેમનો ઉપકાર સદા માટે અવિસ્મરણીય રહેશે.

પ્રાંતે યોગમાર્ગનો સમ્યગ્ બોધ કરીને ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓના નિરોધ દ્વારા અપર વૈરાગ્યથી પરવૈરાગ્યને પ્રાપ્ત કરી સંપ્રજ્ઞાત સમાધિ દ્વારા પ્રજ્ઞાલોક-ઋતુંભરાપ્રજ્ઞાને પામીને અસંપ્રજ્ઞાતસમાધિ અર્થાત્ વૃત્તિસંક્ષય દ્વારા ભવોપગ્રાહી કર્મનો ક્ષય કરીને આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી સાદિ અનંતકાળ સુધી સ્વસ્વરૂપમાં રમમાણ બનીએ એ જ શુભકામના.

कल्याणमस्तु सर्वजीवानाम्

એફ-૨, જેઠાભાઈ પાર્ક,
નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ-૭.
આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૬,
તા. ૧૭-૧૦-૨૦૧૦, રવિવાર.

વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના શિષ્યરત્ના સાધ્વીજી **ચંદનબાલાશ્રી**

પાતંજલયોગસૂત્ર ભાગ-૧ની સંકલના

મોક્ષમાર્ગને માનનારા સર્વદર્શનકારોને મોક્ષમાં વિવાદ નથી, પરંતુ મોક્ષના ઉપાયોમાં તે તે દર્શનનો કાંઈક ભેદ પણ છે અને કાંઈક સામ્ય પણ છે.

પતંજલિઋષિએ મોક્ષમાર્ગ બતાવવા અર્થે ચાર વિભાગમાં યોગસૂત્રની રચના કરેલ છે :

(૧) સમાધિપાદ, (૨) સાધનપાદ, (૩) વિભૂતિપાદ અને (૪) કૈવલ્યપાદ.

સમાધિપાદમાં યોગનું લક્ષણ બતાવીને કઈ રીતે યોગમાં યત્ન થઈ શકે તેનું વિસ્તારથી વર્ણન સાધનપાદમાં કરેલ છે. સમાધિપાદમાં યોગનું લક્ષણ કર્યા પછી યોગ ચિત્તવૃત્તિના નિરોધરૂપ હોવાથી ચિત્તની વૃત્તિઓનું સ્વરૂપ બતાવેલ છે અને ચિત્તની વૃત્તિઓનો નિરોધ કઈ રીતે થઈ શકે તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે, જેથી ચિત્તવૃત્તિઓનો યથાર્થ બોધ કરીને તેના નિરોધ માટે યત્ન કરવાની દિશા પ્રાપ્ત થઈ શકે છે.

વળી જેમ ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગ છે તેમ પાતંજલમતાનુસાર સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિ પણ મોક્ષનું કારણ છે, તે સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે અને તે સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિમાં વિઘ્નો કયા કયા છે અને તે વિઘ્નોનો જય કરવા શું શું કરવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન પ્રથમ સમાધિપાદમાં કરેલ છે.

આ સમાધિપાદ ઉપર જૈનદર્શનની માન્યતાનુસાર ક્યાં ક્યાં સામ્ય છે અને ક્યાં ક્યાં વિરોધ આવે છે તેનો કાંઈક બોધ કરાવવા અર્થે કેટલાંક સૂત્રો ઉપર પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે ટિપ્પણી બનાવી છે, જેના બળથી યુક્તિ અને અનુભવ અનુસાર મોક્ષના ઉપાયભૂત સમાધિનાં સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે.

પ્રથમ સમાધિપાદમાં અંતરંગ મોક્ષને અનુકૂળ પરિણામસ્વરૂપ સમાધિનું વર્ણન કરેલ છે, તે સમાધિની પ્રાપ્તિનો ઉપાય ક્રિયાયોગ છે, તેથી બીજા સાધનપાદમાં પતંજલિઋષિએ ક્રિયાયોગનું વર્ણન કરેલ છે. આ ક્રિયાયોગનું સેવન સમાધિને અનુકૂળ આત્માને ભાવિત કરવા માટે કરવાનું છે અને સંસારી આત્માઓમાં વર્તતા ક્લેશોને ક્ષીણ કરવા માટે કરવાનું છે, તેથી ક્રિયાયોગથી ક્ષીણ કરવા યોગ્ય ક્લેશોનું વિસ્તારથી સ્વરૂપ બીજા સાધનપાદમાં બતાવેલ છે.

વળી પાતંજલમતાનુસાર ક્લેશોનું મૂળ કર્માશય છે અને તેનાથી કઈ રીતે જન્મની પ્રાપ્તિ થાય છે, ભોગોની પ્રાપ્તિ થાય છે તેનું કાંઈક વિસ્તારથી સ્વરૂપ બીજા સાધનપાદમાં કરેલ છે.

વળી જીવ દ્વારા બંધાતું કર્મ પુણ્યાપુણ્યરૂપ છે, તે સર્વ કર્મનું ફળ પરમાર્થથી જીવની વિડંબણા જ છે તે બતાવવા અર્થે પુણ્યથી પ્રાપ્ત થતું ફળ કઈ રીતે દુઃખરૂપ છે તેની વિસ્તારથી ચર્ચા બીજા સાધનપાદમાં કરેલ છે.

વળી પ્રકૃતિ અને પુરુષના સંયોગથી સંસારનું નિર્માણ થાય છે. તે વિષયમાં સાંખ્યમતાનુસાર વિસ્તારથી વર્ણન કરેલ છે અને યોગી મહાત્મા પ્રકૃતિથી પુરુષને કઈ રીતે પૃથક્ કરી શકે છે અને જ્યારે વિવેકખ્યાતિ પ્રગટે છે તે વખતે યોગીના ચિત્તની કેવી ભૂમિકાઓ હોય છે કે જેના બળથી વિવેકખ્યાતિ થવાના કારણે તે યોગી કર્મોથી મુક્ત થાય છે તેનું સ્વરૂપ બીજા સાધનપાદમાં કરેલ છે.

વળી વિવેકખ્યાતિની પ્રાપ્તિ પૂર્વે યોગના આઠ અંગો કઈ રીતે વિવેકખ્યાતિ પ્રાપ્ત થવામાં કારણ બને છે તેથી યોગના આઠ અંગોનું વિસ્તારથી સ્વરૂપ બીજા સાધનપાદમાં કરેલ છે.

યોગના આઠ અંગો પણ કથંચિત્ ક્રિયાયોગસ્વરૂપ જ છે માટે પતંજલિઋષિના મત સાથે સ્વમતની તુલના કરીને સાધનપાદનો ઉચિત બોધ કરાવવા અર્થે કેટલાક સૂત્રો ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે ટિપ્પણી બનાવી છે, તેથી પક્ષપાત વગર તત્ત્વના જિજ્ઞાસુઓ યોગમાર્ગના રહસ્યને જાણવા માટે યત્ન કરે તો પાતંજલયોગશાસ્ત્રમાં કહેલ માન્યતાનુસાર યોગમાર્ગની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તેનો બોધ પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબની ટિપ્પણી દ્વારા થઈ શકે છે.

જૈનદર્શનના પક્ષપાત વગર પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનારી દૃષ્ટિથી જે રીતે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજય મહારાજે યત્ન કરેલ છે તે રીતે યોગના અર્થી જીવો મધ્યસ્થતાપૂર્વક પ્રસ્તુત ગ્રંથના અધ્યયન માટે યત્ન કરશે અને વિશેષ જિજ્ઞાસુ જીવ આ વિષયમાં પતંજલિઋષિએ કહેલા યોગમાર્ગને કહેનારી બત્રીશીઓ પાતંજલયોગલક્ષણદ્વાત્રિંશિકા, ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા, યોગાવતારદ્વાત્રિંશિકા, ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા, યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા ઇત્યાદિને સામે રાખીને અધ્યયન કરશે તો વિશેષ લાભ થશે.

[આ પાતંજલયોગસૂત્રવાળી દરેક બત્રીશીઓનું શબ્દશઃ વિવેચન આની પૂર્વે ગીતાર્થગંગા સંસ્થા તરફથી પ્રકાશિત થયેલ છે.]

પાતંજલયોગસૂત્રના શબ્દશઃ આ વિવેચનમાં ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કે પૂજ્ય ઉપાધ્યાય મહારાજના આશય વિરુદ્ધ કાંઈ પણ ક્ષતિ થઈ હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૬,
તા. ૧૭-૧૦-૨૦૧૦, રવિવાર
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા



પાતંજલયોગસૂત્ર પાદ-૧/૨ માં આવતાં પદાર્થોની સંક્ષિપ્ત ટ્રીરૂપે સંકલના

યોગ (પા.યો. ૧/૨)

|

ચિત્તવૃત્તિઓનો નિરોધ

ચિત્તની ભૂમિઓ (પા.યો. ૧/૨)

|

(૧) ક્ષિપ્ત	(૨) મૂઢ	(૩) વિક્ષિપ્ત	(૪) એકાગ્ર	(૫) નિરુદ્ધ
|	|	|	|	|
સમાધિમાં અનુપયોગી	સમાધિમાં અનુપયોગી	સમાધિમાં અનુપયોગી	સમાધિમાં ઉપયોગી	સમાધિમાં ઉપયોગી
			|	|
			ઇન્દ્રિયો અને મનની બહિર્વૃત્તિનો નિરોધ	બહિરંગ અને અંતરંગ સર્વવૃત્તિઓને નિરોધ

ચિત્તવૃત્તિનિરોધકાળ (પા.યો. ૧/૩)

|


સ્વરૂપમાં અવસ્થાન

ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગથી અન્ય કાળ (પા.યો. ૧/૪)


|

વૃત્તિઓનું સારૂપ્ય


ચિત્તની વૃત્તિઓ (પા.યો. ૧/૫ થી ૧૧)



ચિત્તવૃત્તિઓના નિરોધનો ઉપાય (પા.યો. ૧/૧૨ થી ૧૫)



વૈરાગ્ય (પા.યો. ૧-૧૫/૧૬)



સમાધિ (પા.યો. ૧-૧૭/૧૮)

- (૧) સંપ્રજ્ઞાતસમાધિ
- (૨) અસંપ્રજ્ઞાતસમાધિ
  - વિરામપ્રત્યય અભ્યાસ છે પૂર્વમાં જેને એવા સંસ્કાર શેષયુક્ત

↑

ગ્રાહ્યસમાપત્તિ ←
- (૧) વિતર્કસંપ્રજ્ઞાતસમાધિ → સવિતર્કસમાધિ / નિર્વિતર્કસમાધિ
- (૨) વિચારસંપ્રજ્ઞાતસમાધિ → સવિચારસમાધિ / નિર્વિચારસમાધિ

ગ્રહણસમાપત્તિ ← (૩) સાનંદસંપ્રજ્ઞાતસમાધિ

ગ્રહીતૃસમાપત્તિ ← (૪) સાસ્મિતસંપ્રજ્ઞાતસમાધિ.

સમાધિ (પા.યો. ૧/૧૯ થી ૨૨)

- ભવપ્રત્યય
  - વિદેહ અને પ્રકૃતિમાં લય પામેલા જીવોને
- ઉપાયપ્રત્યય
  - શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞાપૂર્વક વિદેહ અને પ્રકૃતિલયથી ઇતર યોગીઓને

યોગીમાં વર્તતા ત્રણ પ્રકારના યોગમાર્ગના ઉપાયોનું ત્રણ પ્રકારના સંવેગપૂર્વક સેવનથી યોગીના નવ પ્રકારના ભેદો (પા.યો. ૧/૨૨)

યોગી

(૧) મૃદુઉપાયનું સેવન			મધ્યઉપાયનું સેવન			તીવ્રઉપાયનું સેવન		
મૃદુ સંવેગ પૂર્વક	મધ્યમ સંવેગ પૂર્વક	તીવ્ર સંવેગ પૂર્વક	મૃદુ સંવેગ પૂર્વક	મધ્યમ સંવેગ પૂર્વક	તીવ્ર સંવેગ પૂર્વક	મૃદુ સંવેગ પૂર્વક	મધ્યમ સંવેગ પૂર્વક	તીવ્ર સંવેગ પૂર્વક

સમાધિનો પ્રાપ્તિનો ઉપાય (પા.યો. ૧/૨૩-૨૪)

↓

ઈશ્વરપ્રણિધાન

ઈશ્વર

↓

ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી ત્રણે કાળમાં નહિ સ્પર્શાયેલો પુરુષવિશેષ

ક્લેશ	કર્મ	વિપાક	આશય
અવિદ્યાદિ	વિહિત અને નિષિદ્ધના મિશ્રણરૂપ ક્રિયા	પોતાના દ્વારા કરાયેલા કર્મના જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ વિપાકો	ફળના વિપાક સુધી ચિત્તભૂમિમાં રહેનારા વાસનારૂપ સંસ્કારો

ચિત્તના વિક્ષેપને કરનારા અન્ય અંતરાયો (પા.યો. ૧/૩૧)

(૧) દુઃખ (૨) દૌર્મનસ્ય (૩) અંગમેજયત્વ (૪) શ્વાસ-પ્રશ્વાસ

ચિત્તના વિક્ષેપોના નાશનો ઉપાય (પા.યો. ૧/૩૨ થી ૩૪)

(૧)	(૨)	(૩)
એક વિષયમાં ચિત્તનું ફરી ફરી સ્થાપન	મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાના ભાવનથી ચિત્તનું પ્રસાદન	પ્રાણવાયુનું બહાર નીકળવું અને બહાર ગતિનો વિચ્છેદ

પ્રાણાયામ કરવા માટેની ત્રણ પ્રક્રિયા (પા.યો. ૧/૩૪)

(૧) રેચક	(૨) પૂરક	(૩) કુંભક
પ્રયત્ન વિશેષથી પ્રાણવાયુનું ચોક્કસ માત્રા વડે બહાર કાઢવું એ પ્રચ્છન=રેચક	બાહ્યવાયુનું અભ્યંતર પૂરણ દ્વારા જે વિધારણ તે પૂરક	અભ્યંતર પૂરણ કરાયેલા વાયુને ત્યાં જ ધારી રાખવું તે કુંભક

સંપ્રજ્ઞાતસમાધિના પૂર્વાંગ સ્વરૂપ

મનની સ્થિરતાના કારણો (પા.યો. ૧/૩૫ થી ૩૯)

- (૧) યોગના માહાત્મ્યરૂપે ઉત્પન્ન થયેલી વિષયવતી પ્રવૃત્તિ મનની સ્થિતિનું કારણ
- (૨) શોકરહિત પ્રકાશમય ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ ચિત્તની સ્થિરતાનું કારણ
- (૩) વીતરાગ વિષયવાળું ચિત્ત
- (૪) સ્વપ્નના જ્ઞાનનું અને નિદ્રાના જ્ઞાનનું આલંબન
- (૫) યથાભિમત વસ્તુવિષયક ધ્યાન

પાંચેય ઇન્દ્રિયોવિષયક વિશેષ પ્રકારનું યોગીઓને સંવેદન

- નાસિકાના અગ્ર ભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યગંધની સંવિત્
- જિહ્વાના અગ્ર ભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યરસની સંવિત્
- તાલુના અગ્ર ભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યરૂપની સંવિત્
- જિહ્વાના મધ્ય ભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્ય શબ્દની સંવિત્
- જિહ્વાના મૂળ ભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્ય શબ્દની સંવિત્

ચિત્તના વિક્ષેપના પરિહારનું ફળ (પા.યો. ૧/૪૦)

- (૧) સૂક્ષ્મ વિષયની ભાવના દ્વારા પરમાણુ અંત સુધી ચિત્તના અપ્રતિઘાતરૂપે વશીકાર
- (૨) સ્થૂલવિષયની ભાવના દ્વારા આકાશાદિ પરમમહત્ પર્યંત ચિત્તના અપ્રતિઘાતરૂપે વશીકાર

નિર્મળ એવા ચિત્તની તે તે ભાવની વસ્તુના ઉપયોગથી તે તે રૂપની પ્રાપ્તિ તે સમાપત્તિ (પા.યો. ૧/૪૧)

- ગ્રાહ્ય સમાપત્તિ
  - તત્સ્થ
  - તદંજનતા
- ગ્રહણ સમાપત્તિ
  - તત્સ્થ
  - તદંજનતા
- ગ્રહીતૃ સમાપત્તિ
  - તત્સ્થ
  - તદંજનતા

પાતંજલમતાનુસાર ચાર પ્રકારની સમાપત્તિનું સ્વરૂપ (પા.યો. ૧/૪૨ થી થી ૪૪)

- (૧) સવિતર્ક સમાપ્તિ: શબ્દ, અર્થ, જ્ઞાન અને વિકલ્પથી સહિત, સ્થૂલવિષયવાળી.
- (૨) નિર્વિતર્ક સમાપ્તિ: શબ્દ, અર્થથી રહિત સ્વરૂપશૂન્યની જેમ અર્થમાત્રનો નિર્ભાસ, સ્થૂલવિષયવાળી.
- (૩) સવિચાર સમાપ્તિ: દેશ, કાળ અને ધર્માદિથી સહિત, સૂક્ષ્મવિષયવાળી.
- (૪) નિર્વિચાર સમાપ્તિ: દેશ, કાળ અને ધર્માદિથી રહિત, સૂક્ષ્મવિષયવાળી.

સાધના દ્વારા યોગીને પ્રાપ્ત થતાં ગુણપરિણામના ચાર પર્વો (પા.યો. ૧/૪૫)

- (૧) પાંચભૂતરૂપ વિશિષ્ટ લિંગ
- (૨) તન્માત્રા અને ઇન્દ્રિયોરૂપ અવિશિષ્ટ લિંગ
- (૩) બુદ્ધિરૂપ લિંગમાત્ર
- (૪) પ્રધાનરૂપ= પ્રકૃતિરૂપ અલિંગ

સબીજ સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ (પા.યો. ૧/૪૬)

- (૧) સવિતર્કસમાપ્તિ
- (૨) નિર્વિતર્ક સમાપ્તિ
- (૩) સવિચાર સમાપ્તિ
- (૪) નિર્વિચાર સમાપ્તિ

સવિતર્ક, નિર્વિતર્ક, સવિચારસમાપત્તિનું ફળ (પા.યો. ૧/૪૭)

↓

નિર્વિચારસમાપત્તિ

નિર્વિચારસમાપત્તિનું ફળ

↓

અધ્યાત્મનો પ્રસાદ

↓ તેનાથી

ઋતંભરાપ્રજ્ઞાની પ્રાપ્તિ (પા.યો. ૧/૪૮)

ઋતંભરાપ્રજ્ઞાની પ્રાપ્તિનો ઉપાય (પા.યો. ૧/૪૯)

↓

શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટ થયેલ પ્રજ્ઞાના બળથી સવિતર્કાદિ સમાપત્તિમાં યત્ન કરવાના ફળરૂપ ઋતંભરાપ્રજ્ઞાની પ્રાપ્તિ

ઋતંભરાપ્રજ્ઞાનું ફળ (પા.યો. ૧/૫૦)

↓


વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલ અને સમાધિથી ઉત્પન્ન થયેલ સંસ્કારોનો
પ્રતિબંધી ઋતંભરાપ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલ સંસ્કાર

નિર્બીજસમાધિનું સ્વરૂપ (પા.યો. ૧/૫૧)


↓

સંપ્રજ્ઞાતસમાધિના નિરોધમાં સર્વચિત્તવૃત્તિઓના નિરોધથી નિર્બીજસમાધિની પ્રાપ્તિ


વ્યુત્થાનદશાવાળા યોગીને યોગના સાધનરૂપ ક્રિયાયોગ (પા.યો. ૨/૧)




તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ ક્રિયાયોગનું પ્રયોજન (પા.યો. ૨/૨)



પાતંજલમતાનુસાર પાંચ પ્રકારના ક્લેશો (પા.યો. ૨/૨ થી ૪)



પાંચ પ્રકારના ક્લેશોનું સ્વરૂપ (પા.યો. ૨/૫ થી ૯)



ક્લેશોના નાશનો ઉપાય (પા.યો. ૨/૧૦-૧૧)

- પ્રતિલોમપરિણામથી સૂક્ષ્મ ક્લેશો હેય
- ક્લેશોની વૃત્તિઓ ધ્યાનથી હેય

કર્માશય (પા.યો. ૨/૧૨-૧૩)

- સ્વરૂપ
  - ક્લેશ મૂળવાળો દૃષ્ટ-અદૃષ્ટ જન્મવેદનીય કર્માશય
- ફળ
  - કર્માશયનું મૂળ એવો ક્લેશ હોતે છતે જાતિ, આયુષ્ય અને ભોગરૂપે કર્મનો વિપાક

કર્માશયના ફળરૂપ જાતિ, આયુષ્ય અને ભોગના પ્રકારો (પા.યો. ૨/૧૪)

- (૧) પુણ્યરૂપ હેતુથી આહ્લાદફળવાળા
- (૨) અપુણ્યરૂપ હેતુથી પરિતાપફળવાળા

પુણ્યથી કે પાપથી મળેલ જાતિ આદિ સર્વ વિવેકીને દુઃખરૂપ હોવાના કારણો (પા.યો. ૨/૧૫)

- (૧) પરિણામ
- (૨) તાપ
- (૩) સંસ્કાર
- (૪) ગુણવૃત્તિનો વિરોધ

હેયનું સ્વરૂપ અને કારણ (પા.યો. ૨/૧૬-૧૭)

- અનાગત એવું દુઃખ હેય
- દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ હેય એવા અનાગત દુઃખનો હેતુ

દૃશ્યના સ્વરૂપ, કાર્ય અને પ્રયોજન (પા.યો. ૨/૧૮)

- પ્રકાશ, ક્રિયા અને સ્થિતિશીલ દૃશ્યનું સ્વરૂપ
- ભૂત ઇન્દ્રિયાત્મક દૃશ્યનું કાર્ય
- ભોગ અને અપવર્ગ માટે દૃશ્ય છે એ દૃશ્યનું પ્રયોજન

ગુણોના પર્વસ્થાનો (પા.યો. ૨/૧૯)

- (૧) પાંચ મહાભૂત અને ઇન્દ્રિયોરૂપ વિશેષ અવસ્થાવિશેષ
- (૨) પાંચ તન્માત્રા અને અસ્મિતારૂપ અવિશેષ અવસ્થાવિશેષ
- (૩) બુદ્ધિરૂપ લિંગમાત્ર અવસ્થાવિશેષ
- (૪) અવ્યક્તરૂપ અલિંગ અવસ્થાવિશેષ

ઉપાદેય એવા દ્રષ્ટા અને ભોક્તાનું સ્વરૂપ (પા.યો. ૨/૨૦-૨૧)

- ચેતનમાત્ર એવો દ્રષ્ટા શુદ્ધ હોવા છતાં પણ વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનોનો અનુપશ્ય
- પુરુષના ભોગસંપાદનરૂપ પ્રયોજન માટે જ દૃશ્ય એવી પ્રકૃતિનું સ્વરૂપ

દૃશ્ય અને દ્રષ્ટાનો સંયોગ અને તેનું કારણ (પા.યો. ૨/૨૩-૨૪)

- દૃશ્યની શક્તિ અને દ્રષ્ટાની શક્તિના સ્વરૂપની પ્રાપ્તિનો હેતુ દૃશ્ય અને દ્રષ્ટાનો સંયોગ
- દૃશ્યના અને દ્રષ્ટાના સંયોગનો હેતુ અવિદ્યા

હાનનું સ્વરૂપ અને તેનું કારણ (પા.યો. ૨/૨૫-૨૬)

- દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગનો અભાવ હાન
  - ↓
  - સંયોગના અભાવરૂપ હાન દ્રષ્ટાનું કૈવલ્ય
- દ્રષ્ટાના અને દૃશ્યના સંયોગના હાનનો ઉપાય અવિપ્લવવાળી એવી વિવેકખ્યાતિ

ઉત્પન્ન થયેલ વિવેકખ્યાતિવાળા યોગીને જ્ઞાતવ્યના વિવેકરૂપ પ્રાંતભૂમિમાં સાત પ્રકારની પ્રજ્ઞાનું સ્વરૂપ (પા.યો. ૨/૨૭)

કાર્યવિમુક્તિ-૪	ચિત્તવિમુક્તિ-૩
(૧) મારા વડે જ્ઞેય જ્ઞાત છે, તેથી મારે કાંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી.	(૧) મારા બુદ્ધિના ગુણો ચરિતાર્થ થયા છે.
(૨) મારા ક્લેશો ક્ષય પામેલા છે, તેથી મારે કાંઈ ક્ષય કરવા યોગ્ય નથી.	(૨) મને સમાધિ સાત્મીભૂત થયેલી છે.
(૩) મારા વડે જ્ઞાન પ્રાપ્ત છે.	(૩) સમાધિ પ્રાપ્ત થયે છતે હું સ્વરૂપ પ્રતિષ્ઠ છું.
(૪) મારા વડે વિવેકખ્યાતિ પ્રાપ્ત થયેલી છે.	

વિવેકખ્યાતિનું કારણ (પા.યો. ૨/૨૮)

↓

યોગાંગના સેવનથી આત્માની અશુદ્ધિનો ક્ષય થયે છતે વિવેકખ્યાતિ પર્યંતની જ્ઞાનની દીપ્તિ

યોગના આઠ અંગો (પા.યો. ૨/૨૯)

(૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ

(૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ


અષ્ટાંગ યોગમાં પ્રથમ યોગાંગરૂપ યમનું સ્વરૂપ (પા.યો. ૨/૩૦)

(૧) હિંસાના અભાવરૂપ અહિંસા	(૨) વાણી અને મનનું યથાર્થપણું સત્ય	(૩) પરના ધનના અપહરણનો અભાવ અસ્તેય	(૪) ઉપસ્થનો સંયમ બ્રહ્મચર્ય	(૫) ભોગસાધનનો અસ્વીકાર અપરિગ્રહ

પાંચ પ્રકારના યમોમાં સર્વ અને દેશરૂપ વિશેષ (પા.યો. ૨/૩૧)

જાતિ, દેશ, કાળ અને સમયથી અનવચ્છિન્ન સર્વ ક્ષિપ્ત વગેરે ચિત્તભૂમિમાં થનારા અહિંસાદિ યમો મહાવ્રત	જાતિ, દેશ, કાળ અને સમયથી વિભાગ કરાયેલ અહિંસાદિ યમો દેશથી મહાવ્રત

અષ્ટાંગયોગમાં બીજા યોગાંગરૂપ નિયમનું સ્વરૂપ (પા.યો. ૨/૩૨)



યમ અને નિયમનું યોગાંગપણું શાથી ? (પા.યો. ૨/૩૩)

↓


અહિંસાદિ યમના સેવન દ્વારા અહિંસાદિથી આત્માને ભાવિત કરવાથી હિંસાદિ ભાવોની બાધા થવાને કારણે યોગની સુકરતા થવાથી યમ-નિયમનું યોગાંગપણું

હિંસાદિ વિતર્કોનું સ્વરૂપ, ભેદ, કારણ અને ફળ (પા.યો. ૨/૩૪)


↓

હિંસાદિ વિતર્કો કૃત, કારિત અને અનુમોદિત, લોભ, ક્રોધ અને મોહપૂર્વક, મૃદુ, મધ્ય અને અધિમાત્રાવાળા, દુઃખ અને અજ્ઞાનના ફળવાળા


હિંસા, અસત્ય વગેરે પાંચ વિતર્કોમાંથી પ્રત્યેકના ૮૧ ભેદો



પાંચ પ્રકારના યમોથી પ્રાપ્ત થતી સિદ્ધિનું કથન (પા.યો. ૨/૩૫ થી ૩૯)



પાંચ પ્રકારના નિયમોથી પ્રાપ્ત થતી સિદ્ધિનું કથન (પા.યો. ૨/૪૦ થી ૪૫)



અષ્ટાંગ યોગમાં ત્રીજા યોગાંગરૂપ આસનનું સ્વરૂપ (પા.યો. ૨/૪૬)

↓

સ્થિર અને સુખરૂપ એવું આસન યોગાંગ

સ્થિર અને સુખરૂપ આસન પ્રાપ્તિનો ઉપાય (પા.યો. ૨/૪૭)

- પ્રયત્નની શિથિલતા
- આનન્ત્યની સમાપત્તિ

આસનજયથી થતું તત્કાળ ફળ (પા.યો. ૨/૪૮)

↓

સ્થિર સુખાસનથી શીત, ઉષ્ણાદિ દ્વંદ્વોનો અનભિઘાત

અષ્ટાંગ યોગમાં ચોથા યોગાંગરૂપ પ્રાણાયામનું સ્વરૂપ (પા.યો. ૨/૪૯)

↓

આસન સ્થિર થયે છતે શ્વાસ, પ્રશ્વાસની ગતિના વિચ્છેદરૂપ પ્રાણાયામ

પ્રાણાયામના પ્રકારો (પા.યો. ૨/૫૦-૫૧)

- (૧) રેચક ↓ બાહ્યવૃત્તિ શ્વાસ
- (૨) પૂરક ↓ અંતર્વૃત્તિ પ્રશ્વાસ
- (૩) કુંભક ↓ પ્રશ્વાસથી ગ્રહણ કરાયેલા વાયુની અંદરમાં સ્તંભવૃત્તિ
- (૪) સ્તંભન ↓ બાહ્ય અને અભ્યંતર વિષયનું પર્યાલોચન કરીને સ્તંભરૂપ ગતિવિચ્છેદ

ચાર પ્રકારના પ્રાણાયામનું ફળ (પા.યો. ૨/૫૨-૫૩)

- પ્રકાશના આવરણનો ક્ષય
- ધારણામાં મનની યોગ્યતા=સ્થિરતા

અષ્ટાંગ યોગમાં પાંચમા યોગાંગરૂપ પ્રત્યાહારનું સ્વરૂપ (પા.યો. ૨/૫૪)

↓

ઇન્દ્રિયોના વિષયોના અભિમુખભાવરૂપ અસંપ્રયોગ હોતે છતે
ચિત્તના સ્વરૂપને અનુસરનાર પ્રત્યાહાર

પ્રત્યાહારનું ફળ (પા.યો. ૨/૫૫)

↓

ઇન્દ્રિયોના પ્રત્યાહારથી યોગીને ઇન્દ્રિયોની પરમવશ્યતા

— સાધ્વી ચંદનબાલાશ્રી

પાતંજલયોગસૂત્ર ભાગ-૧ની અનુક્રમણિકા

સૂત્ર નં.	વિગત	પાના નં.
	(૧) સમાધિપાદ :	**૧-૧૨૮**
૧.	મંગલાચરણ.	૧-૪
૨.	યોગનું લક્ષણ.	૪-૮
૧-૨.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૮-૯
૩.	ચિત્તવૃત્તિનિરોધકાળમાં ચિત્તનું સ્વરૂપ.	૯-૧૧
૪.	અનિરોધકાળમાં ચિત્તનું સ્વરૂપ.	૧૦-૧૧
૫.	ચિત્તની ક્લિષ્ટ-અક્લિષ્ટ બે પ્રકારની વૃત્તિઓ.	૧૧-૧૨
૬.	ચિત્તની વૃત્તિઓના ભેદો.	૧૨-૧૩
૭.	પ્રમાણોના ભેદો.	૧૩-૧૫
૮.	વિપર્યયનું સ્વરૂપ.	૧૫-૧૬
૯.	વિકલ્પનું સ્વરૂપ.	૧૬-૧૮
૧૦.	નિદ્રાનું સ્વરૂપ.	૧૮-૧૯
૧૧.	સ્મૃતિનું સ્વરૂપ.	૧૯-૨૧
૫ થી ૧૧.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૨૧-૨૩
૧૨.	ચિત્તવૃત્તિનિરોધનો ઉપાય.	૨૩-૨૪
૧૩.	ચિત્તવૃત્તિના નિરોધ માટે કરાતા અભ્યાસનું સ્વરૂપ.	૨૪-૨૫
૧૪.	ચિત્તવૃત્તિના નિરોધના અભ્યાસને દૃઢ કરવાનો ઉપાય.	૨૫-૨૬
૧૫.	વૈરાગ્યનું સ્વરૂપ.	૨૬-૨૮
૧૬.	પ્રકૃષ્ટ વૈરાગ્યનું સ્વરૂપ.	૨૮-૨૯
૧૫-૧૬.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૨૯-૩૧
૧૭.	સંપ્રજ્ઞાતસમાધિના ચાર ભેદો.	૩૧-૩૯
૧૮.	અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ.	૪૦-૪૩
૧૭-૧૮.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૪૩-૪૭
૧૯.	ભવપ્રત્યય પ્રાપ્ત થતી સમાધિ.	૪૭-૪૯

સૂત્ર નં.	વિગત	પાના નં.
૧૯.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૪૯
૨૦.	યત્નથી પ્રાપ્ત થતી સમાધિના ઉપાયો.	૫૦-૫૧
૨૧.	તીવ્રસંવેગથી શીઘ્ર સમાધિની પ્રાપ્તિ.	૫૧-૫૨
૨૨.	જઘન્ય, મધ્યમ અને તીવ્રસંવેગના ભેદથી યોગીના ૨૭ ભેદોની પ્રાપ્તિ.	૫૩-૫૭
૨૩.	ઈશ્વરપ્રણિધાન સમાધિની પ્રાપ્તિ.	૫૭-૫૯
૨૪.	ઈશ્વરનું સ્વરૂપ.	૫૯-૬૫
૨૫.	ઈશ્વરને સ્વીકારવા માટે પ્રમાણ.	૬૫-૬૮
૨૬.	પૂર્વના ઋષિઓના ગુરુ તરીકે ઈશ્વરનો સ્વીકાર.	૬૮-૬૯
૨૬.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૬૯-૭૭
૨૭.	ઈશ્વરનો વાચક શબ્દ.	૭૭-૭૯
૨૮.	ઈશ્વરના જપથી ઈશ્વરના સ્વરૂપનું ભાવન.	૭૮-૭૯
૨૯.	ઈશ્વરની ઉપાસનાનું ફળ.	૮૦-૮૧
૩૦-૩૧.	યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંતરાયો.	૮૧-૮૬
૩૨થી ૩૯.	ચિત્તના વિક્ષેપના પરિહારનો ઉપાય.	૮૪-૧૦૪
૩૩.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૯૦-૯૩
૩૪.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૯૫-૯૬
૪૦.	ચિત્તસ્થૈર્યનું ફળ.	૧૦૪-૧૦૬
૪૧થી ૪૫.	સમાપત્તિનું સ્વરૂપ અને તેના ભેદો.	૧૦૬-૧૧૬
૪૬.	સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ.	૧૧૬-૧૧૭
૪૬.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૧૧૭-૧૧૮
૪૭.	સમાધિના અતિશયથી અધ્યાત્મનો પ્રસાદ.	૧૧૮-૧૧૯
૪૮-૪૯.	ઋતંભરાપ્રજ્ઞાનું સ્વરૂપ.	૧૨૦-૧૨૨
૪૭થી ૪૯.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૧૨૩-૧૨૪
૫૦.	ઋતંભરાપ્રજ્ઞાનું ફળ.	૧૨૪-૧૨૫
૫૧.	સંપ્રજ્ઞાતસમાધિથી અસંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિ.	૧૨૫-૧૨૭
	સમાધિપાદનો ઉપસંહાર	૧૨૭-૧૨૮

સૂત્ર નં.	વિગત	પાના નં.
	(૨) સાધનપાદ :	**૧૨૯-૨૬૯**
૧.	ક્રિયાયોગનું સ્વરૂપ.	૧૨૯-૧૩૦
૧.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૩૦-૧૩૨**
૨.	ક્રિયાયોગનું પ્રયોજન.	૧૩૨-૧૩૩
૩.	ક્લેશોના ભેદો.	૧૩૩-૧૩૪
૪.	સર્વ ક્લેશોનું બીજ અવિદ્યા અને ક્લેશોના ભેદોનું સ્વરૂપ.	૧૩૪-૧૩૮
૨ થી ૪.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૩૮-૧૩૯**
૫.	અવિદ્યાનું સ્વરૂપ.	૧૩૯-૧૪૦
૬.	અસ્મિતાનું સ્વરૂપ.	૧૪૦-૧૪૩
૭.	રાગનું સ્વરૂપ.	૧૪૩
૮.	દ્વેષનું સ્વરૂપ.	૧૪૪
૯.	અભિનિવેશનું સ્વરૂપ.	૧૪૪-૧૪૫
૫ થી ૯.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૪૬-૧૪૯**
૧૦.	ક્લેશોના નાશના ઉપાયોનો વિભાગ.	૧૫૦-૧૫૧
૧૦.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૫૧**
૧૧.	સ્થૂલ ક્લેશોના નાશનો ઉપાય.	૧૫૨-૧૫૩
૧૨.	ક્લેશોથી થતા કર્માશયનું સ્વરૂપ.	૧૫૩-૧૫૫
૧૩.	કર્માશયનું ફળ.	૧૫૫-૧૫૭
૧૩.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૫૭-૧૮૩**
૧૪.	કર્માશયના ફળો પુણ્યરૂપ અને અપુણ્યરૂપ હોવાથી અનુકૂળરૂપ અને પ્રતિકૂળરૂપ.	૧૮૩-૧૮૫
૧૫.	પુણ્ય અને પાપ પરમાર્થથી દુઃખસ્વરૂપ.	૧૮૫-૧૮૮
૧૫.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૮૮-૧૯૦**
૧૬.	યોગીઓને ભાવિનું દુઃખ હેય હોવાથી યોગમાર્ગની પ્રવૃત્તિ.	૧૯૦-૧૯૧
૧૭.	સંસારના હેતુનું સ્વરૂપ.	૧૯૧-૧૯૨
૧૮.	દૃશ્યનું સ્વરૂપ અને પ્રયોજન.	૧૯૨-૧૯૪

સૂત્ર નં.	વિગત	પાના નં.
૧૯.	યોગીઓને ધ્યાન માટેની સ્થૂલ અને સૂક્ષ્મ ભૂમિકા.	૧૯૪-૧૯૬
૧૯.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૧૯૬-૧૯૮**
૨૦.	પુરુષનું સ્વરૂપ.	૧૯૯-૨૦૦
૨૧.	પુરુષ અર્થે દૃશ્યનો સ્વીકાર.	૨૦૦-૨૦૧
૨૨.	યોગમાર્ગની સાધનાથી કૃતાર્થ થયેલી પ્રકૃતિ તે યોગીને આશ્રયીને નષ્ટ હોવા છતાં અન્ય જીવોને આશ્રયીને પ્રકૃતિનો અનષ્ટરૂપે સ્વીકાર.	૨૦૧-૨૦૪
૨૩.	પ્રકૃતિ અને પુરુષના સંયોગનું સ્વરૂપ.	૨૦૪-૨૦૬
૨૪.	અવિદ્યાથી પુરુષ અને પ્રકૃતિનો સંયોગ.	૨૦૬-૨૦૭
૨૫.	અવિદ્યાના નાશથી પ્રકૃતિના સંયોગનો અભાવ અને તેનાથી પુરુષની મુક્તિ.	૨૦૭-૨૦૯
૨૬.	કર્મનાશનો ઉપાય.	૨૦૯-૨૧૧
૨૭.	વિવેકખ્યાતિની સાત ભૂમિકાની પ્રજ્ઞા.	૨૧૧-૨૧૫
૨૮.	વિવેકખ્યાતિ પ્રત્યે યોગના અંગોનું કારણપણું.	૨૧૫-૨૧૬
૨૯.	યોગના આઠ અંગો.	૨૧૬-૨૧૮
૩૦-૩૧.	યોગનું સ્વરૂપ.	૨૧૮-૨૨૩
૩૧.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૨૨૩-૨૨૪**
૩૨.	નિયમોનું સ્વરૂપ.	૨૨૪-૨૨૬
૩૨.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	**૨૨૬**
૩૩.	યમ-નિયમ કઈ અપેક્ષાએ યોગ પ્રત્યે કારણ છે તેનું સ્વરૂપ.	૨૨૭-૨૨૮
૩૪.	સંસારના કારણભૂત વિતર્કોનું સ્વરૂપ અને તેના પ્રતિપક્ષભાવનનો ઉપાય.	૨૨૮-૨૩૪
૩૫.	અહિંસાયમની સિદ્ધિનું ફળ.	૨૩૪-૨૩૫
૩૬.	સત્યયમની સિદ્ધિનું ફળ.	૨૩૫-૨૩૬
૩૭.	અસ્તેયયમની સિદ્ધિનું ફળ.	૨૩૬
૩૮.	બ્રહ્મચર્યયમની સિદ્ધિનું ફળ.	૨૩૬-૨૩૭
૩૯.	અપરિગ્રહયમની સિદ્ધિનું ફળ.	૨૩૭-૨૩૮
૪૦-૪૧.	શૌચનિયમની સિદ્ધિનું ફળ.	૨૩૮-૨૪૨
૪૨.	સંતોષનિયમની સિદ્ધિનું ફળ.	૨૪૨-૨૪૩

સૂત્ર નં.	વિગત	પાના નં.
૪૩.	તપનિયમની સિદ્ધિનું ફળ.	૨૪૩-૨૪૪
૪૪.	સ્વાધ્યાયનિયમની સિદ્ધિનું ફળ.	૨૪૪-૨૪૫
૪૫.	ઈશ્વરપ્રણિધાનનું ફળ.	૨૪૫-૨૪૬
૪૬.	આસનરૂપ યોગાંગનું સ્વરૂપ.	૨૪૬-૨૪૭
૪૭.	આસનરૂપ યોગાંગની પ્રાપ્તિનો ઉપાય.	૨૪૭-૨૪૮
૪૮.	આસનરૂપ યોગાંગનું ફળ.	૨૪૯
૪૯.	પ્રાણાયામનું સ્વરૂપ.	૨૫૦-૨૫૧
૫૦-૫૧.	પ્રાણાયામના ભેદો.	૨૫૧-૨૫૪
૫૨-૫૩.	પ્રાણાયામનું ફળ.	૨૫૪-૨૫૬
૫૪.	પ્રત્યાહારરૂપ યોગાંગનું સ્વરૂપ.	૨૫૬-૨૫૮
૫૫.	પ્રત્યાહારરૂપ યોગાંગનું ફળ.	૨૫૮-૨૫૯
૫૫.	**ઉપાધ્યાય યશોવિજયજી મ. સા.ની ટિપ્પણી**	૨૫૯-૨૬૬
	સાધનપાદનો ઉપસંહાર	૨૬૬-૨૬૯
	પરિશિષ્ટ	૨૭૦-૨૭૪

✪ ❊ ✪

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

न्यायविशारद-न्यायचार्यपदप्रतिष्ठित-महामहोपाध्याय-

श्रीमद्यशोविजयगणिरचितटिप्पणसहितानि,

श्रीभोजदेवकृतराजमार्तण्डवृत्तिसमेतानि च

।। पातञ्जलयोगसूत्राणि ।।

(ભાગ-૧)

प्रथमः समाधिपादः ।।

सूत्र :

अथ योगानुशासनम् ।।१-१।।

सूत्रार्थ :

योगना लक्षण, भेद, उपाय अने फलो वडे जेना द्वारा व्याख्यान कराय ते योगनुं अनुशासन छे. ।।१-१।।

राजमार्तण्डः

देहार्धयोगः शिवयोः स श्रेयांसि तनोतु वः ।

दुष्प्रापमपि यत्स्मृत्या जनः कैवल्यमश्नुते ।।१।।

त्रिविधान्यपि दुःखानि यदनुस्मरणान्नृणाम् ।

प्रयान्ति सद्यो विलयं तं स्तुमः शिवमव्ययम् ।।२।।

पतञ्जलिमुनेरुक्तिः काऽप्यपूर्वा जयत्यसौ ।
पुंप्रकृत्योर्वियोगोऽपि योग इत्युदितो यया ॥३॥
जयन्ति वाचः फणिभर्तुरान्तस्फुरत्तमस्तोमनिशाकरत्विषः ।
विभाव्यमानाः सततं मनांसि याः सतां सदाऽऽनन्दमयानि कुर्वते ॥४॥
शब्दानामनुशासनं विदधता पातञ्जले कुर्वता,
वृत्तिं राजमृगाङ्कसञ्ज्ञकमपि व्यातन्वता वैद्यके ।
वाक्चेतोवपुषां मलः फणिभृतां भर्त्रेव येनोद्धृत-
स्तस्य श्रीरणरङ्गमल्लनृपतेर्वाचो जयन्त्युज्ज्वलाः ॥५॥
दुर्बोधं यदतीव तद्विजहति स्पष्टार्थमित्युक्तिभिः,
स्पष्टार्थेष्वपि विस्तृतिं विदधति व्यर्थैः समासादिकैः ।
अस्थानेऽनुपयोगिभिश्च बहुभिर्जल्पैर्भ्रमं तन्वते,
श्रोतॄणामिति वस्तुविप्लवकृतः सर्वेऽपि टीकाकृतः ॥६॥
उत्सृज्य विस्तरमुदस्य विकल्पजालं फल्गुप्रकाशमवधार्य च सम्यगर्थान् ।
सन्तः पतञ्जलिमते विवृतिर्मयेयमातन्यते बुधजनप्रतिबोधहेतुः ॥७॥

ટીકા :

અનેન સૂત્રેણ શાસ્ત્રસ્ય સમ્બન્ધાભિધેયપ્રયોજનાન્યાખ્યાયન્તે, અથશબ્દોऽધિકારદ્યોતકો મઙ્ગલાર્થકશ્ચ, યોગો યુક્તિ સમાધાનમ્, 'युज् समाधौ' । अनुशिष्यते=व्याख्यायते लक्षणभेदोपायफलैर्येन तदनुशासनम्, योगस्यानुशासनं योगानुशासनम्, तद् आ शास्त्र-परिसमाप्तेरधिकृतं बोद्धव्यमित्यर्थः, तत्र शास्त्रस्य व्युत्पाद्यतया योगः ससाधनः सफलो-ऽभिधेयः, तद्व्युत्पादनं च फलम्, व्युत्पादितस्य योगस्य कैवल्यं फलम्, शास्त्राभिधेययोः प्रतिपाद्य-प्रतिपादकभावलक्षणः सम्बन्धः, अभिधेयस्य योगस्य तत्फलस्य च कैवल्यस्य साध्यसाधनभावः । एतदुक्तं भवति-व्युत्पाद्यस्य योगस्य साधनानि शास्त्रेण प्रदर्श्यन्ते तत्साधनसिद्धो योगः कैवल्याख्यं फलमुत्पादयति ॥१॥

ટીકાર્થ :

અનેન ..... उत्पादयति આ સૂત્રથી="अथ योगानुशासनम्" એ સૂત્રથી, શાસ્ત્રનો સંબંધ, અભિધેય અને પ્રયોજન કહેવાય છે. 'अथ' શબ્દ અધિકારનો દ્યોતક છે અને મંગલાર્થક છે.

योगानुशासनम् શબ્દમાંથી 'યોગ'નો અર્થ કરે છે –

યોગ=યુક્તિ=સમાધાન; કેમ કે 'युज् समाधौ' યુજ્ ધાતુ સમાધિમાં છે.

યોગનો અર્થ કર્યા પછી 'અનુશાસન'નો અર્થ કરે છે –

લક્ષણ, ભેદ, ઉપાય અને ફળ વડે જેનાથી અનુશાસન=વ્યાખ્યાન, કરાય તે અનુશાસન છે.

આ રીતે 'અથ', 'યોગ' અને 'અનુશાસન'નો અર્થ કર્યા પછી યોગ અને અનુશાસનનો સમાસ બતાવે છે –

યોગનું અનુશાસન તે "યોગાનુશાસન." તે=યોગનું અનુશાસન=યોગનું વ્યાખ્યાન, શાસ્ત્રની પરિસમાપ્તિ સુધી અધિકૃત જાણવું. એ પ્રકારનો અર્થ છે.

ત્યાં=યોગના વ્યાખ્યાનમાં, શાસ્ત્રનો વ્યુત્પાદ્યપણાથી સાધનસહિત સફળ યોગ અભિધેય છે અને તેનું વ્યુત્પાદન=યોગનું વ્યુત્પાદન, ફળ છે, વ્યુત્પાદિત યોગનું કૈવલ્ય ફળ છે.

શાસ્ત્રનો અને અભિધેય એવા યોગનો, પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવસ્વરૂપ સંબંધ છે અર્થાત્ શાસ્ત્ર પ્રતિપાદક છે અને યોગ તેનાથી=શાસ્ત્રથી પ્રતિપાદ્ય છે.

અને અભિધેય એવા યોગનો અને તેના ફળરૂપ એવા=યોગના ફળરૂપ એવા, કૈવલ્યનો સાધ્ય-સાધનભાવરૂપ સંબંધ છે અર્થાત્ યોગ સાધન છે અને યોગના ફળરૂપ કૈવલ્યની પ્રાપ્તિ એ સાધ્ય છે.

આ કહેવાયેલું થાય છે – વ્યુત્પાદ્ય એવા યોગના સાધનો શાસ્ત્રથી બતાવાય છે અને તેના સાધનથી સિદ્ધ એવો યોગ=યોગના સાધનથી સિદ્ધ એવો યોગ, કૈવલ્ય નામના ફળને અર્થાત્ પ્રકૃતિથી પૃથગ્ભૂત એવા આત્માના કૈવલ્યરૂપ ફળને, ઉત્પાદન કરે છે. ॥૧-૧॥

ભાવાર્થ :

પાતંજલયોગશાસ્ત્ર ગ્રંથના સંબંધ, અભિધેય અને પ્રયોજનનું વ્યાખ્યાન :

"अथ योगानुशासनम्' એ સૂત્ર દ્વારા પ્રસ્તુત પાતંજલયોગ શાસ્ત્રનો સંબંધ, અભિધેય અને પ્રયોજન કહેવાય છે. ત્યાં અથ શબ્દ અધિકારનો દ્યોતક અને મંગલ અર્થક છે.

આશય એ છે કે, 'યોગાનુશાસન' શબ્દથી યોગનું વ્યાખ્યાન પ્રાપ્ત થાય છે, તેથી અથ શબ્દ યોગના વ્યાખ્યાનના અધિકારને બતાવે છે અને ગ્રંથના પ્રારંભમાં મંગલ કરવું જોઈએ, તેથી મંગલ અર્થને બતાવનાર અથ શબ્દ છે.

આ રીતે પાતંજલયોગસૂત્ર-૧માં રહેલ અથ શબ્દનો અર્થ કર્યા પછી રાજમાર્તંડ ટીકાકાર યોગ શબ્દનો અર્થ કરે છે –

યોગ=યુક્તિ=સમાધાન; કેમ કે યુજ્ ધાતુ સમાધિ અર્થમાં છે, તેથી યુજ્ ધાતુમાંથી બનેલ યોગ શબ્દ સમાધિરૂપ સમાધાનને બતાવે છે અર્થાત્ આત્મા પોતાના સ્વરૂપમાં અવસ્થાનરૂપ સમાધાનને પામે તેને બતાવે છે અને તે સમાધાનના અર્થમાં યોગનો અર્થ યુક્તિ કરેલ છે અર્થાત્ યોજન કરેલ છે. આત્મા પોતાને પોતાના સ્વરૂપમાં યોજન કરે તે યોજનરૂપ યુક્તિ છે, તેથી યોગનો અર્થ સમાધાન પ્રાપ્ત થાય છે.

આ રીતે યોગનો અર્થ કર્યા પછી 'અનુશાસન'નો અર્થ કરે છે.

લક્ષણ, ભેદ, ઉપાય અને ફળવડે જેનાથી વ્યાખ્યાન કરાય તે અનુશાસન=વ્યાખ્યાન છે અને પ્રસ્તુત ગ્રંથમાં લક્ષણાદિથી યોગનું વ્યાખ્યાન કરાય છે, અને તે યોગનું વ્યાખ્યાન પ્રસ્તુત ગ્રંથની સમાપ્તિ સુધી અધિકૃત છે એમ જાણવું.

આ રીતે પ્રસ્તુત સૂત્રમાં રહેલ અથ, યોગ અને અનુશાસન શબ્દનો અર્થ કર્યા પછી આ સૂત્રથી અભિધેય શું છે ? તે સ્પષ્ટ કરે છે –

શાસ્ત્રનો અભિધેય=શાસ્ત્રથી કહેવા યોગ્ય વિષય, વ્યુત્પાદ્યપણાથી સાધનસહિત, ફળ સહિત યોગ છે; કેમ કે 'યોગનું વ્યાખ્યાન કરશું' એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, તેનાથી માત્ર યોગ અભિધેય નથી, પરંતુ યોગના સાધન અને યોગના ફળ સહિત એવો યોગ અભિધેય છે અને તેનું વ્યુત્પાદન=યોગનું આત્મામાં નિષ્પાદન, એ શાસ્ત્રના અધ્યયનું ફળ છે અને શાસ્ત્રથી યોગનો બોધ કર્યા પછી આત્મામાં વ્યુત્પાદિત એવા યોગનું ફળ કૈવલ્ય છે=પ્રકૃતિથી આત્માની પૃથક્ પ્રાપ્તિરૂપ આત્માનું કૈવલ્ય ફળ છે.

શાસ્ત્ર અને અભિધેય એવા યોગ એ બેની વચ્ચે પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવસ્વરૂપ સંબંધ છે અર્થાત્ શાસ્ત્ર પ્રતિપાદક છે અને શાસ્ત્રથી પ્રતિપાદ્ય એવો યોગ છે માટે શાસ્ત્ર અને યોગની વચ્ચે પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધ છે.

શાસ્ત્રથી અભિધેય એવા યોગનું અને યોગના સેવનના ફળરૂપ કૈવલ્યનો સાધ્ય-સાધનભાવસ્વરૂપ સંબંધ છે અર્થાત્ યોગ સાધન છે. પ્રકૃતિથી આત્માની પૃથક્ પ્રાપ્તિરૂપ કૈવલ્ય સાધ્ય છે, તેથી યોગ અને યોગના ફળ વચ્ચે સાધ્ય-સાધનભાવ સંબંધ છે.

આનાથી એ કહેવાયેલું થાય છે કે, શાસ્ત્રથી વ્યુત્પાદ્ય એવા=કહેવા યોગ્ય એવા, યોગના સાધનો શાસ્ત્રથી બતાવાય છે અને તે સાધનોથી સિદ્ધ=તે સાધનોના સેવનથી આત્મામાં પ્રગટ થતો યોગ કૈવલ્યનામના ફળને પ્રગટ કરે છે=આત્માને મુક્તિ પ્રાપ્ત કરાવે છે. **॥૧-૧॥**

अवतरणिका :

तत्र को योग इत्यत आह –

अवतरणिकार्थ :

પાતંજલયોગસૂત્ર ૧-૧માં योगानुशासनम् કહ્યું ત્યાં યોગ શું છે ? એથી કહે છે –

सूत्र :

योगश्चित्तवृत्तिनिरोधः ॥१-२॥

સૂત્રાર્થ :

ચિત્તવૃત્તિનો નિરોધ યોગ છે. ॥૧-૨॥

ટીકા :

'योग इति'-चित्तस्य निर्मलसत्त्वपरिणामरूपस्य या वृत्तयोऽङ्गाङ्गिभावपरिणाम-रूपास्तासां निरोधो बहिर्मुखपरिणतिविच्छेदादन्तर्मुखतया प्रतिलोमपरिणामेन स्वकारणे लयो योग इत्याख्यायते, स च निरोधः सर्वासां चित्तभूमीनां सर्वप्राणिनां धर्मः कदाचित्-कस्याञ्चिद् बुद्धिभूमावाविर्भवति, ताश्च क्षिप्तं मूढं विक्षिप्तमेकाग्रं निरुद्धमिति चित्तस्य भूमयः, चित्तस्याऽवस्थाविशेषाः, तत्र क्षिप्तं रजस उद्रेकादस्थिरं बहिर्मुखतया सुखदुःखादिविषयेषु विकल्पितेषु व्यवहितेषु सन्निहितेषु वा रजसा प्रेरितम्, तच्च सदैव दैत्यदानवादीनाम्, मूढं तमस उद्रेकात् कृत्याकृत्यविभागमगणयत् क्रोधादिभिर्विरुद्ध-कृत्येष्वेव नियमितम्, तच्च सदैव रक्षःपिशाचादीनाम्, विक्षिप्तं तु सत्त्वोद्रेकाद्वैशिष्ट्यैन परिहृत्य दुःखसाधनं सुखसाधनेष्वेव शब्दादिषु प्रवृत्तम्, तच्च सदैव देवानाम् । एतदुक्तं भवति-रजसा प्रवृत्तिरूपं, तमसा परापकारनियतं, सत्त्वेन सुखमयं चित्तं भवति, एतास्तिस्रश्चित्तावस्थां समाधावनुपयोगिन्यः, एकाग्रनिरुद्धरूपे द्वे च सत्त्वोत्कर्षाद्यथोत्तरमव-स्थित्वात्समाधावुपयोगं भजेते, सत्त्वादिक्रमव्युत्क्रमे त्वयमभिप्रायः-द्वयोरपि रजस्तमसोरत्यन्तहेयत्वेऽप्येतदर्थे रजसः प्रथममुपादानं, यावन्न प्रवृत्तिर्दर्शिता तावन्निवृत्तिर्न शक्यते दर्शयितुमिति द्वयोर्व्यत्ययेन प्रदर्शनम्, सत्त्वस्य त्वेतदर्थे पश्चात् प्रदर्शनं यत्तस्योत्कर्षेणोत्तरे द्वे भूमी योगोपयोगिन्याविति, अनयोर्द्वयोरेकाग्रनिरुद्धयोर्भूम्योर्यश्चित्त-स्यैकाग्रतारूपः परिणामः स योग इत्युक्तं भवति, एकाग्रे बहिर्वृत्तिनिरोधः, निरुद्धे च सर्वासां वृत्तीनां संस्काराणां च प्रविलय इत्यनयोरेव भूम्योर्योगस्य सम्भवः ॥२॥

ટીકાર્થ :

चित्तस्य ..... आख्यायते, પાતંજલદર્શન પ્રમાણે નિર્મલસત્ત્વના પરિણામરૂપ ચિત્તના અંગાગીભાવ-પરિણામરૂપ જે વૃત્તિઓ છે તેનો નિરોધ યોગ છે=બહિર્મુખપરિણતિના વિચ્છેદથી અન્તર્મુખપણાને કારણે પ્રતિલોમપરિણામથી ચિત્તની વૃત્તિઓનો સ્વકારણમાં લય યોગ એ પ્રમાણે કહેવાય છે.

स च ..... अवस्थाविशेषाः, અને સર્વ પ્રાણીઓના સર્વચિત્તભૂમિઓનો તે નિરોધ ધર્મ ક્યારેક કોઈકની બુદ્ધિભૂમિમાં આવિર્ભાવ પામે છે અને તે=ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પ્રકારે ચિત્તની ભૂમિઓ છે=ચિત્તની અવસ્થાવિશેષ છે.

तत्र ..... दानवादीनाम्, ત્યાં=ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પ્રકારે ચિત્તની ભૂમિઓ છે ત્યાં, વિકલ્પિત, વ્યવહિત અથવા સન્નિહિત એવા સુખ-દુઃખાદિવિષયોમાં બહિર્મુખપણાને કારણે

રાગથી પ્રેરિત રજના ઉદ્રેકથી અસ્થિર ચિત્ત ક્ષિપ્ત છે એમ અન્વય છે, અને તે=ક્ષિપ્ત ચિત્ત, સદા જ=હંમેશા જ, દૈત્ય-દાનવ આદિને છે.

મૂઢ ..... પિશાચાદીનામ્, તમના ઉદ્રેકથી કૃત્યાકૃત્યના વિભાગને નહિ ગણતો ક્રોધાદિથી વિરુદ્ધ કૃત્યોમાં જ નિયમિત ચિત્ત મૂઢ છે. અને તે=મૂઢચિત્ત, સદા જ=હંમેશાં જ, રાક્ષસ-પિશાચ આદિને છે.

વિક્ષિપ્તં . ..... દેવાનામ્, વળી સત્ત્વના ઉદ્રેકને કારણે વૈશિષ્ટપણાથી દુઃખના સાધનનો પરિહાર કરીને સુખના સાધનોરૂપ જ શબ્દાદિમાં પ્રવૃત્ત ચિત્ત વિક્ષિપ્ત છે. અને તે=વિક્ષિપ્ત ચિત્ત, સદા જ=હંમેશા જ, દેવોને છે.

एतदुक्तं भवति - આ કહેવાયેલું થાય છે –

રજસા . ..... ભવતિ, રાગથી પ્રવૃત્તિરૂપ ચિત્ત હોય છે, તમથી પર અપકાર નિયત ચિત્ત હોય છે, સત્ત્વથી સુખમય ચિત્ત હોય છે.

એતા . ..... ભજેતે, આ ત્રણ ચિત્તની અવસ્થા અર્થાત્ ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત ચિત્તની અવસ્થા, સમાધિમાં અનુપયોગી છે અને એકાગ્ર અને નિરુદ્ધરૂપ બે ચિત્તની ભૂમિઓ યથોત્તર સત્ત્વના ઉત્કર્ષથી અવસ્થિતપણું હોવાને કારણે સમાધિમાં ઉપયોગને ભજે છે.

સત્ત્વાદિ . ..... ઇતિ, વળી સત્ત્વાદિના ક્રમ અને વ્યુત્ક્રમમાં આ અભિપ્રાય છે –

રજ અને તમ બંનેનું પણ અત્યંત હેયપણામાં પણ આ અર્થમાં=આ પ્રયોજનમાં, રજનું પ્રથમ ઉપાદાન=ગ્રહણ છે. પ્રવૃત્તિ બતાવાય નહિ ત્યાં સુધી નિવૃત્તિ બતાવવા માટે શક્ય નથી, એથી બંનેનું=રજ અને તમનું, વ્યત્યયથી પ્રદર્શન છે અર્થાત્ રજ કરતાં તમ અત્યંત ખરાબ હોવા છતાં રજને પ્રથમ કહેવારૂપ વ્યત્યયથી રજ અને તમનું પ્રદર્શન છે, વળી સત્ત્વનું આ અર્થમાં પશ્ચાત્ પ્રદર્શન છે, જે કારણથી તેના ઉત્કર્ષથી=સત્ત્વના ઉત્કર્ષથી, ઉત્તરની બે ભૂમિઓ=એકાગ્ર અને નિરુદ્ધરૂપ બે ભૂમિઓ, યોગ માટે ઉપયોગી છે.

ઇતિ શબ્દ एतदुक्तं भवति ના કથનની સમાપ્તિ સૂચક છે.

अनयोः ..... सम्भवः ॥ આ બેમાં=એકાગ્ર અને નિરુદ્ધ ભૂમિમાં જે એકાગ્રતારૂપ પરિણામ છે તે યોગ છે એ પ્રમાણે કહેવાયેલું થાય છે અર્થાત્ સત્ત્વાદિના ક્રમ અને વ્યુત્ક્રમમાં આ અભિપ્રાય છે એ કથનથી કહેવાયેલું થાય છે.

એકાગ્રતા અને નિરુદ્ધ શું છે ? તે સ્પષ્ટ કહે છે –

એકાગ્રતામાં બહિર્વૃત્તિનો નિરોધ છે અને નિરુદ્ધમાં સર્વવૃત્તિઓનો અને સંસ્કારોનો પ્રવિલય છે, એથી આ બે જ ભૂમિમાં=એકાગ્ર અને નિરુદ્ધ જ ભૂમિમાં, યોગનો સંભવ છે. ॥૧-૨॥

ભાવાર્થ :

યોગ શબ્દનો અર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૨માં કહેલ યોગ શબ્દનો અર્થ કરે છે –

નિર્મળસત્ત્વના પરિણામરૂપ ચિત્તની જે વૃત્તિઓ છે, તેમનો નિરોધ યોગ છે અને યોગમાં જે ચિત્તવૃત્તિનો નિરોધ છે તે સર્વ પ્રાણીઓની સર્વ ચિત્તવૃત્તિનો ધર્મ છે, છતાં તે ધર્મ ક્યારેક કોઈ જીવની બુદ્ધિ ભૂમિમાં આવિર્ભાવ પામે છે, સદા આવિર્ભાવ પામતો નથી.

કેમ સર્વ પ્રાણીના ચિત્તમાં ચિત્તવૃત્તિનો ધર્મ હોવા છતાં નિરોધ આવિર્ભાવ પામતો નથી, તેથી કહે છે –

ચિત્તની ભૂમિઓનું વર્ણન :

ચિત્તની ભૂમિઓ કઈ છે તે બતાવવા અર્થે રાજમાર્તંડ વૃત્તિકાર ભોજદેવ ક્ષિપ્તાદિ પાંચ ચિત્તની ભૂમિઓ છે એમ કહે છે. તે આ પ્રમાણે –

(૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર અને (૫) નિરુદ્ધ.

આ પાંચ ચિત્તની ભૂમિઓમાંથી ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત આ ત્રણ ચિત્તની ભૂમિઓ સમાધિમાં ઉપયોગી નથી અને એકાગ્ર અને નિરુદ્ધ આ બે ચિત્તની ભૂમિઓ સમાધિમાં ઉપયોગી છે, તેથી જે જીવોમાં એકાગ્રતા અને નિરુદ્ધ પરિણામ વર્તે છે તે જીવોની ચિત્તભૂમિમાં યોગ પ્રગટ થાય છે.

સત્ત્વાદિના ક્રમ અને વ્યુત્ક્રમનો અભિપ્રાય :

અહીં સત્ત્વ, રજ અને તમ આ ત્રણનો ક્રમ અને વ્યુત્ક્રમ કહેવા પાછળ આ અભિપ્રાય છે –

આત્મા માટે રજ અને તમ બંને અત્યંત હેય છે. અને રજ અને તમમાં પણ તમને પ્રથમ ન કહેતાં રજને પ્રથમ કેમ કહ્યું તેથી કહે છે –

રજથી પ્રવૃત્તિ થાય છે અને તમથી નિવૃત્તિ થાય છે; કેમ કે તમ અંધકારતુલ્ય છે, અને જ્યાં સુધી પ્રવૃત્તિ બતાવાય નહિ, ત્યાં સુધી નિવૃત્તિ બતાવી શકાય નહિ. તેથી રજ અને તમમાં પહેલા રજ કહ્યું અને ત્યારપછી તમ કહ્યું છે. રજ અને તમમાં તમ અધિક હેય હોવા છતાં રજને પ્રથમ કહ્યું તે વ્યુત્ક્રમ છે; કેમ કે પ્રવૃત્તિસ્વરૂપ રજ બતાવ્યા સિવાય નિવૃત્તિસ્વરૂપ તમ બતાવી શકાય નહિ માટે વ્યુત્ક્રમથી કથન કરેલ છે.

એકાગ્ર અને નિરુદ્ધ ચિત્તભૂમિમાં યોગનો સંભવ :

વળી સત્ત્વના ઉત્કર્ષથી યોગને ઉપયોગી એવી ઉત્તરની એકાગ્ર અને નિરુદ્ધ એ બે ભૂમિઓ પ્રગટે છે અને સત્ત્વના ઉત્કર્ષથી પ્રગટ થનારી ઉત્તરની બે ભૂમિઓમાં એકાગ્રતાપરિણામરૂપ યોગ નિરુદ્ધઅવસ્થામાં ઉત્કર્ષવાળો થાય છે, માટે યોગનો સંભવ એકાગ્ર અને નિરુદ્ધ આ બે ચિત્તની ભૂમિમાં છે.

ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત આ ત્રણ ચિત્તની ભૂમિમાં યોગનો સંભવ નથી.

એકાગ્રતા અને નિરુદ્ધ ચિત્તવૃત્તિ વચ્ચેના ભેદનું સ્પષ્ટીકરણ :

એકાગ્રતા અને નિરુદ્ધ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે –

એકાગ્રતાકાળમાં ઇન્દ્રિયોની અને મનની બહિર્વૃત્તિનો નિરોધ છે, તેથી યોગી શાસ્ત્રવચન અનુસાર બહિર્વૃત્તિનો નિરોધ કરીને આત્માના સ્વભાવમાં જવાના ઉદ્યમવાળા થાય છે અને નિરુદ્ધમાં માત્ર બહિર્વૃત્તિનો નિરોધ નથી પરંતુ બહિરંગવૃત્તિ અને અંતરંગવૃત્તિ એમ સર્વવૃત્તિઓનો અને સંસ્કારોનો પ્રવિલય=નાશ છે, તેથી આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠાન છે. **॥૧-૨॥**

સૂત્ર ૧ - ૧/૨ ઉપર ઉપાધ્યાય મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

ऐन्द्रवृन्दनतं नत्वा वीरं सूत्रानुसारतः ।
वक्ष्ये पातञ्जलस्यार्थं साक्षेपं प्रक्रियाश्रयम् ॥१॥

[य.] **व्याख्या-सर्वशब्दाग्रहणेऽप्यर्थात्तल्लाभादव्याप्तिः सम्प्रज्ञात इति "क्लिष्टचित्तवृत्ति-निरोधो योग" इति लक्षणं सम्यग्, यद्वा** "समितिगुप्तिसाधारणं धर्मव्यापारत्वमेव योगत्वम्" **इति त्वस्माकमाचार्याः । तदुक्तम् –** 'मुक्खेण जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो' **[योगविंशिका** गा. १]

અર્થ :

सर्वशब्द . ..... धम्मवावारो"॥ પાતંજલસૂત્રમાં સર્વ શબ્દનું અગ્રહણ હોવા છતાં પણ અર્થથી સર્વ શબ્દનો લાભ હોવાને કારણે પાતંજલદર્શનકારે કરેલું યોગનું લક્ષણ સંપ્રજ્ઞાતસમાધિમાં અવ્યાપ્ત છે, તેથી "ક્લિષ્ટ-ચિત્તવૃત્તિનો નિરોધ" યોગ છે એ પ્રકારનું લક્ષણ સમ્યક્ પ્રાપ્ત થાય, અથવા "સમિતિ-ગુપ્તિ સાધારણ ધર્મવ્યાપારપણું જ યોગત્વ છે," એ પ્રમાણે અમારા આચાર્યો કહે છે.

તે કહેવાયું છે – "મોક્ષની સાથે યોજન હોવાના કારણે સર્વ પણ ધર્મવ્યાપાર યોગ છે."

ભાવાર્થ :

પાતંજલદર્શનકારે કરેલ "ચિત્તવૃત્તિનિરોધરૂપ" યોગના લક્ષણમાં અસ્પષ્ટતા બતાવીને "ક્લિષ્ટ ચિત્તવૃત્તિનો નિરોધ યોગ" છે, એ પ્રમાણે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનું સમાલોચન :

પાતંજલદર્શનકારે ચિત્તવૃત્તિના નિરોધરૂપ 'યોગ' છે એમ કહ્યું, પરંતુ સર્વચિત્તવૃત્તિનો નિરોધ યોગ છે તેમ કહ્યું નથી, તોપણ અર્થથી સર્વ ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગ છે તે પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે અને તેમ ન સ્વીકારવામાં આવે તો પાતંજલદર્શનકાર સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિ એમ બે પ્રકારની સમાધિ માને છે તેમાંથી સંપ્રજ્ઞાતસમાધિમાં આ યોગનું લક્ષણ સંગત થાય નહીં, પરંતુ અસંપ્રજ્ઞાતસમાધિમાં જ સર્વચિત્તવૃત્તિનો નિરોધ છે માટે અસંપ્રજ્ઞાતસમાધિ જ યોગરૂપ બને તેથી 'ક્લિષ્ટચિત્તવૃત્તિનો નિરોધ' યોગ છે એ પ્રમાણે પાતંજલદર્શનકારે લક્ષણ કરવું જોઈએ તેથી તે લક્ષણ સંપૂર્ણ યોગમાં સંગત થાય અને 'ક્લિષ્ટચિત્તવૃત્તિનો નિરોધ' યોગ સ્વીકારવામાં આવે તો

યોગની પહેલી દૃષ્ટિમાં પણ રહેલા જીવો જ્યારે જિનમાં કુશલ ચિત્ત કરે છે કે અન્ય પ્રકારના યોગબીજો ગ્રહણ કરે છે ત્યારે પણ ક્લિષ્ટચિત્તવૃત્તિનો નિરોધ હોવાથી યોગનું લક્ષણ ત્યાં પણ સંગત થશે અને અન્ય પણ યોગની પ્રવૃત્તિકાળમાં ક્લિષ્ટચિત્તવૃત્તિનો નિરોધ હોવાથી યોગનું લક્ષણ સંગત થશે, અને જીવો જ્યારે સંસારની કોઈ પ્રવૃત્તિ કરે છે ત્યારે ક્લિષ્ટચિત્તવૃત્તિઓ વર્તે છે તે ચિત્તવૃત્તિઓ યોગ નથી પરંતુ યોગથી વિપરીત અવસ્થા છે તેમ સંગત થશે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજના યોગવિંશિકાના વચનથી "મોક્ષની સાથે યોજન કરનાર સર્વ પણ ધર્મવ્યાપાર યોગ" :

અથવા સુરિપુરંદર પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ યોગવિંશિકા ગાથા-૧માં યોગનું લક્ષણ કર્યું કે, 'મોક્ષની સાથે યોજન કરનારો સર્વ પણ ધર્મવ્યાપાર યોગ છે' તેથી જે મુનિ સમિતિ-ગુપ્તિ પૂર્વક સર્વ પ્રવૃત્તિ કરે છે તે મુનિનો સર્વ પણ ધર્મવ્યાપાર યોગ છે એ પ્રકારનું યોગનું લક્ષણ કરવું ઉચિત છે.

વિશેષાર્થ :

પતંજલિઋષિએ 'ચિત્ત વૃત્તિનિરોધ' યોગનું લક્ષણ કર્યું અને યમ-નિયમાદિ આઠેયને યોગના અંગો તરીકે આગળમાં કહે છે તેમ સ્વીકારીએ તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ વખતે ચિત્તવૃત્તિનો નિરોધ પ્રાપ્ત થાય છે તે યોગ છે તેમ પ્રાપ્ત થાય અને તેની પૂર્વે આઠ યોગાંગો છે એ યોગની આઠ દૃષ્ટિસ્વરૂપ છે, તેથી ક્ષપકશ્રેણિ સુધીનો સર્વ અંશ યોગાંગમાં અંતર્ભાવ પામે.

વળી પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિમહારાજાએ અધ્યાત્માદિ પાંચને યોગ તરીકે ગ્રહણ કરેલ છે તેથી દેશવિરતિધરશ્રાવકથી માંડીને પ્રાપ્ત થતા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ યોગ છે અને તે અધ્યાત્માદિ પાંચ ભેદોવાળું છે તેમાંથી અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતા એ ચાર યોગ પાતંજલને માન્ય આઠ યોગાંગમાં અંતર્ભાવ પામે છે.

જો કે, પાતંજલમાન્ય પ્રથમના પાંચ યોગાંગો અધ્યાત્મની પૂર્વભૂમિકારૂપ છે, તોપણ ત્યાં ઉપચારથી અધ્યાત્મ અને ભાવનારૂપ યોગ વ્યવહારનય સ્વીકારે છે, તેથી પાતંજલને અભિમત આઠેય યોગાંગો અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતામાં અંતર્ભાવ પામે છે અને વૃત્તિસંક્ષયયોગસ્વરૂપ બને છે, જે કેવલજ્ઞાનની અવસ્થાસ્વરૂપ છે.

અવતરણિકા :

इदानीं सूत्रकारश्चित्तवृत्तिनिरोधपदानि व्याख्यातुकामः प्रथम चित्तपदं व्याचष्टे –

અવતરણિકાર્થ :

હવે પાતંજલસૂત્રકાર યોગના લક્ષણ અંતર્ગત ચિત્તવૃત્તિનિરોધના પદોનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા પ્રથમ ચિત્તપદનું વ્યાખ્યાન કરે છે –

સૂત્ર :

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥१-३॥

સૂત્રાર્થ :

ત્યારે=ચિત્તવૃત્તિનિરોધકાળમાં, દૃષ્ટાનું=પુરુષનું, સ્વરૂપમાં અવસ્થાન છે. ॥૧-૩॥

ટીકા :

'तदेति'-द्रष्टुः पुरुषस्य तस्मिन् काले स्वरूपे चिन्मात्ररूपतायामवस्थानं स्थितिर्भवति, अयमर्थः-उत्पन्नविवेकख्यातेश्चित्संक्रमाभावात् कर्तृत्वाभिमाननिवृत्तौ प्रोन्मुक्तपरिणामायां बुद्धावात्मनः स्वरूपेणावस्थानं=स्थितिर्भवति ॥१-३॥

ટીકાર્થ :

द्रष्टुः ..... भवति ॥ દૃષ્ટા એવા પુરુષનું તે કાળમાં=ચિત્તવૃત્તિનિરોધકાળમાં, સ્વરૂપમાં=ચિન્માત્રરૂપતામાં અવસ્થાન થાય છે=સ્થિતિ થાય છે.

આ અર્થ છે-ઉત્પન્ન વિવેકખ્યાતિને કારણે ચિત્તમાં સંક્રમનો અભાવ હોવાથી કર્તૃત્વના અભિમાનની નિવૃત્તિ થયે છતે પ્રોન્મુક્ત પરિણામવાળી બુદ્ધિમાં=મુકાયેલા પરિણામવાળી બુદ્ધિમાં, આત્માનું સ્વરૂપથી અવસ્થાન=સ્થિતિ, થાય છે. ॥૧-૩॥

અવતરણિકા :

व्युत्थानदशायां तु तस्य किं रूपमित्यत आह –

અવતરણિકાર્થ :

વ્યુત્થાન દશામાં તેનું=ચિત્તનું કેવા સ્વરૂપવાળું છે ? એથી કહે છે –

સૂત્ર :

वृत्तिसारूप्यमितरत्र ॥१-४॥

સૂત્રાર્થ :

ઇતરત્ર=ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગથી અન્યકાળમાં, વૃત્તિઓનું સારૂપ્ય છે. ॥૧-૪॥

ટીકા :

'वृत्तीति'-इतरत्र योगादन्यस्मिन्काले वृत्तयो या वक्ष्यमाणलक्षणास्ताभिः सारूप्यं तद्रूपत्वम्, अयमर्थः-यादृश्यो वृत्तयः सुखदुःखमोहात्मिकाः प्रादुर्भवन्ति तादृग्रूप एव संवेद्यते व्यवहर्तृभिः पुरुषः, तदेवं यस्मिन्नेकाग्रतया परिणते विविक्तः स्वस्मिन् रूपे प्रतिष्ठितो भवति, यस्मिंश्चेन्द्रियवृत्तिद्वारेण विषयाकारेण परिणते पुरुषस्तदाकार इव परिभाव्यते, यथा जलतरङ्गेषु चलत्सु चन्द्रश्चलन्निव प्रतिभासते तच्चित्तम् ॥१-४॥

ટીકાર્થ :

इतरत्र ..... पुरुषः । ઇતરત્ર-યોગથી અન્યકાળમાં આગળમાં કહેવાશે તેવા સ્વરૂપવાળી જે વૃત્તિઓ તેમની સાથે સારૂપ્ય=તદ્રૂપપણું, દૃષ્ટાનું છે.

આ અર્થ છે – જેવા પ્રકારની સુખ-દુઃખ અને મોહસ્વરૂપ વૃત્તિઓ પ્રગટ થાય છે, તેવા રૂપવાળો જ પુરુષ વ્યવહર્તા વડે=વ્યવહાર કરનાર વડે, સંવેદન કરાય છે.

બંને સૂત્રનો ફલિતાર્થ કહે છે –

तदेवं ..... तच्चित्तम् ॥ આ રીતે એકાગ્રપણાથી પરિણત એવા જેમાં=જે ચિત્તમાં, વિવિક્ત એવો=પ્રકૃતિથી પૃથક્ એવો પુરુષ, પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે અને ઇન્દ્રિયોની વૃત્તિ દ્વારા વિષયાકારથી પરિણત એવા જેમાં=જે ચિત્તમાં, પુરુષ તદાકાર જેવો પરિભાવન કરાય છે અર્થાત્ વિષયાકાર જેવો પરિભાવન કરાય છે. જે પ્રમાણે-ચાલતા એવા જલના તરંગોમાં ચાલતા એવા ચંદ્રની જેમ પ્રતિભાસન થાય છે તે ચિત્ત છે. ॥૧-૪॥

ભાવાર્થ :

પાતંજલમતાનુસારચિત્તવૃત્તિનિરોધકાળમાં દૃષ્ટા એવા પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન અને વ્યુત્થાનદશામાં વૃત્તિઓ સાથે તદ્રૂપપણું :

ચિત્તવૃત્તિના નિરોધકાળમાં દૃષ્ટા એવો પુરુષ ચિન્માત્રરૂપ પોતાના સ્વરૂપમાં અવસ્થાનવાળો હોય છે, અને અન્યકાળમાં=ચિત્તવૃત્તિનો નિરોધ નથી તે કાળમાં, આગળમાં કહેવાશે તે પાંચ વૃત્તિઓ સાથે સારૂપ્યવાળો પુરુષ હોય છે.

પાતંજલમતાનુસાર પુરુષ સદા નિર્લેપ છે, આમ છતાં જેમ ચંદ્ર પાણીમાં પ્રતિબિંબિત થતો હોય અને પાણીના ચલનના કારણે ચંદ્રનું ચલન ભાસે છે. પરમાર્થથી આકાશમાં રહેલો ચંદ્ર સ્થિર છે, તેમ પુરુષ સદા પોતાના સ્વરૂપમાં જ રહેલો છે, તોપણ પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે અને તે બુદ્ધિ આગળમાં કહેવાશે તે વૃત્તિવાળી હોય છે, ત્યારે પુરુષ તે વૃત્તિવાળો છે એમ ભાસે છે તેને આશ્રયીને પાતંજલદર્શનકાર કહે છે કે જ્યારે ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે ત્યારે પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે અને જ્યારે ચિત્તવૃત્તિનો નિરોધ નથી ત્યારે પુરુષ વૃત્તિઓના સારૂપ્યવાળો ભાસે છે તે ચિત્ત છે. **॥૧-૩/૪॥**

અવતરણિકા :

वृत्तिपदं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

સૂત્ર-૨માં 'ચિત્તવૃત્તિનિરોધ' યોગનું લક્ષણ બતાવ્યું. ત્યારપછી 'ચિત્ત' શું છે તેનું સ્પષ્ટીકરણ સૂત્ર-૩/૪માં કર્યું. હવે તે ચિત્તની વૃત્તિઓ કેટલી છે તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :

वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः ॥१-५॥

સૂત્રાર્થ :

પાંચ પ્રકારની વૃત્તિઓ ક્લિષ્ટ અને અક્લિષ્ટ બે ભેદવાળી છે. ॥૧-૫॥

ટીકા :

'वृत्तय इति'-वृत्तयश्चित्तस्य परिणामविशेषाः, वृत्तिसमुदायरूपस्यावयविनो अवयवरूपा वृत्तयस्तदपेक्षया तयप्प्रत्ययः । एतदुक्तं भवति-पञ्च वृत्तयः, कीदृश्यः ?, क्लिष्टा अक्लिष्टाः, क्लेशैर्वक्ष्यमाणलक्षणैराक्रान्ताः क्लिष्टाः, तद्विपरीता अक्लिष्टाः ॥१-५॥

ટીકાર્થ :

वृत्तय ..... तयप्प्रत्ययः । ચિત્તની વૃત્તિઓ પરિણામ વિશેષ છે. વૃત્તિના સમુદાયરૂપ જે અવયવિ તેના અવયવરૂપ વૃત્તિઓ છે. તેની અપેક્ષાએ તયપ્ પ્રત્યય છે=पञ्चतय्यःમાં તયપ્ પ્રત્યય છે.

एतदुक्तं भवति – આ કહેવાયેલું થાય છે –

पञ्च ..... अक्लिष्टाः ॥ પાંચ વૃત્તિઓ છે –

કેવા પ્રકારની પાંચ વૃત્તિઓ છે તે બતાવે છે –

વક્ષ્યમાણ સ્વરૂપ=પાદ ૨-૩માં કહેવાશે એવા ક્લેશ વડે આક્રાંત ક્લિષ્ટવૃત્તિઓ છે અને તેનાથી વિપરીત અક્લિષ્ટ વૃત્તિઓ છે. ॥૧-૫॥

ભાવાર્થ :

ચિત્તવૃત્તિઓનું સ્વરૂપ :

જૈનસિદ્ધાંત અનુસાર જીવનો જે મતિજ્ઞાનનો ઉપયોગ છે તે ચિત્તવૃત્તિસ્વરૂપ છે અને તે ચિત્તવૃત્તિને પાતંજલદર્શનકાર પાંચ સ્વરૂપે વિભાગ કરે છે અને તે પાંચ વૃત્તિઓ ક્લિષ્ટ પણ હોય છે અને અક્લિષ્ટ પણ હોય છે. આત્મકલ્યાણને સાધવા માટે પ્રવર્તતી તે ચિત્તની વૃત્તિઓ અક્લિષ્ટ હોય છે અને તેનાથી વિપરીત વૃત્તિઓ ક્લિષ્ટ હોય છે અને ક્લિષ્ટ વૃત્તિઓમાં જે ક્લેશો છે તે પાતંજલદર્શનકાર પાદ-૨, સૂત્ર-૩માં બતાવશે. **॥૧-૫॥**

અવતરણિકા :

एता एव पञ्च वृत्तयः संक्षिप्योद्दिश्यन्ते –

અવતરણિકાર્થ :

સંક્ષેપ કરીને આ જ=સૂત્ર ૧-૫માં કહેલ એ જ, પાંચ વૃત્તિઓ ઉદ્દેશ કરાય છે અર્થાત્ સંક્ષેપથી કહેવાય છે –

સૂત્ર :

प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ॥१-६॥

સૂત્રાર્થ :

પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એ પાંચ વૃત્તિઓ છે. ॥૧-૬॥

ટીકા :

प्रमाणेति ॥१-६॥

ટીકાર્થ :

'પ્રમાણ' એ પ્રમાણે સૂત્ર છે. ॥૧-૬॥

ભાવાર્થ :

જૈનમતાનુસાર પાંચ વૃત્તિઓનું સ્વરૂપ :

મતિજ્ઞાનનો ઉપયોગ યથાર્થ બોધરૂપ હોય તે યથાર્થ બોધને પ્રમાણ કહેવામાં આવે છે. ક્યારેક વિપરીત બોધ હોય તે વિપર્યયથી ગ્રહણ થાય છે. સંશય અને અનધ્યવસાયનું વિપર્યયમાં જ ગ્રહણ થાય છે અને વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એ ત્રણેય પ્રમાણ અને વિપર્યયમાં અંતર્ભાવ પામે છે. એ પ્રમાણે ઉપાધ્યાયમહારાજની વ્યાખ્યાથી પ્રાપ્ત થાય છે. **॥૧-૬॥**

અવતરણિકા :

आसां क्रमेण लक्षणमाह –

અવતરણિકાર્થ :

આનું=વૃત્તિઓનું, ક્રમ વડે લક્ષણ કહે છે –

સૂત્ર :

प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ॥१-७॥

સૂત્રાર્થ :

પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણો છે. ॥૧-૭॥

ટીકા :

'प्रत्यक्षेति'-अत्रातिप्रसिद्धत्वात् प्रमाणानां शास्त्रकारेण भेदनिरूपणेनैव गतत्वात् लक्षणस्य, न पृथक् तल्लक्षणं कृतम्, प्रमाणलक्षणं तु अविसंवादिज्ञानं प्रमाणमिति,

इन्द्रियद्वारेण बाह्यवस्तूपरागाच्चित्तस्य तद्विषयसामान्यविशेषात्मनोऽर्थस्य विशेषावधारण-प्रधाना वृत्तिः प्रत्यक्षम्, सङ्गृहीतसम्बन्धाल्लिङ्गाल्लिङ्गिनि सामान्यात्मनाऽध्यवसायोऽनुमानम्, आप्तवचनमागमः ॥१-७॥

ટીકાર્થ :

अत्र ..... आगमः ॥ અહીં=જગતમાં, પ્રમાણોનું=પ્રત્યક્ષાદિ ત્રણ પ્રમાણોનું, અતિપ્રસિદ્ધપણું હોવાને કારણે શાસ્ત્રકાર દ્વારા=પાતંજલસૂત્રકાર દ્વારા, ભેદનિરૂપણથી જ=પ્રમાણના ત્રણ ભેદો બતાવવાથી જ, લક્ષણનું ગતાર્થપણું હોવાથી=પ્રમાણના લક્ષણનો બોધ થઈ જતો હોવાથી, તેનું લક્ષણ=પ્રમાણનું લક્ષણ, પૃથક્ કર્યું નથી.

વળી પ્રમાણનું લક્ષણ– "અવિસંવાદિ જ્ઞાન" પ્રમાણ છે.

ઇન્દ્રિય દ્વારા બાહ્ય વસ્તુના ઉપરાગથી ચિત્તની=બાહ્ય વસ્તુના સંબંધથી ચિત્તની, તેના વિષય એવા સામાન્ય-વિશેષરૂપ અર્થની વિશેષ અવધારણ પ્રધાન વૃત્તિ પ્રત્યક્ષ છે.

સંગૃહીત સંબંધવાળા=સમ્યગ્ ગ્રહણ કરાયેલ સંબંધવાળા, લિંગથી લિંગીમાં સામાન્યસ્વરૂપથી અધ્યવસાય અનુમાન છે.

આપ્તવચન આગમ છે. ॥૧-૭॥

ભાવાર્થ :

પાતંજલદર્શનકાર ચિત્તની પાંચ વૃત્તિઓ માને છે તે સૂત્ર ૧-૫/૬માં કહ્યું તેમાં પ્રમાણરૂપવૃત્તિના ત્રણ ભેદો સ્વીકારે છે.

પાંચ પ્રકારની વૃત્તિઓનું સ્વરૂપ :

(૧) પ્રમાણવૃત્તિનું સ્વરૂપ :

અહીં પ્રશ્ન થાય કે, પ્રમાણનું લક્ષણ પ્રથમ કેમ ન બતાવ્યું ? તેથી રાજમાર્તંડ ટીકાકાર કહે છે કે, પ્રત્યક્ષાદિ ત્રણ પ્રમાણો અતિપ્રસિદ્ધ છે, તેથી પ્રમાણના ભેદોનું નિરૂપણ કરવાથી પ્રમાણના લક્ષણનો બોધ થઈ જાય છે, તેથી તેનું લક્ષણ પાતંજલસૂત્રકારે કરેલ નથી. છતાં ટીકાકાર પ્રમાણનું લક્ષણ બતાવે છે.

"अविसंवादिज्ञानं प्रमाणम्" અવિસંવાદી જ્ઞાન પ્રમાણ છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સંશય, વિપર્યય અને અનધ્યવસાય એ ત્રણે જ્ઞાનો છે, પરંતુ તે જ્ઞાનો પ્રમાણ નથી પરંતુ યથાર્થજ્ઞાન પ્રમાણ છે.

જેમ-પ્રતિક્રમણની ક્રિયાથી પાપનો નાશ થાય છે, તે વિષયમાં કોઈ પ્રકારનો ઊહ જેમને પ્રવર્તતો નથી પણ મુગ્ધતાથી પ્રતિક્રમણ ક્રિયા કરે છે તેવા જીવોને પ્રતિક્રમણની ક્રિયાથી પાપ નાશ પામે છે

એ વિષયમાં અનાભોગજ્ઞાન વર્તે છે જે અનધ્યવસાય સ્વરૂપ છે. કેટલાક જીવોને યથાતથા કરાયેલ પ્રતિક્રમણની ક્રિયાથી દિવસના થયેલા પાપો નાશ પામે છે એ પ્રમાણે વિપરીત બોધ થાય છે તે વિપર્યય જ્ઞાન છે અને જે જીવોને તીવ્ર સંવેગપૂર્વક કરાયેલા પ્રતિક્રમણથી દિવસના થયેલા પાપો નાશ પામે છે તેવા બોધ થાય છે તે અવિસંવાદી જ્ઞાન છે. આથી જ યથાર્થજ્ઞાનવાળા જીવો તીવ્રસંવેગપૂર્વક આલોચનામાં યત્ન કરે તો આલોચનાકાળમાં જ તે પાપ નાશ પામે છે છતાં કોઈક રીતે કોઈક સ્થાન અનાલોચિત રહેવાના કારણે તે સ્થાનને આશ્રયીને તીવ્રસંવેગ ન થયેલ હોય તો પ્રતિક્રમણકાળમાં તે સ્થાનને આશ્રયીને તીવ્રસંવેગ થવાથી તે પાપ નાશ પામે છે. વળી પ્રતિક્રમણકાળમાં કોઈક સ્થાનમાં અપ્રતિકાંત પાપ હોય તો તે પાપને આશ્રયીને કાયોત્સર્ગ દ્વારા થતા તીવ્રસંવેગથી તે પાપનો નાશ થાય છે. તેથી તેવા જીવોનું પ્રતિક્રમણનું યથાર્થ જ્ઞાન યથાર્થપ્રવૃત્તિનું કારણ બને છે. માટે યથાર્થ પ્રવૃત્તિનું કારણ બને તેવું જ્ઞાન પ્રમાણ છે.

પ્રમાણના ત્રણ ભેદો બતાવ્યા :- (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન, (૩) આગમ, તેનું લક્ષણ કહે છે.

(૧) પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ :

ઇન્દ્રિય દ્વારા બાહ્યવસ્તુનો સંપર્ક થાય ત્યારે તે બાહ્યવિષયરૂપ અર્થ સામાન્ય-વિશેષરૂપ છે, તેમાંથી વિશેષનો નિર્ણય કરવાને અનુકૂળ એવી ચિત્તની વૃત્તિ તે પ્રત્યક્ષ છે, તેથી ઇન્દ્રિયો દ્વારા બાહ્યપદાર્થોનો યથાર્થ બોધ થાય છે તે પ્રત્યક્ષપ્રમાણ છે.

(૨) અનુમાનપ્રમાણનું લક્ષણ :

લિંગી સાથે ગ્રહણ થયો છે સંબંધ જેનો એવા લિંગથી લિંગીમાં સામાન્યરૂપ અધ્યવસાય તે અનુમાન છે. જેમ-અગ્નિની સાથે સંબંધવાળા એવા ધૂમરૂપ લિંગથી પર્વતરૂપ લિંગીમાં અગ્નિનો સામાન્યરૂપ અધ્યવસાય થાય છે અર્થાત્ પર્વતમાં અગ્નિ છે એ પ્રકારનો સામાન્ય અધ્યવસાય થાય છે તે અનુમાનપ્રમાણ છે.

(૩) આગમપ્રમાણનું લક્ષણ :

આપ્તપુરુષોનું વચન આગમ છે=આપ્તપુરુષોના વચનથી થયેલો યથાર્થ બોધ આગમ પ્રમાણ છે. **॥૧-૭॥**

अवतरणिका :

एवं प्रमाणरूपां वृत्तिं व्याख्याय विपर्ययरूपामाह –

અવતરણિકાર્થ :

આ પ્રમાણે સૂત્ર-૭માં કહ્યું એ પ્રમાણે, પ્રમાણરૂપ વૃત્તિની વ્યાખ્યા કરીને વિપર્યયરૂપ વૃત્તિને બતાવે છે –

સૂત્ર :

विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ॥१-८॥

સૂત્રાર્થ :

અતદ્રૂપપ્રતિષ્ઠ એવું મિથ્યાજ્ઞાન વિપર્યય છે=વસ્તુના અયથાર્થ સ્વરૂપમાં રહેવાવાળું એવું જ્ઞાન વિપર્યય છે. ॥૧-૮॥

ટીકા :

'विपर्यय इति'-अतथाभूतेऽर्थे तथोत्पद्यमानं ज्ञानं विपर्ययः, यथा शुक्तिकायां रजतज्ञानम्, अतद्रूपप्रतिष्ठमिति, तस्यार्थस्य यद्रूपं तस्मिन् रूपे न प्रतितिष्ठति, तस्यार्थस्य यत् पारमार्थिकं रूपं न तत्प्रतिभासयतीति यावत्, संशयोऽप्यतद्रूपप्रतिष्ठत्वान्मिथ्याज्ञानम्, यथा स्थाणुर्वा पुरुषो वेति ॥१-८॥

ટીકાર્થ :

अतथाभूते ..... वेति ॥ અતથાભૂત અર્થમાં તે પ્રકારે ઉત્પન્ન થતું જ્ઞાન વિપર્યય છે. જે પ્રમાણે-શુક્તિમાં રજતનું જ્ઞાન.

તે અર્થનું જે રૂપ, તે રૂપમાં અપ્રતિષ્ઠ છે=રહેતું નથી=તે અર્થનું જે પારમાર્થિક સ્વરૂપ છે તે પ્રતિભાસતું નથી=જણાતું નથી તે અતદ્રૂપ પ્રતિષ્ઠ છે.

સંશય પણ અતદ્રૂપ પ્રતિષ્ઠપણું હોવાને કારણે=તે અર્થનું જે પારમાર્થિક સ્વરૂપ તે રૂપમાં રહેતું ન હોવાને કારણે, મિથ્યાજ્ઞાન છે. જે પ્રમાણે સ્થાણુ છે કે પુરુષ છે.

इति શબ્દ ટીકાના કથનની સમાપ્તિ સૂચક છે. ॥૧-૮॥

ભાવાર્થ :

(૨) વિપર્યયવૃત્તિનું સ્વરૂપ :

યથાર્થબોધથી વિપરીત બોધ તે મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન કહેવાથી વિપરીત બોધની જ પ્રાપ્તિ થાય છે. સંશયની પ્રાપ્તિ થતી નથી તેથી સંશયનો વિપર્યયમાં અંતર્ભાવ કરવા માટે अतद्रूपप्रतिष्ठम्= 'અતદ્રૂપમાં રહેલું' એ મિથ્યાજ્ઞાનનું વિશેષણ આપેલ છે; કેમ કે સંશય પણ જે પ્રકારે પદાર્થ છે તે પ્રકારના પદાર્થના બોધસ્વરૂપ નથી માટે વિપર્યયસ્વરૂપ છે. **॥૧-૮॥**

અવતરણિકા :

विकल्पवृत्तिं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

ક્રમપ્રાપ્ત વિકલ્પવૃત્તિની વ્યાખ્યા કરવા માટે કહે છે –

સૂત્ર :

शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ॥१-९॥

સૂત્રાર્થ :

શબ્દજ્ઞાનને અનુપાતી=અનુસરનાર, વસ્તુશૂન્ય અધ્યવસાય વિકલ્પ છે. ॥૧-૯॥

ટીકા :

'शब्देति'-शब्दजनितं ज्ञानं शब्दज्ञानं, तदनुपतितुं शीलं यस्य स शब्दज्ञानानुपाती, वस्तुनस्तथात्वमनपेक्षमाणो योऽध्यवसायः स विकल्प इत्युच्यते, यथा पुरुषस्य चैतन्यं स्वरूपमिति, अत्र देवदत्तस्य कम्बल इति शब्दजनिते ज्ञाने षष्ठ्या योऽध्यवसितो भेदस्तमिहाविद्यमानमपि समारोप्याध्यवसायः, वस्तुतस्तु चैतन्यमेव पुरुषः ॥१-९॥

ટીકાર્થ :

शब्दजनितं ..... पुरुषः ॥ શબ્દથી જનિત એવું જ્ઞાન તે શબ્દજ્ઞાન, તેને અનુસરવાનો સ્વભાવ છે જેનો તે શબ્દજ્ઞાનુપાતી, વસ્તુના તથાપણાની અનપેક્ષા કરતો જે અધ્યવસાય તે વિકલ્પ છે એ પ્રમાણે કહેવાય છે.

જે રીતે – 'પુરુષનું ચૈતન્ય સ્વરૂપ' એ પ્રકારનો વચનપ્રયોગ વિકલ્પરૂપ છે.

પુરુષનું ચૈતન્યસ્વરૂપ વિકલ્પરૂપ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

અહીં='પુરુષનું ચૈતન્ય' એ પ્રકારના પ્રયોગમાં 'દેવદત્તની કંબલ' એ પ્રકારના શબ્દથી જનિત ષષ્ઠી દ્વારા જે ભેદ અધ્યવસિત છે, તે અહીં='પુરુષનું ચૈતન્ય' એ પ્રમાણે પ્રયોગમાં અવિદ્યમાન પણ સમારોપ કરીને અધ્યવસાય કરાય છે. વસ્તુતઃ તો ચૈતન્ય જ પુરુષ છે. ॥૧-૯॥

ભાવાર્થ :

(૩) વિકલ્પવૃત્તિનું સ્વરૂપ :

વસ્તુ કેવા સ્વરૂપવાળી છે તેની અપેક્ષા રાખ્યા વગર શબ્દથી તે પ્રકારના સ્વરૂપનું જ્ઞાન કરવામાં આવે તે વિકલ્પ કેવાય છે. જેમ-જગતમાં શશશૃંગ નથી છતાં અનુમાન કરવા અર્થે કોઈ કહે કે शशशृङ्गं नास्ति તે વખતે શશશૃંગરૂપ પક્ષની ઉપસ્થિતિ વિકલ્પથી થાય છે. તેમ-'પુરુષનું ચૈતન્ય' આ પ્રમાણે પ્રયોગમાં પુરુષનો ચૈતન્યની સાથે ભેદ નથી છતાં ષષ્ઠીના પ્રયોગ દ્વારા ભેદનો અધ્યવસાય કરાય છે તેથી પુરુષનું ચૈતન્ય એ પ્રકારનો બોધ વિકલ્પથી થાય છે. વસ્તુતઃ તો ચૈતન્ય જ પુરુષ છે.

વિશેષાર્થ :

ઇન્દ્રિયોને સન્મુખ રહેલો પદાર્થ જે આકારથી રહેલો છે અને જે સ્વરૂપે રહેલો છે, તે સ્વરૂપે તેનો બોધ થાય તે યથાર્થજ્ઞાન કહેવાય છે.

વળી ઇન્દ્રિયને સન્મુખ રહેલો પદાર્થ જે આકારે રહેલો છે, તે આકારથી અન્યરૂપે ગ્રહણ થાય તો તે જ્ઞાન મિથ્યાજ્ઞાન-અયથાર્થજ્ઞાન છે.

બાહ્યપદાર્થો જે આકારરૂપે રહેલા હોય તે આકારરૂપ ઇન્દ્રિય દ્વારા ગ્રહણ થયા પછી કે અન્ય આકારરૂપે ગ્રહણ થયા પછી આ વસ્તુ મને ઇષ્ટ છે અને આ વસ્તુ મને અનિષ્ટ છે, એ પ્રકારનો જે જીવોને બોધ થાય છે તે બોધ પણ પરમાર્થથી વિકલ્પરૂપ છે; કેમ કે કોઈ બાહ્ય પદાર્થ જીવ માટે ઇષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી, પરંતુ જીવના જ્ઞાનનો વિષયમાત્ર છે તેથી જ્ઞેય છે. આમ છતાં 'આ મને ઇષ્ટ છે અને આ માટે અનિષ્ટ છે' તેવા વિકલ્પોને કારણે તે પદાર્થમાં રાગ-દ્વેષના ભાવો થાય છે તેથી આ પદાર્થ મને ઇષ્ટ છે, આ પદાર્થ મને અનિષ્ટ છે તે વિકલ્પજ્ઞાનરૂપ છે. ॥૧-૯॥

અવતરણિકા :

નિદ્રાં વ્યાખ્યાતુમાહ –

અવતરણિકાર્થ :

ક્રમપ્રાપ્ત નિદ્રાવૃત્તિનું વ્યાખ્યાન કરવા માટે કહે છે –

સૂત્ર :

અભાવપ્રત્યયાલમ્બના વૃત્તિર્નિદ્રા ॥૧-૧૦॥

સૂત્રાર્થ :

અભાવપ્રત્યયના આલંબનવાળી વૃત્તિ નિદ્રા છે. ॥૧-૧૦॥

ટીકા :

'अभावेति'-अभावप्रत्यय आलम्बनं यस्या वृत्तेः सा तथोक्ता । एतदुक्तं भवति-या सन्ततमुद्रिक्तत्वात्तमसः समस्तविषयपरित्यागेन प्रवर्तते वृत्तिः सा निद्रा, अस्याश्च सुखमहमस्वाप्समितिस्मृतिदर्शनात् स्मृतेश्चानुभवव्यतिरेकेणानुपपत्तेर्वृत्तित्वम् ॥१-१०॥

ટીકાર્થ :

अभावप्रत्यय ..... वृत्तित्वम् ॥ અભાવપ્રત્યય=બાહ્ય પદાર્થોના બોધનો અભાવ આલંબન છે જે વૃત્તિને તે તેવી કહેવાય છે=અભાવ પ્રત્યય આલંબનવાળી કહેવાય છે.

આ કહેવાયેલું થાય છે – અંધકારનું સતત ઉદ્રિક્તપણું હોવાને કારણે સમસ્ત વિષયના પરિત્યાગથી જે વૃત્તિ પ્રવર્તે છે તે નિદ્રા છે, અને 'હું સુખપૂર્વક સુતેલો' એ પ્રકારની સ્મૃતિનું દર્શન હોવાથી અને અનુભવ વગર સ્મૃતિની અનુપપત્તિ હોવાને કારણે આનું=નિદ્રાનું, વૃત્તિપણું છે. ॥૧-૧૦॥

ભાવાર્થ :

(૪) નિદ્રાવૃત્તિનું સ્વરૂપ :

પાતંજલ મતાનુસાર નિદ્રાકાળમાં ઘટ-પટાદિ કોઈ પદાર્થોનો બોધ નથી તેથી અભાવની પ્રતીતિ છે અને અભાવની પ્રતીતિના આલંબનવાળી વૃત્તિને તેઓ નિદ્રા કહે છે.

નિદ્રા ચિત્તની વૃત્તિ કેમ છે ? તેમાં તેઓ યુક્તિ આપે છે –

જાગ્યા પછી 'હું સુખપૂર્વક સુતેલો' તેવી સ્મૃતિ થાય છે અને સ્મૃતિ હંમેશા અનુભવપૂર્વક થાય છે, તેથી નિદ્રાકાળમાં જીવને સુખનો અનુભવ વર્તે છે માટે નિદ્રાને ચિત્તની વૃત્તિરૂપે તેઓએ સ્વીકારેલ છે.

જૈન દર્શનાનુસાર નિદ્રાનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર જ્ઞાન અને દર્શનની જીવમાં શક્તિ છે. તેમાંથી દર્શનની શક્તિને હણે તેવી જીવની અવસ્થા છે તે નિદ્રા છે અને નિદ્રાઆપાદક કર્મના ઉદયથી જીવની દર્શનશક્તિ હણાય છે તેથી જીવનું ચૈતન્ય અત્યંત અવ્યક્ત બને છે, તેવી અવ્યક્ત ચૈતન્યઅવસ્થારૂપ નિદ્રા છે. **॥૧-૧૦॥**

અવતરણિકા :

स्मृतिं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

ક્રમપ્રાપ્ત સ્મૃતિવૃત્તિનું વ્યાખ્યાન કરવા માટે કહે છે –

સૂત્ર :

अनुभूतविषयासम्प्रमोषः स्मृतिः ॥१-११॥

સૂત્રાર્થ :

અનુભૂત=પૂર્વમાં અનુભવ કરાયેલ, વિષયનો અસંપ્રમોષ=ફરીથી ઉપસ્થિતિ, તે, સ્મૃતિ છે. ॥૧-૧૧॥

ટીકા :

'अनुभूतेति'-प्रमाणेनानुभूतस्य (प्रमाणादिनानुभूतस्य) विषयस्य योऽयमसम्प्रमोषः संस्कारद्वारेण बुद्धावुपारोहः सा स्मृतिः, तत्र प्रमाणविपर्ययविकल्पा जाग्रदवस्था, त एव तदनुभवबलात् प्रक्षीयमाणाः स्वप्नः, निद्रा तु असंवेद्यमानविषया, स्मृतिश्च प्रमाण-विपर्ययविकल्पनिद्रानिमित्ता ॥१-११॥

ટીકાર્થ :

પ્રમાણેન ..... સ્મૃતિઃ, પ્રમાણ દ્વારા=પ્રત્યક્ષ, અનુમાન અને આગમપ્રમાણ દ્વારા, અનુભૂત વિષયનો જે આ અસંપ્રમોષ=સંસ્કાર દ્વારા બુદ્ધિમાં ઉપારોહ અર્થાત્ ઉપસ્થિતિ, તે સ્મૃતિ છે.

સ્મૃતિનું સ્વરૂપ બતાવ્યા પછી પ્રમાણ વગેરે પાંચે વૃત્તિઓમાંથી કઈ વૃત્તિઓ સ્મૃતિનું કારણ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

તત્ર ..... નિદ્રાનિમિત્તા ॥ ત્યાં=પ્રમાણાદિ પાંચ વૃત્તિઓમાં પ્રમાણ, વિપર્યય અને વિકલ્પરૂપ જાગ્રત અવસ્થા છે અને તેના અનુભવના બળથી=જાગ્રત અવસ્થાના અનુભવના બળથી, પ્રક્ષીયમાણ=પ્રકૃષ્ટ ક્ષય પામતા એવા, તેઓ જ=પ્રમાણ, વિપર્યય અને વિકલ્પો જ, સ્વપ્ન છે. વળી નિદ્રા અસંવેદ્યમાન=સંવેદન નહિ થતા, વિષયવાળી છે અર્થાત્ પ્રમાણ, વિપર્યય કે વિકલ્પોરૂપે સંવેદન નહિ પામતા વિષયવાળી નિદ્રા છે અને સ્મૃતિ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ અને નિદ્રાનિમિત્ત છે અર્થાત્ પ્રમાણાદિ નિમિત્તે થાય છે. ॥૧-૧૧॥

ભાવાર્થ :

(૫) સ્મૃતિવૃત્તિનું સ્વરૂપ :

પ્રત્યક્ષ, આગમ અને અનુમાન પ્રમાણથી અનુભવ થયેલા વિષયોના સંસ્કારો આત્મામાં રહે છે, અને તેના દ્વારા ફરી તે પદાર્થ બુદ્ધિમાં ઉપસ્થિત થાય છે તે સ્મૃતિ છે. આ પ્રમાણે રાજમાર્તંડકારે સ્મૃતિનું લક્ષણ કર્યું. તે લક્ષણમાં વિપર્યયનું, વિકલ્પનું અને નિદ્રાનું ગ્રહણ ન કર્યું તે ન્યૂનતા છે અથવા 'प्रमाणेनानुभूतस्य विषयस्य योऽयसम्प्रमोषः संस्कारद्वारेण बुद्धावुपारोहः साः स्मृतिः' આ પ્રમાણે સ્મૃતિનું લક્ષણ કર્યું તેમાં 'प्रमाणेनानुभूतस्य'ના સ્થાને 'प्रमाणादिनाऽनुभूतस्य' પાઠ હોવો જોઈએ.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર સ્મૃતિનું લક્ષણ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર જ્ઞાન જીવનો સ્વભાવ છે અને તેના આવારક કર્મોથી જ્ઞાન આવૃત્ત છે. આવૃત્તજ્ઞાનકાળમાં બોધને અનુકૂળ એવા જીવના વ્યાપારથી તે તે આવરણના અપગમથી તે તે અંશનો બોધ થાય છે અને તે બોધ ઉપયોગકાળ સુધી રહે છે, ત્યારપછી તે ઉપયોગ નહિ હોવાથી તે બોધ વિદ્યમાન નથી, છતાં જે વસ્તુનો બોધ કર્યો હોય તે વસ્તુને જાણવા માટે ઊહ કરવામાં આવે તો પૂર્વના બોધનો વિષય શીઘ્ર ઉપસ્થિત થાય છે, તેનું કારણ શિથિલમૂલવાળા અને ઊહ દ્વારા ઉપસ્થિત કરી શકાય તેવા બોધની સંસ્કારરૂપે ધારણા છે તેમ કહેવાય છે અને પૂર્વમાં અનુભવાયેલા અર્થને સંસ્કાર દ્વારા ઉપસ્થિત કરવામાં આવે ત્યારે સ્મૃતિ થાય છે તે સ્મૃતિરૂપ ધારણા છે.

પાતંજલમતાનુસાર જાગૃતઅવસ્થા, સ્વપ્નવસ્થા નિદ્રાઅવસ્થા અને સ્મૃતિઅવસ્થાના ભેદનું કથન :

રાજમાર્તંડ વૃત્તિકાર ભોજદેવ જાગૃતઅવસ્થા, સ્વપ્નઅવસ્થા, નિદ્રાઅવસ્થા અને સ્મૃતિઅવસ્થાનો ભેદ બનાવે છે –

પ્રમાણ, વિપર્યય અને વિકલ્પરૂપ જે ચિત્તવૃત્તિ છે તે જાગૃતઅવસ્થા છે. આ કથન છદ્મસ્થજીવોને આશ્રયીને સંગત થાય છે.

જાગૃતઅવસ્થામાં જે બોધ છે તે પ્રક્ષીયમાણ અવસ્થાવાળો=પ્રકૃષ્ટ ક્ષય પામતી અવસ્થાવાળો, હોય તે સ્વપ્ન છે, તેથી સ્વપ્નમાં પણ પ્રમાણ, વિપર્યય અને વિકલ્પો છે.

કોઈ વિષયોનું જેમાં સંવેદન ન હોય તેવી અવસ્થા તે નિદ્રા છે.

પ્રમાણથી થયેલા બોધથી, વિપર્યયથી થયેલા બોધથી, વિકલ્પાત્મક બોધથી અને નિદ્રાકાલીન બોધથી આ ચારે પ્રકારના બોધથી સ્મૃતિ થાય છે. **॥૧-૧૧॥**

પતંજલિઋષિએ પ્રમાણ, વિપર્યયાદિ પાંચ ચિત્તની વૃત્તિઓ બતાવી તે પાંચ વૃત્તિઓ પરમાર્થથી પ્રમાણ અને વિપર્યયમાં અંતર્ભાવ પામે છે. તે બતાવવા અર્થે પ્રથમ વિકલ્પ કઈ રીતે યથાર્થ-અયથાર્થ જ્ઞાનમાં અંતર્ભાવ પામે છે. નિદ્રા કઈ રીતે યથાર્થ-અયથાર્થ જ્ઞાનમાં અંતર્ભાવ પામે છે અને સ્મૃતિ પણ કઈ રીતે યથાર્થ-અયથાર્થ જ્ઞાનમાં અંતર્ભાવ પામે છે તે બતાવવા માટે કહે છે –

સૂત્ર ૧-૫ થી ૧-૧૧ ઉપર ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-અત્ર વિકલ્પઃ શબ્દાન્નાऽખણ્ડાલીકનિર્ભાસોऽસત્ખ્યાત્યસિદ્ધેઃ, કિન્તુ "असतो णत्थि णिसेहो" **इत्यादि ભાષ્યકૃદ્વચનાત્ ખણ્ડશઃ પ્રસિદ્ધપદાર્થાનાં સંસર્ગારોપ એવ, અભિન્ને ભેદનિર્ભાસાદિસ્તુ નયાત્મા પ્રમાણૈકદેશ એવ, નિદ્રા તુ સર્વા નાऽભાવાલમ્બના, સ્વપ્ને કરિતુરગાદિભાવાનામપિ પ્રતિભાસનાત્, નાપિ સર્વા મિથ્યૈવ, સંવાદિસ્વપ્નસ્યાપિ બહુશો દર્શનાત્, સ્મૃતિરપ્યનુભૂતે યથાર્થતત્તાખ્યધર્માવગાહિની, સંવાદવિસંવાદાભ્યાં દ્વૈવિધ્યદર્શનાદ્, ઇતિ તિસૃણામુત્તરવૃત્તીનાં દ્વયોરેવ યથાયથમન્તર્ભાવાત્ પઞ્ચવૃત્ત્યભિધાનં સ્વરૂચિતપ્રપઞ્ચાર્થમ્, અન્યથા ક્ષયોપશમભેદાદસઙ્ખ્યભેદાનામપિ સમ્ભવાત્, ઇત્યાર્હતસિદ્ધાન્તપરમાર્થવેદિનઃ ॥**

અર્થ :

અત્ર ..... સંસર્ગારોપ એવ, અહીં=પાતંજલસૂત્રમાં અર્થ કર્યો કે, શબ્દજ્ઞાન-અનુપાતી વસ્તુશૂન્ય વિકલ્પ છે. ત્યાં સ્પષ્ટતા કરતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે –

વિકલ્પ શબ્દથી થાય છે પરંતુ અખંડ અલીકનિર્ભાસ નથી અર્થાત્ કોઈ એક અખંડપદથી વાચ્ય કોઈ વસ્તુ ન હોય તે વિષયવાળો વિકલ્પ નથી; કેમ કે અસત્ખ્યાતિની અસિદ્ધિ છે=જે વસ્તુ અસત્ હોય તેને કહેવા માટે કોઈ વચન નથી પરંતુ કોઈક રૂપે સત્ વસ્તુ હોય તે અન્યરૂપે નથી તેમ કહી શકાય.

"असत्नो निषेध नथी" ઇત્યાદિ ભાષ્યકારના વચનથી ખંડથી પ્રસિદ્ધ પદાર્થોનો સંસર્ગારોપ જ છે=સંસર્ગારોપ જ વિકલ્પ છે, જેમ શશ અને શૃંગ બંને પ્રસિદ્ધ પદાર્થો છે અને તે પ્રસિદ્ધ એવા શશ

અને શૃંગમાં સંસર્ગનો આરોપ કરીને શશશૃંગ છે એ પ્રકારે પ્રયોગ કરવામાં આવે તો એ વિકલ્પ વિપર્યયમાં અંતર્ભાવ પામે છે.

વળી રાજમાર્તંડ ટીકાકારે **अभिन्ने ..... एकदेश एव**, સૂત્ર ૧-૯માં કહ્યું કે, 'પુરુષનું ચૈતન્ય' એ વિકલ્પથી કહેવાય છે; કેમ કે પુરુષ ચૈતન્યરૂપ છે. છતાં ભેદ અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ વિકલ્પથી થાય છે તે સ્થાનમાં પુરુષથી અભિન્ન એવા ચૈતન્યમાં ભેદના નિર્ભાસાદિ નયસ્વરૂપ પ્રમાણનો એક દેશ જ છે.

ભાવાર્થ :

પુરુષમાં ચૈતન્ય ગુણ છે તે પુરુષની સાથે એક પ્રદેશથી વળગેલો છે માટે પુરુષનો ચૈતન્ય સાથે અભેદ છે અને સ્યાદ્વાદની દૃષ્ટિથી પુરુષના ગુણરૂપ ચૈતન્યનો પુરુષથી કથંચિદ્ ભેદ છે; કેમ કે પુરુષ શબ્દથી આત્મા વાચ્ય છે, તેથી પુરુષની સાથે એક પ્રદેશરૂપે વળગેલા એવા ચૈતન્યમાં પુરુષથી ભેદનો નિર્ભાસ વગેરે થાય છે તે નયસ્વરૂપ છે અને નય પ્રમાણનો એક દેશ જ છે અર્થાત્ ભેદાભેદાત્મક જે પ્રમાણ છે તેનો એક દેશરૂપે ભેદનો નિર્ભાસ છે અને અન્ય દેશરૂપ અભેદનો નિર્ભાસ છે, તેથી ભેદનો અને અભેદનો નિર્ભાસ પ્રમાણનો એક દેશ હોવાથી 'પુરુષનું ચૈતન્ય' એ રૂપ વિકલ્પ પ્રમાણમાં જ અંતર્ભાવ પામે છે.

પતંજલિઋષિએ નિદ્રાને સૂત્ર ૧/૧૦માં અભાવપ્રત્યયઆલંબનવાળી કહી ત્યાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

निद्रा तु ..... प्रतिभासनात्, નિદ્રા વળી સર્વ અભાવ આલંબનવાળી નથી; કેમ કે સ્વપ્નમાં હાથી, ઘોડા વગેરે ભાવોનું પણ પ્રતિભાસન છે.

ભાવાર્થ :

ગાઢ ઊંઘમાં નિદ્રા અભાવ પ્રત્યયઆલંબનવાળી છે અને સ્વપ્ન અવસ્થામાં હાથી-ઘોડા વગેરે રૂપ ભાવાત્મક પદાર્થના આલંબનવાળી પણ છે.

પૂર્વમાં કહ્યું એ રીતે પાતંજલદર્શનકારને અભિમત વિકલ્પ અપેક્ષાએ પ્રમાણના એક દેશરૂપ છે અને અપેક્ષાએ વિપર્યયરૂપ છે. તે બતાવ્યા પછી નિદ્રા પણ અપેક્ષાએ મિથ્યા છે અને અપેક્ષાએ પ્રમાણસ્વરૂપ છે તે બતાવવા અર્થે છે.

नापि... दर्शनात्, વળી સર્વનિદ્રા મિથ્યા જ નથી; કેમ કે સંવાદિસ્વપ્નનું ઘણીવાર દર્શન છે.

ભાવાર્થ :

કેટલીક નિદ્રામાં જે દેખાય છે તે દેખાયેલી વસ્તુ સ્વપ્નકાળમાં નથી અને તે સ્વપ્નનું કાંઈ ફળ પણ નથી, માટે તે નિદ્રામિથ્યા છે અને કેટલીક નિદ્રામાં આવેલા સ્વપ્ન પ્રમાણે તેવા પ્રકારના કાર્યો થાય છે, તેથી તે નિદ્રામાં દેખાયેલા પદાર્થો સમ્યક્ છે માટે કેટલીક નિદ્રા પ્રમાણભૂત છે અને કેટલીક નિદ્રા વિપર્યયરૂપ છે.

स्मृतिरपि... द्वैविध्यदर्शनात्, સ્મૃતિ પણ અનુભવાયેલ અર્થમાં યથાર્થ એવા 'તત્તા' નામનો ધર્મ છે તે તત્તા ધર્મને અવગાહન કરનારી છે; (અને અનુભવાયેલ અર્થ યથાર્થ પણ હોઈ શકે અને અયથાર્થ પણ હોઈ શકે તેથી અનુભવેલા અર્થના યથાર્થપણાને અને અયથાર્થપણાને કારણે સ્મૃતિ પણ બે પ્રકારની છે) કેમ કે સંવાદ અને વિસંવાદ દ્વારા દ્વૈવિધ્યનું દર્શન છે અર્થાત્ સ્મૃતિના દ્વૈવિધ્યનું દર્શન છે.

इति... परमार्थवेदिनः । એથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે વિકલ્પ પણ પ્રમાણનો એક દેશ છે, નિદ્રામાં સંવાદિ સ્વપ્નું પણ ઘણીવાર દર્શન થાય છે અને સ્મૃતિ પણ સંવાદી હોય છે અને અર્થથી ત્રણેય વિસંવાદી પણ હોય છે એથી, ત્રણે ઉત્તરવૃત્તિઓનું બેમાં જ=પ્રમાણ અને વિપર્યયમાં જ, યથાયોગ્ય અંતર્ભાવ હોવાના કારણે પાંચ વૃત્તિનું કથન=ચિત્તની પાંચ વૃત્તિઓ છે એ પ્રકારનું પાતંજલસૂત્રકારનું કથન, સ્વરુચિત પ્રપંચ માટે છે. અન્યથા=બે વૃત્તિને પણ અપેક્ષા ભેદથી પાંચ વૃત્તિરૂપે ગ્રહણ કરવામાં આવે તો, ક્ષયોપશમના ભેદથી અસંખ્ય ભેદોનો પણ સંભવ છે, એ પ્રમાણે અરિહંતના સિદ્ધાંતને જાણનારા કહે છે.

अवतरणिका :

एवं वृत्तीर्व्याख्याय सोपायं निरोधं व्याख्यातुमाह –

अवतरणिका :

આ પ્રમાણે=૧-૫ થી ૧-૧૧ સૂત્રમાં કહ્યું એ પ્રમાણે વૃત્તિઓની વ્યાખ્યા કરીને હવે ઉપાય સહિત નિરોધને બતાવતાં કહે છે –

सूत्र :

अभ्यास-वैराग्याभ्यां तन्निरोधः ॥१-१२॥

सूत्रार्थ :

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેનો=ચિત્તની વૃત્તિઓનો, નિરોધ થાય છે. ॥૧-૧૨॥

टीका :

'अभ्यासेति'-अभ्यासवैराग्ये वक्ष्यमाणलक्षणे, ताभ्यां प्रकाशवृत्तिनियमरूपा या वृत्तयस्तासां निरोधो भवतीत्युक्तं भवति, तासां विनिवृत्तबाह्याभिनिवेशानामन्तर्मुखतया स्वकारण एव चित्ते शक्तिरूपतयाऽवस्थानम्, तत्र विषयदोषदर्शनजेन वैराग्येण तद्वैमुख्यमुत्पाद्यते, अभ्यासेन च सुखजनकशान्तप्रवाहदर्शनद्वारेण दृढं स्थैर्यमुत्पाद्यते, इत्थं ताभ्यां भवति चित्तवृत्तिनिरोधः ॥१-१२॥

ટીકાર્થ :

अभ्यास ..... चित्तवृत्तिनिरोधः ॥ આગળમાં કહેવાશે એ લક્ષણવાળા અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા પ્રકાશની વૃત્તિના નિયમરૂપ જે વૃત્તિઓ=બોધની પ્રવૃત્તિના નિયમરૂપ જે પાંચ ચિત્તની વૃત્તિઓ, તેનો નિરોધ થાય છે. એ પ્રમાણે કહેવાયેલું થાય છે. વિનિવૃત્ત બાહ્યઅભિનિવેશવાળી તેઓનું=બાહ્ય અભિનિવેશો જેમના અટકી ગયા છે તેવી પાંચ ચિત્તવૃત્તિઓનું, અંતર્મુખપણું હોવાના કારણે સ્વકારણ એવા ચિત્તમાં જ શક્તિરૂપપણાથી અવસ્થાન=રહેવું (તે નિરોધ છે.) ત્યાં=ચિત્તવૃત્તિના નિરોધમાં, વિષયના દોષના દર્શનથી ઉત્પન્ન થનાર વૈરાગ્ય વડે તેનું વૈમુખ્ય ઉત્પન્ન કરાય છે=ચિત્તવૃત્તિઓનો વિમુખભાવ ઉત્પન્ન કરાય છે, અને અભ્યાસથી સુખજનક શાંતપ્રવાહદર્શન દ્વારા દૃઢ સ્થૈર્ય ઉત્પન્ન કરાય છે. આ રીતે બંને દ્વારા=અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા, ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. ॥૧-૧૨॥

ભાવાર્થ :

પાતંજલદર્શનકારે 'ચિત્તવૃત્તિનિરોધ' યોગનું લક્ષણ કર્યું. ત્યાં પ્રથમ ચિત્તનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી તે ચિત્તની વૃત્તિઓ પાંચ બતાવી અને હવે ઉપાય દ્વારા નિરોધને બતાવે છે –

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ :

મતિજ્ઞાનનો ઉપયોગરૂપ ચિત્તની પાંચ વૃત્તિઓ છે અને તે વૃત્તિઓનો નિરોધ કરીને ચિત્તને આત્મભાવમાં સ્થિર કરવા માટે અભ્યાસ કરવામાં આવે અને તે અભ્યાસને દૃઢ કરવા અર્થે બાહ્ય વિષયના દોષદર્શનથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં આવે તો ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે.

આશય એ છે કે, મોક્ષના અર્થીજીવો મોક્ષના ઉપાયરૂપ યોગના અર્થી બને છે અને યોગ ચિત્તવૃત્તિના નિરોધરૂપ છે અને તે ચિત્તવૃત્તિઓના નિરોધ અર્થે પ્રથમ બાહ્યવિષયોના સંપર્કમાં આત્માને સંસારના પરિભ્રમણરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે એ રૂપ દોષદર્શનને કારણે બાહ્ય પદાર્થો પ્રત્યે વૈરાગ્ય થાય છે, તેથી ચિત્ત વિષયોથી વિમુખભાવવાળું બને છે, ત્યારપછી યોગી બાહ્ય પદાર્થો પ્રત્યે વિમુખભાવવાળા થવાથી આત્માના અંતર્મુખભાવવાળા બને છે અને અંતર્મુખભાવ થયા પછી વારંવાર અંતર્મુખ થવા માટે અભ્યાસ કરવામાં આવે તો આત્માના ભાવોમાં વિશ્રાંત થયેલું ચિત્ત સુખજનક શાંતપ્રવાહવાળું થયું છે તેવું યોગીને દેખાય છે, તેથી અંતરંગ ભાવોમાં જવા માટેનું દૃઢ સ્થૈર્ય યોગીમાં ઉત્પન્ન થાય છે. આ રીતે અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા યોગી ચિત્તવૃત્તિઓનો નિરોધ પ્રાપ્ત કરી શકે છે. **॥૧-૧૨॥**

અવતરણિકા :

अभ्यासं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

અભ્યાસને વ્યાખ્યા કરવા માટે કહે છે –

સૂત્ર :

तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१-१३॥

સૂત્રાર્થ :

ત્યાં=અભ્યાસ અને વૈરાગ્યમાં, સ્થિતિમાં યત્ન અભ્યાસ છે. ॥૧-૧૩॥

ટીકા :

'तत्रेति'-वृत्तिरहितस्य चित्तस्य स्वरूपनिष्ठः परिणामः स्थितिस्तस्यां यत्न=उत्साहः पुनः पुनस्तथात्वेन चेतसि निवेशनमभ्यास इत्युच्यते ॥१-१३॥

ટીકાર્થ :

वृत्तिरहितस्य ..... इत्युच्यते ॥ વૃત્તિરહિત એવા ચિત્તનું સ્વરૂપનિષ્ઠ પરિણામ=સ્વરૂપમાં રહેવા સ્વરૂપ પરિણામ, સ્થિતિ છે તેમાં=સ્થિતિમાં યત્ન=ઉત્સાહ, ફરી ફરી તે પણારૂપે ચિત્તમાં નિવેશ=ચિત્તમાં સ્થાપન, અભ્યાસ એ પ્રમાણે કહેવાય છે. ॥૧-૧૩॥

ભાવાર્થ :

(૧) અભ્યાસનું સ્વરૂપ :

ચિત્તવૃત્તિના નિરોધ માટેનો અભ્યાસ સ્પષ્ટ કરે છે – વૃત્તિરહિત એવું ચિત્ત પોતાના સ્વરૂપમાં રહે તેવો પરિણામ એ સ્થિતિ છે અને તે સ્થિતિમાં જવા માટેનો યત્ન એટલે ઉત્સાહ છે તે અભ્યાસ છે.

અહીં પ્રશ્ન થાય કે, ચિત્તને પોતાના સ્વરૂપમાં સ્થિર કરવું હોય તો કંઈ રીતે કરી શકાય ? તેથી કહે છે –

ફરી ફરી ચિત્તની વૃત્તિઓને ચિત્તમાં તે રૂપે નિવેશ કરે અર્થાત્ ચિત્તવૃત્તિઓ સ્વરૂપનિષ્ઠ બને તે રીતે ચિત્તવૃત્તિઓને ચિત્તમાં સ્થાપન કરે તે અભ્યાસ કહેવાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ચિત્તને શાંત રસમાં સ્થિર કરવા માટેનો અંતરંગ યત્ન તે અભ્યાસ છે અને તે અંતરંગ યત્નને ઉપષ્ટંભક એવી બાહ્ય ક્રિયાઓ તે અભ્યાસનું અંગ છે. **॥૧-૧૩॥**

અવતરણિકા :

तस्यैव विशेषमाह –

અવતરણિકાર્થ :

તેના જ=અભ્યાસના જ, વિશેષને કહે છે અર્થાત્ સૂત્ર ૧-૧૩માં ચિત્તવૃત્તિઓના નિરોધના ઉપાયરૂપે અભ્યાસનું સ્વરૂપ બતાવ્યું. હવે તે અભ્યાસ કઈ રીતે કરાયેલો સ્થિર બને છે તે બતાવે છે –

સૂત્ર :

स तु दीर्घकालादरनैरन्तर्यसत्कारसेवितो दृढभूमिः ॥१-१४॥

સૂત્રાર્થ :

વળી તે=ચિત્તવૃત્તિઓના નિરોધનો અભ્યાસ, દીર્ઘકાળ સુધી, આદરપૂર્વક, નિરંતરપણે અને સત્કારથી સેવન કરાયેલો દૃઢ ભૂમિવાળો=સ્થિર થાય છે. ॥૧-૧૪॥

ટીકા :

'स इति'-बहुकालं नैरन्तर्येणाऽऽदरातिशयेन च सेव्यमानो दृढभूमिः स्थिरो भवति दार्ढ्याय प्रभवतीत्यर्थः ॥१-१४॥

ટીકાર્થ :

बहुकालं ..... प्रभवतीत्यर्थः ॥ બહુકાળ સુધી, નિરંતરપણાથી અને આદરના અતિશયથી સેવાતો અભ્યાસ દૃઢભૂમિવાળો=સ્થિર થાય છે=દૃઢતા માટે સમર્થ થાય છે. ॥૧-૧૪॥

ભાવાર્થ :

ચિત્તવૃત્તિનો અભ્યાસ સ્થિર કઈ રીતે બને તેના ઉપાયોનું કથન :

કોઈ મહાત્મા ચિત્તવૃત્તિના નિરોધ માટે યત્ન કરતા હોય તે યત્ન કરવા માત્રથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થતો નથી, પરંતુ તે યત્ન દીર્ઘકાળ સુધી નિરંતર સેવન કરે અને તે પણ સત્કારથી=ચિત્તવૃત્તિના નિરોધ પ્રત્યે બહુમાનભાવથી, યત્ન કરે તો તે અભ્યાસ દૃઢભૂમિવાળો=સ્થિર થાય છે, અને દૃઢભૂમિવાળા=સ્થિર, અભ્યાસથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. **॥૧-૧૪॥**

અવતરણિકા :

वैराग्यस्य लक्षणमाह –

અવતરણિકાર્થ :

વૈરાગ્યનું લક્ષણ કહે છે=ચિત્તવૃત્તિનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્યથી થાય છે એમ સૂત્ર ૧-૧૨માં કહ્યું ત્યારપછી સૂત્ર ૧-૧૩/૧૪માં અભ્યાસનું સ્વરૂપ બતાવ્યું. હવે ચિત્તવૃત્તિના નિરોધ માટે વૈરાગ્ય આવશ્યક છે અને તે વૈરાગ્ય બે પ્રકારનો છે તેમાં પ્રથમ અપરવૈરાગ્યનું સ્વરૂપ બનાવે છે –

સૂત્ર :

दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसञ्ज्ञा वैराग्यम् ॥१-१५॥

સૂત્રાર્થ :

દૃષ્ટ અને આનુશ્રવિક વિષયમાં વિતૃષ્ણાવાળા=તૃષ્ણારહિત, એવા પુરુષની વશીકાર સંજ્ઞા વૈરાગ્ય છે. ॥૧-૧૫॥

ટીકા :

'दृष्टेति'-द्विविधो हि विषयो दृष्ट आनुश्रविकश्च, दृष्ट इहैवोपलभ्यमानः शब्दादिः, देवलोकादावानुश्रविकः, अनुश्रूयते गुरुमुखादित्यनुश्रवो वेदस्तत आगत आनुश्रविकः, तयोर्द्वयोरपि विषययोः परिणामविरसत्वदर्शनाद्विगतगर्द्धस्य या वशीकारसञ्ज्ञा ममैते वश्या नाहमेतेषां वश्य इति योऽयं विमर्शस्तद्वैराग्यमित्युच्यते ॥१-१५॥

ટીકાર્થ :

द्विविधो ..... इत्युच्यते ॥ બે પ્રકારના વિષયો છે – (૧) દૃષ્ટ અને (૨) આનુશ્રાવિક.

(૧) દૃષ્ટ વિષય અહીં જ=આ લોકમાં, ઉપલભ્યમાન=પ્રાપ્ત થતાં, એવા શબ્દાદિ વિષયો છે.

(૨) દેવલોકાદિ આનુશ્રવિક વિષયો છે.

દેવલોકાદિ આનુશ્રવિક કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

ગુરુમુખથી સંભળાય છે તે અનુશ્રવ=વેદ, તેનાથી આગત=આવેલું, આનુશ્રવિક છે=વેદથી દેવલોકાદિ જણાય છે તેથી તે આનુશ્રવિક છે. તે બંને પણ વિષયોનું=દૃષ્ટ એવા શબ્દાદિ વિષયોનું અને આનુશ્રવિક એવા દેવલોકાદિ વિષયોનું, પરિણામવિરસપણાના દર્શનને કારણે વિગતગૃદ્ધિવાળા= આસક્તિ-તૃષ્ણારહિત, એવા પુરુષની જે વશીકારસંજ્ઞા='મને આ વશ્ય છે હું તેમને વશ નથી' એ પ્રકારનો વિમર્શ, તે વૈરાગ્ય છે. ॥૧-૧૫॥

ભાવાર્થ :

(૨) વૈરાગ્યનું સ્વરૂપ :

અપરવૈરાગ્યનું સ્વરૂપ :

વિષયો બે પ્રકારના છે – (૧) દૃષ્ટ વિષય અને(૨) આનુશ્રાવિક વિષય.

પાંચે ઇન્દ્રિયોના વિષયો દૃષ્ટ વિષય છે અને દેવલોકાદિ આનુશ્રાવિક વિષયો છે. તે બંને પરિણામથી અસુંદર છે. તેવું નિર્મળ બુદ્ધિના કારણે જેમને દેખાય છે તેમને વિષયો પ્રત્યે વિતૃષ્ણા થાય છે અને તેવા જીવોને વશીકાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે='આ વિષયો મને વશ છે, હું તેમને વશ નથી' એ પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થાય છે તે વૈરાગ્ય છે.

આનાથી એ ફલિત થાય છે કે, બાહ્ય દૃષ્ટ એવા વિષયોમાં તૃષ્ણા રાખવાથી પાપ બંધાય છે

અને તેના પરિણામે મારું સંસારમાં પરિભ્રમણ થાય છે તેવી બુદ્ધિ થવાથી આ લોકના વિષયોમાં વિતૃષ્ણા થાય છે.

દેવલોકાદિના ભોગો પણ આયુષ્ય ક્ષય થવાથી અંતને પામે છે અને તે ભોગોથી બંધાયેલું પાપકર્મ જીવોને વિડંબણા કરાવે છે, તેવો બોધ થવાથી તે દેવલોકાદિના ભોગોથી પણ વિતૃષ્ણા થાય છે.

આ રીતે દૃષ્ટ અને આનુશ્રવિક એવા બંને પ્રકારના વિષયોમાં જેમને વિતૃષ્ણા થયેલી છે તેવા મહાત્માઓ પોતાના સંયમવૃદ્ધિના અંગભૂત ઉચિત વિષયોને ગ્રહણ કરે છે ત્યારે પણ તે વિષયોને વશ થઈને ગ્રહણ કરતાં નથી પરંતુ સંયમના ઉપાયના અર્થી એવા તેઓને વશ તે વિષયો છે, તેથી તૃષ્ણા રહિત સંયમના અંગરૂપે તે વિષયોને ગ્રહણ કરે છે, તેથી નિર્મમ એવા મહાત્માઓને વિષયો વશ થયેલા છે તેમ કહેવાય છે.

વળી સાધુ અણસણ કરે છે ત્યારે ઇચ્છા કરે છે કે, મારા સંયમના ફળથી 'મને પુણ્ય પ્રાપ્ત થાવ, ધર્મ પ્રાપ્ત થાવ, સ્વર્ગ પ્રાપ્ત થાવ અને મોક્ષ પ્રાપ્ત થાવ' તે વખતે જે સ્વર્ગની ઇચ્છા કરે છે તે પણ સ્વર્ગના ભોગોના આકર્ષણને વશ સ્વર્ગની ઇચ્છા કરતાં નથી પરંતુ મોક્ષની પ્રાપ્તિ માટે જે અસંગભાવને પ્રાપ્ત કરવો છે, તેને અનુરૂપ શક્તિસંચયના અંગરૂપે સ્વર્ગની ઇચ્છા કરે છે, તેથી તે મહાત્માને આનુશ્રવિક એવા દેવલોકાદિમાં પણ વિતૃષ્ણા છે માટે સ્વર્ગની ઇચ્છા હોવા છતાં વૈરાગ્ય અવ્યાહત છે=વૈરાગ્ય નાશ પામતો નથી. **॥૧-૧૫॥**

અવતરણિકા :

તસ્યૈવ વિશેષમાહ –

અવતરણિકાર્થ :

તેના જ=વૈરાગ્યના જ, વિશેષને કહે છે –

સૂત્ર :

તત્પરં પુરુષખ્યાતેર્ગુણવૈતૃષ્ણ્યમ્ ॥૧-૧૬॥

સૂત્રાર્થ :

તેનાથી પર=પ્રથમ વૈરાગ્યથી પ્રકૃષ્ટ એવું, પુરુષખ્યાતિને કારણે ગુણવૈતૃષ્ણ્ય બીજો વૈરાગ્ય છે. ॥૧-૧૬॥

ટીકા :

'તદિતિ'-તદ્વૈરાગ્યં પરં પ્રકૃષ્ટં, પ્રથમં વૈરાગ્યં વિષયવિષયં, દ્વિતીયં ગુણવિષયમુત્પન્ન-ગુણપુરુષવિવેકખ્યાતેરેવ ભવતિ, નિરોધસમાધેરત્યન્તાનુકૂલત્વાત્ ॥૧-૧૬॥

ટીકાર્થ :

તદ્વૈરાગ્યં ..... નુકૂલત્વાત્ ॥ તે વૈરાગ્ય પર=પ્રકૃષ્ટ છે. પ્રથમ વૈરાગ્ય વિષયવિષય=વિષયના વિષયવાળો અર્થાત્ શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયવાળો છે, ઉત્પન્ન એવી ગુણ અને પુરુષની વિવેખ્યાતિ થવાથી જ બીજો વૈરાગ્ય ગુણવિષય=ગુણના વિષયવાળો વૈરાગ્ય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, બીજો વૈરાગ્ય પ્રકૃષ્ટ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

નિરોધ ..... અનુકૂલત્વાત્ ॥ નિરોધસમાધિનું અત્યંત અનુકૂલપણું છે=નિરોધસમાધિને ગુણવૈતૃષ્ણ્ય અત્યંત અનુકૂળ છે. **॥૧-૧૬॥**

ભાવાર્થ :

પર વૈરાગ્યનું સ્વરૂપ :

પ્રથમ વૈરાગ્ય પાંચ ઇન્દ્રિયોના સર્વ વિષયો વિષયક હોય છે, તેથી યોગી ઇન્દ્રિયોના વિષયોની નિઃસારતાનું ભાવન કરીને તેના પ્રત્યે વિરક્તભાવવાળા થાય છે અને બીજો વૈરાગ્ય યોગની સાધનાથી પ્રગટ થતા ગુણો પ્રત્યે પણ વિતૃષ્ણા ભાવવાળો છે; કેમ કે સંસારઅવસ્થામાં પ્રગટ થતા ગુણોનો સિદ્ધઅવસ્થામાં રહેલ આત્મારૂપ પુરુષથી ભેદ છે, અને તે પુરુષથી સંસાર અવસ્થામાં પ્રગટ થયેલા ગુણોના ભેદના ચિંતવનને કારણે સંસાર અવસ્થામાં વર્તતા સર્વ ગુણો પ્રત્યે વિતૃષ્ણા થાય છે, તે પ્રકૃષ્ટ વૈરાગ્ય છે.

અહીં પ્રશ્ન થાય કે, ગુણો તો આત્માના કલ્યાણનું કારણ છે, તેના પ્રત્યે યોગી વિરક્ત ભાવ કેમ કરે છે ? તેથી કહે છે –

ગુણો પ્રત્યેનો વૈતૃષ્ણભાવ ચિત્તવૃત્તિના નિરોધરૂપ સમાધિને અત્યંત અનુકૂળ છે.

આશય એ છે કે, પોતાને જે ગુણો પ્રાપ્ત થાય તે ગુણોમાં પણ તૃષ્ણા-આસક્તિ થાય તો ઉપરની ભૂમિકામાં જવા માટેનો યત્ન સ્ખલના પામે છે અને યોગીને ચિત્તવૃત્તિના નિરોધની પ્રાપ્તિ ઇષ્ટ છે, તેથી નિરોધસમાધિના ઉપાયરૂપ ગુણો પ્રત્યે પણ તૃષ્ણા ઉત્પન્ન ન થાય તદર્થે યોગી સંસારવર્તી પ્રગટ થતાં સર્વગુણોથી પોતાના આત્માના=પુરુષના ભેદનું ચિંતવન કરીને ગુણના અને પુરુષના ભેદજ્ઞાનને સ્થિર કરવા યત્ન કરે છે, તે ભેદજ્ઞાનના ચિંતવનથી પોતાનાથી ભિન્ન એવા ગુણોવાળી અવસ્થા પ્રત્યે યોગીનું ચિત્ત વિરક્ત બને છે. **॥૧-૧૬॥**

સૂત્ર-૧-૧૫/૧૬ ઉપર ઉપાધ્યાય મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-વિષયદોષદર્શનજનિતમાપાતધર્મસંન્યાસલક્ષણં પ્રથમમ્, સતત્ત્વચિન્તયા વિષયૌદાસીન્યેન જનિતં દ્વિતીયાપૂર્વકરણભાવિતાત્ત્વિકધર્મસંન્યાસલક્ષણં દ્વિતીયં વૈરાગ્યમ્, યત્ર ક્ષાયોપશમિકા ધર્મા અપિ ક્ષીયન્તે ક્ષાયિકાશ્ચોત્પદ્યન્તે ઇત્યસ્માકં સિદ્ધાન્તઃ ॥

અર્થ :

વિષયદોષ ..... સિદ્ધાન્તઃ ॥ વિષયોના દોષના દર્શનથી ઉત્પન્ન થયેલ, આપાત ધર્મસંન્યાસરૂપ પ્રથમ વૈરાગ્ય છે=પ્રથમ દૃષ્ટિથી દેખાતા ભગવાનની ભક્તિ આદિરૂપ, શ્રાવકોના આચારરૂપ ધર્મોના સંન્યાસરૂપ પ્રથમ વૈરાગ્ય છે.

સત્તત્ત્વની ચિંતાથી=પરં બ્રહ્મરૂપ તે તત્ત્વ છે તેના ચિંતવનથી, વિષયો પ્રત્યે ઉદાસીનભાવ થવાને કારણે ઉત્પન્ન થયેલા બીજા અપૂર્વકરણભાવી તાત્ત્વિક એવા ધર્મોના સંન્યાસરૂપ બીજો વૈરાગ્ય છે. જેમાં=પરવૈરાગ્યમાં, ક્ષાયોપશમિક એવા ધર્મો પણ ક્ષય પામે છે અને ક્ષાયિક એવા ધર્મો ઉત્પન્ન થાય છે એ પ્રમાણે અમારો સિદ્ધાંત છે.

ભાવાર્થ :

વિષયોના દોષના દર્શનથી ઉત્પન્ન થયેલા આપાત ધર્મસંન્યાસરૂપ પ્રથમ વૈરાગ્યનું સ્વરૂપ :

જે ગૃહસ્થો ધર્મપ્રધાન જીવન જીવનારા હોય છે, તેમને પોતાના ધનનો વ્યય ગુણવાનની ભક્તિમાં સાર્થક લાગે છે, તેથી પોતાને જે ઉત્તમ દ્રવ્યો આહ્લાદ ઉપજાવે છે તે ઉત્તમ દ્રવ્યોનો ભગવાનની ભક્તિમાં ઉપયોગ કરીને પ્રથમ ભૂમિકાના ધર્મને સેવે છે અને સુસાધુઓની ભક્તિ કરીને પ્રથમ ભૂમિકાના ધર્મને સેવે છે તે આપાત ધર્મ છે.

જ્યારે તે શ્રાવકોને આ સર્વ ઇન્દ્રિયોના વિષયો આત્માને સંશ્લેષ કરાવીને આત્માને મલિન કરનારા છે તેવું સ્પષ્ટ દર્શન થાય છે, તેના કારણે ઇન્દ્રિયોને અનુકૂળ એવા બાહ્ય વિષયો પ્રત્યે ચિત્ત વિરક્ત બને છે, તેથી તેઓ ગૃહસ્થ અવસ્થામાં જે આપાત ધર્મો સેવતા હતા તેનો ત્યાગ કરીને સર્વવિરતિ ગ્રહણ કરે છે તે પ્રથમ વૈરાગ્ય છે.

સત્તત્ત્વની ચિંતાથી વિષયો પ્રત્યે ઔદાસીન્ય થવાને કારણે ઉત્પન્ન થયેલા દ્વિતીયઅપૂર્વકરણભાવી તાત્ત્વિક ધર્મસંન્યાસરૂપ બીજા વૈરાગ્યનું સ્વરૂપ :

સંયમવાળા મહાત્માઓ જ્યારે તે તત્ત્વ છે=શુદ્ધ આત્માનું તે પારમાર્થિકસ્વરૂપ છે, તેમ ચિંતવન કરે તેના કારણે વિષયો પ્રત્યે ઉદાસીનભાવ પ્રગટે છે, તેથી બાહ્ય વિષયોમાં ઇષ્ટ, અનિષ્ટની બુદ્ધિ ઉત્પન્ન થાય તેવો પરિણામ તેમને નાશ પામે છે, તેના કારણે વિકલ્પોથી પર એવા નિર્વિકલ્પ ઉપયોગમાં તે મહાત્માઓ પ્રવેશ પામે છે અને નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થવાને કારણે તે મહાત્માઓ દ્વિતીય અપૂર્વકરણને પ્રાપ્ત કરે છે ત્યારે તાત્ત્વિક એવા ધર્મોના સંન્યાસરૂપ બીજો વૈરાગ્ય પ્રગટે છે અર્થાત્ મુનિભાવમાં વર્તતા એવા તાત્ત્વિક ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ થાય તેવો વૈરાગ્ય વર્તે છે. તે બીજા વૈરાગ્યમાં ક્ષયોપશમભાવના ક્ષમાદિ ધર્મો નાશ પામે છે અને ક્ષાયિક ભાવના ક્ષમાદિ ધર્મો ઉત્પન્ન થાય છે, એ પ્રકારનો અમારો સિદ્ધાંત છે, એમ પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કહે છે.

વિશેષાર્થ :

સંસારી જીવોને બાહ્ય વિષયોને જોઈને 'આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે,' તેવા વિકલ્પો સંગના પરિણામને કારણે સદા વર્તે છે. તે વિકલ્પોને દૂર કરવા માટે મુનિઓ આત્માના ક્ષમા-માર્દવતા-આર્જવતા-નિષ્પરિગ્રહતા આદિ ભાવોના વિકલ્પો કરે છે અર્થાત્ ક્ષમાદિ ભાવો જ મારા માટે ઇષ્ટ છે અન્ય સર્વ ભાવો અનિષ્ટ છે એ પ્રકારના વિકલ્પો કરે છે અને તે વિકલ્પોના બળથી ક્ષયોપશમભાવના ધર્મો મુનિમાં સ્ફુરાયમાન થાય છે અને જ્યારે તે ક્ષયોપશમભાવના ક્ષમાદિ ધર્મોના વિકલ્પો દૃઢ ભૂમિકાવાળા થાય છે ત્યારે નિમિત્તને પામીને ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિના વિકલ્પો તે મહાત્માને ઉત્થિત થતા નથી. ત્યારપછી તે મહાત્મા ક્ષમાદિ ધર્મોના વિકલ્પોનો પણ ત્યાગ કરીને સર્વથા સંગ વગરના પરિણામને ઉલ્લસિત કરવા માટે દૃઢ ધ્યાનમાં યત્ન કરે છે તેના બળથી અસંગપરિણતિ પ્રકર્ષવાળી બને છે, તેનાથી ક્ષપકશ્રેણિ પ્રગટે છે તે પર વૈરાગ્ય છે અને ક્ષપકશ્રેણિમાં ક્ષમાદિભાવોને સ્પર્શનારા રાગાદિના વિકલ્પો પણ શાંત થાય છે ત્યારે સ્થિર સમુદ્ર જેવા સર્વવિકલ્પોથી પર એવા નિરાકુલજ્ઞાનસ્વરૂપ તે મહાત્મા બને છે, તે પરવૈરાગ્યનું ફળ છે.

અવતરણિકા :

एवं योगस्य स्वरूपमुक्त्वा सम्प्रज्ञातस्वरूपभेदमाह –

અવતરણિકાર્થ :

એ પ્રમાણે=સૂત્ર ૧-૨ થી ૧-૧૬ સુધી યોગનું સ્વરૂપ કહીને સંપ્રજ્ઞાતસ્વરૂપભેદને કહે છે –

ભાવાર્થ :

જૈન દર્શનની પ્રક્રિયા પ્રમાણે મોક્ષનું કારણ એવો યોગમાર્ગ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય એમ પાંચ ભેદે રહેલો છે.

વળી અન્ય રીતે વિચારીએ તો સંસારના કારણીભૂત ભાવમલ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગસ્વરૂપ છે. તેનાથી વિપરીત એવું સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને યોગનિરોધસ્વરૂપ યોગમાર્ગ અન્ય રીતે પ્રાપ્ત થાય છે.

પતંજલિઋષિએ મોક્ષનું કારણ એવો યોગ ચિત્તવૃત્તિનિરોધરૂપ છે, તેમ બતાવીને અને તેની પૂર્વની યોગમાર્ગની પ્રવૃત્તિને યોગાંગરૂપે સ્વીકારીને આઠ યોગાંગોને આગળમાં કહેવાના છે.

વળી મોક્ષના અર્થે યોગીઓ જેમાં યત્ન કરે છે તે યોગીઓ સમાધિમાં યત્ન કરે છે. તે સમાધિ બે પ્રકારની છે તે બતાવે છે –

(૧) સંપ્રજ્ઞાતસમાધિ અને (૨) અસંપ્રજ્ઞાતસમાધિ.

આ બંને પ્રકારની સમાધિ યોગના ભેદમાં જ અંતર્ભાવ પામે છે, આથી જ પાતંજલદર્શનકારને સ્વીકૃત એવા યોગના લક્ષણમાં સ્પષ્ટીકરણ કરતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું કે,

ચિત્તવૃત્તિનિરોધ' રૂપ માત્ર યોગનું લક્ષણ કરવામાં આવે તો આ લક્ષણ સંપ્રજ્ઞાતસમાધિમાં અવ્યાપ્ત થશે, તેથી 'ક્લિષ્ટચિત્તવૃત્તિનો નિરોધ' યોગનું લક્ષણ કરવું ઉચિત છે, હવે યોગના ભેદરૂપ સંપ્રજ્ઞાત સ્વરૂપ યોગના ભેદને પાતંજલદર્શનકાર કહે છે –

સૂત્ર :

वितर्कविचारानन्दास्मितारूपानुगमात् सम्प्रज्ञातः ॥१-१७॥

સૂત્રાર્થ :

વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાના સ્વરૂપના અનુગમથી=અનુસરણથી, સંપ્રજ્ઞાતસમાધિ છે. ॥૧-૧૭॥

ટીકા :

'वितर्केति'-समाधिरिति शेषः, सम्यक्=संशयविपर्ययरहितत्वेन प्रज्ञायते=प्रकर्षेण ज्ञायते भाव्यस्य स्वरूपं येन स सम्प्रज्ञातः समाधिर्भावनाविशेषः, स वितर्कादिभेदाच्चतुर्विधः-सवितर्कः सविचारः सानन्दः सास्मितश्च, भावना=भाव्यस्य विषयान्तरपरिहारेण चेतसि पुनः पुनर्निवेशनम्, भाव्यं च द्विविधम्-ईश्वरस्तत्त्वानि च, तान्यपि द्विविधानि जडाजडभेदात्, जडानि चतुर्विंशतिः, अजडः पुरुषः, तत्र यदा महाभूतेन्द्रियाणि स्थूलानि विषयत्वेनाऽऽदाय पूर्वापरानुसन्धानेन शब्दार्थोल्लेखसम्भेदेन च भावना क्रियते तदा सवितर्कः समाधिः, अस्मिन्नेवाऽऽलम्बने पूर्वापरानुसन्धानशब्दोल्लेखशून्यत्वेन यदा भावना प्रवर्तते तदा निर्वितर्कः, तन्मात्रान्तःकरणलक्षणं सूक्ष्मविषयमालम्ब्य तस्य देशकालधर्मावच्छेदेन यदा भावना प्रवर्तते तदा सविचारः, तस्मिन्नेवावलम्बने देशकालधर्मावच्छेदं विना धर्मिमात्रावभासित्वेन भावना क्रियमाणा निर्विचार इत्युच्यते, एवम्पर्यन्तः समाधिर्ग्राह्यसमापत्तिरिति व्यपदिश्यते ।

ટીકાર્થ :

समाधिरिति शेषः=સૂત્રમાં समाधिः એ શેષરૂપે=અધ્યાહારરૂપે, ગ્રહણ કરેલ છે અર્થાત્ વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાના સ્વરૂપના અનુસરણથી સંપ્રજ્ઞાત=સંપ્રજ્ઞાતસમાધિ છે.

सम्यक् ..... व्यपदिश्यते । सम्यक्=संशय-विपर्यय रहितपणाथी, ભાવ્યનું સ્વરૂપ પ્રકર્ષથી જણાય છે જેના વડે તે સંપ્રજ્ઞાતસમાધિ ભાવનાવિશેષ છે. તે=સંપ્રજ્ઞાતસમાધિ, વિતર્કાદિ ભેદથી ચાર પ્રકારની છે – (૧) સવિતર્ક, (૨) સવિચાર, (૩) સાનંદ અને (૪) સાસ્મિત.

સંપ્રજ્ઞાતસમાધિ ભાવનાવિશેષ છે તેમ કહ્યું તેથી ભાવનાનો અર્થ કરે છે –

વિષયાંતરના પરિહારથી ભાવ્યનો ફરી ફરી ચિત્તમાં નિવેશ ભાવના છે.

ભાવ્ય બે પ્રકારનું છે – (૧) ઈશ્વર અને (૨) તત્ત્વો.

તે પણ=તત્ત્વ પણ, જડ અને ચેતનના ભેદથી બે પ્રકારના છે.

જડતત્ત્વો ચોવીશ છે, અજડ=ચેતન પુરુષ છે. ત્યાં=ભાવ્યના વિષયમાં, જ્યારે સ્થૂલ એવા મહાભૂત અને ઇન્દ્રિયો વિષયપણાથી ગ્રહણ કરીને પૂર્વ-અપર અનુસંધાનથી શબ્દાર્થના ઉલ્લેખના સંભેદથી ભાવના કરાય છે ત્યારે સવિતર્ક સમાધિ પ્રાપ્ત થાય છે.

આ જ આલંબનમાં=સવિતર્કસમાધિના વિષયભૂત સ્થૂલ એવા મહાભૂત અને ઇન્દ્રિયોરૂપ આલંબનમાં, પૂર્વ-અપર અનુસંધાન અને શબ્દોલ્લેખ શૂન્યપણાથી જ્યારે ભાવના પ્રવર્તે છે ત્યારે નિર્વિતર્કસમાધિ છે.

પાંચ તન્માત્રા અને અંત:કરણરૂપ સૂક્ષ્મવિષને આલંબન કરીને તેના=તન્માત્રાદિરૂપ સૂક્ષ્મ વિષયના, દેશ, કાળ અને ધર્મના અવચ્છેદથી જ્યારે ભાવના પ્રવર્તે છે ત્યારે સવિચારસમાધિ છે.

તે જ આલંબનમાં=સવિચાર સમાધિના વિષયભૂત એવા પાંચ તન્માત્રા અને અંત:કરણરૂપ આલંબનમાં, દેશ, કાળ અને ધર્મના અવચ્છેદ વગર ધર્મીમાત્રના અવભાસપણાથી કરાતી એવી ભાવના નિર્વિચારસમાધિ એ પ્રમાણે કહેવાય છે.

અહીં સુધીની સમાધિ=ઉપરોક્ત સવિતર્કાદિ ચાર સમાધિ બતાવી તે ચાર સમાધિ, ગ્રાહ્યસમાપતિ એ પ્રમાણે વ્યપદેશ કરાય છે.

ભાવાર્થ :

સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

સંપ્રજ્ઞાતસમાધિનો અર્થ કરતાં કહે છે – 'સંપ્રજ્ઞાત' શબ્દમાં 'સમ્યક્' શબ્દ છે તે સંશય અને વિપર્યયથી રહિત એવા બોધને બતાવનાર છે. 'પ્ર' શબ્દનો અર્થ પ્રકર્ષને બતાવનાર છે અને 'જ્ઞાત' શબ્દ છે તે ભાવ્યનું સ્વરૂપ જેનાથી જ્ઞાત થાય છે તે ઉપયોગને બતાવનાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે, સંશય અને વિપર્યયથી રહિત પ્રકર્ષથી ભાવ્યનું સ્વરૂપ જે ઉપયોગથી જ્ઞાત થાય છે તે સંપ્રજ્ઞાતસમાધિ છે અને તે સંપ્રજ્ઞાતસમાધિ ભાવ્યના સ્વરૂપના ભાવનને અનુકૂળ એવી ભાવનાવિશેષરૂપ છે અને તે સંપ્રજ્ઞાતસમાધિ પાતંજલમતાનુસાર ચાર પ્રકારની છે.

પાતંજલમતાનુસાર સંપ્રજ્ઞાતસમાધિના ચાર ભેદોનું સ્વરૂપ :

(૧) સવિતર્કસમાધિ, (૨) સવિચારસમાધિ, (૩) સાનંદસમાધિ અને (૪) સાસ્મિતસમાધિ.

આ ચાર સમાધિમાં જે ભાવનાવિશેષ કરાય છે તે ભાવના શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભાવનાનું સ્વરૂપ :

ભાવ્યપદાર્થોનું વિષયાંતરના પરિહારપૂર્વક ફરી ફરી ચિત્તમાં સ્થાપન થવું તે ભાવના છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, ભાવ્યના સ્વરૂપમાં અત્યંત ઉપયુક્ત થઈને પ્રવર્તતું ચિત્ત તે ભાવના છે અને તે ભાવના સમાધિરૂપ છે અને તેના ઉપરમાં બતાવ્યા તે સવિતર્કાદિ ચાર ભેદો છે.

ભાવનાના વિષયભૂત એવા ભાવ્યનું સ્વરૂપ બતાવે છે –

ભાવ્યનું સ્વરૂપ :

પાતંજલમતાનુસાર ભાવ્ય બે પ્રકારનું છે – (૧) ઈશ્વર અને (૨) સાંખ્ય દર્શનને અભિમત એવા પચીસ તત્ત્વો એ ભાવ્ય છે અને સાંખ્યદર્શનને અભિમત એવા પચીસ તત્ત્વો બે પ્રકારના છે – (૧) જડ અને (૨) ચેતન.

આનાથી શું ફલિત થાય છે તે બતાવે છે – સાંખ્યદર્શનને અભિમત એવા પચીસ તત્ત્વો છે. તેમાંથી ચોવીસ જડ તત્ત્વો છે અને પુરુષ અજડ=ચેતન તત્ત્વ છે. આનાથી એ પ્રાપ્ત થાય છે, સંસારી જીવો બાહ્ય વિષયોને લઈને ચિત્તને પ્રવર્તાવે છે. તેનો ત્યાગ કરીને ઈશ્વરના સ્વરૂપથી આત્માને ભાવિત કરે કે ચોવીસ જડ તત્ત્વોના સ્વરૂપથી આત્માને ભાવિત કરે કે અજડ=ચેતન એવા પુરુષતત્ત્વના સ્વરૂપથી આત્માને ભાવિત કરે તે ભાવનની ક્રિયાને સંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે.

જૈનદર્શનાનુસાર સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે વિચારીએ તો ઈશ્વરતત્ત્વ અને જીવાદિ નવતત્ત્વો ભાવ્ય બને છે અને ઈશ્વરતત્ત્વનું ભાવન કે જીવાદિ નવતત્ત્વોનું ભાવન આલંબનરૂપ છે. પરમાર્થથી આત્માનું શુદ્ધ સ્વરૂપ ભાવ્ય છે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ ઈશ્વરતત્ત્વમાં છે, તેથી ઈશ્વરતત્ત્વને અવલંબીને આત્માનું શુદ્ધ સ્વરૂપ ભાવન કરાય છે અને જીવાદિ નવતત્ત્વોનું જ્ઞાન પણ આત્માના સ્વરૂપની પ્રસિદ્ધિ માટે છે, તેથી જીવતત્ત્વના જ્ઞાન દ્વારા શુદ્ધ આત્મા કેવો છે અને શુદ્ધ આત્માથી ભિન્ન એવા અજીવાદિ તત્ત્વો સાથે જીવનો ભેદ છે એ પ્રકારે ભાવન કરીને અજીવ સાથે એકતાની પ્રતીતિના પરિહાર દ્વારા શુદ્ધ આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રગટ કરવા માટે પ્રયત્ન કરાય છે, તેથી ભાવ્ય એવા શુદ્ધ આત્માના સ્વરૂપના ભાવનથી શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવાને અનુકૂળ એવો સર્વ વ્યાપાર સંશયથી અને વિપર્યયથી રહિત પ્રકર્ષથી પ્રવર્તતો હોય તો તેને સંપ્રજ્ઞાતસમાધિ કહી શકાય.

જેમ-કોઈ સાધુ પડિલેહણાદિ ક્રિયામાં ભગવાનના વચનનું સ્મરણ કરે અને વિચારે કે, ભગવાને પોતાના તુલ્ય થવાના ઉપયારૂપે આ પડિલેહણાદિની ક્રિયા બતાવી છે તેથી સર્વ જીવો પ્રત્યે પોતાનો સમભાવનો પરિણામ ઉલ્લસિત થાય તે રીતે પડિલેહણાદિ ક્રિયા કરવાની કહી છે, અને તે રીતે વિધિમાં ઉપયુક્ત થઈને જે સાધુ પડિલેહણાદિની ક્રિયા કરતા હોય ત્યારે તે સાધુને પ્રથમ વીતરાગનું સ્મરણ થાય છે અને ત્યારપછી સ્મરણ થાય છે કે, વીતરાગભગવાને સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારના ઉપયોગથી પડિલેહણાદિની ક્રિયા કરવાનું કહ્યું છે અને તે રીતે સાધુ પડિલેહણાદિની ક્રિયા કરે ત્યારે ઉલ્લસિત થતા પરિણામના બળથી તે મહાત્મા વીતરાગભાવનાથી ભાવિત બને છે તે સંપ્રજ્ઞાત-સમાધિરૂપ છે.

પાતંજલમતાનુસાર ચાર પ્રકારની સંપ્રજ્ઞાતસમાધિમાં સવિતર્કસમાધિનું સ્વરૂપ બતાવે છે –

(૧) સવિતર્કસંપ્રજ્ઞાતસમાધિ :

જ્યારે યોગી પાંચમહાભૂતો અને ઈન્દ્રિયોરૂપ સ્થૂલ વિષયોને ગ્રહણ કરીને ભાવના કરે છે ત્યારે ભાવનાના વિષયભૂત અર્થને ઉપસ્થિત કરવા માટે શબ્દ અને અર્થનો ઉલ્લેખ કરે છે અર્થાત્ તે તે

શબ્દો દ્વારા તે તે અર્થોની ઉપસ્થિતિ કરે છે અને પૂર્વમાં જે શબ્દ અને અર્થનો ઉલ્લેખ કરેલો અને પાછળથી જે શબ્દ અને અર્થનો ઉલ્લેખ કરે છે તે પૂર્વ અને અપર શબ્દ અને અર્થ વચ્ચે અનુસંધાન થાય તે રીતે ભાવના કરે છે તે સવિતર્ક સંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે.

જૈનદર્શનાનુસાર ચૈત્યવંદનની ક્રિયામાં 'નમુત્થુણં' સૂત્રને આશ્રયીને પ્રવર્તતા ઉપયોગમાં સવિતર્કસમાધિની વિચારણા :

કોઈ મહાત્મા 'નમુત્થુણં' સૂત્રના યથાર્થ અર્થના બોધવાળા હોય તેઓ તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા અને તદર્પિતમાનસવાળા થઈને સૂત્રો બોલતા હોય ત્યારે તે સૂત્રોના દરેક પદોનો અને તેના અર્થોનો ઉલ્લેખ થતો હોય છે અને તે પદોથી અને અર્થોથી તેમનો આત્મા ભાવિત થતો હોય છે તે વખતે તે સૂત્રમાં બોલાયેલા પૂર્વના પદો અને અર્થો અને વર્તમાનમાં બોલાતા અપર પદો અને અર્થો તે બંને વચ્ચે અનુસંધાન વર્તે છે અને તે અનુસંધાનને કારણે 'નમુત્થુણં' સૂત્રથી વાચ્ય એવા પરમાત્માના સ્વરૂપની ભાવના પ્રવર્તે છે તે સવિતર્કસમાધિ કહી શકાય.

(૨) નિર્વિતર્કસંપ્રજ્ઞાતસમાધિ :

પાતંજલમતાનુસાર સ્થૂલ એવા પાંચ મહાભૂતો અને ઇન્દ્રિયો વિષયક ઉપયોગ પ્રવર્તતો હોય અને સવિતર્ક સમાધિકાળમાં જે પૂર્વાપરનું અનુસંધાન હતું અને શબ્દાર્થનો ઉલ્લેખ હતો તેનાથી રહિત ઉપયોગ બને અને તેના દ્વારા જ્યારે ભાવના પ્રવર્તે છે ત્યારે નિર્વિતર્ક સંપ્રજ્ઞાતસમાધિ હોય છે.

જૈનદર્શનાનુસાર ચૈત્યવંદની ક્રિયામાં નિર્વિતર્કસમાધિની વિચારણા :

કોઈ મહાત્મા અત્યંત ઉપયોગપૂર્વક નમુત્થુણં સૂત્ર બોલીને સવિતર્કસમાધિવાળા બન્યા હોય ત્યારપછી 'નમુત્થુણં' સૂત્રના બળથી ઉપસ્થિત થયેલ પરમાત્માનું સ્વરૂપ બુદ્ધિરૂપી ચક્ષુ સામે ઉપસ્થિત થતું હોય ત્યારે શબ્દ અને અર્થનો ઉલ્લેખ હોતો નથી અને સૂત્ર બોલવાની પ્રવૃત્તિ પણ નહિ હોવાથી પૂર્વાપરનું અનુસંધાન હોતું નથી, આમ છતાં 'નમુત્થુણં' સૂત્રથી ભાવ્ય એવા પરમાત્માનું સ્વરૂપ ઉપયોગરૂપે ઉપસ્થિત હોવાથી ત્યારે નિર્વિતર્કસમાધિ કહી શકાય.

(૩) સવિચારસંપ્રજ્ઞાતસમાધિ :

પાતંજલમતાનુસાર સ્થૂલવિષયોને ભાવ્ય બનાવ્યા પછી યોગી જ્યારે પાંચ તન્માત્રા અને અંતઃકરણરૂપ સૂક્ષ્મ વિષયોનું આલંબન કરીને ભાવના કરે છે અને તે ભાવના દેશ, કાળ અને ધર્મના અવચ્છેદથી કરે છે ત્યારે સવિચારસંપ્રજ્ઞાતસમાધિ પ્રવર્તે છે.

જૈનદર્શનાનુસાર ચૈત્યવંદનની ક્રિયામાં સવિચારસમાધિની વિચારણા :

જૈનદર્શનાનુસાર વિચારીએ તો સવિચારસમાધિમાં અર્થ, વ્યંજન અને યોગોનો અન્યોન્ય સંક્રમ હોય છે તેથી કોઈ મહાત્મા 'નમુત્થુણં' સૂત્રમાં અત્યંત ઉપયુક્ત થઈને પ્રવર્તે છે અને તે ઉપયોગ સૂક્ષ્મ વીતરાગતાને અભિમુખ બને છે ત્યારે તે મહાત્મા સવિચારસમાધિમાં જાય છે અને તે વખતે

સૂત્ર અને અર્થમાં ઉપયોગનો સંક્રમ થાય છે અર્થાત્ સૂત્ર ઉપરથી અર્થમાં ઉપયોગ જાય છે અને અર્થ ઉપરથી સૂત્રમાં ઉપયોગ જાય છે. વળી સૂત્ર બોલતી વખતે કાયાની તે પ્રકારની મુદ્રામાં ક્યારેક ઉપયોગ હોય છે તો ક્યારેક વચનમાં ઉપયોગ હોય છે તો ક્યારેક મનના વ્યાપારમાં ઉપયોગ હોય છે, તેથી મન, વચન અને કાયાના યોગોનો પરસ્પર સંક્રમ વર્તે છે તે સવિચારસમાધિ કહી શકાય.

(૪) નિર્વિચારસંપ્રજ્ઞાતસમાધિ :

પાતંજલમતાનુસાર સમાધિના આલંબનભૂત પાંચ, તન્માત્રા અને અંતઃકરણરૂપ સૂક્ષ્મ વિષયોને અવલંબન કરીને દેશ, કાળ અને ધર્મના અવચ્છેદ વગર ધર્મીમાત્રના અવભાસપણાથી ભાવના કરાય છે તે નિર્વિચાર સંપ્રજ્ઞાતસમાધિ છે.

વસ્તુતઃ જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર સવિતર્ક આદિ સર્વ સમાધિ મુખ્યરૂપે ક્ષપકશ્રેણીમાં પ્રાપ્ત થાય છે તેની પૂર્વે પૂર્વભૂમિકારૂપે જ તે સમાધિ હોઈ શકે અને નિર્વિચારસમાધિ તો બારમા ગુણસ્થાનકવાળા યોગીને જ પ્રાપ્ત થાય છે છતાં તેના જ જે કાંઈ અંશો પૂર્વભૂમિકામાં પ્રાપ્ત થાય છે તેને આશ્રયીને ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનમાં તેની વિચારણા થઈ શકે છે આથી જ તે પ્રકારના ભાવના પ્રકર્ષને કારણે પૂજા કરતાં કરતાં નાગકેતુને કેવલજ્ઞાનની પણ પ્રાપ્તિ થઈ.

ગ્રાહ્યસમાપત્તિનું સ્વરૂપ :

આ રીતે ઉપરોક્ત સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર એમ ચાર પ્રકારની સંપ્રજ્ઞાતસમાધિ બતાવી તે ચાર સમાપત્તિ ગ્રાહ્યસમાપત્તિ એ પ્રમાણે પાતંજલમતાનુસાર કહેવાય છે; કેમ કે પાંચમહાભૂતો, ઇન્દ્રિયો, પાંચ તન્માત્રા અને અંતઃકરણરૂપ ગ્રાહ્ય વિષયને આશ્રયીને એકાગ્રતાનો પરિણામ વર્તનો હોવાથી ગ્રાહ્યવિષયક સમાપત્તિ છે.

ટીકા :

यदा तु रजस्तमोलेशानुविद्धमन्तःकरणसत्त्वं भाव्यते तदा गुणभावाच्चितिशक्तेः सुखप्रकाशमयस्य सत्त्वस्य भाव्यमानस्योद्रेकात् सानन्दः समाधिर्भवति, अस्मिन्नेव समाधौ ये बद्धधृतयस्तत्त्वान्तरं प्रधानपुरुषरूपं न पश्यन्ति ते विगतदेहाहङ्कारत्वाद्विदेहशब्दावाच्याः, इयं ग्रहणसमापत्तिः, ततः परं रजस्तमोलेशानमिभूतं शुद्धसत्त्वमालम्बनीकृत्य या प्रवर्तते भावना तस्यां ग्राह्यस्य सत्त्वस्य न्यग्भावाच्चितिशक्तेरुद्रेकात्सत्तामात्रावशेषत्वेन समाधिः सास्मित इत्युच्यते, न चाहङ्कारास्मितयोरभेदः शङ्कनीयः यतो यत्रान्तःकरणमहमित्युल्लेखेन विषयान् वेदयते सोऽहङ्कारः, यत्रान्तर्मुखतया प्रतिलोमपरिणामे प्रकृतिलीने चेतसि सत्तामात्रमवभाति साऽस्मिता, अस्मिन्नेव समाधौ ये कृतपरितोषाः परमात्मानं पुरुषं न पश्यन्ति तेषां चेतसि स्वकारणे लयमुपागते प्रकृतिलया इत्युच्यन्ते, ये परं पुरुषं ज्ञात्वा भावनायां प्रवर्तन्ते तेषामियं विवेकख्यातिर्ग्रहीतृसमापत्तिरित्युच्यते, तत्र सम्प्रज्ञाते समाधौ

चतस्रोऽवस्थाः शक्तिरूपतयाऽवतिष्ठन्ते, तत एकैकस्यास्त्याग उत्तरोत्तरत्रेति चतुरवस्थोऽयं सम्प्रज्ञातः समाधिः ॥१-१७॥

ટીકાર્થ :

यदा तु ..... समाधिः ॥ વળી જ્યારે રજ અને તમના લેશથી અનુવિદ્ધ એવા અંત:કરણના સત્ત્વનું ભાવન કરાય છે ત્યારે ચિતિશક્તિનો ગૌણભાવ હોવાથી અને સુખપ્રકાશમય એવા ભાવ્યમાન=ભાવન કરાતાં, સત્ત્વનો ઉદ્રેક હોવાથી સાનંદસમાધિ થાય છે. આ જ સમાધિમાં=સાનંદસમાધિમાં, જેઓ બદ્ધવૃત્તિવાળા પ્રધાનપુરુષરૂપ તત્ત્વાંતરને જોતા નથી. તેઓ વિગતદેહનું અહંકારપણું હોવાથી વિદેહ-શબ્દથી વાચ્ય બને છે. આ ગ્રહણસમાપત્તિ છે.

ત્યારપછી રજ અને તમના લેશથી અનભિભૂત એવા શુદ્ધ સત્ત્વને આલંબન કરીને જે ભાવના પ્રવર્તે છે તેમાં=તે ભાવનામાં, ગ્રાહ્ય એવા સત્ત્વનો ન્યગ્ભાવ હોવાથી=ગૌણભાવ હોવાથી, અને ચિતિશક્તિનો ઉદ્રેક હોવાથી=અધિકતા હોવાથી, સત્તામાત્રના અવશેષપણાથી સમાધિ થાય છે તે સાસ્મિતસમાધિ એ પ્રમાણે કહેવાય છે.

ચાર પ્રકારની સંપ્રજ્ઞાતસમાધિનું વર્ણન કર્યું ત્યાં ચોથી સમાધિ અસ્મિતા છે તે અહંકારરૂપ છે એવો કોઈને ભ્રમ થાય તેના નિવારણરૂપે કહે છે –

અને અહંકાર અને અસ્મિતાનો અભેદ છે એ પ્રમાણે શંકા ન કરવી. જે કારણથી જેમાં અંત:કરણ 'अहम्'=હું એ પ્રકારના ઉલ્લેખથી વિષયોનું વેદન કરે છે તે અહંકાર છે, જેમાં અંતર્મુખપણાને કારણે પ્રતિલોમપરિણામરૂપ પ્રકૃતિમાં લીન એવા ચિત્તમાં સત્તામાત્ર ભાસે છે તે અસ્મિતા છે.

આ જ સમાધિમાં=સાસ્મિતસમાધિમાં, જેઓ કૃતપરિતોષવાળા=સંતોષ પામેલા, પરમાત્મરૂપ પુરુષને જોતા નથી, તેઓનું ચિત્ત સ્વકારણમાં=પોતાનું કારણ એવી પ્રકૃતિમાં, લય પામે છતે પ્રકૃતિલય=પ્રકૃતિમાં લયને પ્રાપ્ત કરવાવાળા, એ પ્રમાણે કહેવાય છે.

જેઓ પરમપુરુષને જાણીને ભાવનામાં પ્રવર્તે છે તેઓની આ=અસ્મિતાસમાધિ, વિવેકખ્યાતિરૂપ ગ્રહીતૃસમાપત્તિ છે એ પ્રમાણે કહેવાય છે.

ત્યાં=સંપ્રજ્ઞાતસમાધિમાં, ચાર અવસ્થાઓ શક્તિરૂપપણાથી રહેલી છે તેથી એક એકનો ત્યાગ ઉત્તર ઉત્તરમાં થાય છે=પાછળ પાછળની સમાધિમાં પૂર્વ પૂર્વની સમાધિનો ત્યાગ થાય છે, એથી ચાર અવસ્થાવાળી આ સંપ્રજ્ઞાતસમાધિ છે. ॥૧-૧૭॥

ભાવાર્થ :

પૂર્વમાં વિતર્ક અને વિચાર આ બે સમાધિ નિર્વિતર્ક અને નિર્વિચાર સહિત બતાવી. હવે આનંદસમાધિનું સ્વરૂપ રાજમાર્તંડ ટીકાકાર સ્પષ્ટ કરે છે –

(૩) સાનંદસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

જ્યારે યોગી રજ અને તમના લેશથી અનુવિદ્ધ=સહિત એવા અંત:કરણરૂપ સત્ત્વનું ભાવન કરે

છે ત્યારે ચિતિશક્તિ ગૌણભાવવાળી હોય છે; કેમ કે રજ અને તમના લેશથી અનુવિદ્ધ=સહિત એવા અંતઃકરણનું ભાવન હોવાથી તેમાં ગૌણરૂપે ચિતિશક્તિરૂપ શુદ્ધ આત્માનું સ્વરૂપ છે અને સુખ અને પ્રકાશમય એવા ભાવન કરાતા એવા સત્ત્વનો ઉદ્રેક=પ્રબળતા, છે.

પાતંજલમતાનુસાર સત્ત્વ, રજ અને તમવાળું અંતઃકરણ છે તેમાં રજ અને તમનો લેશ વર્તે છે અને સત્ત્વ પ્રધાનરૂપે છે અને તે સત્ત્વ સુખ અને પ્રકાશમય છે અને સત્ત્વપ્રધાન એવું અંતઃકરણ ભાવ્યમાન=ભાવન કરાતું છે, તેથી સુખ અને પ્રકાશમય એવા ભાવ્યમાન સત્ત્વનો ઉદ્રેક=પ્રબળતા, છે, તે વખતે યોગી વિશેષ પ્રકારના આનંદમાં મગ્ન હોય છે, તેથી તેને સાનંદસમાધિ કહેવાય છે.

વિગતદેહનું સ્વરૂપ :

આ સાનંદસમાધિમાં જે યોગીઓ બદ્ધવૃત્તિવાળા હોય છે, તેઓ પ્રધાનપુરુષરૂપ તત્ત્વાંતરને જોતાં નથી તેઓ વિગત એવા દેહના અહંકારવાળા હોય છે અર્થાત્ તેઓને પોતાના દેહમાં અહંપણાની બુદ્ધિ વર્તતી નથી, તેથી દેહથી કરાતા કૃત્યોમાં કર્તૃત્વના પરિણામવાળા તે યોગીઓ નથી, તેથી તેઓ વિદેહ શબ્દથી વાચ્ય છે=દેહ વગરના કહેવાય છે.

આ સાનંદસમાધિ તે ગ્રહણસમાપત્તિ છે; કેમ કે અંતઃકરણ વસ્તુને ગ્રહણ કરનાર છે અને પ્રસ્તુતમાં ભાવ્યમાન=ભાવન કરાતું, અંતઃકરણ છે તેથી ગ્રહણવિષયક આ સમાપત્તિ હોવાથી સાનંદ સમાધિ ગ્રહણસમાપત્તિ છે.

(૪) સાસ્મિતસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

જ્યારે યોગીને સાનંદસમાધિરૂપ ગ્રહણસમાપત્તિની પ્રાપ્તિ થયા પછી રજ અને તમના લેશથી અનભિભૂત=પરાભવ ન પામેલા, શુદ્ધ સત્ત્વને આલંબન કરીને જે ભાવના પ્રવર્તે છે તે ભાવનામાં ગ્રાહ્ય એવું સત્ત્વ ગૌણ બને છે અને ચૈતન્યશક્તિનો ઉદ્રેક=પ્રબળ, થાય છે, તેથી સત્તામાત્રના અવશેષપણાથી=ભાવ્ય દ્રવ્યમાત્રરૂપે રહેવાથી, એકાગ્રતા થવાને કારણે જે સમાધિ થાય છે તે સાસ્મિતસમાધિ છે.

આ સમાધિકાળમાં વિકાર વગરના પુરુષની સત્તામાં એકાગ્રતા વર્તે છે, તેથી 'તે હું છું' એ પ્રકારની અસ્મિતાની બુદ્ધિ વર્તે છે, તેથી તેને સાસ્મિતસમાધિ કહેવાય છે.

અસ્મિતા અને અહંકારનો ભેદ :

સામાન્યથી 'હું છું' એ પ્રકારની અસ્મિતાની બુદ્ધિને સાસ્મિતસમાધિ કહીએ તો અસ્મિતા અહંકારરૂપ છે તેવો ભ્રમ થાય. તે દૂર કરવા માટે કહે છે –

અહંકાર અને અસ્મિતાનો અભેદ છે એ પ્રમાણે શંકા કરવી નહિ અર્થાત્ 'હું આ કરું છું' એ પ્રકારનો અહંકાર છે અને 'હું છું'=કાર્ય કરનાર હું છું, એ પ્રકારની અસ્મિતા છે એ બંને એકાર્થવાચી છે એ પ્રમાણે શંકા કરવી નહિ.

કેમ અસ્મિતા અને અહંકાર એકાર્થવાચી નથી તે સ્પષ્ટ કહે છે –

અહંકારમાં અંતઃકરણ 'અહં' એ પ્રકારના ઉલ્લેખથી વિષયોને વેદે છે અર્થાત્ 'આ મેં કર્યું' એ પ્રકારે બાહ્ય વિષયોને જાણે છે અને અસ્મિતાસમાધિમાં જે અસ્મિતા છે તે 'આ કાર્ય મેં કર્યું' એ પ્રકારે અસ્મિતારૂપ નથી પરંતુ અસ્મિતાસમાધિમાં યોગી અંતર્મુખ છે, તેથી પ્રતિલોમપરિણામવાળી પ્રકૃતિમાં લીન એવા ચિત્તમાં સત્તામાત્ર ભાસે છે=કોઈ પર્યાયને સ્પર્શ્યા વગર દ્રવ્યની સત્તામાત્ર ભાસે છે, તેથી વિકાર વગરના પુરુષમાત્રની સત્તાને જોનાર સાસ્મિતસમાધિ છે.

આનાથી એ ફલિત થાય છે કે, બાહ્ય કૃત્યોમાં 'મેં આ કર્યું' એ પ્રકારની અસ્મિતાની બુદ્ધિ અહંકારરૂપ છે, પરંતુ સાસ્મિતસમાધિમાં રજ અને તમના લેશથી અનભિભૂત=અભિભૂત નહિ થયેલી એવી, શુદ્ધસત્ત્વની સત્તામાત્ર ભાસતી હોય અને તેની સાથે એકતાની બુદ્ધિરૂપ સમાધિ છે તે સાસ્મિતસમાધિ છે માટે તે અહંકારરૂપ નથી.

પ્રકૃતિલયનું સ્વરૂપ :

આ સાસ્મિતસમાધિમાં જેઓ કૃતપરિતોષવાળા=સંતોષ પામેલા છે, અને પરમાત્મારૂપ પુરુષને જોતા નથી અને તેમનું ચિત્ત સાસ્મિતસમાધિકાળમાં સ્વકારણમાં લય પામેલું છે=પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું ચિત્ત પ્રકૃતિમાં લય પામેલું છે, તેઓ 'પ્રકૃતિલય' છે એ પ્રમાણે પાતંજલદર્શનકાર કહે છે.

જેઓ પરમપુરુષને જાણીને ભાવનામાં પ્રવર્તે છે તેમને આ સાસ્મિતસમાધિ વિવેકખ્યાતિરૂપ બને છે, તેથી તેને ગ્રહીતૃસમાપત્તિ કહેવાય છે અર્થાત્ ગ્રહીતૃ એવા પોતાના આત્મા સાથે સમાપત્તિ કહેવાય છે.

સંપ્રજ્ઞાતસમાધિમાં વિતર્કાદિ ચાર અવસ્થાઓ શક્તિરૂપે રહેલી છે, તેમાં જે અવસ્થા વ્યક્તિરૂપે પ્રાપ્ત થાય છે=પ્રગટ થાય છે, તે અવસ્થાનો ત્યાગ કરીને યોગી ઉત્તરની અવસ્થાને પામે છે. જેમ-પ્રથમ ભૂમિકામાં યોગીને સંપ્રજ્ઞાતસમાધિ વિતર્કસમાધિરૂપ હોય છે ત્યારપછી વિતર્કસમાધિનો ત્યાગ કરીને વિચારસમાધિને પ્રાપ્ત કરે છે, ત્યારપછી યોગી વિચારસમાધિનો ત્યાગ કરીને આનંદસમાધિને પામે છે અને આનંદસમાધિનો ત્યાગ કરીને અસ્મિતાસમાધિને પામે છે.

સારાંશ :

સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ

ગ્રાહ્યસમાપત્તિ ← (૧) વિતર્કસંપ્રજ્ઞાતસમાધિ → સવિતર્કસમાધિ
નિર્વિતર્કસમાધિ
(૨) વિચારસંપ્રજ્ઞાતસમાધિ → સવિચારસમાધિ
નિર્વિચારસમાધિ

ગ્રહણસમાપત્તિ ← (૩) સાનંદસંપ્રજ્ઞાતસમાધિ

ગ્રહીતૃસમાપત્તિ ← (૪) સાસ્મિતસંપ્રજ્ઞાતસમાધિ. **॥૧-૧૭॥**

અવતરણિકા :

असम्प्रज्ञातमाह –

અવતરણિકાર્થ :

અસંપ્રજ્ઞાતનું સ્વરૂપ કહે છે=સૂત્ર ૧-૧૭માં ચાર ભૂમિકાવાળી સંપ્રજ્ઞાતસમાધિ બતાવી. હવે સંપ્રજ્ઞાતસમાધિમાંથી અસંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે, તેથી હવે પાતંજલદર્શનકાર અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ કહે છે –

સૂત્ર :

विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ॥१-१८॥

સૂત્રાર્થ :

વિરામપ્રત્યય અભ્યાસ છે પૂર્વમાં જેને એવા સંસ્કારશેષવાળી અન્ય છે=બધી વૃત્તિઓ ઉપરત થઈ જવાથી અર્થાત્ પરવૈરાગ્યના અભ્યાસપૂર્વક બધી વૃત્તિઓનો અભાવ થઈ જવાથી, સંસ્કારમાત્ર શેષ અન્ય=સંપ્રજ્ઞાતથી ભિન્ન, બીજી અસંપ્રજ્ઞાતસમાધિ છે. ॥૧-૧૮॥

ટીકા :

'विरामेति'-विरम्यतेऽनेनेति विरामो वितर्कादिचिन्तात्यागः, विरामश्चासौ प्रत्ययश्चेति विरामप्रत्ययस्तस्याभ्यासः पौनःपुन्येन चेतसि निवेशनम्, तत्र या काचिद् वृत्तिरुल्लसति तस्या नेति नेतीति नैरन्तर्येण पर्युदसनं तत्पूर्वोऽसम्प्रज्ञातसमाधिः, संस्कारशेषोऽन्यस्तद्विलक्षणोऽसम्प्रज्ञात इत्यर्थः, न तत्र किञ्चिद्वेद्यं सम्प्रज्ञायत इत्यसम्प्रज्ञातो निर्बीजः समाधिः, इह चतुर्विधश्चित्तस्य परिणामः-व्युत्थानं समाधिप्रारम्भ एकाग्रता निरोधश्च । तत्र क्षिप्तमूढे चित्तभूमी व्युत्थानं, विक्षिप्ता भूमिः सत्त्वोद्रेकात्समाधिप्रारम्भः, एकाग्रत्वनिरुद्धते च पर्यन्तभूमी, प्रतिपरिणामं च संस्काराः, तत्र व्युत्थानजनिताः संस्काराः समाधिप्रारम्भजैः संस्कारैः प्रत्याहन्यन्ते, तज्जाश्चैकाग्रताजैः, निरोधजनितैरेकाग्रताजाः संस्काराः स्वरूपं च हन्यन्ते, यथा सुवर्णसंवलितं ध्मायमानं सीसकमात्मानं सुवर्णमलं च निर्दहति एवमेकाग्रताजनितात् संस्कारान्निरोधजाः स्वात्मानं च निर्दहन्ति ॥१-१८॥

ટીકાર્થ :

विरम्यते ..... निर्दहन्ति ॥ આના દ્વારા વિરામ પમાય છે તે વિરામ=વિતર્કાદિ ચિંતાનો ત્યાગ, વિરામ એવો પ્રત્યય એ વિરામ પ્રત્યય, તેનો અભ્યાસ=વિરામપ્રત્યયનો અભ્યાસ=ફરી ફરી ચિત્તમાં નિવેશ=ચિત્તમાં રહેવું, ત્યાં=વિરામપ્રત્યય અભ્યાસમાં, જે કોઈ વૃત્તિ ઉલ્લાસ પામે છે તેનો=તે વૃત્તિનો, 'નથી નથી' એ પ્રમાણે નિરંતરપણાથી પર્યુદસન=પરિત્યાગ કરવો તે, વિરામપ્રત્યય અભ્યાસ,

તત્પૂર્વ=તે છે પૂર્વમાં જેને=વિરામપ્રત્યયનો અભ્યાસ છે પૂર્વમાં જેને એવી, અસંપ્રજ્ઞાતસમાધિ છે.

વળી તે અસંપ્રજ્ઞાતસમાધિ કેવી છે તે બતાવે છે –

સંસ્કારશેષવાળી=કેવલ સંસ્કારમાત્ર શેષ રહેવાવાળી, અન્ય અસંપ્રજ્ઞાતસમાધિ છે=અર્થાત્ તેનાથી વિલક્ષણ=સંપ્રજ્ઞાતસમાધિથી ભિન્ન સ્વરૂપવાળી, અસંપ્રજ્ઞાતસમાધિ છે. ત્યાં=અસંપ્રજ્ઞાતસમાધિમાં, કોઈ વેદ્ય જણાતું નથી, એથી અસંપ્રજ્ઞાતસમાધિ નિર્બીજસમાધિ છે=આલંબન વગરની સમાધિ છે.

અહીં=સંસારમાં ચાર પ્રકારના ચિત્તના પરિણામ છે : (૧) વ્યુત્થાન, (૨) સમાધિપ્રારંભ, (૩) એકાગ્રતા અને (૪) નિરોધ.

ત્યાં=ચાર પ્રકારના ચિત્તના પરિણામમાં, ક્ષિપ્ત અને મૂઢ એવી ચિત્તની ભૂમિ વ્યુત્થાન છે.

સત્ત્વનો ઉદ્રેક હોવાથી વિક્ષિપ્ત એવી ચિત્તની ભૂમિ સમાધિનો પ્રારંભ છે, એકાગ્રતા અને નિરુદ્ધ=એકાગ્ર પરિણામ અને નિરોધ પરિણામ પર્યંતભૂમિ છે અને પ્રતિપરિણામ=ચારે ભૂમિકાને આશ્રયીને સંસ્કાર છે અર્થાત્ વ્યુત્થાનાદિ ચિત્તની ચારેય ભૂમિકાના સંસ્કારો છે. ત્યાં સમાધિના પ્રારંભથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારો નાશ પામે છે અને એકાગ્રતાથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો=સમાધિના પ્રારંભથી ઉત્પન્ન થયેલા સંસ્કારો, નાશ પામે છે, નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી એકાગ્રતાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો અને તેનું સ્વરૂપ નાશ પામે છે.

જે પ્રમાણે-સુવર્ણથી યુક્ત ધ્યાયમાન=તપાવાતું એવું, સીસુ પોતાને અને સુવર્ણના મલને બાળે છે, એ રીતે નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારો એકાગ્રતાથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો અને પોતાના આત્માનો=નિરોધથી ઉત્પન્ન થયેલા સંસ્કારોરૂપ પોતાના સ્વરૂપનો, નાશ કરે છે. ॥૧-૧૮॥

ભાવાર્થ :

અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

સૂત્ર ૧-૧૭માં સંપ્રજ્ઞાતસમાધિના ચાર પ્રકારો બતાવ્યાં તેમાં વિતર્કાદિનું ચિંતવન હોય છે અને તે વિતર્કાદિ ચિંતવનનો ત્યાગ તે વિરામ છે અને વિરામનો પ્રત્યય=પ્રતીતિ થાય તે પ્રકારનો અભ્યાસ પૂર્વમાં જેને છે એવી અસંપ્રજ્ઞાતસમાધિ છે. અને વિરામનો અભ્યાસ કરવા અર્થે યોગી કોઈ પણ પ્રકારની જે ચિત્તવૃત્તિઓ ઉલ્લસિત થાય છે તેને 'નેતિ નેતિ'=આ નથી, આ નથી'='આ મારું સ્વરૂપ નથી, આ મારું સ્વરૂપ નથી', એ પ્રકારે નિરંતર યત્ન કરીને સર્વ પ્રકારના ચિંતવનનો ત્યાગ કરવા માટે યત્ન કરે છે તે ત્યાગથી અસંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે.

વળી આ અસંપ્રજ્ઞાતસમાધિ સંસ્કારશેષરૂપ છે. રાજમાર્તંડકારે સંસ્કારશેષનો અર્થ કર્યો કે, જેમાં સંસ્કારમાત્ર છે વેદ્યનું જ્ઞાન નથી તેવી અસંપ્રજ્ઞાતસમાધિ છે.

વળી આ અસંપ્રજ્ઞાતસમાધિ સંપ્રજ્ઞાતસમાધિથી વિલક્ષણ છે તે બતાવવા માટે પ્રસ્તુત સૂત્ર ૧-૧૮માં 'અન્ય' શબ્દનો પ્રયોગ કર્યો છે.

હવે અસંપ્રજ્ઞાતસમાધિનો વ્યુત્પત્તિ અર્થ બતાવે છે – અસંપ્રજ્ઞાતસમાધિમાં કોઈ જ્ઞાન થતું નથી તેથી અસંપ્રજ્ઞાતસમાધિ છે.

આ અસંપ્રજ્ઞાતસમાધિ નિર્બીજ છે=સંપ્રજ્ઞાતસમાધિમાં જેમ ભાવ્યનું આલંબન કરીને ચિંતવન કરાય છે તેવું કોઈ આલંબન અસંપ્રજ્ઞાતસમાધિમાં નથી, માટે આલંબનરૂપ બીજના અભાવવાળી અસંપ્રજ્ઞાતસમાધિ છે.

અસંપ્રજ્ઞાતસમાધિને વિશેષ સ્પષ્ટ કરવા અર્થે રાજમાર્તંડ ટીકાકાર કહે છે –

સંસારવર્તી જીવોમાં ચાર પ્રકારના ચિત્તનો પરિણામ વર્તે છે : (૧) વ્યુત્થાન, (૨) સમાધિનો પ્રારંભ, (૩) એકાગ્રતા અને (૪) નિરોધ.

વ્યુત્થાનદશામાં ચિત્ત ક્ષિપ્ત અને મૂઢભૂમિવાળું હોય છે અર્થાત્ વિષયોમાં ક્ષેપ=આસક્તિવાળું હોય છે અથવા સુનમુન અવસ્થાવાળું હોય છે.

વિક્ષિપ્તદશામાં જીવને યોગમાર્ગવિષયક સત્ત્વનો ઉદ્રેક હોવાથી=પ્રબળતા હોવાથી, સમાધિનો પ્રારંભ હોય છે. આ ભૂમિકાવાળા જીવો સંસારમાર્ગને છોડીને યોગમાર્ગમાં પ્રારંભ કરનારા હોય છે. ફક્ત અહીં એકાગ્રતાનો અભાવ હોય છે, તેથી તે યોગમાર્ગની પ્રવૃત્તિ સમાધિરૂપ નથી પરંતુ સમાધિની પ્રારંભ ભૂમિકા છે.

એકાગ્રતા અને નિરુદ્ધ આ બંને સમાધિની પર્યંતભૂમિ છે અર્થાત્ એકાગ્રતાકાળમાં સમાધિ સ્પષ્ટ પ્રગટેલી છે અને નિરુદ્ધકાળમાં ચરમકક્ષાની સમાધિ છે.

આ દરેક ચિત્તની અવસ્થાના પરિણામના સંસ્કારો આત્મામાં પડે છે અર્થાત્ વ્યુત્થાનના સંસ્કારો પડે છે, સમાધિના પ્રારંભવાળી ચિત્તની ભૂમિકાના સંસ્કારો પડે છે, એકાગ્રતાના સંસ્કારો પડે છે અને નિરોધના સંસ્કારો પડે છે.

સંસારી જીવો વ્યુત્થાન દશામાં જે પ્રવૃત્તિ કરીને સંસ્કારો નાંખે છે, તે સંસ્કારો સમાધિની પ્રારંભની ભૂમિકાથી હણાય છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સંસારી જીવો વ્યુત્થાનદશામાં વિષયોમાં ક્ષેપ=આસક્ત ચિત્તવાળા હોય છે કાં સુનમુન બેસી રહે તેવી મૂઢ દશાવાળા હોય છે તે સર્વદશાના જે સંસ્કારો આત્મામાં પડેલા છે તે વ્યુત્થાન દશાના સંસ્કારો સમાધિની પ્રારંભવાળા ચિત્તથી હણાય છે, આથી યોગમાર્ગની ભગવદ્ભક્તિ આદિ પ્રવૃત્તિ કરનારા મહાત્માઓના વ્યુત્થાનદશાના સંસ્કારો સમાધિની પ્રારંભવાળા ચિત્તથી હણાય છે, અર્થાત્ યોગમાર્ગની ભગવદ્ભક્તિ આદિ પ્રવૃત્તિ કરનારા મહાત્માઓના વ્યુત્થાન દશાના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય છે અને યોગમાર્ગની પ્રારંભ દશાના સંસ્કારોનું આધાન થાય છે. આ રીતે સમાધિની પ્રારંભ દશામાંથી તે મહાત્મા એકાગ્રતાને પ્રાપ્ત કરે ત્યારે સમાધિના પ્રારંભકાળમાં થયેલા સંસ્કારોનો નાશ એકાગ્રતાના સંસ્કારોથી થાય છે. વળી જેમ એકાગ્રતાના સંસ્કારોથી સમાધિના પ્રારંભના સંસ્કારો નાશ પામે છે તેમ વ્યુત્થાન દશાના અવશેષ સંસ્કારો પણ નાશ પામે છે. રાજમાર્તંડ ટીકાકારે તેની વિવક્ષા કરેલ નથી અને નિરોધના સંસ્કારોથી

એકાગ્રતાના સંસ્કારો નાશ પામે છે અને નિરોધના પોતાના સંસ્કારો પણ નાશ પામે છે.

આશય એ છે કે, યોગીનું ચિત્ત જ્યારે પોતાના આત્મામાં નિરુદ્ધ બને છે ત્યારે પૂર્વમાં એકાગ્રતાવાળા ચિત્તનાં જે સંસ્કારો હતા તે સંસ્કારો નાશ પામે છે અને નિરુદ્ધચિત્ત પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે ત્યારે નિરોધના સંસ્કારો પણ નાશ પામી જાય છે; કેમ કે આત્માને નિરોધ કરવાના યત્નની અપેક્ષા રહેતી નથી, આથી જૈનદર્શનની માન્યતા અનુસાર અસંપ્રજ્ઞાતસમાધિરૂપ કેવલજ્ઞાન અવસ્થામાં નિરોધના સંસ્કારો નથી પરંતુ આત્મા સહજ સ્વભાવપ્રતિષ્ઠિત=પોતાના ભાવમાં રહેલો છે. **॥૧-૧૮॥**

સૂત્ર-૧-૧૭ અને ૧-૧૮ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-દ્વિવિધોઽપ્યયં અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા-વૃત્તિક્ષયભેદેન પઞ્ચધોક્તસ્ય યોગસ્ય પઞ્ચમભેદેઽવતરતિ, વૃતિક્ષયો હ્યાત્મનઃ કર્મસંયોગયોગ્યતાપગમઃ, સ્થૂલસૂક્ષ્મા હ્યાત્મનશ્ચેષ્ટા વૃત્તયઃ, તાસાં મૂલહેતુઃ કર્મસંયોગયોગ્યતા, સા ચાકરણનિયમેન ગ્રન્થિભેદે ઉત્કૃષ્ટમોહનીયબન્ધવ્યવચ્છેદેન તત્તદ્ગુણસ્થાને તત્તત્પ્રકૃત્યાત્યન્તિકબન્ધવ્યવચ્છેદસ્ય હેતુના ક્રમશો નિવર્તતે, તત્ર પૃથક્ત્વવિતર્કસવિચારૈકત્વવિતર્કાવિચારાખ્યશુક્લધ્યાનભેદદ્વયે સમ્પ્રજ્ઞાતઃ સમાધિર્વૃત્ત્યર્થાનાં સમ્યગ્જ્ઞાનાત્ । તદુક્તમ્ –

"समाधिरेष एवान्यैः सम्प्रज्ञातोऽभिधीयते ।
सम्यक् प्रकर्षरूपेण वृत्त्यर्थज्ञानतस्तथा" ॥१॥ [૪૧૮ યો. બિં.]

નિર્વિતર્કવિચારાનન્દાસ્મિતાનિર્ભાસસ્તુ પર્યાયવિનિર્મુક્તશુદ્ધદ્રવ્યધ્યાનાભિપ્રાયેણ વ્યાખ્યેયઃ, યન્નયમાલમ્બ્યોક્તમ્-

"का अरइ के आणंदे ? इत्थं पि अग्गहो चरे" **ઇત્યાદિ ।**

ક્ષપકશ્રેણિપરિસમાપ્તૌ કેવલજ્ઞાનલાભસ્ત્વસમ્પ્રજ્ઞાતઃ સમાધિઃ, ભાવમનોવૃત્તીનાં ગ્રાહ્યગ્રહણાકારશાલિનીનામવગ્રહાદિક્રમેણ તત્ર સમ્યક્પરિજ્ઞાનાભાવાત્, અત એવ ભાવમનસા સઞ્જ્ઞાઽભાવાદ્ દ્રવ્યમનસા ચ તત્સદ્ભાવાત્ કેવલી નોસઞ્જ્ઞીત્યુચ્યતે । તદિદમુક્તં યોગબિન્દૌ-

"असम्प्रज्ञात एषोऽपि समाधिर्गीयते परैः ।
निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः ॥१॥
धर्ममेघोऽमृतात्मा च भवशत्रुः शिवोदयः ।
सत्त्वानन्दः परश्चेति योज्योऽत्रैवार्थयोगतः" ॥२॥ [૪૨૦-૨૧] **ઇત્યાદિ ।**

સંસ્કારશેષત્વં ચાત્ર ભવોપગ્રાહિકર્માંશરૂપસંસ્કારાપેક્ષયા વ્યાખ્યેયમ્, મતિજ્ઞાનભેદસ્ય સંસ્કારસ્ય તદા મૂલત એવ વિનાશાત્ ઇત્યસ્મન્મતનિષ્કર્ષ ઇતિ દિક્ ॥

અર્થ :

દ્વિવિધોઽપિ ..... અવતરતિ, બંને પણ આ=સૂત્ર ૧-૧૭ અને ૧-૧૮માં બતાવેલ સંપ્રજ્ઞાતસમાધિ

અને અસંપ્રજ્ઞાતસમાધિ એ રૂપ બંને પણ આ, અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષયના ભેદથી પાંચ પ્રકારે કહેવાયેલા યોગભેદના પાંચમાં ભેદમાં=વૃત્તિક્ષયરૂપ પાંચમાં ભેદમાં, અવતાર પામે છે.

અહીં પ્રશ્ન થાય કે વૃત્તિક્ષય શું છે ? તેથી કહે છે –

वृत्तिक्षयो ..... सम्यग्ज्ञानात्, વૃત્તિક્ષય આત્માની કર્મની સાથે સંયોગની યોગ્યતાનો અપગમ=દૂર થવું, વૃત્તિઓ સ્થૂલ અને સૂક્ષ્મ એવી આત્માની ચેષ્ટાઓ છે. તે વૃત્તિઓનો મૂળ હેતુ કર્મસંયોગની યોગ્યતા છે અને તે=કર્મસંયોગની યોગ્યતા, અકરણનિયમથી ગ્રંથિનો ભેદ થયે છતે ઉત્કૃષ્ટ મોહનીયકર્મના બંધના વ્યવચ્છેદથી તે તે ગુણસ્થાનમાં તે તે પ્રકૃતિના આત્યંતિક બંધના વ્યચ્છેદના હેતુથી ક્રમસર નિવર્તન પામે છે. ત્યાં=અકરણનિયમ દ્વારા વૃત્તિ સંક્ષય થાય છે ત્યાં, પૃથક્ત્વવિતર્કસવિચાર અને એકત્વવિતર્કઅવિચાર નામના શુક્લધ્યાનના બે ભેદમાં સંપ્રજ્ઞાતસમાધિ છે; કેમ કે વૃત્તિ અને અર્થોનું સમ્યગ્જ્ઞાન છે.

तदुक्तम् – તે યોગબિંદુ શ્લોક-૪૧૮માં કહેવાયું છે.

''समाधि ..... तथा'' ॥ આ જ સમાધિ અન્યો વડે સંપ્રજ્ઞાત કહેવાય છે; કેમ કે તે પ્રકારે સમ્યક્ પ્રકર્ષરૂપથી વૃત્તિ અને અર્થોનું જ્ઞાન છે.''

निर्वितर्क ..... आलम्ब्योक्तम् - નિર્વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાનો નિર્ભાસ પર્યાયથી વિનિર્મુક્ત થયેલા શુદ્ધ દ્રવ્યના ધ્યાનના અભિપ્રાયથી વ્યાખ્યાન કરવા યોગ્ય છે. જે નયનું આલંબન લઈને=શુદ્ધ દ્રવ્યને જોનારા નયનું આલંબન લઈને, કહેવાયું છે –

''का अरइ ..... चरे'' इत्यादि ॥ ''અરતિ શું ? આનંદ શું ? આ રીતે અગ્રહ=ગ્રહરહિત, ચરે=વિષયશુદ્ધ દ્રવ્યથી અન્ય એવા વિષયાંતરોને ગ્રહણ કર્યા વિના વર્તે.''

इत्यादि થી એવા બીજાપણ કથનો સમજવા.

क्षपकश्रेणि ..... इत्युच्यते, વળી ક્ષપકશ્રેણિની પરિસમાપ્તિ થયે છતે કેવલજ્ઞાનનો લાભ અસંપ્રજ્ઞાતસમાધિ છે; કેમ કે ગ્રાહ્ય-ગ્રહણ આકારશાલી એવી ભાવમનોવૃત્તિઓનો અવગ્રહાદિક્રમથી ત્યાં=કેવલજ્ઞાનમાં, સમ્યક્ પરિજ્ઞાનનો અભાવ છે. આથી જ ભાવમનથી સંજ્ઞાનો અભાવ હોવાને કારણે અને દ્રવ્યમનથી તેનો સદ્ભાવ હોવાને કારણે=સંજ્ઞાનો સદ્ભાવ હોવાને કારણે, કેવલી 'નોસંજ્ઞી' એ પ્રમાણે કહેવાય છે.

तदिदमुक्तं योगबिन्दौ - તે આ યોગબિંદુ શ્લોક-૪૨૦-૪૨૧માં કહેવાયું છે.

''असम्प्रज्ञात ..... अनुवेधतः'' ॥ ''આ પણ=કૈવલ્યસ્વરૂપ અવસ્થાન્તર પ્રાપ્ત એવો આ પણ, યોગ બીજાઓ વડે અસંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે; કેમ કે નિરુદ્ધ અશેષવૃત્ત્યાદિરૂપ તેના સ્વરૂપનો=યોગના સ્વરૂપનો, અનુવેધ છે.'' (૪૨૦)

''धर्ममेघो ..... अर्थयोगतः'' ॥ ''ધર્મમેઘ, અમૃતાત્મા, ભવશત્રુ, શિવોદય, પર એવો સત્ત્વાનંદ એ પ્રમાણે અહીં જ=કેવલજ્ઞાનકાલીન સમાધિવિશેષમાં જ, અર્થયોગથી યોજવા જોઈએ.'' (૪૨૧)

ઇત્યાદિ=આવા બીજા કથનો ગ્રહણ કરવા.

संस्कार ..... इति दिक् । અને અહીં=અસંપ્રજ્ઞાતસમાધિને કહેનારા પાતંજલયોગસૂત્ર ૧-૧૮માં, સંસ્કારશેષપણું ભવોપગ્રાહી કર્માંશરૂપ સંસ્કારની અપેક્ષાએ વ્યાખ્યાન કરવું; કેમ કે મતિજ્ઞાનના ભેદરૂપ સંસ્કારનું ત્યારે=કેવલજ્ઞાનકાળમાં, મૂળથી જ વિનાશ છે. એ પ્રકારે અમારા મતનો=જૈનદર્શનના મતનો, નિષ્કર્ષ છે એ પ્રમાણે દિશાસૂચન છે.

ભાવાર્થ :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

વૃત્તિસંક્ષયરૂપ યોગમાં સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિનો અવતાર :

પાતંજલદર્શનકાર સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિ એમ બે પ્રકારે યોગ કહે છે – જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયના ભેદથી પાંચ પ્રકારે કહેવાયેલા યોગના પાંચમાં ભેદરૂપ વૃત્તિક્ષયમાં અવતાર પામે છે; કેમ કે સંપ્રજ્ઞાતસમાધિ ક્ષપકશ્રેણિમાં સ્વીકારેલ છે અને વૃત્તિસંક્ષય કેવલજ્ઞાનની અવસ્થામા સ્વીકારેલ છે, તોપણ જેમ સમ્યક્ત્વકાળમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધનો ક્ષય થાય છે તેથી જ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી ફરી મિથ્યાત્વને પામેલા જીવો ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધતા નથી. તેમ સંપ્રજ્ઞાતસમાધિકાળમાં પાપના અકરણના નિયમને કારણે=હવે પછી સંસારમાં તેવા પ્રકારના પાપો ક્યારેય કરી ન શકે તેવા વિરુદ્ધ અધ્યવસાયને કારણે જે જે પ્રકારની વૃત્તિઓનો સંક્ષય થાય છે તે અપેક્ષાએ સંપ્રજ્ઞાતસમાધિનો પણ વૃત્તિસંક્ષયરૂપ યોગના પાંચમાં ભેદ અવતાર કરેલ છે.

વૃત્તિક્ષયનું સ્વરૂપ :

વૃત્તિક્ષય શું છે તે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સ્પષ્ટ કરે છે – આત્મામાં રહેલ કર્મક્ષયની યોગ્યતાનો અપગમ એ વૃત્તિઓનો ક્ષય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ જીવના પરિણામ છે, તે કર્મસંયોગની યોગ્યતા સ્વરૂપ છે અને સંપૂર્ણ વૃત્તિ ક્ષય યોગનિરોધકાળમાં થાય છે અને કેવલજ્ઞાનકાળમાં મનોયોગની વૃત્તિરૂપ વૃત્તિનો ક્ષય થાય છે અને તેની પૂર્વે જે જે ભૂમિકામાં જે જે વૃત્તિઓનો ક્ષય થાય છે તે અપેક્ષાએ વૃત્તિક્ષય નામનો યોગ છે, આથી જ અપુનર્બંધક દશામાં ઉત્કૃષ્ટ અનંતાનુબંધીની વૃત્તિનો ક્ષય થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિકાળમાં બંધ વખતે જે કર્મની સ્થિતિ હતી તેનાથી અધિક કર્મોની સ્થિતિ ક્યારેય બાંધે નહિ તેવી વૃત્તિઓનો ક્ષય છે.

સંપ્રજ્ઞાતસમાધિકાળમાં જે જે વૃત્તિઓ ક્ષપકશ્રેણિમાં જ્યારે જ્યારે ક્ષય પામે છે ત્યારે ત્યારે તે પ્રકારની વૃત્તિક્ષય નામનો યોગ પ્રાપ્ત થાય છે. જેમ-ક્ષપકશ્રેણિમાં નવમાં ગુણસ્થાનકે વેદનો બંધ અટકે છે ત્યારે તે વેદના ઉદયવાળી વૃત્તિઓનો ક્ષય થયો કહેવાય છે અને તે=કર્મના સંયોગની યોગ્યતા, અકરણનિયમથી=તે પ્રકારના ઉત્કૃષ્ટ પાપના અકરણના નિયમથી, ગ્રંથિભેદકાળમાં ઉત્કૃષ્ટ

મોહનીયના બંધના વ્યવચ્છેદથી પ્રાપ્ત થાય છે, તેથી તે તે ગુણસ્થાનકમાં તે તે પ્રકારની વૃત્તિનો ક્ષય થાય છે.

જૈનદર્શનની માન્યતાનુસાર શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોમાં સંપ્રજ્ઞાતસમાધિનો અવતાર :

વળી જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે પૃથક્ત્વવિતર્કસવિચાર અને એકત્વવિતર્કઅવિચાર નામના શુક્લધ્યાનના બે ભેદોમાં સંપ્રજ્ઞાતસમાધિ વર્તે છે.

અહીં પ્રશ્ન થાય કે, શુક્લધ્યાનકાળમાં વર્ત્તતા ઉપયોગને સમાધિ કેમ કહી શકાય ? તેથી કહે છે –

આત્માની વૃત્તિનું અને દ્વીપ-સમુદ્રાદિ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન છે, તેથી શુક્લધ્યાનના બે ભેદોમાં સંપ્રજ્ઞાતસમાધિ છે.

આશય એ છે કે, પ્રાતિભજ્ઞાનથી શ્રેણિનો પ્રારંભ થાય છે અને શ્રેણિકાળમાં સંસારના કારણીભૂત એવી આત્માની વૃત્તિઓ અને ચૌદરાજલોકવર્તી પદાર્થોનું સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે; કેમ કે મતિઆદિ ચાર જ્ઞાનના પ્રકર્ષના ઉત્તરભાવી એવું પ્રાતિભજ્ઞાન છે, તેથી મોહની વૃત્તિઓનું અને બાહ્ય પદાર્થોનું સમ્યગ્જ્ઞાન વર્તે છે જેના બળથી મહાત્મા મોહનો નાશ કરે છે.

પાતંજલદર્શનકારે કહેલ સંપ્રજ્ઞાતસમાધિના ચાર ભેદો પર્યાયરહિત શુદ્ધ દ્રવ્યના ધ્યાનમાં વર્તતા યોગીમાં સંગત :

સંપ્રજ્ઞાતસમાધિનો અને અસંપ્રજ્ઞાતસમાધિનો વૃત્તિસંક્ષયરૂપ યોગમાં અવતાર બતાવ્યા પછી સંપ્રજ્ઞાતસમાધિ શુક્લધ્યાનના પ્રથમ બે ભેદસ્વરૂપ છે તેમ બતાવ્યું. હવે પાતંજલદર્શનકાર સવિતર્કસમાધિ અને ઉત્તરભૂમિકામાં નિર્વિતર્કસમાધિ સ્વીકારે છે અને સવિચારસમાધિ અને ઉત્તરભૂમિકામાં નિર્વિચારસમાધિ સ્વીકારે છે. ત્યારપછી આનંદ અને અસ્મિતાસમાધિ સ્વીકારે છે. તે કઈ અપેક્ષાએ સંગત થાય છે તે બતાવે છે –

જ્યારે યોગીઓ પર્યાયને છોડીને શુદ્ધદ્રવ્યના ધ્યાનમાં વર્તે છે ત્યારે નિર્વિર્તક, વિચાર, આનંદ અને સાસ્મિતસમાધિ વર્તે છે એ પ્રમાણે વ્યાખ્યાન કરવું.

શુદ્ધદ્રવ્યના ધ્યાનને બતાવનારા નયનું આલંબન લઈને શાસ્ત્રમાં કહેવાયું છે.

શુદ્ધદ્રવ્યના ધ્યાનમાં અરતિ શું છે ? આનંદ શું છે ? અર્થાત્ તે વખતે અરતિ પણ નથી અને આનંદ પણ નથી. આ રીતે અગ્રહ અર્થાત્ કોઈ વિષયોને ગ્રહણ કર્યા વગર યોગી વર્તે છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે યોગી મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્મદ્રવ્યને લક્ષ કરીને ધ્યાનમાં વર્તે છે ત્યારે બાહ્ય અનુકૂળ વિષયોમાં કોઈ આનંદ નથી અને બાહ્ય પ્રતિકૂળ વિષયોમાં કોઈ અરતિ નથી, તેવા યોગીઓ સ્વભૂમિકાનુસાર નિર્વિતર્ક આદિ ચાર સમાધિમાં વર્તે છે.

જૈનદર્શનાનુસાર ક્ષપકશ્રેણિના અંતે કેવલજ્ઞાનના લાભરૂપ અસંપ્રજ્ઞાતસમાધિ :

ક્ષપકશ્રેણિની પરિસમાપ્તિમાં કેવલજ્ઞાનનો લાભ છે તે અસંપ્રજ્ઞાતસમાધિ છે.

કેમ કેવલજ્ઞાન વખતે અસંપ્રજ્ઞાતસમાધિ છે ? તેથી કહે છે –

ગ્રાહ્ય એવા બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના આકારવાળી એવી ભાવમનોવૃત્તિઓનો કેવલજ્ઞાનકાળમાં અભાવ હોવાથી અવગ્રહાદિના ક્રમથી કેવલજ્ઞાનમાં સમ્યક્ પરિજ્ઞાનનો અભાવ છે માટે અસંપ્રજ્ઞાતસમાધિ છે.

આશય એ છે કે, કેવલજ્ઞાન થયા પછી જ્ઞાન કરવા અર્થે મનનો વ્યાપાર કેવલીને નથી, પરંતુ જ્ઞેયનું પ્રકાશન જ્ઞાનાવરણીય કર્મનો વિગમ થવાથી સ્વાભાવિક હોય છે, તેથી છદ્મસ્થ અવસ્થામાં ગ્રાહ્યના ગ્રહણના આકારશાલી એવી ભાવમનોવૃત્તિઓ થાય છે તેવી મનોવૃત્તિઓ કેવલીમાં નથી, માટે જેમ છદ્મસ્થને મતિજ્ઞાન વખતે અવગ્રહાદિના ક્રમથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે અને સંપ્રજ્ઞાતસમાધિમાં અવગ્રહાદિના ક્રમથી જ થયેલ અવિચ્યુતિરૂપ સમ્યક્ પરિજ્ઞાન વર્તે છે તેવું સમ્યક્ પરિજ્ઞાન અવગ્રહાદિના ક્રમથી કેવલજ્ઞાનમાં નથી પરંતુ અવગ્રહાદિના ક્રમ વગર સમ્યક્ પરિજ્ઞાન છે માટે સંપ્રજ્ઞાતસમાધિથી વિલક્ષણ એવી અસંપ્રજ્ઞાતસમાધિ કેવલજ્ઞાનકાળમાં છે. આથી જ=કેવલીને ભાવમનોવૃત્તિ નથી આથી જ, કેવલીને ભાવ મન દ્વારા થતી સંજ્ઞાનો અભાવ છે અને દ્રવ્યમન દ્વારા થતી સંજ્ઞાનો સદ્ભાવ છે; કેમ કે અનુત્તરવાસી દેવોને પૂછાયેલા પ્રશ્નોના સમાધાન દ્રવ્યમનથી કેવલી આપે છે માટે કેવલીને 'નોસંજ્ઞી' એ પ્રમાણે કહેવાય છે. અહીં 'નો' શબ્દ દેશ નિષેધમાં છે, તેથી અપેક્ષાએ સંજ્ઞી છે અને અપેક્ષાએ અસંજ્ઞી છે એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે.

પાતંજલસૂત્રકારે અસંપ્રજ્ઞાતસમાધિનું સંસ્કારશેષરૂપ વિશેષણ આપ્યું એમાં સંસ્કારશેષથી ભવોપગ્રાહી કર્માશરૂપ સંસ્કારનું ગ્રહણ :

અસંપ્રજ્ઞાતસમાધિનું પ્રસ્તુત પાતંજલસૂત્ર ૧-૧૮માં જ લક્ષણ કરેલ છે ત્યાં અસંપ્રજ્ઞાતસમાધિને સંસ્કારશેષરૂપ કહેલ છે અને કેવલજ્ઞાન વખતે અસંપ્રજ્ઞાતસમાધિ થાય છે, તેથી મતિજ્ઞાનના સંસ્કારો ત્યાં સંભવે નહીં માટે ભવોપગ્રાહીકર્માશરૂપ સંસ્કારની અપેક્ષાએ સૂત્રનું વ્યાખ્યાન કરવું એમ પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, કેવલજ્ઞાન વખતે ભવોપગ્રાહી કર્મો વિદ્યમાન છે અને તેનાથી કેવલીનો કાયિક, વાચિકવ્યાપાર વર્તે છે તે ભવોપગ્રાહી કર્મો તે પ્રવૃત્તિના કારણીભૂત સંસ્કારરૂપ છે.

અવતરણિકા :

तदेवं योगस्य स्वरूपं भेदं संक्षेपेणोपायं चाभिधाय विस्तरेणोपायं योगाभ्यासप्रदर्शनपूर्वकं वक्तुमुपक्रमते –

અવતરણિકાર્થ :

આ પ્રકારે=પૂર્વમાં કહ્યું એ પ્રકારે, યોગના સ્વરૂપને, ભેદને અને સંક્ષેપથી ઉપાયને કહીને યોગના અભ્યાસના પ્રદર્શન દ્વારા વિસ્તારથી ઉપાયને=યોગના ઉપાયને, કહેવા માટે પ્રારંભ કરે છે –

ભાવાર્થ :

પૂર્વમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાતસમાધિરૂપ બે પ્રકારે યોગનું સ્વરૂપ બતાવ્યું અને સંપ્રજ્ઞાતસમાધિમાં સાનંદસમાધિ બતાવી તેમાં યોગીઓ દેહ પ્રત્યેના અહંકાર વગરના હોય છે, તેથી તે યોગીઓને વિદેહ કહેવાય છે અને સાસ્મિતસમાધિમાં પ્રકૃતિમાં લય પામેલા યોગીઓ હોય છે. આ વિદેહ અને પ્રકૃતિલય યોગીઓને યોગની પ્રાપ્તિ પ્રત્યે ભવ=સંસાર કારણ છે, તેથી તેઓને ભવપ્રત્યય સમાધિ છે તે બતાવે છે –

સૂત્ર :

भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ॥१-१९॥

સૂત્રાર્થ :

વિદેહ અને પ્રકૃતિલયોને ભવપ્રત્યય સમાધિ છે. ॥૧-૧૯॥

ટીકા :

'भवेति'-विदेहाः प्रकृतिलयाश्च वितर्कादिभूमिकासूत्रे व्याख्याताः, तेषां समाधिर्भवप्रत्ययः, भवः संसारः स एव प्रत्ययः कारणं यस्य स भवप्रत्ययः । अयमर्थः-आविर्भूत एव संसारे ते तथाविधसमाधिभाजो भवन्ति, तेषां परतत्त्वादर्शनाद्योगाभासोऽयम्, अतः परतत्त्वज्ञाने तद्भावनायां च मुक्तिकामेन महान् यत्नो विधेय इत्येतदर्थमुपदिष्टम् ॥१-१९॥

ટીકાર્થ :

विदेहाः ..... उपदिष्टम् ॥ વિદેહ=દેહમાં, અહંકાર વગરના અને પ્રકૃતિલય=પ્રકૃતિમાં લય પામેલા, વિતર્કાદિભૂમિકાસૂત્રમાં=સૂત્ર ૧-૧૭માં વ્યાખ્યાન કરાયા, તેઓને=વિદેહવાળા અને પ્રકૃતિમાં લય પામેલા જીવોને, ભવપ્રત્યય સમાધિ છે. ભવ=સંસાર તે જ પ્રત્યય=ભવ જ કારણ છે જેને તે ભવપ્રત્યય.

આ અર્થ છે=સૂત્રનો આ અર્થ છે – આવિર્ભૂત જ સંસાર હોતે છતે તેઓ=વિદેહ અને પ્રકૃતિલય જીવો, તેવા પ્રકારની સમાધિવાળા થાય છે=દેહમાં અહંકાર વગરના અને પ્રકૃતિમાં લય પામેલા એવા પ્રકારની સમાધિવાળા થાય છે. તેઓને=વિદેહને અને પ્રકૃતિલયોને, પરતત્ત્વનું અદર્શન હોવાથી આ યોગાભાસ છે=તેઓને આ સમાધિ યોગ નથી પરંતુ યોગાભાસ છે. આથી જ પરતત્ત્વના જ્ઞાનમાં અને તેની ભાવનામાં=પરતત્ત્વના સ્વરૂપની ભાવનમાં, મુક્તિની કામનાવાળા પુરુષે મહાયત્ન કરવો જોઈએ એ પ્રકારના આ અર્થને બતાવવા માટે પ્રસ્તુત સૂત્ર ૧-૧૯ ઉપદિષ્ટ=કહેવાયેલું છે. ॥૧-૧૯॥

ભાવાર્થ :

વિદેહ અને પ્રકૃતિલય જીવોને ભવપ્રત્યયસમાધિ :

સૂત્ર ૧-૧૭માં સંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ બતાવ્યું અને તેમાં રાજમાર્તંડકારે કહ્યું કે, કેટલાક યોગીઓ સાનંદસમાધિમાં હોય છે, તેમને દેહનો અહંકાર હોતો નથી, તેથી તેઓ 'વિદેહ' કહેવાય છે, અને કેટલાક યોગીઓ સાસ્મિતસમાધિમાં હોય છે તેઓ પ્રકૃતિમાં લય પામેલા હોય છે, તેથી પ્રકૃતિલય કહેવાય છે.

આ વિદેહ અને પ્રકૃતિલય જીવોને સમાધિ ભવપ્રત્યય છે=તેઓને સમાધિમાં ભવ=સંસાર કારણ છે અને જે સમાધિનું કારણ ભવ છે તે ભવપ્રત્યયસમાધિ કહેવાય છે અને ભવપ્રત્યય જેમને સમાધિ છે તેમને પરતત્ત્વના દર્શનનો યોગ નથી માટે તેઓની સમાધિ યોગભાસ છે અને તેવી સમાધિ મોક્ષનું કારણ બનતી નથી. આથી મુક્તિની કામનાવાળા યોગીએ પરતત્ત્વનું જ્ઞાન અને પરતત્ત્વની ભાવનામાં મહાન યત્ન કરવો જોઈએ, તેથી યોગભાસરૂપ સમાધિ પ્રાપ્ત થાય નહીં પરંતુ મોક્ષનું કારણ બને તેવી સમાધિ પ્રાપ્ત થાય. **॥૧-૧૯॥**

સૂત્ર-૧-૧૯ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

प्रकृतं प्रस्तूयते - પ્રકૃતને પ્રસ્તુત કરે છે=વિદેહ અને પ્રકૃતિલય જીવોને ભવપ્રત્યય સમાધિ છે તેને કહે છે.

[य.] व्याख्या-उपशान्तमोहत्वेनोक्तानां लवसप्तमानां ज्ञानयोगरूपसमाधिमधिकृत्येदं प्रवृत्तम्, एतदस्मन्मतम् ॥

અર્થ :

उपशान्त ..... अस्मन्मतम् ॥ ઉપશાંતમોહપણાથી કહેવાયેલા એવા લવસપ્તમોની જ્ઞાનયોગરૂપ સમાધિને આશ્રયીને આ સૂત્ર=પાતંજલયોગસૂત્ર ૧-૧૯ પ્રવૃત્ત છે. એ પ્રકારનો અમારો=જૈનદર્શનકારોનો મત છે.

ભાવાર્થ :

લવસપ્તમદેવોને આશ્રયીને ભવપ્રત્યયસમાધિને કહેનારું પાતંજલયોગસૂત્ર ૧-૧૯નું કથન :

ઉપશમશ્રેણિ ઉપર ચડેલા અને ઉપશમશ્રેણિમાં કાળ કરીને જે અનુત્તર દેવભવમાં જાય છે તેવા દેવોને લવસપ્તમદેવો કહેવાય છે અને તેઓ અવિરતિના ઉદયવાળા હોવા છતાં ઉપશમશ્રેણિમાં ઉપશાંતભાવવાળા હોવાથી દેવભવમાં પણ તેમને મોહનો પરિણામ અતિ ઉપશાંતભાવવાળો છે, તેથી અવિરતિના ઉદયથી પાંચેય ઇન્દ્રિયોને આહ્લાદ કરનારા વિષયોમાં પ્રવૃત્ત હોવા છતાં તેમનું ચિત્ત પ્રધાનરૂપે શ્રુતજ્ઞાનના તત્ત્વચિંતનમાં પ્રવૃત્ત છે, તેથી તેઓને જ્ઞાનયોગરૂપ સમાધિ છે અને તેવા સમાધિવાળા દેવોને આશ્રયીને ભવપ્રત્યયસમાધિને કહેનારું પાતંજલયોગસૂત્ર ૧-૧૯ છે.

અવતરણિકા :

तदन्येषां तु –

અવતરણિકાર્થ :

સૂત્ર ૧-૧૭માં સંપ્રજ્ઞાતસમાધિનું વર્ણન કર્યું, ત્યારપછી વિદેહ અને પ્રકૃતિલય યોગીઓને ભવપ્રત્યય સમાધિ છે. તે સૂત્ર ૧-૧૯માં કહ્યું. હવે તે સિવાયના મોક્ષ માટે ઉદ્યમ કરતાં યોગીઓને ઉપાયપ્રત્યય સમાધિ છે તે બતાવે છે અને તે ઉપાયો કયા છે તે બતાવે છે –

સૂત્ર :

श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ॥१-२०॥

સૂત્રાર્થ :

શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞાપૂર્વક ઇતરોને=વિદેહ અને પ્રકૃતલિયથી ઇતરયોગીઓને, સંપ્રજ્ઞાતસમાધિ હોય છે. ॥૧-૨૦॥

ટીકા :

'श्रद्धेति'-विदेहप्रकृतिलयव्यतिरिक्तानां योगिनां श्रद्धादिपूर्वकः श्रद्धादयः पूर्वे उपाया यस्य स श्रद्धादिपूर्वकः, ते च श्रद्धादयः क्रमादुपायोपेयभावेन प्रवर्तमानाः सम्प्रज्ञात-समाधेरूपायतां प्रतिपद्यन्ते, तत्र श्रद्धा योगविषये चेतसः प्रसादः, वीर्यमुत्साहः, स्मृतिरनु-भूतासम्प्रमोषः, समाधिरेकाग्रता, प्रज्ञा प्रज्ञातव्यविवेकः, तत्र श्रद्धावतो वीर्यं जायते= योगविषय उत्साहवान् भवति, सोत्साहस्य च पाश्चात्त्यासु भूमिषु स्मृतिरुत्पद्यते, तत्स्मरणाच्च चेतः समाधीयते, समाहितचित्तश्च भाव्यं सम्यग्विवेकेन जानाति, त एते सम्प्रज्ञात-समाधेरुपायाः, तस्याभ्यासात् पराच्च वैराग्याद्भवत्यसम्प्रज्ञातः ॥१-२०॥

ટીકાર્થ :

विदेहप्रकृतिलय ..... असम्प्रज्ञातः ॥ વિદેહ અને પ્રકૃતિલયથી વ્યતિરિક્ત=ભિન્ન એવા યોગીઓને, શ્રદ્ધાદિપૂર્વક આ સમાધિ થાય છે એમ અન્વય છે અને તે સ્પષ્ટ કરે છે – શ્રદ્ધાદિ પૂર્વમાં ઉપાયો છે જેને તે શ્રદ્ધાદિપૂર્વક, અને તે શ્રદ્ધાદિ ક્રમથી ઉપાય-ઉપેયભાવથી પ્રવર્તમાન=પ્રવર્તી રહેલા સંપ્રજ્ઞાતસમાધિની ઉપાયતાને પ્રાપ્ત કરે છે.

ત્યાં=શ્રદ્ધાદિ પાંચમાં, શ્રદ્ધા યોગવિષયમાં ચિત્તનો પ્રસાદ છે=યોગવિષયક ચિત્તની રુચિ છે, વીર્ય ઉત્સાહ છે=રુચિ અનુસાર ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ છે, સ્મૃતિ અનુભવાયેલાનો અસંપ્રમોષ=ઉત્સાહપૂર્વક કરાયેલી પ્રવૃત્તિથી જે જાતના ભાવોનો અનુભવ થયેલો છે તેની ઉપસ્થિતિ છે, સમાધિ એકાગ્રતા છે=ઉત્સાહપૂર્વક કરાતી યોગમાર્ગની પ્રવૃત્તિવિષયક બદ્ધચિત્તતા છે. પ્રજ્ઞા પ્રજ્ઞાતવ્યનો વિવેક છે=યોગમાર્ગની પ્રવત્તિથી ભાવ્ય એવા પદાર્થનો સૂક્ષ્મ બોધ છે.

ત્યાં=સંપ્રજ્ઞાતસમાધિવિષયક ઉદ્યમની પ્રવૃત્તિમાં, શ્રદ્ધાવાળા યોગીઓને વીર્ય ઉત્પન્ન થાય છે=યોગવિષયક ઉત્સાહવાળા થાય છે અને સોત્સાહવાળા એવા તે યોગીને પાશ્ચાત્ય ભૂમિમાં સ્મૃતિ ઉત્પન્ન થાય છે=પૂર્વમાં જે યોગનું સેવન કર્યું તેના વિષયમાં સ્મૃતિ થાય છે, અને તેના સ્મરણથી=પૂર્વમાં સેવાયેલા યોગમાર્ગના ભાવોના સ્મરણથી, ચિત્તમાં સમાધિ થાય છે, અને સમાહિતચિત્તવાળા એવા તે યોગી ભાવ્યને સમ્યગ્ વિવેકથી જાણે છે તેઓ=ઉપરમાં વર્ણન કર્યું તે શ્રદ્ધાદિ, સંપ્રજ્ઞાતસમાધિના ઉપાયો છે, તેના અભ્યાસથી=સંપ્રજ્ઞાતસમાધિના ઉપાયોના સેવનથી ઉત્પન્ન થયેલ સંપ્રજ્ઞાતસમાધિના અભ્યાસથી, અને પરવૈરાગ્યથી અસંપ્રજ્ઞાતસમાધિ થાય છે. ॥૧-૨૦॥

ભાવાર્થ :

વિદેહ અને પ્રકૃતિલય સિવાયના યોગીઓને શ્રદ્ધાદિ પાંચમાં યત્નથી સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિ :

વિદેહ અને પ્રકૃતિલયવાળા યોગીઓને ભવપ્રત્યય સંપ્રજ્ઞાતસમાધિ હોય છે અને તેનાથી અન્ય યોગીઓને શ્રદ્ધાદિ પાંચમાં કરાયેલા યત્નથી સંપ્રજ્ઞાતસમાધિ પ્રાપ્ત થાય છે, તેથી જે યોગીઓને સ્પષ્ટ નિર્ણય છે કે, આ યોગમાર્ગનું સેવન કરીને હું સંસારથી નિસ્તારને પામીશ તેઓને યોગમાર્ગવિષયક ચિત્તમાં પ્રીતિ વર્તે છે, અને તે પ્રીતિને કારણે તેઓને ઉત્સાહપૂર્વક યોગમાર્ગ સેવવાનો બદ્ધપરિણામ થાય છે અને તેવા યોગીઓ યોગમાર્ગમાં કઈ રીતે ઉચિત યત્ન કરવો જોઈએ તેનો સમ્યગ્ બોધ કરીને સ્વશક્તિને ગોપવ્યા વગર અત્યંત ઉત્સાહથી યત્ન કરે છે અને તેનાથી તેઓના આત્મા ભાવિત બને છે અને તે ભાવો દૃઢ સંસ્કારવાળા થવાથી તે ભાવોની ઉત્તરમાં સ્મૃતિ થાય છે અને ઉત્તરમાં તે ભાવોના સ્મરણના કારણે ચિત્ત અત્યંત શાંતરસને પ્રાપ્ત કરે છે, તેથી તેઓમાં સમાધિ વર્તે છે તેથી પોતાના યોગમાર્ગના પ્રયત્નવિષયક એકાગ્રતાપૂર્વક યત્નને કારણે પ્રજ્ઞાતવ્યનો= પ્રકર્ષથી જાણવા યોગ્યનો, વિવેક પ્રગટે છે અર્થાત્ યોગમાર્ગની પ્રવૃત્તિથી જે સૂક્ષ્મભાવો પોતાના આત્મામાં પ્રગટ કરવાના છે તે ભાવો વિષયક મર્મસ્પર્શી સૂક્ષ્મ પ્રજ્ઞા પ્રગટે છે, તેથી તે મહાત્માને સંપ્રજ્ઞાતસમાધિ પ્રાપ્ત છે અને જે મહાત્મા આ રીતે સંપ્રજ્ઞાતસમાધિમાં અભ્યાસ કરે છે અને તેના કારણે ગુણો પ્રત્યે પણ વૈતૃષ્ણ્યરૂપ પ્રકૃષ્ટ વૈરાગ્ય પ્રગટ થાય છે તેનાથી અસંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે અર્થાત્ જૈનદર્શનાનુસાર કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. **॥૧-૨૦॥**

અવતરણિકા :

उक्तोपायवतां योगिनामुपायभेदाद्भेदानाह –

અવતરણિકાર્થ :

કહેવાયેલા ઉપાયવાળા=સૂત્ર ૧-૨૦માં કહેવાયેલા શ્રદ્ધાદિ ઉપાયવાળા, યોગીઓના ઉપાયના ભેદથી ભેદોને=યોગીઓના ભેદોને, કહે છે=સૂત્ર ૧-૨૦માં સંપ્રજ્ઞાતસમાધિવાળા યોગીઓ કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું, હવે તેવા ઉપાયોને સેવનારા સંપ્રજ્ઞાતસમાધિવાળા યોગીઓના યોગમાર્ગના ઉપાયના સેવનના ભેદથી પ્રાપ્ત થતાં યોગીઓના ભેદોને કહે છે –

સૂત્ર :

तीव्रसंवेगानामासन्नः ॥१-२१॥

સૂત્રાર્થ :

તીવ્રસંવેગવાળા એવા યોગીઓને સમાધિભાવ આસન્ન છે. ॥૧-૨૧॥

ટીકા :

'तीव्र'-समाधिलाभ इति शेषः, संवेगः क्रियाहेतुर्दृढतरः संस्कारः, स तीव्रो येषामधिमात्रोपायानां तेषामासन्नः समाधिलाभ, समाधिफलं चाऽऽसन्नं भवति शीघ्रमेव सम्पद्यत इत्यर्थः ॥१-२१॥

ટીકાર્થ :

समाधिलाभ ..... शेषः, સૂત્રમાં 'समाधिलाभः' આ પ્રમાણે શેષ=અધ્યાહાર છે, તેથી તીવ્ર સંવેગવાળા એવા યોગીઓને સમાધિલાભ આસન્ન છે એ પ્રમાણે અન્વય છે.

તીવ્રસંવેગપદમાં રહેલા સંવેગનો અર્થ કહે છે –

संवेगः ..... इत्यर्थः ॥ ક્રિયાનો હેતુ=યોગમાર્ગવિષયક સમ્યક્ ક્રિયાનો હેતુ એવો દૃઢતર સંસ્કાર સંવેગ છે, તે=સંવેગ, તીવ્ર છે જેઓને એવા અધિમાત્ર ઉપાયવાળા તેઓને=યોગીઓને, સમાધિલાભ આસન્ન છે અર્થાત્ જે યોગીઓને તીવ્ર સંવેગ છે અને સમાધિના ઉપાયોનું અત્યંત સેવન કરે છે તેવા યોગીઓને સમાધિનો લાભ શીઘ્ર થાય છે, અને સમાધિનું ફળ આસન્ન થાય છે=શીઘ્ર જ સમાધિનું ફળ પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે અર્થ જાણવો. ॥૧-૨૧॥

ભાવાર્થ :

તીવ્રસંવેગવાળા યોગીઓને સંપ્રજ્ઞાતસમાધિના ફળરૂપ અસંપ્રજ્ઞાતસમાધિની શીઘ્ર પ્રાપ્તિનું કથન :

જે યોગીઓને તીવ્ર સંવેગ વર્તે છે તેમનામાં યોગમાર્ગની ક્રિયાઓ સમ્યગ્ નિષ્પન્ન કરવાને અનુકૂળ દૃઢ યત્ન થઈ શકે તેવા પ્રકારનો પરિણામ વર્તે છે, તે પરિણામ સંવેગ છે.

આવા સંવેગવાળા યોગીઓ સૂત્ર ૧-૨૦માં બતાવેલા સમાધિના શ્રદ્ધાદિ ઉપાયોને અતિશયથી સેવતા હોય ત્યારે તેમનામાં વર્તતા તીવ્ર સંવેગને કારણે અને શક્તિના પ્રકર્ષથી યોગમાર્ગના ઉપાયના સેવનને કારણે સમાધિની પ્રાપ્તિ થાય છે=સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિ થાય છે અને તે સંપ્રજ્ઞાતસમાધિ ઉત્તરોત્તર વૃદ્ધિને પામી અસંપ્રજ્ઞાતસમાધિનું કારણ બને છે, તેથી તેમને સંપ્રજ્ઞાતસમાધિના ફળરૂપ અસંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિ આસન્ન=શીઘ્ર, થાય છે. **॥૧-૨૧॥**

અવતરણિકા :

के ते तीव्रसंवेगा इत्यत आह –

અવતરણિકાર્થ :

સૂત્ર ૧-૨૧માં કહ્યું કે તીવ્રસંવેગવાળા યોગીઓને સમાધિનો લાભ શીઘ્ર થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે, તીવ્ર સંવેગવાળા એવા તે=યોગીઓ, કોણ છે ? તેથી કહે છે –

સૂત્ર :

मृदुमध्याधिमात्रत्वात् ततोऽपि विशेषः ॥१-२२॥

સૂત્રાર્થ :

મૃદુ, મધ્ય અને અધિમાત્રપણું હોવાથી અર્થાત્ સમાધિના ઉપાયના સેવનનું મૃદુ, મધ્ય અને અધિમાત્રપણું હોવાથી તેનાથી પણ=ઉપાયના ભેદથી પણ, વિશેષ છે અર્થાત્ તીવ્ર સંવેગવાળા યોગીઓનો પરસ્પર ભેદ છે. ॥૧-૨૨॥

ટીકા :

'मृदु इत्यादि'-तेभ्य उपायेभ्यो मृद्वादिभेदभिन्नेभ्यः उपायवतां विशेषो भवति, मृदुर्मध्योऽधिमात्र इत्युपायभेदाः, ते प्रत्येकं मृदुसंवेग मध्यसंवेग तीव्रसंवेगं भेदात् त्रिधा, तद्भेदेन च नव योगिनो भवन्ति, मृदुपायो मृदुसंवेगो मध्यसंवेगस्तीव्रसंवेगश्च, मध्योपायो मृदुसंवेगो मध्यसंवेगस्तीव्रसंवेगश्च, अधिमात्रोपायो मृदुसंवेगो मध्यसंवेगस्तीव्रसंवेगश्च, अधिमात्रोपाये तीव्रसंवेगे च महान् यत्नः कर्तव्य इति भेदोपदेशः ॥१-२२॥

ટીકાર્થ :

तेभ्य ..... भवति, तेनाथी=मृदु आदि भेदोथी भिन्न એવા ઉપાયોથી, ઉપાયવાળા એવા યોગીઓનો વિશેષ=પરસ્પર ભેદ, છે.

આ રીતે સૂત્રનો અર્થ કર્યા પછી તે મૃદુ આદિ ત્રણ ભેદો કયા છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

मृदु ..... भवन्ति, મૃદુ, મધ્ય અને અધિમાત્ર એ ઉપાયના ભેદો છે. તે=મૃદુ, મધ્ય અને અધિમાત્રરૂપ ઉપાયના ભેદો, પ્રત્યેક મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગના ભેદથી ત્રણ પ્રકારે છે અને તેના ભેદથી=મૃદુસંવેગાદિ ત્રણના ભેદથી, નવ યોગીઓ થાય છે અર્થાત્ નવ પ્રકારના યોગીઓ થાય છે.

કઈ રીતે નવ પ્રકારના યોગીઓ થાય છે તે સ્પષ્ટ કરે છે –

मृदुपायो ..... तीव्रसंवेगश्च; મૃદુઉપાયનું સેવન મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગ એમ ત્રણ ભેદો થાય છે.

મધ્યઉપાયનું સેવન મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગ એમ ત્રણ ભેદો થાય છે.

અધિમાત્ર ઉપાયનું સેવન મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંગેવ એમ ત્રણ ભેદો થાય છે. આ રીતે કુલ નવ ભેદો બતાવ્યા.

આ પ્રકારે નવ ભેદો બનાવ્યા પછી હવે યોગીએ શું કરવું જોઈએ તે કહે છે –

અધિમાત્રોપાયે ...ભેદોપદેશઃ ॥ અધિમાત્ર ઉપાયમાં અને તીવ્રસંવેગમાં મહાન યત્ન કરવો જોઈએ એ પ્રકારે ભેદોથી=નવ ભેદોના વર્ણનથી, ઉપદેશ છે. ॥૧-૨૨॥

ભાવાર્થ :

યોગીમાં વર્તતા મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગથી થતા મૃદુઉપાય, મધ્યઉપાય અને તીવ્રઉપાયના ભેદોથી નવ પ્રકારના યોગીનું સ્વરૂપ :

કોઈ યોગીને સંસારથી વિમુખભાવ થયો હોય છે અને મોક્ષની બલવાન ઇચ્છા થઈ હોય છે તેથી તેવા યોગીઓ મોક્ષને અનુકૂળ એવી ક્રિયાનું સેવન કરતા હોય છે અને તેવા યોગી સંપ્રજ્ઞાતસમાધિનાં ઉપાયોમાં યત્ન કરે છે ત્યારે સંવેગપૂર્વક સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિના ઉપાયોમાં યત્ન વર્તતો હોવાથી તે યોગી પોતાના સેવાયેલા ઉપાયોને અનુસાર સંપ્રજ્ઞાતસમાધિને પ્રાપ્ત કરીને ઉત્તરોત્તરની સંપ્રજ્ઞાતસમાધિને પ્રાપ્ત કરે છે અને અંતે અસંપ્રજ્ઞાતસમાધિને પ્રાપ્ત કરે છે. તેવા યોગીઓના કુલ નવ ભેદો પ્રાપ્ત થાય છે. તે નવ ભેદો મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગની સાથે મૃદુઉપાયના સેવનથી, મધ્યઉપાયના સેવનથી અને તીવ્રઉપાયના સેવનથી થાય છે.

મૃદુસંવેગનું સ્વરૂપ :

મૃદુસંવેગ એટલે સંસારના સ્વરૂપના પર્યાલોચનથી યોગમાર્ગને સેવવાનો અભિલાષ થયો હોય, આમ છતાં તે અભિલાષ ઉત્કૃષ્ટ કક્ષાનો ન હોય, તેથી નિમિત્તને પામીને ઉલ્લસિત થયેલો હોય ત્યારે તે પરિણામ મંદમાત્રામાં હોય છે તે મૃદુસંવેગ છે.

મધ્યસંવેગનું સ્વરૂપ :

મધ્યસંવેગ એટલે સંસારના સ્વરૂપના પર્યાલોચનથી મોક્ષના ઉપાયને સેવવા માટે થયેલો અભિલાષ કાંઈક વ્યક્ત હોય છે, તેથી વારંવાર તે અભિલાષ ઉલ્લસિત થયા કરે છે તોપણ તે અભિલાષ તીવ્રકક્ષાનો નહીં હોવાથી અસ્ખલિતપ્રવાહરૂપ વર્તતો નથી તે મધ્યમસંવેગ છે.

તીવ્રસંવેગનું સ્વરૂપ :

તીવ્રસંવેગ એટલે સંસારથી વિમુખભાવ થયેલો છે તેથી મોક્ષને અનુકૂળ યત્ન કરવાનો અભિલાષ થયેલો છે અને તે અભિલાષ તીવ્ર હોવાથી અસ્ખલિત રીતે તે પ્રકારના પરિણામનો પ્રવાહ દરેક ક્રિયાકાળમાં વર્તે છે, આથી જ તીવ્રસંવેગવાળા જીવો સંસારની પ્રવૃત્તિ કરતાં હોય ત્યારે પણ સંવેગનો પરિણામ જીવંત હોવાથી તેમની સંસારની પ્રવૃત્તિ સંવેગ સારા બને છે.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર મૃદુસંવેગ, મધ્યસંવેગ અને તીવ્રસંવેગનું સ્પષ્ટીકરણ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર સમ્યગ્દૃષ્ટિ જીવોને તીવ્રસંવેગ હોવાથી તેમની સંસારની પ્રવૃત્તિ સંવેગસારા હોવાથી સકંપપાપપ્રવૃત્તિ છે.

વળી યોગની દૃષ્ટિઓની અપેક્ષાએ વિચારીએ તો યોગની પ્રથમ બે દૃષ્ટિમાં મંદ બોધ હોય છે તેથી પ્રથમની બે દૃષ્ટિમાં મૃદુસંવેગ છે તેમ કહી શકાય, ત્રીજી અને ચોથી દૃષ્ટિમાં યોગમાર્ગમાં ગમન છે, તેથી ત્રીજી અને ચોથી દૃષ્ટિમાં મધ્યમસંવેગ છે તેમ કહી શકાય અને સમ્યગ્દૃષ્ટિ જીવોને તત્ત્વનો સ્પષ્ટ બોધ હોવાથી તીવ્રસંવેગ છે તેમ કહી શકાય.

સંવેગને આશ્રયીને જેમ મૃદુ, મધ્ય અને તીવ્ર ભેદ બતાવ્યા તેમ તે સંવેગવાળા જીવો યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે ત્યારે આત્મામાં યોગનિષ્પત્તિને અનુકૂળ જે ઉપાયો સેવે છે તે ઉપાયોના સેવનમાં પણ મૃદુ, મધ્ય અને અધિમાત્રરૂપ ત્રણ ત્રણ ભેદો પ્રાપ્ત થાય છે. તે આ રીતે –

(૧) **મૃદુસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન :** કેટલાક મૃદુસંવેગવાળા જીવો યોગમાર્ગવિષયક પ્રવૃત્તિ અલ્પ કરનારા હોય છે અને ક્યારેક જ તેઓ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે, પ્રધાનરૂપે સંસારની પ્રવૃત્તિ કરે છે તેઓ મૃદુઉપાયને સેવનારા છે.

(૨) **મૃદુસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન :** કેટલાંક મૃદુસંવેગવાળા જીવો જીવનમાં પ્રધાનરૂપે યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા હોય છે, આમ છતાં પ્રસંગે સંસારની પણ પ્રવૃત્તિ કરનારા હોય છે તેઓ મધ્યમઉપાયને સેવનારા છે.

(૩) **મૃદુસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન :** કેટલાક મૃદુસંવેગવાળા જીવો સર્વશક્તિથી યોગમાર્ગ ઉપાયોને સેવનારા હોય છે, તેથી અધિમાત્રામાં તે ઉપાયોને સેવનારા છે.

જેમ-જૈનદર્શનની પ્રક્રિયા મુજબ યોગની પહેલી, બીજી દૃષ્ટિને પામેલા કેટલાક જીવો સર્વવિરતિને ગ્રહણ કરીને સતત સદનુષ્ઠાનની ઉચિત ક્રિયાઓમાં રત રહે છે, તેઓ મંદસંવેગવાળા હોવા છતાં તીવ્રઉપાયને સેવનારા હોય છે.

(૪) **મધ્યસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન :** કેટલાક જીવોને મૃદુસંવેગવાળા જીવો કરતાં યોગમાર્ગ વિષયક વિવેકચક્ષુ અધિક ખુલેલી છે, તેથી તેઓને પરિણામને સ્પર્શે તેવી ક્રિયા પ્રત્યેનો બદ્ધરાગ છે તેઓ મધ્યમસંવેગવાળા છે, આમ છતાં તેઓ યોગમાર્ગના ઉપાયોનું અલ્પસેવન કરે છે; કેમ કે પ્રમાદ આપાદક કર્મોનું પ્રાચુર્ય તેમનામાં વર્તે છે, તોપણ તેઓ જે જે યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે તે કાંઈક પરિણામને સ્પર્શે તે પ્રકારના વિવેકપૂર્વક કરે છે, તેઓ મધ્યમસંવેગવાળા મૃદુઉપાયને સેવનારા છે.

(૫) **મધ્યસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન :** કેટલાક મધ્યમસંવેગવાળા જીવો પ્રધાનરૂપે યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે, આમ છતાં તેમનું ચિત્ત હજુ સંસારની પ્રવૃત્તિમાંથી વિરામ પામ્યું નથી; કેમ કે તેઓના પ્રમાદ આપાદક કર્મ કાંઈક બલવાન છે, આવા જીવો યોગમાર્ગની જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ

પ્રવૃત્તિ પ્રધાનરૂપે પરિણામને સામે રાખીને કરે છે; કેમ કે મધ્યમસંવેગને કારણે તેમને વિવેક પ્રગટેલો છે, આવા જીવો મધ્યમસંવેગવાળા મધ્યમઉપાયને સેવનારા છે.

(૬) **મધ્યસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન :** કેટલાક મધ્યમસંવેગવાળા જીવો સર્વશક્તિના પ્રકર્ષથી યોગમાર્ગના ઉપાયોને સેવનારા હોય છે, તેઓ મધ્યમસંવેગવાળા તીવ્રઉપાયને સેવનારા છે.

(૭) **તીવ્રસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન :** કેટલાક જીવો તીવ્ર સંવેગવાળા છે, તેથી સતત સંવેગના પરિણામપૂર્વક સંસારની કે યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે. તેમના વિવેકચક્ષુ અત્યંત સ્પષ્ટ ખુલેલા છે. તેથી તેમનામાં વર્તતો સંવેગનો પરિણામ કોઈ પણ પ્રવૃત્તિમાં હણાતો નથી, આમ છતાં તેવા પણ જીવોમાં યોગમાર્ગની પ્રવૃત્તિમાં પ્રમાદ આપાદક કર્મો બલવાન હોય તો યોગમાર્ગની પ્રવૃત્તિ અલ્પમાત્રામાં થાય છે, તેઓ તીવ્રસંવેગવાળા મૃદુઉપાયને સેવનારા છે.

જેમ-જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો ભગવદ્ભક્તિ વગેરે અલ્પ અનુષ્ઠાનોનું સેવન કરે છે, તેઓ તીવ્રસંવેગપૂર્વક મૃદુઉપાયને સેવનારા છે.


(૮) **તીવ્રસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન :** કેટલાક જીવો તીવ્રસંવેગવાળા છે, તેઓ પ્રધાનરૂપે યોગમાર્ગના ઉપાયોને સેવે છે, આમ છતાં પ્રસંગે પ્રસંગે સંસારની પ્રવૃત્તિ પણ કરે છે; કેમ કે તેમના પ્રમાદ આપાદક કર્મ કાંઈક બલવાન છે. આવા જીવોમાં વર્તતો સંવેગનો પરિણામ સર્વ પ્રવૃત્તિમાં અસ્ખલિત વર્તતો હોવા છતાં સંસારની પ્રવૃત્તિ કરે છે ત્યારે તીવ્રસંવેગને કારણે તે સંસારની પ્રવૃત્તિ શિથિલમૂળવાળી બને છે અને યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે તે તીવ્રસંવેગને કારણે અત્યંત વિવેકવાળી હોય છે, તેથી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ પ્રયત્નથી સંવલિત ક્રિયાઓ થાય છે તેવા જીવો તીવ્રસંવેગપૂર્વક મધ્યમઉપાયને સેવનારા છે.

જેમ-જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર ઉત્તરોત્તર દેશવિરતિને માટે ઉદ્યમ કરનારા વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવોને તીવ્રસંવેગ હોય છે અને મધ્યમઉપાયનું સેવન છે.

(૯) **તીવ્રસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન :** કેટલાક જીવોમાં તીવ્રસંવેગ વર્તતો હોય છે, તેથી તત્ત્વને જોવાની નિર્મળપ્રજ્ઞા અસ્ખલિત હોય છે અને શક્તિના પ્રકર્ષથી યોગમાર્ગને તેઓ સેવનારા હોય છે, તેઓમાં પ્રતિદિન અસ્ખલિત યોગમાર્ગની પ્રવૃત્તિ તીવ્રસંવેગથી નિયંત્રિત હોવાના કારણે ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ કરીને સંસારના ઉચ્છેદનું અત્યંત કારણ બને છે, તેવા જીવો તીવ્ર-સંવેગપૂર્વક તીવ્રઉપાયને સેવનારા છે.

જેમ-જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર સંયમમાં અત્યંત અપ્રમાદી એવા ચારિત્રસંપન્ન યોગીઓ તીવ્રસંવેગથી અત્યંત જિનવચનથી નિયંત્રિત સર્વક્રિયાઓ કરે છે તેમનામાં તીવ્રસંવેગ છે અને અધિમાત્રનું=તીવ્રઉપાયનું, સેવન છે.

યોગીમાં વર્તતા ત્રણ પ્રકારના યોગમાર્ગના ઉપાયોનું ત્રણ પ્રકારના સંવેગપૂર્વક સેવનથી યોગીના નવપ્રકારના ભેદો



સારાંશ :

(૧) મૃદુસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન
(૨) મૃદુસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન
(૩) મૃદુસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન
(૪) મધ્યસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન
(૫) મધ્યસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન
(૬) મધ્યસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન
(૭) તીવ્રસંવેગપૂર્વક મૃદુઉપાયનું સેવન
(૮) તીવ્રસંવેગપૂર્વક મધ્યઉપાયનું સેવન
(૯) તીવ્રસંવેગપૂર્વક તીવ્રઉપાયનું સેવન. **॥૧-૨૨॥**

અવતરણિકા :

इदानीमेतदुपायविलक्षणं सुगममुपायान्तरमाह –

અવતરણિકાર્થ :

હવે આ ઉપાયોથી વિલક્ષણ=સૂત્ર ૧-૨૦માં સમાધિના ઉપાયો કહ્યાં તે ઉપાયોથી વિલક્ષણ, સરળ અન્યે ઉપાયને બતાવતા કહે છે –

ભાવાર્થ :

પાતંજલસૂત્ર ૧-૨૦માં સમાધિની પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા. ત્યારપછી સૂત્ર ૧-૨૧માં કહ્યું કે તીવ્રસંવેગવાળા જીવોને સમાધિનો લાભ શીઘ્ર થાય છે અને ત્યારપછી સૂત્ર ૧-૨૨માં તે તીવ્રસંવેગો

આદિનું સ્વરૂપ અને તેના સેવનથી થતાં યોગીઓના પ્રકારો બતાવ્યા. હવે તે ઉપાયોથી જુદી અન્ય સમાધિ પ્રાપ્તિના સરળ ઉપાયને પાતંજલસૂત્રકાર બતાવે છે –

સૂત્ર :

ईश्वरप्रणिधानाद् वा ॥१-२३॥

સૂત્રાર્થ :

અથવા ઈશ્વરના પ્રાણિધાનથી સમાધિનો લાભ થાય છે. ॥૧-૨૩॥

ટીકા :

'ईश्वरेति'-ईश्वरो वक्ष्यमाणलक्षणः, तत्र प्रणिधानं=भक्तिविशेषो विशिष्टमुपासनं सर्वक्रियाणां तत्रार्पणां विषयसुखादिकं फलमनिच्छन् सर्वाः क्रियास्तस्मिन्परमगुरावर्पयति तत्प्रणिधानं समाधेस्तत्फललाभस्य च प्रकृष्ट उपायः ॥१-२३॥

ટીકાર્થ :

ईश्वरो ..... उपायः ॥ ઈશ્વર સૂત્ર ૧-૨૪માં કહેવાશે તેવા સ્વરૂપવાળા છે, તેમાં=ઈશ્વરમાં, પ્રણિધાન એટલે ભક્તિવિશેષ વિશિષ્ટ ઉપાસન=સર્વ ક્રિયાઓની તેમાં=ઈશ્વરમાં, અર્પણને કરે છે, એ પ્રણિધાન છે એમ અન્વય છે.

તે પ્રણિધાન સ્પષ્ટ કરે છે –

વિષય સુખાદિ ફળને નહિ ઇચ્છતા એવા યોગી સર્વ ક્રિયાઓને અર્થાત્ પોતે જે કોઈ પણ યોગમાર્ગના અનુષ્ઠાનો સેવે છે તે સર્વ ક્રિયાઓને, પરમગુરુ એવા તેમાં=ઈશ્વરમાં, અર્પણ કરે છે, તે પ્રણિધાન સમાધિનો અને તેના ફળલાભનો=સમાધિની ફળપ્રાપ્તિનો, પ્રકૃષ્ટ ઉપાય છે. ॥૧-૨૩॥

ભાવાર્થ :

પાતંજલમતાનુસાર ઈશ્વરના પ્રણિધાનથી સમાધિની પ્રાપ્તિ અને ઈશ્વર પ્રણિધાનનું સ્વરૂપ :

પાતંજલમતાનુસાર ઈશ્વરના પ્રણિધાનથી સમાધિનો લાભ થાય છે. ઈશ્વર પ્રણિધાનનો અર્થ સ્પષ્ટ કરતાં રાજમાર્તંડ ટીકાકાર કહે છે –

ઈશ્વરમાં ભક્તિવિશેષ છે તે ઈશ્વરમાં પ્રણિધાન છે.

અહીં પ્રશ્ન થાય કે, ઈશ્વરમાં ભક્તિવિશેષ શું છે ? તેથી કહે છે –

વિશેષ પ્રકારનું ઈશ્વરનું ઉપાસન એ ઈશ્વરમાં ભક્તિવિશેષ છે.

અહીં પ્રશ્ન થાય કે, કઈ રીતે વિશેષ પ્રકારે ઈશ્વરનું ઉપાસન થઈ શકે ? તેથી કહે છે –

યોગી જે કાંઈ યોગમાર્ગની ક્રિયાઓ કરે છે તે સર્વક્રિયાઓ ઈશ્વરને અર્પણ કરે છે તે ઈશ્વરનું વિશેષ ઉપાસન છે.

અહીં પ્રશ્ન થાય કે, કઈ રીતે સર્વક્રિયાઓનું ઈશ્વરને અર્પણ થઈ શકે ? તેથી કહે છે –

યોગી જે કાંઈ યોગવિયક અનુષ્ઠાનો સેવે છે, તેના ફળરૂપે વિષયસુખાદિની ઇચ્છા કરતાં નથી પરંતુ પોતાની તે સર્વક્રિયાઓ પરમગુરુ એવા ઈશ્વરને અર્પણ કરે છે તે ઈશ્વરની વિશેષ ઉપાસના છે. આ પ્રકારે વિશેષ ઉપાસનારૂપ ઈશ્વરનું પ્રણિધાન સંપ્રજ્ઞાતસમાધિ અને તેના ફળરૂપ અસંપ્રજ્ઞાત-સમાધિના લાભનો પ્રકૃષ્ટ=શ્રેષ્ઠ, ઉપાય છે.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર ઈશ્વરપ્રણિધાનની વિચારણા :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે વિચારીએ તો જે સાધક મહાત્માઓ સર્વક્રિયાઓ વીતરાગના વચનના સ્મરણપૂર્વક વીતરાગના વચનથી નિયંત્રિત થઈને જે તાત્પર્યથી જે ક્રિયાઓ કરવાની ભગવાનની આજ્ઞા છે તે તાત્પર્યમાં બદ્ધચિત્તવાળા થઈને યત્ન કરે છે, તેઓને તે ક્રિયાઓમાં વિષયસુખાદિ ફળની ઇચ્છા નથી, પરંતુ વીતરાગના વચનોને સેવીને એકમાત્ર વીતરાગ થવાની આકાંક્ષા છે, એટલું જ નહિ પણ જે સાધક મહાત્માઓ વીતરાગભાવને અનુકૂળ એવી અસંગશક્તિ ઉલ્લસિત થાય તે રીતે ક્રિયાઓને સેવે છે તે સર્વક્રિયાઓ ઈશ્વરના પ્રણિધાનવાળી છે; કેમ કે વીતરાગતુલ્ય થવાનો દૃઢ યત્ન છે જે ઈશ્વરપ્રણિધાન સંપ્રજ્ઞાતસમાધિના લાભનું પ્રબળ કારણ છે અને સંપ્રજ્ઞાતસમાધિના ફળરૂપ કેવલજ્ઞાનનું પ્રબળ કારણ છે. **॥૧-૨૩॥**

અવતરણિકા :

ईश्वरस्य प्रणिधानात् समाधिलाभ इत्युक्तं, तत्रेश्वरस्य स्वरूपं प्रमाणं प्रभावं वाचक-मुपासनाक्रमं तत्फलञ्च क्रमेण वक्तुमाह –

અવતરણિકાર્થ :

સૂત્ર ૧-૨૩માં કહ્યું કે, ઈશ્વરના પ્રણિધાનથી સમાધિનો લાભ થાય છે. ત્યાં=ઈશ્વરપ્રણિધાનમાં કહેલ, ઈશ્વરનું સ્વરૂપ, ઈશ્વરને સ્વીકારવામાં પ્રમાણ, ઈશ્વરનો પ્રભાવ, ઈશ્વરનું વાચક એવું બીજ, ઈશ્વરની ઉપાસનાનો ક્રમ અને તેનું ફળ=ઈશ્વરની ઉપાસનાનું ફળ, ક્રમપૂર્વક કહેવા માટે સૂત્ર ૧-૨૪ થી ૧-૨૯ સુધી બતાવે છે –

સૂત્ર :

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥१-२४॥

સૂત્રાર્થ :

ક્લેશ, કર્મ, વિપાક=કર્મનો વિપાક અને આશયથી અપરામૃષ્ટ=ત્રણે કાળમાં નહિ સ્પર્શાયેલા એવા પુરુષવિશેષ ઈશ્વર છે. ॥૧-૨૪॥

ટીકા :

'क्लेशेति'-क्लिश्नन्तीति क्लेशा अविद्यादयो वक्ष्यमाणाः, विहितप्रतिषिद्धव्यामिश्ररूपाणि कर्माणि, विपच्यन्त इति विपाकाः कर्मफलानि जात्यायुर्भोगाः, आ फलविपाकाच्चित्तभूमौ शेरत इत्याशया वासनाख्याः संस्कारास्तैरपरामृष्टस्त्रिष्वपि कालेषु न संस्पृष्टः पुरुषविशेषः, अन्येभ्यः पुरुषेभ्यो विशिष्यत इति विशेषः, ईश्वर ईशनशील इच्छामात्रेण सकलजगदुद्धरणक्षमः, यद्यपि सर्वेषामात्मनां क्लेशादिस्पर्शो नास्ति तथाऽपि चित्तगत्तस्तेषामुपदिश्यन्ते, यथा योद्धृगतौ जयपराजयौ स्वामिनः, अस्य तु त्रिष्वपि कालेषु तथाविधोऽपि क्लेशादिपरामर्शो नास्ति, अतः स विलक्षण एव भगवानीश्वरः, तस्य च तथाविधमैश्वर्यमनादेः सत्त्वोत्कर्षात्, सत्त्वोत्कर्षश्चास्य प्रकृष्टज्ञानादेव, न चानयोर्ज्ञानैश्वर्ययोरितरेतराश्रयत्वं, परस्परानपेक्षत्वात्, ते द्वे ज्ञानैश्वर्ये ईश्वरसत्त्वे वर्तमाने अनादिभूते, तेन च तथाविधेन सत्त्वेन तस्यानादिरेव संबन्धः, प्रकृतिपुरुषसंयोगवियोगयोरीश्वरेच्छाव्यतिरेकेणानुपपत्तेः, यथेतरेषां प्राणिनां सुखदुःखमोहात्मकतया परिणतं चित्तं निर्मले सात्त्विके धर्मानुप्रख्ये प्रतिसङ्क्रान्तं चिच्छायासङ्क्रान्ते संवेद्यं भवति नैवमीश्वरस्य, तस्य केवल एव सात्त्विकः परिणाम उत्कर्षवाननादिसम्बन्धेन भोग्यतया व्यवस्थितः, अतः पुरुषान्तरविलक्षणतया स एवेश्वरः, मुक्तात्मनां तु पुनः क्लेशादियोगस्तैस्तैः शास्त्रोक्तैरुपायैर्निवर्तितः, अस्य पुनः सर्वदैव तथाविधत्वान्न मुक्तात्मतुल्यत्वम्, न चेश्वराणामनेकत्वं, तेषां तुल्यत्वे भिन्नाभिप्रायत्वात् कार्यस्यैवानुपपत्तेः, उत्कर्षापकर्षयुक्तत्वे य एवोत्कृष्टः स एवेश्वरस्तत्रैव काष्ठाप्राप्तत्वादैश्वर्यस्य ॥१-२४॥

ટીકાર્થ :

क्लिश्नन्तीति ..... उद्धरणक्षमः, જે ક્લેશ કરાવે તે ક્લેશો અવિદ્યા વગેરે આગળમાં કહેવાનારા સ્વરૂપવાળા, વિહિત=શાસ્ત્રમાં વિધાન કરાયેલા, પ્રતિષિદ્ધ=શાસ્ત્રમાં નિષેધ કરાયેલા, વ્યામિશ્રરૂપ=વિહિત અને પ્રતિષિદ્ધથી મિશ્રરૂપ, કર્મો=કૃત્યો, વિપાકને પામે છે તે વિપાકો=જાતિ, આયુષ્ય અને ભોગરૂપ કર્મના ફળો, કર્મના વિપાક સુધી ચિત્તભૂમિમાં રહે છે એ આશયો=વાસના નામના સંસ્કારો, એ ચારેથી=ક્લેશ, કર્મો, કર્મના વિપાકો અને આશયો આ ચારેથી અપરામૃષ્ટ=ત્રણે પણ કાળમાં સ્પર્શ નહિ પામેલો, પુરુષવિશેષ છે=અન્ય પુરુષોથી વિશેષ કરાય છે એ વિશેષ છે, એવો પુરુષવિશેષ, ઈશ્વર=ઈશનશીલ=ઇચ્છા માત્રથી સકલજગતને ઉદ્ધાર કરવા માટે સમર્થ છે.

આ રીતે સૂત્રનો અર્થ કર્યા પછી શંકા કરીને તેનું સમાધાન રાજમાર્તંડ ટીકાકાર ટીકામાં કરે છે –

यद्यपि ..... परस्परानपेक्षत्वात्, જો કે, સર્વ આત્માઓને ક્લેશાદિનો સ્પર્શ નથી તોપણ ચિત્તગત ક્લેશાદિનો સ્પર્શ તેઓને=ઈશ્વરથી અન્ય આત્માઓને, છે એ પ્રમાણે કથન કરાય છે.

જે પ્રમાણે-યોદ્ધાગત=યોદ્ધામાં રહેલા, જય અને પરાજય સ્વામીના કહેવાય છે.

વળી આમને=ઈશ્વરને, ત્રણેય પણ કાળમાં તેવા પ્રકારનો પણ=ચિત્તગત ક્લેશો થાય તેવા પ્રકારનો પણ, ક્લેશાદિનો પરામર્શ=સ્પર્શ, નથી, આથી વિલક્ષણ જ તે ભગવાન ઈશ્વર છે અને તેમનું=ઈશ્વરનું, તેવા પ્રકારનું ઐશ્વર્ય છે અર્થાત્ પરતંત્રતાનો અભાવ હોવાને કારણે અણિમાદિ લબ્ધિરૂપ અપ્રતિઘ ઐશ્વર્ય છે; કેમ કે અનાદિથી સત્ત્વનો ઉત્કર્ષ છે અર્થાત્ ઈશ્વરના ચિત્તમાં સત્ત્વનો ઉત્કર્ષ છે.

ઈશ્વરમાં સત્ત્વનો ઉત્કર્ષ કેમ છે ? તેથી કહે છે –

એમને=ઈશ્વરને, પ્રકૃષ્ટ જ્ઞાન હોવાથી જ સત્ત્વનો ઉત્કર્ષ છે. આ જ્ઞાન અને ઐશ્વર્યનું ઇતરેતર આશ્રયપણું નથી; કેમ કે પરસ્પર અનપેક્ષપણું છે.

તે દ્વે ..... ઈશ્વરઃ, તે બંને=તે જ્ઞાન અને ઐશ્વર્ય બંને, ઈશ્વરના સત્ત્વમાં અનાદિભૂત=અનાદિકાળથી, રહેલા છે. તે કારણથી તેવા પ્રકારના સત્ત્વની સાથે અર્થાત્ અનાદિ જ્ઞાન અને ઐશ્વર્ય પોતાનામાં વર્તે છે તેવા પ્રકારના સત્ત્વની સાથે, તેમનો=ઈશ્વરનો, અનાદિ જ સંબંધ છે.

અહીં પ્રશ્ન થાય કે, તેવા પ્રકારના સત્ત્વની સાથે ઈશ્વરનો અનાદિનો સંબંધ છે કે સાદિ સંબંધ છે તે કેમ નક્કી થાય ? તેમાં હેતું કહે છે –

ઈશ્વરની ઇચ્છાના વ્યતિરેકથી=ઇચ્છાના અભાવથી પ્રકૃતિ અને પુરુષના સંયોગની અને વિયોગની અનુપપત્તિ=અસંગતિ છે. (તેથી સંસારી જીવોનો પ્રકૃતિ સાથેનો સંયોગ અને પ્રકૃતિ સાથેનો વિયોગ કરવામાં ઈશ્વરની ઇચ્છાને કારણ માનવું હોય તો તે કાર્ય કરવા માટે ઈશ્વરમાં તે કાર્યને અનુકૂળ જ્ઞાન અને ઐશ્વર્ય છે તેમ માનવું પડે અને તે અનાદિના હોય તો જ અનાદિકાળથી સંસારી જીવોને પ્રકૃતિ સાથેનો સંયોગ અને પ્રકૃતિનો વિયોગ થાય છે તે સંગત થાય.)

અન્ય સંસારી જીવો કરતાં ઈશ્વરનો ભેદ છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે પ્રમાણે ઈતરજીવોનો સુખ-દુઃખ મોહાત્મકપણાથી, પરિણત ચિત્ત, ધર્મ અને અનુપ્રખ્યા સ્વરૂપ=પ્રકાશ અર્થાત્ જ્ઞાનસ્વરૂપ નિર્મળ સાત્ત્વિકમાં પ્રતિસંક્રાંત થયેલું ચિત્છાયાસંક્રમ થયે છતે સંવેદ્ય થાય છે અર્થાત્ સંસારી જીવોને સુખ-દુઃખ-મોહાત્મકપણાથી પરિણત ચિત્ત સંવેદ્ય થાય છે, એ રીતે ઈશ્વરનું ચિત્ત સંવેદ્ય થતું નથી અર્થાત્ સંક્રમ પામતું નથી, તેમને=ઈશ્વરને, કેવલ સાત્ત્વિક પરિણામ ઉત્કર્ષવાળો અનાદિસંબંધથી ભોગ્યપણારૂપે વ્યવસ્થિત છે, આથી પુરુષાન્તરવિલક્ષણપણાથી= અન્યજીવો કરતા વિલક્ષણપણાથી, તે જ ઈશ્વર છે.

મુક્તાત્મના ..... ઐશ્વર્યસ્ય ॥ વળી ક્લેશાદિનો યોગ તે તે શાસ્ત્રોક્ત ઉપાયોથી મુક્ત આત્માઓનો નિવર્તન કરાયો છે. આમને=ઈશ્વરને વળી સદા જ તથાવિધપણું હોવાથી મુક્તાત્મતુલ્યપણું નથી અને ઈશ્વરનું અનેકપણું નથી; કેમ કે તેઓનું=ઈશ્વરનું, તુલ્યપણું હોતે છતે ભિન્નઅભિપ્રાયપણાથી કાર્યની જ અનુપપત્તિ=અસંગતિ, છે.

પૂર્વમાં કહ્યું કે, ઈશ્વરને અનેક માનવામાં આવે તો તે ઈશ્વરનો ભિન્ન અભિપ્રાય થાય તેથી કોઈ કાર્ય થઈ શકે નહીં તેના નિવારણ માટે કોઈ કહે કે, ઈશ્વર અનેક છે અને તેઓનો ભિન્ન અભિપ્રાય થાય તે વખતે જે ઉત્કર્ષવાળા હોય તે કાર્ય કહી શકે અને અપકર્ષવાળા હોય તે કાર્ય ન કરી શકે તેમ સ્વીકારીને અનેક ઈશ્વર સ્વીકારી શકાશે. તેના નિવારણ માટે કહે છે –

ઉત્કર્ષ-અપકર્ષયુક્તપણું હોતે છતે=અનેક ઈશ્વર સ્વીકારીને તેમનામાં ઉત્કર્ષ-અપકર્ષયુક્તપણું હોતે છતે, જે ઉત્કૃષ્ટ છે તે જ ઈશ્વર છે. અન્ય નહીં; કેમ કે તેમાં જ=ઉત્કર્ષવાળા ઈશ્વરમાં જ, ઐશ્વર્યનું કાષ્ઠાપ્રાપ્તપણું છે=પરાકાષ્ઠા છે. ॥૧-૨૪॥

❖ धर्मात्मप्रख्ये योगिशरीरे प्रतिसङ्क्रान्तम् પાઠ છે ત્યાં धर्मानुप्रख्ये प्रतिसङ्क्रान्तम् પાઠાંતર મળે છે તે સંગત જણાવવાથી અમે તે પાઠને લઈને અર્થ કરેલ છે.

ભાવાર્થ :

ક્લેશ, કર્મ, કર્મવિપાક અને આશયથી અસંબદ્ધ પુરુષવિશેષ ઈશ્વર :

ઈશ્વરનું સ્વરૂપ બતાવતાં પ્રસ્તુત સૂત્રમાં કહ્યું કે, ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી અપરામૃષ્ટ= નહિ સ્પર્શાયેલા એવા, ઈશ્વર છે. તેથી ક્લેશાદિનું સ્વરૂપ બતાવે છે –

ક્લેશોનું સ્વરૂપ :

જે આત્માને ક્લેશો કરાવે છે તે ક્લેશો કહેવાય છે અને અવિદ્યાદિ ક્લેશો છે તેનું સ્વરૂપ સ્વયં પાતંજલસૂત્રકાર ૨-૩માં બતાવવાનાં છે.

કર્મોનું સ્વરૂપ :

વિહિતક્રિયાઓ, પ્રતિષિદ્ધક્રિયાઓ અને વ્યામિશ્રરૂપ ક્રિયાઓ અર્થાત્ વિહિત અને નિષિદ્ધના મિશ્રણરૂપ ક્રિયાઓ તે કર્મ છે.

વિપાકોનું સ્વરૂપ :

પોતાના દ્વારા કરાયેલા કર્મના ફળરૂપ જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ વિપાકો છે.

આશયોનું સ્વરૂપ :

ફળના વિપાક સુધી ચિત્તભૂમિમાં જે રહે છે તે આશયો છે=ક્રિયાઓના વાસનારૂપ સંસ્કારો છે.

સંસારી જીવો આ ક્લેશ કર્મ, વિપાક અને આશયથી સ્પર્શાયેલા અર્થાત્ સંબદ્ધ છે અને ઈશ્વર ત્રણેય પણ કાળમાં ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી સ્પર્શાયેલો નથી અર્થાત્ અસંબદ્ધ છે માટે ઈશ્વર અન્ય પુરુષો કરતાં વિશેષ પુરુષ છે.

તેમને ઈશ્વર કેમ કહ્યા ? તેથી ઈશ્વરશબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

ઈશનશીલ સ્વભાવ છે=ઇચ્છામાત્રથી આખા જગતનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે માટે ઈશ્વર છે.

સાંખ્યદર્શન પ્રમાણે સંસારી જીવોનો આત્મા કૂટસ્થનિત્ય છે, તેથી સર્વ સંસારી જીવો ક્લેશાદિ સ્પર્શ વગરના છે અને તેમ સ્વીકારીએ તો ઈશ્વર ક્લેશાદિ સ્પર્શ વગરના છે તેમ કહી શકાય નહીં પરંતુ સર્વ સંસારી જીવો તુલ્ય ઈશ્વર છે તેમ પ્રાપ્ત થાય. તેથી કહે છે –

સંસારી જીવો કરતાં ત્રણે પણ કાળમાં ક્લેશાદિના સ્પર્શ વગરના ભગવાન ઈશ્વર :

જો કે સર્વ સંસારી જીવોને ક્લેશાદિનો સ્પર્શ નથી તોપણ સંસારી જીવોના ચિત્તગત ક્લેશો તેઓના=તે સંસારી પુરુષોના, છે તેમ કહેવાય છે અર્થાત્ ક્લેશ, કર્મ, વિપાક અને આશયનો ચિત્તની સાથે સંબંધ હોવાથી તે ચિત્તની સાથે સંબંદ્ધ પુરુષોમાં તે ચિત્તગત ક્લેશોનો સંબંધ ઉપચારથી છે તેમ કહેવાય છે.

જેમ-કોઈ રાજા યુદ્ધ ન કરે અને તેના સૈનિકો યુદ્ધ કરવા જાય અને તેઓ જય કે પરાજય પામે તો તે રાજા જીત્યો કે પરાજય પામ્યો તેમ કહેવાય છે. તે રીતે સંસારી જીવોના ચિત્તમાં વર્તતા ક્લેશાદિ ભાવો તે સંસારી પુરુષોના છે તેમ કહેવાય છે, તેથી સંસારી જીવો ક્લેશાદિ સ્પર્શ વગરના નથી. વળી ઈશ્વરને તો ત્રણે પણ કાળમાં સંસારી પુરુષો જેવો ક્લેશાદિનો સ્પર્શ નથી માટે સંસારી પુરુષો કરતાં વિલક્ષણ જ=વિશિષ્ટ સ્વરૂપવાળા જ, ભગવાન ઈશ્વર છે.

ઈશ્વરમાં પ્રકૃષ્ટ જ્ઞાન હોવાને કારણે અનાદિથી સત્ત્વનો ઉત્કર્ષ હોવાથી અણિમાદિ લબ્ધિઓ રૂપ અપ્રતિઘ ઐશ્વર્ય :

વળી ઈશ્વરનું તેવા પ્રકારનું ઐશ્વર્ય છે=અણિમા, ગરિમા વગેરે લબ્ધિઓવાળું અપ્રતિઘ ઐશ્વર્ય છે; કેમ કે અનાદિથી સત્ત્વનો ઉત્કર્ષ છે=રાજસી, તામસી અને સાત્ત્વિક પ્રકૃતિમાં ઈશ્વર સાથે જોડાયેલી સાત્ત્વિક પ્રકૃતિનો ઉત્કર્ષ છે.

અહીં પ્રશ્ન થાય કે, સંસારી જીવોને પણ રાજસી, તામસી અને સાત્ત્વિક પ્રકૃતિ સાથે સંબંધ હોવા છતાં સંસારી જીવોમાં સત્ત્વનો ઉત્કર્ષ નથી છતાં ઈશ્વરમાં સત્ત્વનો ઉત્કર્ષ કેમ છે ? તેથી કહે છે –

ઈશ્વરને પ્રકૃષ્ટ જ્ઞાન હોવાના કારણે તેમનામા સત્ત્વનો ઉત્કર્ષ છે.

ઈશ્વરના સત્ત્વમાં જ્ઞાન અને ઐશ્વર્ય અનાદિથી રહેલા હોવાને કારણે પરસ્પર અનપેક્ષ હોવાથી ઇતરેતરાશ્રયત્વ દોષની અપ્રાપ્તિ :

અહીં પ્રશ્ન થાય કે ઈશ્વરમાં પ્રકૃષ્ટ જ્ઞાન છે માટે અણિમાદિ લબ્ધિરૂપ ઐશ્વર્ય છે કે અણિમાદિ લબ્ધિરૂપ ઐશ્વર્ય છે માટે પ્રકૃષ્ટ જ્ઞાન છે, એ પ્રકારે પરસ્પર આશ્રયપણું પ્રાપ્ત થશે. તેના નિવારણ માટે કહે છે –

જ્ઞાન અને ઐશ્વર્યને પરસ્પર અપેક્ષા નથી. જો કે પ્રકૃષ્ટ જ્ઞાનને કારણે ઈશ્વરમાં સત્ત્વનો ઉત્કર્ષ છે અને અનાદિના સત્ત્વના ઉત્કર્ષને કારણે ઈશ્વરમાં ઐશ્વર્ય છે તોપણ પ્રકૃષ્ટ જ્ઞાન ઉત્કર્ષનું કારણ

નથી અને સત્ત્વનો ઉત્કર્ષ તથાવિધ ઐશ્વર્યનું કારણ નથી પરંતુ પ્રકૃષ્ટ જ્ઞાન સત્ત્વના ઉત્કર્ષનો અનુમાપક હેતુ છે, આથી જ ઈશ્વરમાં અનાદિથી પ્રકૃષ્ટ જ્ઞાન છે અને અનાદિથી તેવા પ્રકારનું ઐશ્વર્ય છે.

ઈશ્વરનું જ્ઞાન અને ઐશ્વર્ય પરસ્પર અપેક્ષાવાળા નથી તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઈશ્વરના સત્ત્વમાં અર્થાત્ સાત્ત્વિક ચિત્તમાં તે જ્ઞાન અને ઐશ્વર્ય બંને અનાદિભૂત વર્તે છે માટે તે બંનેની પરસ્પર અપેક્ષા નથી અને ઈશ્વરના સત્ત્વમાં જ્ઞાન અને ઐશ્વર્ય અનાદિથી રહેલા છે તે કારણથી ઈશ્વરમાં જેવો સત્ત્વનો ઉત્કર્ષ છે તેવા પ્રકારના સત્ત્વના ઉત્કર્ષની સાથે ઈશ્વરનો અનાદિનો સંબંધ છે.

પ્રકૃતિ અને પુરુષના સંયોગ અને વિયોગની ઈશ્વરની ઇચ્છા વગર અસંગતિ હોવાથી ઈશ્વરમાં અનાદિકાળથી સત્ત્વનો ઉત્કર્ષ :

અહીં પ્રશ્ન થાય કે, અનાદિકાળથી ઈશ્વરમાં સત્ત્વનો ઉત્કર્ષ વર્તે છે તેમ સ્વીકારવામાં પ્રમાણ શું ? તેમાં યુક્તિ આપે છે –

સંસારી જીવોનો પ્રકૃતિ સાથે સંયોગ છે અને સાધના કરીને તેઓ મુક્ત થાય છે ત્યારે પ્રકૃતિનો વિયોગ થાય છે તે સંયોગ અને વિયોગ ઈશ્વરની ઇચ્છા વગર થઈ શકે નહિ માટે અનાદિથી પુરુષોની સાથે પ્રકૃતિનો સંયોગ થાય છે અને પ્રકૃતિનો વિયોગ થાય છે તે કરવા માટે ઈશ્વરમાં તેવા પ્રકારનો અનાદિનો સત્ત્વનો ઉત્કર્ષ માનવો આવશ્યક છે.

ઈશ્વરમાં કેવલ ઉત્કર્ષવાળો સાત્ત્વિક પરિણામ અનાદિ સંબંધથી ભોગ્યપણારૂપે રહેલો હોવાથી અન્ય જીવો કરતાં ઈશ્વરની વિલક્ષણતા :

અન્ય જીવો કરતાં ઈશ્વર વિલક્ષણ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

સંસારી જીવોનું ચિત્ત સુખ, દુઃખ અને મોહાત્મક પરિણામોથી પરિણત હોય છે વળી ધર્મ અને પ્રકાશરૂપ નિર્મળ સાત્ત્વિક પરિણામમાં તે ચિત્ત પ્રતિસંક્રાંત થાય છે અને ચિત્છાયા=પુરુષની છાયા, તેમાં સંક્રાંત થાય ત્યારે તે ચિત્ત સંવેદ્ય બને છે અને ઈશ્વરને એ રીતે ચિત્ત સંવેદ્ય બનતું નથી; કેમ કે ઈશ્વરને કેવલ ઉત્કર્ષવાળો સાત્ત્વિક પરિણામ અનાદિ સંબંધપણાથી ભોગ્યપણારૂપે રહેલો છે, આથી જ અન્ય જીવો કરતાં ઈશ્વર વિલક્ષણ છે.

ઈશ્વર હંમેશા ક્લેશાદિ રહિત હોવાથી મુક્ત આત્મા કરતાં ઈશ્વરની વિલક્ષણતા :

વળી મુક્ત થયેલા જીવો કરતાં પણ ઈશ્વર વિલક્ષણ છે તે બતાવે છે –

સંસારી જીવો શાસ્ત્રોક્ત ઉપાયોને સેવીને ક્લેશ, કર્મ, વિપાક અને આશયનું નિવર્તન કરીને મુક્ત બને છે, પરંતુ અનાદિથી ક્લેશાદિના સંયોગ વગરના નથી. જ્યારે ઈશ્વર તો સદા જ ક્લેશાદિ ભાવો વગરના છે માટે ઈશ્વરનું મુક્તાત્મતુલ્યપણું નથી અર્થાત્ ઈશ્વર મુક્તાત્મા તુલ્ય નથી.

ઈશ્વરને અનેક સ્વીકારવામાં જગતના કાર્યોની અસંગતિ :

અહીં પ્રશ્ન થાય કે, ઈશ્વર અનેક સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

ઈશ્વર અનેક નથી; કેમ કે જો ઈશ્વર અનેક હોય અને બધા ઈશ્વર તુલ્ય=સમાન શક્તિવાળા હોય અને તે ઈશ્વરો ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા થાય તો જગતનું સર્જનાદિ કાર્યો ઈશ્વર કરે છે તે થઈ શકે નહીં.

ઉત્કર્ષ અને અપકર્ષયુક્તપણું સ્વીકારવામાં ઐશ્વર્યની પરાકાષ્ઠા હોવાથી જે ઉત્કૃષ્ટ છે તેમની જ ઈશ્વર તરીકે સિદ્ધિ :

અહીં પ્રશ્ન થાય કે, ઈશ્વર અનેક છે એમ સ્વીકારીએ અને તેઓમાં કેટલાક ઉત્કર્ષવાળા છે અને કેટલાક અપકર્ષવાળા છે, તેમાં જે ઉત્કર્ષવાળા છે તે જગતનું કાર્ય કરે છે તેમ સ્વીકારીએ તો ભિન્ન અભિપ્રાયવાળા પણ તે ઈશ્વરોથી કાર્યની અનુપપત્તિ=અસંગતિ થશે નહીં; કેમ કે જે ઉત્કર્ષવાળા છે તે ઈશ્વર કાર્ય કરી શકશે તેથી કહે છે –

ઈશ્વરને અનેક માનીને કાર્ય કરવા માટે તેમનામાં ઉત્કર્ષ અને અપકર્ષપણું સ્વીકારવામાં આવે તો જે ઉત્કૃષ્ટ છે તે જ ઈશ્વર છે; કેમ કે તે ઈશ્વરમાં જ ઐશ્વર્યનું કાષ્ઠાપ્રાપ્તપણું અર્થાત્ ઐશ્વર્યની પરાકાષ્ઠા છે. **॥૧-૨૪॥**

અવતરણિકા :

एवमीश्वरस्य स्वरूपमभिधाय प्रमाणमाह –

અવતરણિકાર્થ :

આ પ્રમાણે=સૂત્ર ૧-૨૪માં ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું એ પ્રમાણે ઈશ્વરનું સ્વરૂપ કહીને ઈશ્વરને સ્વીકારવામાં પ્રમાણ બતાવે છે –

સૂત્ર :

तत्र निरतिशयं सार्वज्ञ्यबीजम् ॥१-२५॥

સૂત્રાર્થ :

ત્યાં=ઈશ્વરમાં, નિરતિશય એવું સર્વજ્ઞત્વનું બીજ ઈશ્વરને સ્વીકારવામાં પ્રમાણ છે. ॥૧-૨૫॥

ટીકા :

'तत्रेति'-तस्मिन्=भगवति सर्वज्ञत्वस्य यद् बीजमतीतानागतादिग्रहणस्याल्पत्वं महत्त्वं च मूलत्वाद् बीजमिव बीजं तत्तत्र निरतिशयं काष्ठां प्राप्तम्, दृष्ट्वा ह्यल्पत्वमहत्त्वादीनां धर्माणां

सातिशयानां काष्ठाप्राप्तिः, यथा परमाणावल्पत्त्वस्याऽऽकाशे परममहत्त्वस्य, एवं ज्ञानादयोऽपि चित्तधर्मास्तारतम्येन परिदृश्यमानाः क्वचिन्निरतिशयतामासादयन्ति, यत्र चैते निरतिशयाः स ईश्वरः, यद्यपि सामान्यमात्रेऽनुमानस्य पर्यवसितत्वान्न विशेषावगतिः सम्भवति, तथाऽपि शास्त्रादस्य सर्वज्ञत्वादयो विशेषा अवगन्तव्याः, तस्य स्वप्रयोजनाभावे कथं प्रकृतिपुरुषयोः संयोगवियोगावापादयतीति नाऽऽशङ्कनीयं, तस्य कारुणिकत्वाद्भुतानुग्रह एव प्रयोजनम्, कल्पप्रलयमहाप्रलयेषु निःशेषान् संसारिण उद्धरिष्यामीति तस्याध्यवसायः, यद्यस्येष्टं तत्तस्य प्रयोजनम् ॥१-२५॥

टीकार्थ :

तस्मिन् ..... ईश्वरः, तेमां=भगवानमां, सर्वज्ञपणानुं जे बीज ते त्यां=ईश्वरमां, निरतिशय=काष्ठा प्राप्त छे अर्थात् पराकाष्ठाने पामेलुं छे. सर्वज्ञपणाना बीजने स्पष्ट करे छे. अतीत-अनागतादिना ग्रहणनुं अल्पत्व अने महत्त्व बीजना जेवुं बीज छे; केम के मूलपणुं छे.

સર્વજ્ઞપણાનું બીજ ઈશ્વરમાં કાષ્ઠાપ્રાપ્ત કેમ છે ? તે બતાવે છે –

सातिशय એવા અલ્પત્વ-મહત્ત્વાદિ ધર્મોની કાષ્ઠાપ્રાપ્તિ=પરાકાષ્ઠા, દેખાય છે.

જે પ્રમાણે-પરમાણુમાં અલ્પત્વની, આકાશમાં પરમમહત્ત્વની કાષ્ઠાપ્રાપ્તિ=પરાકાષ્ઠા, દેખાય છે.

એ રીતે જ્ઞાનાદિ પણ ચિત્તના ધર્મો તરતમપણાથી પરિદૃશ્યમાન=દેખાતા એવા, ક્યાંક=કોઈક પુરુષમાં, નિરતિશયતાને પ્રાપ્ત કરે છે અને જેમાં આ=જ્ઞાનાદિ ચિત્તધર્મો, નિરતિશય છે તે ઈશ્વર છે.

यद्यपि ..... प्रयोजनम् ॥ જો કે સામાન્યમાત્રમાં અનુમાનનું પર્યવસિતપણું હોવાથી વિશેષની અવગતિ=જ્ઞાન, સંભવતું નથી અર્થાત્ અનુમાન દ્વારા વિશેષનો બોધ થતો નથી. તોપણ શાસ્ત્રથી આના=ઈશ્વરના, સર્વજ્ઞત્વાદિ વિશેષો જાણવા.

તેનું=સર્વજ્ઞનું, સ્વપ્રયોજનના અભાવમાં કેવી રીતે પ્રકૃતિના અને પુરુષના સંયોગને અને વિયોગને આપાદન કરે છે=સંપન્ન કરે છે એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે ઈશ્વરનું કારુણિકપણું હોવાથી જીવોનો અનુગ્રહ જ પ્રયોજન છે.

ઈશ્વરનો કેવા પ્રકારનો અનુગ્રહ પ્રયોજન છે તે બતાવે છે –

કલ્પના પ્રલય અને મહાપ્રલયમાં 'સર્વ સંસારી જીવોનો હું ઉદ્ધાર કરીશ' એવા પ્રકારનો તેમનો=ઈશ્વરનો, અધ્યવસાય છે; કેમ કે જે જેને ઇષ્ટ હોય તે તેનું પ્રયોજન છે અર્થાત્ ઈશ્વરને સંસારી જીવોનો ઉદ્ધાર કરવો ઇષ્ટ છે, તેથી તે તેમનું=ઈશ્વરનું, પ્રયોજન છે. ॥૧-૨૫॥

ભાવાર્થ :

ઈશ્વરની સિદ્ધિમાં નિરતિશય સર્વજ્ઞપણાનું બીજ પ્રમાણ :

પાતંજલમતાનુસાર સંસારી જીવોને અતીત, અનાગત અને વર્તમાન પદાર્થોનો જે થોડો કે ઘણો બોધ થાય છે, તે બોધ ચિત્તનો સાત્ત્વિક પરિણામ છે અને તે સાત્ત્વિક પરિણામ સર્વજ્ઞપણાનું બીજ છે અને આવું બીજ પરાકાષ્ઠાને પ્રાપ્ત ઈશ્વરમાં છે તેથી ઈશ્વરની સિદ્ધિ થાય છે.

જ્ઞાનાદિચિત્તના ધર્મો પરાકાષ્ઠાને પામેલા જે પુરુષમાં છે તે પુરુષની ઈશ્વર તરીકે સિદ્ધિ :

કઈ રીતે સર્વજ્ઞપણાના બીજના બળથી ઈશ્વરની સિદ્ધિ થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે અલ્પત્વ, મહત્ત્વાદિરૂપ સાતિશય ધર્મો હોય તેઓની પરાકાષ્ઠાની પ્રાપ્તિ થાય છે. જેમ-પરમાણુમાં અલ્પત્વની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે અને આકાશમાં પરમમહત્ત્વરૂપ પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે. એ રીતે ચિત્તના જ્ઞાન, વૈરાગ્ય આદિ ધર્મો તરતમતાથી પ્રાપ્ત થાય છે માટે કોઈક ઠેકાણે તે ધર્મો નિરતિશયતાને પ્રાપ્ત કરે છે અને જે પુરુષમાં જ્ઞાનાદિ ચિત્તના ધર્મો પરાકાષ્ઠાને પામે છે તે પુરુષ ઈશ્વર છે.

આનાથી એ ફલિત થયું કે, સંપૂર્ણ જ્ઞાનના બીજભૂત એવું જ્ઞાન સંસારી જીવોનાં ચિત્તમાં વિદ્યમાન છે અને તેવું જ્ઞાન કોઈક ઠેકાણે પરાકાષ્ઠાને પામેલું છે અને જે પુરુષમાં પરાકાષ્ઠાને પામેલું જ્ઞાન સ્વીકારવામાં આવે તે પુરુષ ઈશ્વરરૂપે અભિમત છે માટે ઈશ્વરની સિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે, આ રીતે અનુમાન દ્વારા જ્ઞાનાદિ ધર્મોનો ઉત્કર્ષ કોઈક પુરુષમાં છે તેમ સ્થાપન કર્યું, પરંતુ અનુમાનથી હંમેશા સામાન્ય બોધ થાય છે. જેમ ધૂમને જોઈને અગ્નિનું અનુમાન થાય છે ત્યાં ધૂમના બળથી પર્વતમાં અગ્નિ છે એમ સામાન્ય બોધ થાય છે, પરંતુ તે પર્વતમાં રહેલો અગ્નિ કેવા વર્ણવાળો છે ઇત્યાદિ વિશેષતાઓનો બોધ અનુમાનથી થતો નથી, પરંતુ પ્રત્યક્ષ જોવાથી જ થાય છે તેમ જગતમાં તરતમતાવાળા ધર્મો દેખાય છે તેના બળથી પરાકાષ્ઠાની કલ્પના કરવામાં આવે તો તે પરાકાષ્ઠવાળા જ્ઞાનાદિ ધર્મોનો સામાન્યથી બોધ થાય છે, પરંતુ તે પરાકાષ્ઠાવાળું જ્ઞાન કે પરાકાષ્ઠાવાળો વૈરાગ્ય કેવા સ્વરૂપવાળો છે તેનો વિશેષ બોધ અનુમાનથી થઈ શકતો નથી, તેથી કહે છે –

ઈશ્વરના ચિત્તના જ્ઞાનાદિ ધર્મોની વિશેષતાનું શાસ્ત્રથી જ્ઞાન :

ઈશ્વરના સર્વજ્ઞત્વાદિ ચિત્તના ધર્મો કેવા પ્રકારના વિશેષતાવાળા છે તેનો બોધ શાસ્ત્રથી થાય છે. જેમ ઈશ્વરનું ઈશ્વરપણું આખા જગતનો ઉદ્ધાર કરવા સમર્થ છે તેવા પ્રકારનો વિશેષ બોધ શાસ્ત્રથી થાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી થઈ શકતો નથી.

અહીં પ્રશ્ન થાય કે, ઈશ્વરમાં પરાકાષ્ઠાને પામેલા જ્ઞાનાદિ ચિત્તધર્મો છે તેમ સ્વીકારીને ઈશ્વરને પોતાની ઐશ્વર્યશક્તિને કારણે પ્રકૃતિ અને પુરુષનો સંયોગ અને વિયોગ આપાદન કરે છે અર્થાત્

સંપન્ન કરે છે તેમ શાસ્ત્રથી જાણી શકાય છે, પરંતુ તે પ્રકારનો પ્રયત્ન કરવા માટે ઈશ્વરને કોઈ પ્રયોજન નથી. એ પ્રકારની શંકાના નિરાકરણ માટે રાજમાર્તંડ ટીકાકાર કહે છે –

ઈશ્વરનું કારુણિકપણું હોવાથી જીવો ઉપર અનુગ્રહ કરવો એ ઈશ્વરનું પ્રયોજન :

ઈશ્વરનું એવું કારુણિકપણું હોવાથી જીવો ઉપર અનુગ્રહ કરવો એ ઈશ્વરનું પ્રયોજન છે, તેથી કલ્પના પ્રલય અથવા મહાપ્રલય આવે છે તેમાં સર્વસંસારી જીવોનો હું ઉદ્ધાર કરીશ એ પ્રકારનો ઈશ્વરનો અધ્યવસાય છે. તે અધ્યવસાયને કારણે ઈશ્વર પુરુષનો પ્રકૃતિ સાથે સંયોગ અને વિયોગ આપાદન=સંપન્ન, કરે છે. **॥૧-૨૫॥**

અવતરણિકા :

એવમીશ્વરસ્ય પ્રમાણમભિધાય પ્રભાવમાહ –

અવતરણિકાર્થ :

આ પ્રમાણે=સૂત્ર ૧-૨૫માં ઈશ્વરનું પ્રમાણ અર્થાત્ ઈશ્વરને સ્વીકારવામાં પ્રમાણ બતાવ્યું, એ પ્રમાણે, કહીને હવે પ્રભાવ=ઈશ્વરનો પ્રભાવ, કહે છે –

સૂત્ર :

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥१-२६॥

સૂત્રાર્થ :

તે=ઈશ્વર, પૂર્વોના પણ અર્થાત્ આદ્ય સ્રષ્ટા એવા બ્રહ્માદિના પણ ગુરુ છે; કેમ કે કાલથી અનવચ્છેદ=અનાદિ, છે. ॥૧-૨૬॥

ટીકા :

'स इति'-आद्यानां स्रष्टृणां ब्रह्मादीनामपि स गुरुरुपदेष्टा, यतः स कालेन नावच्छिद्यते, अनादित्वात्, तेषां पुनरादिमत्त्वादस्ति कालेनावच्छेदः ॥१-२६॥

ટીકાર્થ :

आद्यानां ..... कालेनावच्छेदः ॥ આદ્ય સ્રષ્ટા=સર્જનહાર એવા બ્રહ્માદિના પણ તે=ઈશ્વર, ગુરુ=ઉપદેષ્ટા=ઉપદેશ આપનાર, છે. જે કારણથી તે=ઈશ્વર, કાલથી અવચ્છેદ પામતા નથી; કેમ કે અનાદિપણું છે. વળી તેઓનું=બ્રહ્માદિનું આદિમાનપણું હોવાથી કાલથી અવચ્છેદ છે. ॥૧-૨૬॥

ભાવાર્થ :

ઈશ્વરનો પ્રભાવ :

પાતંજલસૂત્ર ૧-૨૫માં ઈશ્વરની સિદ્ધિ કરી અને તે ઈશ્વર અનાદિકાળથી ઈશ્વર છે, તેથી

આદ્યસર્જનહાર એવા બ્રહ્માદિના પણ=સાંખ્યદર્શનકારના મતે આ વિશ્વના આદ્યસર્જનહાર બ્રહ્માદિ છે તેના પણ, ઉપદેષ્ટા=ઉપદેશ આપનાર ઈશ્વર છે. આ પ્રકારનો ઈશ્વરનો પ્રભાવ પતંજલિઋષિએ પાતંજલયોગસૂત્ર ૧-૨૬માં બતાવ્યો છે.

પાતંજલયોગસૂત્ર ૧-૨૬ ઉપર પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] व्याख्या-अत्र वयं वदामः-कालेनानवच्छेदादिकं नेश्वरस्योपास्यतावच्छेदकम्, सार्वज्ञ्यं तु तथासम्भवदपि दोषाक्षयजन्यतावच्छेदकत्वेन, नित्यमुक्तेश्वरसिद्धौ साक्षिभावमालम्बते, "नित्यमुक्त ईश्वरः" इत्यभिधाने च व्यक्त एव वदतो व्याघातः, मुचेर्बन्धनविश्लेषार्थत्वाद् बन्धपूर्वस्यैव मोक्षस्य व्यवस्थितेः, अन्यथा घटादेरपि नित्यमुक्तत्वं दुर्निवारम्, केवलसत्त्वातिशयवतः पुरुषविशेषस्य कल्पने च केवलरजस्तमोऽतिशयवतोरपि कल्पनापत्तिः, कथं चैवमात्मत्वावच्छेदेनानादिसंसारसम्बन्धनिमित्ततोपपत्तिः ? ईश्वरातिरिक्तात्मत्वेन तथात्वकल्पने च गौरवम्, केवलसत्त्वोत्कर्षवददृष्टपुरुषकल्पने च नित्यज्ञानाद्याश्रयो नैयायिकाद्यभिमत एव स किं न कल्प्यते ?, तस्मात्सकलकर्मनिर्मुक्ते सिद्ध एव भवतीश्वरत्वं युक्तम्, उपासनौपयिककेवलज्ञानादिगुणानां तत्रैव सम्भवात्, अनादिशुद्धश्रद्धापि प्रवाहापेक्षया तत्रैव पूरणीया । यदाहुः श्रीहरिभद्राचार्याः-

"एसो अणाइमं चिय सुद्धो य तओ अणाइसुद्धो त्ति ।
जुत्तो य पवाहेणं ण अन्नहा सुद्धया सम्मं" ॥१॥ [अनादिविंशतिका, २-१२]

सिद्धानामनेकत्वात् "एक ईश्वरः" इति श्रद्धा न पूर्यत इति चेत्, न, सिद्धेतरवृत्त्यत्यन्ताभावप्रतियोग्यतिशयत्वरूपस्यैकत्वस्य सिद्धानामनेकत्वेऽप्यबाधात् सङ्ख्यारूपस्यैकत्वस्य चाप्रयोजकत्वात्, गम्यतां वा समष्ट्यपेक्षया तदपि, स्वरूपास्तित्वासादृश्यास्तित्वयोरविनिर्भागवृत्तित्वस्य सार्वत्रिकत्वात्, जगत्कर्तुः सर्वथैकस्य पुरुषस्याभ्युपगमे च जगत्कारणस्य शरीरस्यापि बलादापत्तिः, कार्यत्वे सकर्तृकत्वस्येव शरीरजन्यत्वस्यापि व्याप्तेरभिधातुं शक्यत्वादिति, तस्य च सिद्धस्य भगवत ईश्वरस्यानुग्रहोऽपि योगिनोऽपुनर्बन्धकाद्यवस्थोचितसदाचारलाभ एव, न त्वनुजिघृक्षारूपस्तस्या रागरूपत्वात्, तस्य च द्वेषसहचरितत्वात्, रागद्वेषवतश्चेतरवदनाराध्यत्वादिति सङ्क्षेपः ॥१-२६॥

અર્થ :

अत्र वयं वदामः=અહીં અમે કહીએ છીએ –

कालेन ..... दुर्निवारम्, કાળથી અનવચ્છેદાદિક ઈશ્વરની ઉપાસ્યતાનું અવચ્છેદક નથી=ઈશ્વરની ઉપાસ્યતા સ્વીકારવાનું કારણ નથી. વળી સર્વજ્ઞપણું તે પ્રમાણે સંભવતું પણ દોષક્ષયજન્યતાવચ્છેદકપણાથી છે=દોષક્ષયના જન્યતા અવચ્છેદકપણાથી ઉપાસ્યતાનું અવચ્છેદક છે. નિત્યમુક્ત

ઈશ્વરની સિદ્ધિમાં સાક્ષીભાવનું અવલંબન કરે છે=સર્વજ્ઞપણું ઉપાસ્યતાનું અવચ્છેદક બનતું નથી પરંતુ આત્મા માટે જેમ જ્ઞેયપદાર્થો સાક્ષીભાવને પ્રાપ્ત કરે છે તેમ ઈશ્વરનું સર્વજ્ઞપણું પણ સાક્ષીભાવને પ્રાપ્ત કરે છે.

'નિત્ય મુક્ત ઈશ્વર' એ પ્રકારના અભિધાનમાં=કથનમાં, વ્યક્ત જ=પ્રગટ જ, વદતો વ્યાઘાત છે=તે વચનનો પરસ્પર વિરોધ છે.

કેમ તે વચનનો પરસ્પર વિરોધ છે તેથી કહે છે –

મુક્ત શબ્દમાં मुचेः=मुच् ધાતનું બંધનનું વિશ્લેષાર્થપણું હોવાથી બંધપૂર્વક જ મોક્ષની વ્યવસ્થિત છે.

અન્યથા=બંધપૂર્વક જ મોક્ષની વ્યવસ્થિતિ ન માનવામાં આવે અને ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારવામાં આવે તો ઘટાદિનું પણ નિત્યમુક્તપણું દુર્નિવાર છે=ઘટાદિ નિત્યમુક્ત નથી એમ કહી શકવું દુર્નિવાર છે.

આ રીતે ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારવો અસંગત છે તેમ બતાવ્યા પછી પાતંજલદર્શનકાર સત્ત્વના અતિશયવાળા ઈશ્વરને સ્વીકારે છે તે ઉચિત નથી તે બતાવતાં કહે છે –

केवलसत्त्व ..... पूरणीयाः, અને કેવલ સત્ત્વના અતિશયવાળા પુરુષવિશેષની કલ્પનામાં કેવલ રજના અને કેવલ તમના અતિશયવાળા પુરુષની કલ્પનાની આપત્તિ છે.

વળી ઈશ્વરને નિત્યમુક્ત માનીએ તો અન્ય શું દોષ આવે છે તે બતાવે છે –

અને આ રીતે=પાતંજલદર્શનકાર ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારે છે એ રીતે, આત્મત્વાવચ્છેદથી= આત્મત્વધર્મથી, સર્વ આત્માઓને અનાદિ સંસારના સંબંધની ઉપપત્તિ=સંગતિ, કેવી રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે.

ઈશ્વરની અતિરિક્ત આત્મત્વથી તે પ્રમાણેની કલ્પનામાં=અનાદિ સંસારના સંબંધના નિમિત્તપણાની કલ્પનામાં, ગૌરવ છે.

પાતંજલદર્શનકાર સત્ત્વના ઉત્કર્ષવાળા ઈશ્વરને સ્વીકારે છે તે વાત યુક્ત નથી તે બતાવે છે –

અને કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળા અદૃષ્ટ પુરુષની કલ્પનામાં નૈયાયિકાદિને અભિમત જ નિત્યજ્ઞાનાદિના આશ્રય એવા તે=ઈશ્વર, કેમ કલ્પના કરાતા નથી અર્થાત્ પાતંજલદર્શનકારે નિત્યજ્ઞાનાદિના આશ્રય એવા નૈયાયિકાદિને અભિમત જ ઈશ્વર સ્વીકારવા જોઈએ.

આ રીતે પાતંજલદર્શનકારની ઈશ્વરની માન્યતાવિષયક અનેક દોષો બતાવીને તે સર્વનું નિગમન કરતાં કહે છે –

તે કારણથી પાતંજલદર્શનકારની માન્યતા અનુસાર ઈશ્વરને સ્વીકારવાથી ઉપરમાં બતાવેલ દોષોની પ્રાપ્તિ છે તે કારણથી, સકલકર્મથી નિર્મુક્ત એવા સિદ્ધમાં જ ઈશ્વરપણું યુક્ત થાય છે; કેમ કે ઉપાસના માટે ઉપયોગી એવા કેવલજ્ઞાનાદિ ગુણોનો ત્યાં સંભવ છે.

પૂર્વમાં નિગમન કરતાં કહ્યું કે, સિદ્ધના આત્મામાં જ ઈશ્વરપણું યુક્ત છે. ત્યાં પ્રશ્ન થાય કે,

સિદ્ધના દરેક આત્માઓ પૂર્વમાં કર્મવાળા હતા અને સાધના કરીને મુક્ત થયા છે, તેથી તેઓને ઈશ્વર સ્વીકારીએ તો અનાદિશુદ્ધ કઈ રીતે સ્વીકારી શકાય તેથી કહે છે –

અનાદિશુદ્ધની શ્રદ્ધા પણ=ઈશ્વર અનાદિકાળથી શુદ્ધ છે એ પ્રકારની શ્રદ્ધા પણ, પ્રવાહની અપેક્ષાએ ત્યાં જ=સિદ્ધના આત્મામાં જ, પૂરવી જોઈએ.

યદાહુઃ શ્રી હરિભદ્રાચાર્યાઃ - જેને પૂ. આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા અનાદિવિંશિકા ૧૨માં કહે છે –

''એસો ..... **સમ્મં**'' ॥ "આ=ઈશ્વર અનાદિમાન છે અને શુદ્ધ છે તેથી અનાદિશુદ્ધ છે એ પ્રમાણે પ્રવાહથી યુક્ત છે. અન્યથા=પ્રવાહની અપેક્ષાએ અનાદિશુદ્ધ ન માનીએ તો સમ્યક્ શુદ્ધતા નથી."

સિદ્ધાનામ્ ..... સાર્વત્રિકત્વાત્, પૂર્વમાં કહ્યું કે, સિદ્ધમાં જ ઈશ્વરપણું યુક્ત છે અને તેમાં અનાદિશુદ્ધની શ્રદ્ધા પણ પ્રવાહની અપેક્ષા એ સંગત છે. ત્યાં સિદ્ધના જીવોનું અનેકપણું હોવાથી એક ઈશ્વર એ પ્રકારની શ્રદ્ધા પૂરાતી નથી એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે સિદ્ધોથી ઇતરમાં વૃત્તિ એવા અત્યંતાભાવના પ્રતિયોગી એવા અતિશયરૂપ એકત્વનું સિદ્ધોના અનેકપણામાં પણ અબાધ છે અને સંખ્યારૂપ એકત્વનું અપ્રયોજક છે.

અથવા તે પણ=ઈશ્વરનું એકત્વ પણ, સમષ્ટિ અપેક્ષાએ જાણવું=સર્વજીવોની અપેક્ષાએ જાણવું; કેમ કે સ્વરૂપ અસ્તિત્વનું અને સાદૃશ્ય અસ્તિત્વનાં અવિનિર્ભાગવૃત્તિત્વનું સાર્વત્રિકપણું છે.

આ રીતે સ્વમત્તાનુસાર ઈશ્વર અનાદિ શુદ્ધ અને એક કઈ રીતે સ્વીકારી શકાય તેનું સ્થાપન કર્યું. હવે પાતંજલદર્શનકાર સર્વજીવોથી પૃથક્ જગતના કર્તારૂપે એક પુરુષને સ્વીકારે છે તે સ્વીકારવામાં શું દોષ આવે છે તે સ્પષ્ટ કરે છે –

જગત્કર્તુઃ ..... શક્યત્વાદિતિ, જગતના કર્તા સર્વથા એક પુરુષનો સ્વીકાર કરવામાં=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કોઈક નયદૃષ્ટિથી કહ્યું એ રીતે નહીં, પરંતુ સર્વ પ્રકારે એક પુરુષનો સ્વીકાર કરવામાં, જગતના કારણ એવા શરીરની પણ બલાદ્=બળાત્કારે આપત્તિ છે; કેમ કે કાર્યત્વમાં સકર્તુકત્વની જેમ શરીરજન્યત્વની પણ વ્યાપ્તિનું કહેવા માટે શક્યપણું છે.

ઇતિ શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

આ રીતે પતંજલિઋષિને અભિમત જગત્કર્તા સર્વથા ઈશ્વરરૂપે એક પુરુષનો સ્વીકાર થઈ શકે નહીં તેમ સ્થાપન કર્યું. વળી સ્વસિદ્ધાંત પ્રમાણે સિદ્ધના જીવોને ઈશ્વર સ્વીકારી શકાય તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે તેવા ઈશ્વરનો અનુગ્રહ સંસારી જીવો પ્રત્યે કેવા પ્રકારનો સ્વીકારી શકાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

તસ્ય ..... સદુપક્ષેપઃ ॥ અને તે સિદ્ધભગવંતરૂપ ઈશ્વરનો અનુગ્રહ પણ યોગીઓને અપુનર્બંધકાદિ અવસ્થાને ઉચિત એવા સદાચારનો લાભ જ છે, પરંતુ અનુજિઘૃક્ષારૂપ અનુગ્રહ નથી; કેમ કે તેનું=અનુજિઘૃક્ષાનું, રાગરૂપપણું છે. અને તેનું=રાગનું, દ્વેષસહચરિતપણું છે. અને રાગ-દ્વેષવાળા

એવા ઈશ્વરનું ઈતરની જેમ=અન્ય સંસારી પુરુષોની જેમ અનારાધ્યપણું છે. એ પ્રમાણે સંક્ષેપ છે=પતંજલિઋષિના સૂત્ર ૧-૨૬ના કથનના વિષયમાં ગ્રંથકારશ્રીએ અમે કહીએ છીએ એમ કહીને પ્રારંભ કરેલા કથનનો સંક્ષેપ છે.

ભાવાર્થ :

પાતંજલદર્શનકારે સ્વીકારેલ ઈશ્વર કાલથી અનાદિના છે એ કથનનું પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ વડે યુક્તિપૂર્વક નિરસન :

પતંજલિઋષિ કહે છે કે, ઈશ્વર આદ્ય સ્રષ્ટા એવા બ્રહ્માદિના પણ ગુરુ છે અને તેમાં તેમણે યુક્તિ આપી કે કાલથી ઈશ્વરનો અનવચ્છેદ છે અર્થાત્ ઈશ્વર અનાદિના છે, માટે અનાદિથી ઈશ્વર એવા તેઓ આદ્ય સ્રષ્ટા એવા બ્રહ્માદિ સર્વેને ઉપદેશ આપનારા છે તે વિષયમાં ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા કહે છે –

ત્યાં પ્રથમ કહે છે કે, ઈશ્વર કાળથી અનાદિ ઈશ્વરરૂપે હોય તો ઈશ્વરનો તે ધર્મ ઈશ્વરની ઉપાસ્યતાનો અવચ્છેદક નથી અર્થાત્ તે ધર્મને કારણે ઈશ્વર ઉપાસ્ય બની શકે નહિ તેથી પ્રશ્ન થાય કે, તો કઈ રીતે ઈશ્વર ઉપાસ્ય બની શકે ? તેથી કહે છે –

ઈશ્વરમાં અનાદિનું સર્વજ્ઞપણું છે તે ઈશ્વરની ઉપાસના સંભવે તોપણ તે દોષક્ષયજન્યતા અવચ્છેદકપણાથી સંભવે અને જે ઈશ્વર દોષનો ક્ષય કરીને સર્વજ્ઞ થયેલા ન હોય અને નિત્યમુક્ત હોય તો તેઓમાં રહેલું સર્વજ્ઞપણું પણ ઉપાસનાનો વિષય બને નહીં પરંતુ સાક્ષીભાવનો વિષય બને.

આશય એ છે કે, ઉપાસક જીવ ઉપાસ્ય એવા ઈશ્વરની ભક્તિ કરીને તેમાં તન્મય થાય તો ઉપાસ્ય એવા ઈશ્વરના જેવું સ્વરૂપ પોતાનામાં છે તે ઈશ્વરના સ્વરૂપમાં તન્મય થયેલા ઉપયોગને કારણે પોતાનામાં આવિર્ભાવ પામે છે, તેથી ઈશ્વર ઉપાસ્ય બને છે. હવે જો ઈશ્વરને સર્વજ્ઞરૂપે સ્વીકારવામાં આવે અને તેમનું સર્વજ્ઞપણું અનાદિનું છે તેમ સ્વીકારવામાં આવે તો તેવું સર્વજ્ઞપણું ઈશ્વરને સાધના દ્વારા દોષોનો નાશ કરીને પ્રાપ્ત થયેલું નથી તેમ માનવું પડે. તેવું અનાદિનું સર્વજ્ઞપણું ઉપાસકના આત્મામાં નથી, તેથી તેવા ઈશ્વરની ઉપાસના કરીને તેમાં તન્મયતા આવે તોપણ તેવું સર્વજ્ઞપણું પોતાનામાં પ્રગટ થઈ શકે નહીં.

જેમ-જડ પદાર્થ સાથે કોઈ તન્મય થાય તોપણ ચેતન જડ બને નહીં માટે જડ બનવાના અર્થી માટે પણ જડ પદાર્થ ઉપાસનાનો વિષય બનતો નથી, પરંતુ ઉપાસક માટે જડ પદાર્થો જ્ઞાનના વિષયભૂત છે, તેથી જ્ઞાનના વિષયભૂત પદાર્થો તેના માટે સાક્ષીભાવરૂપ છે. તેમ ઈશ્વરમાં રહેલું સર્વજ્ઞપણું પણ જો દોષોના ક્ષયથી જન્ય ન હોય તો ઉપાસક માટે ઉપાસનાનો વિષય તે સર્વજ્ઞપણું બનતું નથી, પરંતુ જ્ઞાનના વિષયરૂપ બને છે તેથી ઈશ્વરનું સર્વજ્ઞપણું ઉપાસક માટે સાક્ષીભાવનો વિષય બને છે.

આ રીતે ઈશ્વરને અનાદિ શુદ્ધ સ્વીકારવાથી ઉપાસક માટે ઈશ્વર ઉપાસનાનો વિષય બનતા નથી

તેમ સ્થાપન કર્યું. હવે પતંજલિઋષિ ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારે છે તે વચન શબ્દની મર્યાદાથી પણ સંગત નથી તે બતાવે છે –

ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારવામાં પાતંજલદર્શનકારને 'વદતો વ્યાઘાત' દોષની આપત્તિ :

નિત્યમુક્ત ઈશ્વર છે તેમ કહેવામાં આવે તો 'મારી માતા વંધ્યા છે.' એ કથનની જેમ વદતો વ્યાઘાત છે. અર્થાત્ બોલાયેલા વચનનો પરસ્પર વિરોધ છે.

કેમ વિરોધ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મુક્ત શબ્દમાં રહેલ મુચ્ ધાતુ બંધનથી મુક્તઅવસ્થાને બતાવે છે તેથી બંધપૂર્વક જ મુક્તિની પ્રાપ્તિ થાય માટે ઈશ્વરને મુક્ત કહેવો હોય તો નિત્ય કહી શકાય નહીં અને એવું ન સ્વીકારવામાં આવે તો ઘટાદિ પદાર્થો બંધન વગરના છે તેમને પણ નિત્યમુક્ત કહેવાની આપત્તિ આવે.

કેવલ સત્ત્વનાં અતિશયવાળા નિત્યમુક્ત એવા પુરુષવિશેષને ઈશ્વર સ્વીકારવામાં આવે તો કેવલ રજના કે કેવલ તમના અતિશયવાળા કોઈ પુરુષ વિશેષને સ્વીકારવારૂપ કલ્પનાની પાતંજલદર્શનકારને આપત્તિ :

પતંજલિઋષિ ઈશ્વરને નિત્યમુક્ત કહે છે. વળી ઈશ્વરમાં કેવલ સત્ત્વનો અતિશય સ્વીકારે છે. તેથી એ પ્રશ્ન થાય કે, પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિમાંથી ચિત્ત ઉત્પન્ન થાય છે. તેવા ચિત્તનો સંયોગ ઈશ્વરને છે, છતાં સંસારી જીવોની જેમ ઈશ્વર પ્રકૃતિને પરતંત્ર નથી પરંતુ સત્ત્વનો ઉત્કર્ષ થયેલો હોવાથી પ્રકૃતિ ઉપર ઈશ્વરનું પ્રભુત્વ છે માટે ઈશ્વર નિત્યમુક્ત છે. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

કેવલ સત્ત્વના અતિશયવાળા પુરુષવિશેષરૂપે ઈશ્વરને સ્વીકારવાની કલ્પના કરવામાં આવે તો કેવલ રજના અતિશયવાળા કે કેવલ તમના અતિશયવાળા કોઈક પુરુષવિશેષ છે તેમ કલ્પના કરવાની આપત્તિ આવે. વસ્તુતઃ પાતંજલદર્શનકાર સંસારી જીવોના ચિત્તમાં રજ, તમ અને સત્ત્વ એમ ત્રણ ગુણો સ્વીકારે છે, તેમાંથી ક્યારેક સત્ત્વનો ઉત્કર્ષ હોય છે, ક્યારેક રજનો ઉત્કર્ષ હોય છે અને ક્યારેક તમનો ઉત્કર્ષ હોય છે એમ સ્વીકાર છે, પરંતુ કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળો કોઈ પુરુષ જગતમાં નથી ફક્ત ઈશ્વર જ અનાદિથી કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળા છે તેમ સ્વીકારે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

જેમ કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળા પુરુષવિશેષ ઈશ્વર છે તેમ કોઈ પુરુષ કેવલ રજના ઉત્કર્ષવાળો હોય કે કોઈ પુરુષ કેવલ તમના ઉત્કર્ષવાળો હોય તેમ કલ્પના કરવાની આપત્તિ પાતંજલદર્શનકારને આવે છે.

ઈશ્વરથી અતિરિક્ત આત્મત્વેન આત્માને અનાદિ સંસારના સંબંધનું કારણ માનવામાં પાતંજલદર્શનકારને ગૌરવની પ્રાપ્તિ :

પૂર્વમાં કહ્યું કે ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારી શકાય નહીં, આમ છતાં ઈશ્વરને નિત્યમુક્ત સ્વીકારવામાં આવે તો આત્મત્વધર્મથી બધા આત્માઓને અનાદિ સંસારના સંબંધની નિમિત્તપણાની

પ્રાપ્તિ છે તે કેવી રીતે સંગત થાય અર્થાત્ બધા સંસારી જીવો અનાદિકાળથી ભાવમલથી યુક્ત છે. વળી તે સર્વજીવોમાં વર્તતો આત્મત્વ ધર્મ છે અને સંસારના સંબંધનું નિમિત્ત કારણ તે જીવોમાં વર્તતો ભાવમલ છે, તેથી સંસારીજીવોમાં વર્તતા ભાવમલમાં જે સંસારના સંબંધની નિમિત્ત કારણતા છે તેનો અવચ્છેદક આત્મત્વ ધર્મ છે તે ધર્મ સંસારના સંબંધની નિમિત્ત કારણતાનો અવચ્છેદક કંઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહીં અને તેની સંગતિ માટે પાતંજલદર્શનકાર કહે કે, ઈશ્વરથી અતિરિક્ત એવા આત્મત્વેન આત્મા અનાદિ સંસારના સંબંધનું નિમિત્ત છે તો તેમ સ્વીકારવામાં ગૌરવદોષની પ્રાપ્તિ થાય અર્થાત્ આત્મત્વેન આત્માને કારણ સ્વીકારવાને બદલે ઈશ્વરથી અતિરિક્ત વિશિષ્ટ આત્માને તે પ્રકારે કારણ સ્વીકારવામાં ઉપસ્થિતિકૃત અને શરીરકૃત ગૌરવની પ્રાપ્તિ થાય.

કેવલસત્ત્વના ઉત્કર્ષવાળા અદૃષ્ટપુરુષની કલ્પના કરતા નૈયાયિકોને અભિમત નિત્યજ્ઞાનાદિના આશ્રયવાળો ઈશ્વર સ્વીકારવો પાતંજલદર્શનકારને ઉચિત :

વળી ઉપાધ્યાય યશોવિજયજી પાતંજલદર્શનકારને અન્ય દોષ બતાવતાં કહે છે –

પાતંજલદર્શનકાર કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળા પુરુષવિશેષને ઈશ્વર તરીકે સ્વીકારે છે અને તેમ સ્વીકારવામાં તેમને પ્રકૃતિ, પ્રકૃતિમાંથી થયેલી બુદ્ધિ અને બુદ્ધિમાંથી થયેલ ચિત્તને સ્વીકારીને ઈશ્વરમાં તે ચિત્ત કેવલ સત્ત્વના ઉત્કર્ષવાળું છે તેમ માનવું પડે છે તેના બદલે નૈયાયિકો નિત્યજ્ઞાનાદિના આશ્રયરૂપે ઈશ્વરને માને છે તેમ કેમ સ્વીકારતા નથી ? અર્થાત્ તેમ સ્વીકારવામાં આવે તો નિત્ય જ્ઞાનાદિ ગુણોના આશ્રયવાળો ઈશ્વર સિદ્ધ થાય, પરંતુ સંસારી જીવોના જેવા ચિત્તવાળો ઈશ્વર માનવાની જરૂર રહે નહિ, તેથી ઈશ્વરને નિત્યમુક્ત માનવો હોય તોપણ નિત્ય જ્ઞાનાદિનો આશ્રય છે, તેમ સ્વીકારવો ઉચિત સિદ્ધ થાય.

આ સર્વ કથનથી શું ફલિત થાય છે તે બતાવતાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

સિદ્ધભગવંતોમાં ઉપાસનાને ઉપયોગી એવા કેવલજ્ઞાન-કેવલદર્શન આદિ ગુણોના સંભવ હોવાથી સકલકર્મવિર્નિમુક્ત સિદ્ધભગવંતમાં જ ઈશ્વરપણું સંગત :

સર્વકર્મોથી નિર્યુક્ત એવા સિદ્ધભગવંતમાં જ ઈશ્વરપણું યુક્ત છે, પરંતુ અનાદિથી સત્ત્વપ્રધાન પ્રકૃતિવાળા ઈશ્વરને માનવા ઉચિત નથી.

અહીં પ્રશ્ન થાય કે સર્વકર્મોથી નિર્મુક્ત એવા સિદ્ધભગવંત જ ઈશ્વર છે તેમ માનવું કેમ યુક્ત છે ? તેથી કહે છે –

ઉપાસનાને ઉપયોગી એવા કેવલજ્ઞાન-કેવલદર્શનાદિ ગુણો સિદ્ધભગવંતમાં જ સંભવે છે. આનાથી એ ફલિત થાય છે કે, ઉપાસક વ્યક્તિ ઉપાસ્ય એવા સિદ્ધભગવંતોની ઉપાસના કરીને તેમાં અત્યંત તન્મયતાને પામે તો તત્સદૃશ ગુણો પોતાનામાં પ્રગટ કરી છે માટે ગુણના પ્રકર્ષવાળા પૂર્ણ

શુદ્ધ એવા ઈશ્વર તરીકે સિદ્ધભગવંતોને જ સ્વીકારી શકાય છે અન્ય કોઈ અનાદિમુક્ત સત્ત્વપ્રધાન પુરુષવિશેષ સ્વીકારી શકાય નહીં.

અનાદિશુદ્ધપણાની શ્રદ્ધા પણ પ્રવાહની અપેક્ષાએ સિદ્ધભગવંતમાં પૂરણીય :

અહીં પ્રશ્ન થાય કે, સર્વકર્મરહિત એવા સિદ્ધભગવંતને ઈશ્વર સ્વીકારીએ તો કોઈ સિદ્ધભગવંતો અનાદિના સિદ્ધ નથી, પરંતુ દરેક સિદ્ધના આત્માઓ કોઈ ને કોઈ કાળમાં સાધના કરીને સિદ્ધ થયેલા છે. તેથી અનાદિ શુદ્ધ એવા ઈશ્વર તરીકે કોઈ સિદ્ધભગવંતને સ્વીકારી શકાય નહીં અને તેમ સ્વીકારવાથી અનાદિ શુદ્ધ એવા ઈશ્વર છે એ પ્રકારની આસ્થા=રુચિ, કઈ રીતે પૂર્ણ થાય. તેથી કહે છે –

સિદ્ધભગવંતમાં અનાદિશુદ્ધ એવા ઈશ્વરની શ્રદ્ધા પણ પ્રવાહની અપેક્ષાએ જ પૂરવી જોઈએ.

ઈશ્વરની ઉપાસનામાં સંખ્યારૂપ એકત્વ અપ્રયોજક હોવાથી સિદ્ધો અનેક હોવા છતાં સર્વ માટે ઉપાસ્ય એક ઈશ્વરની શ્રદ્ધાની સંગતિ :

અહીં પ્રશ્ન થાય કે, સિદ્ધભગવંતોમાં અનાદિશુદ્ધ એવા ઈશ્વરની શ્રદ્ધા પ્રવાહની અપેક્ષાએ પૂરવામાં આવે તો સિદ્ધભગવંતો સંખ્યાથી અનંતા છે, તેથી ઉપાસ્ય એક ઈશ્વર છે એ પ્રકારની શ્રદ્ધા પૂરાતી નથી. તેનું સમાધાન કરતાં કહે છે –

સિદ્ધભગવંતોથી ઇતર એવા સંસારી જીવોમાં વૃત્તિ=રહેલો એવો, જે પૂર્ણગુણનો અત્યંતાભાવ તેનું પ્રતિયોગી એવું અતિશયગુણવાનપણું સિદ્ધભગવંતોમાં છે, તે સ્વરૂપે સિદ્ધના જીવો એકરૂપ છે માટે સર્વસંસારી જીવો કરતા અતિશયગુણવાનરૂપે સંખ્યાથી અનેક સિદ્ધ હોવા છતાં સિદ્ધો એક છે તેમ સ્વીકારી શકાય છે; કેમ કે ઉપાસનામાં સંખ્યારૂપ એકત્વનું અપ્રયોજકપણું છે અર્થાત્ પૂર્ણપુરુષરૂપ ઈશ્વરની ઉપાસનામાં સંખ્યારૂપ એકત્વ પ્રયોજક નથી.

શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી સર્વ જીવોમાં એક ઈશ્વરની શ્રદ્ધાનો સ્વીકાર :

આ રીતે સર્વ સિદ્ધોને પૂર્ણશુદ્ધઅવસ્થારૂપે સ્વીકારીને ઉપાસ્ય એવા ઈશ્વરમાં શ્રદ્ધાની સંગત કરી. હવે શુદ્ધનયની દૃષ્ટિથી એક ઈશ્વરની સંગતી બતાવે છે –

સંસારવર્તી જીવો અને સિદ્ધના જીવો એ સર્વજીવોનું સ્વરૂપ કર્મની અવસ્થાથી રહિત જોવામાં આવે તો દરેક જીવોના સ્વરૂપનું અસ્તિત્વ સદૃશ છે, તેથી કર્મની ઉપાધિથી રહિત એવું સ્વરૂપ અસ્તિત્વ દરેક જીવમાં છે વળી દરેક જીવમાં વર્તતા સાદૃશ્યઅસ્તિત્વનો અને કર્મઉપાધિ રહિત એવા સ્વરૂપઅસ્તિત્વનો વિભાગ ન કરવામાં આવે તો એક શુદ્ધ આત્મા પ્રાપ્ત થાય છે; કેમ કે શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધત્વ અને સાદૃશ્યત્વ બધા જીવોમાં સમાન છે તેથી એક આત્મા છે અને તે સ્વરૂપથી તેની ઉપાસના કરવાથી તેમાં તન્મયતાની પ્રાપ્તિ થાય તો પોતે પણ શુદ્ધ બને છે.

જગતના કર્તા એવા સર્વથા એક પુરુષને ઈશ્વરરૂપે સ્વીકારવામાં જગતના સર્જનના કારણ એવા શરીરની બળાત્કારે પાતંજલદર્શનકારને પ્રાપ્તિ :

આ રીતે કેવા ઈશ્વર ઉપાસ્યરૂપે સ્વીકારી શકાય તે સ્વસિદ્ધાંત અનુસાર નયદૃષ્ટિથી પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્થાપન કર્યું. હવે જગતના કર્તા એવા સર્વથા એક પુરુષને ઈશ્વરરૂપે સ્વીકારવામાં આવે તો શું દોષ આવે છે ? તે બતાવે છે –

પતંજલિઋષિ કોઈ નયવિશેષથી નહિ પરંતુ સર્વદૃષ્ટિથી જગતના કર્તા એક પુરુષને સ્વીકારે છે અને તેમ સ્વીકારવામાં આવે તો જગતના કારણ એવા=જગતના સર્જનના કારણ એવા, શરીરની પણ બળાત્કારે પ્રાપ્તિ થાય; કેમ કે કાર્યત્વ અને સકર્તૃકત્વની જેમ વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે તેમ કાર્યત્વ અને શરીરજન્યત્વની વ્યાપ્તિ પણ કરી શકાય છે.

આનાથી એ ફલિત થાય છે કે , સંસારમાં કોઈકના પ્રયત્નથી કાર્ય થાય છે તેમ દેખાય છે તેમ શરીરધારી એવા કોઈકના પ્રયત્નથી પણ કાર્ય થતું દેખાય છે તેથી જે સ્થાનમાં કાર્ય કરનાર અન્ય કોઈ દેખાતું નથી તે સ્થાનમાં તે કાર્ય કરનાર ઈશ્વર છે તેમ જગત્કર્તા ઈશ્વરને સ્વીકારનાર કહે છે તેથી તે કાર્ય કરનાર કોઈ શરીરધારી પુરુષ પણ છે તેમ પણ તેઓએ સ્વીકારવું જોઈએ; કેમ કે શરીરથી કાર્ય થઈ શકે છે એ પ્રકારે અનુભવથી દેખાય છે. માટે જે સ્થાનમાં કાર્ય કરનાર કોઈ પુરુષ દેખાતો નથી તેવા ક્ષિતિ આદિ કાર્યના કર્તા ઈશ્વર છે એમ સાંખ્યદર્શનકાર માને છે તેમ તે ક્ષિતિ આદિ કાર્યના કરનાર કોઈ શરીરધારી પુરુષ પણ છે તેમ પણ તેઓએ માનવું જોઈએ. એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

અપુનર્બંધકાદિ અવસ્થાને ઉચિત સદાચારનો લાભ જ સિદ્ધ ભગવાન એવા ઈશ્વરનો અનુગ્રહ :

અહીં પ્રશ્ન થાય કે, ઉપાસ્ય એવા સિદ્ધભગવંતોને ઈશ્વર સ્વીકારવામાં આવે તો તેઓની ઉપાસના કરવાથી જીવો ઉપર તેઓનો કેવો અનુગ્રહ થાય છે કે જેથી તે ઉપાસનાના બળે તેઓને ફળની પ્રાપ્તિ થાય. તે બતાવવા અર્થે કહે છે –

સિદ્ધભગવંતો વીતરાગ છે, તેથી તેઓને કોઈના પ્રત્યે અનુગ્રહ કરવાની વૃત્તિ નથી. આમ છતાં સિદ્ધભગવંતની ઉપાસના કરનારને જે અપુનર્બંધકાદિને ઉચિત એવા સદાચારનો લાભ છે. તે લાભ જ તેમનો અનુગ્રહ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સાક્ષાત્ સિદ્ધઅવસ્થા ઉપાસ્ય છે એવું કોઈ જ્ઞાન જેમને નથી અને સિદ્ધભગવંતની ઉપાસના કરવા માટે એવો કોઈ યત્ન જેમણે કર્યો નથી. આમ છતાં હાથીના ભવમાં મેઘકુમારના જીવને 'દુઃખિતેષુ દયાત્યન્તમ્' ઇત્યાદિ જે અપુનર્બંધકાદિને ઉચિત આદ્યભૂમિકાનો પરિણામ થયો તે સિદ્ધઅવસ્થાને અભિમુખ થયેલો જીવનો પરિણામ છે અને તેવા પરિણામની પ્રાપ્તિ તે સિદ્ધના જીવોનો આદ્યભૂમિકાનો અનુગ્રહ છે, આવા પ્રકારનો આદ્યભૂમિકાનો સિદ્ધભગવંતનો અનુગ્રહ પ્રાપ્ત થયા પછી આ સિદ્ધભગવંતો ઉપાસ્ય છે, તેવી બુદ્ધિથી કોઈ તેમના પ્રત્યેનો

બહુમાનભાવ વૃદ્ધિ પામે તે રીતે ઉપાસના કરે તો તેના કારણે તે અવસ્થાની પ્રાપ્તિના ઉપાયરૂપ જે કોઈ ઉચિત ક્રિયા તે જીવ કરે તેનાથી સિદ્ધભાવને અભિમુખ વિશેષ-વિશેષતર પ્રકારનો પરિણામ તે જીવને પ્રાપ્ત થાય છે. તેથી તત્ત્વનો બોધ કરીને મહાત્માઓ સિદ્ધભગવંતના અભિમુખભાવની વૃદ્ધિ અર્થે તેમની ઉપાસના કરે છે. વળી પાતંજલદર્શનકાર કહે છે તે પ્રમાણે પ્રલયકાળમાં સર્વજીવોના અનુગ્રહ કરવાની ઇચ્છાવાળા ઈશ્વર સ્વીકારવાથી તે ઈશ્વરને રાગી સ્વીકારવા પડે અને જે રાગી હોય તે દ્વેષી પણ હોય છે તેથી તેવા રાગી-દ્વેષી ઈશ્વર ઉપાસ્ય સ્વીકારી શકાય નહીં અર્થાત્ સંસારીજીવો પણ રાગી-દ્વેષી છે, તેથી જેમ આરાધ્ય નથી તેમ સંસારીજીવો જેવા જ રાગી-દ્વેષી ઈશ્વરને આરાધ્ય સ્વીકારી શકાય નહીં.

વિશેષાર્થ :

સામાન્યથી ઉપાસ્ય તીર્થંકર ભગવંતો છે, એ પ્રકારની જૈનશાસ્ત્ર અનુસાર પ્રસિદ્ધિ છે આથી જ અરિહંતભગવંતને દેવ કહીને તેમની ઉપાસના કરાય છે. તે નિયમ પ્રમાણે ઈશ્વર તરીકેની પ્રસિદ્ધિ તીર્થંકરદેવમાં થાય છે. તેને છોડીને ગ્રંથકારશ્રીએ ઉપાસ્ય એવા ઈશ્વર તરીકે સિદ્ધને કેમ ગ્રહણ કર્યા ? તેનું તાત્પર્ય એ છે કે, આત્માની શુદ્ધ અવસ્થા આત્મા માટે પ્રાપ્તવ્ય છે, આથી જ સિદ્ધઅવસ્થા આત્મા માટે ઉપાસ્ય છે અને તીર્થંકરભગવંતો પણ તત્ત્વકાયઅવસ્થાથી ઉપાસ્ય સ્વીકારીએ ત્યારે સિદ્ધઅવસ્થારૂપે જ ઉપાસ્ય પ્રાપ્ત થાય છે. આમ છતાં કર્મકાયઅવસ્થામાં તીર્થંકરો સિદ્ધભગવંતોને ઓળખાવનારા છે. અને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિનો સૂક્ષ્મમાર્ગ જીવોની યોગ્યતા અનુસાર બતાવનાર છે, અને તે માર્ગ ઉપર ચાલનારા જીવોને ધર્મસારથિ તુલ્ય નિમિત્તરૂપ અવલંબનરૂપ બને છે તેથી પરમગુરુ છે માટે કર્મકાય અવસ્થાથી ભગવાન પરમગુરુરૂપે ઉપાસ્ય છે. ઉપદેશક એવા સાધુભગવંતો ગુરુરૂપે ઉપાસ્ય છે અને જીવને પ્રાપ્તવ્ય અવસ્થારૂપે તો તીર્થંકરો પણ સિદ્ધઅવસ્થારૂપે ઉપાસ્ય છે, તેથી જગતના જીવો માટે ઉપાસ્ય એવા સિદ્ધભગવંતો છે, અન્ય કોઈ ઉપાસ્ય નથી.

અવતરણિકા :

ઈશ્વરના સ્વરૂપનો વાચક શબ્દ બતાવે છે –

સૂત્ર :

तस्य वाचकः प्रणवः ॥१-२७॥

સૂત્રાર્થ :

ઈશ્વરનો વાચક પ્રણવ છે. ॥૧-૨૭॥

ટીકા :

'तस्येति'=इत्थमुक्तस्वरूपस्येश्वरस्य वाचकोऽभिधायकः, प्रकर्षेण नूयते स्तूयतेऽनेनेति नौति स्तौतीति वा प्रणव ओङ्कारस्तयोश्च वाच्यवाचकभावलक्षणः सम्बन्धो नित्यः सङ्केतेन

प्रकाश्यते न तु केनचित् क्रियते, यथा पितापुत्रयोर्विद्यमान एव सम्बन्धोऽस्यायं पितास्यायं पुत्र इति केनचित् प्रकाश्यते ॥१-२७॥

टीकार्थ :

तस्येति=इत्थम् ..... प्रकाश्यते ॥ तेनो=આ પ્રમાણે કહેવાયેલા સ્વરૂપવાળા ઈશ્વરનો, वाचक= અભિધાયક, પ્રણવ શબ્દ છે.

પ્રણવ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

પ્રકર્ષથી સ્તુતિ કરાય છે આના વડે એ પ્રણવ છે અથવા જે શબ્દ સ્તુતિ કરે છે તે પ્રણવ છે અને તે પ્રણવ ઓંકારરૂપ છે અને તે બેનો=ઈશ્વર અને ઓંકારરૂપ પ્રણવનો, વાચ્યવાચકભાવસ્વરૂપ સંબંધ નિત્ય સંકેત દ્વારા પ્રકાશન થાય છે, પરંતુ કોઈના વડે સંકેત કરાતો નથી.

જે પ્રમાણે-પિતા અને પુત્રનો વિદ્યમાન જ સંબંધ આનો આ પિતા છે આનો=આ પિતાનો, આ પુત્ર છે એ પ્રમાણે કોઈકના વડે પ્રકાશન કરાય છે. તે પ્રમાણે ઈશ્વરનો પ્રણવ સાથેનો સંબંધ કોઈના વડે પ્રકાશન કરાતો નથી પરંતુ નિત્ય પ્રકાશન થાય છે. ॥૧-૨૭॥

अवतरणिका :

उपासनमाह –

अवतरणिकार्थ :

ઈશ્વરની ઉપાસનાને બતાવે છે –

सूत्र :

तज्जपस्तदर्थभावनम् ॥१-२८॥

सूत्रार्थ :

તેમનો જપ=ઈશ્વરનો જપ અને તેમના અર્થનું ભાવન=ઈશ્વરના અર્થનું ભાવન, ઉપાસન છે. ॥૧-૨૮॥

टीका :

'तज्जप इति'-तस्य=सार्धत्रिमात्रस्य प्रणवस्य, जपो=यथावदुच्चारणं तद्वाच्यस्य चेश्वरस्य भावनं पुनः पुनश्चेतसि विनिवेशनमेकाग्रताया उपायः, अतः समाधिसिद्धये योगिना प्रणवो जप्यस्तदर्थ ईश्वरश्च भावनीय इत्युक्तं भवति ॥१-२८॥

टीकार्थ :

तस्य ..... भवति ॥ तेनो=સાર્ધ ત્રિમાત્રાવાળા એવા પ્રણવનો=અઢીમાત્રાવાળા એવા પ્રણવનો

જપ=યથાવદ્ ઉચ્ચારણ અને વાચ્ય એવા ઈશ્વરનું ભાવન=ફરી ફરી ચિત્તમાં વિનિવેશન=સ્થાપન, એકાગ્રતાનો ઉપાય છે, આથી જ સમાધિની સિદ્ધિ માટે યોગી વડે પ્રણવનો જાપ કરવા યોગ્ય છે અને તેનો અર્થ એવો ઈશ્વર ભાવન કરવા યોગ્ય છે એ પ્રમાણે કહેવાયેલું થાય છે=એ પ્રમાણે સૂત્ર ૧-૨૮થી કહેવાયેલું થાય છે. ॥૧-૨૮॥

ભાવાર્થ :

ઈશ્વરના વાચકનું સ્વરૂપ :

પાતંજલયોગસૂત્ર ૧-૨૪માં ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું અને તેવા ઈશ્વરનો વાચક પ્રણવ શબ્દ છે. પ્રણવ શબ્દમાં 'પ્ર' ઉપસર્ગપૂર્વક 'નુ' ધાતુ છે અને નુ ધાતુનો અર્થ સ્તુતિ થાય છે, તેથી કોઈ વ્યક્તિ દ્વારા પ્રકર્ષથી પ્રણવ શબ્દ દ્વારા સ્તુતિ કરાય તે પ્રણવ કહેવાય છે, અથવા પ્રણવ શબ્દ અને પ્રણવ શબ્દ બોલનારનો અભેદ કરીને પ્રણવ શબ્દ સ્તુતિ કરે છે એમ કહી શકાય છે.

પ્રણવથી કોની સ્તુતિ થાય છે તે બતાવવા માટે કહે છે –

પ્રણવ શબ્દ ઈશ્વરનો વાચક છે અને પ્રણવ શબ્દથી ઈશ્વર વાચ્ય છે અને પ્રણવ શબ્દ અને ઈશ્વર વચ્ચે વાચ્યવાચકભાવરૂપ નિત્યસંબંધ સંકેત દ્વારા બોધ થાય છે, તેથી પ્રણવ શબ્દ દ્વારા ઈશ્વરની સ્તુતિ થાય છે.

ઈશ્વરની ઉપાસનાનું સ્વરૂપ :

આ રીતે ઈશ્વરનો વાચક પ્રણવ શબ્દ છે તે બતાવીને તે પ્રણવ ઓંકારસ્વરૂપ છે તેમ બતાવ્યું. તે પ્રણવશબ્દનું યથાર્થ ઉચ્ચારણ કરવામાં આવે અને તે પ્રણવશબ્દના જપકાળમાં પ્રણવશબ્દથી વાચ્ય એવા ઈશ્વરનું ભાવન કરવામાં આવે, તો યોગીનું ચિત્ત ઈશ્વરના સ્વરૂપમાં એકાગ્રતાને પ્રાપ્ત કરે છે, આથી યોગીપુરુષોએ મોહની આકુળતાના નિવારણ અર્થે અને સમાધિની સિદ્ધિ માટે પ્રણવનો જાપ કરવો જોઈએ અને જપકાળમાં તે શબ્દથી વાચ્ય એવા ઈશ્વરના સ્વરૂપનું ભાવન કરવું જોઈએ તે ઈશ્વરની ઉપાસના છે. **॥૧-૨૮॥**

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે ઈશ્વરના વાચક અને ઈશ્વરની ઉપાસનાનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે સિદ્ધના આત્માઓ ઈશ્વર છે અને ઓંકારરૂપ પ્રણવ તેનો વાચક છે, તેથી જે યોગીઓ સ્વશક્તિ અનુસાર શાસ્ત્રવચનના બળથી સિદ્ધના સ્વરૂપનું અવધારણ કરે છે અને સિદ્ધના સ્વરૂપનો વાચક પ્રણવ શબ્દ છે એ પ્રકારે પ્રતિસંધાન કરે છે અને તે પ્રતિસંધાન કર્યા પછી ઓંકારસ્વરૂપ પ્રણવનો જપ કરે છે, તે જપકાળમાં પ્રણવશબ્દથી વાચ્ય એવા સિદ્ધના સ્વરૂપને ઉપસ્થિત કરવા માટે સૂક્ષ્મ ઊહપૂર્વક યત્ન કરે છે તેઓને તે જપથી સિદ્ધના સ્વરૂપનો બોધ પૂર્વ પૂર્વ કરતા અતિશયિત થાય છે, અને તેમાં ચિત્તની સ્થિરતા આવે છે અને સિદ્ધના સ્વરૂપમાં સ્થિર થયેલું ચિત્ત મોહની આકુળતા વગરનું બને છે, તેથી મોહની અનાકુળતારૂપ સમાધિની પ્રાપ્તિ થાય છે, તે સમાધિની વૃદ્ધિ પ્રકર્ષને પામીને સિદ્ધસદૃશ બનવાનું કારણ બને છે. **॥૧-૨૭/૨૮॥**

અવતરણિકા :

उपासनायाः फलमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૨૮માં ઈશ્વરની ઉપાસના બતાવી. હવે પ્રસ્તુત સૂત્રમાં ઈશ્વરની ઉપાસનાના ફળને કહે છે –

સૂત્ર :

ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥१-२९॥

સૂત્રાર્થ :

તેનાથી=પ્રણવના જપથી અને પ્રણવથી વાચ્ય અર્થના ભાવનથી પ્રત્યક્ ચેતનાનો અધિગમ થાય છે અને અંતરાયનો અભાવ થાય છે. ॥૧-૨૯॥

ટીકા :

'तत इति'-तस्माज्जपात्तदर्थभावनाच्च योगिनः प्रत्यक्चेतनाधिगमो भवति=विषयप्रातिकूल्येन स्वान्तःकरणाभिमुखमञ्चति या चेतना दृक्शक्तिः सा प्रत्यक्चेतना तस्या अधिगमो ज्ञानं भवति, अन्तराया वक्ष्यमाणास्तेषामभावः=शक्तिप्रतिबन्धोऽपि भवति ॥१-२९॥

ટીકાર્થ :

तस्मात् ..... भवति ॥ તેનાથી=જપથી અને જપથી વાચ્ય એવા ઈશ્વરરૂપ અર્થના ભાવનથી યોગીઓને પ્રત્યક્ચેતનાનો બોધ થાય છે અર્થાત્ જે ચેતના=દૃક્શક્તિ વિષયના પ્રતિકૂળપણાથી સ્વઅંતઃકરણને અભિમુખ થાય છે તે પ્રત્યક્ ચેતના છે તેનો=પ્રત્યક્ચેતનાનો, અધિગમ=બોધ, થાય છે. વક્ષ્યમાણ સ્વરૂપવાળા=આગળમાં કહેવાશે તે સ્વરૂપવાળા અંતરાયો, તેઓનો=અંતરાયોનો, અભાવ=શક્તિનો પ્રતિબંધ પણ, થાય છે. ॥૧-૨૯॥

ભાવાર્થ :

ઈશ્વરની ઉપાસનાના ફળનું સ્વરૂપ :

કોઈ મહાત્મા ઓંકાર શબ્દ ઈશ્વરના સ્વરૂપનો વાચક છે તેવો બોધ કરીને ઈશ્વરના સ્વરૂપને શાસ્ત્રથી જાણીને ઓંકારનો જપ કરે અને જપકાળમાં ઈશ્વરના સ્વરૂપથી આત્માને ભાવિત કરે તો તેનાથી તે મહાત્માને પ્રત્યક્ ચેતનાનું જ્ઞાન થાય છે.

પ્રત્યક્ચેતના શું છે તે સ્પષ્ટ કહે છે –

વિષયના પ્રતિકૂળપણાથી સ્વઃઅંતઃકરણને અભિમુખ જે દૃક્શક્તિ છે તે પ્રત્યક્ચેતના છે અને

તેવી ચેતનાનો બોધ ઈશ્વરના જપથી થાય છે અને યોગમાર્ગમાં જવામાં વિઘ્નભૂત એવા અંતરાયોનો અભાવ થાય છે.

વિશેષાર્થ :

પ્રત્યક્ચેતના એટલે મોહથી અનાકૂળ ચેતના. જે યોગીઓ ઓંકારશબ્દથી વાચ્ય મોહથી અનાકૂળ એવા સિદ્ધનાસ્વરૂપને ઉપસ્થિત કરીને ઓંકારનો જપ કરે છે અને જપકાળમાં સિદ્ધના સ્વરૂપને ફરી ફરી ચિત્તમાં ભાવન કરે છે તે મહાત્માને સર્વકર્મ રહિત એવી શુદ્ધ ચેતનાનો પૂર્વ પૂર્વ કરતા અધિક સ્પષ્ટ-સ્પષ્ટતર બોધ થાય તેવું જ્ઞાન થાય છે.

આવા યોગીઓને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવા માટે વ્યાઘાતક એવા અંતરંગ કર્મરૂપ અંતરાયો, ચિત્તના અસ્થૈર્યરૂપ અંતરાયો અને બહિરંગ વ્યાધિ વગેરે અંતરાયો દૂર થાય છે, તેથી તે યોગી સૂખપૂર્વક ઉત્તર ઉત્તરના યોગમાર્ગને સેવી શકે છે. **॥૧-૨૯॥**

અવતરણિકા :

अथ केऽन्तराया इत्याशङ्कायामाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૨૯માં કહ્યું કે, ઈશ્વરની ઉપાસનાથી અંતરાયોનો ક્ષય થાય છે તેથી હવે તે અંતરાયો કયા છે ? એ પ્રકારની આશંકામાં કહે છે –

સૂત્ર :

व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थित-त्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥१-३०॥

સૂત્રાર્થ :

વ્યાધિ, સ્ત્યાન=જડતા, સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાન્તિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ ચિત્તના વિક્ષેપો તે અંતરાયો છે=સમાધિના વિઘ્નો છે. ॥૧-૩૦॥

ટીકા :

'व्याधीति'-नवैते रजस्तमोबलात्प्रवर्तमानाश्चित्तस्य विक्षेपा भवन्ति, तैरेकाग्रता-विरोधिभिश्चित्तं विक्षिप्यत इत्यर्थः, तत्र व्याधिर्धातुवैषम्यनिमित्तो ज्वरादिः, स्त्यानमकर्मण्यता चित्तस्य, उभयकोट्यालम्बनं ज्ञानं संशयो योगः साध्यो न वेति, प्रमादो=अनवधानता=समाधिसाधनेष्वौदासीन्यम्, आलस्यं कायचित्तयोर्गुरुत्वं योगविषये प्रवृत्त्यभावहेतुः, अविरतिः=चित्तस्य विषयसम्प्रयोगात्मा गर्धः, भ्रान्तिदर्शनं=शुक्तिकायां रजतवद्विपर्ययज्ञानम्,

अलब्धभूमिकत्वं=कुतश्चिन्निमित्तात्समाधिभूमेरलाभोऽसम्प्राप्तिः, अनवस्थितत्वं लभ्धायामपि भूमौ चित्तस्य तत्राप्रतिष्ठा, त एते समाधेरेकाग्रताया यथायोगं प्रतिपक्षत्वादन्तराया इत्युच्यन्ते ॥१-३०॥

ટીકાર્થ :

નવ ..... उच्यन्ते ॥ રજ અને તમના બળથી પ્રવર્તતા એવા આ=સૂત્રમાં કહ્યા એ, નવ ચિત્તના વિક્ષેપો થાય છે. એકાગ્રતાના વિરોધી એવા તેઓ વડે=વિક્ષેપો વડે, ચિત્ત વિક્ષિપ્ત થાય છે એ પ્રમાણે અર્થ જાણવો.

ત્યાં=વ્યાધિ વગેરે અંતરાયમાં, ધાતુના વૈષમ્યનિમિત્ત જ્વરાદિ વ્યાધિ છે,

ચિત્તની અકર્મણ્યતા=કાર્ય કરવાની અક્ષમતા, स्त्यान=स्त्यान નામનો અંતરાય છે,

ઉભયકોટિના આલંબનવાળું જ્ઞાન સંશય છે.

કેવા પ્રકારનું ઉભયકોટિનું જ્ઞાન યોગમાર્ગમાં સંશય છે તે સ્પષ્ટ કરે છે –

યોગ સાધ્ય છે કે નહીં ? એ પ્રકારનો સંશય છે.

અનવધાનતા=અનાભોગ એ પ્રમાદ છે.

પ્રમાદનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

સમાધિના સાધનોમાં ઉદાસીનપણું પ્રમાદ છે. કાય અને ચિત્તનું ગુરુપણું આલસ્ય=આળસ છે, તે આલસ્ય યોગવિષયમાં પ્રવૃત્તિના અભાવનો હેતુ છે.

વિષયમાં संप्रयोगस्वरूप=સંબંધસ્વરૂપ, ચિત્તની गृद्धि=तृष्णा, અવિરતિ છે.

શુક્તિમાં રજતની પ્રતીતિસમાન વિપર્યયજ્ઞાન=વિપરીતજ્ઞાન, ભ્રાન્તિદર્શન છે.

કોઈક નિમિત્તથી સમાધિની ભૂમિનો અલાભ=અસંપ્રાપ્તિ=પ્રાપ્તિ ન થવી તે, અલબ્ધભૂમિકત્વ છે. લબ્ધ પણ=પ્રાપ્ત પણ ભૂમિ હોતે છતે=સમાધિની ભૂમિ પ્રાપ્ત થવા છતાં પણ, ચિત્તની ત્યાં=સમાધિની ભૂમિમાં અર્થાત્ સમાધિને અનુકૂળ વ્યાપારમાં, અપ્રતિષ્ઠા અનવસ્થિતત્વ છે.

એકાગ્રતાનું=એકાગ્રતારૂપ સમાધિનું, યથાયોગ પ્રતિપક્ષપણું હોવાથી તે આ=પૂર્વમાં વર્ણન કર્યા એ વ્યાધિ વગેરે, અંતરાયો છે, એ પ્રમાણે કહેવાય છે. ॥૧-૩૦॥

ભાવાર્થ :

સમાધિમાં અંતરાયભૂત વ્યાધિ વગેરે ચિત્તના વિક્ષેપોનું સ્વરૂપ :

ચિત્તના વિક્ષેપો રાગ-દ્વેષના પરિણામથી પ્રવર્તે છે, તેથી તે ચિત્તના વિક્ષેપો આત્માને પોતાના સ્વરૂપમાં એકાગ્રતાની પ્રાપ્તિમાં વિરોધી બને છે, માટે સમાધિની પ્રાપ્તિમાં તેઓને અંતરાય કહેવામાં આવે છે અને તે ચિત્તના વિક્ષેપો નવ પ્રકારના છે તે ક્રમસર બતાવે છે.

(૧) **વ્યાધિ :** ધાતુના વૈષમ્યથી દેહમાં જ્વરાદિ થાય છે અને જે જીવોને તે જ્વરાદિ રોગ પ્રત્યે અરુચિ હોય છે અને રોગરહિત અવસ્થા પ્રત્યે રાગ હોય છે તેમનું ચિત્ત વ્યાધિને કારણે રાગ-દ્વેષથી આકુળતાવાળું બને છે, તેથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવાને અનુકૂળ એકાગ્રતાનું વિરોધી ચિત્ત બને છે, તેથી વ્યાધિને સમાધિમાં ચિત્તના વિક્ષેપરૂપ અંતરાય કહ્યો છે.

(૨) **સ્ત્યાન :** જે મહાત્માઓ આત્મકલ્યાણ માટે જપાદિ ઉચિત અનુષ્ઠાનો કરતા હોય, આમ છતાં સ્ત્યાન પરિણામને=કાર્ય કરવા માટે અક્ષમતાને, કારણે ચિત્ત જપાદિની સાથે લક્ષને અભિમુખ જવા માટે કોઈ પ્રયત્ન ન કરે, તેથી બાહ્યથી કૃત્ય હોવા છતાં પણ તે કૃત્યનો અભાવ પ્રાપ્ત થાય છે તેથી સ્ત્યાનદોષ જપાદિ અનુષ્ઠાન દ્વારા સમાધિની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે.

(૩) **સંશય :** સાધક યોગી જે જપાદિ દ્વારા યોગને સાધવા માટે તત્પર થયેલ હોય તે યોગની પ્રવૃત્તિથી નિષ્પાદ્ય એવી સમાધિ પોતે પ્રગટ કરી શકશે કે નહિ ? એ પ્રકારનો સંશય વર્તતો હોય તો તે સંશય યોગી જપાદિની પ્રવૃત્તિ કરે તોપણ તે ક્રિયાથી તે પ્રકારના ભાવોની નિષ્પત્તિમાં બાધક બને છે, તેથી સંશયદોષ સમાધિમાં અંતરાયરૂપ છે.

(૪) **પ્રમાદ :** પ્રમાદ=અનવધાનતા=સમાધિની સાધનમાં ઉદાસીનતા. કોઈ સાધક યોગી સમાધિના ઉપાયભૂત જપાદિ અનુષ્ઠાનો સેવે છે, આમ છતાં જપાદિથી નિષ્પાદ્યભાવોને નિષ્પન્ન કરવાને અનુકૂળ ઉચિત યોગોને પ્રવર્તાવવામાં અયત્નવાળા હોય તે યોગી આત્મામાં સમાધિ નિષ્પન્ન કરવાને અનુકૂળ વ્યાપારરૂપ સમાધિના સાધનમાં ઉદાસીનપરિણામવાળા=ઉપેક્ષાના પરિણામવાળા, છે, તે પ્રમાદ નામનો ચિત્તનો વિક્ષેપ અંતરાયરૂપ છે અને આ પ્રમાદને કારણે જપાદિ ક્રિયાથી આત્મામાં તે પ્રકારની સમાધિ નિષ્પન્ન થતી નથી, તેથી પ્રમાદ સમાધિમાં અંતરાયરૂપ છે.

(૫) **આળસ :** કાયા અને ચિત્તનું ગુરુપણું આળસ છે અને તે આળસ યોગવિષયક પ્રવૃત્તિના અભાવનો હેતુ છે. કોઈ સાધકયોગી જપાદિ સદનુષ્ઠાનને કરતા હોય આમ છતાં કાયાની જડતાના કારણે તે તે પ્રકારના આસનમાં યત્ન કરે નહિ અને ચિત્તની જડતાને કારણે ચિત્તને લક્ષ્યને અનુરૂપ પ્રવર્તાવે નહિ તે જીવનો આળસનો પરિણામ છે અને તે રીતે જપાદિની પ્રવૃત્તિ શબ્દરૂપે થતી હોય તોપણ મોક્ષમાર્ગને અનુકૂળ ગુણવૃદ્ધિના વ્યાપારરૂપ યોગવિષયક પ્રવૃત્તિનો અભાવ પ્રાપ્ત થાય છે, તેથી આળસ સમાધિમાં અંતરાયરૂપ છે.

સ્ત્યાન, પ્રમાદ અને આલસ્ય વચ્ચેનો તફાવત :

સ્ત્યાન નામના ચિત્તવિક્ષેપમાં જપાદિ કરનારને લક્ષ્યનો બોધ હોઈ શકે, પરંતુ કોઈક કારણે ચિત્ત લક્ષ્ય તરફ જવા માટે યત્ન ન કરે તેવું શિથિલ બને છે.

પ્રમાદમાં સમાધિના ઉપાયોને જાણવામાં અને સેવવામાં ઉપેક્ષા હોય છે, માત્ર બાહ્યકૃત્યોને કરવામાં સંતોષ હોય છે.

આલસ્ય નામના ચિત્તવિક્ષેપમાં કોઈક કારણે કાયાની અને ચિત્તની જડતા વર્તે છે, તેથી સુસ્તીથી જપાદિની પ્રવૃત્તિ થાય છે.

(૬) **અવિરતિ :** અવિરતિ નામના ચિત્તવિક્ષેપમાં ઇન્દ્રિયોના વિષયોના સંપ્રયોગરૂપ=સંબંધરૂપ, ગૃદ્ધિભાવ=આસક્તિ છે. તેથી જે યોગી સમાધિની નિષ્પત્તિ અર્થે જપાદિમાં ઉદ્યમ કરતા હોય, ચિત્તમાં જડતા ન હોય આમ છતાં ઇન્દ્રિયોના વિષયોમાં ઉત્સુકતાને કારણે જપાદિમાં થતો યત્ન સમાધિના અનુકૂળ વ્યાપારમાં પ્રવૃત્ત હોવા છતાં વારંવાર વિષયોને અભિમુખ ચિત્તના ગમનને કારણે સમાધિને અનુકૂળ વ્યાપાર સમ્યગ્ થતો નથી તેથી અવિરતિ સમાધિમાં અંતરાયરૂપ છે.

(૭) **ભ્રાંતિદર્શન :** શુક્તિમાં રજતની જેમ વિપરીત બોધ ભ્રાંતિ છે, તેથી જે યોગીઓને આત્મકલ્યાણ અર્થે જપાદિની પ્રવૃત્તિ ઇષ્ટ જણાય છે છતાં તે જપાદિ દ્વારા કયા ભાવો સાધ્ય છે તેનો માર્ગાનુસારી બોધ નથી પરંતુ માત્ર બાહ્ય જપથી જ સાધ્યની સિદ્ધિ થશે તેવો બોધ છે માટે વિપરીત જ્ઞાન વર્તે છે તેના કારણે જપાદિના બળથી પણ સમાધિને અનુકૂળ યત્ન થતો નથી, તેથી ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ સમાધિ પ્રાપ્ત થતી નથી માટે ભ્રાંતિદર્શન સમાધિમાં અંતરાયરૂપ છે.

(૮) **અલબ્ધભૂમિકત્વ :** કોઈ યોગી સમાધિ અર્થે જે અનુષ્ઠાન સેવવા માટે તત્પર થયેલા હોય, તે અનુષ્ઠાનને અનુકૂળ સમાધિની ભૂમિ પ્રાપ્ત થયેલી ન હોય તો તે અનુષ્ઠાન દ્વારા પણ તે પ્રકારની ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ સમાધિ પ્રગટ થતી નથી. જેમ સર્વવિરતિને અનુરૂપ ચિત્તની ભૂમિકારૂપ સમાધિ પ્રાપ્ત થયેલી ન હોય તો સર્વવિરતિના અનુષ્ઠાનથી ઉત્તરોત્તરની ભૂમિકાની પ્રાપ્તિરૂપ સમાધિ પ્રાપ્ત થતી નથી તેથી અલબ્ધભૂમિકત્વ સમાધિમાં અંતરાયરૂપ છે.

(૯) **અનવસ્થિતત્વ :** લબ્ધભૂમિકા હોવા છતાં પણ ચિત્તની ત્યાં અપ્રતિષ્ઠા. કોઈ યોગીએ ઉચિત અનુષ્ઠાનને સેવીને તે તે પ્રકારની સમાધિને અનુકૂળ વ્યાપાર કરીને વિશિષ્ટ સમાધિ પ્રાપ્ત કરી શકે તેવી ભૂમિકા પ્રાપ્ત કરી છે અને તે ભૂમિકા પ્રાપ્ત કર્યા પછી તે સમાધિના ઉપાયભૂત અનુષ્ઠાનમાં યત્ન કરે આમ છતાં ચિત્ત ત્યાં વ્યાપારવાળું ન થાય તો અનવસ્થિતપણારૂપ ચિત્તનો વિક્ષેપ પ્રાપ્ત થાય છે માટે અનવસ્થિતત્વ સમાધિમાં અંતરાયરૂપ છે.

ભિક્ષાની ક્રિયામાં લબ્ધભૂમિકત્વ હોવા છતાં અનવસ્થિતત્વ ચિત્તનો વિક્ષેપ સમાધિમાં અંતરાયસ્વરૂપ :

જેમ કોઈ મહાત્મા શાસ્ત્રથી યથાર્થ બોધ કરીને ભિક્ષા અર્થે ગયેલા હોય અને ભિક્ષાની પ્રવૃત્તિથી સંયમના કંડકોની વૃદ્ધિ કઈ રીતે થાય છે તેનો તેમને બોધ છે અને અત્યંત અવધાનપૂર્વક તેઓ યત્ન કરે તો ભિક્ષા લાવવાની ક્રિયા દ્વારા સમભાવની વૃદ્ધિના કંડકોને પ્રાપ્ત કરી શકે તેવા છે, તેથી તેઓ લબ્ધભૂમિકાવાળા છે, આમ છતાં કોઈક પ્રકારની અજાગૃતિના પરિણામને કારણે ભિક્ષા લાવવાના કાળમાં ચિત્ત તે પ્રકારના વ્યાપારવાળું ન બને તો ભિક્ષા લાવવાની ક્રિયાથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય નહીં, તેથી અનવસ્થિતપણું સમાધિમાં અંતરાયરૂપ છે. **॥૧-૩૦॥**

અવતરણિકા :

चित्तविक्षेपकारकान् अन्यानप्यन्तरायान्प्रतिपादयितुमाह –

અવતરણિકાર્થ :

ચિત્તના વિક્ષેપને કરનારા નવ અંતરાયો પાતંજલયોગસૂત્ર-૧-૩૦માં બતાવ્યા. હવે ચિત્તના વિક્ષેપને કરનારા અન્ય પણ અંતરાયોને પ્રતિપાદન કરવા માટે=કહેવા માટે, કહે છે –

સૂત્ર :

दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासाविक्षेपसहभुवः ॥१-३१॥

સૂત્રાર્થ :

દુઃખ, દૌર્મનસ્ય, અંગમેજયત્વ=શરીરનું કંપનપણું, શ્વાસ, પ્રશ્વાસ વિક્ષેપની સાથે રહેનારા છે. ॥૧-૩૧॥

ટીકા :

'दुःखेति'-कुतश्चिन्निमित्तादुत्पन्नेषु विक्षेपेषु एते दुःखादयः प्रवर्तन्ते, तत्र दुःखं=चित्तस्य राजसः परिणामो बाधनालक्षणः, यद्बाधात् प्राणिनस्तदपघाताय प्रवर्तन्ते, दौर्मनस्यं=बाह्याभ्यन्तरैः कारणैर्मनसो दौःस्थ्यम्, अङ्गमेजयत्वं सर्वाङ्गीणो वेपथुः आसनमनःस्थैर्यस्य बाधकः, प्राणो=यद् बाह्यं वायुमाचामति स श्वासः, यत् कौष्ठ्यं वायुं निःश्वसिति स प्रश्वासः, त एते विक्षेपैः सह प्रवर्तमानाः यथोदिताभ्यासवैराग्याभ्यां निरोद्धव्या इत्येषामुपदेशः ॥१-३१॥

ટીકાર્થ :

कुतश्चित् ..... उपदेशः ॥ કોઈક નિમિત્તથી ઉત્પન્ન થયેલા વિક્ષેપમાં આ દુઃખાદિ પ્રવર્તે છે, તેથી દુઃખાદિ વિક્ષેપના સહભૂ=સાથે રહેનારા છે, એમ અન્વય છે.

ત્યાં=દુઃખાદિ વિક્ષેપોમાં, ચિત્તનો બાધના સ્વરૂપ=બાધા ઉપસ્થિત કરવા સ્વરૂપ, રાજસપરિણામ દુઃખ છે. અર્થાત્ 'આ મારું દુઃખ દૂર થાવ' એ પ્રકારના દુઃખના અભાવ પ્રત્યેનો રાગનો પરિણામ છે. જેના બાધથી=જે દુઃખના બાધથી, જીવો તેને દૂર કરવા માટે પ્રવર્તે છે.

બાહ્ય અને અને અભ્યંતર કારણોથી મનનું દુઃસ્થપણું દૌર્મનસ્ય છે.

સર્વ અંગોમાં કંપન જે કંપન આસન અને મનના સ્થૈર્યનો બાધક છે તે અંગમેજયપણું છે.

પ્રાણ જે બાહ્ય વાયુનું આચમન કરે છે તે શ્વાસ છે.

જે કૌષ્ઠ્ય વાયુનું=પ્રાણવાયુનું નિઃશ્વન કરે છે તે પ્રશ્વાસ છે.

તે આ=સૂત્ર-૩૧માં વર્ણન કર્યા એ દુઃખાદિ વિક્ષેપની સાથે પ્રવર્તતા યથોદિત=સૂત્ર ૧-૧૨થી ૧૫માં બતાવાયેલ, અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા નિરોધ કરવા યોગ્ય છે એથી આમનો=દુઃખાદિ વિક્ષેપોનો, ઉપદેશ છે. ॥૧-૩૧॥

ભાવાર્થ :

ચિત્તના વિક્ષેપના કરનારા અન્ય અંતરાયોનું સ્વરૂપ :

(૧) **દુઃખ :** યોગમાર્ગમાં પ્રવર્તતા મહાત્માઓને આધ્યાત્મિક, આધિભૌતિક કે આધિદૈવિક કોઈ પ્રકારનું દુઃખ આવે ત્યારે તે દુઃખનું બાધન=બાધ, થાય એવા રાજસ પરિણામ=રાગનો પરિણામ, થાય છે અને તે દુઃખના બાધને કારણે તે જીવો તે દુઃખને દૂર કરવા માટે પ્રવર્તે છે, તેથી જપાદિ દ્વારા સમાધિ માટે પ્રયત્ન થતો હોય તોપણ દુઃખરૂપ વિક્ષેપને કારણે જપાદિ ગુણવૃદ્ધિને અનુકૂળ બનતા નથી પરંતુ જપાદિ કાળમાં પણ ચિત્ત તો તે દુઃખોને દૂર કરવામાં વર્તે છે, માટે યોગીએ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેનો નિરોધ કરવો જોઈએ=તે દુઃખ પ્રત્યે ઉપેક્ષા કેળવવાનો અભ્યાસ કરવો જોઈએ અને દેહકૃત સુખ પ્રત્યે વિરક્તભાવ કેળવવા યત્ન કરવો જોઈએ, જેથી તે દુઃખ સમાધિમાં અંતરાયરૂપ બને નહીં.

(૨) **દૌર્મનસ્ય :** બાહ્ય કોઈ નિમિત્તથી ચિત્ત સમાધિને અનુકૂળ શાંતરસથી વિપરીતભાવને પામે અથવા અભ્યંતર એવા કોઈક રાગાદિના સંસ્કારો ઉદ્‌ભુત થવાના કારણે મન સમાધિથી વિપરીત સ્થિતિવાળું બને તે દૌર્મનસ્ય છે અને તેવી મનની સ્થિતિ વર્તતી હોય તો જપાદિની પ્રવૃત્તિ દ્વારા પણ યોગી સમાધિને પ્રાપ્ત કરી શકે નહીં, તેથી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા દૌર્મનસ્યનો નિરોધ કરવો જોઈએ, જેથી તે દૌર્મનસ્ય સમાધિમાં અંતરાયરૂપ બને નહીં.

(૩) **અંગમેજયત્વ :** સર્વ અંગોમાં કંપન ઉત્પન્ન થાય તેવો દેહનો અસ્થૈર્યભાવ પ્રગટે તે આસનના સ્થૈર્યનો બાધક હોવાથી અને મનના સ્થૈર્યનો બાધક હોવાથી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા અંગમેજયત્વનો નિરોધ કરવો જોઈએ, જેથી તે અંગમેજયત્વ સમાધિમાં અંતરાયરૂપ બને નહીં.

(૪) **શ્વાસ-પ્રશ્વાસ :** વળી શ્વાસોચ્છ્વાસના ગ્રહણની અને મોચનની ક્રિયા પણ=શ્વાસ લેવો અને શ્વાસ બહાર કાઢવો તે ક્રિયા પણ, પરમસ્થૈર્યમાં બાધક હોવાથી અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેનો નિરોધ કરવો જોઈએ, જેથી તે શ્વાસ અને પ્રશ્વાસ સમાધિમાં અંતરાયરૂપ બને નહીં.

નોંધ :

શ્વાસ અને પ્રશ્વાસને પાતંજલદર્શનકાર સમાધિમાં અંતરાયરૂપ સ્વીકારે છે. જ્યારે જૈનદર્શનકારના મતે ઉચ્છ્વાસનો રોધ કરવાનો નિષેધ છે.

ઉપરમાં વર્ણન કરેલા સર્વ વિક્ષેપોનો ત્યાગ યોગીઓએ અભ્યાસથી અને વૈરાગ્યથી કરવો જોઈએ તેથી સમાધિમાં આવતા અંતરાયો દૂર થાય અને તેના બલથી જપાદિ દ્વારો વિશિષ્ટ-વિશિષ્ટતર સમાધિ થઈ શકે. **॥૧-૩૧॥**

અવતરણિકા :

सोपद्रवविक्षेपप्रतिषेधार्थमुपायान्तरमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર-૧-૩૦માં ચિત્તના વિક્ષેપો બતાવ્યાં અને સૂત્ર ૧-૩૧માં તે વિક્ષેપોને કરનારા ઉપદ્રવો બતાવ્યા. હવે ઉપદ્રવ સહિત વિક્ષેપોના પ્રતિષેધ માટે ઉપાયાંતરને કહે છે=સૂત્ર ૧-૩૧માં તે વિક્ષેપોના પ્રતિષેધનો ઉપાય અભ્યાસ અને વૈરાગ્ય બતાવ્યો, હવે અન્ય ઉપાય બતાવે છે –

સૂત્ર :

तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ॥१-३२॥

સૂત્રાર્થ :

તેના પ્રતિષેધ માટે=વિક્ષેપોના પ્રતિષેધ માટે, એકતત્ત્વમાં અભ્યાસ કરવો જોઈએ અર્થાત્ કોઈ એકવિષયમાં ચિત્તનું ફરી ફરી સ્થાપન કરવું જોઈએ. ॥૧-૩૨॥

ટીકા :

'तदिति'-तेषां=विक्षेपाणां प्रतिषेधार्थमेकस्मिन् कस्मिंश्चिदभिमते तत्त्वेऽभ्यासश्चेतसः पुनः पुनर्निवेशनं कार्यः, यद्बलात् प्रत्युदितायामेकाग्रतायां विक्षेपाः प्रणाशमुपयान्ति ॥१-३२॥

ટીકાર્થ :

तेषां ..... उपयान्ति ॥ તેઓનો=વિક્ષેપોનો, પ્રતિષેધ કરવા માટે અર્થાત્ નિવારણ માટે, કોઈક અભિમત એવા એકતત્ત્વમાં અભ્યાસ કરવો જોઈએ=ચિત્તનું ફરી ફરી સ્થાપન કરવું જોઈએ. જેના બળથી=એકતત્ત્વના અભ્યાસના બળથી, પ્રગટ થયેલી એકાગ્રતામાં વિક્ષેપો પ્રનાશને=પ્રકૃષ્ટ નાશને, પામે છે. ॥૧-૩૨॥

ભાવાર્થ :

સોપદ્રવ વિક્ષેપોના નાશ માટે અન્ય ઉપાય :

યોગમાર્ગની પ્રવૃત્તિમાં ચિત્તના વિક્ષેપો ઉત્તરોત્તરની ભૂમિકામાં જવા માટે અંતરાયભૂત છે અને તે વિક્ષેપોને દૂર કરવા માટે યોગીપુરુષોએ કોઈ એકતત્ત્વમાં ચિત્તને સ્થાપન કરવા માટે અભ્યાસ કરવો જોઈએ=ફરી ફરી તે તત્ત્વનું ભાવન કરવું જોઈએ. જેના બળથી આત્મામાં એકાગ્રતા આવે છે, તેથી ચિત્તના વિક્ષેપો નાશ પામે છે.

જૈનદર્શનાનુસાર ચિત્તના વિક્ષેપોના નાશ માટે ઉપાય :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર ચિત્તના વિક્ષેપોને દૂર કરવા માટે અરિહંત, સિદ્ધ, સાધુ કે પ્રવચનમાંથી કોઈક એક તત્ત્વનું અવલંબન લઈને શ્રુતના બળથી તેના સ્વરૂપમાં ફરી ફરી ચિત્તને

સ્થાપન કરવામાં આવે તો અરિહંતાદિના ગુણોથી ભાવિત થયેલું ચિત્ત તે ભાવોમાં સ્થિરતાને પામે છે, જેના કારણે ચિત્તના વિક્ષેપો દૂર થાય છે. **॥૧-૩૨॥**

अवतरणिका :

इदानीं चित्तसंस्कारापादकपरिकर्मकथनमुपायान्तरमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૩૨માં ચિત્તના વ્યોક્ષેપોને દૂર કરવાનો ઉપાયો બતાવ્યા. હવે ચિત્તના સંસ્કારના આપાદક=ચિત્તના ઉત્તમ સંસ્કારના આપાદક એવા પરિકર્મના કથનરૂપ ઉપાયાંતરને કહે છે અર્થાત્ ચિત્તના વ્યાક્ષેપના પરિહાર માટે ચિત્તને પરિકર્મિત કરવાના ઉપાયોને કહે છે –

सूत्र :

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्त-प्रसादनम् ॥१-३३॥

सूत्रार्थ :

સુખ-દુઃખ પુણ્ય અને અપુણ્યવિષયવાળી મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાના ભાવનથી ચિત્તનું પ્રસાદન ચિત્તના વિક્ષેપોના પરિહારનો ઉપાય છે. ॥૧-૩૩॥

टीका :

'मैत्रीति'-मैत्री सौहार्दम्, करुणा कृपा, मुदिता हर्षः, उपेक्षौदासीन्यम्, एता यथाक्रमं सुखितेषु दुःखितेषु पुण्यवत्सु अपुण्यवत्सु च विभावयेत् । तथाहि-सुखितेषु साधु एषां सुखित्वमिति मैत्रीं कुर्यान्न तु ईर्ष्याम्, दुःखितेषु कथं नु नामैषां दुःखनिवृत्तिः स्यादिति कृपामेव कुर्यान्न ताटस्थ्यम्, पुण्यवत्सु पुण्यानुमोदनेन हर्षमेव कुर्यान्न तु किमेते पुण्यवन्त इति विद्वेषम्, अपुण्यवत्सु चौदासीन्यमेव भावयेन्नानुमोदनं न वा द्वेषम्, सूत्रे सुखदुःखादि-शब्दैस्तद्वन्तः प्रतिपादिताः, तदेवं मैत्र्यादिपरिकर्मणा चित्ते प्रसीदति सुखेन समाधेराविर्भावो भवति, परिकर्म चैतद् बाह्यं कर्म, यथा गणिते मिश्रकादिव्यवहारो गणितनिष्पत्तये सङ्कलितादिकर्मोपकारकत्वेन प्रधानकर्मनिष्पत्तये भवति, एवं द्वेषरागादिप्रतिपक्ष-भूतमैत्र्यादिभावनया समुत्पादितप्रसादं चित्तं सम्प्रज्ञातादिसमाधियोग्यं सम्पद्यते, रागद्वेषावेव मुख्यतया विक्षेपमुत्पादयतः, तौ चेत् समूलमुन्मिलीतौ स्यातां तदा प्रसन्नत्वान्मनसो भवत्येकाग्रता ॥१-३३॥

ટીકાર્થ :

मैत्री ..... विभावयेत्, મૈત્રી=સૌહાર્દ, करुणा=કૃપા, मुदिता=હર્ષ, उपेक्षा=ઔદાસીન્ય અર્થાત્ ઉદાસીનભાવ.

આ મૈત્રી આદિ સુખવાળા જીવોમાં, દુ:ખવાળા જીવોમાં, પુણ્યવાળા જીવોમાં અને અપુણ્યવાળા જીવોમાં યથાક્રમ વિભાવન કરવી જોઈએ.

तथाहि – તે આ પ્રમાણે –

सुखितेषु ..... ईर्ष्याम्, સુખવાળા જીવોમાં એમનું સુખીપણું साधु=સુંદર છે, એ પ્રમાણે મૈત્રી કરવી જોઈએ, પરંતુ ઇર્ષ્યા કરવી જોઈએ નહિ.

दुःखितेषु ..... ताटस्थ्यम्, દુ:ખવાળા જીવોમાં કેવી રીતે એમના દુ:ખોની નિવૃત્તિ થાય એ પ્રકારે કૃપા જ કરવી જોઈએ, પરંતુ તટસ્થતા ધારણ કરવી જોઈએ નહિ.

पुण्यवत्सु ..... विद्वेषम्, પુણ્યવાળા જીવોમાં પુણ્યના અનુમોદનથી હર્ષ જ કરવો જોઈએ, પરંતુ કેમ આ લોકો પુણ્યવાળા છે, એ પ્રકારે વિદ્વેષ કરવો જોઈએ નહિ.

अपुण्यवत्सु ..... न वा द्वेषम् । અપુણ્યવાળા જીવોમાં ઔદાસીન્ય=ઉદાસીનભાવ, ભાવન કરવો જોઈએ, અનુમોદન કે દ્વેષ કરવો જોઈએ નહિ.

सूत्रे ..... प्रतिपादिताः । પ્રસ્તુત સૂત્રમાં સુખ-દુ:ખાદિ શબ્દથી તદ્વાન=સુખ-દુ:ખાદિવાળા પ્રતિપાદિત=કહેલા છે. તેથી ટીકાકારે सुखित, दुःखित, पुण्यवान्, અને अपुण्यवान् ગ્રહણ કરેલા છે.

મૈત્રી આદિ ચાર ભાવનાનું નિગમન કરતાં કહે છે –

तदेवं ..... सम्पद्यते, આ રીતે મૈત્ર્યાદિ પરિકર્મથી ચિત્ત પ્રસાદ પામે છતે અર્થાત્ પ્રસન્ન થયે છતે, સુખથી સમાધિનો આવિર્ભાવ થાય છે અને આ=મૈત્રી, કરુણા, મુદિતા ઉપેક્ષારૂપ પરિકર્મ બાહ્ય કર્મ છે.

જે પ્રમાણે – ગણિતમાં મિશ્રકાદિ વ્યવહાર સરવાળો કે ગુણાકાર આદિ કરવાનો વ્યવહાર, ગણિતની નિષ્પત્તિ માટે=ગણિતની સિદ્ધિ માટે, સંકલિતાદિકર્મના ઉપકારકપણાથી પ્રધાનકર્મની નિષ્પત્તિ માટે થાય છે=ગણિતની સંખ્યાની પ્રાપ્તિ માટે થાય છે. એ પ્રમાણે દ્વેષ-રાગ આદિના પ્રતિપક્ષભૂત મૈત્રી આદિ ભાવનાથી સમુત્પાદિત પ્રસાદવાળું=ઉત્પન્ન થયેલી પ્રસન્નતાવાળું, ચિત્ત સંપ્રજ્ઞાતાદિસમાધિ યોગ્ય થાય છે.

કેમ દ્વેષ-રાગાદિના પ્રતિપક્ષભૂત મૈત્રી આદિ ભાવનાથી સંપ્રજ્ઞાતાદિસમાધિને યોગ્ય ચિત્ત બને છે ?

તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

रागद्वेषावेव ..... एकाग्रता ॥ રાગ-દ્વેષ જ મુખ્યપણાથી વિક્ષેપોને ઉત્પાદન કરે છે અને તે બે=રાગ અને દ્વેષ, જો મૂળ સહિત ઉન્મૂલિત થાય તો=મૂળ સહિત નાશ પામે તો, પ્રસન્નપણાને કારણે મનની એકાગ્રતા થાય છે. ॥૧-૩૩॥

ભાવાર્થ :

મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાના ભાવનથી ચિત્તનું પ્રસાદન ચિત્તના વિક્ષેપોના પરિહારનો ઉપાય :

પાતંજલમતાનુસાર મૈત્રી આદિ ભાવનાઓ આ પ્રમાણે છે –

(૧) **મૈત્રીભાવનાનું સ્વરૂપ :** સંસારવર્તી જે જીવો સુખી છે તે જીવો પ્રત્યે આ જીવોનું સુખીપણું સારું છે એ પ્રકારની બુદ્ધિ થાય એ મૈત્રી છે અને આ પ્રકારની મૈત્રી કરવાથી સુખવાળા જીવોમાં ઈર્ષ્યા થતી નથી.

(૨) **કરુણાભાવનાનું સ્વરૂપ :** સંસારવર્તી જે જીવો દુઃખી છે તે દુઃખી જીવોમાં કેવી રીતે એમના દુઃખની નિવૃત્તિ થાય એ પ્રકારનો કૃપાનો પરિણામ કરુણા છે અને આ પ્રકારની કરુણા રાખવાથી દુઃખવાળા જીવો પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ થતો નથી.

(૩) **મુદિતાભાવનાનું સ્વરૂપ :** સંસારવર્તી જે જીવો પુણ્યશાળી છે તે જીવોમાં તેમના પુણ્યના અનુમોદનથી હર્ષ થાય એ મુદિતા છે અને આ પ્રકારની મુદિતા થવાથી પુણ્યવાળા જીવો પ્રત્યે આ પુણ્યવાળા કેમ છે એ પ્રકારનો દ્વેષ થતો નથી.

(૪) **ઉપેક્ષાભાવનાનું સ્વરૂપ :** સંસારવર્તી જે જીવો અપુણ્યશાળી છે તે અપુણ્યવાળા જીવોમાં ઔદાસીન્ય=ઉદાસીનભાવ, એ ઉપેક્ષા છે અને આ પ્રકારની ઉપેક્ષા રાખવાથી અપુણ્યવાળા જીવોની અનુમોદના થતી નથી અને દ્વેષ પણ થતો નથી.

મૈત્ર્યાદિ ભાવનાઓથી ચિત્ત પ્રસન્ન થઈ જવાથી સુખપૂર્વક સમાધિનો આવિર્ભાવ :

આ રીતે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા ભાવનાઓ કરવાથી ચિત્ત પ્રસાદવાળું થાય છે અર્થાત્ બીજા જીવોને આશ્રયીને કલુષતાવાળું થતું નથી તેથી સુખપૂર્વક સમાધિનો આવિર્ભાવ થાય છે.

બાહ્યજીવોને આશ્રયીને રાગ-દ્વેષનું કાલુષ્ય ન થાય તો સમાધિના ઉપાયના સેવનથી ચિત્તમાં એકાગ્રતાની પ્રાપ્તિ :

આ મૈત્રી આદિ ચારનું ભાવન પાતંજલદર્શનાનુસાર બાહ્યકર્મ છે, તેથી સંસારી અન્ય જીવોને જોઈને ચિત્તમાં કાલુષ્ય-કલુષતા ન થાય તેવો પરિણામ થાય છે તે સ્વયં સમાધિનું કારણ નથી પરંતુ સમાધિમાં જવા માટે સહાયક અંગ છે; કેમ કે બાહ્ય જીવોને આશ્રયીને ચિત્ત કાલુષ્યયુક્ત ન થાય તો અર્થાત્ બાહ્યજીવોને આશ્રયીને રાગ-દ્વેષનું કાલુષ્ય ન થાય તો, સમાધિના ઉપાયના સેવનથી ચિત્તમાં એકાગ્રતા આવે છે, તેથી સમાધિ પ્રગટે છે. **॥૧-૩૩॥**

પાતંજલયોગસૂત્ર ૧-૩૩ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

પ્રકૃતમ્=પ્રસ્તુત મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાનું સ્વરૂપ પ્રસ્તુત છે તેને બતાવે છે –

[ય.] વ્યાખ્યા-અસ્માદાચાર્યાસ્તુ-

"परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१॥"

इति लक्षयित्वा

"उपकारिस्वजनेतरसामान्यगता चतुर्विधा मैत्री ।
मोहासुखसंवेगाऽन्यहितयुता चैव करुणा तु ॥२॥
सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु ।
करुणा तु बन्धनिर्वेदतत्त्वसारा ह्युपेक्षेति" ॥३॥

इति भेदप्रदर्शनपूर्वं

"एताः खल्वभ्यासात् क्रमेण वचनानुसारिणां पुंसाम् ।
संद्वृत्तानां सततं श्राद्धानां परिणमन्त्युच्चैः" ॥४॥

इति परिक्रमविधिमाहुः । तत्त्वमत्रत्यमस्मत्कृतषोडशकटीकायाम् ॥

અર્થ :

अस्मदाचार्यस्तु – પાતંજલયોગસૂત્ર ૧-૩૩ સૂત્ર ઉપર અમારા આચાર્ય વળી

परहित ..... मुपेक्षा ॥ १॥ પરના હિતની ચિંતા મૈત્રી, પરદુઃખનો વિનાશ કરનારી કરુણા, પરના સુખમાં તૃષ્ટિ=આનંદ, મુદિતા, પરના દોષનું ઉપેક્ષણ=ઉપેક્ષા કરવી એ ઉપેક્ષા."

एवं लक्षयित्वा એ પ્રમાણે લક્ષ કરીને

"उपकारि ..... करुणा तु ॥२॥

"सुखमात्रे ..... ह्युपेक्षेति" ॥३॥ "ઉપકારી, સ્વજન, ઇતર અને સામાન્યગત ચાર પ્રકારની મૈત્રી છે અર્થાત્ ઉપકારીવિષયક, સ્વજનવિષયક, ઇતરવિષયક અને સામાન્યવિષયક એ પ્રમાણે ચાર પ્રકારની મૈત્રી છે.

વળી મોહ, અસુખ, સંવેગ અને અન્યહિત યુક્ત ચાર પ્રકારની કરુણા છે અર્થાત્ મોહ્યુક્ત, અસુખયુક્ત, સંવેગયુક્ત અને અન્યહિતયુક્ત એ પ્રમાણે ચાર પ્રકારની કરુણા છે. ॥૨॥

વળી સુખમાત્રમાં, સદ્ધેતુમાં=સદ્હેતુમાં, અનુબંધયુક્તમાં અને પરમાં=પ્રકૃષ્ટમાં મુદિતા છે.

વળી કરુણા, બંધ, નિર્વેદ અને તત્ત્વસાર ઉપેક્ષા છે અર્થાત્ કરુણાસાર, અનુબંધસાર, નિર્વેદસાર અને તત્ત્વસાર એ પ્રમાણે ચાર પ્રકારની ઉપેક્ષા છે. ઇતિ શબ્દ મૈત્રી વગેરે ભાવનાના કથનની સમાપ્તિ સૂચક છે."

इति भेदप्रदर्शनपूर्वं=આ પ્રકારના ભેદ પ્રદર્શનપૂર્વક=આ પ્રકારના ભેદ બતાવવાપૂર્વક

"एता ..... परिणमन्त्युच्चैः" ॥४॥

"વચનાનુસારી, સદ્વૃત્તવાળા, શ્રદ્ધાવાળા એવા પુરુષોને ખરેખર સતત અભ્યાસથી ક્રમ વડે આ મૈત્ર્યાદિ ચાર, અત્યંત પરિણમન પામે છે."

इति ..... आहुः=આ પ્રકારે પરિકર્મવિધિને કહે છે=મૈત્ર્યાદિ ચાર ભાવોને ભાવન કરીને ચિત્તના પરિકર્મની વિધિને કહે છે.

તત્ત્વમ્ ..... ષોડશકટીકાયામ્ ।

આ વિષયમાં તત્ત્વ અમારાથી કરાયેલી=પૂ. ઉપાધ્યાય યશોવિજય મહારાજ વડે કરાયેલી, ષોડશકની ટીકામાં છે.

ભાવાર્થ :

ષોડશકગ્રંથમાં પૂ. આચાર્યહરિભદ્રસૂરિ મહારાજાએ બતાવેલ મૈત્ર્યાદિ ચાર ભાવોનું સ્વરૂપ :

અમારા આચાર્ય પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે મૈત્ર્યાદિ ચાર ભાવો પતંજલિઋષિએ પ્રસ્તુત સૂત્રમાં બતાવ્યા તેના કરતાં કાંઈક જુદા સ્વરૂપે બતાવે છે –

(૧) **મૈત્રીભાવનાનું સ્વરૂપ :** 'પરહિતચિંતા' તે મૈત્રી છે. તેનાથી જગતના જીવમાત્ર પ્રત્યે સ્વ આત્મતુલ્ય હિતચિંતાનો પરિણામ થાય છે, તેથી સમભાવની વૃદ્ધિનું કારણ એવો મૈત્રીનો પરિણામ થાય છે.

(૨) **કરુણાભાવનાનું સ્વરૂપ :** 'પરના દુઃખને નાશ કરવાવાળી' કરુણા છે. તેનાથી જગતના જીવો પ્રત્યે કોમળ પરિણામ વર્તે છે, તે પરિણામ ક્રૂરતાનો વિરોધી છે અને વિવેકયુક્ત કરુણા સર્વજીવોના બાહ્ય દુઃખોને અને અંતરંગ દુઃખોને નાશ કરવા માટે ઉચિત વ્યાપાર કરાવે છે.

જેમ-વીરભગવાને ચંડકૌશિક ઉપર કરુણા કરી તેનાથી ચંડકૌશિકને તત્ત્વનો બોધ પ્રાપ્ત થયો.

(૩) **મુદિતાનું સ્વરૂપ :** 'પરના સુખમાં તુષ્ટિ=આનંદ' મુદિતા છે. વિવેકપૂર્વકના પરના સુખો સાનુબંધ યોગમાર્ગની પ્રવૃત્તિથી થાય છે. તેથી વિવેકપૂર્વકની યોગમાર્ગની પ્રવૃત્તિને જોઈને જે પ્રમોદનો પરિણામ છે તે મુદિતા છે, તેનાથી ગુણ પ્રત્યેનો પક્ષપાત વધે છે.

(૪) **ઉપેક્ષાનું સ્વરૂપ :** 'પરના દોષોની ઉપેક્ષા કરવી' તે ઉપેક્ષા છે. તેથી બીજાના દોષોને જોઈને તેના પ્રત્યે દ્વેષ થતો નથી પરંતુ મધ્યસ્થભાવ પ્રગટે છે.

આ રીતે મૈત્ર્યાદિ ચાર ભાવો ઉચિત પરિણામરૂપ હોવાથી સંયમની વૃદ્ધિના કારણો બને છે તેને લક્ષ કરીને મૈત્રી આદિ ચાર ભાવો જગતના જીવોમાં કેવા કેવા પ્રકારના સંભવી શકે તે બતાવવા અર્થે શ્લોક-૨-૩માં તેના ચાર-ચાર ભેદો બતાવ્યા છે. તેનું વિસ્તારથી વર્ણન પૂ. ઉપાધ્યાય મહારાજે કરેલ ષોડશકની ટીકાના અમારા વડે કરાયેલા વિવેચનથી જાણવું.

આ રીતે મૈત્રી આદિ દરેકના ચાર-ચાર ભેદો બતાવવા પૂર્વક ષોડશકગ્રંથમાં પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે, જે સાધુપુરુષો જિનવચનાનુસાર સર્વપ્રવૃત્તિઓ કરનારા છે, સત્ચારિત્રવાળા છે, સતત જિનવચનમાં સ્થિર શ્રદ્ધાવાળા છે તેવા મહાત્માઓ શ્લોક-૧માં બતાવી તેવા મૈત્રી આદિ ભાવોને લક્ષ કરીને મૈત્રી આદિ ભાવોનો અભ્યાસ કરે તો ક્રમથી આ મૈત્રી આદિ ભાવો અત્યંત પરિણામ પામે છે, તેનાથી સંયમના વિશિષ્ટ પ્રકારના કંડકોની પ્રાપ્તિ થાય છે આ પ્રકારની ચિત્તના પરિકર્મની વિધિને=ચિત્તને ભાવનાઓથી ભાવિત કરવાની વિધિને, અમારા આચાર્યશ્રી હરિભદ્રસૂરિ કહે છે. તેથી પાતંજલદર્શનકારે જે મૈત્ર્યાદિ ચાર ભાવો ચિત્તના પરિકર્મ

માટે બતાવેલ છે તે કાંઈક સુંદર હોવા છતાં જે પ્રકારનું મૈત્ર્યાદિ ચારનું સ્વરૂપ બતાવ્યું છે તે સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત પરિણામરૂપ નહિ હોવાથી કાંઈક અસંબદ્ધ પદાર્થરૂપ છે.

અવતરણિકા :

उपायान्तरमाह –

અવતરણિકાર્થ :

ચિત્તના વિક્ષેપના પરિહાર માટેના અર્થાત્ ચિત્તની એકાગ્રતાના, ઉપાયાંતરને=અન્ય ઉપાયને, કહે છે –

સૂત્ર :

प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ॥१-३४॥

સૂત્રાર્થ :

પ્રાણના પ્રચ્છર્દન અને વિધારણ દ્વારા=કૌષ્ઠ્યવાયુના પ્રાણવાયુનું બહાર નિઃસારણ અને બહાર ગતિના વિચ્છેદ દ્વારા, ચિત્તના વિક્ષેપોનો પરિહાર થાય છે એમ અન્વય છે. ॥૧-૩૪॥

ટીકા :

'प्रच्छर्दनेति'-प्रच्छर्दनं कौष्ठ्यस्य वायोः प्रयत्नविशेषान्मात्राप्रमाणेन बहिर्निःसारणम्, विधारणं मात्राप्रमाणेनैव प्राणस्य वायोर्बहिर्गतिविच्छेदः, स च द्वाभ्यां प्रकाराभ्यां बाह्यास्याभ्यन्तरापूरणेन पूरितस्य वा तत्रैव निरोधेन, तदेवं रेचकपूरककुम्भकभेदेन त्रिविधः प्राणायामश्चित्तस्य स्थितिमेकाग्रतया निबध्नाति, सर्वासामिन्द्रियवृत्तीनां प्राणवृत्तिपूर्वकत्वात्, मनःप्राणयोश्च स्वव्यापारे परस्परमेकयोगक्षेमत्वाज्जीयमानः प्राणः समस्तेन्द्रियवृत्ति-निरोधद्वारेण चित्तस्यैकाग्रतायां प्रभवति, समस्तदोषक्षयकारित्वं चास्याऽऽगमे श्रूयते, दोषकृताश्च सर्वा विक्षेपवृत्तयः, अतो दोषनिर्हरणद्वारेणाप्यस्यैकाग्रतायां सामर्थ्यम् ॥१-३४॥

ટીકાર્થ :

प्रच्छर्दनं ..... सामर्थ्यम् ॥ પ્રયત્નવિશેષથી કૌષ્ઠ્યવાયુનું=પ્રાણવાયુનું, માત્રા પ્રમાણ વડે અર્થાત્ ચોક્કસ માત્રા વડે બહાર નિઃસારણ=બહાર કાઢવું એ પ્રચ્છદન=રેચક છે.

માત્રા પ્રમાણથી જ અર્થાત્ ચોક્કસ માત્રા વડે જ પ્રાણવાયુની બહાર ગતિનો વિચ્છેદ એ વિધારણ છે અને તે વિધારણ બે પ્રકારથી છે –

કયા બે પ્રકારથી વિધારણ છે તે સ્પષ્ટ કહે છે –

બાહ્યનું અભ્યંતરપૂરણથી=બાહ્યવાયુને અભ્યંતર આપૂરણ કરવાથી, અથવા આપૂરણ દ્વારા પુરાયેલ વાયુને ત્યાં જ નિરોધ કરવાથી પૂરક અને કુંભકરૂપ બેભેદવાળું વિધારણ છે, એ પ્રમાણે અન્વય છે.

ઉપરમાં કહ્યું એ કથનનું નિગમન કરતાં કહે છે –

આ રીતે=પ્રચ્છદન અને બે પ્રકારનું વિધારણ બતાવ્યું એ રીતે, રેચક, પૂરક અને કુંભકના ભેદથી ત્રણ પ્રકારનો પ્રાણાયામ ચિત્તની સ્થિતિને એકાગ્રતાથી બાંધે છે.

અહીં પ્રશ્ન થાય કે, પ્રાણાયામથી ચિત્તની એકાગ્રતા કઈ રીતે થાય ? તેથી કહે છે –

સર્વ ઇન્દ્રિયોની વૃત્તિનું પ્રાણવૃત્તિપૂર્વકપણું હોવાથી અને મન અને પ્રાણનું સ્વવ્યાપારમાં પરસ્પર એક યોગ-ક્ષેમપણું હોવાથી અર્થાત્ પરસ્પર એક પ્રકારે પ્રવૃત્ત હોવાથી, જીતાતો પ્રાણ=પ્રાણાયામ દ્વારા જીતાતો પ્રાણ, સમસ્ત ઇન્દ્રિયોની વૃત્તિના નિરોધ દ્વારા ચિત્તની એકાગ્રતામાં સમર્થ બને છે. અને આનું=પ્રાણાયામનું, સમસ્ત દોષક્ષયકારીપણું અર્થાત્ સમસ્તદોષને ક્ષય કરવાપણું, આગમમાં સંભળાય છે. અને દોષકૃત=રાગ-દ્વેષ આદિ દોષો દ્વારા કરાયેલી, સર્વ વિક્ષેપવૃત્તિઓ છે, આથી દોષોના નિર્હરણ દ્વારા=દોષોના વિનાશ દ્વારા પણ, આનું=પ્રાણાયામનું, એકાગ્રતામાં સામર્થ્ય છે. ॥૧-૩૪॥

ભાવાર્થ :

પાતંજલદર્શનકારના મતે ચિત્તની એકાગ્રતા માટે અન્ય ઉપાયનું કથન :

રેચક-પૂરક અને કુંભકસ્વરૂપ પ્રાણાયામ દ્વારા ચિત્તની એકાગ્રતા :

પાતંજલદર્શનકાર ચિત્તના સ્થૈર્ય માટે પ્રાણાયામને ઉપાયરૂપે સ્વીકારે છે અને તે પ્રાણાયામ કરવા માટે ત્રણ પ્રક્રિયા બતાવે છે –

(૧) રેચક, (૨) પૂરક અને (૩) કુંભક.

(૧) રેચક પ્રાણાયામનું સ્વરૂપ :

કોષ્ઠમાં રહેલ વાયુને પ્રયત્નવિશેષથી ચોક્કસ માત્રા પ્રમાણથી બહાર કાઢવામાં આવે તે ક્રિયાને પ્રચ્છદન ક્રિયા કહેવાય છે તે રેચક પ્રાણાયામસ્વરૂપ છે.

(૨) કુંભક પ્રાણાયામ અને પૂરક પ્રાણાયામનું સ્વરૂપ :

ચોક્કસ માત્રા પ્રમાણથી પ્રાણવાયુની બહાર ગતિનો વિચ્છેદ કરવામાં આવે છે તેને વિધારણ કહેવામાં આવે છે=વિશેષ પ્રકારે પ્રાણને ધારણ કરવાની ક્રિયા કહેવામાં આવે છે.

પ્રાણને વિશેષ પ્રકારે ધારણની ક્રિયા બે પ્રકારની છે. (૧) બાહ્યવાયુને અભ્યંતર પૂરણ દ્વારા જે વિધારણ કરાય છે તેને પૂરક કહેવાય છે.

(૨) અભ્યંતર પૂરણ કરાયેલા વાયુને ત્યાં જ ધારી રાખવામાં આવે તેને કુંભક કહેવાય છે.

આ રેચક, પૂરક અને કુંભક ત્રણ પ્રકારના પ્રાણાયામથી ચિત્તની સ્થિતિ એકાગ્રતાવાળી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયારૂપ પ્રાણાયામ દ્વારા ચિત્તની એકાગ્રતા કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

મન અને પ્રાણનું સ્વવ્યાપારમાં પરસ્પર એક યોગક્ષેમપણું હોવાથી પ્રાણાયામ દ્વારા સમસ્ત ઇન્દ્રિયોની વૃત્તિના નિરોધથી એકાગ્રતા :

દરેક ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પ્રાણની પ્રવૃત્તિપૂર્વક છે, તેથી દેહમાં વર્તતો વાયુરૂપ પ્રાણ જે પ્રમાણે ગતિ કરે છે તે પ્રમાણે ઇન્દ્રિયો ઉત્સુક થઈને વિષયો તરફ પ્રવર્તે છે અને મન અને પ્રાણનું સ્વવ્યાપારમાં પરસ્પર એક યોગક્ષેમપણું છે, તેથી જ્યાં પ્રાણ હોય ત્યાં મન જાય છે, માટે પ્રાણાયામ દ્વારા પ્રાણને જીતવામાં આવે તો ઇન્દ્રિયોની વૃત્તિઓનો નિરોધ થાય છે અને ચિત્ત જે વિષયમાં સ્થાપન કરવામાં આવે તે વિષયમાં એકાગ્રતાની પ્રાપ્તિ થાય છે માટે પ્રાણાયામ ચિત્તની એકાગ્રતાથી ચિત્તના વિક્ષેપોના પરિહારનું કારણ બને છે.

વળી પ્રાણાયામ દ્વારા ચિત્તની એકાગ્રતા કઈ રીતે સંભવે ? તેમાં પાતંજલદર્શનકાર બીજી યુક્તિ બતાવે છે –

આગમમાં પ્રાણાયામનું સમસ્ત દોષક્ષયકારિપણું સંભળાતું હોવાથી દોષોના વિનાશ દ્વારા પ્રાણાયામનું એકાગ્રતામાં સામર્થ્ય :

આગમમાં પ્રાણાયામનું સમસ્ત દોષોને ક્ષય કરવાપણું સંભળાય છે અને દોષકૃત સર્વ વિક્ષેપો છે, તેથી પ્રાણાયામ દ્વારા દોષોનો નાશ થાય છે અને તેના કારણે પણ એકાગ્રતામાં સામર્થ્ય પ્રગટે છે, તેથી પ્રાણાયામ ચિત્તના વિક્ષેપોના નિવારણ દ્વારા આત્મકલ્યાણનું કારણ બને છે. **॥૧-૩૪॥**

પાતંજલયોગસૂત્ર ૧-૩૪ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

પ્રકૃતમ્-પાતંજલયોગસૂત્ર ૧-૩૪માં કહ્યું કે પ્રાણના પ્રચ્છર્દન અને વિધારણ દ્વારા ચિત્તના વિક્ષેપોનો પરિહાર થાય છે તે પ્રકૃતવિષયક ઉપાધ્યયજી મહારાજ કહે છે –

[य.] व्याख्या-अनैकान्तिकमेतत्, प्रसह्य ताभ्यां मनोव्याकुलीभावात् "ऊसासं ण णिरुंभई" **(आवश्यकनिर्युक्तिः १५१०) इत्यादिपारमर्षे तन्निषेधाच्च, इति वयम् ॥**

અર્થ :

अनैकान्तिकम् ..... वयम् ॥ આ અનૈકાંતિક છે=રેચક, પૂરક અને કુંભકરૂપ પ્રાણાયામથી ચિત્તના વિક્ષેપોનો પરિહાર થાય છે અને તેનાથી યોગમાર્ગમાં એકાગ્રતા પ્રાપ્ત થાય છે એ અનૈકાંતિક છે.

કેમ અનૈકાંતિક છે તેથી કહે છે –

પ્રસહ્ય એવા તેના દ્વારા=હઠપૂર્વક થતાં એવા પ્રાણાયામ દ્વારા, મનનો વ્યાકુલીભાવ થાય છે અને

"ઉસાસનો=ઉચ્છ્વાસનો નિરોધ કરવો જોઈએ નહિ." (આવશ્યકનિર્યુક્તિ ૧૫૧૦) ઇત્યાદિ "પરમઋષિના વચનથી તેનો નિષેધ છે. એ પ્રમાણે અમે=પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ, કહે છે.

ભાવાર્થ :

રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામાથી યોગમાર્ગવિષયક એકાગ્રતા અનૈકાંતિક :

પતંજલિઋષિએ રેચક, પૂરક અને કુંભક દ્વારા ત્રણ પ્રકારનો પ્રાણાયામ બતાવ્યો તે એકાન્તિક યોગમાર્ગવિષયક એકાગ્રતાનું કારણ નથી; કેમ કે શક્તિના અતિશયથી પ્રાણાયામ કરવામાં આવે તો મન વ્યાકુળ થાય છે, તેથી એકાગ્રતા થતી નથી.

વળી આગમમાં ઉચ્છ્વાસના નિરોધનો નિષેધ કરેલો છે, તેથી ચિત્તની શુદ્ધિ અર્થે શ્વાસ-ઉચ્છ્વાસનો નિરોધ ઇષ્ટ નથી. ફક્ત જે જીવોનું મન અતિચંચળ છે તે જીવો પ્રાથમિક ભૂમિકામાં ચિત્તને સ્થિર કરવા માટે શક્તિના સમાલોચનપૂર્વક પ્રાણાયામ કરે તો કાંઈક રીતે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે, તે સ્થિરતા આત્મકલ્યાણનું અંગ નથી, આમ છતાં સ્થિર થયેલું ચિત્ત યોગમાર્ગની પ્રવૃત્તિમાં સહાયક બને છે, તેથી પ્રાણાયામને એકાંત દોષરૂપે કહેલ નથી પરંતુ અનૈકાન્તિક છે, તેમ કહેલ છે.

ભાવપ્રાણાયામ દ્વારા ચિત્તના વિક્ષેપોનો પરિહાર થવાથી યોગમાર્ગવિષયક એકાગ્રતા એકાંતિક :

વસ્તુતઃ ચિત્તના સ્થૈર્ય માટે જિનવચનાનુસાર તત્ત્વનું ભાવન કરવું ઇષ્ટ છે અને તેના માટે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં કહેલ છે તે પ્રમાણે ભાવ પ્રાણાયામ ઇષ્ટ છે. તેમાં અશુભભાવોનું રેચન, શુભભાવોનું પૂરણ અને શુભભાવોનું પૂરણ કર્યા પછી તેનું કુંભન કરવામાં આવે છે.

જેમ-દુષ્કૃતની નિંદા કરવા દ્વારા કે ઇર્યાપથના પ્રતિક્રમણ દ્વારા અશુભભાવોનું રેચન કરીને ત્યારપછી યોગમાર્ગને સ્પર્શનારા ગુણવાન પુરુષોના ગુણોને કહેનારા સૂત્રો દ્વારા શુભભાવોનું પૂરણ કરવામાં આવે કે તીર્થંકરાદિના સુકૃતની અનુમોદના કરવામાં આવે તેના દ્વારા શુભભાવોનું પૂરણ કરવામાં આવે અને તે શુભભાવોને આત્મામાં સ્થિર કરવા માટે સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક પર્યાલોચન કરવામાં આવે તો કુંભન થાય તે ભાવપ્રાણાયામ સ્વરૂપ છે અને તે ભાવપ્રાણાયામ દ્વારા ચિત્તના વિક્ષેપો દૂર થાય અને એકાગ્રતાપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ થાય છે.

અવતરણિકા :

इदानीमुपायान्तरप्रदर्शनोपक्षेपेण सम्प्रज्ञातस्य समाधेः पूर्वाङ्गं कथयति –

અવતરણિકાર્થ :

હવે ઉપાયાંતરના પ્રદર્શન દ્વારા ઉપક્ષેપરૂપે=ઉપાયાંતર દ્વારા આક્ષેપરૂપે, સંપ્રજ્ઞાતસમાધિના પૂર્વાંગને કહે છે –

ભાવાર્થ :

પ્રસ્તુત સૂત્રમાં ચિત્તની એકાગ્રતાનો જે ઉપાય બતાવ્યો છે, તે ઉપાયના સેવનથી યોગીને યોગના માહાત્મ્યરૂપ દિવ્ય ગંધાદિની પ્રાપ્તિ થાય છે, તેના દ્વારા યોગીને યોગના ફળમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તેના દ્વારા સંપ્રજ્ઞાતસમાધિના પૂર્વાંગનો આક્ષેપ થાય છે, તેથી પ્રસ્તુત ઉપાય એ આક્ષેપરૂપે સંપ્રજ્ઞાતસમાધિનો પૂર્વાંગ છે તે સંપ્રજ્ઞાતસમાધિના પૂર્વાંગને કહે છે –

સૂત્ર :

विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धिनी ॥१-३५॥

સૂત્રાર્થ :

ઉત્પન્ન થયેલી વિષયવાળી પ્રવૃત્તિ મનની સ્થિતિનું કારણ છે. ॥૧-૩૫॥

નોંધ :

ભોજના મતે સૂત્રમાં 'मनसः' એ પ્રમાણે પદ નથી, તેથી ભોજે પોતાની રાજમાર્તંડ ટીકામાં मनस इति वाक्यशेषः એ પ્રમાણે જણાવેલ છે.

ટીકા :

'विषयवतीति'-मनस इति वाक्यशेषः, विषया गन्ध-रस-रूप-स्पर्श-शब्दास्ते विद्यन्ते फलत्वेन यस्याः सा विषयवती प्रवृत्तिर्मनसः स्थैर्यं करोति, नासाग्रे चित्तं धारयतो दिव्यगन्धसंविदुपजायते, तादृश्येव जिह्वाग्रे रससंवित्, ताल्वग्रे रुपसंवित्, जिह्वामध्ये स्पर्शसंवित्, जिह्वामूले शब्दसंवित्, तदेवं तत्-तदिन्द्रियद्वारेण तस्मिँस्तस्मिन् दिव्ये विषये जायमाना संविच्चित्तस्यैकाग्रताया हेतुर्भवति, अस्ति योगस्य फलमिति योगिनः समाश्वासोत्पादनात् ॥१-३५॥

ટીકાર્થ :

मनसः ..... उत्पादनात् ॥ मनसः એ પ્રમાણે वाक्यशेष=સૂત્રમાં અધ્યાહાર છે.

विषयवतीનો અર્થ કરે છે –

ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દો એ વિષયો છે, તે ફળરૂપે જે પ્રવૃત્તિમાં વિદ્યમાન છે તે વિષયવાળી પ્રવૃત્તિ કહેવાય છે અને તે વિષયવાળી પ્રવૃત્તિ મનના સ્થૈર્યને=મનની સ્થિરતાને, કરે છે.

કઈ રીતે વિષયવાળી પ્રવૃત્તિ મનની સ્થિરતાને કહે છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

નાસિકાના અગ્રમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યગંધની સંવિત્=જ્ઞાન, થાય છે.

તેવા પ્રકારની જ=નાસિકાના અગ્રમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યગંધની સંવિત્ થાય છે. તેવા

પ્રકારની જ, જિહ્વાના અગ્રમાં ચિત્તને ધારણ કરવાથી રસની સંવિત્ અર્થાત્ દિવ્યરસનું જ્ઞાન, થાય છે, તાળુના અગ્રમાં ચિત્તને ધારણ કરવાથી રૂપની સંવિત્ અર્થાત્ દિવ્યરૂપનું જ્ઞાન થાય છે, જિહ્વાના મધ્યમાં ચિત્તને ધારણ કરવાથી સ્પર્શની સંવિત્=દિવ્ય સ્પર્શનું જ્ઞાન થાય છે, જિહ્વાના મૂળમાં ચિત્તને ધારણ કરવાથી શબ્દની સંવિત્=દિવ્યશબ્દનું જ્ઞાન, થાય છે.

આ રીતે તે તે ઇન્દ્રિય દ્વારા તે તે દિવ્ય વિષયમાં થતી સંવિત્=તે તે દિવ્યવિષયમાં થતું જ્ઞાન, ચિત્તની એકાગ્રતાનો હેતુ=કારણ, થાય છે; કેમ કે યોગનું ફળ છે એ પ્રમાણે યોગીઓને વિશ્વાસનું ઉત્પાદન છે, તેથી વિશ્વસ્ત થયેલ=વિશ્વાસ પામેલ યોગીઓ સંપ્રજ્ઞાતસમાધિને અનુકૂળ દૃઢ યત્ન કરે છે માટે યોગના માહાત્મ્યરૂપ ઉત્પન્ન થયેલ=પ્રગટ થયેલ વિષયવતી પ્રવૃત્તિ સંપ્રજ્ઞાતસમાધિનું પૂર્વાંગ છે, એમ સંબંધ છે. ॥૧-૩૫॥

ભાવાર્થ :

યોગના માહાત્મ્યરૂપે ઉત્પન્ન થયેલ વિષયવતી પ્રવૃત્તિ સંપ્રજ્ઞાતસમાધિનું પૂર્વાંગ :

યોગીઓ મનને તે તે વિષયમાં સ્થાપન કરી એકાગ્રતાપૂર્વક ચિત્તને સ્થિર કરે તો યોગના માહાત્મ્યરૂપે તે તે ઇન્દ્રિયોના વિશેષ પ્રકારના સંવેદનો થાય છે અને તે સંવેદનને કારણે યોગીને વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે, મારી યોગની પ્રવૃત્તિનું આ સાક્ષાત્ ફળ છે અને તે વિશ્વાસને કારણે તે યોગી યોગમાર્ગમાં દૃઢ યત્ન કરે છે, તેથી ક્રમે કરીને સંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે, માટે સંપ્રજ્ઞાતસમાધિનું પૂર્વાંગ તે તે ઇન્દ્રિયોમાં મનને સ્થિર કરવાથી પ્રગટ થયેલી ગંધ વગેરેનું વિશેષ પ્રકારનું સંવેદન=જ્ઞાન છે. તે પ્રમાણે પતંજલિઋષિ કહે છે.

પાંચે ય ઇન્દ્રિયોવિષયક વિશેષ પ્રકારનું સંવેદન યોગીઓને થાય છે તે આ પ્રમાણે છે –

નાસિકાના અગ્રભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યગંધની સંવિત્ :

કોઈ યોગી નાશાના અગ્રભાગમાં ચિત્તને ધારણ કરે તો ચિત્તની સ્થિરતાને કારણે તે યોગીને દિવ્યગંધનું સંવેદન થાય છે તે યોગનું માહાત્મ્ય છે.

જિહ્વાના અગ્રભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યરસની સંવિત્ :

કોઈ યોગી જિહ્વાના અગ્રભાગમાં ચિત્તને સ્થાપન કરે તો ચિત્તની સ્થિરતાને કારણે તે યોગીને દિવ્યરસનું સંવેદન થાય છે તે યોગનું માહાત્મ્ય છે.

અહીં જિહ્વાના અગ્રભાગમાં સ્થિરતા કરવાનું કારણ રસનું સંવેદન જિહ્વાના અગ્રભાગથી થાય છે અને ત્યાં ચિત્તની એકાગ્રતા થવાથી યોગના પ્રભાવને કારણે યોગીને દિવ્યરસનું સંવેદન થાય છે.

તાલુના અગ્રભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યરૂપની સંવિત્ :

કોઈ યોગી તાલુના અગ્રભાગમાં ચિત્તને સ્થાપન કરે તો તેમને ત્યાં ચિત્તની એકાગ્રતા થવાથી દિવ્યરૂપનું સંવેદન થાય છે તે યોગનું માહાત્મ્ય છે.

જિહ્વાના મધ્યભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યસ્પર્શની સંવિત્ :

કોઈ યોગી જિહ્વાના મધ્યભાગમાં ચિત્તને સ્થાપન કરે તો તેમને ત્યાં ચિત્તની એકાગ્રતા થવાથી દિવ્યસ્પર્શનું જ્ઞાન થાય છે તે યોગનું માહાત્મ્ય છે.

જિહ્વાના મૂળભાગમાં ચિત્તને ધારણ કરવાથી દિવ્યશબ્દની સંવિત્ :

કોઈ યોગી જિહ્વાના મૂળભાગમાં ચિત્તને સ્થાપન કરે તો તેમને ત્યાં ચિત્તની એકાગ્રતા થવાથી દિવ્યશબ્દનું સંવેદન થાય છે તે યોગનું માહાત્મ્ય છે.

આ રીતે તે તે ઇન્દ્રિયો દ્વારા તે તે વિષયનું જ્ઞાન થવાના કારણે ચિત્તની એકાગ્રતા થવાથી દિવ્યરૂપાદિની અનુભૂતિ થાય છે તે યોગનું ફળ છે એવું જ્ઞાન થવાથી યોગીને યોગ પ્રત્યે દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે તેના બળથી વિશેષ પ્રકારના યોગમાં તે યોગી ઉદ્યમ કરી શકે છે માટે સંપ્રજ્ઞાતસમાધિનું પૂર્વાંગ યોગના માહાત્મ્યરૂપે ઉત્પન્ન થયેલ વિષયવતી પ્રવૃત્તિ છે. **॥૧-૩૫॥**

અવતરણિકા :

એવંવિધોપાયાન્તરમાહ –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૩૫માં મનની સ્થિરતાનો ઉપાય બતાવ્યો, એવા પ્રકારનો મનની સ્થિરતાનો ઉપાયાંતર=અન્ય ઉપાય, બતાવે છે –

સૂત્ર :

વિશોકા વા જ્યોતિષ્મતી ॥૧-૩૬॥

સૂત્રાર્થ :

અથવા વિશોકા=શોકરહિત, જ્યોતિષ્મતી=જ્યોતિર્મય=પ્રકાશમય, ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ ચિત્તની સ્થિતિનું=ચિત્તની સ્થિરતાનું, કારણ છે. ॥૧-૩૬॥

ટીકા :

'विशोकेति'-प्रवृत्तिरुत्पन्ना चित्तस्य स्थितिनिबन्धिनीति वाक्यशेषः, ज्योतिःशब्देन सात्त्विकः प्रकाश उच्यते, स प्रशस्तो भूयानतिशयवांश्च विद्यते यस्यां सा ज्योतिष्मती प्रवृत्तिः, विशोका-विगतः सुखमय सत्त्वाभ्यासवशाच्छोको=रजःपरिणामो यस्याः सा विशोका चेतसः स्थितिनिबन्धिनी । अयमर्थः-हृत्पद्मसम्पुटमध्ये प्रशान्तकल्लोलक्षीरोदधि-प्रख्यं चित्तसत्त्वं भावयतः प्रज्ञालोकात् सर्ववृत्तिपरिक्षये चेतसः स्थैर्यमुत्पद्यते ॥१-३६॥

ટીકાર્થ :

प्रवृत्तिः ..... वाक्यशेषः, 'प्रवृत्तिरुत्पन्ना चित्तस्य स्थितिनिबन्धिनी' આ પ્રમાણે વાક્યશેષ છે અર્થાત્ સૂત્રમાં અધ્યાહાર છે. શોકરહિત અને જ્યોતિર્મય=પ્રકાશમય, ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ ચિત્તની સ્થિતિનું=ચિત્તની એકાગ્રતાનું, કારણ છે. એ પ્રમાણે સૂત્રનો અર્થ છે.

ज्योतिःशब्देन ..... प्रवृत्तिः, ज्योतिष्मतीમાં રહેલ ज्योतिष् શબ્દથી સાત્ત્વિક પ્રકાશ કહેવાય છે. તે સાત્ત્વિક પ્રકાશ પ્રશસ્ત અત્યંત અને અતિશયવાળો વિદ્યમાન છે જેમાં તે જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે અર્થાત્ જે પ્રવૃત્તિમાં અતિશયવાળો, બહુપ્રમાણવાળો અને પ્રશસ્ત સાત્ત્વિક પ્રકાશ વિદ્યમાન છે તે જ્યોતિષ્મતી પ્રવૃત્તિ=ચિત્તની વૃત્તિ છે.

વિશોકાનો અર્થ કહે છે –

विशोका ..... निबन्धिनी, विशोकामां રહેલ વિ શબ્દનો અર્થ વિગતઃ=દૂર થઈ ગયો છે એ પ્રમાણે છે.

સુખમય સત્ત્વના અભ્યાસથી દૂર થઈ ગયો છે. શોક=રજનો પરિણામ, જેનો=જે વૃત્તિનો, તે વિશોકા, ચિત્તની સ્થિતિનું કારણ છે અર્થાત્ ચિત્તની એકાગ્રતાનું કારણ છે.

अयमर्थः – આ અર્થ છે=સૂત્રથી પ્રાપ્ત થતો આ અર્થ છે –

हृत्पद्मसम्पुटमध्ये ..... उत्पद्यते ॥ હૃદયપદ્મના=હૃદયકમળના સંપુટના મધ્યભાગમાં પ્રશાંતકલ્લોલવાળા ક્ષીરોદધિ સરખા ચિત્તસત્ત્વનું ભાવન કરતાં પ્રજ્ઞાના આલોકથી અર્થાત્ પ્રકૃષ્ટ જ્ઞાનના પ્રકાશથી, અર્થાત્ શોકરહિત પ્રકાશમય પ્રજ્ઞાલોક ઉત્પન્ન થાય છે તેનાથી, સર્વવૃત્તિનો પરિક્ષય થયે છતે=ચિત્તની સર્વવૃત્તિઓનો નાશ થયે છતે, ચિત્તનું સ્થૈર્ય=ચિત્તની સ્થિરતા, ઉત્પન્ન થાય છે ॥૧-૩૬॥

ભાવાર્થ :

શોકરહિત જ્યોતિર્મય ઉત્પન્ન થયેલી ચિત્તવૃત્તિ મનની એકાગ્રતાનું કારણ :

જે યોગીઓ પોતાના હૃદયકમળમાં પ્રશાંતકલ્લોલવાળા ક્ષીરસમુદ્ર સરખા ચિત્તસત્ત્વનું ભાવન કરે છે અર્થાત્ મારું પારમાર્થિક ચિત્ત જગતના પદાર્થોના સ્પર્શ વગરનું પ્રશાંતભાવવાળું છે, એ પ્રમાણે ભાવન કરે છે તેના કારણે પ્રજ્ઞાલોક=પ્રજ્ઞાનો પ્રકાશ પ્રગટે છે અર્થાત્ વિશોકા જ્યોતિષ્મતી પ્રવૃત્તિ=શોકરહિત જ્યોતિર્મય અર્થાત્ પ્રકાશમય ચિત્તવૃત્તિ પ્રગટે છે અર્થાત્ પ્રશસ્ત ઘણો અતિશયવાળો સાત્ત્વિક પરિણામ જેમાં વિદ્યમાન છે એવી બાહ્ય પદાર્થોના સંશ્લેષ વગરની ચિત્તની પરિણતિ પ્રગટે છે. તેના કારણે બાહ્ય પદાર્થોના વિષમ સંયોગોમાં ચિત્તમાં ક્યાંય શોક ઉત્પન્ન ન થાય તેવું ચિત્ત બને છે, અને તેવું ચિત્ત બનવાથી ચિત્તની સર્વવૃત્તિનો પરિક્ષય થાય ત્યારે ચિત્ત રાગાદિથી અનાકુળ એવા સ્થૈર્યભાવને પ્રાપ્ત કરે છે. **॥૧-૩૬॥**

અવતરણિકા :

उपायान्तरप्रदर्शनद्वारेण सम्प्रज्ञातसमाधेर्विषयं दर्शयति –

અવતરણિકાર્થ :

ઉપાયાંતર બતાવવા દ્વારા=મનની સ્થિરતાના અન્ય ઉપાયને બતાવવા દ્વારા, સંપ્રજ્ઞાતસમાધિના વિષયને બતાવે છે –

સૂત્ર :

वीतरागविषयं वा चित्तम् ॥१-३७॥

સૂત્રાર્થ :

અથવા વીતરાગના વિષયવાળું ચિત્ત મનની સ્થિતિનું=મનની સ્થિરતાનું, કારણ થાય છે. એ પ્રમાણે અન્વય છે. ॥૧-૩૭॥

ટીકા :

'वीतरागेति'-मनसः स्थितिनिबन्धनं भवतीति शेषः, वीतरागः-परित्यक्तविषयाभिलाषस्तस्य यच्चित्तं परिहृतक्लेशं तदालम्बनीकृतं चेतसः स्थितिहेतुर्भवति ॥१-३७॥

ટીકાર્થ :

मनसः ..... भवति ॥ 'मनसः स्तितिनिबन्धन भवति' એ પ્રમાણે શેષ=સૂત્રમાં અધ્યાહાર છે, તેથી વીતરાગના વિષયવાળું ચિત્ત મનની સ્થિરતાનું કારણ થાય છે એ પ્રમાણે સૂત્રનો અર્થ સમજવો.

વીતરાગવિષયં એ પ્રમાણે સૂત્રમાં કહ્યું તેમાં 'વીતરાગ'નો અર્થ કરે છે –

પરિત્યક્ત વિષયના અભિલાષવાળા વીતરાગ છે અર્થાત્ વિષયોની તૃષ્ણા જેમણે ત્યાગ કરી છે તે વીતરાગ છે.

તેમનું જે ચિત્ત પરિહૃતક્લેશવાળું=અવિદ્યા આદિ ક્લેશોથી રહિત તેમના આલંબનથી કરાયેલું એવું=વીતરાગના આલંબનથી કરાયેલું એવું, સાધકનું ચિત્ત તે ચિત્તની સ્થિતિનો હેતુ છે. ॥૧-૩૭॥

ભાવાર્થ :

વીતરાગના વિષયવાળું ચિત્ત મનની સ્થિરતાનું કારણ :

સંપ્રજ્ઞાતસમાધિને નિષ્પન્ન કરવાના આલંબનભૂત વિષય વીતરાગ છે, તેથી જે યોગીનું ચિત્ત વીતરાગવિષયક છે તે ચિત્ત મનની સ્થિરતાનું કારણ બને છે.

વીતરાગ કેવા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – જેમણે વિષયોની અભિલાષા ત્યાગ કરી છે અર્થાત્ છોડી દીધી છે તે વીતરાગ છે, અને સાધક એવા ઉપાસક વીતરાગને વિષય કરીને જ્યારે પોતાના

ચિત્તને વીતરાગના ગુણોમાં સ્થાપન કરે છે ત્યારે ઉપાસકનું ચિત્ત ક્લેશના પરિહારવાળું=ત્યાગવાળું બને છે અને વીતરાગનું આલંબન કરીને ઉપાસકનું ચિત્ત પ્રવર્તે છે. તેવું ઉપાસકનું ચિત્ત સમાધિને અનુકૂળ સ્થિરતામાં હેતુ બને છે. માટે યોગીઓએ સંપ્રજ્ઞાતસમાધિની પ્રાપ્તિમાં ઉત્પન્ન થતાં અંતરાયોના પરિહાર માટે વીતરાગ વિષયક ચિત્ત કરવું જોઈએ. **॥૧-૩૭॥**

અવતરણિકા :

एवंविधमुपायान्तरमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૩૭માં કહ્યું કે, વીતરાગવિષયક ચિત્ત ચિત્તની સ્થિરતાનો હેતુ બને છે એના જેવા જ ઉપાયાંતરને=ચિત્તની સ્થિરતાના અન્ય ઉપાયને, બતાવે છે –

સૂત્ર :

स्वप्ननिद्राज्ञानालम्बनं वा ॥१-३८॥

સૂત્રાર્થ :

અથવા સ્વપ્નના જ્ઞાનનું અને નિદ્રાના જ્ઞાનનું આલંબન ચિત્તની સ્થિરતાનો હેતુ=કારણ, બને છે. ॥૧-૩૮॥

ટીકા :

'स्वप्नेति'-प्रत्यस्तमितबाह्येन्द्रियवृत्तेर्मनोमात्रेणैव यत्र भोक्तृत्वामात्मनः स्वप्नः, निद्रा पूर्वोक्तलक्षणा, तदालम्बनं निद्रालम्बनं वा ज्ञानमालम्ब्यमानं चेतसः स्थितिं करोति ॥१-३८॥

ટીકાર્થ :

प्रत्यस्तमित ..... करोति ॥

સ્વપ્નનો અર્થ કરે છે –

પ્રત્યસ્તમિત=અપ્રવૃત્ત એવી બાહ્ય ઇન્દ્રિયોની વૃત્તિ હોવાથી મનમાત્રથી જ જ્યાં આત્માનું ભોક્તાપણું છે તે સ્વપ્ન છે.

નિદ્રા પૂર્વોક્ત પાતંજલયોગસૂત્ર ૧-૧૦માં કહેલા લક્ષણવાળી છે=અભાવપ્રત્યય આલંબનવાળી છે.

તેના આલંબનવાળું=સ્વપ્નનાં આલંબનવાળું અથવા નિદ્રાના આલંબનવાળું, આલંબન કરાતું જ્ઞાન ચિત્તની સ્થિતિ કરે છે=ચિત્તની સ્થિરતા કરે છે. ॥૧-૩૮॥

ભાવાર્થ :

સ્વપ્નના જ્ઞાનનું આલંબન કે નિદ્રાના જ્ઞાનનું આલંબન ચિત્તની સ્થિરતાનું કારણ :

યોગીઓ જેમ વીતરાગવિષયક ચિત્તને કરીને ચિત્તની સ્થિરતા કરે છે, તેમ સ્વપ્નમાં જેવું બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે તેવું જ્ઞાન સંસારની સર્વભોગની પ્રવૃત્તિમાં છે તે પ્રકારે આલંબન કરીને સંસારના સ્વરૂપની વિચારણા કરે તો તેમનું ચિત્ત વિરક્ત બને છે, તેથી ચિત્તની સ્થિરતા પ્રગટે છે.

આશય એ છે કે, સ્વપ્નદશામાં બાહ્ય ઇન્દ્રિયોની અપ્રવૃત્તિ હોય છે, ફક્ત મન જ પ્રવૃત્ત હોય છે, છતાં સ્વપ્નકાળમાં આત્માને-પોતાને અહંકાર થાય છે કે, આ ભોગા મેં કર્યા. વસ્તુતઃ સ્વપ્નમાં પોતે તે ભોગ કર્યા નથી તેના જેવા જ સંસારના સર્વ ભોગો છે; કેમ કે બાહ્ય પદાર્થમાંથી કોઈ ભાવ નીકળીને આત્મામાં પ્રવેશ પામતો નથી, પરંતુ બાહ્ય પદાર્થોનો તે તે ઇન્દ્રિયો સાથે સંબંધ થાય છે ત્યારે તે વિષયનો મેં ભોગ કર્યો એ પ્રમાણે અહંકારની બુદ્ધિ જેવી સ્વપ્નમાં થયેલ તેવી જ અહંકારની બુદ્ધિ જીવને ભોગકાળમાં થાય છે. તેથી પરમાર્થથી કોઈ પદાર્થનો જીવ ભોગ કરતો નથી, પરંતુ સ્વપરિણામોનો જીવ ભોગ કરે છે. આ પ્રકારે સમાલોચન કરવાથી વિષયો પ્રત્યેનો સંશ્લેષનો પરિણામ દૂર થાય છે તેથી ચિત્તની સ્થિરતા થાય છે, માટે સ્વપ્નના જ્ઞાનનું આલંબન ચિત્તની સ્થિરતાનું કારણ છે.

વળી ગાઢ નિદ્રાકાળમાં બાહ્ય સર્વ પદાર્થોનો અભાવ છે, તે પ્રકારના અભાવના આલંબનવાળી વૃત્તિ વર્તે છે. તેમ પરમાર્થની દૃષ્ટિથી આત્મા માટે બાહ્ય સર્વ પદાર્થોનો અભાવ છે તે પ્રકારે નિદ્રાના આલંબનનું જ્ઞાન કરાય તો આત્મા માટે પરમાર્થથી બાહ્ય ભોગ્ય પદાર્થો નથી, તેવી બુદ્ધિ સ્થિર થાય છે તેના કારણ બાહ્ય પદાર્થો વિષયક ઇન્દ્રિયોની ઉત્સુકતા શાંત થાય છે અને નિરુત્સુક થયેલું ચિત્ત સ્થિર બને છે માટે નિદ્રાના જ્ઞાનનું આલંબન ચિત્તની સ્થિરતાનું કારણ છે. **॥૧-૩૮॥**

અવતરણિકા :

नानारुचित्वात् प्राणिनां यस्मिन्-कस्मिंश्चिद् वस्तुनि योगिनः श्रद्धा भवति तस्य ध्यानेनापि इष्टसिद्धिरिति प्रतिपादयितुमाह –

અવતરણિકાર્થ :

જીવોની જુદી જુદી રુચિ હોવાથી જે કોઈ વસ્તુમાં યોગીને શ્રદ્ધા હોય છે તે વિષયના ધ્યાનથી પણ અર્થાત્ આ વિષય ઉપર હું ચિત્તને સ્થિર કરીને નિર્લેપ થઈ શકું છું તે વિષયના ધ્યાનથી પણ, ઈષ્ટની સિદ્ધિ થાય છે અર્થાત્ ચિત્તની સ્થિરતાની સિદ્ધિ થાય છે, એ પ્રમાણે પ્રતિપાદન કરવા માટે કહે છે –

સૂત્ર :

यथाभिमतध्यानाद् वा ॥१-३९॥

સૂત્રાર્થ :

અથવા યથાઅભિમતવસ્તુવિષયક ધ્યાનથી ચિત્ત સ્થિર થાય છે. ॥૧-૩૯॥

ટીકા :

'यथेत्यादि'-यथाभिमतवस्तुनि बाह्ये चन्द्रादावाभ्यन्तरे नाडीचक्रादौ वा भाव्यमाने चेतः स्थिरीभवति ॥१-३९॥

ટીકાર્થ :

યથાભિમત ..... સ્થિરીભવતિ ॥ યથા અભિમત બાહ્ય ચંદ્રાદિ અથવા અભ્યંતર નાડીચક્રાદિ ભાવ્યમાન=ભાવન કરાતા હોતે છતે, ચિત્ત સ્થિર થાય છે. ॥૧-૩૯॥

ભાવાર્થ :

યથા અભિમત ભાવન કરાતા બાહ્ય ચંદ્રાદિ કે અભ્યંતર નાડીચક્રાદિ સ્થિરતાના કારણ :

યોગીઓ મોક્ષને અનુકૂળ નિર્લેપ ચિત્ત નિષ્પન્ન કરવાના અર્થી હોય છે, આમ છતાં દરેક જીવોની રુચિ જુદા જુદા પ્રકારની હોય છે, તેથી જેમ કોઈ યોગી વીતરાગવિષયક ચિત્તને કરીને ચિત્તની સ્થિરતા કરે છે, તો વળી કોઈ યોગી સ્વપ્ન જેવા ભોગો છે, એ પ્રકારે ચિંતવન કરીને ચિત્તની સ્થિરતા કરે છે, તો વળી કોઈ યોગી પોતાની રુચિ અનુસાર બાહ્ય એવા ચંદ્રાદિ વસ્તુનું આલંબન કરીને તેના સ્વરૂપનું ભાવન કરે તો અન્ય વિષયોથી ચિત્ત પર થઈ જાય અને ભાવ્યમાન એવા=ભાવન કરાતા એવા ચંદ્રાદિવિષયક સ્થિરતાવાળું ચિત્ત બને છે.

વળી કોઈ યોગી પોતાના દેહમાં વર્ત્તતા નાડીચક્રાદિમાં ચિત્તને સ્થિર કરવા માટે પ્રયત્ન કરે તો ભાવ્યમાન=ભાવન કરાતા એવા, નાડીચક્રાદિમાં ચિત્ત સ્થિર થાય છે, તેથી પણ યોગીઓનું ચિત્ત વિષયો તરફ જઈને વિકારો કરવાની વૃત્તિવાળું જે પૂર્વમાં હતું તે સ્થિરતાને કારણે શાંત થાય છે.

અહીં વિશેષ એ છે કે યોગની નિષ્પત્તિને લક્ષ કરીને કેવલ બાહ્ય કે અભ્યંતર પદાર્થોમાં યત્ન કરવામાં આવે તો ચિત્તની સ્થિરતા થાય છે. અન્યથા રાગના વિષયભૂત કોઈ પદાર્થમાં ચિત્તને સ્થાપન કરવામાં આવે તો તેમાં સ્થાપન કરાયેલા ચિત્તથી રાગભાવની વૃદ્ધિ થાય છે, તેથી તે વિષયોમાં ચિત્ત સ્થિર હોવા છતાં પરમાર્થથી ચિત્તની અસ્થિરતા જ થાય છે. **॥૧-૩૯॥**

અવતરણિકા :

एवमुपायान् प्रदर्श्य फलप्रदर्शनायाह –

અવતરણિકાર્થ :

આ રીતે=પાતંજલયોગસૂત્ર ૧-૨૮માં ચિત્તના વિક્ષેપના પરિહારનો ઉપાય ઈશ્વરનો જપ બતાવ્યો ત્યારથી માંડીને અત્યાર સુધી=પાતંજલયોગસૂત્ર ૧-૩૯ સુધી, ચિત્તના વિક્ષેપના પરિહારના ઉપાયો

બતાવ્યા એ રીતે, ઉપાયોને બતાવીને ફળ બતાવવા માટે=ચિત્તના વિક્ષેપના પરિહારના ફળ બતાવવા માટે, કહે છે –

સૂત્ર :

परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥१-४०॥

સૂત્રાર્થ :

પરમાણુ અને પરમ મહત્ત્વ અંતવાળો આનો=ચિત્તનો, વશીકાર છે. ॥૧-૪૦॥

ટીકા :

'परमाण्विति'-एभिरुपायैश्चित्तस्य स्थैर्यं भावयतो योगिनः सूक्ष्मविषयभावनाद्वारेण परमाण्वन्तो वशीकारोऽप्रतिघातरूपो जायते, न क्वचित् परमाणुपर्यन्ते सूक्ष्मे विषयेऽस्य मनः प्रतिहन्यत इत्यर्थः, एवं स्थूलमाकाशादिपरममहत्पर्यन्तं भावयतो न क्वचित् चेतसः प्रतिघात उत्पद्यते, सर्वत्र स्वातन्त्र्यं भवतीत्यर्थः ॥१-४०॥

ટીકાર્થ :

एभिः ..... भवतीत्यर्थः ॥ આ ઉપાયો દ્વારા=પૂર્વમાં ચિત્તના સ્થિર કરવાના ઉપાયો બતાવ્યા એ ઉપાયો દ્વારા, ચિત્તના સ્થૈર્યને ભાવન કરતાં યોગીઓને સૂક્ષ્મવિષયભાવના દ્વારા પરમાણુ અંત સુધી અપ્રતિઘાતરૂપ વશીકાર થાય છે=કોઈ પણ પરમાણુપર્યંત સૂક્ષ્મવિષયમાં આમનું મન=યોગીનું મન, હણાતું નથી અર્થાત્ રાગાદિ ભાવોથી ઉપઘાત પામતું નથી, એ પ્રમાણે અર્થ જાણવો.

એ રીતે સ્થૂલ આકાશાદિ પરમમહત્પર્યંત ભાવન કરવાથી કોઈ સ્થાનમાં ચિત્તનો પ્રતિઘાત ઉત્પન્ન થતો નથી, પરંતુ સર્વત્ર સ્વતંત્રપણું થાય છે અર્થાત્ યોગીનું ચિત્ત સર્વત્ર રાગાદિની આકુળતા વગર ગમન કરી શકે છે, એ પ્રમાણે અર્થ જાણવો. ॥૧-૪૦॥

ભાવાર્થ :

ચિત્તની સ્થિરતા માટે પૂર્વમાં બતાવેલા ઉપાય દ્વારા ચિત્તની સ્થિરતાને ભાવન કરતાં યોગીઓને થતાં ફળનું પ્રદર્શન :

(૧) સૂક્ષ્મવિષયની ભાવના દ્વારા પરમાણુ અંત સુધી ચિત્તના અપ્રતિઘાતરૂપ વશીકાર :

યોગીઓ પૂર્વમાં બતાવેલા ઉપાયો દ્વારા ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે અને ચિત્તના સ્થૈર્યનું ભાવન કરતાં એવાં તે યોગીઓ સૂક્ષ્મવિષયવાળા પરમાણુ આદિની ભાવના દ્વારા તેવા પ્રકારના સ્થૈર્યને પામે છે તેથી કોઈપણ સૂક્ષ્મ પરમાણુ અંત સુધીના પદાર્થમાં તેમનું ચિત્ત રાગાદિની આકુળતારૂપ પ્રતિઘાતને પામતું નથી.

(૨) સ્થૂલવિષયની ભાવના દ્વારા આકાશાદિ પરમમહત્ પર્યંત, ચિત્તના અપ્રતિઘાતરૂપ વશીકાર :

યોગીઓ પૂર્વમાં બતાવેલા ઉપાયો દ્વારા જેમ સૂક્ષ્મ પદાર્થ ઉપર ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે છે અને ચિત્તના સ્થૈર્યનું ભાવન કરે છે તેમ સ્થૂલ આકાશાદિનું ભાવન કરે તો તેના કારણે કોઈ સ્થૂલ પદાર્થમાં તેમનું ચિત્ત રાગાદિની આકુળતારૂપ પ્રતિઘાતને પામતું નથી.

જેમ-સંસારી જીવોને ઇષ્ટ વિષયોના દર્શનમાં રાગકૃત પ્રતિઘાત થાય છે અને અનિષ્ટ વિષયોના દર્શનમાં દ્વેષકૃત પ્રતિઘાત થાય છે, આથી વિષ્ટાદિ પદાર્થોને જોઈને ચિત્તમાં જુગુપ્સાદિ ભાવો થાય છે તે પ્રકારનો કોઈ પદાર્થમાં ચિત્તનો ઉપઘાત યોગીને થતો નથી, તેથી ચિત્ત પોતાને વશ થાય છે, માટે વિષયોના ભાવોને ગ્રહણ કરીને યોગીનું ચિત્ત ક્લેશભાવને પામતું નથી. **॥૧-૪૦॥**

अवतरणिका :

एवमेभिरुपायैः संस्कृतस्य चेतसः कीदृग्रूपं भवतीत्यत आह –

अवतरणिकार्थ :

આ રીતે=પાતંજલયોગસૂત્ર ૧-૪૦માં બતાવ્યું એ રીતે, આ ઉપાયો વડે=પૂર્વમાં બતાવેલા ઉપાયો વડે, સંસ્કૃત એવું ચિત્ત=સંસ્કારિત બનેલું એવું ચિત્ત, કેવા પ્રકારનું થાય છે એથી કહે છે અર્થાત્ કેવા પ્રકારનો ચિત્તનો વશીકાર થાય છે તે બતાવે છે –

सूत्र :

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः ॥१-४१॥

सूत्रार्थ :

અભિજાત્ય મણિની જેમ ક્ષીણવૃત્તિવાળાની અર્થાત્ ક્ષીણવૃત્તિવાળા ચિત્તની ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યમાં તત્સ્થ અને તદંજનતારૂપ સમાપત્તિ થાય છે. ॥૧-૪૧॥

टीका :

'क्षीणवृत्तेरिति'-क्षीणा वृत्तयो यस्य तत्क्षीणवृत्ति, तस्य ग्रहीतृग्रहणग्राह्येषु आत्मेन्द्रियविषयेषु तत्स्थतदञ्जनता समापत्तिर्भवति, तत्स्थत्वं तत्रैकाग्रता, तदञ्जनता तन्मयत्वं=न्यग्भूते चित्ते विषयस्य भाव्यमानस्यैवोत्कर्षः, तथाविधा समापत्तिः तद्रूपः परिणामो भवतीत्यर्थः । दृष्टान्तमाह-अभिजातस्येव मणेर्यथाऽभिजातस्य निर्मलस्य स्फटिकमणेस्तत्तदुपाधिवशात्तत्तद्रूपापत्तिरेवं निर्मलस्य चित्तस्य तत्तद्भावनीयवस्तूपरागात्तत्तद्रूपापत्तिः, यद्यपि ग्रहीतृग्रहणग्राह्येषु इत्युक्तं, तथाऽपि भूमिकाक्रमवशाद् ग्राह्य-ग्रहण-

ग्रहीतृषु इति बोध्यम्, यतः प्रथमं ग्राह्यनिष्ठ एव समाधिस्ततो ग्रहणनिष्ठस्ततोऽस्मितामात्ररूपो ग्रहीतृनिष्ठः, केवलस्य पुरुषस्य ग्रहीतुर्भाव्यत्वासंभवात्, ततश्च स्थूल-सूक्ष्मग्राह्योपरक्तं चित्तं तत्र समापन्नं भवति, एवं ग्रहणे ग्रहीतरि च समापन्नं बोद्धव्यम् ॥१-४१॥

टीकार्थ :

क्षीणाः ..... भवतीत्यर्थः, क्षीण छे वृत्तिओ जेनी ते क्षीणवृत्तिवाळुं એવું ચિત્ત તેની ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યવિષયમાં અર્થાત્ ગ્રહીતા=ગ્રહણ કરનાર એવા આત્માના વિષયમાં, ગ્રહણ એવા ઇન્દ્રિયોના વિષયોમાં અને ગ્રાહ્ય એવા બાહ્ય વિષયોમાં તત્સ્થ અને તદંજનતારૂપ સમાપત્તિ થાય છે.

તત્સ્થપણું=તેમાં ગ્રહીતૃ આદિમાં એકાગ્રતા, તદંજનતા=તન્મયપણું અર્થાત્ ચિત્ત ગૌણ થયે છતે ભાવ્યમાન જ વિષયનો ઉત્કર્ષ તન્મયપણું છે.

તથાવિધ=તેવા પ્રકારની, સમાપત્તિ એ તદ્રૂપ પરિણામ થાય છે એ પ્રકારે સમાપત્તિનો અર્થ છે.

दृष्टान्तमाह - આ રીતે સમાપત્તિનું સ્વરૂપ બતાવ્યા પછી સૂત્રમાં બતાવેલ દૃષ્ટાંતને કહે છે –

अभिजातस्य ..... तद्रूपापत्तिः, અભિજાત એવા મણિની જેમ સમાપત્તિ થાય છે એ પ્રમાણે અન્વય છે.

દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવને સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે અભિજાત=નિર્મળ સ્ફટિક મણિની તે તે ઉપાધિના વશથી તત્ તત્ રૂપની પ્રાપ્તિ છે અર્થાત્ તે મણિની સન્મુખ રહેલ તે તે રંગવાળા પદાર્થરૂપ ઉપાધિના વશથી તે તે રૂપથી પ્રાપ્તિ છે એ રીતે નિર્મળ એવા ચિત્તની તે તે ભાવનીય=ભાવન કરવા યોગ્ય, વસ્તુના ઉપરાગથી તે તે રૂપની પ્રાપ્તિ છે.

આ રીતે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવ સ્પષ્ટ કર્યા પછી સૂત્રમાં ગ્રહીતૃ-ગ્રહણ અને ગ્રાહ્યવિષયક સમાપત્તિ છે તેના વિષયમાં ક્રમભેદ સ્પષ્ટ કહે છે –

यद्यपि ..... ग्रहीतृनिष्ठः, જો કે ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યવિષયમાં એ પ્રમાણે સૂત્રમાં કહેવાયું છે તોપણ ભૂમિકાના ક્રમના વશથી અર્થાત્ સમાપત્તિમાં ઉદ્યમ કરનાર યોગીની ભૂમિકાના ક્રમના વશથી ગ્રાહ્ય, ગ્રહણ અને ગ્રહીતૃમાં સમાપતિ થાય છે, એ પ્રમાણે જાણવું. જે કારણથી યોગીને પ્રથમ ગ્રાહ્ય નિષ્ઠ જ સમાધિ થાય છે, ત્યારપછી ગ્રહણનિષ્ઠ સમાધિ થાય છે, ત્યારપછી અસ્મિતામાત્રરૂપ ગ્રહીતૃનિષ્ઠ સમાધિ થાય છે.

અસ્મિતામાત્રરૂપ ગ્રહીતૃનિષ્ઠ સમાધિ કેમ કહી ? તેનો હેતુ કહે છે –

केवलस्य... बोद्धव्यम् ॥ કેવલ પુરુષરૂપ ગ્રહીતૃના ભાવ્યપણાનો અસંભવ છે અને તેથી સ્થૂલ અને સૂક્ષ્મ એવા ગ્રાહ્યથી ઉપરક્ત ચિત્ત ત્યાં=ગ્રાહ્ય સમાપત્તિમાં, સમાપન્ન થાય છે, એ રીતે ગ્રહણ અને ગ્રહીતૃમાં પણ સમાપન્ન જાણવું=સમાપત્તિને પામેલું જાણવું ॥૧-૪૧॥

ભાવાર્થ :

ચિત્તને સ્થિર કરવાના ઉપાયો વડે સંસ્કારિત બનેલા ચિત્તનું સ્વરૂપ :


પાતંજલયોગસૂત્ર ૧-૪૦માં કહ્યું કે, ચિત્તની સ્થિરતાથી ચિત્તનો વશીકાર પ્રાપ્ત થાય છે. હવે સ્થિરતાને પામેલું ચિત્ત કેવું હોય છે તે બતાવતાં કહે છે –

જેમ-નિર્મળ એવા સ્ફટિકની સામે જે રંગના પુષ્પાદિ મૂકવામાં આવે તે રંગવાળી વસ્તુરૂપ ઉપાધિના વશથી સ્ફટિક તે રૂપવાળું બને છે અર્થાત્ લાલવર્ણવાળી વસ્તુના વશથી સ્ફટિક લાલ દેખાય છે અને કાળી વસ્તુના વશથી સ્ફટિક કાળું દેખાય છે. એ રીતે યોગી જ્યારે ગ્રાહ્યવિષયમાં ચિત્તને એકાગ્ર કરે છે ત્યારે તે ગ્રાહ્ય પદાર્થમાં યોગીનું ચિત્ત એકાગ્ર થતું હોવાથી તત્સ્થ બને છે અર્થાત્ તે ગ્રાહ્યવસ્તુરૂપ બને છે અને ત્યારપછી ચિત્તમાં તદંજનતા પ્રાપ્ત થાય છે=તે વસ્તુમય ચિત્ત બને છે અર્થાત્ ચિત્ત ગૌણ બને છે અને ભાવ્યમાન=ભાવન કરાતી, વસ્તુનો ઉત્કર્ષ થાય છે, તેથી સમાપત્તિ પૂર્વે જેમ ચિત્ત તે તે વિષયમાં પ્રવર્તતું દેખાતું હતું તેવું તે તે વિષયમાં પ્રવર્તતું ચિત્ત દેખાતું નથી પરંતુ ભાવ્યમાન વસ્તુના પરિણામરૂપ ચિત્ત દેખાય છે અર્થાત્ ચિત્ત સ્થિરતાવાળું હોવાથી ગૌણ દેખાય છે અને ભાવ્યમાન વિષયસ્વરૂપ જ ચિત્ત પ્રતીત થાય છે આ પ્રકારે યોગી પ્રથમ ભૂમિકામાં સ્થૂલ એવા ગ્રાહ્ય પદાર્થોમાં સમાપત્તિ કરે, તેનાથી સંપન્ન થાય ત્યારપછી ગ્રહણ એવા ઇન્દ્રિયોના વિષયમાં એકાગ્ર થવા યત્ન કરે ત્યારે યોગીનું ચિત્ત તત્સ્થ અને તદંજનતાવાળું બને છે તે વખતે ગ્રહણ સમાપત્તિ પ્રાપ્ત થાય છે અને જ્યારે તે યોગી અસ્મિતાના ઉપરાગથી ગ્રહીતૃ એવા આત્મામાં ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે ત્યારે યોગીનું ચિત્ત તત્સ્થ અને તદંજનતાવાળું બને છે તે વખતે ગ્રહીતૃ સમાપ્તિ પ્રાપ્ત થાય છે.

પાતંજલદર્શનકાર કેવલ આત્માને ભાવ્યરૂપે સ્વીકારતા નથી, તેથી અસ્મિતાના ઉપરાગવાળા આત્માને ભાવ્ય સ્વીકારે છે; કેમ કે તેમના મતમાં પુરુષ ગ્રહીતૃ છે, ગ્રાહ્ય નથી અને જ્યારે પુરુષ ગ્રાહ્ય ન હોય તો તે વિષયક અર્થાત્ પુરુષવિષયક સમાપત્તિ થઈ શકે નહીં, આમ છતાં અસ્મિતાના ઉપરાગવાળો પુરુષ ચિત્તથી ગ્રાહ્ય બને છે, તેથી અસ્મિતાના ઉપરાગથી યુક્ત એવા આત્માને ગ્રહણ કરીને પ્રવર્તતું ચિત્ત ગ્રહીતૃ સમાપત્તિરૂપ બને છે.

સારાંશ :

નિર્મલ એવા ચિત્તની તે તે ભાવની વસ્તુના ઉપરાગથી તે તે રૂપની પ્રાપ્તિ તે સમાપત્તિ



દૃષ્ટાંત :

નિર્મળ એવા સ્ફટિકમાં રક્તપુષ્પની ઉપાધિથી રક્તરૂપની પ્રાપ્તિ.

દાર્ષ્ટાંતિક :

(૧) નિર્મળ એવા ચિત્તની વિષયો સ્વરૂપ ગ્રાહ્યમાં તત્સ્થ અને તદંજનતારૂપ સમાપત્તિ.

(૨) નિર્મળ એવા ચિત્તની ઇન્દ્રિયો સ્વરૂપ ગ્રહણમાં તત્સ્થ અને તદંજનતારૂપ સમાપત્તિ.

(૩) નિર્મળ એવા ચિત્તની અસ્મિતામાત્ર સ્વરૂપ આત્મારૂપ ગ્રહીતૃમાં તત્સ્થ અને તદંજનતારૂપ સમાપત્તિ. **॥૧-૪૧॥**

અવતરણિકા :

इदानीमुक्ताया एव समापत्तेश्चातुर्विध्यमाह –

અવતરણિકાર્થ :

હવે ઉક્ત જ સમાપત્તિનું=પાતંજલયોગસૂત્ર ૧-૪૧માં કહેવાયેલ સમાપત્તિનું, ચાતુર્વિધ્ય=ચાર પ્રકાર, બતાવે છે –

સૂત્ર :

तत्र शब्दार्थज्ञानविकल्पैः सङ्कीर्णा सवितर्का समापत्तिः ॥१-४२॥

સૂત્રાર્થ :

ત્યાં=પાતંજલયોગસૂત્ર ૧-૪૧માં જે સમાપત્તિ બતાવી તેમાં શબ્દ, અર્થ, જ્ઞાન અને વિકલ્પ વડે સંકીર્ણ સવિતર્ક સમાપત્તિ છે. ॥૧-૪૨॥

ટીકા :

'तत्रेति'-श्रोत्रेन्द्रियग्राह्यः स्फोटरूपो वा शब्दः, अर्थो जात्यादिः, ज्ञानं सत्त्वप्रधाना बुद्धिवृत्तिः, विकल्प उक्तलक्षणः, तैः सङ्कीर्णा, यस्यामेते शब्दादयः परस्पराध्यासेन प्रतिभासन्ते गौरित्यर्थो गौरिति ज्ञानमित्यनेनाऽऽकारेण, सा सवितर्का समापत्तिरुच्यते ॥१-४२॥

ટીકાર્થ :

श्रोत्रेन्द्रिय ..... उच्यते ॥ શ્રોત્રેન્દ્રિય ગ્રાહ્ય અથવા સ્ફોટરૂપ શબ્દ છે, જાત્યાદિરૂપ અર્થ છે, સત્ત્વપ્રધાન બુદ્ધિની વૃત્તિ જ્ઞાન છે. પૂર્વમાં કહેવાયેલ લક્ષણવાળાં=પાતંજલયોગસૂત્ર ૧-૯માં કહેવાયેલ શબ્દજ્ઞાનઅનુપાતી વસ્તુ શૂન્ય વિકલ્પ છે, તેનાથી=શબ્દ, અર્થ, જ્ઞાન અને વિકલ્પથી સંકીર્ણ મિશ્રિત થયેલી સવિતર્ક સમાપત્તિ છે, એમ અન્વય છે.

જેમાં આ શબ્દાદિ પરસ્પર અધ્યાસથી પ્રતિભાસ થાય છે=गौः એ પ્રકારનો અર્થ, गौः એ પ્રકારનું જ્ઞાન, એ પ્રકારે આ આકારથી પરસ્પર અધ્યાસથી પ્રતિભાસ થાય છે, તે સવિતર્કસમાપત્તિ છે. ॥૧-૪૨॥

अवतरणिका :

उक्तलक्षणविपरीतां निर्वितर्कामाह –

अवतरणिकार्थ :

ઉક્તલક્ષણથી વિપરીત=પાતંજલયોગસૂત્ર ૧-૪૨માં કહેલ સવિતર્કસમાપત્તિના લક્ષણથી વિપરીત, નિર્વિતર્ક સમાપત્તિ કહે છે –

सूत्र :

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का ॥१-४३॥

सूत्रार्थ :

સ્મૃતિની પરિશુદ્ધિ થયે છતે=શબ્દ-અર્થની સ્મૃતિનો લોપ થયે છતે, સ્વરૂપશૂન્યની જેમ અર્થમાત્રનો નિર્ભાસ નિર્વિતર્ક સમાપ્તિ છે. ॥૧-૪૩॥

टीका :

'स्मृतीति'-शब्दार्थस्मृतिप्रविलये सति प्रत्युदितस्पष्टग्राह्याकारप्रतिभासितया न्यग्भूत-ज्ञानांशत्वेन स्वरूपशून्येव निर्वितर्का समापत्तिः ॥१-४३॥

टीकार्थ :

शब्दार्थ . ..... समापत्तिः ॥ શબ્દાર્થની સ્મૃતિનો પ્રવિલય થયે છતે અર્થાત્ શબ્દ અને અર્થની ઉપસ્થિતિપૂર્વક થતા બોધનો નાશ થયે છતે, પ્રત્યુદિત સ્પષ્ટ ગ્રાહ્યાકાર પ્રતિભાસિપણાના કારણે=આત્મામાં શબ્દ અને અર્થ દ્વારા જે ગ્રાહ્ય આકારની ઉપસ્થિતિ સવિતર્કસમાપત્તિમાં થતી હતી તે ગ્રાહ્ય આકારનો પ્રતિભાસ શબ્દ અને અર્થ નિરપેક્ષ થતો હોવાના કારણે, ન્યગ્ભૂત જ્ઞાનાંશપણું હોવાથી=જ્ઞાનાંશનું ગૌણપણું હોવાથી, સ્વરૂપશૂન્ય જેવી નિર્વિતર્કસમાપત્તિ છે. ॥૧-૪૩॥

अवतरणिका :

भेदान्तरं प्रतिपादयितुमाह –

अवतरणिकार्थ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩ દ્વારા સવિતર્ક અને નિર્વિતર્કસમાપત્તિ કહી એના કરતાં ભેદાંતરને=અન્ય ભેદને, કહેવા માટે કહે છે –

સૂત્ર :

एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥१-४४॥

સૂત્રાર્થ :

આના દ્વારા જ=પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩માં સવિતર્કસમાપત્તિ અને નિર્વિતર્કસમાપત્તિ બતાવી એના દ્વારા જ, સૂક્ષ્મવિષયવાળી સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિ વ્યાખ્યાન કરાઈ. ॥૧-૪૪॥

ટીકા :

'एतयैवेति'-एतयैव=सवितर्कया च समापत्त्या सविचारा निर्विचारा च व्याख्याता । कीदृशी ? सूक्ष्मविषया सूक्ष्मस्तन्मात्रेन्द्रियादिर्विषयो यस्याः सा तथोक्ता, एतेन पूर्वस्याः स्थूलविषयत्वं प्रतिपादितं भवति, सा हि महाभूतालम्बना शब्दार्थविषयत्वेन शब्दार्थविकल्पसहितत्वेन, देशकालधर्माद्यवच्छिन्नः सूक्ष्मोऽर्थः प्रतिभाति यस्याः सा सविचारा, देशकालधर्मादिरहितो धर्मिमात्रतया सूक्ष्मोऽर्थस्तन्मात्रेन्द्रियरूपः प्रतिभाति यस्याः सा निर्विचारा ॥१-४४॥

ટીકાર્થ :

एतया ..... सहितत्वेन, આનાથી=સવિતર્કસમાપત્તિથી અને च શબ્દથી નિર્વિતર્કસમાપત્તિથી સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિ વ્યાખ્યાન કરાઈ.

કેવા પ્રકારની સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિ છે ? (એથી કહે છે --) સૂક્ષ્મવિષયવાળી= સૂક્ષ્મ તન્માત્રા અને ઇન્દ્રિયાદિ વિષય છે જેને તે તેવી કહેવાય છે. આના દ્વારા=સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિ સૂક્ષ્મવિષયવાળી છે એમ કહ્યું એના દ્વારા, પૂર્વની સમાપત્તિનું અર્થાત્ સવિતર્કસમાપત્તિ અને નિર્વિતર્કસમાપત્તિનું સ્થૂલવિષયપણું પ્રતિપાદિત થાય છે. તે=પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩માં કહેવાયેલી સમાપત્તિ, મહાભૂતના આલંબનવાળી શબ્દ અને અર્થના વિષયપણાથી અને શબ્દ અને અર્થના વિકલ્પસહિતપણાથી છે.

હવે સવિચાર અને નિર્વિચારસમાપત્તિનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

देशकाल... निर्विचारा ॥ દેશ, કાળ અને ધર્માદિથી અવચ્છિન્ન સૂક્ષ્મ અર્થ જેમાં પ્રતિભાસ થાય છે=પ્રકાશિત થાય છે, તે સવિચારસમાપત્તિ છે. દેશ, કાળ અને ધર્માદિથી રહિત ધર્મીમાત્રપણાથી તન્માત્રા અને ઇન્દ્રિયરૂપ સૂક્ષ્મ અર્થ જેમાં પ્રતિભાસ થાય છે=પ્રકાશિત થાય છે, તે નિર્વિચારસમાપત્તિ છે. ॥૧-૪૪॥

ભાવાર્થ :

પાતંજલમતાનુસાર ચાર પ્રકારની સમાપત્તિનું સ્વરૂપ :

(૧) સવિતર્કસમાપત્તિ :

શબ્દના, અર્થના અને જ્ઞાનના સંકીર્ણથી=મિશ્રપણાથી અથવા શબ્દ અને અર્થના વિકલ્પ અને જ્ઞાનના સંકીર્ણથી=મિશ્રપણાથી સવિતર્કસમાપત્તિ થાય છે.

જેમ-ચૈત્યવંદન સૂત્રકાળમાં કોઈ મહાત્મા ચૈત્યવંદનના સૂત્રના દરેક શબ્દોના ઉચ્ચાર દ્વારા તે સૂત્રથી વાચ્ય અર્થની ઉપસ્થિતિ કરી શકે તો તે 'નમુત્થુણં' સૂત્ર, 'નમુત્થુણં' સૂત્રના પદોથી વાચ્ય અર્થ અને તે અર્થની ઉપસ્થિતિથી થતું અર્થનું જ્ઞાન તે ત્રણેય પૃથગ્ભૂત ભાસે ત્યારે સંકીર્ણ નથી પરંતુ જ્યારે અત્યંત એકાગ્રતાપૂર્વક તે મહાત્મા સૂત્ર અને અર્થના પારાયણમાં યત્ન કરે તે વખતે તે 'નમુત્થુણં' સૂત્રના દરેક પદોથી વાચ્ય અર્થની ઉપસ્થિતિ અને તેના દ્વારા પોતાને ઉપસ્થિત થતું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પરસ્પર સંકીર્ણ ભાસે ત્યારે=એકાકારરૂપે ભાસે ત્યારે, સવિતર્કસમાપત્તિ થાય છે અર્થાત્ શ્રુતના વિકલ્પોથી તે સમાપત્તિ થાય છે.

વળી કોઈ મહાત્મા ભગવાનની પ્રતિમા જોઈને ભગવાનની કર્મકાયઅવસ્થા ઉપસ્થિત કરે તે વખતે કર્મકાયઅવસ્થાને કહેનારા શબ્દોથી ઉપસ્થિત થતી કર્મકાયઅવસ્થા સાક્ષાત્ પ્રતિમામાં નથી તેથી તે અર્થ વિકલ્પથી ઉપસ્થિત થાય છે માટે શબ્દ અને અર્થનો વિકલ્પ અને અર્થના વિકલ્પથી થતું જ્ઞાન સંકીર્ણ=એકાકારરૂપે ભાસે ત્યારે સવિતર્કસમાપતિ થાય છે.

(૨) નિર્વિતર્કસમાપત્તિ :

શબ્દ અને અર્થની ઉપસ્થિતિપૂર્વક થતા બોધનો નાશ થાય ત્યારે ગ્રાહ્ય આકારનો પ્રતિભાસ શબ્દ અને અર્થથી નિરપેક્ષ થતો હોવાના કારણે સ્વરૂપશૂન્યની જેમ અર્થમાત્રનો નિર્ભાસ, નિર્વિતર્કસમાપત્તિમાં થાય છે.

જેમ-પૂર્વમાં કહ્યું તે પ્રકારે નમુત્થુણં સૂત્રના ઉપયોગ દ્વારા અર્થની ઉપસ્થિતિ કરીને સવિતર્ક-સમાપત્તિવાળા તે મહાત્મા શબ્દ દ્વારા અર્થની ઉપસ્થિતિ કરવાનું બંધ કરે આમ છતાં તે અર્થ દ્વારા વાચ્યસ્વરૂપ સ્પષ્ટ ગ્રાહ્યાકારરૂપે પ્રતિભાસ થાય ત્યારે તે મહાત્માના ઉપયોગમાં જ્ઞાનાંશ ગૌણ બને છે અને જ્ઞેયાંશ મુખ્ય બને છે, તેથી સ્વરૂપ શુન્ય જેવી નિર્વિતર્કસમાપત્તિ વર્તે છે અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ જાણે શૂન્ય ન હોય તેવી અને જ્ઞેય પદાર્થના સ્વરૂપને સ્પર્શનારી નિર્વિતર્ક સમાપત્તિ થાય છે.

પાતંજલમતાનુસાર સવિતર્ક અને નિર્વિતર્કસમાપત્તિમાં સ્થૂલમહાભૂતાદિ વિષયને ગ્રહણ કરીને યોગીઓનું ચિત્ત પ્રવર્તે છે.

(૩) સવિચારસમાપત્તિ :

દેશ, કાળ અને ધર્માદિથી અવચ્છિન્ન=યુક્ત અર્થાત્ દેશ, કાળ અને ધર્માદિથી સંબદ્ધ=સહિત,

સૂક્ષ્મ અર્થ જેમાં પ્રતિભાસ થાય છે તે સવિચારસમાપત્તિ છે.

જેમ-ચૈત્યવંદન ક્રિયાકાળમાં તે મહાત્મા જ્યારે 'નમુત્થુણં' સૂત્રના સૂક્ષ્મ અર્થને ગ્રહણ કરીને ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે અને તે સૂક્ષ્મ અર્થનું ચિંતવન દેશ, કાળ અને ધર્મથી અવચ્છિન્ન કરે ત્યારે સવિચારસમાપત્તિ થાય છે.

(૪) નિર્વિચારસમાપત્તિ :

દેશ, કાળ અને ધર્માદિથી રહિત ધર્મીમાત્રપણાથી સૂક્ષ્મ અર્થ જેમાં પ્રતિભાસ થાય છે તે નિર્વિચારસમાપત્તિ છે.

જેમ-ચૈત્યવંદન ક્રિયાકાળમાં તે મહાત્મા જ્યારે નમુત્થુણં સૂત્રના સૂક્ષ્મ અર્થને ગ્રહણ કરીને ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે અને તે સૂક્ષ્મ અર્થનું ચિંતવન દેશ, કાળ અને ધર્મથી અનવચ્છિન્ન કરે ત્યારે નિર્વિચારસમાપત્તિ થાય છે.

પાતંજલમતાનુસાર સવિચાર અને નિર્વિચારસમાપત્તિમાં સૂક્ષ્મ તન્માત્રા અને ઇન્દ્રિયરૂપ વિષયને ગ્રહણ કરીને યોગીઓનું ચિત્ત પ્રવર્તે છે.

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે આ ચારે સમાપત્તિ મુખ્યરૂપે ક્ષપકશ્રેણિમાં હોય છે તેની પૂર્વે અભ્યાસસ્વરૂપ હોય છે.

સારાંશ :

પાતંજલમતાનુસાર ચાર પ્રકારની સમાપત્તિનું સ્વરૂપ :

(૧) **સવિતર્કસમાપ્તિ**	→	શબ્દ, અર્થ, જ્ઞાન અને વિકલ્પથી સહિત, સ્થૂલવિષયવાળી.
(૨) **નિર્વિતર્કસમાપ્તિ**	→	શબ્દ, અર્થથી રહિત સ્વરૂપશૂન્યની જેમ અર્થમાત્રનો નિર્ભાસ, સ્થૂલવિષયવાળી.
(૩) **સવિચારસમાપ્તિ**	→	દેશ, કાળ અને ધર્માદિથી સહિત, સૂક્ષ્મવિષયવાળી.
(૪) **નિર્વિચારસમાપ્તિ**	→	દેશ, કાળ અને ધર્માદિથી રહિત, સૂક્ષ્મવિષયવાળી.

॥૧-૪૨/૪૩/૪૪॥

અવતરણિકા :

अस्या एव सूक्ष्मविषयायाः किम्पर्यन्तः सूक्ष्मविषय इत्याह –

અવતરણિકાર્થ :

સૂક્ષ્મવિષયવાળી આનું જ=પાતંજલયોગસૂત્ર ૧-૪૪માં કહેલ સવિચાર અને નિર્વિચારસમાપત્તિનો જ, સૂક્ષ્મ વિષય ક્યાં સુધી છે ? એને કહે છે –

સૂત્ર :

सूक्ष्मविषयं चालिङ्गपर्यवसानम् ॥१-४५॥

સૂત્રાર્થ :

અને સૂક્ષ્મ વિષય=સવિચાર અને નિર્વિચારસમાધિનો સૂક્ષ્મ વિષય, અલિંગપર્યવસાન= અલિંગ પર્યંત છે. ॥૧-૪૫॥

ટીકા :

'सूक्ष्मेति'-सविचारनिर्विचारयोः समापत्योर्यत् सूक्ष्मविषयत्वमुक्तं तदलिङ्गपर्यवसानम्, न क्वचिल्लीयते न वा किञ्चिल्लिङ्गति गमयतीत्यलिङ्गं प्रधानं तत्पर्यन्तं सूक्ष्मविषयत्वम् । तथाहि-गुणानां परिणामे चत्वारि पर्वाणि-विशिष्टलिङ्गमविशिष्टलिङ्गं लिङ्गमात्रमलिङ्गं चेति । विशिष्टलिङ्गं भूतानि, अविशिष्टलिङ्गं तन्मात्रेन्द्रियाणि, लिङ्गमात्रं बुद्धिः, अलिङ्गं प्रधानमिति । नातः परं सूक्ष्ममस्तीत्युक्तं भवति ॥१-४५॥

ટીકાર્થ :

सविचार ..... भवति ॥ સવિચાર અને નિર્વિચારસમાપત્તિનું જે સૂક્ષ્મ વિષણપણું પાતંજલયોગસૂત્ર ૧-૪૪માં કહેવાયું તે અલિંગપર્યવસાન=પર્યંત છે.

અલિંગ શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

ક્યાંય લીન થતું નથી અથવા કોઈને જણાવતું નથી એ અલિંગ=પ્રધાન, તત્પર્યંત=ત્યાં સુધી અર્થાત્ પ્રધાન સુધી સૂક્ષ્મવિષયપણું છે.

તે આ પ્રમાણે – ગુણોના પરિણામના ચાર પર્વો છે=ચાર સ્થાનો છે – (૧) વિશિષ્ટ લિંગ, (૨) અવિશિષ્ટ લિંગ, (૩) લિંગમાત્ર અને (૪) અલિંગ.

इति શબ્દ ચાર સ્થાનના કથનની સમાપ્તિ સૂચક છે.

(૧) વિશિષ્ટલિંગ પાંચ ભૂતો છે,

(૨) અવિશિષ્ટ લિંગ તન્માત્રો અને ઇન્દ્રિયો છે,

(૩) લિંગમાત્ર બુદ્ધિ છે અને

(૪) અલિંગ પ્રધાન છે=પ્રકૃતિ છે.

આનાથી પર=પ્રધાનથી અર્થાત્ પ્રકૃતિથી પર, સૂક્ષ્મ નથી એ પ્રમાણે કહેવાયેલું થાય છે અર્થાત્ અલિંગપર્યંત સૂક્ષ્મ વિષય છે એનાથી કહેવાયેલું થાય છે. ॥૧-૪૫॥

ભાવાર્થ :

સવિચાર અને નિર્વિચારસમાપત્તિનો સૂક્ષ્મવિષય અલિંગ પર્યંત :

પાતંજલયોગસૂત્ર ૧-૧૭માં ચાર પ્રકારની સંપ્રજ્ઞાતસમાધિ છે તેમ બતાવેલ તેમાંથી સવિતર્કસમાપત્તિ અને નિર્વિતર્કસમાપત્તિનું સ્વરૂપ સૂત્ર ૧-૪૨/૪૩માં બતાવ્યું, અને સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિનું સ્વરૂપ સૂત્ર ૧-૪૪માં બતાવ્યું અને તે સવિચારસમાપત્તિ અને નિર્વિચારસમાપત્તિ સૂક્ષ્મવિષયવાળી છે તેમ કહ્યું, તેથી હવે સૂક્ષ્મ વિષય પૂર્વે પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરમાં છે તે બતાવવા માટે પ્રસ્તુત સૂત્રમાં કહ્યું કે અલિંગપર્યંત સૂક્ષ્મવિષયતા છે.

પાતંજલમતાનુસાર અલિંગ પ્રધાન છે અર્થાત્ પ્રકૃતિ છે. પ્રકૃતિને અલિંગ કેમ કહ્યું ? તેથી અલિંગ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

પ્રકૃતિ કોઈનામાં લીન થતી નથી માટે અલિંગ છે અર્થાત્ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા બુદ્ધિ આદિ તત્ત્વો યોગી જ્યારે સાધના કરે છે અને તેમનામાં વિવેકખ્યાતિ પ્રગટે છે ત્યારે પ્રકૃતિમાં લીન થાય છે, પરંતુ પ્રકૃતિ કોઈનામાં લીન થતી નથી; કેમ કે પાતંજલમતાનુસાર પ્રકૃતિ અને પુરુષ બે સ્વતંત્ર પદાર્થ છે અને પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિ તત્ત્વો પેદા થાય છે અને તેનાથી ભવનો પ્રપંચ ઉત્પન્ન થાય છે.

યોગી જ્યારે સાધના કરે છે ત્યારે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ઉત્તર-ઉત્તરના તત્ત્વો પૂર્વ-પૂર્વમાં લીન થાય છે, પરંતુ પ્રકૃતિ કોઈથી ઉત્પન્ન થયેલી નથી, તેથી તે ક્યાંય-કોઈનામાં લીન પામતી નથી માટે પ્રકૃતિને અલિંગ કહેલ છે.

અથવા અલિંગની બીજી વ્યુત્પત્તિ બતાવે છે –

કોઈને જણાવે નહીં તે અલિંગ કહેવાય છે. જેમ-વહ્નિમાંથી ધૂમ ઉત્પન્ન થાય છે, તેથી ધૂમ=ધૂમાડો વહ્નિનો બોધ કરાવે છે, તેમ પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી બુદ્ધિ પ્રકૃતિનો બોધ કરાવે છે. બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, તેથી અહંકાર બુદ્ધિનો બોધ કરાવે છે. તે રીતે ઉત્તર ઉત્તરના કાર્યો પૂર્વ-પૂર્વના કારણોનો અનુમાન દ્વારા બોધ કરાવે છે, પરંતુ પ્રકૃતિ કોઈનામાંથી ઉત્પન્ન થઈ નથી, તેથી પ્રકૃતિ કોઈને જણાવતી નથી માટે પ્રકૃતિને પાતંજલદર્શનકાર અલિંગ કહે છે.

વળી અલિંગ સુધી સૂક્ષ્મ વિષય છે એમ કહેવાથી શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

યોગી સાધના દ્વારા ગુણોનો પરિણામ પ્રાપ્ત કરે છે તે પરિણામમાં ચાર પર્વો છે=ચાર સંધિસ્થાનો છે તે આ પ્રમાણે –

(૧) પાંચ ભૂતરૂપ વિશિષ્ટલિંગ,

(૨) તન્માત્રા અને ઇન્દ્રિયરૂપ અવિશિષ્ટ લિંગ,

(૩) બુદ્ધિરૂપ લિંગમાત્ર અને

(૪) પ્રધાનરૂપ=પ્રકૃતિરૂપ અલિંગ.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, યોગી ગુણની નિષ્પત્તિ માટે ચિત્તને સ્થિર કરવા માટે પ્રયત્ન કરે તેના આલંબનરૂપ વિશિષ્ટલિંગ પાંચ મહાભૂતો છે તે સ્થૂલ છે તેથી તે પાંચ મહાભૂતો સ્થૂલ આલંબનરૂપે જેમાં પ્રાપ્ત થાય તે સવિતર્ક અને નિર્વિતર્ક સમાપત્તિ છે અને તેના કરતાં અવિશિષ્ટ લિંગરૂપ તન્માત્રા અને ઇંન્દ્રિય છે તે સૂક્ષ્મ છે તેથી તે તન્માત્રા અને ઇંદ્રિય સૂક્ષ્મ આલંબનરૂપે જેમાં પ્રાપ્ત થાય તે સવિચાર અને નિર્વિચાર સમાપ્તિ છે અને તેના કરતાં લિંગમાત્રરૂપ બુદ્ધિ છે તે સૂક્ષ્મ છે, તેથી તન્માત્રા અને ઇંદ્રિયના આલંબનથી સમાપત્તિમાં યત્ન કર્યા પછી તે બુદ્ધિરૂપ સૂક્ષ્મવિષયને ગ્રહણ કરીને યોગી સમાપત્તિમાં યત્ન કરે છે અને તેના કરતાં પ્રધાનરૂપ=પ્રકૃતિરૂપ, અલિંગ છે તે સૂક્ષ્મ છે, તેથી બુદ્ધિના આલંબનથી સમાપત્તિમાં યત્ન કર્યા પછી તે પ્રકૃતિરૂપ સૂક્ષ્મ વિષયને ગ્રહણ કરીને યોગી સમાપત્તિમાં યત્ન કરે છે, તેનાથી આગળ કોઈ સૂક્ષ્મ વિષય નથી. **॥૧-૪૫॥**

અવતરણિકા :

एतासां समापत्तीनां प्रकृते प्रयोजनमाह –

અવતરણિકાર્થ :

આ સમાપત્તિઓનું=પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩/૪૪માં સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર એમ ચાર પ્રકારની સમાપત્તિ બતાવી પ્રકૃત એવી સંપ્રજ્ઞાતસમાધિમાં એ સમાપત્તિઓનું પ્રયોજનને કહે છે –

સૂત્ર :

ता एव सबीजः समाधिः ॥१-४६॥

સૂત્રાર્થ :

તે જ=પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩/૪૪માં બતાવેલી ચાર પ્રકારની સમાપત્તિઓ જ સબીજ સમાધિ છે=સંપ્રજ્ઞાતસમાધિ છે. ॥૧-૪૬॥

ટીકા :

'ता इति'-ता एवोक्तलक्षणाः समापत्तयः सह बीजेनाऽऽलम्बनेन वर्तत इति सबीजः सम्प्रज्ञातः समाधिरित्युच्यते, सर्वासां सालम्बनत्वात् ॥१-४६॥

ટીકાર્થ :

ता एव ..... सालम्बनत्वात् ॥ તે જ=પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩/૪૪માં કહેવાયેલ સ્વરૂપવાળી સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર સમાપત્તિઓ, બીજથી સહિત=આલંબનથી સહિત વર્તે છે, એથી સબીજ છે અર્થાત્ સંપ્રજ્ઞાતસમાધિ એ પ્રમાણે કહેવાય છે; કેમ કે સર્વેનું=ચારે સમાપત્તિઓનું, આલંબન સહિતપણું છે. ॥૧-૪૬॥

ભાવાર્થ :

સબીજસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૨/૪૩/૪૪માં બતાવેલ સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર એ ચાર પ્રકારની સમાપત્તિ બાહ્ય આલંબનને ગ્રહણ કરીને યોગી પ્રાપ્ત કરે છે, તેથી તેને સબીજ સમાધિ કહેવામાં આવે છે અને આ સબીજ સમાધિ એ જ સંપ્રજ્ઞાતસમાધિ છે.

વિશેષાર્થ :

સવિતર્કસમાપત્તિમાં યોગી શબ્દ, અર્થ અને જ્ઞાનથી સંકીર્ણ ઉપયોગ રાખીને યત્ન કરે છે અથવા શબ્દ અને અર્થના વિકલ્પ અને જ્ઞાનથી સંકીર્ણ ઉપયોગ રાખીને યત્ન કરે છે તે વખતે તે યોગી પાંચમહાભૂતોને અવલંબીને યત્ન કરે છે, તેથી સવિતર્કસમાપત્તિનો પાંચ મહાભૂતરૂપ સ્થૂલ વિષય છે, માટે સવિતર્કસમાપત્તિ પાંચ મહાભૂતના આલંબનથી પ્રવર્તે છે માટે સબીજસમાપત્તિ છે અને સવિતર્કસમાપત્તિમાંથી જ નિર્વિતર્ક સમાપત્તિ પ્રગટે છે તે વખતે સ્વરૂપશૂન્ય જેવા પાંચમહાભૂતરૂપ અર્થમાત્રનો નિર્ભાસ થાય છે તેથી નિર્વિતર્કસમાપત્તિમાં પણ પાંચ મહાભૂત આલંબનરૂપ હોવાથી તે પણ સબીજસમાધિ છે. ત્યારપછી યોગી સવિચાર અને નિર્વિચાર સમાપત્તિમાં યત્ન કરે છે ત્યારે સૂક્ષ્મવિષયરૂપ પાંચ તન્માત્રા અને ઇન્દ્રિયને આલંબન કરીને અર્થાત્ ગ્રહણ કરીને પ્રવર્તે છે, ત્યારપછી તેનાથી સૂક્ષ્મવિષયરૂપ બુદ્ધિને ગ્રહણ કરીને પ્રવર્તે છે, ત્યારપછી તેનાથી સૂક્ષ્મવિષયરૂપ પ્રકૃતિને ગ્રહણ કરીને પ્રવર્તે છે અને તેને આલંબન કરીને અર્થાત્ ગ્રહણ કરીને પ્રવર્તતી સવિચાર અને નિર્વિચારસમાપત્તિ હોવાથી તે બંને સમાપત્તિ પણ સબીજ સમાધિ છે. આ પ્રમાણે પાતંજલદર્શનકારની માન્યતા છે. **॥૧-૪૬॥**

પાતંજલયોગસૂત્ર ૧-૪૬ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[य.] व्याख्या-पर्यायोपरक्तानुपरक्तस्थूलसूक्ष्मद्रव्यभावनारूपाणामेतासां शुक्लध्यान-जीवानुभूतानां चित्तैकाग्र्यकारिणीनामुपशान्तमोहापेक्षया सबीजत्वं, क्षीणमोहापेक्षया तु निर्बीजत्वमपि स्यात्, इति त्वार्हतसिद्धान्तरहस्यम् ॥

અર્થ :

પર્યાયોપરક્ત ..... રહસ્યમ્ ॥ શુક્લધ્યાનવાળા જીવથી અનુભૂત=અનુભવાયેલી, ચિત્તની એકાગ્રતાને કરનારી એવી પર્યાયથી ઉપરક્ત અને અનુપરક્ત એવા સ્થૂલદ્રવ્યની અને સૂક્ષ્મદ્રવ્યની ભાવનારૂપ આમનું=સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર સમાપત્તિઓનું, વળી ઉપશાંતમોહની અપેક્ષાએ સબીજપણું અને ક્ષીણમોહની અપેક્ષાએ નિર્બીજપણું પણ થાય, એ પ્રકારે વળી અર્હંતસિદ્ધાંતનું રહસ્ય છે=સર્વજ્ઞના સિદ્ધાંતનું રહસ્ય છે.

ભાવાર્થ :

સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર આ ચાર સમાપત્તિ ઉપશાંતમોહની અપક્ષાએ સબીજસમાધિ અને ક્ષીણોમોહની અપેક્ષાએ નિર્બીજસમાધિ :

પાતંજલદર્શનકાર સવિતર્કસમાપત્તિને પર્યાયથી ઉપરક્ત એવા સ્થૂલ દ્રવ્યની ભાવનારૂપ સ્વીકારે છે અને નિર્વિતર્કસમાપત્તિને પર્યાયથી અનુપરક્ત સ્થૂલ દ્રવ્યની ભાવનારૂપ સ્વીકારે છે; કેમ કે સવિતર્ક અને નિર્વિતર્કસમાપત્તિમાં પાંચ મહાભૂતરૂપ સ્થૂલદ્રવ્યનું ભાવન કરાય છે.

વળી સવિચારસમાપત્તિને પર્યાયથી ઉપરક્ત સૂક્ષ્મદ્રવ્યની ભાવનારૂપ સ્વીકારે છે અને નિર્વિચાર-સમાપત્તિને પર્યાયથી અનુપરક્ત સૂક્ષ્મદ્રવ્યની ભાવનારૂપ સ્વીકારે છે; કેમ કે સવિચાર અને નિર્વિચાર સમાપત્તિમાં પાંચમહાભૂતોથી ઉત્તરનાં પાંચ તન્માત્રા અને ઇન્દ્રિયાદિરૂપ સૂક્ષ્મ દ્રવ્યનું ભાવન કરાય છે.

આ (૧) સવિતર્કસમાપત્તિ (૨) નિર્વિતર્કસમાપત્તિ (૩) સવિચારસમાપત્તિ અને (૪) નિર્વિચાર-સમાપત્તિરૂપ ચારેય સમાપત્તિ શુક્લધ્યાનવાળા જીવથી અનુભૂત=અનુભવાયેલી છે, અને ચિત્તની એકાગ્રતાને કરનારી છે, તેથી ઉપશમશ્રેણીવાળા અને ક્ષપકશ્રેણીવાળા જીવોને આ ચાર સમાપત્તિ હોય છે અને ઉપશમશ્રેણિવાળા જીવો ઉપશાંતમોહવાળા હોવાથી કર્મરૂપ બીજ તેમને ઉપશાંતભાવરૂપે વિદ્યમાન છે માટે ઉપશાંતમોહવાળા જીવોને આ ચાર સમાપત્તિ સબીજસમાધિ છે અને ક્ષીણમોહવાળા જીવોના કર્મરૂપ બીજ ક્ષીણ થયેલા હોવાથી વિદ્યમાન નથી; કેમ કે ક્ષપકશ્રેણીમાં કર્મરૂપ બીજનો તેઓ નાશ કરે છે, તેથી ક્ષીણમોહવાળા જીવોની અપેક્ષાએ આ ચાર સમાધિ નિર્બીજસમાધિ પણ છે એ પ્રકારે અરિહંત ભગવાનના સિદ્ધાંતનું રહસ્ય છે.

અવતરણિકા :

अथेतरासां समापत्तीनां निर्विचारफलत्वान्निर्विचारायाः फलमाह –

અવતરણિકાર્થ :

હવે ઇતરસમાપત્તિઓનું=સવિતર્ક, નિર્વિતર્ક અને સવિચાર આ ત્રણ સમાપત્તિઓનું નિર્વિચાર-ફળપણું હોવાથી નિર્વિચારના=નિર્વિચારસમાપત્તિના, ફળને કહે છે –

સૂત્ર :

निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः ॥१-४७॥

સૂત્રાર્થ :

નિર્વિચારના વૈશારદ્યમાં=નિર્વિચારની નિર્મળતામાં, અધ્યાત્મનો પ્રસાદ થાય છે. ॥૧-૪૭॥

ટીકા :

'निर्विचारेति'-निर्विचारत्वं व्याख्यातम्, वैशारद्यं=नैर्मल्यम्, सवितर्कां स्थूलविषयाम-पेक्ष्य निर्वितर्कायाः प्राधान्यम्, ततोऽपि सूक्ष्मविषयायाः सविचारायाः, ततोऽपि निर्विकल्परूपाया निर्विचारायाः, तस्यास्तु निर्विचारायाः प्रकृष्टाभ्यासवशाद्वैशारद्ये नैर्मल्ये सत्यध्यात्मप्रसादः समुपजायते, चित्तं क्लेशवासनारहितं स्थितिप्रवाहयोग्यं भवति, एतदेव चित्तस्य वैशारद्यं यत्स्थितौ दार्ढ्यम् ॥१-४७॥

ટીકાર્થ :

निर्विचारत्वम् ..... दार्ढ्यम् ॥ નિર્વિચારવૈશારદ્યમાં રહેલું નિર્વિચારપણું પાતંજલયોગસૂત્ર ૧-૪૪માં વ્યાખ્યાત કરાયું=કહેવાયું.

વૈશારદ્ય=નિર્મળપણું.

સ્થૂલવિષયવાળી એવી સવિતર્કસમાપત્તિની અપેક્ષાએ નિર્વિતર્કસમાપત્તિની પ્રધાનતા છે અર્થાત્ અધિક મહત્ત્વ છે, તેનાથી પણ=નિર્વિતર્ક સમાપત્તિથી પણ, સૂક્ષ્મ વિષયવાળી સવિચારસમાપત્તિની પ્રધાનતા છે અર્થાત્ અધિક મહત્ત્વ છે. તેનાથી પણ=સવિચારસમાપત્તિથી પણ, નિર્વિકલ્પરૂપ નિર્વિચાર-સમાપત્તિની પ્રધાનતા છે અર્થાત્ અધિક મહત્ત્વ છે.

વળી તેના=નિર્વિચારસમાપત્તિના પ્રકૃષ્ટ અભ્યાસના વશથી વિશારદપણું થયે છતે=નિર્મળપણું થયે છતે, અધ્યાત્મનો પ્રસાદ થાય છે=ક્લેશવાસનાથી રહિત સ્થિતિપ્રવાહયોગ્ય ચિત્ત થાય છે. અર્થાત્ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે તેવા પ્રવાહયોગ્ય ચિત્ત થાય છે. એ જ ચિત્તનું વિશારદપણું જે સ્થિતિમાં દૃઢતા છે અર્થાત્ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરી શકે તેવું દૃઢપણું છે. ॥૧-૪૭॥

ભાવાર્થ :

નિર્વિચારસમાપત્તિની નિર્મળતામાં અધ્યાત્મપ્રસાદની પ્રાપ્તિ :

પાતંજલદર્શનકારના મત પ્રમાણે યોગી પ્રથમ ભૂમિકામાં સવિતર્કસમાપત્તિમાં યત્ન કરે છે, તેનાથી સંપન્ન થયા પછી નિર્વિતર્કસમાપત્તિમાં યત્ન કરે છે તેનાથી સંપન્ન થયા પછી નિર્વિતર્કસમાપત્તિમાં યત્ન કરે છે. તે વખતે યોગીના ચિત્તમાં વિશેષ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થાય છે અને નિર્વિતર્કસમાપત્તિથી સંપન્ન થયા પછી સૂક્ષ્મવિષયવાળી સવિચારસમાપત્તિમાં યત્ન કરે છે, તેનાથી નિર્વિતર્ક કરતા પણ અધિક સ્થૈર્ય પ્રગટે છે ત્યારપછી નિર્વિકલ્પરૂપ નિર્વિચારસમાપત્તિમાં યત્ન કરે છે, તેનાથી સવિચાર-સમાપત્તિ કરતાં પણ અધિક સ્થૈર્ય પ્રગટ છે અને નિર્વિચારસમાપત્તિનો પ્રકૃષ્ટ અભ્યાસ થાય ત્યારે નિર્વિચારસમાપત્તિમાં પણ વિશેષ પ્રકારની નિર્મળતા પ્રગટે છે, તેનાથી અધ્યાત્મનો પ્રસાદ ઉત્પન્ન થાય છે અર્થાત્ યોગીનું ચિત્ત ક્લેશવાસનાથી રહિત બને છે અને આત્મા પોતાની સ્થિતિમાં રહે તેવા પ્રવાહયોગ્ય બને છે, તે અધ્યાત્મનો પ્રસાદ છે. **॥૧-૪૭॥**

અવતરણિકા :

तस्मिन् सति किं भवतीत्याह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૭માં કહ્યું કે, નિર્વિચારસમાપત્તિની નિર્મળતામાં અધ્યાત્મનો પ્રસાદ થાય છે, તેથી હવે તે હોતે છતે=અધ્યાત્મનો પ્રસાદ હોતે છતે, શું થાય છે ? એથી કહે છે –

સૂત્ર :

ऋतम्भरा तत्र प्रज्ञा ॥१-४८॥

સૂત્રાર્થ :

તત્ર=તે હોતે છતે=અધ્યાત્મનો પ્રસાદ હોતે છતે, ઋતંભરાપ્રજ્ઞા થાય છે. ॥૧-૪૮॥

ટીકા :

'ऋतम्भरेति'-ऋतं सत्यं बिभर्ति कदाचिदपि न विपर्ययेणाऽऽच्छाद्यते सा ऋतम्भरा प्रज्ञा तस्मिन्सति भवतीत्यर्थः, तस्माच्च प्रज्ञालोकात् सर्वं यथावत्पश्यन्योगी प्रकृष्टं योगं प्राप्नोति ॥१-४८॥

ટીકાર્થ :

ऋतं ..... प्राप्नोति ॥

ઋતંભરાનો વ્યુત્પત્તિ અર્થ કહે છે –

ઋત=સત્ય તેને ધારણ કરે, ક્યારેય પણ વિપર્યયથી આચ્છાદન ન પામે તે ઋતંભરાપ્રજ્ઞા, તે હોતે છતે થાય છે=અધ્યાત્મપ્રસાદ હોતે છતે થાય છે, અને તેનાથી=ઋતંભરાપ્રજ્ઞાથી, સર્વને યથાવત્ જોતા યોગી પ્રકૃષ્ટ યોગને પ્રાપ્ત કરે છે. ॥૧-૪૮॥

ભાવાર્થ :

અધ્યાત્મનો પ્રસાદ હોતે છતે ઋતંભરાપ્રજ્ઞાની પ્રાપ્તિ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૭માં કહ્યું કે, નિર્વિચારસમાપત્તિનું વિશારદપણું થયે છતે અધ્યાત્મનો પ્રસાદ થાય છે અને અધ્યાત્મનો પ્રસાદ થયે છતે યોગીને ઋતંભરાપ્રજ્ઞા થાય છે.

ઋતંભરાપ્રજ્ઞાનો અર્થ બતાવે છે –

ઋતંભરાપ્રજ્ઞા ક્યારેય પણ વિપર્યયવાળી હોતી નથી, પરંતુ સત્યને ધારણ કરે છે અને તેવી પ્રજ્ઞાથી યોગી સંસારનું સર્વસ્વરૂપ અને સાધનાને અનુકૂળ યોગમાર્ગનું સ્વરૂપ યથાવત્ જુએ છે અને તેના કારણે તે યોગી પ્રકૃષ્ટ એવા યોગમાર્ગને પ્રાપ્ત કરે છે.

આનાથી એ ફલિત થાય છે કે, સવિતર્કાદિસમાપત્તિ ઉત્તર ઉત્તરની સમાપત્તિનું કારણ બને છે અને અંતિમ એવી નિર્વિચારસમાપત્તિ જ્યારે પ્રકર્ષવાળી થાય છે ત્યારે અધ્યાત્મનો પ્રસાદ થાય છે, તેના ફળરૂપે યોગીને ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે અને ઋતંભરાપ્રજ્ઞાના બળથી યોગીને પ્રકૃષ્ટ એવા યોગની પ્રાપ્તિ થાય છે, તેના ફળરૂપે સંસારનો અંત થાય છે. **॥૧-૪૮॥**

અવતરણિકા :

अस्याः प्रज्ञान्तराद्वैलक्षण्यमाह –

અવતરણિકાર્થ :

આનું=ઋતંભરાપ્રજ્ઞાનું, પ્રજ્ઞાંતરથી=અન્ય પ્રજ્ઞાથી, વિલક્ષણપણું કહે છે –

સૂત્ર :

श्रुतानुमानप्रज्ञाभ्यां सामान्यविषया विशेषार्थत्वात् ॥१-४९॥

સૂત્રાર્થ :

શ્રુત - અનુમાન પ્રજ્ઞા દ્વારા સામાન્યવિષયવાળી પ્રજ્ઞા થાય છે માટે અન્ય પ્રજ્ઞાથી ઋતંભરપ્રજ્ઞા વિશેષ છે; કેમ કે વિશેષાર્થપણું છે અર્થાત્ શ્રુત અને અનુમાનપ્રજ્ઞાથી ઋતંભરાપ્રજ્ઞા વિશેષ અર્થને જાણનાર છે. ॥૧-૪૯॥

ટીકા :

'श्रुतेति'-श्रुतमागमज्ञानम्, अनुमानमुक्तलक्षणम्, ताभ्यां या जायते प्रज्ञा सा सामान्यविषया, न हि शब्दलिङ्गयोरिन्द्रियवद्विशेषप्रतिपत्तौ सामर्थ्यम्, इयं पुनर्निर्विचार-वैशारद्यसमुद्भवा प्रज्ञा ताभ्यां विलक्षणा विशेषविषयत्वात्, अस्यां हि प्रज्ञायां सूक्ष्म-व्यवहितविप्रकृष्टानामपि विशेषः स्फुटेनैव रूपेण भासते, अतस्तस्यामेव योगिना परः प्रयत्नः कर्तव्य इत्युपदिष्टं भवति ॥१-४९॥

ટીકાર્થ :

श्रुतम् ..... भवति ॥ આગમનું જ્ઞાન શ્રુત છે. કહેવાયેલા લક્ષણવાળું=પાતંજલયોગસૂત્ર ૧-૭ની ટીકામાં કહેવાયેલા લક્ષણવાળું અનુમાન છે. તે બંને દ્વારા=શ્રુત અને અનુમાન દ્વારા, જે પ્રજ્ઞા ઉત્પન્ન થાય છે તે સામાન્યવિષયવાળી છે.

કેમ શ્રુત અને અનુમાનથી થતું જ્ઞાન સામાન્યવિષયવાળું છે ? તેમાં યુક્તિ બતાવે છે –

શબ્દ અને લિંગનું=શ્રુતજ્ઞાનનું કારણ એવા શબ્દનું અને અનુમાનનું કારણ એવા લિંગનું, ઇન્દ્રિયની જેમ=પ્રત્યક્ષથી દેખાતી વસ્તુને ગ્રહણ કરવામાં ઇન્દ્રિયો પ્રવૃત્તિ કરે છે તેમ, વિશેષપ્રતિપત્તિમાં=વિશેષ નિર્ણય કરવામાં સામર્થ્ય નથી.

વળી આ નિર્વિચારના વિશારદપણાથી=નિર્વિચારની નિર્મળતાથી, ઉત્પન્ન થયેલી પ્રજ્ઞા તેના કરતાં=શ્રુત અને અનુમાનથી ઉત્પન્ન થયેલી પ્રજ્ઞા કરતાં, વિલક્ષણ છે; કેમ કે વિશેષવિષયપણું છે.

કેમ ઋતંભરાપ્રજ્ઞાનું વિશેષવિષયપણું છે, તેથી કહે છે –

હિ=જે કારણથી, આ પ્રજ્ઞામાં=ઋતંભરાપ્રજ્ઞામાં, સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ પણ અર્થોનો વિશેષ સ્પષ્ટરૂપે જ ભાસે છે, આથી તેમાં જ=ઋતંભરાપ્રજ્ઞામાં જ, યોગીએ પ્રકૃષ્ટ પ્રયત્ન કરવો જોઈએ, એ પ્રકારે ઉપદિષ્ટ=કહેવાયેલું, થાય છે. ॥૧-૪૯॥

ભાવાર્થ :

સામાન્ય વિષયવાળી શ્રુત અને અનુમાનપ્રજ્ઞાથી વિશેષ અર્થપણું હોવાને કારણે ઋતંભરાપ્રજ્ઞાની વિલક્ષણતા :

પાતંજલયોગસૂત્ર ૧-૪૮માં પતંજલિઋષિએ અધ્યાત્મના પ્રસાદથી ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે તેમ બતાવ્યું અને ઋતંભરાપ્રજ્ઞાને પ્રગટ કરવાનો ઉપાય શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટ થયેલ પ્રજ્ઞા છે; કેમ કે શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટ થયેલી પ્રજ્ઞાના બળથી યોગી સવિતર્કાદિ સમાપત્તિમાં યત્ન કરે છે તેના ફળરૂપે ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે.

વળી શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટ થયેલી પ્રજ્ઞા ઋતંભરાપ્રજ્ઞા જેવી નથી પરંતુ ઋતંભરાપ્રજ્ઞાનું કારણ બને તેવી સામાન્યવિષયવાળી છે તે બતાવતાં કહે છે –

શ્રુતજ્ઞાન શબ્દોથી થાય છે, અને શબ્દથી જ્ઞાન કર્યા પછી લિંગો દ્વારા અનુમાન કરાય છે, તેથી શ્રુત અને અનુમાન દ્વારા યોગમાર્ગને ઉપયોગી એવા સામાન્યનો બોધ થાય છે. કેમ વિશેષનો બોધ થતો નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જેમ ઇન્દ્રિયોથી વિશેષનો નિર્ણય થાય છે તેમ નહીં દેખાતા પદાર્થોનો શબ્દ અને લિંગ દ્વારા વિશેષ નિર્ણય થતો નથી, તેથી પ્રત્યક્ષ જેવો વિશેષ નિર્ણય શ્રુત અને અનુમાન દ્વારા થઈ શકતો નથી, આમ છતાં શ્રુત અને અનુમાન દ્વારા યોગમાર્ગવિષયક સામાન્ય નિર્ણય કર્યા પછી યોગી સવિતર્કાદિ સમાધિમાં યત્ન કરે અને અંતે નિર્વિચારના વૈશારદ્યથી અર્થાત્ નિર્વિચારની નિર્મળતાથી ઉત્પન્ન થયેલી એવી ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે તેમાં શ્રુત અને અનુમાનથી પ્રગટેલી પ્રજ્ઞા કરતાં વિલક્ષણપણું છે; કેમ કે શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટેલી પ્રજ્ઞામાં યોગના સેવનથી પ્રગટ થયેલ અનુભવજ્ઞાનને કારણે અતિશયતા થાય છે, તેથી શ્રુત અને અનુમાન દ્વારા પ્રગટ થયેલું સામાન્ય જ્ઞાન ઘણા અતિશયવાળું બને છે.

આ ઋતંભરાપ્રજ્ઞા પ્રગટ થાય ત્યારે યોગીઓને સૂક્ષ્મ પદાર્થો, વળી અન્ય વસ્તુઓના વ્યવધાનમાં રહેલા પદાર્થો અને દૂરવર્તી પદાર્થો વિશેષ સ્પષ્ટ ભાસે છે, તેથી આ પ્રજ્ઞામાં જ યોગીએ યત્ન કરવો જોઈએ, પરંતુ માત્ર શ્રુત અને અનુમાન પ્રજ્ઞામાં ઉદ્યમ કરીને સંતોષ માનવો જોઈએ નહીં. **॥૧-૪૯॥**

પાતંજલયોગસૂત્ર ૧-૪૭/૪૮/૪૯ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] **વ્યાખ્યા**-"सन्ध्येव दिनरात्रिभ्यां केवलाच्च श्रुतात्पृथग् ।
बुधैरनुभवो दृष्टः केवलार्करुणोदयः" ॥१॥ [**જ્ઞાનસાર-૨૬, અનુભવાષ્ટક શ્લોક-૧**]

इत्यस्मदुक्तलक्षणलक्षितानुभवापरनामधेया शास्त्रोक्तायां दिशि, तदतिक्रान्तमतीन्द्रियं विशेषमवलम्बमाना तत्त्वतो द्वितीयापूर्वकरणभाविसामर्थ्ययोगप्रभवेयं समाधिप्रज्ञा, इति युक्तः पन्थाः ॥

અર્થ :

"દિવસ અને રાત્રિથી સંધ્યાની જેમ કેવલથી અને શ્રુતથી પૃથક્ કેવલજ્ઞાનરૂપી સૂર્ય માટે અરુણોદયસ્વરૂપ અનુભવ બુધ પુરુષો વડે જોવાયો છે."

એ પ્રમાણે અમારા વડે કરાયેલા લક્ષણથી લક્ષિત જ્ઞાનસાર-અનુભવાષ્ટક ૨૬-૧ શ્લોકમાં જણાવેલા લક્ષણથી જણાતી, અનુભવ અપર નામવાળી='અનુભવ' એ પ્રમાણે બીજા નામવાળી, શાસ્ત્રોક્ત દિશામાં તેને અતિક્રાંત એવા=શાસ્ત્રને ઓળંગી ગયેલ એવા, અતીન્દ્રિયવિષયને અવલંબન કરતી આ સમાધિ પ્રજ્ઞા છે અર્થાત્ ઋતંભરા સમાધિ પ્રજ્ઞા છે.

આ સમાધિપ્રજ્ઞા=ઋતંભરાસમાધિપ્રજ્ઞા, તત્ત્વથી દ્વિતીય=બીજા, અપૂર્વકરણભાવી સામર્થ્યયોગનો પ્રભવ છે જેનાથી એવી અર્થાત્ સામર્થ્યયોગનું કારણ બને એવી, આ સમાધિપ્રજ્ઞા છે, એ પ્રકારે યુક્ત=યોગ્ય પંથ=માર્ગ છે.

ભાવાર્થ :

અનુભવજ્ઞાનસ્વરૂપ જ બીજા નામવાળી ઋતંભરાપ્રજ્ઞાથી યોગીને દ્વિતીય અપૂર્વકરણકાળભાવી સામર્થ્યયોગની પ્રાપ્તિ :

પતંજલિઋષિએ ઋતંભરાપ્રજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે, શ્રુત અને અનુમાન પ્રજ્ઞા કરતાં વિશેષવિષયવાળી ઋતંભરાપ્રજ્ઞા છે. તે અર્થ પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજને સંમત છે. તેની પુષ્ટિ કરતાં વચનો બતાવતાં કહે છે –

કોઈ સાધક યોગી શાસ્ત્રોક્ત દિશામાં યત્ન કરતાં હોય ત્યારે પ્રથમ શાસ્ત્રથી શાબ્દબોધની મર્યાદા દ્વારા યથાર્થ બોધ કરે છે, અને તે પદાર્થનો નિર્ણય અનુમાન દ્વારા અર્થાત્ યુક્તિ દ્વારા કરે છે, ત્યારપછી તે બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને આત્માને ભાવિત કરવા પ્રયત્ન કરે છે ત્યારે અનુભવજ્ઞાન પ્રગટે છે.

આ અનુભવજ્ઞાન જ્યારે પ્રકર્ષવાળું બને છે ત્યારે તે અનુભવજ્ઞાન એ જ ઋતંભરા નામની સમાધિ પ્રજ્ઞા છે, તે શાસ્ત્રથી અતિકાંત એવા વિષયને અવલંબન કરે છે, તેથી શાસ્ત્ર અને અનુમાનથી વિશેષ વિષયવાળી છે.

આ ઋતંભરાપ્રજ્ઞાના બળથી યોગીને બીજા અપૂર્વકરણકાળમાં થનારો સામર્થ્યયોગ પ્રગટે છે, તે મોહનો નાશ કરીને કેવલજ્ઞાનનું કારણ બને છે, માટે પતંજલિઋષિ જે કહે છે તે પંથ=માર્ગ, યુક્ત છે.

अवतरणिका :

अस्याः प्रज्ञायाः फलमाह –

अवतरणिकार्थ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૮માં ઋતંભરાપ્રજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું અને તે ઋતંભરાપ્રજ્ઞા શ્રુત અને અનુમાન પ્રજ્ઞા કરતાં વિશેષવિષયવાળી છે, તેથી યોગીને શ્રુતથી અને અનુમાનથી પ્રગટ થયેલી પ્રજ્ઞા જેમ કલ્યાણનું કારણ છે, તેના કરતાં અધિક કલ્યાણનું કારણ ઋતંભરાપ્રજ્ઞા છે, તેમ ફલિત થયું. હવે આ પ્રજ્ઞાના=ઋતંભરાપ્રજ્ઞાના, ફળને કહે છે –

सूत्र :

तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥१-५०॥

सूत्रार्थ :

તેનાથી થયેલો સંસ્કાર=ઋતંભરાપ્રજ્ઞાથી થયેલો સંસ્કાર, અન્ય સંસ્કારોનો=વ્યુત્થાનથી થયેલ અને સમાધિથી થયેલ સંસ્કારોનો પ્રતિબંધી છે. ॥૧-૫૦॥

टीका :

'तज्ज इति'-तया प्रज्ञया जनितो यः संस्कारः सोऽन्यान् व्युत्थानजान् समाधिजांश्च संस्कारान् प्रतिबध्नाति=स्वकार्यकरणाक्षमान् करोतीत्यर्थः, यतस्तत्त्वरूपतयाऽनया जनिताः संस्कारा बलवत्त्वादतत्त्वरूपप्रज्ञाजनितान् संस्कारान् बाधितुं शक्नुवन्ति, अतस्तामेव प्रज्ञामभ्य-सेदित्युक्तं भवति ॥१-५०॥

टीकार्थ :

तया ..... भवति ॥ તે પ્રજ્ઞાથી=ઋતંભરાપ્રજ્ઞાથી, જનિત=ઉત્પન્ન થયેલો, એવો જે સંસ્કાર તે અન્ય એવા વ્યુત્થાનથી થનારા અને સમાધિથી થનારા સંસ્કારોને પ્રતિબંધિત કરે છે=સ્વકાર્ય કરવામાં અસમર્થ કરે છે. જે કારણથી તત્ત્વરૂપપણું હોવાના કારણે આના વડે=ઋતંભરાપ્રજ્ઞા વડે, જનિત=ઉત્પન્ન થયેલા, એવા સંસ્કારો બળવાન હોવાથી અતત્ત્વરૂપ પ્રજ્ઞાથી જનિત=ઉત્પન્ન થયેલા એવા, સંસ્કારોને બાધ કરવા માટે શક્તિમાન થાય છે=સમર્થ થાય છે, આથી તે જ પ્રજ્ઞાનો=ઋતંભરાપ્રજ્ઞાનો જ, અભ્યાસ કરવો જોઈએ, એ પ્રમાણે કહેવાયેલું થાય છે. ॥૧-૫૦॥

ભાવાર્થ :

ઋતંભરાપ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલ સંસ્કાર વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલ અને સમાધિથી ઉત્પન્ન થયેલ સંસ્કારોનો પ્રતિબંધી :

યોગીને ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે ત્યારે પદાર્થના પારમાર્થિક સ્વરૂપને યથાર્થ અવલોકન કરવાની માર્ગાનુસારી પ્રકૃષ્ટ પ્રજ્ઞા વર્તે છે, તેમાં લેશ પણ વિપર્યય નથી. તે ઋતંભરાપ્રજ્ઞાથી આત્માને આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તેવા જ્ઞાનના સંસ્કારો પડે છે અને તે સંસ્કારો પૂર્વમાં કહેલ વ્યુત્થાનથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો અને સવિતર્કાદિ સમાધિથી ઉત્પન્ન થયેલા સંસ્કારોનો પ્રતિબંધ કરે છે અર્થાત્ ઋતંભરાપ્રજ્ઞાથી થયેલા જ્ઞાનના સંસ્કારોથી પૂર્વમાં ઉત્પન્ન થયેલા સંસાર અવસ્થાના સંસ્કારો કે સમાધિકાળમાં થયેલા સંસ્કારો પોતાનું કાર્ય કરવા અસમર્થ બને તેવા થાય છે, તેથી યોગીના ચિત્તમાં હવે અન્ય કોઈ સંસ્કારો પ્રવર્તતા નથી માત્ર ઋતંભરાપ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો યોગીના ચિત્તના પ્રવર્તક બને છે માટે ઋતંભરાપ્રજ્ઞામાં જ અભ્યાસ કરવો જોઈએ.

વિશેષાર્થ :

વ્યુત્થાનના સંસ્કારો બાહ્ય એવા પદાર્થોમાં રાગ ઉત્પન્ન કરાવીને મનને બાહ્ય પદાર્થોમાં ભટકતું રાખે છે, તેથી આત્માની સ્વસ્થતાનો વ્યાઘાત થાય છે અને યોગીઓ શ્રુત અને અનુમાન દ્વારા સામાન્યથી તત્ત્વનો નિર્ણય કરીને સવિતર્કાદિ સમાધિમાં યત્ન કરે છે ત્યારે પણ શબ્દ, અર્થ વગેરેનું અવલંબન લઈને ભાવ્યના વિષયમાં ચિત્ત પ્રવર્તે છે પરંતુ અત્યંત સ્થૈર્યરૂપ=સ્થિરતારૂપ, ચિત્ત પ્રવર્તતું નથી, તેથી સમાધિના સંસ્કારો આત્માના સ્થૈર્યને અભિમુખભાવવાળા હોવા છતાં પૂર્ણ સ્થૈર્યભાવવાળા નથી.

ઋતંભરાપ્રજ્ઞાકાળમાં યોગી આત્માના અત્યંત સ્થૈર્યભાવને અનુકૂળ સંસ્કારોનું આધાન કરે છે તેનાથી વ્યુત્થાનના સંસ્કારો પ્રતિબંધિત થાય છે અને સમાધિકાળમાં કરાયેલા યત્નથી જે સંસ્કારો પડેલા તેનો પણ પ્રતિબંધ થાય છે, તેથી ઋતંભરાપ્રજ્ઞાવાળા યોગી આત્માના પરમ સ્થૈર્યને અનુકૂળ મહાઉદ્યમ કરીને સ્થૈર્યના=સ્થિરતાના, સંસ્કારોને આધાન કરે છે. **॥૧-૫૦॥**

અવતરણિકા :

एवं सम्प्रज्ञातं समाधिमभिधायासम्प्रज्ञातं वक्तुमाह –

અવતરણિકાર્થ :

આ રીતે=અત્યાર સુધી ઋતંભરાપ્રજ્ઞા સુધીનું વર્ણન કર્યું એ રીતે, સંપ્રજ્ઞાતસમાધિને કહીને હવે અસંપ્રજ્ઞાતસમાધિને કહેવા માટે પતંજલિઋષિ કહે છે –

સૂત્ર :

तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ॥१-५१॥

સૂત્રાર્થ :

તેના પણ નિરોધમાં=સંપ્રજ્ઞાતસમાધિની ચરમભૂમિકારૂપ ઋતંભરાપ્રજ્ઞાના પણ નિરોધમાં, સર્વનિરોધ થવાથી=સર્વચિત્તની વૃત્તિઓનો નિરોધ થવાથી, નિર્બીજસમાધિ થાય છે. ॥૧-૫૧॥

ટીકા :

'तस्यापीति'-तस्यापि=सम्प्रज्ञातस्य, निरोधे=प्रविलये सति, सर्वासां चित्तवृत्तीनां स्वकारणे प्रविलयाद्या या संस्कारमात्राद् वृत्तिरुदेति तस्यास्तस्या नेति नेतीति केवलं पर्युदसनान्निर्बीजः समाधिराविर्भवति, यस्मिन् सति पुरुषः स्वरूपनिष्ठः शुद्धो भवति ॥१-५१॥

ટીકાર્થ :

तस्यापि ..... भवति । તેનો પણ=સંપ્રજ્ઞાતસમાધિનો પણ, નિરોધ થયે છતે=સંપ્રજ્ઞાતસમાધિનો પ્રવિલય થયે છતે, સર્વ ચિત્તવૃત્તિઓનો સ્વકારણમાં=પોતાના કારણમાં, પ્રવિલય થવાના કારણે જે જે વૃત્તિઓ સંસ્કારમાત્રથી ઉદય પામે છે, તે તે વૃત્તિઓનો नेति नेति='નથી એ પ્રમાણે નથી એ પ્રમાણે' કેવલ પર્યુદસન થવાથી=સર્વથા નિરોધ થવાથી, નિર્બીજસમાધિ આવિર્ભાવ પામે છે, જે હોતે છતે=નિર્બીજ સમાધિ હોતે છતે, પુરુષ સ્વરૂપનિષ્ઠ=પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત, શુદ્ધ થાય છે. ॥૧-૫૧॥

ભાવાર્થ :

સંપ્રજ્ઞાતસમાધિના નિરોધમાં સર્વ ચિત્તવૃત્તિઓનો નિરોધ થવાને કારણે નિર્બીજસમાધિની પ્રાપ્તિ :

પાતંજલયોગસૂત્ર ૧-૪૮માં સંપ્રજ્ઞાતસમાધિની ચરમભૂમિકારૂપ ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે તેમ બતાવ્યું અને આ ઋતંભરાપ્રજ્ઞા શ્રુત અને અનુમાન કરતાં વિશેષવિષયવાળી છે તેમ પાતંજલયોગસૂત્ર ૧-૪૯માં બતાવ્યું. ત્યારપછી ઋતંભરાપ્રજ્ઞાથી થયેલા સંસ્કારો અન્ય સર્વ સંસ્કારોનો પ્રતિબંધ કરે છે તે બતાવ્યું. હવે ઋતંભરાપ્રજ્ઞારૂપ સંપ્રજ્ઞાતસમાધિનો નિરોધ થાય ત્યારે શું થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જ્યારે યોગી ઋતંભરાપ્રજ્ઞાનો નિરોધ કરે છે ત્યારે સર્વચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે અર્થાત્ સર્વચિત્તવૃત્તિઓ પોતાના કારણરૂપ ચિત્તમાં પ્રવિલય પામે છે, તેથી જે જે વૃત્તિઓ સંસ્કારમાત્રથી ઉદય પામે છે તે તે વૃત્તિઓને આ નથી, આ નથી એ પ્રમાણે યોગી કેવલ પર્યુદાસ=ત્યાગ કરે છે અને તેના કારણે યોગીને નિર્બીજસમાધિ પ્રગટે છે. જે સમાધિ હોતે છતે અર્થાત્ નિર્બીજસમાધિ હોતે છતે પુરુષ સ્વરૂપનિષ્ઠ શુદ્ધ બને છે=પુરુષ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત બને છે.

વિશેષાર્થ :

नेति नेति=નથી, નથી એ પ્રમાણે કેવલ સંસ્કારશેષનો પર્યુદાસ=ત્યાગ કરાય છે ત્યાં સુધી

સંપ્રજ્ઞાતસમાધિ છે અને જ્યારે તે સંસ્કારો પર્યુદસ્ત=સર્વથા નિરુદ્ધ, થઈ જાય છે ત્યારે સર્વ ચિત્ત વૃત્તિઓ પોતાના કારણમાં વિલય પામે છે, તેથી તે વખતે ચિત્તની પાંચેય વૃત્તિઓ નહિ હોવાથી યોગીને નિર્બીજ સમાધિ પ્રાપ્ત થાય છે. **॥૧-૫૧॥**

પ્રથમ સમાધિપાદનો ઉપસંહાર કરતાં કહે છે –

ટીકા :

तदत्राधिकृतस्य योगस्य लक्षणं चित्तवृत्तिनिरोधपदानां च व्याख्यानमभ्यासवैराग्यलक्षणं तस्योपायद्वयस्य स्वरूपं भेदं चाभिधाय, सम्प्रज्ञातासम्प्रज्ञातभेदेन योगस्य मुख्यामुख्य-भेदमुक्त्वा, योगाभ्यासप्रदर्शनपूर्वकं विस्तरेणोपायान् प्रदर्श्य सुगमोपायप्रदर्शनपरतयेश्वरस्य स्वरूपप्रमाणप्रभाववाचकोपासनानि तत्फलानि च निर्णीय, चित्तविक्षेपांस्तत्सहभुवश्च दुःखादीन् विस्तरेण च तत्प्रतिषेधोपायानेकतत्त्वाभ्यासं मैत्र्यादीन् प्राणायामादीन् सम्प्रज्ञाता-सम्प्रज्ञातपूर्वाङ्गभूतविषयवती प्रवृत्तिरित्यादींश्चाऽऽख्यायोपसंहारद्वारेण च समापत्तीः सलक्षणाः सफलाः स्वस्वविषयसहिताश्चोक्त्वा सम्प्रज्ञातासम्प्रज्ञातयोरुपसंहारमभिधाय, सबीजपूर्वको निर्बीजः समाधिरभिहित इति व्याकृतो योगपादः ।

ટીકાર્થ :

तदत्र ..... योगपादः ॥ તે કારણથી=અત્યારસુધી સમાધિપાદમાં વર્ણન કર્યું તે કારણથી, અહીં=પ્રથમ સમાધિપાદમાં, અધિકૃત એવા યોગના અર્થાત્ મુક્તઅવસ્થાની પ્રાપ્તિના કારણીભૂત સ્વરૂપે અધિકૃત એવા યોગના લક્ષણને અને ચિત્તવૃત્તિનિરોધપદોના વ્યાખ્યાનો, અભ્યાસના અને વૈરાગ્યના સ્વરૂપને તેના ઉપાયદ્વયના=ચિત્તવૃત્તિનિરોધના બે ઉપાયના, સ્વરૂપને અને ભેદને કહીને સંપ્રજ્ઞાતના અને અસંપ્રજ્ઞાતના ભેદથી યોગના મુખ્યરૂપ અને અમુખ્યરૂપ ભેદને કહીને યોગના અભ્યાસના પ્રદર્શનપૂર્વક વિસ્તારથી ઉપાયોને બતાવીને સુગમઉપાયપ્રદર્શનપરપણાથી=સુગમ ઉપાયો બતાવવાથી, ઈશ્વરના સ્વરૂપનો, પ્રમાણનો, પ્રભાવનો, વાચકનો અને ઉપાસનાનો અને તેના ફલોનો=ઉપાસનાના ફળોનો, નિર્ણય કરીને ચિત્તના વિક્ષેપોને અને ચિત્તના વિક્ષેપોના સહભૂને=ચિત્તના વિક્ષેપોની સાથે થનારા એવા દુઃખાદિને અને વિસ્તારથી તેના=દુઃખાદિના પ્રતિષેધના ઉપાયરૂપ એવા એકતત્ત્વના અભ્યાસને, મૈત્ર્યાદિ ચાર ભાવોને, પ્રાણાયામાદિને, સંપ્રજ્ઞાતસમાધિનો અને અસંપ્રજ્ઞાતસમાધિનો પૂર્વઅંગભૂત વિષયવતી પ્રવૃત્તિ ઇત્યાદિને કહીને અને ઉપસંહાર દ્વારા લક્ષણસહિત, ફળસહિત અને સ્વસ્વવિષયસહિત એવી સમાપત્તિઓને કહીને સંપ્રજ્ઞાતસમાધિનો અને અસંપ્રજ્ઞાતસમાધિનો ઉપસંહાર કરીને સબીજપૂર્વક નિર્બીજસમાધિ કહેવાઈ. એ પ્રમાણે યોગપાદ=પ્રથમ સમાધિયોગપાદ વ્યાખ્યાન કરાયો.

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્રના પ્રથમ સમાધિપાદમાં આવતા વિષયોનું દિગ્દર્શન :

- અધિકૃતયોગનું લક્ષણ.
- ચિત્ત, વૃત્તિ અને નિરોધપદની વ્યાખ્યા.
- ચિત્તવૃત્તિનિરોધના અભ્યાસ અને વૈરાગ્યસ્વરૂપ બે ઉપાયના સ્વરૂપનું અને ભેદનું કથન.
- સંપ્રજ્ઞાતયોગના અને અસંપ્રજ્ઞાતયોગના પ્રધાન અને ગૌણ ભેદનું કથન.
- યોગાભ્યાસના પ્રદર્શનપૂર્વક વિસ્તારથી ઉપાયોનું કથન.
- અસંપ્રજ્ઞાતસમાધિ અને તેના ફળના લાભનો સરળ ઉપાય ઈશ્વરનું પ્રણિધાન હોવાથી ઈશ્વરના સ્વરૂપ, પ્રમાણ, પ્રભાવ, વાચક, ઉપાસના અને ઉપાસનાના ફળનું કથન.
- ચિત્તના વિક્ષેપો અને ચિત્તના વિક્ષેપોની સાથે ઉત્પન્ન થનારા દુઃખાદિના સ્વરૂપનું વર્ણન.
- ચિત્તના વિક્ષેપોના પ્રતિષેધના ઉપાયરૂપ એકતત્ત્વઅભ્યાસ, મૈત્ર્યાદિભાવો, પ્રાણાયામ આદિ સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિના પૂર્વઅંગસ્વરૂપ વિષયવતી પ્રવૃત્તિ ઇત્યાદિનું કથન.
- લક્ષણસહિત, ફળસહિત અને પોત-પોતાના વિષયસહિત સમાપત્તિનું સ્વરૂપ.
- સંપ્રજ્ઞાતસમાધિ અને અસંપ્રજ્ઞાતસમાધિનો ઉપસંહાર.
- સબીજસમાધિના કથનપૂર્વક નિર્બીજસમાધિનું કથન.

इति भोजदेवविरचितायां राजमार्तण्डाभिधायां पातञ्जलयोगशास्त्रसूत्रवृत्तौ समाधिपादः प्रथमः ॥



द्वितीयः साधनपादः ॥

પ્રથમ સમાધિપાદ સાથે દ્વિતીય સાધનપાદનું યોજન :

પતંજલિઋષિ મોક્ષ અર્થે યોગમાર્ગનો ઉપદેશ આપે છે, મોક્ષ ઇષ્ટરૂપે પ્રાયઃ સર્વ દર્શનકારોને માન્ય હોવાથી પ્રથમ મોક્ષનું વર્ણન ન કરતાં યોગ્યજીવોને મોક્ષનો ઉપાય સમાધિ છે તેવું જ્ઞાન થાય તે માટે મોક્ષના ઉપાયરૂપ યોગપાદ=સમાધિ પાદ, પ્રથમ બતાવ્યો. હવે તે સમાધિને નિષ્પન્ન કરવા માટે તેના ઉપાયભૂત સાધનપાદને બતાવે છે –

મંગલાચરણ :

ते ते दुष्प्रापयोगर्द्धिसिद्धये येन दर्शिताः ।
उपायाः स जगन्नाथस्त्र्यक्षोऽस्तु प्रार्थितार्तये ॥

અર્થ :

દુઃખેથી પ્રાપ્ત થઈ શકે તેવી યોગની ઋદ્ધિની સિદ્ધિ માટે તે તે ઉપાયો જેના વડે બતાવાયા છે તે ત્ર્યક્ષ=ત્રણ નેત્રવાળા, જગન્નાથ પ્રાર્થિતની પ્રાપ્તિ માટે થાઓ. આ પ્રકારે બીજા પાદમાં રાજમાર્તંડ ટીકાકાર ભોજદેવ મંગળાચરણ કરે છે.

અવતરણિકા :

तदेवं प्रथमे पादे समाहितचित्तस्य सोपायं योगमभिधाय व्युत्थितचित्तस्यापि कथमुपायाभ्यासपूर्वको योगः सात्म्यमुपयातीति तत्साधनानुष्ठानप्रतिपादनाय क्रियायोगमाह –

અવતરણિકાર્થ :

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, પાતંજલયોગસૂત્રના પ્રથમ સમાધિપાદમાં સમાહિત ચિત્તવાળાના=સમાધિ પામેલ ચિત્તવાળાના, સોપાય એવા=ઉપાય સહિત એવા, યોગને કહીને વ્યુત્થિત ચિત્તવાળાને પણ કેવી રીતે ઉપાયના અભ્યાસપૂર્વક યોગ સાત્મ્યને પામે છે=આત્મસાત્ થાય છે, એથી તેના સાધનરૂપ અનુષ્ઠાનના=યોગના સાધનરૂપ, અનુષ્ઠાનના પ્રતિપાદન માટે ક્રિયાયોગને કહે છે –

ભાવાર્થ :

પ્રથમ પાદમાં સમાધિ શું છે ? તે પ્રથમ સૂત્રમાં બતાવ્યું. ત્યારપછી તે સમાધિમાં ઉદ્યમ કરી શકે તેવા શાંતભૂમિકાને પામેલા યોગીઓને તે સમાધિની પ્રાપ્તિના ઉપાયભૂત એવા યોગને બતાવ્યો. હવે જે યોગીઓ 'ચિત્તવૃત્તિનિરોધ' રૂપ સમાધિના ઉપાયોમાં સાક્ષાત્ યત્ન કરી શકે તેવા નથી; કેમ કે તેમનું ચિત્ત વ્યુત્થાનદશાવાળું છે, તેવા વ્યુત્થાનદશાવાળા યોગીઓ કેવા ઉપાયોમાં અભ્યાસ કરે કે જેથી યોગના ઉપાયોમાં યત્ન કરી શકે તે બતાવવા અર્થે તેના સાધનરૂપ=યોગના સાધનરૂપ, અનુષ્ઠાનને પ્રતિપાદન કરવા માટે ક્રિયાયોગને બતાવે છે.

સૂત્ર :

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ॥२-१॥

સૂત્રાર્થ :

તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન ક્રિયાયોગ છે. ॥૨-૧॥

ટીકા :

'तप इति'-तपः=शास्त्रान्तरोपदिष्टं कृच्छ्रचान्द्रायणादि, स्वाध्यायः=प्रणवपूर्वाणां मन्त्राणां जपः, ईश्वरप्रणिधानं सर्वक्रियाणां तस्मिन् परमगुरौ फलनिरपेक्षतया समर्पणम्, एतानि क्रियायोग इत्युच्यते ॥२-१॥

ટીકાર્થ :

तपः... इत्युच्यते ॥ शास्त्रांतरमां उपदिष्ट=अन्य शास्त्रमां कहेवायेला, कृच्छ्र अने चांद्रायणादि तप छे, प्रणवपूर्वक=ओंकारपूर्वक, मंत्रोनो जप स्वाध्याय छे, सर्वक्रियाओनो फळना निरपेक्षपणाथी परमगुरुने समर्पण ईश्वरप्रणिधान छे. आ त्रण=तप, जप अने ईश्वरप्रणिधान आ त्रण, क्रियायोग ए प्रमाणे कहेवाय छे. ॥२-१॥

ભાવાર્થ :

વ્યુત્થાનદશાવાળા યોગીને યોગના સાધનરૂપ ક્રિયાયોગનું વર્ણન :

તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન ક્રિયાયોગ સ્વરૂપ :

જે યોગીઓ સાક્ષાત્ સમાધિના ઉપાયમાં યત્ન કરવા માટે સમર્થ નથી તેવા વ્યુત્થાનચિત્તવાળા, યોગની પ્રાપ્તિના અર્થી જીવોએ, ચિત્તની શુદ્ધિ માટે કુચ્છ્ર, ચાંદ્રાયણ આદિ તપો કરવા જોઈએ.

પ્રણવપૂર્વક=ઓંકારપૂર્વક, મંત્રોનો જાપ કરવાસ્વરૂપ સ્વાધ્યાય કરવો જોઈએ.

વળી વ્યુત્થાનદશાની ચિત્તભૂમિકાના ત્યાગ અર્થે અને સમાહિતદશાની ચિત્તભૂમિકાના સંપાદનમાં જે જે ક્રિયાઓ કરવામાં આવે તે સર્વક્રિયાઓમાં કોઈ ફળની અપેક્ષા રાખ્યા વગર તે સર્વ ક્રિયાઓ ઈશ્વરને સમર્પણ કરવી જોઈએ.

આ રીતે તપ, જપ અને ઈશ્વરપ્રણિધાન દ્વારા શુદ્ધ થયેલું ચિત્ત યોગમાર્ગને સેવવા સમર્થ બને છે. આ પ્રમાણે ક્રિયાયોગને યોગમાર્ગની ભૂમિકાના ઉપાયરૂપે પતંજલિ ઋષિ કહે છે. **॥૨-૧॥**

પાતંજલયોગસૂત્ર ૨-૧ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

प्रकृतम् – પ્રકૃતને કહે છે અર્થાત્ પાતંજલયોગસૂત્ર ૨-૧ના કથનમાં કહે છે –

[य.] व्याख्या–"बाह्यं तपः परमदुश्चरमाचरध्वमाध्यात्मिकस्य तपसः परिबृंहणार्थम्" ॥ **इत्यस्मदीयाः । सर्वत्रानुष्ठाने मुख्यप्रवर्तकशास्त्रस्मृतिद्वारा तदादिप्रवर्तकपरमगुरोर्हृदये निधानमीश्वर-प्रणिधानम् । तदुक्तम्–**

"अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः" ॥१॥ **इत्यादि,**

इत्यस्मन्मतम् ।

"बाह्यं... परिबृंहणार्थम्" **अस्मदीयाः**, "પરમ દુશ્ચર એવું બાહ્યતપ આધ્યાત્મિકતપના પરિબૃંહણ માટે આચરવું જોઈએ" એ પ્રમાણે અમારા યોગીઓ કહે છે.

सर्वत्र ..... ईश्वरपरणिधानम्, મુખ્ય પ્રવર્તક એવા શાસ્ત્રની સ્મૃતિ દ્વારા સર્વ અનુષ્ઠાનમાં તેના આદિપ્રવર્તક પરમગુરુનું હૃદયમાં સ્થાપન ઈશ્વર પ્રણિધાન છે.

तदुक्तम् – તે=શાસ્ત્રના આદિપ્રવર્તક એવા પરમગુરુનું હૃદયમાં સ્થાપન ઈશ્વરપ્રણિધાન છે તે, ષોડશકમાં કહેવાયું છે.

"अस्मिन् ..... संसिद्धिः" ॥ **इत्यादि इत्यस्मन्मतम् ॥**

"આ હૃદયમાં હોતે છતે=વચન હૃદયમાં હોતે છતે, તત્ત્વથી મુનીન્દ્ર હૃદયમાં છે. इति શબ્દ પાદસમાપ્તિમાં છે. તે હૃદયમાં હોતે છતે=મુનીન્દ્ર હૃદયમાં હોતે છતે, નિયમથી સર્વ પ્રયોજનની સંસિદ્ધિ છે."

इत्यादि થી અન્ય આવા શ્લોકનું ઉદ્ધરણરૂપે ગ્રહણ કરવું. એ પ્રકારે અમારો મત છે=ઈશ્વરપ્રણિધાન વિષયક જૈનદર્શનકારનો મત છે.

ભાવાર્થ :

જૈન દર્શનકારના મતે તપનું સ્વરૂપ :

પતંજલિઋષિએ પાતંજલયોગસૂત્ર ૨-૧માં તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનને ક્રિયાયોગ સ્વરૂપ કહેલ છે. તેમાં 'તપ' શબ્દથી બાહ્યતપ ગ્રહણ કરેલ છે. જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર બાહ્ય તપ કઈ રીતે ઇષ્ટ છે તે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ સ્પષ્ટ કરે છે –

"અંતરંગ નિર્લેપ પરિણતિરૂપ આધ્યાત્મિક તપની પુષ્ટિ માટે પરમ દુશ્ચર એવું બાહ્યતપ કરવું જોઈએ."

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, અભ્યંતરતપ જીવની વીતરાગગામી નિર્લેપપરિણતિ છે અને તે જ મોક્ષનું કારણ છે અને તેમાં સમ્યગ્ ઉદ્યમ કરવામાં પ્રતિબંધક એવો પુષ્ટ થયેલો દેહ છે અને

પુષ્ટ થયેલા દેહથી ઇન્દ્રિયો ઉત્સુક્તાવાળી થાય છે અને વિષયો તરફ બળાત્કારે જીવને લઈ જાય છે, તેથી યોગીએ દેહને શિથિલ કરવા, ઇન્દ્રિયોના વિકારોને શાંત કરવા અને દેહ પ્રત્યેના મમત્વના પરિહાર માટે તે પ્રકારે શક્તિ અનુસાર બાહ્યતપ કરવો જોઈએ કે જેથી અભ્યંતરતપમાં ઉદ્યમનો વ્યાઘાત ન થાય, પરંતુ તપના બળથી શિથિલ થયેલો દેહ ઇન્દ્રિયોના વિકારોથી આત્માનું રક્ષણ કરીને પોતાને ઇષ્ટ એવા અભ્યંતર નિર્લેપ ભાવોને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરી શકે.

જૈનદર્શનકારના મતે ઈશ્વરપ્રણિધાનનું સ્વરૂપ :

ઈશ્વરપ્રણિધાનનો અર્થ કરતાં કહે છે – સાધકયોગી કોઈપણ અનુષ્ઠાન કરે ત્યારે તે અનુષ્ઠાનનું મુખ્ય પ્રવર્તક શાસ્ત્ર છે અને તે શાસ્ત્રની સ્મૃતિ કરે ત્યારે તે શાસ્ત્રના આદિ પ્રવર્તક પરમગુરુની સ્મૃતિ થાય અર્થાત્ પરમગુરુ એવા ભગવાને આ અનુષ્ઠાન આ વિધિથી કરવાનું કહ્યું છે એ પ્રકારે સ્મૃતિ થાય અને પરમગુરુ પ્રત્યેના બહુમાનને કારણે તે મહાત્મા પરમગુરુ એવા ભગવાને બતાવેલી વિધિ અનુસાર તે અનુષ્ઠાન કરે તો સર્વ અનુષ્ઠાનકાળમાં ઈશ્વરનું પ્રણિધાન વર્તે છે.

અવતરણિકા :

स किमर्थं इत्यत आह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧માં ત્રણ પ્રકારનો ક્રિયાયોગ બતાવ્યો તે ક્રિયાયોગ શા માટે કરવો જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :

समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥२-२॥

સૂત્રાર્થ :

સમાધિના ભાવન માટે અને ક્લેશોને અલ્પ કરવા માટે ક્રિયાયોગ સેવવો જોઈએ. ॥૨-૨॥

ટીકા :

'समाधीति'-क्लेशा वक्ष्यमाणास्तेषां तनूकरणं=स्वकार्यकरणप्रतिबन्धः, समाधिरुक्त-लक्षणस्तस्य भावना चेतसि पुनःपुनर्निवेशनं सोऽर्थः प्रयोजनं यस्य स तथोक्तः । एतदुक्तं भवति-एते तपःप्रभृतयोऽभ्यस्यमानाश्चित्तगतानविद्यादीन् क्लेशान् शिथिलीकुर्वन्तः समाधे-रुपकारकतां भजन्ते, तस्मात् प्रथमं क्रियायोगावधानपरेण योगिना भवितव्यमित्युपदिष्टम् ॥२-२॥

ટીકાર્થ :

क्लेशाः ..... तथोक्तः, ક્લેશો આગળ કહેવાશે=પાતંજલયોગસૂત્ર ૨-૩થી ૨-૯માં કહેવાશે તે સ્વરૂપવાળા છે. તેનું તનુકરણ=સ્વકાર્ય કરવામાં પ્રતિબંધ સ્વરૂપ અલ્પકરણ છે.

કહેવાયેલા સ્વરૂપવાળી=પાતંજલયોગસૂત્રના પ્રથમ સમાધિપાદમાં કહેવાયેલા સ્વરૂપવાળી, સમાધિ છે. તેની ભાવના=સમાધિની ભાવના=ચિત્તમાં ફરી ફરી નિવેશન=સ્થાપન, તે સમાધિની ભાવના છે.

समाधिभावनार्थः અને क्लेशतनूकरणार्थः આ બંનેમાં અર્થ શબ્દ છે તેનું યોજન સ્પષ્ટ કરે છે –

તે અર્થ=પ્રયોજન, છે જેને તે તે પ્રમાણે કહેવાયું છે=સમાધિની ભાવના પ્રયોજન છે જેને તે समाधिभावनार्थः છે અને ક્લેશોનું તનૂકરણ=શિથિલીકરણ પ્રયોજન છે જેને તે क्लेशतनूकरणार्थः છે.

एतदुक्तं भवति – આનાથી શું કહેવાયેલું થાય છે તે સ્પષ્ટ કરે છે –

एते ..... उपदिष्टम् ॥ આ તપ વગેરે અભ્યાસ કરાતાં ચિત્તગત=ચિત્તમાં રહેલા અવિદ્યાદિ ક્લેશોને, શિથિલ કરતાં સમાધિની ઉપકારતાને ભજે છે. તે કારણથી પ્રથમ=પ્રથમ ભૂમિકામાં, ક્રિયાયોગના અવધાનમાં પર એવા=તત્પર એવા, યોગીએ થવું જોઈએ, એ પ્રમાણે ઉપદૃષ્ટિ=કહેવાયેલું છે. ॥૨-૨॥

ભાવાર્થ :

તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનસ્વરૂપ ક્રિયાયોગનું પ્રયોજન :

યોગીઓ ક્લેશોને શિથિલ કરવા માટે તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનસ્વરૂપ ક્રિયાયોગ સેવે છે અને સમાધિના ભાવન માટે યોગીઓ ક્રિયાયોગને સેવે છે, માટે સમાધિના અર્થીએ સમાધિમાં વિઘ્નભૂત એવા ક્લેશોના નાશ થાય તે રીતે તપાદિ કરવા જોઈએ અને ક્લેશોનો નાશ થાય તે રીતે વારંવાર સમાધિનું ભાવન પણ તપાદિના સેવનકાળમાં કરવું જોઈએ, તેથી ક્રિયાયોગ ફળવાળો થાય. **॥૨-૨॥**

અવતરણિકા :

क्लेशतनूकरणार्थं इत्युक्तं, तत्र के क्लेशा इत्यत आह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨માં કહ્યું કે ક્લેશોને તનૂ કરવા માટે=શિથિલ કરવા માટે, ક્રિયાયોગ છે. ત્યાં ક્લેશો કયાં ? એથી કરીને કહે છે –

સૂત્ર :

अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः ॥२-३॥

સૂત્રાર્થ :

અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ ક્લેશો છે. ॥૨-૩॥

ટીકા :

'अविद्येति'-अविद्यादयो वक्ष्यमाणलक्षणाः पञ्च, ते च बाधनालक्षणं परितापमुपजनयन्तः क्लेशशब्दवाच्या भवन्ति, ते हि चेतसि प्रवर्तमानाः संसारलक्षणं गुणपरिणामं दृढयन्ति ॥२-३॥

ટીકાર્થ :

अविद्यादयो... दृढयन्ति ॥ આગળમાં કહેવાશે તે સ્વરૂપવાળા=પાતંજલયોગસૂત્ર ૨-૩થી ૨-૯માં કહેવાશે તે સ્વરૂપવાળા, અવિદ્યા આદિ પાંચ ક્લેશો છે અને તે બાધનાસ્વરૂપ પરિતાપને ઉત્પન્ન કરતાં એવા અવિદ્યાદિ ક્લેશ શબ્દથી વાચ્ય થાય છે. જે કારણથી તેઓ=અવિદ્યાદિ ક્લેશો, ચિત્તમાં પ્રવર્તતા સંસારસ્વરૂપ ગુણપરિણામને દૃઢ કરે છે. ॥૨-૩॥

ભાવાર્થ :

પાતંજલમતાનુસાર ક્લેશોનું સ્વરૂપ :

પાતંજલમતાનુસાર અવિદ્યા વગેરે પાંચ ક્લેશોને અલ્પ કરવા માટે ક્રિયાયોગનું સેવન યોગી કરે છે અને અવિદ્યા વગેરે પાંચેય આત્માના સ્વરૂપને બાધ કરનાર હોવાથી આત્માને પરિતાપ કરે છે માટે તેને ક્લેશો કહેવાય છે.

આ ક્લેશો સાધકના ચિત્તમાં વર્તતા હોય ત્યારે સંસારનું કારણ બને તેવો જીવનો પરિણામ દૃઢ કરે છે, તેથી તે ક્લેશો યોગમાર્ગમાં બાધક બને છે અને તે ક્લેશોને તનુ કરવા માટે=શિથિલ કરવા માટે, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ ક્રિયાયોગનું સેવન છે. **॥૨-૩॥**

અવતરણિકા :

सत्यपि सर्वेषां तुल्ये क्लेशत्वे मूलभूतत्वादविद्यायाः प्राधान्यं प्रतिपादयितुमाह –

અવતરણિકાર્થ :

સર્વે પણ ક્લેશો ક્લેશત્વરૂપે સમાન હોવા છતાં પણ અવિદ્યાનું મૂલભૂતપણું હોવાથી અવિદ્યાના પ્રધાનપણાને કહેવા માટે પાતંજલસૂત્રકાર કહે છે અર્થાત્ પાતંજલયોગસૂત્ર-૨-૩માં અવિદ્યાદિ પાંચ ક્લેશો છે તે બતાવ્યું. તેથી હવે પાંચે ય ક્લેશોમાં અવિદ્યા મૂલભૂત હોવાથી અવિદ્યા પ્રધાન છે તે કહેવા માટે પાતંજલસૂત્રકાર કહે છે –

સૂત્ર :

अविद्या क्षेत्रमुत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम् ॥२-४॥

સૂત્રાર્થ :

પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવા ઉત્તરના ક્લેશોનું અવિદ્યા ક્ષેત્ર છે. ॥૨-૪॥

ટીકા :

'अविद्येति'-अविद्या मोहः, अनात्मन्यात्माभिमान इति यावत्, सा क्षेत्रं प्रसवभूमिरुत्तरेषामस्मितादीनां प्रत्येकं प्रसुप्ततन्वादिभेदेन चतुर्विधानाम्, अतो यत्राविद्या विपर्ययज्ञानरूपा शिथिलीभवति तत्र क्लेशानामस्मितादीनां नोद्भवो दृश्यते, विपर्ययज्ञानसद्भावे च तेषामुद्भवदर्शनात् स्थितमेव मूलत्वमविद्यायाः, प्रसुप्ततनुविच्छिन्नोदाराणामिति, तत्र ये क्लेशाश्चित्तभूमौ स्थिताः प्रबोधकाभावे स्वकार्यं नाऽऽरभन्ते ते प्रसुप्ता इत्युच्यन्ते, यथा बालावस्थायां, बालस्य हि वासनारूपेण स्थिता अपि क्लेशाः प्रबोधकसहकार्यभावे नाभिव्यज्यन्ते, ते तनवो ये स्वस्वप्रतिपक्षभावनया शिथिलीकृतकार्यसंपादनशक्तयो वासनावशेषतया चेतस्यवस्थिताः प्रभूतां सामग्रीमन्तरेण स्वकार्यमारब्धुमक्षमाः, यथाऽभ्यासवतो योगिनः, ते विच्छिन्ना ये केनचिद् बलवता क्लेशेनाभिभूतशक्तयस्तिष्ठन्ति, यथा द्वेषावस्थायां रागः, रागावस्थायां वा द्वेषः, न ह्यनयोः परस्परविरुद्धयोर्युगपत् सम्भवोऽस्ति, त उदारा ये प्राप्तसहकारिसन्निधयः स्वं स्वं कार्यमभिनिर्वर्तयन्ति, यथा सदैव योगपरिपन्थिनो व्युत्थानदशायाम्, एषां प्रत्येकं चतुर्विधानामपि मूलभूतत्वेन स्थिताऽप्यविद्याऽन्वयित्वेन प्रतीयते, न हि क्वचिदपि क्लेशानां विपर्ययान्वयनिरपेक्षाणां स्वरूपमुपलभ्यते तस्यां च मिथ्यारूपायां सम्यग्ज्ञानेन निवर्तितायां दग्धबीजकल्पानामेषां न क्वचित्प्ररोहोऽस्ति, अतोऽविद्यानिमित्तत्वमविद्यान्वयश्चैतेषां निश्चीयते, अतः सर्वेऽपि अविद्याव्यपदेशभाजः, सर्वेषां च क्लेशानां चित्तविक्षेपकारित्वाद्योगिना प्रथममेव तदुच्छेदे यत्नः कार्य इति ॥२-४॥

ટીકાર્થ :

अविद्या ..... अविद्यायाः, અવિદ્યા મોહ છે અર્થાત્ અનાત્મામાં આત્માનું અભિમાન અવિદ્યા છે=જે વસ્તુ જે સ્વરૂપે નથી તે વસ્તુમાં તે સ્વરૂપનો ભ્રમ અવિદ્યા છે.

તે=અવિદ્યા, ઉત્તર એવા અસ્મિતાદિનું ક્ષેત્ર=પ્રસવભૂમિ છે અને પ્રત્યેક=અસ્મિતા વગેરે પ્રત્યેક, પ્રસુપ્ત, તનુ આદિ ભેદથી ચતુર્વિધ છે=ચાર પ્રકારે છે, તેમની ઉત્પત્તિ ભૂમિ અવિદ્યા છે, એમ અન્વય છે.

આથી=અવિદ્યા અસ્મિતા આદિની ઉત્પત્તિભૂમિ છે આથી, જ્યાં=જે પુરુષમાં, વિપર્યયજ્ઞાનરૂપ અવિદ્યા શિથિલ થાય છે, ત્યાં અસ્મિતા આદિ ક્લેશોનો ઉદ્ભવ દેખાતો નથી અને વિપર્યયજ્ઞાનના સદ્ભાવમાં તેઓના=અસ્મિતા આદિ ક્લેશોના, ઉદ્ભવનું દર્શન હોવાથી અવિદ્યાનું મૂળપણું સ્થિત

જ છે અર્થાત્ અસ્મિતા આદિનું મૂળ અવિદ્યા છે એ પદાર્થ સ્થિત જ છે.

પ્રસુપ્ત... ઇતિ, અસ્મિતાદિ ચાર પ્રકારના ક્લેશો પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર ચાર ભેદોવાળા છે.

ઇતિ શબ્દ ચાર ભેદના સ્વરૂપની સમાપ્તિસૂચક છે.

તત્ર ..... નાભિવ્યજ્યન્તે, ત્યાં=પ્રસુપ્ત આદિ ચાર ભેદોમાં, જે ક્લેશો ચિત્તભૂમિમાં રહેલા પ્રબોધકના અભાવમાં સ્વકાર્યનો આરંભ કરતાં નથી તે પ્રસુપ્ત એ પ્રમાણે કહેવાય છે.

જે પ્રમાણે-બાલ્યઅવસ્થામાં બાળકની વાસનારૂપે રહેલા પણ ક્લેશો પ્રબોધક એવા સહકારીના અભાવમાં=તે પ્રકારે સહાયક થાય એવા દેહના વિકાસરૂપ પ્રબોધક એવા સહકારીના અભાવમાં, અભિવ્યક્ત થતા નથી તે ક્લેશો પ્રસુપ્ત કહેવાય છે.

તે ..... યોગિનઃ, તે ક્લેશો તનુ છે જે સ્વ-સ્વ પ્રતિપક્ષના ભાવનથી શિથિલીકૃત કાર્યસંપાદનની શક્તિવાળા વાસનાના અવશેષપણાથી ચિત્તમાં રહેલા પ્રભૂત સામગ્રી વગર=બળવાન નિમિત્ત સામગ્રી વગર, સ્વકાર્ય કરવા માટે અસમર્થ છે. જે પ્રમાણે - અભ્યાસવાળા યોગીના ક્લેશો તનુ=અલ્પ, છે.

તે ..... અસ્તિ, તે ક્લેશો વિચ્છિન્ન છે જે કોઈક બલવાન ક્લેશ વડે અભિભૂત શક્તિવાળા રહે છે. જે પ્રમાણે=દ્વેષઅવસ્થામાં રાગ અથવા રાગઅવસ્થામાં દ્વેષ. જે કારણથી પરસ્પર વિરુદ્ધ એવા આ બેનો=રાગ અને દ્વેષનો એકસાથે સંભવ નથી.

તે... દશાયામ્, તે ક્લેશો ઉદાર છે જે પ્રાપ્ત સહકારીની સંનિધિવાળા સ્વ-સ્વ કાર્યને કરે છે. જે પ્રમાણે-સદા જ યોગના પરિપંથી એવા ક્લેશો વ્યુત્થાનદશામાં વર્તે છે.

એષાં ..... કાર્ય ઇતિ ॥ પ્રત્યેક ચાર પ્રકારના પણ આમના=અસ્મિતાદિના, મૂલભૂતપણા વડે સ્થિત એવી પણ અવિદ્યા અન્વયીપણાથી પ્રતીત થાય છે. જે કારણથી વિપર્યય એવા અવિદ્યાના અન્વયથી નિરપેક્ષ એવા ક્લેશોનું સ્વરૂપ ક્યારેય પણ પ્રાપ્ત થતું નથી અને સમ્યગ્જ્ઞાનથી મિથ્યાસ્વરૂપ એવી તે=અવિદ્યા, નિવર્તિત હોતે છતે દગ્ધબીજસમાન એવા આમનો=અસ્મિતાદિ ક્લેશોનો, ક્યારેય પણ પ્રરોહ નથી, આથી આમનું=અસ્મિતાદિ ક્લેશોનું, અવિદ્યાનિમિત્તપણું અને અવિદ્યાનો અન્વય નિશ્ચિત કરાય છે, આથી સર્વે પણ ક્લેશો અવિદ્યાવ્યપદેશને ભજનારા છે અર્થાત્ અવિદ્યા શબ્દથી વાચ્ય છે. અને સર્વ ક્લેશોનું ચિત્તવિક્ષેપકારીપણું હોવાથી તેના ઉચ્છેદમાં=સર્વ ક્લેશોના ઉચ્છેદમાં, યોગીએ પ્રથમ જ યત્ન કરવો જોઈએ=યોગવિષયક પ્રવૃત્તિ કરતાં પૂર્વે જ યત્ન કરવો જોઈએ.

ઇતિ શબ્દ સૂત્રના કથનની સમાપ્તિસૂચક છે. ॥૨-૪॥

ભાવાર્થ :

પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવા અસ્મિતાદિ ક્લેશોનું ક્ષેત્ર અવિદ્યા :

પાતંજલયોગસૂત્ર ૨-૩માં પાતંજલસૂત્રકારે પાંચ પ્રકારના ક્લેશો બતાવ્યા. તેમાંથી અવિદ્યાને

છોડીને ચાર ક્લેશોનું ઉત્પત્તિસ્થાન અવિદ્યા છે, અને તે અવિદ્યા મોહના પરિણામસ્વરૂપ છે. તે મોહનો પરિણામ સ્પષ્ટ કરતાં કહે છે –

જે પદાર્થ જે સ્વરૂપે ન હોય તે સ્વરૂપનું અભિમાન તે મોહ છે. જેમ-અશુચિમય દેહમાં શુચિની બુદ્ધિ છે તે વિપરીત બુદ્ધિ છે, તેથી તે મોહસ્વરૂપ છે. આ મોહને કારણે જીવમાં અસ્મિતા વગેરે ચાર ક્લેશો ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે છે : (૧) અસ્મિતા, (૨) રાગ, (૩) દ્વેષ અને (૪) અભિનિવેશ. આ અસ્મિતા વગેરે ચાર પ્રકારના ક્લેશો ચાર ભૂમિકાવાળા છે તે આ પ્રમાણે -

(૧) પ્રસુપ્ત, (૨) તનુ, (૩) વિચ્છિન્ન અને (૪) ઉદાર.

(૧) પ્રસુપ્ત ક્લેશોનું સ્વરૂપ :

કેટલાક ક્લેશો પ્રબોધક સામગ્રીના અભાવને કારણે ચિત્તમાં રહેલા હોવા છતાં કાર્ય કરતાં નથી તે ક્લેશો પ્રસુપ્ત કહેવાય છે. જે પ્રમાણે-બાળક અવસ્થામાં ચિત્તમાં કામના વિકારો વિદ્યમાન હોવા છતાં શરીરના તે પ્રકારના વિકાસના અભાવરૂપ પ્રબોધક સામગ્રીના અભાવને કારણે તે પ્રકારના વિકારો બાળકને થતા નથી તે વિકારો પ્રસુપ્ત ક્લેશો કહેવાય છે.

(૨) તનુ ક્લેશોનું સ્વરૂપ :

કેટલાક ક્લેશો વિરોધીભાવનાઓથી શિથિલ કરેલા હોય છે, તેથી તે ક્લેશોમાં કાર્યસંપાદનની શક્તિ અલ્પ થયેલી છે, છતાં સર્વથા નષ્ટ થયેલી નથી તેથી બળવાન ઉદ્‌બોધક સામગ્રી મળે તો તે શિથિલ થયેલા ક્લેશો ઉત્થિત થાય છે તે ક્લેશો તનુ કહેવાય છે. જેમ-સિંહગુફાવાસી મુનિને સંયમના પાલનથી શિથિલ થયેલા કામના વિકારો બળવાન એવા કોશાના દર્શનરૂપ નિમિત્તથી ઉલ્લસિત થયા તેથી તે કામવિકારો સંયમના પાલનકાળમાં શિથિલ ક્લેશો કહેવાય છે.

(૩) વિચ્છિન્ન ક્લેશોનું સ્વરૂપ :

કેટલાક ક્લેશો પરસ્પર એક સાથે ઉપયોગમાં પ્રવર્તતા નથી, તેથી જે ક્લેશો વર્તતા હોય તેના વિરોધી ક્લેશો વિચ્છિન્ન કહેવાય છે. જેમ-રાગના ઉપયોગકાળમાં દ્વેષનો ઉપયોગ વિચ્છિન્ન ક્લેશરૂપ છે. તે જ રીતે દ્વેષના ઉપયોગકાળમાં રાગનો ઉપયોગ વિચ્છિન્ન ક્લેશરૂપ છે, તેથી આવા પ્રકારના ક્લેશો વિચ્છિન્ન ક્લેશો કહેવાય છે.

(૪) ઉદાર ક્લેશોનું સ્વરૂપ :

કેટલાક ક્લેશો સહકારીના પ્રાપ્તિના બળથી વર્તમાનમાં ઉપયોગ સ્વરૂપે વર્તે છે તે ઉદાર ક્લેશો કહેવાય છે. જેમ – વ્યુત્થાનદશાવાળા જીવોને યોગના વિરોધી એવા રાગાદિ ભાવો સદા વર્તે છે તે ક્લેશો ઉદાર ક્લેશો કહેવાય છે.

અસ્મિતાદિ ચાર ક્લેશોના નિમિત્તપણારૂપે અને અન્વયરૂપે અવિદ્યાનું અસ્તિત્વ :

અસ્મિતાદિ ચાર ક્લેશોનું મૂળ જેમ અવિદ્યા છે તેમ અસ્મિતાદિ ચારેય ક્લેશોમાં અનુવૃત્તિરૂપે

પણ અવિદ્યા છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, અવિદ્યાના કારણે અસ્મિતાદિ ક્લેશો ઊઠે છે અને અસ્મિતાદિ ક્લેશોના કાળમાં અવિદ્યા સહવર્તીરૂપે રહીને તે ક્લેશોને જીવાડે છે અને અવિદ્યાનો સહકાર દૂર થાય ત્યારે તે અસ્મિતાદિ ક્લેશો પણ દૂર થાય છે, માટે અવિદ્યાનો નાશ કરવો તે સર્વક્લેશોના નાશના ઉપાય છે, તેથી યોગીઓએ સર્વ ક્લેશોના નાશના માટે અવિદ્યાના નાશમાં અત્યંત ઉદ્યમ કરવો જોઈએ. **॥૨-૪॥**

પાતંજલયોગસૂત્ર ૨-૨/૩/૪ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[य.] व्याख्या-अत्राविद्यादयो मोहनीयकर्मण औदयिकभावविशेषाः, तेषां प्रसुप्तत्वं तज्जनककर्मणोऽबाधाकालापरिक्षयेण कर्मनिषेकाभावः, तनुत्वमुपशमः क्षयोपशमो वा, विच्छिन्नत्वं प्रतिपक्षप्रकृत्युदयादिनाऽन्तरितत्वम्, उदारत्वं चोदयावलिकाप्राप्तत्वम्, इत्यवसेयम् ॥

અર્થ :

अत्र ..... इत्यवसेयम् ॥ અહીં=પાંચ પ્રકારના ક્લેશોમાં, મોહનીયકર્મના ઔદયિકભાવવિશેષો અવિદ્યા આદિ છે.

તેઓનું=ઔદયિકભાવસ્વરૂપ અવિદ્યા આદિ ક્લેશોનું, પ્રસુપ્તપણું તત્જનકકર્મના અબાધાકાળના અપરિક્ષયથી કર્મનિષેકનો અભાવ છે.

તનુપણું એ ઉપશમ કે ક્ષયોપશમરૂપ છે=ક્લેશોના ઉપશમ કે ક્ષયોપશમરૂપ તનુત્વ છે.

વિચ્છિન્નપણું પ્રતિપક્ષી પ્રકૃતિના ઉદય વગેરે દ્વારા અંતરિતપણું વિચ્છિન્નપણું છે.

ઉદારપણું ઉદયાવલિકાપ્રાપ્તપણું છે=કર્મો ઉદયાવલિકામાં પ્રાપ્ત થાય તે ઉદારપણું છે. એ પ્રમાણે જાણવું.

ભાવાર્થ :

જૈનદર્શનાનુસાર પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર ક્લેશોનું સ્વરૂપ :

(૧) પ્રસુપ્તક્લેશોનું સ્વરૂપ :

દરેક કર્મો બંધાયા પછી અબાધાકાળ સુધી વિપાકમાં આવતા નથી; કેમ કે અબાધાકાળમાં કર્મના નિષેકનો અભાવ છે અને તે અબાધાકાળ પૂરો થાય ત્યારે તે કર્મો વિપાકમાં આવે છે, તેથી અબાધાકાળમાં કર્મોના નિષેકનો અભાવ છે તે પ્રસુપ્ત છે.

જેમ-અર્હદ્દત્તના જીવે સાધુપણામાં ગુરુપ્રત્યેના ઈષદ્ દ્વેષને કારણે દુર્લભબોધિ બાંધેલું. ત્યારપછી તે મહાત્મા આરાધના કરી દેવલોકમાં જાય છે, દેવલોકમાં તેમને ધર્મ પ્રત્યે બદ્ધરાગ વર્તે છે, આથી જ પોતે સુલભબોધિ છે કે દુર્લભબોધિ છે ? એ પ્રકારે કેવલીને પ્રશ્ન કરીને પોતે દુર્લભબોધિ છે તેવું જાણ્યા પછી તે દુર્લભબોધિના નિવારણના ઉપાયરૂપે ઉચિત ચિંતા દેવભવમાં કરે છે ત્યારે તે

દુર્લભબોધિ આપાદકકર્મના અબાધાકાળનો અપરિક્ષય હતો તેથી તે કાળમાં કર્મોનો નિષેકનો અભાવ હતો માટે દેવભવમાં ધર્મની રુચિ વિદ્યમાન હતી. આમ છતાં ઉત્તરના અર્હદ્દત્તના ભવમાં તે કર્મ વિપાકમાં આવ્યું ત્યારે ધર્મ પ્રત્યે દ્વેષ થાય છે, તેથી અર્હદ્દત્તના ભવ પૂર્વે તે કર્મ પ્રસુપ્ત હતું. એ રીતે અન્ય કર્મો માટે પણ સમજવું.

(૨) તનુક્લેશોનું સ્વરૂપ :

જે ક્લેશ આપાદકકર્મો પ્રતિપક્ષના ભાવનથી ઉપશમને પામેલા છે અર્થાત્ વર્તમાનમાં તેમનો ઉદય અવરુદ્ધ છે તે ક્લેશોને તનુ કહેવાય છે, અથવા જે અવિદ્યાદિ ક્લેશો પ્રતિપક્ષના ભાવનને કારણે ક્ષયોપશમભાવને પામેલા છે અર્થાત્ તે કર્મોમાં ક્લેશ આપાદકશક્તિનું વિષ્કંભણ વર્તે છે અને શક્તિના વિષ્કંભણપૂર્વક તે ક્લેશ આપાદકકર્મોનો ઉદય વર્તે છે, તેવા કર્મો ક્ષયોપશમભાવવાળા કહેવાય છે અને ક્ષયોપશમભાવવાળા જે સાધકના કર્મો હોય તે ક્લેશો તનુ કહેવાય છે.

(૩) વિચ્છિન્નક્લેશોનું સ્વરૂપ :

તે તે ક્લેશઆપાદકકર્મના પ્રતિપક્ષ પ્રકૃતિના ઉદય અને ઉદીરણાથી જે ક્લેશો અંતરિત હોય તે વિચ્છિન્ન ક્લેશો કહેવાય છે. જેમ રાગનો ઉદય અને ઉદીરણા વર્તતી હોય ત્યારે તેનાથી અંતરિત એવા દ્વેષ આપાદકકર્મના ઉદય કે ઉદીરણા નથી, તેથી તે વખતે દ્વેષ આપાદક કર્મો વિચ્છિન્ન કહેવાય છે.

(૪) ઉદારક્લેશોનું સ્વરૂપ :

જે કર્મો ઉદયાવલિકામાં પ્રાપ્ત હોય તે કર્મો પોતાનો પ્રભાવ બતાવે છે, તેથી ઉદયમાન એવા મોહનીયકર્મોને ઉદાર ક્લેશ કહેવાય છે.

अवतरणिका :

अविद्याया लक्षणमाह –

अवतरणिकार्थ :

પાતંજલયોગસૂત્ર ૨-૩માં અવિદ્યા આદિ પાંચ ક્લેશો બતાવ્યા. હવે અવિદ્યાનું સ્વરૂપ બતાવે છે –

सूत्र :

अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ॥२-५॥

सूत्रार्थ :

અનિત્ય, અશુચિ, દુઃખ અને અનાત્મપદાર્થોમાં નિત્ય, શુચિ, સુખ અને આત્મખ્યાતિ= આત્માનો બોધ, અવિદ્યા છે. ॥૨-૫॥

ટીકા :

'अनित्येति'-अतिस्मिंस्तदिति प्रतिभासोऽविद्येत्यविद्यायाः सामान्यलक्षणम्, तस्या एव भेदप्रतिपादनम्-अनित्येषु घटादिषु नित्यत्वाभिमानोऽविद्येति उच्यते, एवमशुचिषु कायादिषु शुचित्वाभिमानः, दुःखेषु च विषयेषु सुखत्वाभिमानः, अनात्मनि शरीर आत्मत्वाभिमानः। एतेनापुण्ये पुण्यभ्रमोऽनर्थे चार्थभ्रमो व्याख्यातः ॥२-५॥

ટીકાર્થ :

अनित्येति ..... व्याख्यातः ॥ અતદ્‌માં તદ્ એ પ્રકારનો પ્રતિભાસ અવિદ્યા છે, એ પ્રકારે અવિદ્યાનું સામાન્ય લક્ષણ છે. તેના જ=અવિદ્યાના જ, ભેદનું પ્રતિપાદન કરે છે – અનિત્ય એવા ઘટાદિ પદાર્થોમાં નિત્યપણાનું અભિમાન અવિદ્યા એ પ્રમાણે કહેવાય છે, એ રીતે અશુચિ એવા કાયાદિમાં શુચિપણાનું અભિમાન અને દુઃખરૂપ એવા વિષયોમાં સુખપણાનું અભિમાન, અનાત્મ એવા શરીરમાં આત્મપણાનું અભિમાન અવિદ્યા છે. આના દ્વારા અપુણ્યમાં પુણ્યનો ભ્રમ અને અનર્થમાં અર્થનો ભ્રમ વ્યાખ્યાત છે=અવિદ્યારૂપ કહેવાયેલો છે. ॥૨-૫॥

ભાવાર્થ :

(૧) અવિદ્યાનું સ્વરૂપ :

અનિત્ય એવા ઘટાદિ પદાર્થોમાં નિત્યપણાનો બોધ અવિદ્યા :

મોહના કારણ જીવમાં થતો વિપરીત બોધ અવિદ્યા છે, તેથી અનિત્ય એવા ઘટાદિ પદાર્થોમાં નિત્યપણાનો બોધ જીવને થાય છે. જોકે ઘટાદિ પદાર્થો અનિત્ય છે, એ પ્રકારનો સ્પષ્ટ બોધ જીવોને છે, છતાં પણ તે ઘટાદિ પદાર્થો નિત્ય છે તે પ્રકારની બુદ્ધિથી જીવ તેમાં વ્યવહાર કરે છે, આથી ઘડો ફૂટે છે ત્યારે જીવને શોક થાય છે. આ રીતે પદાર્થને નિત્ય માનીને જે જે વ્યવહાર પ્રવર્તે છે, તે સર્વ વ્યવહાર અનિત્યમાં નિત્યપણાની બુદ્ધિથી થાય છે, આથી પોતાનો મનુષ્યભવ અનિત્ય છે છતાં પોતે શાશ્વત છે તેમ માનીને હંમેશા મનુષ્યભવમાં સ્થિર બુદ્ધિપૂર્વક ધનાદિ માટે જે કોઈ પ્રવૃત્તિઓ કરે છે તે અનિત્યમાં નિત્યપણાના ભ્રમરૂપ છે.

આનાથી એ ફલિત થાય છે કે, જેઓ જગતના અનિત્યપદાર્થોનું અનિત્યપણાથી ભાવન કરીને જગતના પદાર્થોને અવલંબીને ક્લેશો કરતા નથી, તેઓને અનિત્યપદાર્થોમાં અનિત્યપણાની બુદ્ધિ છે. અન્ય સર્વ જીવોને અનિત્ય એવા ઘટાદિ પદાર્થોમાં નિત્યપણાની બુદ્ધિથી વ્યવહાર પ્રવર્તે છે.

અશુચિમય એવા દેહાદિમાં શુચિપણાનો બોધ અવિદ્યા :

વળી અશુચિમય એવા પોતાના દેહમાં કે પરના દેહમાં શુચિપણાની બુદ્ધિ તે અવિદ્યા છે, આથી જ સંસારી જીવોને અશુચિથી યુક્ત એવી પોતાની કે અન્યની કાયામાં પ્રીતિ થાય છે.

અહીં કાયાદિષુમાં આદિથી અશુચિમય એવી વિષ્ટાદિમાં ભૂંડના જીવોને શૂચિપણાનું અભિમાન થાય છે તેનું ગ્રહણ છે.

આનાથી એ ફલિત થાય છે કે, અશુચિમય એવા કાયાદિના અશુચિપણાના ભાવનથી જેમનું ચિત્ત સ્વ-પરની કાયાને જોઈને કોઈ ક્લેશોને સ્પર્શે નહિ તેવું બને છે તેમને અશુચિમય કાયામાં અશુચિપણાની બુદ્ધિ સ્થિર છે. અશુચિમય એવી કાયામાં શુચિપણાની બુદ્ધિથી અન્ય સર્વ જીવોની પ્રવૃત્તિ થાય છે.

દુઃખરૂપ એવા વિષયોમાં સુખપણાનો બોધ અવિદ્યા :

વળી દુઃખરૂપ એવા વિષયોમાં સુખપણાનું અભિમાન અવિદ્યા છે. વસ્તુતઃ વિષયોની ઇચ્છા જીવની વ્યાકુળ અવસ્થા છે, તેથી દુઃખરૂપ છે માટે વિષયોની ઇચ્છા અને વિષયોમાં થતો શ્રમ દુઃખરૂપ છે, છતાં સંસારી જીવોને વિષયોની ઇચ્છા અને વિષયોની પ્રવૃત્તિ સુખરૂપ જણાય છે તે અવિદ્યા છે.

અનાત્મ એવા શરીરમાં આત્મપણાનો બોધ અવિદ્યા :

શરીર આત્મા નથી છતાં શરીરરૂપ હું છું એ પ્રકારની બુદ્ધિથી સંસારી જીવો પ્રવૃત્તિ કરે છે તે અનાત્મરૂપ શરીરમાં આત્મપણાની બુદ્ધિરૂપ અવિદ્યા છે.

અપુણ્યરૂપ કૃત્યમાં પુણ્યપણાનો બોધ અવિદ્યા :

કોઈને અપુણ્યરૂપ એવા કૃત્યોમાં પુષ્યપણાનો ભ્રમ થાય છે તે પણ અવિદ્યા છે, આથી જ અજ્ઞાનને વશ જીવો મોહના પરિણામને પુષ્ટ કરે તેવી ધર્મપ્રવૃત્તિ કરીને પોતે પુણ્યકર્મ કરે છે તેવો ભ્રમ જીવોમાં અજ્ઞાનને કારણે વર્તે છે તે અવિદ્યા છે.

અનર્થરૂપ કૃત્યમાં અર્થપણાનો બોધ અવિદ્યા :

ક્લેશના શમનને અનુકૂળ વ્યાપાર જીવ માટે અર્થરૂપ છે અને ક્લેશવૃદ્ધિને અનુકૂળ સર્વ વ્યાપાર જીવ માટે અનર્થરૂપ છે, આમ છતાં સંસારી જીવો ક્લેશવૃદ્ધિના ઉપાયરૂપ ધનનું અર્જન કે ભોગાદિમાં આ મારા માટે અર્થરૂપ છે તેવા ભ્રમથી પ્રવૃત્તિ કરે છે તે અનર્થમાં અર્થના ભ્રમરૂપ તેમની અવિદ્યા છે. **॥૨-૫॥**

અવતરણિકા :

अस्मितां लक्षयितुमाह –

અવતરણિકાર્થ :

અસ્મિતાનું લક્ષણ કરવા માટે અર્થાત્ સ્વરૂપને બતાવવા માટે કહે છે –

સૂત્ર :

दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता ॥२-६॥

સૂત્રાર્થ :

દૃગ્શક્તિની અને દર્શનશક્તિની એકાત્મતા જ અસ્મિતા છે. ॥૨-૬॥

ટીકા :

'दृगिति'-दृक्शक्तिः पुरुषः, दर्शनशक्ति रजस्तमोभ्यामनभिभूतः सात्त्विकः परिणामोऽन्तःकरणरूपः, अनयोर्भोग्यभोक्तृत्वेन जडाजडत्वेनात्यन्तभिन्नरूपयोरेकताभिमानोऽस्मितेति उच्यते, यथा प्रकृतिर्वस्तुतः कर्तृत्वभोक्तृत्वरहिताऽपि कर्त्र्यहं भोक्त्र्यहमित्यभिमन्यते, सोऽयमस्मिताख्यो विपर्यासः क्लेशः ॥२-६॥

ટીકાર્થ :

दृक्शक्तिः ..... क्लेशः ॥ દૃક્શક્તિ પુરુષ છે, દર્શનશક્તિ રજ અને તમથી અનભિભૂત=અભિભૂત ન થયેલ, અંતઃકરણરૂપ સાત્ત્વિક પરિણામ છે. જડ અને અજડપણાથી અત્યંત ભિન્નરૂપ એવા એ બેનું=પુરુષ અને અંતઃકરણરૂપ સાત્ત્વિક પરિણામનું ભોગ્ય-ભોક્તૃપણાથી=પુરુષ ભોક્તા છે અને અંતઃકરણ ભોગ્ય છે એ પ્રકારથી, એકતાનું અભિમાન અસ્મિતા એ પ્રમાણે કહેવાય છે.

જે પ્રમાણે – વસ્તુતઃ કર્તૃત્વ અને ભોક્તૃત્વથી રહિત એવી પણ પ્રકૃતિ 'કર્ત્રી હું છું, ભોક્ત્રી હું છું' એ પ્રમાણે અભિમાન કરે છે તે આ અસ્મિતા નામનો વિપર્યાસ ક્લેશ છે. ॥૨-૬॥

ભાવાર્થ :

(૨) અસ્મિતાનું સ્વરૂપ :

દૃક્શક્તિવાળો પુરુષ છે અર્થાત્ દૃશ્યને જોવાની શક્તિવાળો પુરુષ છે અને દર્શનશક્તિવાળો રજ અને તમથી અભિભૂત ન થયેલ એવો અંતઃકરણરૂપ સાત્ત્વિક પરિણામ છે=બુદ્ધિ છે.

પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે તેથી જડ છે અને પુરુષ અજડ છે, તેથી જડ અને અજડપણારૂપે પુરુષ અને બુદ્ધિનો અત્યંત ભેદ છે, આમ છતાં ભોગ્ય એવી બુદ્ધિનો અને ભોક્તા એવો પુરુષનો ભોગ્ય-ભોક્તૃત્વરૂપે એકતાનું અભિમાન થાય છે તે અસ્મિતા છે.

ઉપરમાં જણાવેલ અસ્મિતાના સ્વરૂપનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

વસ્તુતઃ જે પ્રમાણે પ્રકૃતિ કર્તૃત્વ અને ભોક્તૃત્વથી રહિત છે છતાં પણ 'હું કર્તા છું, હું ભોક્તા છું' એ પ્રમાણે માને છે અર્થાત્ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી છતાં બુદ્ધિને ભ્રમ થાય છે કે હું આ બાહ્યકૃત્યોની કર્તા છું અને આ બાહ્ય વિષયોની ભોક્તા છું. આ પ્રકારનો બુદ્ધિમાં વર્તતો ભ્રમ અસ્મિતા નામનો વિપર્યાસરૂપ ક્લેશ છે.

વિશેષાર્થ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર અસ્મિતાનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મરૂપ પ્રકૃતિમાંથી સંસારીજીવમાં મતિજ્ઞાનના

ક્ષયોપશમરૂપ બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે બુદ્ધિ વસ્તુતઃ બાહ્ય પદાર્થોને કરનાર નથી અને બાહ્ય પદાર્થોને ભોગવનાર નથી, આમ છતાં સંસારી જીવોને 'આ કાર્ય મેં કર્યું, આ ભોગો મેં કર્યા' એ પ્રકારે કર્તૃત્વ અને ભોક્તૃત્વ બુદ્ધિ થાય છે તે અસ્મિતા નામનો વિપર્યાસરૂપ ક્લેશ છે.

વસ્તુતઃ બુદ્ધિથી જ્ઞેય પદાર્થોનું જ્ઞાન આત્માને થાય છે અને દેહધારી જીવો જે બાહ્ય કૃત્યો કરે છે તે કૃત્યકાળમાં બુદ્ધિ તે નિમિત્તને પામીને પોતાના ભાવો કરે છે બાહ્ય પદાર્થોને કરતી નથી અને બાહ્ય પદાર્થોનો પોતે ઉપભોગ કર્યો છે તેવો સંસારીજીવોને બુદ્ધિમાં ભ્રમ થાય છે. પરમાર્થથી બાહ્ય પદાર્થમાં વર્તતો કોઈ ભાવ નિકળીને બુદ્ધિમાં પ્રવેશ પામતો નથી. ફક્ત સંસારીજીવોને મતિજ્ઞાનના ક્ષયોપશમરૂપ બુદ્ધિમાં ભ્રમ થાય છે કે, કાયા દ્વારા મેં આનો ભોગ કર્યો છે તે અસ્મિતારૂપ ભ્રમ છે. **॥૨-૬॥**

અવતરણિકા :

रागस्य लक्षणमाह –

અવતરણિકાર્થ :

રાગના લક્ષણને=સ્વરૂપને, કહે છે –

સૂત્ર :

सुखानुशयी रागः ॥२-७॥

સૂત્રાર્થ :

સુખાનુશયી રાગ છે. ॥૨-૭॥

ટીકા :

'सुखेति'-सुखमनुशेत इति सुखानुशयी सुखज्ञस्य सुखानुस्मृतिपूर्वकः सुखसाधनेषु तृष्णारूपो गर्धो रागसञ्ज्ञकः क्लेशः ॥२-७॥

ટીકાર્થ :

सुखम् ..... क्लेशः ॥ સુખને અનુસરે એ સુખાનુશયી, સુખને જાણનાર પુરુષને સુખની અનુસ્મૃતિપૂર્વક સુખના સાધનોમાં તૃષ્ણારૂપ ગૃદ્ધિ=આસક્તિ, રાગસંજ્ઞક ક્લેશ છે. ॥૨-૭॥

ભાવાર્થ :

(૩) રાગનું સ્વરૂપ :

કોઈ પદાર્થવિષયક સુખનો અનુભવ કર્યા પછી તે સુખની અનુસ્મૃતિપૂર્વક સુખના સાધનોમાં તૃષ્ણારૂપ ગૃદ્ધિનો પરિણામ લોકોને અનુભવાય છે તે રાગરૂપ ક્લેશ છે. **॥૨-૭॥**

અવતરણિકા :

દ્વેષસ્ય લક્ષણમાહ –

અવતરણિકાર્થ :

દ્વેષના લક્ષણને=સ્વરૂપને, કહે છે –

સૂત્ર :

દુઃખાનુશયી દ્વેષઃ ॥૨-૮॥

સૂત્રાર્થ :

દુઃખાનુશયી દ્વેષ છે. ॥૨-૮॥

ટીકા :

'दुःखेति'-दुःखमुक्तलक्षणं, तदभिज्ञस्य तदनुस्मृतिपूर्वकं तत्साधनेषु अनभिलषतो योऽयं निन्दात्मकः क्रोधः स द्वेषलक्षणः क्लेशः ॥२-८॥

ટીકાર્થ :

दुःखम् ..... क्लेशः ॥ દુઃખ ઉક્તલક્ષણવાળું=પાતંજલયોગસૂત્ર ૧-૩૧માં કહેલ સ્વરૂપવાળું છે, તેના=દુઃખના અભિજ્ઞને=જાણકાર પુરુષને, તેની અનુસ્મૃતિપૂર્વક=દુઃખની અનુસ્મૃતિપૂર્વક, તેના સાધનોમાં=દુઃખના સાધનોમાં, અનભિલાષને કારણે જે આ નિંદાત્મક ક્રોધ તે દ્વેષસ્વરૂપ ક્લેશ છે. ॥૨-૮॥

ભાવાર્થ :

(૪) દ્વેષનું સ્વરૂપ :

દેહ અને ઇન્દ્રિયોને ઉપઘાતક ભાવો પ્રત્યે જીવને દુઃખની બુદ્ધિ હોય છે અને તે દુઃખના વેદનના અભિજ્ઞ=જાણકાર એવા પુરુષને, આ પદાર્થો મને દુઃખ ઉત્પન્ન કરે છે એ પ્રકારની અનુસ્મૃતિપૂર્વક તે દુઃખના સાધનોમાં અનભિલાષ હોય છે અર્થાત્ 'આ સાધનો મને પ્રાપ્ત ન થાઓ' એવી અભિલાષા હોય છે, તેના કારણે તે સાધનો પ્રત્યે જે નિંદાસ્વરૂપ ક્રોધ છે તે દ્વેષરૂપ ક્લેશ છે. **॥૨-૮॥**

અવતરણિકા :

અભિનિવેશસ્ય લક્ષણમાહ –

અવતરણિકાર્થ :

અભિનિવેશના લક્ષણને=સ્વરૂપને, કહે છે –

સૂત્ર :

स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः ॥२-९॥

સૂત્રાર્થ :

સ્વરસવાહી=સંસારી જીવોના સ્વાભાવિક પરિણામને વહન કરનાર, વિદ્વાનને પણ=મૂર્ખને તો ખરો પણ વિદ્વાનને પણ, તે પ્રકારનો રૂઢ=જે પ્રકારે પૂર્વજન્મમાં દુઃખનો અનુભવ કર્યો તેનાથી જે મૃત્યુ પ્રત્યે ભય પેદા થયો તે પ્રકારે રૂઢ, અભિનિવેશ છે અર્થાત્ 'મને મૃત્યુ ન થાવ' એ પ્રકારનો દૃઢ પરિણામરૂપ અભિનિવેશ છે. ॥૨-૯॥

ટીકા :

'स्वरसवाहीति'-पूर्वजन्मानुभूतमरणदुःखानुभववासनाबलाद्भयरूपः समुपजायमानः शरीरविषयादेर्मम वियोगो मा भूदिति अन्वहमनुबन्धरूपः सर्वस्यैवाऽऽकृमेर्ब्रह्मपर्यन्तं निमित्तमन्तरेण प्रवर्तमानोऽभिनिवेशाख्यः क्लेशः ॥२-९॥

ટીકાર્થ :

पूर्वजन्म ..... क्लेशः ॥ પૂર્વજન્મમાં અનુભવ કરાયેલા મરણના દુઃખના અનુભવની વાસનાના બળથી ઉત્પન્ન થતાં ભયરૂપ શરીરથી અને વિષયાદિથી 'મને વિયોગ ન થાવ' એ પ્રકારનો પ્રતિદિવસ અનુબંધરૂપ અભિનિવેશ નામનો ક્લેશ છે. આ અભિનિવેશરૂપ ક્લેશ કૃમિથી માંડીને બ્રહ્મપર્યંત સર્વજીવોને નિમિત્ત વગર પ્રવર્તમાન છે. ॥૨-૯॥

ભાવાર્થ :

(૫) અભિનિવેશનું સ્વરૂપ :

સંસારવર્તી કૃમિથી માંડીને બ્રહ્મા સુધીના સર્વ જીવોને મૃત્યુનો ભય વર્તે છે. તે અભિનિવેશ નામનો ક્લેશ છે. સંસારવર્તી સર્વ જીવોને મૃત્યુનો ભય કેમ વર્તે છે ? તેથી કહે છે –


પૂર્વજન્મમાં અનુભવ કરાયેલા મરણના દુઃખના અનુભવને કારણે આત્મામાં વાસના પડેલ અને તે વાસનાના કારણે મરણનો ભય સર્વજીવોને ઉત્પન્ન થાય છે.

આ ભય કેવો છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

શરીર અને બાહ્ય ભોગ્ય એવા વિષયોનો 'મને વિયોગ ન થાવ' એ પ્રકારના પ્રવાહરૂપ ભય વર્તે છે અને આ ભય કોઈ બાહ્ય નિમિત્તથી થતો નથી, પરંતુ મૃત્યુથી સંસારી જીવો પોતાનું રક્ષણ કરવા માટે સદા પ્રવર્તે છે તે અભિનિવેશ નામનો ક્લેશ છે. **॥૨-૯॥**

સારાંશ :

પાતંજલમતાનુસાર પાંચ પ્રકારના ક્લેશો



* અવિદ્યા પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવી અસ્મિતાનું ક્ષેત્ર=મૂળ.
* અવિદ્યા પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવા રાગનું ક્ષેત્ર=મૂળ.
* અવિદ્યા પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવા દ્વેષનું ક્ષેત્ર=મૂળ.
* અવિદ્યા પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એવા અભિનિવેશનું ક્ષેત્ર=મૂળ.

પાતંજલયોગસૂત્ર ૨-૫/૬/૭/૮/૯ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[य.] व्याख्या-अत्राविद्या स्थानाङ्गोक्तं दशविधं मिथ्यात्वमेव । अस्मिताया अदृश्ये दृगारोपरूपत्वे चान्तर्भावः, (अस्मिताया अपि दृश्ये दृशि वा दृगारोपरूपत्वे मिथ्यात्वे एवान्तर्भाव आरोपानङ्गीकारं कृत्वा) बौद्धदृश्यदृगैक्यापत्तिस्वीकारे तु दृष्टिवादसृष्टि-वादापत्तिः, अहङ्काराममकारबीजरूपत्वे तु रागद्वेषान्तर्भाव इति, रागद्वेषौ कषायभेदा एव अभिनिवेशश्चोदाहृतोऽर्थतो भयसञ्ज्ञात्मक एव, स च सञ्ज्ञान्तरोपलक्षणम्, विदुषोऽपि भय इवाहारादावप्यभिनिवेशदर्शनात्, केवलं विदुषा(षोऽ)प्रमत्ततादशायां दशसञ्ज्ञाविष्कम्भणे न कश्चिदयमभिनिवेशः, सञ्ज्ञा च मोहाभिनिवेशः, सञ्ज्ञा च मोहाभिव्यक्तं चैतन्यमिति सर्वेऽपि क्लेशा मोहप्रकृत्युदयजभाव एव, अत एव क्लेशक्षये कैवल्यसिद्धिः, मोहक्षयस्य तद्धेतुत्वात् इति पारमर्षरहस्यम् ॥

❖ अस्मिताया अदृश्ये दृगारोपरूपत्वे चान्तर्भावः આ પ્રમાણે પાઠ છે ત્યાં અસ્મિતાયા અપિ દૃશ્યે દૃશિ વા દૃગારોપરૂપત્વે મિથ્યાત્વે એવાન્તર્ભાવ આરોપાનઙ્ગીકારં કૃત્વા પાઠની સંભાવના છે.

અર્થ :

अत्र ..... इति, અહીં=પાતંજલમતાનુસાર પાંચ પ્રકારના ક્લેશોનું સ્વરૂપ બતાવ્યું એમાં, અવિદ્યા

સ્થાનાંગમાં કહેલ દશ પ્રકારનું મિત્યાત્વ જ છે. અસ્મિતા પણ દૃશ્યમાં=પુરુષ માટે દૃશ્ય એવી બુદ્ધિરૂપ દૃશ્યમાં દૃગ્ના=પુરુષરૂપ દૃગ્નું આરોપરૂપપણું હોતે છતે અથવા દૃગ્રૂપ બુદ્ધિમાં, દૃશ્યના આરોપરૂપપણું હોતે છતે મિથ્યાત્વમાં અંતર્ભાવ પામે છે. અસ્મિતા મિથ્યાત્વમાં અંતર્ભાવ પામે છે અને આરોપનો અસ્વીકાર કરીને બૌદ્ધ=બુદ્ધિ સંબંધી દૃશ્ય અને દૃગ્ની એક્ય આપત્તિનો સ્વીકાર કરાયે છતે દૃષ્ટિવાદ અને સૃષ્ટિવાદની આપત્તિ છે.

વળી અહંકાર અને મમકારના બીજરૂપપણામાં રાગદ્વેષમાં અંતર્ભાવ છે=અસ્મિતાનો રાગ-દ્વેષમાં અંતર્ભાવ છે.

ઇતિ શબ્દ અસ્મિતાના કથનના વિષયમાં જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે ત્રણ વિકલ્પોની સમાપ્તિસૂચક છે.

રાગદ્વેષૌ... પારમર્ષરહસ્યમ્ ॥ રાગ અને દ્વેષ કષાયના ભેદો જ છે અને અભિનિવેશ અર્થથી ભયસંજ્ઞાત્મક જ કહેવાયો છે, અને તે=અભિનિવેશ, સંજ્ઞાન્તરનું ઉપલક્ષણ છે=અન્ય સંજ્ઞાનું ઉપલક્ષણ છે; કેમ કે વિદ્વાનને પણ ભયની જેમ આહારાદિમાં પણ અભિનિવેશનું દર્શન છે. ફક્ત વિદ્વાનને અપ્રમત્તદશામાં દશ સંજ્ઞાનું વિષ્કંભણ થયે છતે કોઈ આ=ભય વગેરે અભિનિવેશ, નથી અને સંજ્ઞા મોહનો અભિનિવેશ છે અને સંજ્ઞા મોહથી અભિવ્યક્ત ચૈતન્ય છે, એથી સર્વ પણ ક્લેશો મોહની પ્રકૃતિના ઉદયથી ઉત્પન્ન થયેલા ભાવ જ છે, આથી જ ક્લેશના ક્ષયમાં કૈવલ્યની સિદ્ધિ છે; કેમ કે મોહક્ષયનું તેનું હેતુપણું છે=કેવલજ્ઞાનનું હેતુપણું છે, એ પ્રમાણે પારમર્ષરહસ્ય છે.

ભાવાર્થ :

પાતંજલદર્શનકારે કહેલ અવિદ્યાનો સ્થાનાંગસૂત્રમાં બતાવેલ દશ પ્રકારના મિથ્યાત્વમાં અંતર્ભાવ :

પાતંજલદર્શનકાર અનિત્યમાં નિત્યપણાની બુદ્ધિ આદિ રૂપ જેને અવિદ્યા કહે છે તે સ્થાનાંગસૂત્રમાં કહેલ દશ પ્રકારના મિથ્યાત્વમાં અંતર્ભાવ પામે છે; કેમ કે સ્થાનાંગસૂત્રમાં અધર્મમાં ધર્મ બુદ્ધિ ઇત્યાદિ સ્વરૂપ દશ પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે તે વિપરીત બુદ્ધિસ્વરૂપ છે. તેની જેમ અનિત્ય એવા પદાર્થમાં નિત્યપણાની બુદ્ધિ મિથ્યાત્વસ્વરૂપ છે. અને અશુચિમાં શુચિની બુદ્ધિ આદિ પણ મિથ્યાત્વસ્વરૂપ છે.

અસ્મિતાના વિષયમાં ત્રણ વિકલ્પો :

પ્રથમ વિકલ્પમાં અસ્મિતાનો મિથ્યાત્વમાં અંતર્ભાવ :

(૧) પાતંજલદર્શનકાર દૃગ્ અને દૃશ્યની એકતારૂપ અસ્મિતા સ્વીકારે છે, એ પ્રમાણે સ્વીકારીએ તો દૃશ્યરૂપ બુદ્ધિમાં દૃગ્ એવા પુરુષનું પ્રતિબિંબ પડવાને કારણે દૃગ્નો આરોપ થાય છે=દ્રષ્ટા એવા પુરુષનો આરોપ થાય છે, તેથી તે વિપર્યયરૂપ હોવાથી મિથ્યાત્વમાં જ અંતર્ભાવ પામે છે.

વળી બુદ્ધિરૂપ દૃગ્માં બાહ્યપદાર્થોરૂપ દૃશ્યનું પ્રતિબિંબ પડે છે, તેથી તે બાહ્ય પદાર્થોને હું ભોગવું છું અને બાહ્ય પદાર્થોને હું કરું છું એ પ્રકારનો બુદ્ધિમાં ભ્રમ થાય છે તે બુદ્ધિરૂપ દૃગ્માં દૃશ્યના આરોપરૂપ હોવાના કારણે મિથ્યાત્વમાં જ અંતર્ભાવ પામે છે.

બીજા વિકલ્પમાં પાતંજલદર્શનકારને દૃષ્ટિસૃષ્ટિવાદની આપત્તિ :

(૨) બુદ્ધિસંબંધી જે દૃશ્ય એવા ઘટાદિ પદાર્થો અને દૃગ્રૂપ બુદ્ધિ તેના ઐક્યની પ્રાપ્તિ અસ્મિતા છે તેમ સ્વીકારાયે છતે અર્થાત્ પ્રકૃતિમાંથી જે બુદ્ધિ ઉત્પન્ન થયેલ છે તેમાં જે ઘટપટાદિ પદાર્થોનું પ્રતિબિંબ પડે છે તેથી દૃશ્ય એવા ઘટાદિ પદાર્થો અને દૃગ્રૂપ બુદ્ધિ એક છે તે અસ્મિતા છે એમ પાતંજલદર્શનકાર વડે સ્વીકારાયે છતે દૃષ્ટિ-સૃષ્ટિવાદની પ્રાપ્તિરૂપ દોષ પ્રાપ્ત થાય છે.

તે આ પ્રમાણે – વેદાંતવાદી બ્રહ્માદ્વૈત માને છે, તેથી કહે છે કે, એક બ્રહ્મ સત્ય છે સર્વ જગત્ મિથ્યા છે. આ રીતે બ્રહ્મસ્વરૂપ જગતને સ્થાપ્યા પછી દૃષ્ટ વ્યવસ્થાની સંગતિ અર્થે તેઓ કહે છે કે, સંસારી જીવો પારમાર્થિક બ્રહ્મના અંશો છે અને તેઓ સાધના કરીને મુક્ત થાય છે ત્યારે પરમબ્રહ્મમાં વિલય પામે છે. વળી સંસારી જીવો જે બ્રહ્મના અંશરૂપ છે તેઓને જ્યારે જ્યારે ઘટ-પટાદિ બાહ્યપદાર્થોનું જ્ઞાન થાય છે ત્યારે ત્યારે તે ઘટ-પટાદિ દૃશ્યોની સૃષ્ટિ થાય છે અને જ્યારે જ્યારે ઘટ-પટાદિનું જ્ઞાન હોય છે ત્યારે ત્યારે જ તેનું સત્ત્વ હોય છે અન્યદા હોતું નથી, તેથી સંસારી જીવોને જ્યારે જ્યારે ઘટ-પટાદિના જ્ઞાનરૂપ દૃષ્ટિ છે ત્યારે ત્યારે જ ઘટ-પટાદિની સૃષ્ટિ છે, એ પ્રકારનો દૃષ્ટિ-સૃષ્ટિવાદનો મત છે.

આ મત પ્રમાણે ચૈતન્યથી અતિરિક્ત અજ્ઞાત એવા પદાર્થોનું સત્ત્વ નથી, પરંતુ જ્ઞાત જ પદાર્થોનું સત્ત્વ છે, તેથી જ્ઞાત એવો ઘટ જ સત્ છે. જ્યારે ઘટ જ્ઞાનનો વિષય નથી ત્યારે તેનું અસ્તિત્વ પણ સ્વીકારાતું નથી. જે પ્રમાણે-સ્વપ્નમાં જ્ઞાત થયેલા ઘટાદિ પદાર્થો સત્ત્વરૂપે પ્રતીત થાય છે અને સ્વપ્ન વિલીન થયે છતે એ ઘટ-પટાદિ પદાર્થો વિલીન થાય છે. એ રીતે જાગૃત અવસ્થામાં જ્ઞાત થયેલા ઘટ-પટાદિ પદાર્થો સદ્ભાવને પામે છે અને બુદ્ધિ વિલીન થયે છતે તે ઘટ-પટાદિ પદાર્થો પણ વિલીન થાય છે અને અજ્ઞાત પદાર્થોની પ્રતીતિ સ્વપ્નના જેવી જાણવી અર્થાત્ સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્મૃતિ થાય છે કે ત્યારે મેં ઘટને જાણેલો અત્યારે ઘટ નથી તેમ જાગૃત અવસ્થામાં પણ પુરોવર્તી ઘટાદિ દેખાય છે ત્યારે ઘટાદિ પદાર્થોની સૃષ્ટિ છે અને જ્યારે ઘટાદિ દેખાતા નથી ત્યારે તે ઘટાદિ પદાર્થોનું સ્મરણ છે.

આ રીતે આ મતમાં દૃશ્ય એવા ઘટાદિની અને દૃષ્ટિના=જ્ઞાનના ઐક્યની પ્રાપ્તિ સ્વીકારાય છે, તેથી જો પાતંજલદર્શનકાર દૃગ્ની=બુદ્ધિની અને દૃશ્ય એવા ઘટાદિની એકતારૂપ અસ્મિતા સ્વીકારે તો દૃષ્ટિ-સૃષ્ટિવાદના સ્વીકારની આપત્તિ આવે, તેથી પાતંજલદર્શનકારને વેદાંતદર્શનના સ્વીકારની આપત્તિ પ્રાપ્ત થાય.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય છે કે, શુદ્ધ બ્રહ્મસ્વરૂપ આત્મા છે, તેના અંશરૂપ સંસારી જીવો છે અને સંસારી જીવોને ઘટ-પટાદિનું જ્ઞાન થાય છે ત્યારે ઘટ-પટાદિનું સર્જન થાય છે, તેથી વેદાંતમતાનુસાર બ્રહ્મથી અતિરિક્ત જગતમાં કાંઈ જ નથી. ફક્ત શુદ્ધ એક બ્રહ્મસ્વરૂપ જ જગત્ તેઓ માને છે અને સંસારી જીવો શુદ્ધ બ્રહ્મના અંશો છે અને તેઓની દર્શનશક્તિરૂપ દૃષ્ટિથી ઘટ-પટાદિરૂપ સૃષ્ટિનું સર્જન

થાય છે, પરમાર્થથી તો બુદ્ધિથી દેખાતા ઘટ-પટાદિનું બ્રહ્મ સાથે ઐક્ય છે. તેમ પાતંજલદર્શનકાર બુદ્ધિથી દેખાતા દૃશ્યોને બુદ્ધિ સાથે ઐક્ય સ્વીકારરૂપ અસ્મિતા સ્વીકારે તો દૃષ્ટિ-સૃષ્ટિવાદના સ્વીકારની આપત્તિ પ્રાપ્ત થાય.

ત્રીજા વિકલ્પમાં અસ્મિતાનો રાગ-દ્વેષમાં અંતર્ભાવ :

(૩) અસ્મિતાને અહંકારના અને મમકારના બીજરૂપ પાતંજલદર્શનકાર સ્વીકારે તો તે અસ્મિતાનો રાગ-દ્વેષમાં અંતર્ભાવ થાય છે, પરંતુ રાગ-દ્વેષથી પૃથગ્ અસ્મિતા સિદ્ધ થતી નથી.

આશય એ છે કે, દેહમાં 'હું છું' એ બુદ્ધિરૂપ અહંકાર અને પોતાની ધનાદિની સામગ્રી મારી છે એ રૂપ મમકાર જીવમાં થાય છે તેનું કારણ અસ્મિતા છે, તેમ પાતંજલદર્શનકાર સ્વીકારે તો તે અસ્મિતા રાગ-દ્વેષમાં જ અંતર્ભાવ પામે છે.

રાગ-દ્વેષરૂપ ક્લેશોનો કષાયમાં જ અંતર્ભાવ :

રાગ-દ્વેષસ્વરૂપ ક્લેશો કષાયના જ ભેદો છે અર્થાત્ પતંજલિઋષિએ જે રાગ-દ્વેષરૂપ ક્લેશો કહ્યા છે તે ક્રોધાદિ ચાર કષાયોના ભેદોથી પૃથક્ નથી.

અભિનિવેશનો ભય સંજ્ઞામાં અંતર્ભાવ અને અભિનિવેશરૂપ ભયસંજ્ઞા આહારાદિસંજ્ઞાનું ઉપલક્ષણ :

પતંજલિઋષિ જેને અભિનિવેશ કહે છે તે અર્થથી ભયસંજ્ઞારૂપ જ છે અને અભિનિવેશરૂપ ભયસંજ્ઞા અન્ય આહારસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાનું ઉપલક્ષણ છે; કેમ કે વિદ્વાન પુરુષને પણ જેમ મરણના ભયરૂપ અભિનિવેશ ક્લેશ વર્તે છે તેમ આહારાદિમાં પણ અભિનિવેશ વર્તે છે.

જે વિદ્વાનો સાધના કરીને અપ્રમત્તગુણસ્થાનકમાં વર્તે છે તેઓને દશેય સંજ્ઞાનું વિષ્કંભણ વર્તે છે, તેથી કોઈ ઠેકાણે આ અભિનિવેશ નથી અર્થાત્ મૃત્યુનો પણ ભય નથી અને આહારનો પણ અભિનિવેશ નથી, મૈથુનનો પણ અભિનિવેશ નથી અને પરિગ્રહનો પણ અભિનિવેશ નથી.

સંજ્ઞા એ મોહનો અભિનિવેશ છે સર્વે ક્લેશો મોહના ઉદયથી થનારા ભાવો હોવાથી મોહના ક્ષયથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ :

સંજ્ઞા એ મોહનો અભિનિવેશ છે=મોહના ઉદયને કારણે તે પ્રકારના ભાવો કરવાના જીવના પરિણામરૂપ છે. આથી જ મોહના ઉદયથી સંસારી જીવોને મૃત્યુનો ભય થાય છે કે આહારાદિની ઇચ્છા થાય છે. આ સંજ્ઞા મોહથી અભિવ્યક્ત થતું ચૈતન્ય છે, એથી કરીને સર્વ પણ ક્લેશો= પાતંજલદર્શનકારે સ્વીકારેલા બધા ક્લેશો, મોહની પ્રકૃતિના ઉદયથી થનારા ભાવો છે. આથી જ જેઓને ક્લેશોનો ક્ષય થાય છે તેઓને કેવલજ્ઞાન પ્રગટે છે; કેમ કે મોહના ક્ષયનું કેવલજ્ઞાનનું હેતુપણું છે અર્થાત્ મોહનો ક્ષય થાય ત્યારે જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મોનો ક્ષય થાય અને જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મોનો ક્ષય થાય ત્યારે કેવલજ્ઞાન થાય છે. એ પ્રમાણે પરમઋષિ એવા સર્વજ્ઞ ભગવાનના વચનનું રહસ્ય છે.

અવતરણિકા :

તદેવં વ્યુત્થાનસ્ય ક્લેશાત્મકત્વાદેકાગ્રતાભ્યાસકામેન પ્રથમં ક્લેશાઃ પરિહર્તવ્યાઃ, ન ચાજ્ઞાતાનાં તેષાં પરિહારઃ કર્તું શક્ય ઇતિ તજ્જ્ઞાનાય તેષામુદ્દેશં ક્ષેત્રં વિભાગં લક્ષણં ચાભિધાય સ્થૂલસૂક્ષ્મભેદભિન્નાનાં તેષાં પ્રહાણોપાયવિભાગમાહ –

અવતરણિકાર્થ :

તે આ પ્રમાણે=પાતંજલયોગસૂત્ર ૨-૪માં ઉદાર ક્લેશોનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે, વ્યુત્થાનદશામાં સદા યોગના પરિપંથી ઉદાર ક્લેશો હોય છે એ પ્રમાણે, વ્યુત્થાનનું ક્લેશાત્મકપણું હોવાથી એકાગ્રતાના અભ્યાસની કામનાવાળા એવા યોગીએ પ્રથમ ક્લેશોનો પરિહાર કરવો જોઈએ=વ્યુત્થાનદશામાં જે ઉદાર ક્લેશો ચિત્તમાં વર્તે છે તેનો પરિહાર કરવો જોઈએ, અને વ્યુત્થાનદશામાં વર્તતા અજ્ઞાત એવા તેઓનો=ક્લેશોનો, પરિહાર કરવા માટે શક્ય નથી, તેથી તેના જ્ઞાન માટે=ક્લેશોના જ્ઞાન માટે, તેઓનો=ક્લેશોનો ઉદ્દેશ=પાતંજલયોગસૂત્ર ૨-૩માં ક્લેશોનો ઉદ્દેશ, પાતંજલયોગસૂત્ર ૨-૪માં ક્ષેત્ર અને વિભાગ, અને પાતંજલયોગસૂત્ર ૨-૫થી ૯માં ક્લેશોનું લક્ષણ કહીને સ્થૂલ અને સૂક્ષ્મ ભેદથી ભિન્ન એવા તેઓના=ક્લેશોના, નાશના ઉપાયના વિભાગને કહે છે –

સૂત્ર :

ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ॥२-१०॥

સૂત્રાર્થ :

તે સૂક્ષ્મક્લેશો અર્થાત્ જે વાસનારૂપે જ રહેલા છે તે સૂક્ષ્મક્લેશો પ્રતિપ્રસવથી= પ્રતિલોમપરિણામથી, હેય છે=ત્યાગ કરવા યોગ્ય છે. ॥૨-૧૦॥

ટીકા :

'ते इति'-ते सूक्ष्माः क्लेशा ये वासनारूपेणैव स्थिता न वृत्तिरूपं परिणाममारभन्ते ते प्रतिप्रसवेन=प्रतिलोमपरिणामेन, हेयाः=त्यक्तव्याः, स्वकारणास्मितायां कृतार्थे सवासनं चित्तं यदा प्रविष्टं भवति तदा कुतस्तेषां निर्मूलानां सम्भवः ॥२-१०॥

ટીકાર્થ :

ते ..... सम्भवः ॥ તે સૂક્ષ્મ ક્લેશો જે વાસનારૂપે જ રહેલા છે, વૃત્તિરૂપ પરિણામને આરંભ કરતા નથી તે ક્લેશોને પ્રતિપ્રસવથી=પ્રતિલોમપરિણામથી, હેય=ત્યાગ કરવા જોઈએ.

આનાથી શું ફલિત થાય છે તે બતાવે છે –

સાસ્મિતસમાધિ કૃતાર્થ હોતે છતે વાસનાસહિત ચિત્ત=સાસ્મિતસમાધિના ભાવોથી વાસિત થયેલું

ચિત્ત, જ્યારે સ્વકારણમાં=ચિત્તના કારણભૂત એવી પ્રકૃતિમાં, પ્રવિષ્ટ થાય છે ત્યારે નિર્મૂળ એવા તેઓનો=સૂક્ષ્મક્લેશોનો, ક્યાંથી સંભવ હોય ? અર્થાત્ સંભવ હોય નહીં. ॥૨-૧૦॥

❖ રાજમાર્તંડ ટીકામાં સ્વકારણાસ્મિતાયાં પાઠ છે ત્યાં સ્વકારણે સાસ્મિતાયાં પાઠની સંભાવના જણાય છે. અમે તે મુજબ પાઠ ગ્રહણ કરીને અર્થ કરેલ છે.

ભાવાર્થ :

પ્રતિલોમપરિણામથી સૂક્ષ્મક્લેશો હેય=ત્યાગ કરવા યોગ્ય :

પાતંજલદર્શનકાર સૂક્ષ્મક્લેશોના નાશનો ઉપાય બતાવે છે –

તે સૂક્ષ્મ ક્લેશો જે વાસનારૂપે જ ચિત્તમાં રહેલાં છે પરંતુ વૃત્તિરૂપ પરિણામનો આરંભ કરતા નથી. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે યોગીએ પ્રતિપક્ષ ભાવના આદિ દ્વારા જે ક્લેશોને એવા શિથિલ કરી નાંખ્યા છે કે તે ક્લેશો વર્તમાનમાં વૃત્તિરૂપ પરિણામસ્વરૂપે ઉપસ્થિત થતા નથી, આમ છતાં ચિત્તમાં વાસનારૂપે જ સૂક્ષ્મ રહેલા છે અને તે સૂક્ષ્મ ક્લેશોને પ્રતિલોમપરિણામથી યોગીએ ત્યાગ કરવા જોઈએ.

પ્રતિલોમપરિણામથી તે સૂક્ષ્મક્લેશોનો ત્યાગ કઈ રીતે થઈ શકે તે બતાવતાં કહે છે –

જ્યારે યોગી સવિતર્કાદિ સમાધિમાં ઉદ્યમ કરીને છેલ્લી સાસ્મિતસમાધિની ભૂમિકાને પામે અને તે સાસ્મિતસમાધિ પણ કૃતાર્થ થાય અર્થાત્ અત્યંત જીવની પ્રકૃતિરૂપ બને ત્યારે ક્લેશોની વાસનાવાળું ચિત્ત સ્વકારણમાં પ્રવેશ પામે છે અર્થાત્ ચિત્તનું કારણ પ્રકૃતિ છે તે પ્રકૃતિમાં ચિત્ત પ્રવેશ પામે છે. તેથી પ્રકૃતિમાં લીન એવું ચિત્ત હોય ત્યારે નિર્મૂળ થયેલા એવા તે ક્લેશોનો સંભવ ક્યાંથી થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. **॥૨-૧૦॥**

પાતંજલયોગસૂત્ર ૨-૧૦ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-ક્ષીણમોહસમ્બન્ધિયથાખ્યાતચારિત્રહેયા ઇત્યર્થઃ ।

અર્થ :

સૂક્ષ્મ ક્લેશો ક્ષીણમોહસંબંધી યથાખ્યાતચારિત્રથી હેય છે.

ભાવાર્થ :

જૈનદર્શનકારના મતે ક્ષીણમોહસંબંધી યથાખ્યાતચારિત્રથી સૂક્ષ્મક્લેશો હેય=ત્યાગ કરવા યોગ્ય :

ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલ યોગી બારમાં ગુણસ્થાનકે ક્ષીણમોહવાળા થાય છે ત્યારે યથાખ્યાતચારિત્ર વર્તે છે, તે વખતે મોહનીયકર્મના સર્વસંસ્કારો નાશ પામે છે અને મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્ત શુદ્ધ આત્મભાવમાં સ્થિર હોય છે, તેથી કોઈ ક્લેશોનો ઉદય સંભવતો નથી.

અવતરણિકા :

સ્થૂલાનાં હાનોપાયમાહ –

અવતરણિકાર્થ :

સ્થૂલ એવા ક્લેશોના હાનનાં=ત્યાગના, ઉપાયને બતાવે છે –

સૂત્ર :

ध्यानहेयास्तद्वृत्तयः ॥२-११॥

સૂત્રાર્થ :

તેઓની વૃત્તિઓ=ક્લેશોની વૃત્તિઓ, ધ્યાનથી હેય છે. ॥૨-૧૧॥

ટીકા :

'ध्यानेति'-तेषां=क्लेशानामारब्धकार्याणां याः सुखदुःखमोहात्मिका वृत्तयस्ता ध्यानेनैव चित्तैकाग्रतालक्षणेन हेया=हातव्या इत्यर्थः, चित्तपरिकर्माभ्यासमात्रेणैव स्थूलत्वात् तासां निवृत्तिर्भवति, यथा वस्त्रादौ स्थूलो मलः प्रक्षालनमात्रेणैव निवर्तते, यस्तु तत्र सूक्ष्मः स तैस्तैरुपायैरुत्तापनप्रभृतिभिरेव निवर्तयितुं शक्यते ॥२-११॥

ટીકાર્થ :

તેષાં ..... શક્યતે ॥ તેઓની=આરબ્ધકાર્યવાળા એવા ક્લેશોની, જે સુખ, દુઃખ અને મોહસ્વરૂપ વૃત્તિઓ છે તે ચિત્તની એકાગ્રતાસ્વરૂપ ધ્યાનથી હેય છે=ત્યાગ કરવા યોગ્ય છે. ચિત્તના પરિકર્મના અભ્યાસમાત્રથી જ સ્થૂલપણું હોવાને કારણે તેઓની=ક્લેશોની, નિવૃત્તિ થાય છે.

જે પ્રમાણે – વસ્ત્રાદિમાં સ્થૂલ મલ પ્રક્ષાલનમાત્રથી નિવર્તન પામે છે. વળી જે ત્યાં=વસ્ત્રમાં, સૂક્ષ્મ મલ છે તે ઉત્તાપન વગેરે જ તે તે ઉપાયો વડે નિર્વતન કરી શકાય છે. ॥૨-૧૧॥

ભાવાર્થ :

સ્થૂલ એવા ક્લેશોના ત્યાગનો ઉપાય :

ક્લેશોની વૃત્તિઓ ધ્યાનથી હેય=ત્યાગ કરવા યોગ્ય :

જે ક્લેશો વર્તમાનમાં પોતાનું કાર્ય કરી રહેલા છે, તે ક્લેશોની વૃત્તિઓ ચિત્તમાં વર્તમાનમાં વર્તે છે, તેવા ક્લેશોનો નાશ કરવા માટે યોગીએ ક્લેશના નાશના ઉપાયભૂત એવી યોગની પ્રવૃત્તિ ચિત્તની એકાગ્રતાપૂર્વક કરવી જોઈએ, તેથી એ ક્લેશો નાશ પામે છે.

જેમ-કોઈ સાધક યોગી સૂત્ર અને અર્થમાં એકાગ્રતાપૂર્વક ચિત્તને પ્રવર્તાવે તો તે વખતે સંસારના નિમિત્તોને પામીને જે ક્લેશની વૃત્તિઓ વર્તતી હતી તે નાશ પામે છે.

આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

ચિત્તના પરિકર્મના અભ્યાસમાત્રથી જ તે ક્લેશોની નિવૃત્તિ થાય છે; કેમ કે તે ક્લેશો સ્થૂલ છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જે ક્લેશો સંસારના નિમિત્તોથી વર્તમાનમાં ચિત્તની ભૂમિમાં વર્તે છે તે સ્થૂલ હોવાથી યોગના અર્થી એવા વિચારક પુરુષો તેને જોવા માટે યત્ન કરે તો પોતાના ચિત્તમાં વર્તતા તે ક્લેશોને તેઓ જોઈ શકે છે, તેથી તે ક્લેશો સ્થૂલ છે અને ચિત્તને પરિકર્મ કરનાર મહાત્માના અભ્યાસમાત્રથી તે સ્થૂલ ક્લેશો નાશ પામે છે. જેમ પ્રથમ સમાધિપાદમાં ચિત્તના પરિકર્મના અનેક ઉપાયો બતાવ્યા. તેમાંથી કોઈ પણ ઉચિત ઉપાયને ગ્રહણ કરીને યોગી વીતરાગવિષય ચિત્તને એકાગ્ર કરે તો અવીતરાગભાવનાથી ભાવિત ચિત્તને કારણે ઉત્થિત થયેલા ક્લેશો નિર્વતન પામે છે. આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ-વસ્ત્રાદિમાં સ્થૂલ મળ હોય હોય તેને પ્રક્ષાલન કરવામાત્રથી તે સ્થૂલ મળ દૂર થાય છે, તેમ સ્થૂલ ક્લેશો ચિત્તના પરિકર્મના અભ્યાસમાત્રથી દૂર થાય છે, અને જેમ વસ્ત્રમાં સૂક્ષ્મ મળ હોય તો તેને દૂર કરવા માટે તાપન વગેરે તે તે ઉપાયો કરવા પડે છે, તેમ ચિત્તમાં વર્તતા સૂક્ષ્મ ક્લેશોના નિવર્તન માટે સવિતર્કાદિ સમાધિઓમાં ક્રમસર યત્ન કરીને અંતે સાસ્મિતસમાધિ પ્રકર્ષવાળી થાય છે ત્યારે તે સૂક્ષ્મ ક્લેશો નિવર્તન પામે છે. **॥૨-૧૧॥**

અવતરણિકા :

एवं क्लेशानां तत्त्वमभिधाय कर्माशयस्याभिधातुमाह –

અવતરણિકાર્થ :

આ રીતે=પાતંજલયોગસૂત્ર ૨-૩થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, ક્લેશોના તત્ત્વને=ક્લેશોના સ્વરૂપને, કહીને કર્માશયને કહેવા માટે કહે છે –

સૂત્ર :

क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ॥२-१२॥

સૂત્રાર્થ :

ક્લેશમૂળવાળો દૃષ્ટ-અદૃષ્ટ જન્મવેદનીય એવો કર્માશય છે. ॥૨-૧૨॥

ટીકા :

'क्लेशेति'-कर्माशय इत्यनेन तस्य स्वरूपमभिहितम्, यतो वासनारूपाण्येव कर्माणि, क्लेशमूल इत्यनेन कारणमभिहितम्, यतः कर्मणां शुभाशुभानां क्लेशा एव निमित्तम्, दृष्टादृष्टजन्मवेदनीय इत्यनेन फलमुक्तम्, अस्मिन्नेव जन्मनि अनुभवनीयो दृष्टजन्मवेदनीयः, जन्मान्तरानुभवनीयोऽदृष्टजन्मवेदनीयः। तथाहि-कानिचित्पुण्यानि कर्माणि देवताराधनादीनि

तीव्रसंवेगेन कृतानीहैव जन्मनि जात्यायुर्भोगलक्षणं फलं प्रयच्छन्ति, यथा नन्दीश्वरस्य भगवन्महेश्वराराधनबलादिहैव जन्मनि जात्यादयो विशिष्टां प्रादुर्भूताः, एवमन्येषां विश्वामित्रादीनां तपःप्रभावाज्जात्यायुंषी, केषाञ्चिज्जातिरेव, यथा तीव्रसंवेगेन दुष्टकर्मकृतां नहुषादीनां जात्यन्तरादिपरिणामः उर्वश्याश्च कार्तिकेयवने लतारूपतया, एवं व्यस्तसमस्तरूपत्वेन यथायोगं योज्यम् ॥२-१२॥

ટીકાર્થ :

कर्माशयः ..... योज्यम् ॥ 'કર્માશય' એના દ્વારા તેનું સ્વરૂપ=કર્મનું સ્વરૂપ કહેવાયું. જે કારણથી વાસનારૂપ જ કર્મો છે.

'ક્લેશમૂળ' એના દ્વારા કારણ કહેવાયું અર્થાત્ કર્મોનું કારણ કહેવાયું. જે કારણથી શુભ-અશુભ કર્મોના ક્લેશો જ નિમિત્ત=કારણ, છે.

'દૃષ્ટ-અદૃષ્ટ જન્મવેદનીય' એના દ્વારા ફલ કહેવાયું અર્થાત્ કર્મોનું ફળ કહેવાયું.

આ જન્મમાં અનુભવ કરવા યોગ્ય કર્મ દૃષ્ટજન્મવેદનીય છે અને જન્માંતરમાં અનુભવ કરવા યોગ્ય કર્મ અદૃષ્ટજન્મવેદનીય છે. તે આ પ્રમાણે –

કોઈક દેવતા આરાધનાદિ પુણ્યકર્મો તીવ્રસંવેગથી કરાયેલા આ જ જન્મમાં જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ ફળને આપે છે. જે પ્રમાણે-નંદીશ્વર નામના પુરુષને ભગવાન મહેશ્વરની આરાધનાના બળથી આ જ જન્મમાં વિશિષ્ટ જાતિ વગેરે પ્રાદુર્ભાવ પામી. એ રીતે અન્ય એવા વિશ્વામિત્રાદિને તપના પ્રભાવથી જાતિ અને આયુષ્ય પ્રાપ્ત થયા. વળી કેટલાકને જાતિ જ પ્રાપ્ત થઈ. જે પ્રમાણે-તીવ્રસંવેગથી દૃષ્ટકર્મ કરનારા નહુષાદિને જાત્યંતરાદિ પરિણામો થયા. અને ઉર્વશીનું કાર્તિકેય વનમાં લતારૂપણાથી ફળ પ્રાપ્તિ થઈ. આ રીતે વ્યસ્તરૂપપણાથી કે સમસ્તરૂપપણાથી અર્થાત્ કોઈક ને કોઈક એકાદ ફળની પ્રાપ્તિ થવાથી કે કોઈકને સમસ્ત ફળની પ્રાપ્તિ થવાથી યથાયોગ યોજન કરવું. ॥૨-૧૨॥

ભાવાર્થ :

પાતંજલમતાનુસાર કર્માશયનું સ્વરૂપ :

ક્લેશમૂળવાળો દૃષ્ટ-અદૃષ્ટજન્મવેદનીય કર્માશય :

પાતંજલયોગસૂત્ર ૨-૧૨માં 'કર્માશય' શબ્દથી કર્મનું સ્વરૂપ કહેવાયું છે; કેમ કે પાતંજલમતાનુસાર કર્મો વાસનારૂપ જ છે, માટે કર્માશય એ કર્મનું સ્વરૂપ છે.

'ક્લેશમૂલ' એ વિશેષણ દ્વારા કર્મનું કારણ કહેવાયું છે; કેમ કે ક્લેશના નિમિત્તે જ શુભાશુભ કર્મોની પ્રાપ્તિ થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જીવમાં રાગાદિ ક્લેશો વર્તે છે, તેનાથી આત્મામાં વાસનારૂપ કર્મો નિષ્પન્ન થાય છે અને તે કર્મોના વિપાકથી ફળ પ્રાપ્ત થાય છે અને તે

ફળ બતાવવા માટે 'દૃષ્ટ-અદૃષ્ટજન્મવેદનીય' વિશેષણ આપેલ છે.

જે કર્મો કર્યા પછી આ જન્મમાં જ ફળનો અનુભવ થાય તે દૃષ્ટજન્મવેદનીય કહેવાય, અને જે કર્મો કર્યા પછી જન્માંતરમાં તેના ફળનો અનુભવ થાય તે અદૃષ્ટજન્મવેદનીય કહેવાય.

દૃષ્ટજન્મવેદનીય અને અદૃષ્ટજન્મવેદનીય કર્મના ફળને સ્પષ્ટ કરે છે –

કોઈ પુરુષ તીવ્રસંવેગથી દેવતા આરાધનાદિ કર્મો કરે તો તેનાથી પ્રાપ્ત થયેલા પુણ્યકર્મો આ જન્મમાં જ જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ફળ આપે છે. જેમ-નંદીશ્વર નામના કોઈક પુરુષે ભગવાન મહેશ્વરની આરાધના કરી તેના બળથી તે નંદીશ્વરને આ ભવમાં જ પૂર્વ કરતાં વિશિષ્ટ જાતિ, વિશિષ્ટ આયુષ્ય અને વિશિષ્ટ ભોગની પ્રાપ્તિ થઈ અર્થાત્ મનુષ્યપણાનો ત્યાગ કરીને દેવપણાની પ્રાપ્તિ કરવાથી જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ફળો વિશિષ્ટ પ્રાપ્ત થયા.

એ રીતે અન્ય એવા વિશ્વામિત્રને તપના પ્રભાવથી માત્ર જાતિ અને આયુષ્યરૂપે બે ફળોની પ્રાપ્તિ આ ભવમાં થઈ. વળી કેટલાક જીવો એવા પ્રકારનું પુણ્યકર્મ કરે તો માત્ર વિશિષ્ટ જાતિરૂપ ફળ મળે છે. આ પ્રમાણે પાતંજલમતાનુસાર કર્મના ફળની વ્યવસ્થા બતાવી.

વળી કોઈ તીવ્ર ક્લિષ્ટભાવથી દુષ્ટકર્મ કરે તો નહુષાદિની જેમ જાત્યંતરાદિ પરિણામ થાય અર્થાત્ નહુષ નામનો ઇન્દ્ર તીવ્ર પરિણામથી ક્લિષ્ટકર્મ કરીને પશુભાવને પામે છે, તો વળી ઉર્વશી કાર્તિકેયવનમાં દુષ્ટકર્મ કરવાના કારણે લત્તારૂપે બને છે.

આ રીતે પોતાના શુભ-અશુભ કૃત્ય અનુસાર કોઈને એક ફળ મળે છે તો કોઈને ત્રણે પણ ફળો મળે છે, એ પ્રકારે યથાયોગ યોજન કરવું. **॥૨-૧૨॥**

अवतरणिका :

इदानीं कर्माशयस्य स्वभेदभिन्नं फलमाह –

अवतरणिकार्थ :

હવે કર્માશયના સ્વભેદથી પ્રાપ્ત થયેલા એવા ભિન્ન ફળને બતાવે છે –

सूत्र :

सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥२-१३॥

सूत्रार्थ :

મૂળ હોતે છતે=કર્માશયનું મૂળ એવો ક્લેશ હોતે છતે, જાતિ, આયુષ્ય અને ભોગરૂપે તેનો વિપાક છે=કર્મનો વિપાક છે. ॥૨-૧૩॥

टीका :

'सतीति'-मूलमुक्तलक्षणाः क्लेशाः, तेष्वनभिभूतेषु सत्सु कर्मणां कुशलाकुशलरूपाणां

विपाकः=फलं जात्यायुर्भोगा भवन्ति, जातिर्मनुष्यत्वादिः आयुश्चिरकालमेकशरीरसम्बन्धः, भोगा विषया, इन्द्रियाणि, सुखसंविद् दुःखसंविच्च कर्मकरणभावसाधनव्युत्पत्त्या भोगशब्दस्य। इदमत्र तात्पर्यम्-चित्तभूमावनादिकालसञ्चिताः कर्मवासना यथा यथा पाकमुपयान्ति तथा तथा गुणप्रधानभावेन स्थिता जात्यायुर्भोगलक्षणं स्वकार्यमारभन्ते ॥२-१३॥

ટીકાર્થ :

मूलम् ..... भोगशब्दस्य। મૂલ કહેવાયેલા લક્ષણવાળા=પાતંજલયોગસૂત્ર ૨-૩થી ૨-૯ સુધીમાં કહેવાયલા સ્વરૂપવાળા, ક્લેશો છે અને તે ક્લેશો અનભિભૂત હોતે છતે કુશલ અને અકુશલરૂપ કર્મોનો વિપાક=ફળ, જાતિ, આયુષ્ય અને ભોગરૂપ થાય છે.

મનુષ્યત્વાદિ જાતિ છે, ચિરકાળ સુધી=લાંબાકાળ સુધી, એક શરીરનો સંબંધ આયુષ્ય છે, વિષયો, ઇન્દ્રિયો, સુખનું સંવેદન અને દુખનું સંવેદન ભોગો છે; કેમ કે ભોગ શબ્દની કર્મ, કરણ અને ભાવ સાધન અર્થમાં વ્યુત્પત્તિ છે અર્થાત્ ભોગ શબ્દની કર્મસાધન વ્યુત્પત્તિ ગ્રહણ કરીએ તો ભોગ શબ્દથી વિષયોની પ્રાપ્તિ થાય છે, જેમ 'भुज्यते यद् तद् भोगः' એ પ્રમાણે વ્યુત્પત્તિથી ભોગ શબ્દથી ભોગના વિષયની પ્રાપ્તિ છે. કરણસાધન વ્યુત્પત્તિ ગ્રહણ કરીએ તો ભોગ શબ્દથી ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે જેમ 'भुज्यते अनेन इति भोगाः' એ પ્રમાણે વ્યુત્પત્તિથી ભોગ શબ્દથી ભોગનું સાધન ઇન્દ્રિય પ્રાપ્ત થાય છે. અને ભાવસાધન વ્યુત્પત્તિ ગ્રહણ કરીએ તો ભોગ શબ્દથી સુખની સંવિત્ કે દુઃખની સંવિત પ્રાપ્ત થાય છે. જેમ 'भुज्यते इति भोगः' એ પ્રકારની વ્યુત્પત્તિથી ભોગ શબ્દથી સુખ-દુઃખરૂપ ભોગનું ગ્રહણ થાય છે.

इदमत्र तात्पर्यम् - અહીં આ તાત્પર્ય છે –

चित्तभूमौ ..... आरभन्ते ।। ચિત્તભૂમિમાં અનાદિકાળથી સંચિત કર્મવાસના જે જે પ્રકારે પાકને પામે છે, તે તે પ્રકારે ગૌણ-પ્રધાનભાવથી રહેલ કર્મવાસના જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ સ્વકાર્યનો આરંભ કરે છે. ॥૨-૧૩॥

ભાવાર્થ :

કર્માશયની સ્વભેદથી ભિન્નફળની પ્રાપ્તિ :

પાતંજલદર્શનાનુસાર ચિત્તમાં ક્લેશો અનભિભૂત હોય ત્યારે=અભિભૂત થયેલ ન હોય ત્યારે, કુશળ અને અકુશળ કર્મોની જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ફળપ્રાપ્તિ થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, જે જીવોએ ક્લેશોનો નાશ કર્યો છે તે જીવો વીતરાગ છે અને વીતરાગને નવા જન્મની પ્રાપ્તિ નથી તેથી જાતિ, આયુષ્ય અને ભોગસ્વરૂપ કુશળ અને અકુશળ કર્મોનું ફળ તેઓને થતું નથી. પરંતુ જેમનામાં ક્લેશો વિદ્યમાન છે તેઓ નવા જન્મને પ્રાપ્ત કરે

છે અને તે ભવમાં જાતિ, આયુષ્ય અને ભોગરૂપ કુશળ અને અકુશળ કર્મોના ફળને અનુભવે છે. કુશળ કર્મો હોય તો સુંદર જાતિ આદિની પ્રાપ્તિ થાય છે અને અકુશળ કર્મો હોય તો અસુંદર જાતિ આદિની પ્રાપ્ત થાય છે. **॥૨-૧૩॥**

પાતંજલયોગસૂત્ર ૨-૧૩ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-અત્રેદં મનાગ્ મીમાંસામહે-"जात्यायुर्भोगा विपाकः" इत्यवधारणमनुपपन्नं, गङ्गामरणमुद्दिश्य कृतेन त्रिसन्ध्यस्तवपाठादिना जनितमदृष्टं गङ्गामरणे विपच्यते इत्यस्यापि शास्त्रार्थत्वादायुष इव मरणस्यापि विपाककल्पातिरेकात् । किञ्च जन्म-आद्यक्षणसम्बन्ध-रूपमायुःप्रतिलम्भनद्वारा (य)दि पूर्वकर्मविपाकः स्यात् तदोत्तरोत्तरक्षणानामपि तथात्वापत्तिः, आयुषैव तदुपसङ्ग्रहे च जन्मनोऽपि तेनैवोपसङ्ग्रहो युक्तः, तस्माज्जन्मपदं गतिजात्यादिनामकर्मकृतजीवपर्यायोपलक्षणम्, गत्यादिभोगत्वावच्छिन्ने च गत्यादिनाम-कर्मप्रकृतीनां पृथक् पृथक्कारणत्वमवश्यमेष्टव्यम्, अन्यथा सङ्करापत्तेः, आयुरपि मनुष्याद्यायुर्भेदेन जीवनपर्यायलक्षणं चतुर्विधं फलभूतं, तज्जनकमायुष्कर्माऽपि च चतुर्विधमवश्यमभ्युपगमनीयम्, भोगपदेनावशेषकर्मषट्कफलमुपलक्षणीयम्, ज्ञाना-वरणादिफले ज्ञानावरणीयादीनां पृथक् पृथक्कारणत्वस्यान्वयव्यतिरेकसिद्धत्वात् ।

અર્થ :

अत्र ..... अतिरेकात्, અહીં=પાતંજલયોગસૂત્ર ૨-૧૩ના વિષયમાં, કાંઈક આ=આગળમાં કહેવાય છે એ, અમે મીમાંસા કરીએ છીએ=અમે વિચારણા કરીએ છીએ –

"જાતિ, આયુષ્ય અને ભોગો વિપાક છે" એ પ્રકારનું અવધારણ અનુપપન્ન છે=અસંગત છે; કેમ કે ગંગામરણને ઉદ્દેશીને કરાયેલા ત્રિસંધ્યસ્તવપાઠાદિ દ્વારા ઉત્પન્ન થયેલું અદૃષ્ટ ગંગામરણમાં વિપાકને પામે છે. એ પ્રકારે આનું પણ=ગંગામરણમાં વિપાકને પામે છે એ પ્રકારના કથનનું પણ, શાસ્ત્રાર્થપણું હોવાથી=સાંખ્યદર્શનને અભિમત શાસ્ત્રાર્થપણું હોવાથી, આયુષ્યની જેમ મરણનું પણ વિપાકકલ્પરૂપે અતિરેક છે=મરણનું પણ વિપાક તુલ્ય જાતિ-આયુષ્યથી ભિન્નપણું છે.

किञ्च ..... सङ्करापत्तेः, વળી આદ્યક્ષણસંબંધરૂપ જન્મ આયુષ્યના પ્રતિલંભ દ્વારા જો પૂર્વકર્મના વિપાકવાળું થાય તો તેના ઉત્તરક્ષણોની પણ=જન્મની બીજી, ત્રીજી આદિ ક્ષણોની પણ, તથાપણાની=આયુષ્યના પ્રતિલંભ દ્વારા પૂર્વકર્મના વિપાકરૂપ સ્વીકારવાની આપત્તિ છે. (તેથી જાતિથી જન્મની ક્ષણ સિવાય બીજી-ત્રીજી આદિ ક્ષણોનો સંગ્રહ નહિ થતો હોવાથી તે બીજી-ત્રીજી આદિ ક્ષણોને પણ જુદી કર્મના વિપાકરૂપે માનવી જોઈએ માટે અવધારણ સંગત થાય નહીં એમ સંબંધ છે.)

અને આયુષ્યથી તેનો ઉપસંગ્રહ કરાયે છતે=બીજી-ત્રીજી આદિ ક્ષણોનો ઉપસંગ્રહ કરાયે છતે, જન્મનો પણ તેના વડે જ=આયુષ્ય વડે જ, ઉપસંગ્રહયુક્ત છે. (માટે આયુષ્ય અને ભોગથી અતિરિક્ત

જન્મને સ્વીકારી શકાય નહીં) તે કારણથી=જન્મશબ્દથી પ્રથમ ક્ષણ સ્વીકારવામાં આવે તો પૂર્વમાં બતાવેલ દોષ આવે છે તે કારણથી, જન્મપદ ગતિ-જાત્યાદિનામકર્મકૃત જીવપર્યાયનું ઉપલક્ષણ છે અને ગત્યાદિભોગત્વાવચ્છિન્નમાં ગતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનું પૃથક્ પૃથક્ કારણપણું અવશ્ય સ્વીકારવું જોઈએ. અન્યથા=ગત્યાદિ નામકર્મને પૃથક્ કારણ ન સ્વીકારીએ તો, સંકરની આપત્તિ છે.

આયુરપિ... અભ્યુપગમનીયમ્, આયુષ્ય પણ મનુષ્યાદિ આયુષ્યના ભેદથી જીવનપર્યાયસ્વરૂપ ચાર પ્રકારનું ફળભૂત છે=આયુષ્યકર્મ કારણ છે અને જીવનપર્યાયરૂપ ચાર પ્રકારનું ફળ એ આયુષ્યકર્મનું ફળ છે અને તેનું જનક=ચાર પ્રકારના જીવન પર્યાયનું જનક, આયુષ્યકર્મ પણ ચાર પ્રકારનું અવશ્ય સ્વીકારવું જોઈએ.

ભોગપદેન ..... સિદ્ધત્વાત્ । ભોગપદથી અવશેષ=બાકીના, કર્મષટ્કનું ફળ ઉપલક્ષણીય છે; કેમ કે જ્ઞાનાવરણાદિ ફળમાં જ્ઞાનાવરણીયાદિનું પૃથક્ પૃથક્ કારણપણાનું અન્વય-વ્યતિરેકથી સિદ્ધપણું છે.

ભાવાર્થ :

પાતંજલદર્શનકારને જાતિ, આયુષ્ય અને ભોગથી અતિરિક્ત ગંગામરણને પણ કર્મના વિપાકરૂપે માનવાની આપત્તિ :

'સર્વ વાક્યો સાવધારણ હોય છે' એ નિયમ પ્રમાણે, "મૂળ હોતે છતે તેનો વિપાક જાતિ, આયુષ્ય અને ભોગો છે" એ કથનમાં પાતંજલામતાનુસાર અવધારણની પ્રાપ્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, કર્મનો વિપાક જાતિ, આયુષ્ય અને ભોગરૂપ જ છે, અન્ય નથી તે કથનમાં પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

જાતિ, આયુષ્ય અને ભોગો વિપાક છે એ પ્રકારે અવધારણ અનુપપન્ન=અસંગત, છે કેમ અવધારણ અનુપપન્ન છે ? તેમાં હેતું કહે છે –

પાતંજલમતાનુસાર કોઈ પુરુષ પોતાને ગંગામાં મરણની પ્રાપ્તિ થાય તે ઉદ્દેશથી ત્રણ સંધ્યામાં સ્તવપાઠ આદિ કરે, તેનાથી બંધાયેલું અદૃષ્ટ તે પુરુષને ગંગામાં મરણની પ્રાપ્તિ રૂપ ફળ આપે છે, એ પ્રકારે તેમના શાસ્ત્રનું વચન છે, તેથી આયુષ્યની જેમ મરણ પણ કર્મના વિપાકરૂપે પ્રાપ્ત થાય માટે જાતિ, આયુષ્ય, ભોગ અને ગંગામાં મરણ એમ ચાર કર્મના કાર્યો હોવાથી જાતિ, આયુષ્ય અને ભોગ એ ત્રણ જ કર્મના કાર્યો છે. એમ કહી શકાય નહીં.

આયુષ્યથી જન્મનો ઉપસંગ્રહ થતો હોવાથી આયુષ્યથી અતિરિક્ત જન્મરૂપ જાતિનો સ્વીકાર અનુચિત હોવાથી પાતંજલદર્શનકારને અભિમત જન્મઅર્થમાં જાતિવાચક પદ જૈનદર્શનકારને અભિમત ગતિ-જાતિ આદિ નામકર્મકૃત જીવના પર્યાયનું ઉપલક્ષણ :

વળી અન્ય દોષ આપતાં બતાવે છે –

જન્મ એ આદ્યક્ષણના સંબંધરૂપ છે=જીવ જે ભવમાં આવે છે તે ભવની પ્રથમ ક્ષણ સાથે તેનો સંબંધ થયો તે જન્મ છે, તે જન્મ તે ભવના આયુષ્યની પ્રાપ્તિ દ્વારા પૂર્વમાં કરાયેલો કર્મનો વિપાક

છે તેથી જન્મની બીજી, ત્રીજી આદિ ક્ષણોને પણ તે પ્રકારે સ્વીકારવાની આપત્તિ છે અર્થાત્ જન્મની પ્રથમ ક્ષણ આયુષ્યની પ્રાપ્તિ દ્વારા પૂર્વકર્મોનો વિપાક છે તેમ નવા જન્મની બીજી, ત્રીજી આદિ જેટલી ક્ષણો છે તે સર્વ પણ ક્ષણો આયુષ્યની પ્રાપ્તિ દ્વારા પૂર્વકર્મોનો વિપાક છે, તેથી આયુષ્યથી જ જન્મનો ઉપસંગ્રહ થાય છે માટે આયુષ્યથી અતિરિક્ત જન્મરૂપ જાતિને સ્વીકારવી ઉચિત નથી માટે પાતંજલદર્શનકારે જેને જાતિ કહેલ છે અર્થાત્ જન્મ અર્થમાં જે જાતિ કહેલ છે તે જૈનદર્શનકારને અભિમત ગતિ, જાતિ આદિ નામકર્મકૃત જીવના પર્યાયનું ઉપલક્ષણ છે=સંસારી જીવોને ગતિ, જાતિ આદિ નામકર્મકૃત જે જીવપર્યાયની પ્રાપ્તિ છે, તેને જણાવનાર જન્મપદ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જન્મપદથી ગતિ, જાતિ આદિ નામકર્મના પર્યાયનું ગ્રહણ છે અને આયુષ્યકર્મના બળથી જીવને નવા જન્મની પ્રાપ્તિ થાય છે, તેથી જે આયુષ્યકર્મ જીવે બાંધ્યું હોય તે પ્રમાણે તેને તે જન્મની પ્રાપ્તિ થાય છે માટે આયુષ્યથી અતિરિક્ત જન્મનું કારણ કોઈ કર્મ નથી, તેથી પાતંજલદર્શનકારે જાતિ પદથી ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનું ગ્રહણ કરવું જોઈએ.

ગતિ-જાતિ આદિ ભોગરૂપ કાર્ય પ્રત્યે નામકર્મની પ્રકૃતિઓનું પૃથક્ પૃથક્ કારણપણું ન સ્વીકારીએ અને એકકારણરૂપે સ્વીકારી તો પાતંજલદર્શનકારને સંકરદોષની પ્રાપ્તિ :

અહીં પ્રશ્ન થાય છે કે જન્મશબ્દથી ગતિ, જાતિ આદિ નામકર્મકૃત જીવના પર્યાયને ગ્રહણ કરીએ તોપણ તે ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનું પૃથક્ પૃથક્ કારણપણું ન સ્વીકારીએ પરંતુ ગતિ, જાતિ આદિના ભોગરૂપ કાર્ય પ્રત્યે તે સર્વને એકકારણરૂપે સ્વીકારીએ તો અનેક પ્રકૃતિ માનવાનો પ્રસંગ આવે નહિ તેથી કહે છે –

ગતિ-જાતિ આદિ ભોગત્વરૂપ કાર્ય પ્રત્યે ગતિ-જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનું પૃથક્ પૃથક્ કારણપણું અવશ્ય સ્વીકારવું જોઈએ અને તેવું ન સ્વીકારીએ તો સંકર દોષની આપત્તિ આવે અર્થાત્ એક કર્મથી પરસ્પર સંકીર્ણ અનેક કાર્યો થાય છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ જીવમાં જેટલા કાર્યો થાય છે તે સર્વ કાર્યો પ્રત્યે તે તે કાર્યને અનુકૂળ પૃથક્ પૃથક્ કર્મ સ્વીકારવું ઉચિત જણાય છે, તેથી ગતિના ભોગરૂપ કાર્ય પ્રત્યે ગતિનામકર્મ કારણ છે, જાતિના ભોગરૂપ કાર્ય પ્રત્યે જાતિનામકર્મ કારણ છે, શરીરના ભોગરૂપ પ્રત્યે શરીરનામકર્મ કારણ છે, તેમ સ્વીકારવું ઉચિત છે.

ચાર પ્રકારના જીવનપર્યાયનું કારણ આયુષ્યકર્મ પણ ચાર પ્રકારે પાતંજલદર્શનકારને સ્વીકારવું ઉચિત :

વળી આયુષ્ય પણ મનુષ્યાદિના ભેદથી=મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકના ભેદથી, જીવનપર્યાયરૂપ ચાર પ્રકારે અનુભવાય છે, તેથી તે ચાર પ્રકારના જીવનપર્યાયનું જનક=કારણ, આયુષ્યકર્મ પણ ચાર પ્રકારનું અવશ્ય સ્વીકારવું જોઈએ.

પાતંજલદર્શનકારને માન્ય ભોગશબ્દથી નામકર્મ અને આયુષ્યકર્મથી અવશેષ છ કર્મોનું ફળ ઉપલક્ષણીય :

વળી પાતંજલદર્શનકાર કર્મના ફળરૂપ ભોગ સ્વીકારે છે તે ભોગ શબ્દથી નામકર્મ અને આયુષ્યકર્મથી અવશેષ છ કર્મોનું ફળ ઉપલક્ષણીય છે=ઉપલક્ષણ કરવા યોગ્ય છે; કેમ કે સંસારી જીવોને જ્ઞાનાવરણાદિ કર્મોના ઉદયનું ફળ જે અજ્ઞાનાદિ ભાવો વર્તે છે, તેના પ્રત્યે જ્ઞાનાવરણીયાદિ પૃથક્ પૃથક્ કારણત્વનો અન્વય-વ્યતિરેક સિદ્ધ છે, તેથી જ્ઞાનાવરણીયના ઉદયને કારણે જીવમાં અજ્ઞાનરૂપ ફળ મળે છે, દર્શનાવરણીના ઉદયને કારણે જીવમાં દર્શનના અભાવરૂપ ફળ મળે છે, મોહનીયના ઉદયથી જીવમાં તે તે પ્રકારના મોહના ભાવો થાય છે, વેદનીય કર્મના ઉદયથી સંસારી જીવોને શાતા અને અશાતાનું વેદન થાય છે, ગોત્રકર્મના ઉદયથી જીવને ઊંચા-નીચાકુળની પ્રાપ્તિ થાય છે અને અંતરાયકર્મના ફળરૂપે તે તે પ્રકારના અંતરાયોની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, પાતંજલદર્શનકારે જાતિ સ્વીકારી તેના દ્વારા નામકર્મની સર્વપ્રકૃતિઓનો સંગ્રહ થાય છે, આયુષ્ય સ્વીકાર્યું તેના દ્વારા ચાર ભવના આયુષ્યના ભેદોનો સ્વીકાર થાય છે અને ભોગો સ્વીકાર્યા તેના દ્વારા આયુષ્યથી અને નામકર્મથી અતિરિક્ત અવશેષ છ કર્મોના ફળનો સ્વીકાર થાય છે.

વળી પાતંજલદર્શનકાર ગંગામરણને ઉદ્દેશીને ત્રણ સંધ્યાએ સ્તવન પાઠ કરનારને ગંગામરણની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે, તેથી તેમના મતાનુસાર ગંગામરણ પણ અદૃષ્ટનું=કર્મનું, કાર્ય છે. માટે પાતંજલદર્શનકારને પોતાના મતને અભિમત સર્વકાર્યોનો સંગ્રહ કરવા માટે જાતિ, આયુષ્ય ભોગ અને ગંગામરણ એ કર્મનો વિપાક છે એ પ્રમાણે સ્વીકારવું જોઈએ, પરંતુ પાતંજલદર્શનકારે ગંગામરણનો સંગ્રહ કર્યો નથી તેથી સૂત્રરચનામાં તેમને ન્યૂનત્વદોષની પ્રાપ્તિ છે.

[ય.] व्याख्या-पूर्वापरभावव्यवस्थितजन्मान्तरीयकर्मप्रचयस्य तादृशोत्तरजन्मफलभोगे हेतुत्वं तु दुर्वचम्, क्वचित् फलक्रमवैपरीत्यस्यापि दर्शनाद्, बुद्धिविशेषविषयत्वादीनां कर्मप्रचयफलप्रचयावनुगमय्य हेतुहेतुमद्भावाभ्युपगमे तु घटपटादिकार्यप्रचयेऽपि दण्डवेमादीनां तथा (हेतु-)हेतुमद्भावापत्तिः, अनन्यगतिकत्वात्कर्मफलभोगस्थल एवेत्थं कल्प्यते नान्यत्रेति चेत्, न, अवगतभगवत्प्रवचनरहस्यस्यानन्यगतिकत्वासिद्धेः । तथाहि-प्राग्जन्मबद्धमेकमेवायुष्कर्म प्रायणलब्धविपाकमेव जन्म निर्वर्तयति, कर्मान्तराणि च कानिचित्तज्जन्मनियतविपाकानि, कानिचिन्नानाजन्मनियतविपाकानि, कानिचिदनियत-विपाकानि वा, तत्राद्यैर्नामगोत्रवेदनीयैः संवलितमायुर्भवोपग्राहिताव्यपदेशमश्नुते, यत्रान्ये प्रारब्धसञ्ज्ञां निवेशयन्ति, एकस्मिन्भवे आयुर्द्वयस्य बन्ध उदयश्च प्रतिषिद्ध एवेति न जन्मान्तरसङ्करादिप्रसङ्गः, नन्दीश्वरनहुषादीनामप्यायुःसङ्कराभ्युपगमे जन्मसङ्करो दुर्निवारः, प्रायणं विना हि नायुष्कर्मान्तरोद्बोधः, शरीरान्तरपरिणामे प्रायणाभ्युपगमे च वक्तव्यं

जन्मान्तरमिति, तस्माद्वैक्रियशरीरलाभसदृशोऽयं नैकस्मिन् जन्मन्यायुर्द्वयमाक्षिपतीत्यलं मिथ्यादृष्टिसङ्कट्टेन ।

अर्थ :

पूर्वापरभाव ..... दर्शनात्, पूर्व-अपरभाव व्यवस्थित એવા જન્માંતરીય પ્રચયનું તેવા પ્રકારના ઉત્તરજન્મના ફળના ભોગમાં હેતુપણું પાતંજલસૂત્ર ૨-૧૩ ઉપર ભાષ્યના રચિત વ્યાસમુનિ સ્વીકારે છે તે દુર્વચ છે; કેમ કે કોઈક વખત ફળક્રમના વિપરીતપણાનું પણ દર્શન છે.

પાતંજલદર્શનકાર તે તે ફળ પ્રત્યે તે તે કર્મને કારણરૂપે સ્વીકારતા નથી, પરંતુ જે ભવમાં જન્મથી માંડીને અંત સુધી ફળ પ્રાપ્ત થાય છે તેના પ્રત્યે કર્મપ્રચયને કારણ માને છે તેથી તેઓ કહે છે કે બુદ્ધિવિશેષ વિષયત્વાદિથી પૂર્વમાં બંધાયેલ કર્મપ્રચય ઉત્તરના ભવમાં પ્રાપ્ત થતાં ફળ પ્રત્યે કારણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

बुद्धिविशेष ..... आपत्तिः, બુદ્ધિવિશેષવિષયત્વાદિના કર્મપ્રચયનો અને ફળપ્રચયનો અનુગમ કરીને હેતુ-હેતુમદ્ભાવ સ્વીકાર કરાયે છતે=કાર્ય-કારણભાવ સ્વીકાર કરાયે છતે, ઘટ-પટાદિ કાર્યના પ્રચયમાં પણ દંડ-વેમાદિની તે પ્રકારે હેતુ-હેતુમદ્ભાવની=કાર્ય-કારણભાવની, આપત્તિ છે.

અહીં પાતંજલદર્શનકાર કહે કે, ઘટ-પટાદિ કાર્યસ્થળમાં તે પ્રકારે હેતુ-હેતુમદ્ભાવ નથી, પરંતુ કર્મભોગસ્થળમાં અન્ય કોઈ ગતિ નહિ હોવાથી કર્મપ્રચય અને ફળપ્રચય પ્રત્યે કાર્ય-કારણભાવ છે તેમ સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

अनन्यगति... असिद्धेः, અનન્યગતિકપણાને કારણે કર્મફળના ભોગસ્થળમાં આ રીતે કલ્પના કરાય છે. અન્યત્ર નહિ=ઘટપટાદિ કાર્યસ્થળમાં ઘટ-પટાદિ પ્રચય પ્રત્યે દંડ-વેમાદિનો પ્રચય હેતુરૂપે સ્વીકારાતો નથી, એ પ્રમાણે જો પાતંજલદર્શનકાર કહે તો તે બરાબર નથી; કેમ કે અવગત=જાણ્યું છે ભગવાનના પ્રવચનનું રહસ્ય જેણે એવા પુરુષને અનન્યગતિપણાની અસિદ્ધિ છે=તે તે કાર્ય પ્રત્યે તે તે કર્મોને સ્વીકારવામાં જિનવચનની પ્રક્રિયા પ્રમાણે અવિરોધ હોવાથી ફળપ્રચય પ્રત્યે કર્મપ્રચય કારણ છે તેમાં અનન્યગતિપણું કારણ છે તેમ સ્વીકારવાની જરૂર નથી.

तथाहि ..... मिथ्यादृष्टिसङ्कट्टेन । તે આ પ્રમાણે-પૂર્વભવમાં બંધાયેલું એક જ આયુષ્યકર્મ પ્રાયણલબ્ધવિપાકવાળા જ=આ ભવના દેહના ત્યાગરૂપ પ્રાયણથી પ્રાપ્ત થયેલા વિપાકવાળા જ, જન્મનું નિવર્તન કરે છે. અને કર્માન્તરો=આયુષ્યકર્મથી અન્ય કર્મો, કેટલાક તત્જન્મ નિયતવિપાકવાળા છે=વર્તમાન જન્મના ઉત્તરમાં પ્રાપ્ત થતા જન્મમાં નિયત વિપાકવાળા છે, કેટલાક કર્મો જુદા જુદા જન્મમાં નિયતવિપાકવાળા છે અને કેટલાક કર્મો અનિયતવિપાકવાળા છે.

ત્યાં=આ ત્રણ પ્રકારના કર્મોમાં, આદ્ય એવા તત્જન્મનિયતવિપાકવાળા કર્મો=નામ, ગોત્ર અને વેદનીયકર્મોથી સંવલિત આયુષ્યરૂપ કર્મો, ભવોપ્રગ્રાહીપણાના વ્યપદેશને પામે છે. જેમાં અન્યદર્શનકારો પ્રારબ્ધસંજ્ઞા નિવેશ કરે છે અને એક ભવમાં આયુદ્વયનો=બે આયુષ્યનો બંધ અને ઉદય પ્રતિષિદ્ધ જ

છે, તેથી જન્માંતરરૂપ સંકરાદિનો પ્રસંગ નથી. નંદીશ્વર, નહુષાદિને પણ આયુષ્યનો સંકર સ્વીકાર કરાયે છતે જન્મસંકર દુર્નિવાર છે.

પાતંજલમતાનુસાર નંદીશ્વર, નહુષાદિને ઈશ્વરની ઉપાસનાદિથી એક ભવમાં વિશિષ્ટ જાતિ-આદિનો લાભ સ્વીકારે છે તે રૂપ આયુષ્યનો સંકર ઈષ્ટ નથી. તે બતાવવા અર્થે કહે છે –

પ્રાયણ વગર=આ ભવના દેહના ત્યાગ વગર, આયુષ્યકર્માંતરનો ઉદ્‌બોધ નથી=વર્તમાનભવના આયુષ્યકર્મથી અન્ય આયુષ્યકર્મનો ઉદ્‌બોધ નથી, અને જો નંદીશ્વરાદિને શરીરાંતરના પરિણામમાં પ્રાયણનો અભ્યુપગમ કરાયે છતે=પાતંજલદર્શનકાર વડે સ્વીકાર કરાયે છતે જન્માંતર વક્તવ્ય છે= નંદીશ્વરાદિને જન્માંતરની પ્રાપ્તિ સ્વીકારવી જોઈએ.

ઇતિ શબ્દ ભાષ્યના વક્તવ્યમાં આવતા દોષોની સમાલોચનાના વક્તવ્યની સમાપ્તિસૂચક છે.

વ્યાસરચિત ભાષ્યના કથનની સમાલોચનાનું નિગમન પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કરે છે –

તે કારણથી=ભાષ્યના રચયિતા વ્યાસમુનિનું વચન અસંબદ્ધ છે એમ પૂર્વમાં બતાવ્યું તે કારણથી, વૈક્રિયશરીરના લાભસદૃશ આ=નંદીશ્વરાદિના વિશિષ્ટ આયુષ્યનો લાભ, એક જન્મમાં બે આયુષ્યનો આક્ષેપ કરતો નથી, એથી મિથ્યાદૃષ્ટિના સંઘટ્ટ વડે સર્યું=મિથ્યાદૃષ્ટિ એવા વ્યાસમુનિના પદાર્થના યોજન વડે સર્યું.

ભાવાર્થ :

પૂર્વાપરભાવ વ્યવસ્થિત જન્માંતરીય પ્રચયનું કોઈક વખત ફળક્રમના વિપરીતપણાનું દર્શન હોવાથી તેવા પ્રકારનાં ઉત્તર જન્મના ફળના ભોગમાં હેતુપણું દુર્વચ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૩ ઉપર વ્યાસમુનિના ભાષ્યમાં કહેલ છે કે, દરેક જીવો પૂર્વના ભવમાં આ ભવ યોગ્ય કર્મ બાંધે છે અને પૂર્વભવમાં તે કર્મો તે રૂપે જ બાંધે છે કે પ્રથમ આ કર્મ ઉદયમાં આવે પછી અન્યકર્મ ઉદયમાં આવે તેથી પૂર્વ-અપરભાવરૂપે વ્યવસ્થિત એવું જન્માંતરમાં વિપાક આપે તેવું કર્મપ્રચય દરેક જીવો દરેક ભવમાં બાંધે છે અને તે કર્મપ્રચય પ્રમાણે તેવા પ્રકારનો ઉત્તર જન્મમાં ફળભોગ થાય છે, તેથી ઉત્તર જન્મના ફળભોગ પ્રત્યે પૂર્વભવમાં તે પ્રકારે બંધાયેલા કર્મનો પ્રચય કારણ છે એ વચન દુર્વચ છે; કેમ કે કોઈક વખત ફળક્રમનું વિપરીતપણું પણ દેખાય છે.

આશય એ છે કે, પાતંજલયોગસૂત્ર ઉપર ભાષ્યના રચયિતા વ્યાસઋષિના વચનાનુસાર તે તે ફળ પ્રત્યે તે તે કર્મ કારણ નથી પરંતુ જીવ દરેક ભવમાં ઉત્તર જન્મને અનુકૂળ જન્મથી માંડીને મૃત્યુ સુધી વિપાક આપે તેવા કર્મપ્રચય બાંધે છે અને તે આખો કર્મપ્રચય ઉત્તરના જન્મના ફળ પ્રચય પ્રત્યે કારણ છે અને તેને સ્થાપન કરવા માટે વ્યાસઋષિ કહે છે કે, પૂર્વભવમાં જે કર્મપ્રચય બંધાયેલો તે ઉત્તરભવમાં "પ્રથમ આ પ્રકારે ઉદયમાં આવશે, પછી આ પ્રકારે ઉદયમાં આવશે" તે ક્રમથી જ ઉત્તરના ભવની પ્રાપ્તિ થાય છે, માટે તે તે કાર્ય પ્રત્યે તે તે કર્મ કારણ નથી, પરંતુ આખો કર્મનો પ્રચય ઉત્તરભવના ફળપ્રચય પ્રત્યે સામાન્યથી કારણ છે.

વ્યાસઋષિનું ઉપરોક્ત કથનયુક્ત નથી તે બતાવવા માટે પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કહે છે –

કેટલાક જીવોને અતિ નાની ઉંમરમાં બાલ્યભાવને બદલે બુદ્ધિમાન પુરુષ જેવું ફળ દેખાય છે. વળી તે જ જીવને પાછલી ઉંમરમાં કોઈક કર્મની અસરથી મૂર્ખ જેવો ભાવ પણ પ્રાપ્ત થાય છે, તેથી બાલ્યઅવસ્થામાં આવું ફળ મળે, યુવાવસ્થામાં આવું ફળ મળે અને વૃદ્ધાવસ્થામાં આવું ફળ મળે તેવા ફળ પ્રત્યે પૂર્વભવમાં બંધાયેલું કર્મપ્રચય કારણ કહીએ તો દરેક જીવોને બાલ્યઅવસ્થામાં સમાનરૂપે ફળ પ્રાપ્ત થવું જોઈએ, પરંતુ કોઈક જીવોને બાલ્યઅવસ્થામાં જ ઘણી બુદ્ધિ મળે છે અને પાછળથી મૂર્ખ પણ બને છે, તેથી ફળક્રમના વિપરીતપણાના દર્શનથી સ્વીકારવું જોઈએ કે, જે જે પ્રકારનું કાર્ય થાય છે તેને અનુરૂપ જુદા જુદા કર્મો છે અને તેને કારણે જે જીવને જ્યારે જે કર્મનો વિપાક પ્રાપ્ત થાય ત્યારે તે કર્મને અનુરૂપ ફળ પ્રાપ્ત થાય છે, પરંતુ પૂર્વભવમાં બંધાયેલું કર્મ પ્રચય ઉત્તરભવના ફળપ્રચય પ્રત્યે સામાન્યથી કારણ છે એવો નિયમ સ્વીકારવો ઉચિત નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે, બુદ્ધિવિશેષવિષયપણાથી કર્મપ્રચય અને ફળપ્રચયનો અનુગમ કરીને અમે કાર્ય-કારણભાવ સ્વીકારશું, તેથી ફળપ્રચય પ્રત્યે કર્મપ્રચયને કારણ સ્વીકારવામાં કોઈ દોષની પ્રાપ્તિ થશે નહીં.

આશય એ છે કે, જે ભવમાં જીવને જે પ્રકારના ફળોની પ્રાપ્તિ છે, તે પ્રકારે જ પૂર્વભવમાં તે જીવે કર્મ બાંધેલું અને તે કર્મનો પ્રચય તે પ્રકારે પૂર્વ-અપરભાવરૂપે વ્યવસ્થિત છે એ પ્રકારે બુદ્ધિવિશેષના વિષયપણાથી કર્મપ્રચયને અને ફળપ્રચયને પરસ્પર કાર્ય-કારણભાવરૂપે સ્વીકારશું, તેથી કોઈક ઠેકાણે ફળક્રમનું વિપરીતપણું દેખાય છે તે દોષરૂપ થશે નહીં; કેમ કે તે જીવે તે પ્રકારે જ તે કર્મપ્રચય પૂર્વભવમાં કર્યો છે અર્થાત્ બાલ્ય અવસ્થામાં બુદ્ધિમાન થાય અને વૃદ્ધાવસ્થામાં મૂર્ખ થાય તે પ્રકારે જ તે કર્મપ્રચય તે જીવે પૂર્વભવે કરેલ તેથી તે પ્રમાણે ફળ પ્રાપ્ત થયું.

પૂર્વાપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

બુદ્ધિવિશેષવિષયત્વાદિ દ્વારા કર્મપ્રચય અને ફળપ્રચયનો અનુગમ કરીને કાર્યકારણભાવ સ્વીકાર કરાયે છતે ઘટપટાદિકાર્યના પ્રચયમાં પણ દંડ-વેમાદિની તે પ્રકારે કાર્યકારણભાવની વ્યાસમુનિને આવતી આપત્તિ :

બુદ્ધિવિશેષના વિષયપણાથી કર્મપ્રચયને હેતુરૂપે સ્વીકારવામાં આવે અને જે પ્રકારે ઉત્તરભવમાં ફળ પ્રાપ્ત થાય છે તે પ્રકારે ફળપ્રચયને કાર્યરૂપે સ્વીકારવામાં આવે તો અર્થાત્ ઉત્તરના ભવમાં જે પ્રકારે કાર્ય થતું દેખાય છે તે કાર્યને બુદ્ધિવિશેષનો વિષય કરીને તે કાર્યના કારણરૂપે કર્મપ્રચયને હેતુ સ્વીકારવામાં આવે તો ઘટ-પટાદિ કાર્યપ્રચયમાં પણ દંડ-વેમાદિકારણપ્રચયનો કાર્ય-કારણભાવરૂપે સ્વીકાર કરી શકાય એ પ્રકારની આપત્તિ પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઘટ-પટાદિ અનેક પ્રકારના કાર્યનો પ્રચય વિદ્યમાન હોય તે સર્વ કાર્યપ્રચય પ્રત્યે દંડ-વેમાદિ કારણનો સમૂહ સામાન્યથી કારણ છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ ઘટ પ્રત્યે દંડ કારણ છે અને પટ પ્રત્યે વેમા કારણ છે, તેથી તે તે કાર્ય પ્રત્યે તે તે વસ્તુ કારણ છે તેમ સ્વીકારવું જોઈએ. તે રીતે ઉત્તરભવમાં જે જે પ્રકારના કાર્યો થાય છે, તે તે કાર્યો પ્રત્યે તે તે કર્મો કારણ છે તેમ સ્વીકારવું જોઈએ, પરંતુ વ્યાસઋષિ કહે છે તેમ પૂર્વભવમાં સંચિત કરાયેલો કર્મપ્રચય સામાન્યથી ઉત્તરભવના ફળ પ્રત્યય પ્રત્યે કારણ છે તે પ્રકારે સામાન્ય કાર્ય-કારણભાવ માનવો ઉચિત નથી.

ઉપરોક્ત કથનમાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્થાપન કર્યું કે, પૂર્વભવમાં બંધાયેલું કર્મપ્રચય ઉત્તરભવના ફળ પ્રત્યે કારણ છે, તેવો કાર્ય-કારણભાવ સ્વીકારવામાં આવે તો ઘટ-પટાદિ કાર્યના સમૂહ પ્રત્યે દંડ-વેમાદિ કારણોનો સમૂહ કારણ છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે ત્યાં પૂર્વપક્ષી એવા વ્યાસઋષિ કહે છે –

અનન્યગતિપણું હોવાથી કર્મફળના ભોગસ્થળમાં કર્મપ્રચય અને ફળપ્રચય પ્રત્યે કાર્યકારણભાવનો સ્વીકાર થાય છે પરંતુ ઘટ-પટાદિ કાર્યસ્થળમાં ઘટ-પટાદિ કાર્યપ્રચય પ્રત્યે દંડ-વેમાદિ કારણપ્રચયને હેતુરૂપે સ્વીકારતો નથી એ પ્રમાણે વ્યાસમુનિ કહે છે :

કર્મના ભોગસ્થળમાં બીજી કોઈ ગતિ નથી, માટે તે સ્થળમાં જ આ રીતે કલ્પના કરાય છે, પરંતુ અન્યત્ર ઘટ-પટાદિ કાર્ય પ્રચય સ્થળમાં સર્વકાર્યના કારણપ્રચયને હેતુ તરીકે સ્વીકારતો નથી.

વ્યાસઋષિનો આશય એ છે કે, મનુષ્યભવમાં દરેક જીવોને દેવભવ જેવા કે નરકભવ જેવા કર્મો વિપાકમાં આવતા નથી, પરંતુ મનુષ્યભવને અનુરૂપ સંભવિત સારા કે ખરાબ ફળો પ્રાપ્ત થાય છે, તેથી નક્કી થાય છે કે, મનુષ્યભવને પામનારા જીવે પૂર્વભવમાં તે પ્રકારનો જ કર્મપ્રચય બાંધેલ, જેથી ઉત્તરના ભવમાં તે પ્રકારનો ફળપ્રચય પ્રાપ્ત થાય છે અને જો તેમ સ્વીકારવામાં આવે કે, તે કાર્ય પ્રત્યે તે કર્મ કારણ છે અને તે રીતે ભવ દરમ્યાન પ્રાપ્ત થતા તે તે ફળો પ્રત્યે તે તે કર્મો કારણ છે તે પ્રકારનો દરેક ફળ અને દરેક કર્મ વચ્ચે જુદો જુદો કાર્યકારણભાવ સ્વીકારવામા આવે તો કોઈક જીવને મનુષ્યભવમાં પણ દેવભવ જેવા ભોગો અને દેવભવ જેવું દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થવું જોઈએ; કેમ કે બધા જીવો તે પ્રકારના પુણ્યને ન બાંધી શકે તોપણ કોઈક જીવ મનુષ્યજન્મનું કર્મ બાંધે ત્યારે પણ દેવભવ જેવું દીર્ઘ આયુષ્ય કે દેવભવ જેવા દીર્ઘ ભોગો મળે તેવા પ્રકારના કર્મને બાંધી શકે, પરંતુ તેવું જગતમાં દેખાતું નથી તેથી નક્કી થાય છે કે, પૂર્વભવમાં જન્મથી માંડીને મૃત્યુ દરમ્યાન જે કર્મપ્રચય જીવ બાંધે છે તે કર્મપ્રચયને અનુરૂપ ઉત્તરમાં ફળપ્રચય પ્રાપ્ત થાય છે અને તેમ સ્વીકારવાથી કોઈને દેવભવ જેવું ફળ મનુષ્યભવમાં પ્રાપ્ત થતું નથી તે સંગત થાય છે, માટે અન્ય કોઈ ગતિ નહીં હોવાથી કર્મ અને કર્મના ફળના સ્થળમાં આ પ્રકારે કર્મપ્રચય અને ફળપ્રચય પ્રત્યે સામાન્યથી કાર્યકારણભાવની કલ્પના કરાય છે અને અન્યત્ર એવા ઘટ-પટાદિ કાર્ય સ્થળમાં કાર્યપ્રચય પ્રત્યે કારણપ્રચયને કારણરૂપ સ્વીકારાતું નથી પરંતુ ઘટ કાર્ય પ્રત્યે દંડ કારણ છે, પટ કાર્ય પ્રત્યે વેમા કારણ છે તેમ વિશેષથી કાર્ય-કારણભાવ સ્વીકારાય છે.

ઉપરોક્ત વ્યાસઋષિના કથનનો ઉત્તર આપતાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

જેમણે ભગવાનના પ્રવચનના રહસ્યને જાણ્યું છે તેમને તે તે કાર્ય પ્રત્યે તે તે કર્મને કારણ સ્વીકારવામાં બાધ દેખાતો નથી અને ફળપ્રચય પ્રત્યે કર્મપ્રચય કારણ છે તેમ સ્વીકારવામાં અનન્યગતિપણું દેખાતું નથી. કઈ રીતે ભગવાનના વચનાનુસાર બોધવાળાને કર્મપ્રચય અને ફળપ્રચય પ્રત્યે કાર્ય-કારણભાવ માનવામાં અનન્યગતિપણું દેખાતું નથી તે તથાહિથી સ્પષ્ટ કરે છે.

પૂર્વજન્મમાં બંધાયેલા એક જ આયુષ્યકર્મ દ્વારા પ્રાયણથી લબ્ધવિપાકવાળા જન્મની નિષ્પત્તિ :

પૂર્વના ભવમાં બંધાયેલું એક જ આયુષ્યકર્મ પ્રાયણથી લબ્ધવિપાકવાળા જન્મને નિષ્પન્ન કરે છે.

આશય એ છે કે, ભગવાનના વચનાનુસાર જીવો આયુષ્યકર્મ, જીવનમાં એક જ વખત બાંધે છે અને તે આયુષ્યકર્મ પૂર્વજન્મમાં જીવે બાંધેલું છે અને પૂર્વભવમાં બંધાયેલું આયુષ્ય કર્મ આ ભવના પ્રાયણથી લબ્ધ એવા=વર્તમાનભવના દેહના ત્યાગથી પ્રાપ્ત થયેલા એવા, વિપાકવાળા જન્મને નિષ્પન્ન કરે છે.

આનાથી એ ફલિત થાય છે કે, પૂર્વભવમાં જે જીવે જે પ્રકારનું આયુષ્યકર્મ બાંધ્યું તે પ્રકારના આયુષ્યકર્મને કારણે મૃત્યુ પછી તે પ્રકારનો જન્મ તેમને પ્રાપ્ત થાય છે અને તે જન્મ જ તે ભવની મર્યાદામાં ફળ આપે તેવા સર્વકર્મોનો નિયંતા છે, આથી જ ભગવાનના પ્રવચનમાં કહેલ છે કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને કર્મના ક્ષય, ક્ષયોપશમ, ઉદય આદિ થાય છે, તેથી જે જીવોએ જે ભવનું આયુષ્ય બાંધ્યું હોય તે ભવનું આયુષ્ય તેમને પ્રાપ્ત થાય છે, અને તે આયુષ્ય અનુસાર અન્ય કર્મો વિપાકમાં આવે છે, તેથી મનુષ્યજન્મમાં કોઈને દેવભવ જેવું દીર્ઘ આયુષ્ય કે દેવભવ જેવા ભોગો પ્રાપ્ત થતાં નથી તેનું નિયંત્રણ મનુષ્ય આયુષ્ય કરે છે, છતાં મનુષ્યભવમાં જે જે પ્રકારના કાર્યો થાય છે તે સર્વ કાર્યોમાંથી તે તે કાર્ય પ્રત્યે તે તે પ્રકારનું કર્મ કારણ છે, પરંતુ પૂર્વભવમાં બંધાયેલું કર્મપ્રચય ઉત્તરના ફળપ્રચય પ્રત્યે કારણ છે, તેમ સ્વીકારવાની આવશ્યક્તા નથી.

આયુષ્ય સિવાયના કેટલાક તે જન્મમાં નિયતવિપાકવાળા, કેટલાક જુદા જુદા જન્મમાં નિયત વિપાકવાળા તો કેટલાક અનિયતવિપાકવાળા અન્ય કર્મોનું સ્વરૂપ :

(૧) તે જન્મમાં નિયતવિપાકવાળા અન્ય કર્મોનું સ્વરૂપ :

ઉપરમાં જણાવ્યું એ રીતે પૂર્વભવમાં બંધાયેલું આયુષ્યકર્મ વિપાકમાં આવે છે ત્યારે અન્ય કર્મોમાંથી કેટલાક કર્મો તે જન્મમાં નિયતવિપાકવાળા હોય છે તેથી જે આયુષ્કયકર્મ બંધાયું હોય તે આયુષ્યકર્મને અનુરૂપ નિયતવિપાકવાળા હોય છે, તેથી કોઈએ મનુષ્ય આયુષ્ય બાંધેલું હોય તો તે જીવને મનુષ્યભવમાં સંભવી શકે તેવો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે, પરંતુ દેવભવમાં સંભવી શકે તેવો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થતો નથી. વળી મનુષ્યભવમાં સંભવી શકે તેવો લાભાંતરાય આદિ કર્મનો ક્ષયોપશમ હોય છે, તેથી મનુષ્યભવની મર્યાદા પ્રમાણે ભોગાદિની પ્રાપ્તિ થાય છે, પરંતુ દેવભવ જેવી ભોગાદિની સામગ્રી પ્રાપ્ત થતી નથી.

(૨) જુદા જુદા જન્મમાં નિયતવિપાકવાળા અન્ય કર્મોનું સ્વરૂપ :

આયુષ્ય સિવાયના અન્ય કર્મોમાંથી કેટલાક કર્મો જુદા જુદા જન્મમાં નિયતવિપાકવાળા હોય છે, તેથી તે કર્મો જેમ મનુષ્યભવમાં વિપાકમાં આવે છે તેમ દેવાદિભવમાં પણ વિપાકમાં આવે છે, આથી જ મનુષ્યભવમાં જેમ જ્ઞાનાવરણીયાદિનો ઉદય છે તેમ દેવભવમાં પણ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ઉદય છે. વળી મનુષ્યભવમાં જેમ દેહાદિકૃત શાતા-અશાતારૂપ કર્મનો વિપાક છે તેમ દેવભવમાં પણ દેહાદિકૃત શાતા-અશાતારૂપ કર્મનો વિપાક છે.

(૩) અનિયતવિપાકવાળા અન્યકર્મોનું સ્વરૂપ :

આયુષ્ય સિવાયના અન્ય કર્મોમાંથી કેટલાક કર્મો અનિયતવિપાકવાળા હોય છે અર્થાત્ કોઈ પણ ભવમાં ક્યારેક તે કર્મો ઉદયમાં આવે અને ક્યારેક ઉદયમાં ન પણ આવે. જેમ મનુષ્યભવમાં કોઈક રોગ આપાદક કર્મ ક્યારેક હોય તો ક્યારેક ન પણ હોય.

તે જન્મમાં નિયતવિપાકવાળા નામ, ગોત્ર અને વેદનીયકર્મોથી સંવલિત આયુષ્યકર્મને 'ભવોપગ્રાહી' સંજ્ઞાનો વ્યપદેશ :

આ ત્રણ પ્રકારના અન્ય કર્મોના વિપાકમાંથી નામ, ગોત્ર અને વેદનીયરૂપ તજ્જન્મનિયત વિપાકવાળા એવા કર્મોથી સંવલિત આયુષ્યકર્મ ભવોપગ્રાહિતાના વ્યપદેશને પામે છે. જેના વિષયમાં અન્યદર્શનકારો પ્રારબ્ધસંજ્ઞાનો નિવેશ કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે ભવનું આયુષ્ય બંધાયુ હોય તે ભવને અનુરૂપ નામ, ગોત્ર અને વેદનીયકર્મ તે જન્મમાં નિયત વિપાક આપનારું બને છે, તેથી કોઈક જીવે મનુષ્યભવનું આયુષ્ય બાંધેલું હોય તે આયુષ્યને અનુરૂપ નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીયકર્મ તે જીવને વિપાકમાં આવે છે, પરંતુ દેવ અને નારક જેવું નામ, ગોત્ર અને વેદનીયકર્મ વિપાકમાં આવતું નથી તેને શાસ્ત્રીય શબ્દોમાં 'ભવોપગ્રાહી'નો વ્યપદેશ કરાય છે અર્થાત્ આ ભવમાં ઉપગ્રાહી એવું આયુષ્યકર્મ છે, જે આયુષ્યકર્મ આ ભવને અનુરૂપ નામ, ગોત્ર અને વેદનીયકર્મથી સંવલિત છે.

પાતંજલયોગસૂત્ર ૨-૧૨ની રાજમાર્તંડ ટીકામાં કહેલ કે, કેટલાક કર્મો આ ભવમાં જ વિપાકને આપનારા છે. જેમ ઈશ્વરની ઉપાસનાથી નંદીશ્વરને વિશિષ્ટ જાતિ આદિનો પ્રાદુર્ભાવ થયો અને તીવ્ર સંકલેશથી દુષ્ટકર્મ કરનારા નહુષને જાત્યંતરાદિનો=અન્ય જાતિનો, પરિણામ થયો તેનું નિરાકરણ કરવા અર્થે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

એક ભવમાં બે આયુષ્યનો બંધ અને બે આયુષ્યનો ઉદય જૈનશાસ્ત્રમાં પ્રતિષિદ્ધ હોવાથી જન્માંતરના સંકરનો અપ્રસંગ, નંદીશ્વર, નહુષાદિને આયુષ્યના સંકરના સ્વીકારમાં જન્મસંકર દુર્નિવાર, પ્રાયણ વિના આયુષ્યકર્માંતરનો અનુદ્બોધ, શરીરાંતરપરિણામરૂપ પ્રાયણના સ્વીકારમાં જન્માંતર વક્તવ્ય :

એક ભવમાં બે આયુષ્યનો બંધ અને બે આયુષ્યનો ઉદય જૈનશાસ્ત્રમાં પ્રતિષેધ કરાયો છે, તેથી જન્માંતરનો સંકર કે બે આયુષ્યના સંકરનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. જ્યારે પાતંજલમતાનુસાર

નંદીશ્વર અને નહુષાદિને બે આયુષ્યનો સંકર સ્વીકારવામાં આવે તો બે જન્મનો સંકર દુર્નિવાર છે અર્થાત્ બે જન્મનો સંકર માનવો પડે. અર્થાત્ નંદીશ્વરને મનુષ્યભવમાં જ મહેશના અનુગ્રહથી દેવભવ જેવા જાતિ આદિની પ્રાપ્તિ સ્વીકારવામાં આવે તો મનુષ્યઆયુષ્ય અને દેવઆયુષ્યના સંકરનો સ્વીકાર થાય અને તેમ સ્વીકારવામાં આવે તો મનુષ્યજન્મ અને દેવજન્મના સંકરનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારવું ઉચિત નથી; કેમ કે પ્રાયણ વગર=આ ભવના દેહના ત્યાગ વગર, આયુષ્યકર્માંતરનો ઉદ્બોધ નથી અને નંદીશ્વરને પ્રાયણપૂર્વક દેવભવના આયુષ્યકર્મનો ઉદ્બોધ સ્વીકારવામાં આવે તો તે કર્મ દૃષ્ટવિપાકવાળું છે તેમ કહી શકાય નહીં, પરંતુ જન્માંતરની પ્રાપ્તિ હોવાથી અદૃષ્ટજન્મવિપાકવાળું સ્વીકારવું જોઈએ, અને જો પતંજલિઋષિ નંદીશ્વરાદિને મનુષ્યના શરીર કરતા અન્ય શરીરના પરિણામરૂપ પ્રાયણ સ્વીકારે તો જન્માંતર કહેવો જોઈએ=અન્ય જન્મ કહેવો જોઈએ અર્થાત્ નંદીશ્વરને અન્ય જન્મની પ્રાપ્તિ થઈ તેમ કહેવું જોઈએ અને પાતંજલદર્શનકાર નંદીશ્વરાદિને જન્માંતર પ્રાપ્ત થયો તેમ સ્વીકારે તો દૃષ્ટજન્મવેદનીયમાં તે દૃષ્ટાંત ગ્રહણ કરી શકાય નહિ, પરંતુ અદૃષ્ટજન્મવેદનીયમાં જ નંદીશ્વરાદિનું દૃષ્ટાંત ગ્રહણ કરી શકાય.

પૂર્વમાં કહ્યું કે, એક ભવમાં બે આયુષ્યનો બંધ કે ઉદય પ્રતિષિદ્ધ છે તે સર્વકથનથી શું ફલિત થાય છે તે કહે છે –

વૈક્રિયશરીરના લાભ જેવો, વિશિષ્ટ આયુષ્યનો લાભ એક જન્મમાં બે આયુષ્યનો આક્ષેપ કરતો ન હોવાથી પાતંજલદર્શનકારનું નંદીશ્વરાદિને વિશિષ્ટ આયુષ્યના લાભનું કથન અસંબદ્ધપ્રલાપરૂપ :

વૈક્રિયશરીરના લાભ જેવો=મનુષ્યભવમાં કોઈને વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થાય તો એક ભવમાં ઔદારિકશરીરનો અને વૈક્રિયશરીરનો લાભ થાય છે તેવો આ=નંદીશ્વરાદિને વિશિષ્ટ આયુષ્યનો લાભ, એક જન્મમાં બે આયુષ્યનો આક્ષેપ કરી શકે નહીં, તેથી મિથ્યાદૃષ્ટિ એવા પાતંજલદર્શનકારનું નંદીશ્વરાદિને દૃષ્ટજન્મવેદનીય કર્મ બતાવવા વિશિષ્ટ આયુષ્યના લાભનું કથન અસંબદ્ધપ્રલાપરૂપ છે.

[ય.] व्याख्या-तस्मादेकभविकः कर्माशय इति भवोपग्राहिकर्मापेक्षयैव युक्तम्, नान्यथा, कर्मानुभवनिर्मितानां वासनानामनेकजन्मानुगमाभ्युपगमेऽर्थतः कर्मान्तराणामेव तथोपगमात्, वासनानामपि मोहनीयकर्मभावरूपत्वात्, अन्यथा जातिव्यक्तिपक्षयोर्वासनाया दुर्निरूपत्वादिति प्रतिपत्तव्यम् ।

અર્થ :

तस्मात् ..... तथोपगमात्, તે કારણથી=પૂર્વમાં અત્યાર સુધી સ્થાપન કર્યું અને અંતે કહ્યું કે મિથ્યાદૃષ્ટિ એવા પાતંજલદર્શનકારના સંઘટ્ટન વડે સર્યું તે કારણથી, એકભવિક કર્માશય એ ભવોપગ્રાહિકકર્મની અપેક્ષાએ જ યુક્ત છે અર્થાત્ પૂર્વમાં જણાવ્યા મુજબ નામ, ગોત્ર અને વેદનીયથી સંવલિત આયુષ્ય ભવોપગ્રાહી કર્મ કહેવાયું છે તે અપેક્ષાએ જ યુક્ત છે, અન્યથા નથી; કેમ કે કર્મના અનુભવથી નિર્મિત એવી વાસનાનો અનેક જન્મમાં અનુગમનો સ્વીકાર કરાયે છતે અર્થથી કર્માન્તરોનો

જ=મોહનીયકર્મરૂપ કર્માન્તરોનો જ, તે પ્રકારે ઉપગમ=સ્વીકાર, છે.

અહીં પ્રશ્ન થાય કે ક્રોધાદિ કષાયોની વાસનાનો અનેક ભવમાં અનુસરણ થતું હોય તેટલા માત્રથી તે કષાયોના નિષ્પાદક કર્મોનું પણ અનેક ભવમાં અનુસરણ છે તેમ કેમ સ્વીકારી શકાય ? તેમાં હેતું કહે છે –

વાસનાનામ્ ..... પ્રતિપત્તવ્યમ્ । ક્રોધાદિ વાસનાઓનું પણ મોહનીયકર્મનું ભાવસ્વરૂપપણું છે. અન્યથા=કર્માનુભવથી નિર્મિત ક્રોધાદિ વાસનાનું અનેક ભવમાં અનુસરણ સ્વીકારવા છતાં અર્થથી તે ક્રોધાદિ કષાયોના નિષ્પાદક કર્મોનું અનેક ભવમાં અનુસરણ સ્વીકારવામાં ન આવે તો, જાતિ-વ્યક્તિ-પક્ષમાં=ક્રોધાદિ વિષયોની સામાન્યજાતિ અને તે તે ક્રોધાદિરૂપ વ્યક્તિ સ્વીકારનાર પક્ષમાં, વાસનાનું દુર્નિરૂપપણું છે=દુ:ખેથી નિરૂપણ કરી શકાય છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ.

ભાવાર્થ :

એકભવિકકર્માશયનું ભવોપગ્રાહી કર્મની અપેક્ષાએ યુક્તપણું અન્યથા અયુક્તપણું :

પૂર્વમાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સ્થાપન કર્યું કે, એક ભવમાં બે આયુષ્યનો બંધ અને ઉદય શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ છે, તેથી જન્માન્તરના સંકરાદિનો પ્રસંગ નથી. અને પાતંજલદર્શનકાર નંદીશ્વર, નહુષાદિના આયુષ્યના સંકર સ્વીકારે તો જન્મસંકર તેમને પ્રાપ્ત થાય માટે તેઓનું તે કથન યુક્ત નથી, તે કારણથી એકભવિક કર્માશય એ ભવોપગ્રાહી કર્મની અપક્ષાએ જ યુક્ત છે અર્થાત્ પૂર્વમાં સ્થાપન કર્યું કે, નામ, ગોત્ર અને વેદનીયથી સંવલિત એવું આયુષ્યકર્મ ભવોપગ્રાહી વ્યપદેશને પામે છે તે ભવોપગ્રાહી એવા કર્મની અપેક્ષાએ એકભવિક સ્વીકારવું જોઈએ, પરંતુ અન્યથા જેમ પાતંજલભાષ્યકાર વ્યાસઋષિ એકભવિક સ્વીકારે છે તેમ સ્વીકારવું જોઈએ નહીં અર્થાત્ વ્યાસઋષિ સ્વીકારે છે કે, પૂર્વભવના જન્મથી માંડીને મરણ સુધીમાં જે કર્મપ્રચય બંધાય છે તે ઉત્તરના ભવમાં પ્રાપ્ત થતાં ફળપ્રચય પ્રત્યે કારણ છે એ પ્રકારનો એકભવિક કર્માશય સ્વીકારવો ઉચિત નથી.

વળી પાતંજલયોગસૂત્ર ૨-૧૩ ઉપર વ્યાસઋષિનું ભાષ્ય છે તેમાં કહ્યું છે કે, કર્મના અનુભવથી નિર્મિત એવી કષાયોની વાસનાનો અનેક જન્મ સુધી અનુગમ થાય છે અને અનેકભવ પૂર્વના કર્મો વર્તમાનભવમાં વિપાકમાં આવે છે તેમ સ્વીકારતા નથી પરંતુ પૂર્વભવનો કર્મપ્રચય જ ઉત્તરભવના ફળપ્રચય પ્રત્યે કારણરૂપે સ્વીકારે છે તે વચન તેઓનું યુક્ત નથી, તે બતાવવા અર્થે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

કર્માનુભવનિર્મિત વાસનાઓનું અનેક જન્મમાં અનુગમ સ્વીકાર કરાયે છતે અર્થથી કર્માન્તરોનો તે પ્રકારે સ્વીકાર :

કર્મના અનુભવથી નિર્મિત એવી કષાયોની વાસનાનું અનેક જન્મમાં અનુસરણ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો અર્થથી તે કષાયોને નિષ્પન્ન કરનારા એવા કર્માન્તરોનું જ અનેક જન્મમાં અનુસરણ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, કર્મના અનુભવથી નિર્મિત કષાયોની વાસનાનું અનેક જન્મોમાં અનુસરણ થતું હોય તોપણ જે કર્મ પૂર્વભવમાં બંધાયેલું હોય તે જ ઉત્તરભવમાં વિપાકમાં આવે છે, પરંતુ પૂર્વ ભવમાં બંધાયેલા કર્મો ઘણા ભવો સુધી અનુસરણ થતાં નથી તેમ સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

વાસનાનું અનેકભવમાં અનુસરણ સ્વીકારવામાં આવે અને કર્મનું અનેક ભવમાં અનુસરણ ન સ્વીકારવામાં આવે તો ક્રોધાદિકષાયોની વાસનાઓ મોહનીયકર્મના ભાવસ્વરૂપ હોવાથી જાતિ-વ્યક્તિપક્ષમાં વાસનાનું દુર્નિરૂપણ :

ક્રોધાદિ કષાયોની વાસનાઓનું પણ મોહનીયકર્મનું ભાવસ્વરૂપપણું છે, તેથી જો વાસના અનેકભવમાં અનુસરણ થાય છે તેમ સ્વીકારવામાં આવે અને વાસના આપાદક કર્મો અનેકભવમાં અનુસરણ થતાં નથી તેમ સ્વીકારવામાં આવે તો જાતિ-વ્યક્તિપક્ષમાં વાસનાનું સમ્યગ્ નિરૂપણ થતું નથી પરંતુ દુર્નિરૂપણ થાય છે.

આશય એ છે કે અર્હદ્દત્તના જીવે પૂર્વભવમાં સંયમ સ્વીકારેલ અને તેમને ધર્મનો તીવ્રરાગ હતો, તેથી ધર્મના રાગપૂર્વક સંયમનું પાલન કરેલ, આમ છતાં ગુરુ પ્રત્યે એક વખત ઈષદ્ દ્વેષ થયેલ અને તે દ્વેષ ગુણવાન ગુરુ પ્રત્યે હોવાથી યોગમાર્ગ પ્રત્યે દ્વેષનો પરિણામ હતો અને તે દ્વેષના પરિણામથી બંધાયેલું ગુરુ પ્રત્યે દ્વેષ કરાવે તેવું કર્મ ઉત્તરના દેવભવમાં વિપાકમાં આવ્યું નહીં પરંતુ પૂર્વના ભવમાં પાળેલા સંયમના રાગથી બંધાયેલું કર્મ ગુણ પ્રત્યે રાગ કરાવે તેવું દેવભવમાં વિપાકમાં આવેલું, તેથી દેવભવમાં તેમને ધર્મ પ્રત્યે રાગ વર્તે છે અને દેવભવ પૂર્ણ થતાં અર્હદ્દત્તના ભવમાં ગુણ પ્રત્યે કરાયેલા દ્વેષથી બંધાયેલું કર્મ વિપાકમાં આવ્યું તેથી અર્હદ્દત્તના ભવમાં ધર્મ પ્રત્યે દ્વેષ થાય છે. આ પ્રકારની ગુણ પ્રત્યે દ્વેષ કરાવે તેવી કર્મરૂપ વ્યક્તિ અર્હદ્દત્તના ભવમાં વિપાકમાં આવીને ગુણ પ્રત્યે દ્વેષ કરાવે છે, તેની સંગતિ કરવા માટે વાસનાની જેમ તે કર્મરૂપ વ્યક્તિનું પણ અનેકભવમાં અનુસરણ થાય છે તેમ માનવું ઉચિત છે.

વળી કેટલાક કર્મો જાતિરૂપે વિપાકમાં આવે છે જેમ કોઈ જીવ ભૂંડના ભવમાં વિષ્ટા પ્રત્યે રાગ કરે છે અને તે રાગનો પરિણામ વિષ્ટા પ્રત્યે નથી પરંતુ ઇન્દ્રિયને અનુકૂળ વિષય પ્રત્યે છે, તેથી ઇન્દ્રિયને અનુકૂળ એવા વિષય પ્રત્યેનો રાગ જન્માંતરમાં પણ ઇન્દ્રિયના વિષય પ્રત્યે રાગ ઉત્પન્ન કરાવે છે, તેથી રાગ આપાદક કર્મનું તે તે વ્યક્તિરૂપ વસ્તુ પ્રત્યે અનુસરણ થતું નથી પરંતુ રાગજાતિવાળા કર્મનું બીજા ભવમાં રાગરૂપે અનુસરણ થાય છે, તેથી ભૂંડના ભવમાં વિષ્ટા પ્રત્યેના રાગવાળા જીવને મનુષ્યભવમાં વિષ્ટા પ્રત્યે દ્વેષ હોવા છતાં ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે, રાગ આપાદક કર્મનું જાતિરૂપે બીજા અનેક ભવમાં અનુસરણ થાય છે અને ગુણ પ્રત્યે કરાયેલો દ્વેષ વ્યક્તિરૂપે બીજા અનેક ભવમાં અનુસરણ થાય છે તેમ સ્વીકારીએ તો અર્હદ્દત્તનો ગુણ પ્રત્યેના દ્વેષનો પ્રસંગ સંગત થાય છે.

વીરભગવાનને મરીચિના ભવમાં ત્રિદંડીનો વેશ ધારણ કરેલો ત્યારે પણ સુસાધુ પ્રત્યે રાગ હતો, ત્રિદંડીના વેશ પ્રત્યે રાગ ન હતો, તેથી ઉપદેશ આપીને સર્વ જીવોને સંયમમાર્ગે મોકલતા હતા. આમ છતાં કપિલ પ્રતિબોધ પામે છે ત્યારે કપિલને "અહીં પણ ધર્મ છે" એ પ્રકારે જ્યારે કહે છે ત્યારે ત્રિદંડીના વેશ પ્રત્યે ઈષદ્ રાગ ઉત્પન્ન થાય છે અને તે ઈષદ્રાગનું અનુસરણ અનેકભવો સુધી થવાથી ઘણા ભવોમાં મરીચિના આત્માને ત્રિદંડી ધર્મ પ્રત્યે રુચિ થાય છે, તેથી તે ત્રિદંડીના વેશ પ્રત્યે રાગ આપાદક કર્મ, વાસનાની જેમ અનેક ભવો સુધી અનુગત થાય છે તેમ સ્વીકારવામાં આવે તો જાતિ-વ્યક્તિપક્ષમાં વાસનાનું દુર્નિરૂપણ થાય નહીં; કેમ કે તેમ ન સ્વીકારીએ અને એમ કહેવામાં આવે કે વાસના અનેક ભવોમાં જાય છે અને તે વાસનાને જાગૃત કરનાર કર્મ માત્ર બીજા જ ભવમાં ફળ આપે છે તો પછીના ભવોમાં તે પ્રકારના કર્મના અભાવને કારણે તે કર્મથી તે પ્રકારના રાગાદિભાવો થાય છે તે સંગત થાય નહીં. વસ્તુતઃ અર્હદ્દત્તની ગુણ દ્વેષની વાસના જેમ અનેક ભવોમાં અનુસરણ કરેલ તેમ તેનું કર્મ પણ ઘણા ભવોમાં સાથે જઈને તે પ્રકારનો દ્વેષ કરે છે. આથી જ ઉત્તસૂત્રભાષણ કર્યા પછી માર્ગ પ્રત્યેના દ્વેષના આપાદક કર્મોના અનુસરણને કારણે તે જીવોને માર્ગની રુચિ ઘણા ભવો સુધી થતી નથી.

પૂર્વમાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે યુક્તિથી સ્થાપન કર્યું કે, નામ, ગોત્ર અને વેદનીયથી સંવલિત આયુષ્ય ભવોપગ્રાહિતાના વ્યપદેશને=સંજ્ઞાને પામે છે, તેથી એકભવિકકર્માશય એ પ્રકારનું વ્યાસઋષિનું વચન ભવોપગ્રાહી કર્માશયની અપેક્ષાએ યુક્ત છે પરંતુ જે રીતે તેઓ માને છે કે એક ભવમાં કરાયેલ કર્મપ્રચય ઉત્તરના ભવમાં વિપાકને આપે છે તે પ્રમાણે એકભવિક કર્માશયનો અર્થ કરવો ઉચિત નથી. ત્યાં કોઈ પાતંજલદર્શન તરફથી શંકા કરતા કહે છે –

[ય.] व्याख्या-भवोपग्राहिकर्मणोऽप्यायुष्करूपस्यैकभविकत्वे कथं सप्तजन्मविप्रत्वप्रद-कर्मविपाकोपपत्तिः ? इति चेत्, देवनारकयोरेकमेव भवग्रहणं पञ्चेन्द्रियतिर्यङ्मनुष्ययोः सप्ताष्टौ भवग्रहणानि, पृथ्वीकायिकादीनामसंख्येयानि कायस्थितिः इत्यादिसिद्धान्तोक्तक्रमेण तादृक् तादृशगतिजातिनामकर्मादिसञ्चयसधीचीनतादृशनवनवायुःपरम्परानुबन्धा-न्नेयमनुपपत्तिरस्माकम् । भवतां नैकमेव कर्म प्रारब्धतामश्नुते, किन्तु तत्तत्क्षण-वर्तिबह्वल्पसुखदुःखहेतुगुरुलघुकर्मणामनेकेषां प्रायणकालोद्बुद्धवृत्तिकानां प्रारब्धतेत्येकत्र जन्मनि जन्मसप्तकभोगाकर्मस्यापत्तिरेव (इति अतः एक) जन्मकृतस्य तादृशकर्मप्रचयस्य प्रायणसप्तकेन "यं यं चापि स्मरन् भावं" **[गीता. अ. ८, श्लो. ६] इत्यादिस्मृत्यनुरोधेन प्रायणसप्तककालोत्पादितदेहान्तरविषयान्तिमप्रत्ययैर्वा क्रमशो लब्धप्रारब्धताकस्य सप्तजन्मविप्रत्वोपपादकत्वाभ्युपगमे गतमैकभविककर्माशयप्रतिज्ञया, एवमनन्तभव-विपाकिताया अपि वक्तुं शक्यत्वात् ।**

અર્થ :

ભવોપગ્રાહિ ..... उपपत्तिः ? इति चेत्, આયુષ્યકર્મરૂપ ભવોપગ્રાહિકકર્મનું એકભવિકપણું હોતે છતે કેવી રીતે સાત જન્મ સુધી વિપ્રપણું આપનાર=બ્રાહ્મણપણું આપનાર, કર્મવિપાકની ઉપપત્તિ=સંગતિ થશે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

देवनारकयोः ..... अस्माकम्, દેવ અને નારકોને એક જ ભવનું ગ્રહણ છે અને પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યના સાત-આઠ ભવોનું ગ્રહણ છે અને પૃથ્વીકાયાદિની અસંખ્યેય (ભવો) કાયસ્થિતિ છે. ઇત્યાદિ સિદ્ધાંતમાં કહેલા ક્રમ વડે, તેવા તેવા પ્રકારના ગતિ, જાતિ આદિ નામકર્માદિના સંચયથી સદ્દીચીન=સહિત, તેવા પ્રકારના નવા નવા ભવના આયુષ્યની પરંપરાના અનુબંધના કારણે અમારે આ અનુપપત્તિ=અસંગતિ નથી=સાત જન્મ સુધી વિપ્રત્વને આપનાર કર્મના વિપાકની કેવી રીતે સંગતિ થશે એ અમને જૈન સિદ્ધાંત પ્રમાણે અસંગત નથી.

આ રીતે જૈનદર્શનાનુસાર સાત જન્મ સુધી વિપ્રત્વને આપનાર કર્મના વિપાકની સંગતિ બતાવ્યા પછી પાતંજલમતાનુસાર કર્માશયની સંગતિ થતી નથી તે બતાવવા માટે પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

भवतां नैकमेव ..... शक्यत्वात् । તમારા મતાનુસાર=પાતંજલમતને કહેનાર વ્યાસમતાનુસાર, એક જ કર્મ પ્રારબ્ધપણાને પામતું નથી. પરંતુ પ્રાયણકાળથી ઉદ્બુદ્ધવૃત્તિવાળા અનેક તે તે ક્ષણવર્તી બહુ કે અલ્પ સુખ-દુઃખના હેતુભૂત ગુરુ કે લઘુકર્મ પ્રારબ્ધતા છે, એથી એક જન્મમાં જન્મસપ્તક ભોગકર્મની=ભોગકર્મના વિપાકની, આપત્તિ છે. (એથી) જેમ એક જન્મમાં સાત જન્મ સુધી વિપ્રપણું આપનાર કર્મના વિપાકની પ્રાપ્તિ છે એ રીતે એક જન્મમાં કરાયેલ તેવા પ્રકારનો કર્મપ્રચય પ્રાયણસપ્તક દ્વારા ''यं यं चापि स्मरन् भावं'' ઇત્યાદિ ગીતાના અધ્યાય-૮, શ્લોક-૬ની સ્મૃતિના અનુરોધથી અથવા પ્રાયણસપ્તકના કાળથી ઉત્પન્ન કરાયેલ એવા દેહાન્તર વિષય=અન્ય દેહ વિષય, અંતિમ પ્રત્યયો વડે ક્રમથી પ્રાપ્ત થયેલ પ્રારબ્ધતાવાળા કર્મનું સાત જન્મ સુધી વિપ્રપણાના ઉપપાદકનો સ્વીકાર કરાયે છતે આભવિક કર્માશયની પ્રતિજ્ઞા વડે સર્યું અર્થાત્ એકભવિકકર્માશય સ્વીકારવાની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે. આ પ્રમાણે=વ્યાસઋષિ એકભવમાં બંધાયેલું કર્મ સાત જન્મ સુધી વિપ્રપણું આપે છે એમ સ્વીકારે તો એકભવમાં બંધાયેલું કર્મ ઉત્તરના એક ભવમાં વિપાક આપે છે તે કથનનું તો નિરાકરણ થાય છે, પરંતુ એકભવમાં બંધાયેલું કર્મ સાત જન્મ સુધી વિપ્રપણાના ફળને આપે છે એ રીતે, અનંતભવવિપાકીપણાનું પણ=એક ભવમાં બંધાયેલું કર્મ અનંત ભવો સુધી ફળ આપે એવા કર્માશયનું પણ, કહેવા માટે શક્યપણું છે.

ભાવાર્થ :

આયુષ્યરૂપ ભવોપગ્રાહિકર્મનું એકભવિકપણું હોવાથી સાત જન્મ સુધી વિપ્રપણાના ફળને આપનાર કર્મવિપાકની સંગતિ કેવી રીતે થશે તેનું પૂ. ઉપાધ્યાયજી મહારાજ દ્વારા સમાધાન :

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પાતંજલદર્શનકારને કહ્યું કે એકભવિક કર્માશય એ

ભવોપગ્રાહી કર્મની અપેક્ષાએ જ યુક્ત છે, અન્ય રીતે યુક્ત નથી. તેથી એ પ્રાપ્ત થાય છે કે, આયુષ્યકર્મરૂપ ભવોપગ્રાહી કર્મથી આખા ભવમાં તે આયુષ્યને અનુરૂપ સર્વ કર્મો વિપાકમાં આવે છે અને આ રીતે એકભવિકપણાની સંગતિ કરવામાં આવે તો કોઈક જીવને સાત જન્મ સુધી બ્રાહ્મણપણાના જન્મને આપનાર કર્મના વિપાકની સંગતિ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે; કેમ કે આયુષ્યકર્મરૂપ ભવોપગ્રાહી કર્મ તો એક ભવના ફળની મર્યાદા નક્કી કરે છે, તેથી સાત ભવના ફળની મર્યાદા તેનાથી સ્વીકારી શકાય નહીં. તેના સમાધાનરૂપે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

ભવોપગ્રાહીકર્મનું પણ આયુષ્યરૂપ એકભવિકપણું હોવા છતાં જૈનસિદ્ધાંતાનુસાર સ્વકાયસ્થિતિની અપેક્ષાએ સપ્તજન્મવિપ્રત્વપ્રદકર્મવિપાકની સંગતિ :

જૈનસિદ્ધાંત અનુસાર દેવ, નારકના એક જ ભવનું ગ્રહણ છે, પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યના સતત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યરૂપે સાત કે આઠ ભવોનું ગ્રહણ છે અને પૃથ્વીકાયાદિની અસંખ્ય ભવોરૂપ કાયસ્થિતિ છે અર્થાત્ અસંખ્ય ભવો સુધી પૃથ્વીદાયાદિના ભવોની ફરી ફરી પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ સિદ્ધાંતમાં કહેલા કર્મથી વિચારીએ તો સાત ભવમાં બ્રાહ્મણપણાને આપનારા કર્મની સંગતિ અમારા મતમાં=જૈનદર્શનના મતમાં, થઈ શકે છે; કેમ કે તેવા તેવા પ્રકારના ગતિ, જાતિ આદિ નામકર્માદિના સંચયથી યુક્ત તેવા પ્રકારના નવા નવા આયુષ્યની પરંપરાનો અનુબંધ એક જીવ કરી શકે છે, તેથી આયુષ્યરૂપ ભવોપગ્રાહી કર્મથી સાત ભવ સુધી બ્રાહ્મણપણાની પ્રાપ્તિ થતી નથી તોપણ એક જીવ ફરી ફરી બ્રાહ્મણભવને અનુકૂળ કર્મો બાંધીને સાત ભવો સુધી બ્રાહ્મણ થઈ શકે છે.

એક જ જન્મમાં સાત જન્મ સુધી ભોગકર્મની આપત્તિની પ્રાપ્તિ પાતંજલદર્શનકારને આવે છે તેના નિવારણ માટે એક જન્મના તેવા કર્મપ્રચયનો સંચય પ્રાયણસપ્તક દ્વારા વિપાકમાં આવે છે અથવા તો ગીતાની સ્મૃતિના વચન દ્વારા તે કર્મ સાત જન્મ સુધી બ્રાહ્મણપણાનું ઉત્પાદક બને છે એ પ્રમાણે પાતંજલદર્શનકાર કહે તો તેનું પૂ. ઉપાધ્યાય મ. દ્વારા નિરાકરણ :

પાતંજલદર્શનકાર ભોજમતાનુસાર પૂર્વજન્મના જ ભવના બંધાયેલા કર્મોનો સમૂહ ઉત્તરના ભવના ફળના સમૂહને આપે છે એમ કહીને એક ભવિક કર્માશય સ્વીકારે છે તે સંગત નથી તેમ સ્થાપન કરીને આખા ભવના કર્મની સંગતિ ભવોપગ્રાહી કર્મના સ્વીકારથી પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે કરી ત્યાં પાતંજલદર્શનકાર કહે છે કે જૈનસિદ્ધાંત અનુસાર ભવોપગ્રાહી કર્મ એક જ ભવનું નિયંત્રણ કરનાર હોય તો કોઈને સાત જન્મો સુધી બ્રાહ્મણપણાની પ્રાપ્તિ થાય છે તેની સંગતિ થશે નહીં. તેનું સમાધાન પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કર્યું કે, જૈનસિદ્ધાંત અનુસાર કોઈ જીવ બ્રાહ્મણના ભવમાં હોય અને ફરી તત્સદૃશ તેવું બ્રાહ્મણભવનું આયુષ્ય બાંધે તો તત્સદૃશ આયુષ્યની પરંપરા દ્વારા સાત ભવ સુધી બ્રાહ્મણપણાની સંગતિ થઈ શકે છે.

હવે જો પાતંજલદર્શનકાર એક ભવમાં કરાયેલો કર્મસંચય ઉત્તરના એકભવના ફળપ્રચયનું કારણ છે તેમ સ્વીકારે તો તેમના મતમાં સાત જન્મ સુધી બ્રાહ્મણપણાની પ્રાપ્તિનું કર્મ સંગત થાય નહીં, તેને બતાવવા ગ્રંથકારશ્રી કહે છે કે તમારા મતે એક જ કર્મ ઉત્તરના ભવની પ્રારબ્ધતાને પ્રાપ્ત કરતું નથી, પરંતુ એક જન્મના આખા જીવન દરમિયાન સેવાયેલા તે તે ક્ષણવર્તી ઘણા સુખનો હેતુ કે અલ્પ સુખનો હેતુ અથવા ઘણા દુઃખનો હેતુ કે અલ્પ દુઃખનો હેતુ એવા ભારે કર્મનો કે અલ્પકર્મનો સમૂહ પ્રાયણકાળથી ઉદ્‌બુદ્ધવૃત્તિવાળા થવાથી ઉત્તરના જન્મની પ્રારબ્ધતાને ઉત્પન્ન કરે છે, તેથી એક જ જન્મમાં સાત જન્મ સુધીના ભોગકર્મની આપત્તિ પ્રાપ્ત થાય અર્થાત્ કોઈક બ્રાહ્મણને તે એક ભવના કર્મના સંચય દ્વારા સાત ભવના બ્રાહ્મણના ભવો દ્વારા જે કર્મો ભોગવી શકાય તે સર્વ કર્મો એક જ જન્મમાં પ્રાપ્ત થવાની આપત્તિ આવે. તે આપત્તિના નિવારણ માટે પાતંજલદર્શનકારને કહેવું પડે કે એક જ જન્મમાં તેવા કર્મપ્રચયનો જે સંચય થયો છે તે પ્રાયણસપ્તક દ્વારા=સાત ભવમાં ક્રમસર વિપાકમાં આવે છે.

અથવા તો ગીતાના અધ્યાય-૮, શ્લોક-૮નું વચન "यं यं चापि स्मरन् भावं" એ વચનને ગ્રહણ કરીને કહે કે, પ્રાયણસપ્તકથી ઉત્પાદિત એવા તે દેહાન્તર વિષય અંતિમ પ્રત્યય, તે પ્રત્યય દ્વારા તે કર્મ ક્રમસર લબ્ધ=પ્રાપ્ત પ્રારબ્ધતાવાળું છે, તેથી સાત જન્મ સુધી બ્રાહ્મણપણાનું ઉત્પાદક બને છે. આ રીતે પાતંજલદર્શનકાર કહે તો તેને પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કહે છે –

પાતંજલદર્શનકારને એકભવિકકર્માશયની પ્રતિજ્ઞાનો ત્યાગ કરવાની આપત્તિ :

એકભવિક કર્માશયની પ્રતિજ્ઞા જે પાતંજલદર્શનકાર કરે છે તે પ્રતિજ્ઞાનો ત્યાગ થાય છે; કેમ કે એકભવમાં સંચય કરેલું કર્મ ઉત્તરના એક ભવમાં વિપાકમાં આવતું નથી, પરંતુ ક્રમસર સાત ભવ સુધી વિપાકમાં આવે છે, માટે એકભવિક કર્માશય ઉત્તરના એકભવના ફળપ્રચય પ્રત્યે કારણ છે તે સિદ્ધાંતનો અપલાપ થાય છે.

ભગવદ્‌ગીતાના ઉદ્ધારણરૂપ સ્મૃતિનો અર્થ :

અહીં ગીતાનું અધ્યાય-૮, શ્લોક-૬નું "यं यं चापि स्मरन् भावं"... જે ઉદ્ધરણ આપ્યું તે શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –

"જે જે ભાવોને સ્મરણ કરતો પુરુષ દેહનો ત્યાગ કરે છે, તે ભાવોથી ભાવિત એવો તે તરત તે તે ભાવને પ્રાપ્ત કરે છે" તેથી કોઈ બ્રાહ્મણ બ્રાહ્મણભાવને સ્મરણ કરતો દેહનો ત્યાગ કરે તો તે ભાવથી ભાવિત એવો તે બ્રાહ્મણ ફરી ઉત્તરના ભવમાં બ્રાહ્મણભવને પ્રાપ્ત કરે છે માટે સાત ભવોના જે સાત પ્રાયણસપ્તક છે તે કાળમાં જે તેના દેહથી અન્ય બ્રાહ્મણ દેહના વિષયવાળું જે અંતિમ મૃત્યુ, તે વખતે જે પ્રત્યય છે તે પ્રત્યયથી તે જીવ ઉત્તરના બ્રાહ્મણભવને આજ પ્રક્રિયાથી સાત વખત પ્રાપ્ત કરે છે.

એક ભવમાં બંધાયેલું કર્મ સાત જન્મ સુધી ફળ આપે છે તેમ સિદ્ધ થવાથી વાસનાની જેમ અનંતભવ વિપાકવાળા અન્યના કર્મો સ્વીકારવાની પાતંજલદર્શનકારને આપત્તિ :

આ રીતે સાત જન્મ સુધી બ્રાહ્મણપણાની સંગતિ કરવા જતાં પાતંજલમતાનુસાર એક ભવમાં બંધાયેલું કર્મ ઉત્તરના એક ભવમાં જ ફળ આપે છે એ નિયમનો ભંગ થાય છે, પરંતુ એકભવનું બધાયેલું કર્મ ફરી તેવો આશય કરાવીને સાત જન્મ સુધી ફળ આપે છે તેમ સિદ્ધ થાય છે, અને એ રીતે સ્વીકારવાથી અનંતભવના વિપાકવાળું કર્મ છે તેમ કહી શકાય છે, માટે પાતંજલદર્શનકાર જેમ વાસનાને અનેકભવ સુધી અનુગત સ્વીકારે છે તેમ વાસનાના આપાદકકર્મને અને બ્રાહ્મણપણાના આપાદકકર્મને અનેકભવ સુધી અનુસરનારા સ્વીકારવા જોઈએ, તેથી જેમ મોહનીયકર્મ અનેક ભવો સુધી ફળ આપે છે તેમ અન્ય પણ કર્મપ્રચય અનેકભવો સુધી ફળ આપે છે તેમ સ્વીકારવું ઉચિત છે. અને તેમ સ્વીકારવાથી કેટલાક કર્મો અનંતભવ સુધી વિપાકને આપનારા છે તેમ સ્વીકારી શકાય છે. આથી ઉત્સૂત્રભાષણ કરીને સાવદ્યાચાર્યને અનંત ચોવીસી સુધી સન્માર્ગની પ્રાપ્તિ ન થાય તેવા કર્મની પ્રાપ્તિ થઈ તે વચન યુક્તિથી સંગત થાય છે.

[ય.] व्याख्या-किञ्च तस्य तज्जन्मभोगप्रदत्वावच्छेदेन प्रारब्धत्वं तदन्यावच्छेदेन च सञ्चितत्वं वाच्यम्, अन्यथा तत्त्वज्ञानिनोऽपि तादृशकर्मवतो देहान्तरोत्पत्त्यापत्तिः, सञ्चितं हि कर्म तत्त्वज्ञाननाश्यं न तु प्रारब्धम्, जन्मान्तरावच्छेदेन च तस्य सञ्चितत्वात्तत्त्वज्ञानेन नाशान्नोक्तप्रसङ्ग इति, एवं च तज्जन्मभोगप्रदत्वावच्छेदेन तज्जन्मप्रारब्धत्वम्, तज्जन्मप्रारब्धत्वावच्छेदेन च तज्जन्मभोगप्रदत्वमिति व्यक्त एवान्योऽन्याश्रयः, तस्मादायुष्कर्मैव प्रारब्धं तदेव च कर्मान्तरोपबृंहितं तत्तद्भवभोगप्रदम्, अत एव जातिनाम(नियन्त्रित)निधत्तायुष्कादिभेदोऽपि सिद्धान्तसिद्धः, केवलिनश्चायुरधिक-कर्मसत्त्वे केवलिसमुद्घातेन तत्समीकरणान्न काऽप्यनुपपत्तिरिति अन्यत्रायुषो नैकभविक-त्वनियमः कर्माशयस्य श्रद्धेयः ।

અર્થ :

किञ्च ..... श्रद्धेयः । વળી તેનું=સાત જન્મ સુધી વિપ્રપણાને આપનાર કર્મનું, તજ્જન્મભોગ-પ્રદત્વાવચ્છેદથી પ્રારબ્ધપણું અને તદન્યાવચ્છેદથી સંચિતપણું=પ્રાપ્ત થયેલા જન્મથી અન્ય જન્મના અવચ્છેદથી સંચિતપણું, કહેવું જોઈએ અર્થાત્ પાતંજલદર્શનકારે સ્વીકારવું જોઈએ. અન્યથા=સાત જન્મ સુધી વિપ્રપણાને આપનાર કર્મનું આ રીતે પ્રારબ્ધ અને સંચિતરૂપે વિભાગ ન કરે તો, તેવા પ્રકારના કર્મવાળા તત્ત્વજ્ઞાનીને પણ દેહાન્તરની ઉપપત્તિની આપત્તિ આવે અર્થાત્ સાત જન્મના દેહની સંગતિની આપત્તિ આવે, જે કારણથી સંચિત કર્મ તત્ત્વજ્ઞાનથી નાશ્ય છે, પરંતુ પ્રારબ્ધ કર્મ તત્ત્વજ્ઞાનથી નાશ્ય નથી અને જન્માન્તરાવચ્છેદથી તેનું=સાત જન્મ સુધી વિપ્રપણાને આપનારા કર્મનું, સંચિતપણું

હોવાથી તત્ત્વજ્ઞાન વડે નાશ થવાથી ઉક્ત પ્રસંગ નથી=તત્ત્વજ્ઞાનીને દેહાંતરની ઉપપત્તિની આપત્તિનો પ્રસંગ નથી.

અને આ રીતે=પાતંજલદર્શનકારે પોતાના મતની સંગતિ કરવા અર્થે તજ્જન્મભોગપ્રદત્વાવચ્છેદેન પ્રારબ્ધ કર્મ છે અને તદન્યાવચ્છેદેન સંચિત કર્મ છે તેમ માનવું પડે છે એ રીતે, તજ્જન્મભોગ-પ્રદત્વાવચ્છેદેન તજ્જન્મપ્રારબ્ધપણું છે અને તજ્જન્મપ્રારબ્ધત્વાવચ્છેદેન તજ્જન્મભોગપ્રદત્વ, છે. એ પ્રમાણે વ્યક્ત જ=પ્રગટ જ, અન્યોન્યાશ્રય દોષ છે, માટે પાતંજલદર્શનકાર સપ્તજન્મભોગપ્રદત્વની જે સંગતિ કરે છે તે યુક્ત નથી.

તે કારણથી આયુષ્યકર્મ જ પ્રારબ્ધ છે અને કર્માન્તરથી ઉપબૃંહિત એવું તે જ=આયુષ્ય કર્મ જ, તે તે ભવના ભોગને આપનારું છે, આથી જ=નામકર્માદિથી ઉપબૃંહિત એવું આયુષ્ય કર્મ જ તે તે ભવના ભોગને આપનારું છે આથી જ, જાતિપ્રધાન એવા નામકર્મથી નિયંત્રિત આયુષ્કાદિનો ભેદ પણ સિદ્ધાંત સિદ્ધ છે અને કેવલીને આયુષ્યથી અધિક નામકર્માદિ ત્રણ કર્મ હોતે છતે કેવલિસમુદ્‌ઘાતથી તેનું સમીકરણ થતું હોવાથી કોઈ પણ અનુપત્તિ નથી=કેવલીને આયુષ્યકર્મના ક્ષય સાથે સર્વકર્મોનો ક્ષય થાય છે તેમ સ્વીકારવામાં કોઈ અસંગતિ નથી, એથી આયુષ્યથી અન્યત્ર=આયુષ્યકર્મને છોડીને, કર્માશયના એકભવિકપણાનો નિયમ શ્રદ્ધેય=શ્રદ્ધા કરવા યોગ્ય નથી.

ભાવાર્થ :

સપ્તજન્મવિપ્રત્વપ્રદકર્મને સંગત કરવા માટે પાતંજલદર્શનકારને તત્‌જન્મભોગપ્રદત્વાવચ્છેદેન પ્રારબ્ધકર્મ અને તદન્યાવચ્છેદેન સંચિતકર્મના સ્વીકારની આપત્તિ :

પાતંજલયોગસૂત્ર ઉપર ભાષ્યના રચયિતા વ્યાસમુનિ સાત જન્મ સુધી વિપ્રપણાને આપનારું કર્મ સ્વીકારે છે તે કર્મને સંગત કરવા માટે વ્યાસઋષિને સ્વીકારવું પડે કે પ્રથમભવનું વિપ્રપણું મળ્યું તે તજ્જન્મભોગપ્રદત્વકર્મથી=તે જન્મમાં ભોગ આપનારા કર્મથી, મળ્યું છે તે પ્રારબ્ધકર્મ છે; કેમ કે તે કર્મ વિપાક આપવા માટે પ્રારબ્ધ થયેલું છે અને બાકીના છ ભવમાં વિપ્રપણાને આપનારું કર્મ સંચિત કર્મ છે.

સપ્તજન્મવિપ્રત્વપ્રદ કર્મનો પ્રારંભ અને સંચિતરૂપે પાતંજલદર્શનકાર વિભાગ ન કરે તો તેવા પ્રકારના કર્મવાળા તત્ત્વજ્ઞાનીને પણ અન્ય દેહની પ્રાપ્તિની આપત્તિ :

જો વ્યાસઋષિ આ રીતે સાત જન્મ સુધી વિપ્રપણાને આપનારા કર્મને પ્રારબ્ધ અને સંચિતરૂપે વિભાગ ન કરે તો તેવા પ્રકારના વિપ્રપણાને આપનારા કર્મવાળા તત્ત્વજ્ઞાનીને પણ તે કર્મના ઉદયથી દેહાન્તરની=અન્યદેહની પ્રાપ્તિની, આપત્તિ છે; કેમ કે તત્ત્વજ્ઞાનથી નાશ્ય સંચિત કર્મ છે, પ્રારબ્ધ કર્મ નથી, તેથી જો પાતંજલદર્શનકાર સાતભવમાં વિપ્રપણાને આપનારા કર્મને પ્રારબ્ધકર્મરૂપે સ્વીકારે તો તત્ત્વજ્ઞાની પુરુષ તત્ત્વજ્ઞાનના બળથી તે પ્રારબ્ધ કર્મનો નાશ કરી શકે નહીં માટે તત્ત્વજ્ઞાનીને પણ સાત જન્મ સુધી વિપ્રપણાના ભવોને કરવાની આપત્તિ આવે.

છ જન્મવિપ્રત્વપ્રદ કર્મને સંચિતરૂપે પાતંજલદર્શનકાર સ્વીકારે તો તત્ત્વજ્ઞાનથી તે સંચિતકર્મનો નાશ થવાથી તત્ત્વજ્ઞાનીને મુક્તિની પ્રાપ્તિ :

જો પાતંજલદર્શનકાર છ ભવોમાં વિપ્રપણાને આપનારા કર્મને સંચિતકર્મરૂપે સ્વીકારે તો તત્ત્વજ્ઞાનથી તે સંચિત કર્મોનો નાશ થાય છે, તેથી સાત જન્મ સુધી વિપ્રપણાને આપનારું કર્મ તત્ત્વજ્ઞાની તત્ત્વજ્ઞાનના બળથી નાશ કરીને મુક્ત થઈ શકે છે તેમ પાતંજલદર્શનકાર સ્થાપન કરી શકે છે.

એક ભવમાં પ્રાપ્ત કર્મને પ્રારબ્ધરૂપે અને સંચિતરૂપે પાતંજલદર્શનકારને સ્વીકાર કરવો પડતો હોવાથી અન્યોન્યશ્રયદોષની પ્રાપ્તિ આવવાથી આયુષ્યકર્મ જ પ્રારબ્ધકર્મ અને નામકર્માદિથી ઉપબૃંહિત આયુષ્યકર્મ તે તે ભવમાં ભોગપ્રદ :

આ રીતે પાતંજલદર્શનકારને એક ભવમાં પ્રાપ્ત કર્મોને પ્રારબ્ધરૂપે અને સંચિતરૂપે એમ બે વિભાગરૂપે સ્વીકારવા પડે તેથી એક ભવમાં પ્રાપ્ત ભોગપ્રદત્વાવચ્છેદેન=ભોગને આપવાપણાથી, તે જન્મનું પ્રારબ્ધપણું છે અને સંચિતકર્મથી પ્રારબ્ધકર્મને પૃથક્ કરવા માટે તે જન્મના પ્રારબ્ધતાવચ્છેદન= પ્રારબ્ધપણાથી, તે જન્મમાં ભોગ આપવાપણું છે એ પ્રમાણે વ્યાસઋષિને સ્વીકારવું પડે તેથી વ્યક્ત જ અન્યોન્યાશ્રય દોષ આવે છે.

જેમ-કોઈ કહે કે આ પિતાથી આ પુત્ર જન્મ્યો છે અને આ પુત્રથી આ પિતા જન્મ્યા છે, એ કથન બંનેની પરસ્પર ઉત્પત્તિમાં અન્યોન્યાશ્રય હોવાથી અસંગત છે, તેમ તે જન્મમાં સંચિત કર્મોથી પૃથક્ એવા ભોગને આપનારા કર્મના અવચ્છેદથી તે જન્મનું પ્રારબ્ધપણું સંચિત કર્મોથી પૃથક્ એવા અને તે જન્મના પ્રારબ્ધપણાને કારણે તે જન્મમાં ભોગ આપવાપણું સ્વીકારવામાં પરસ્પર અન્યોન્યાશ્રય દોષ આવે છે, માટે તે કથન સંગત થાય નહીં, તેથી નામકર્માદિ કર્માન્તરથી ઉપબૃંહિત એવું આયુષ્ય કર્મ જ તે તે ભવના ભોગને આપનારું છે તેમ માનવામાં અન્યોન્યાશ્રય દોષ આવતો નથી; કેમ કે તેમ સ્વીકારવાથી નામકર્માદિ કર્માંતરથી ઉપબૃંહિત આયુષ્યકર્મ ઉત્તરના ભવમાં ભોગને આપનાર છે અને અન્ય સંચિત કર્યો તે તે નિમિત્તને પામીને તે તે ભવોમાં વિપાકને પ્રાપ્ત કરે છે અને તત્ત્વજ્ઞાનથી તે સંચિત કર્મોનો નાશ કરી શકાય છે તે સર્વ કથન સંગત થાય છે. તેથી વ્યાસઋષિએ આયુષ્યકર્મને પ્રારબ્ધકર્મ સ્વીકારવું જોઈએ. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

કર્માન્તરથી ઉપબૃંહિત આયુષ્યકર્મ જ ઉત્તરના ભવમાં ભોગ આપનાર હોવાથી જૈન સિદ્ધાંતને માન્ય નામકર્માદિથી નિયંત્રિત આયુષ્યકર્મના ભેદની સંગતિ :

કર્માન્તરથી ઉપબૃંહિત એવું આયુષ્યકર્મ જ ઉત્તરના ભવોમાં ભોગને આપનાર છે, આથી જ જાતિપ્રધાન એવા નામકર્મથી નિયંત્રિત આયુષ્યકર્મ, ગોત્રકર્મ નિયંત્રિત આયુષ્યકર્મ અને વેદનીયકર્મથી નિયંત્રિત આયુષ્યકર્મનો ભેદ જૈનસિદ્ધાંતને માન્ય સંગત થાય.

આશય એ છે કે, કેટલાક જીવોને સમાનજાતિવાળા નામકર્મથી નિયંત્રિત આયુષ્યકર્મનો ઉદય

હોય છે, તેથી તે ભવમાં તે સર્વ જીવોને સમાન જાતિની પ્રાપ્તિ થાય છે પરંતુ સમાન ગોત્ર તેઓને ન પણ હોય. વળી કેટલાક જીવોને સમાન ગોત્રથી નિયંત્રિત આયુષ્ય કર્મનો ઉદય હોય છે, તેથી તે ભવમાં તે સર્વ જીવોને સમાન ગોત્રની પ્રાપ્તિ થાય છે. વળી તેવા સમાન જાતિવાળા અને સમાન ગોત્રવાળા જીવોને પણ શાતા-અશાતારૂપ વેદનીય કર્મ જુદા જુદા પ્રકારનું પ્રાપ્ત થાય છે. જે જીવોને તેવા પ્રકારના પુણ્યના વિપાકવાળું કે પાપના વિપાકવાળું વેદનીયકર્મ સમાન પ્રાપ્ત થયેલ હોય તે વેદનીયકર્મથી નિયંત્રિત આયુષ્યકર્મ સમાન હોય તો પ્રાયઃ તે ભવમાં સમાન રીતે શાતાનું કે અશાતાનું વેદન થાય છે, આથી સમાન શાતાવેદનીયકર્મના નિયંત્રણથી નિયંત્રિત એવા આયુષ્યકર્મને કારણે ઘણા દેવોને દેવભવમાં સદા શાતાનો અનુભવ થતો હોય છે અને સમાન અશાતાવેદનીયકર્મના નિયંત્રણથી નિયંત્રિત એવા આયુષ્યકર્મને કારણે નારકીઓને નરકમાં સદા અશાતાનો અનુભવ થતો હોય છે.

પૂર્વમાં કહ્યું કે, જૈનસિદ્ધાંત અનુસાર નામકર્માદિરૂપ કર્માન્તરથી ઉપબૃંહિત એવું આયુષ્યકર્મ પ્રારબ્ધ કર્મ ઉત્તરના ભવમાં ભોગને આપનારું છે. ત્યાં પ્રશ્ન થાય કે, આ નિયમ પ્રમાણે સામાન્યથી અન્ય સંસારી જીવોને જે નામકર્માદિ તદ્ભવભોગપ્રદ કર્મમાં અંતર્ભાવ પામતાં નથી તે અન્ય ભવમાં ભોગવાય છે, પરંતુ કેવલીને તો આ ભવ પછી અન્ય ભવ નથી અને જે ચરમશરીરી એવા કેવલીને આયુષ્યકર્મથી અધિક નામકર્માદિની સત્તા છે તે કર્મો તદ્ભવભોગપ્રદકર્મમાં પ્રવેશ પામશે નહીં, તેથી તે કર્મો આયુષ્યની સમાપ્તિ પછી પણ અવશેષ રહે તેમ સ્વીકારવાની આપત્તિ આવે. તેના નિવારણ માટે કહે છે –

કેવલીને આયુષ્યકર્મના સત્ત્વ કરતાં અધિક નામકર્માદિનું સત્ત્વ હોય તો કેવલીસમુદ્ઘાત દ્વારા કેવલી તેનું સમીકરણ કરતાં હોવાથી=આયુષ્ય તુલ્ય કરતા હોવાથી, કોઈ અનુપપત્તિ નથી= તદ્ભવભોગપ્રદકર્મમાં તેનો સંગ્રહ સ્વીકારવામાં કોઈ અસંગતિ નથી.

અત્યાર સુધી સ્થાપન કર્યું એ રીતે આયુષ્યને છોડીને અન્યત્ર કર્માશયમાં એકભવિકપણાનો નિયમ શ્રદ્ધા કરવા યોગ્ય નથી=વ્યાસમુનિ કહે છે તેમ એક ભવના બંધાયેલો કર્મનો સમૂહ ઉત્તરના ભવમાં ફળ આપે છે એ પ્રકારે એક ભવિકપણાનો નિયમ માત્ર આયુષ્યમાં જ સંગત થાય છે, અન્ય કર્મોમાં સંગત થતો નથી માટે તે પ્રકારનો નિયમ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, પરંતુ આયુષ્યકર્મ જ એકભવિક કર્મ છે તેમ સ્વીકારવું જોઈએ.

વ્યાસમુનિ પ્રયાણને પૂર્વભવમાં કરાયેલા કર્મપ્રચયના ઉદ્બોધક તરીકે સ્વીકારે છે તે કથન સંગત નથી તે બતાવતા અર્થે પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

[ય.] વ્યાખ્યા-પ્રાયણમેવ પ્રાગ્ભવકૃતકર્મપ્રચયોદ્બોધકમિત્યપિ દુઃશિક્ષિતાભિધાનમ્, પુદ્ગલજીવભવક્ષેત્રવિપાકભેદેન કર્મણાં નાનાવિપાકત્વાદ્ધ્રુવવિપાક્યાયુષ્પ્રકૃતિવિપાકસ્ય પ્રાયણોદ્બોધ્યત્વેઽપિ સર્વત્ર તથા વક્તુમશક્યત્વાત્, દૃશ્યતે હિ નિદ્રાદિવિપાકોદ્બોધે કાલવિશેષસ્યાપિ હેતુત્વમ્, ન ચ દૃષ્ટેઽનુપપન્નં નામ, સ્વાનન્તરકર્મવિપાકોદ્બોધદ્વારા

प्रायणस्याग्रिमसन्तत्युद्बोधकत्वस्वीकारे चातिप्रसङ्गः, नानाभवसन्ततिद्वारघटनायास्तत्र तत्पूर्वं च वक्तुं शक्यत्वात्, प्रधानत्वमपि कर्मण एकायुष्परिग्रहं विना दुर्वचम्, न ह्येकत्र भवे नानागतियोग्यकर्मोपादानेऽन्ते इदमेव फलवदित्यत्रान्यन्नियामकमस्ति, आयुस्त्वेकत्र भवे एकवारमेव बध्यत इति तदनुसारेणान्ते तादृग्लेश्योपगमात्, "यल्लेश्यो म्रियते तल्लेश्येषूत्पद्यते" इति प्राग्भवबद्धमायुस्तादृशलेश्यया विपाकप्राप्तं प्रधानीभवदन्य-कर्माण्युपगृह्णातीति सर्वं (सं)गच्छते ।

અર્થ :

प्रायणमेव ..... सङ्गच्छते । પ્રાયણ જ પ્રાગ્ભવમાં કરાયેલા કર્મપ્રચયનો ઉદ્બોધક છે એ પણ દુઃશિક્ષિતનું અભિધાન છે અર્થાત્ પદાર્થવ્યવસ્થાના યથાર્થબોધના અભાવવાળાનું કથન છે; કેમ કે પુદ્ગલ, જીવ, ભવ અને ક્ષેત્રના વિપાકના ભેદથી કર્મોનું જુદું જુદું વિપાકપણું હોવાથી ભવવિપાકી એવી આયુષ્યની પ્રકૃતિના વિપાકનું પ્રાયણથી ઉદ્બોધ્યપણું હોવા છતાં પણ સર્વત્ર=ઉત્તરભવમાં આવતા સર્વકર્મોમાં, તે પ્રકારે કહેવા માટે અશક્યપણું છે.

આયુષ્યકર્મ સિવાય અન્ય કર્મોમાં પ્રાયણ ઉદ્બોધક નથી તેમ માનવા માટે યુક્તિ બતાવે છે –

જે કારણથી નિદ્રાદિના વિપાકના ઉદ્બોધમાં કાળવિશેષનું પણ હેતુપણું દેખાય છે અને દૃષ્ટમાં=નિદ્રાદિના વિપાકમાં રાત્રિ આદિ કાળવિશેષ હેતુ છે એ પ્રકારના દૃષ્ટમાં, અનુપન્ન કાંઈ નથી અર્થાત્ અસંગત કાંઈ નથી.

પાતંજલદર્શનકાર નિદ્રાદિવિષયસ્થળમાં પ્રાયણ જ ઉદ્બોધક છે તેમ સ્વીકારવા માટે કહે કે પ્રાયણનું પોતાનું પોતાના અનંતર કર્મના વિપાકના ઉદ્બોધ દ્વારા અગ્રિમસંતતિનું ઉદ્બોધકપણું છે, તેથી આખા ભવમાં જ્યારે જ્યારે નિદ્રાદિનો વિપાક આવે છે ત્યારે ત્યારે અનન્તર કર્મોના વિપાકના ઉદ્બોધ દ્વારા નિદ્રાદિના વિપાકનો પણ ઉદ્બોધક બને છે માટે પ્રાયણને જ પૂર્વભવમાં કરાયેલા કર્મપ્રચયનો ઉદ્બોધક સ્વીકારવામાં દોષ નથી. તેનું નિરાકરણ કરતાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

અને સ્વઅનન્તર કર્મવિપાકના ઉદ્બોધ દ્વારા પ્રાયણનું અગ્રિમસંતતિનું ઉદ્બોધકપણું સ્વીકારવામાં અતિપ્રસંગ છે=એક જન્મના કર્મને વિપાક આપીને ઉત્તર ઉત્તરના જન્મના વિપાક પ્રત્યે પ્રાયણને કારણ તરીકે સ્વીકારવાનો અતિપ્રસંગ છે; કેમ કે જુદા જુદા ભવની સંતતિની દ્વારઘટનાનું ત્યાં અને તત્પૂર્વ કહેવા માટે શક્યપણું છે.

વ્યાસઋષિપ્રણીત પાતંજલ ભાષ્યમાં કહેલ છે કે, જન્મ અને પ્રાયણના અતંરાલમાં કરાયેલું પુણ્ય અને પાપરૂપ કર્માશયના પ્રચય વિચિત્ર પ્રકારના પ્રધાન-ઉપસર્જનભાવથી રહેલો છે અને પ્રાયણથી અભિવ્યક્ત થયેલા એક પ્રઘટકથી કારણને સાધીને સમુચ્છિન્ન રહેલું તે કર્મ એક જ જન્મને કરે છે તેથી પાતંજલમતાનુસાર ભવ દરમ્યાન બંધાયેલા કેટલાક કર્મો પ્રધાન હોય છે માટે તે ભવમાં વિપાકમા

આવે છે અને કેટલાક ગૌણ હોય છે માટે તે ભવમાં વિપાકમાં આવતા નથી પરંતુ પ્રધાનના વિપાકમાં અંતર્ભાવ પામીને પ્રધાનના ફળને આપનારા થાય છે. આ પ્રકારનો પ્રધાન-ગૌણભાવ આયુષ્યકર્મથી જ થઈ શકે છે. એ સિવાય થઈ શકે નહિ અને વ્યાસઋષિએ આયુષ્યકર્મથી પ્રધાન-ગૌણભાવ થાય છે તેવું સ્થાપન કરેલ નથી. તેથી કહે છે –

એક આયુષ્યના પરિગ્રહ વગર કર્મનું પ્રધાનપણું પણ દુર્વચ છે.

કેમ આયુષ્યના પરિગ્રહ વગર કર્મનું પ્રધાનપણું દુર્વચ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ખરેખર કોઈ એક ભવમાં જુદી જુદી ગતિ યોગ્ય કર્મોનું ઉપાદાન હોવા છતાં તે ભવના અંતમાં જ આજ ગતિનું કર્મ ફળવાળું છે એ પ્રકારના સ્વીકારમાં અન્ય નિયામક નથી જ અર્થાત્ આયુષ્ય સિવાય અન્ય કોઈ કર્મ નિયામક નથી જ.

કઈ રીતે આયુષ્યકર્મ જુદી જુદી ગતિયોગ્ય કર્મમાંથી ઉત્તરના ભવમાં ઉત્તરના ભવની ગતિનું નિયામક બને છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

વળી આયુષ્યકર્મ તો એક ભવમાં એક વાર જ બંધાય છે એથી તેના અનુસારથી=આયુષ્યકર્મના અનુસારથી, અંતમાં=ભવના અંતમાં, તેવી લેશ્યાનો ઉપગમ હોવાથી અર્થાત્ "જે લેશ્યામાં જીવ મૃત્યુ પામે છે તે લેશ્યામાં ઉત્પન્ન થાય છે" એ પ્રકારના વચનથી ભવના અંતમાં તેવી લેશ્યાનો સ્વીકાર હોવાથી પૂર્વભવમાં બંધાયેલું આયુષ્ય તેવા પ્રકારની લેશ્યાથી વિપાકને પ્રાપ્ત કરીને પ્રધાનપણાને પામતું અન્ય કર્મોને ઉપગ્રહણ કરે છે અર્થાત્ તે આયુષ્યને અનુરૂપ સર્વ અન્ય કર્મોને વિપાકમાં લાવે છે એથી સર્વ સંગત થાય છે=સર્વ કર્મોમાં આયુષ્યકર્મ જ પ્રધાન સ્વીકારવાથી સર્વ સંગત થાય છે.

ભાવાર્થ :

પ્રાયણ જ પૂર્વભવકૃતકર્મપ્રચયનું ઉદ્બોધક છે એ વ્યાસમુનિનું કથન દુઃશિક્ષિત અભિધાન :

પાતંજલયોગસૂત્ર ઉપર વ્યાસમુનિ પ્રણીત ભાષ્યમાં કહેલ છે કે, પૂર્વભવમાં કરાયેલ કર્મના પ્રચયનો ઉદ્બોધક પ્રાયણ જ છે=મૃત્યુ જ છે. તેથી એ ફલિત થાય છે કે, દરેક જીવો વર્તમાન ભવમાં જે કર્મનો પ્રચય બાંધે છે તે વર્તમાન જન્મની સમાપ્તિરૂપ અને અન્ય જન્મની પ્રાપ્તિરૂપ પ્રાયણથી ઉત્તરના જન્મમાં ઉદ્બોધને પામે છે. આ કથન જિનવચનાનુસાર કર્મવ્યવસ્થાના અજ્ઞાનને કારણે વ્યાસમુનિએ કરેલ છે તેમનું તે કથન યુક્ત નથી તેમાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા યુક્તિ આપે છે –

પુદ્ગલવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી અને ક્ષેત્રવિપાકીના ભેદથી કર્મોનો જુદો જુદો વિપાક હોવાથી ભવવિપાકી વર્તમાન આયુષ્યપ્રકૃતિના વિપાકમાં પ્રાયણ ઉદ્બોધક હોવા છતાં સર્વ કર્મોના વિપાકમાં પ્રાયણ ઉદ્બોધક નથી તે કથનનું યુક્તિ દ્વારા સમર્થન :

જિનવચનાનુસાર કર્મો જુદા જુદા વિપાકવાળા છે, તેથી કેટલાક કર્મો પુદ્ગલમાં વિપાકને બતાવનારા છે, તો વળી કેટલાક કર્મો જીવમાં વિપાકને બતાવનારા છે, તો વળી કેટલાક કર્મો ભવમાં

વિપાકને બતાવનારા છે, તો વળી કેટલાક કર્મો ક્ષેત્રમાં વિપાકને બતાવનારા છે. તેમાંથી મનુષ્ય આકારસ્વરૂપ ભવમાં વિપાકને બતાવનાર મનુષ્યઆયુષ્ય પ્રકૃતિ છે. તે રીતે જે જે પ્રકારનો ભવ પ્રાપ્ત થાય તે તે ભવમાં વિપાકને બતાવનાર તે તે આયુષ્યકર્મની પ્રકૃતિ છે અને તે આયુષ્યકર્મની પ્રકૃતિનું પ્રાયણ ઉદ્‌બોધક છે; કેમ કે અન્ય જન્મનું આયુષ્ય બંધાયા પછી મૃત્યુ થાય છે ત્યારે ઉત્તરના ભવમાં તે આયુષ્યની પ્રકૃતિ વિપાકમાં આવે છે, આમ છતાં સર્વ પ્રકૃતિઓનો પ્રાયણ ઉદ્‌બોધક છે એમ જે વ્યાસઋષિ કહે છે તે સંગત નથી; કેમ કે સર્વ કર્મોનું પ્રાયણ ઉદ્‌બોધક નથી.

કેમ સર્વ કર્મોનું પ્રાયણ ઉદ્‌બોધક નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

નિદ્રાદિ કર્મના વિપાકના ઉદ્‌બોધમાં કાળવિશેષનું પણ હેતુપણું દેખાય છે અર્થાત્ રાત્રિ વગેરે કાળ હોય ત્યારે સામાન્યથી જીવોને નિદ્રાદિ કર્મોના વિપાક આવે છે તેથી નિદ્રાના વિપાક પ્રત્યે કાળ ઉદ્‌બોધક છે, પ્રાયણ ઉદ્‌બોધક નથી તેમ અનુભવને અનુસારે વ્યાસમુનિએ સ્વીકારવું જોઈએ.

સ્વઅનન્તરકર્મના વિપાકના ઉદ્‌બોધ દ્વારા પ્રાયણના અગ્રિમસંતતિના ઉદ્‌બોધકત્વના સ્વીકારમાં અતિપ્રસંગની પ્રાપ્તિ :

અહીં વ્યાસમુનિ નિદ્રાદિના વિપાકમાં પ્રાયણને ઉદ્‌બોધક સ્વીકારવા માટે કહે કે, પ્રાયણ પોતાના પછીના જન્મના પ્રથમ સમયે ઉદયને પ્રાપ્ત થતા કર્મના વિપાકનો ઉદ્‌બોધ કરે છે અને તેના દ્વારા ઉત્તરના જન્મની બીજી-ત્રીજી આદિ ક્ષણના કર્મોરૂપ અગ્રિમસંતતિનો ઉદ્‌બોધક પ્રાયણ બને છે, તેથી પ્રાયણ પછી અન્ય ભવનું કર્મ વિપાકમાં આવે છે અને તેના દ્વારા ત્યાર પછીનું કર્મ વિપાકમાં આવે છે, એ ક્રમ પ્રમાણે પ્રાયણને અનંતરકર્મના વિપાક દ્વારા આગળના સર્વ કર્મોના વિપાક પ્રત્યે કારણ સ્વીકારવાથી નિદ્રાદિનો ઉદ્‌બોધ થાય છે તે પણ પ્રાયણ દ્વારા જ થાય છે તેમ સંગત થશે; કેમ કે પ્રાયણ ઉત્તરના જન્મથી માંડીને નિદ્રાદિના કાળના અવધિ સુધી કર્મોના વિપાક દ્વારા નિદ્રાના આપાદક કર્મોના વિપાક પ્રત્યે કારણ તરીકે સ્વીકારી શકાશે, તેથી ઉત્તરના જન્મના સર્વ કર્મોના વિપાક પ્રત્યે પ્રાયણને કારણ સ્વીકારી શકાશે. એ પ્રકારના વ્યાસમુનિના કથનના નિરાકરણ માટે પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે –

પ્રાયણને પોતાના અનન્તરકર્મના વિપાકના ઉદ્‌બોધ દ્વારા અગ્રિમસંતતિનો ઉદ્‌બોધક સ્વીકારવામાં આવે તો પ્રાયણ જેમ ઉત્તરના કર્મના વિપાક દ્વારા અગ્રિમ સંતતિનો ઉદ્‌બોધક બને છે તેમ તે પ્રાયણને આખા ભવની સંતતિ દ્વારા ઉત્તરના ભવની સંતતિ પ્રત્યે પણ ઉદ્‌બોધક માનવાનો અતિપ્રસંગ આવશે; કેમ કે જેમ પ્રાયણ ઉત્તરના પ્રથમ સમયના કર્મના ઉદ્‌બોધ દ્વારા બીજા સમયના કર્મનો ઉદ્‌બોધક બને છે અને તે પ્રાયણ બીજા સમયના કર્મના ઉદ્‌બોધ દ્વારા ત્રીજા સમયના કર્મોનો ઉદ્‌બોધક બની શકે છે. તેમ એકભવના કર્મોના વિપાકના ઉદ્‌બોધ દ્વારા અંતે મૃત્યુ આપાદકકર્મનો પણ ઉદ્‌બોધક સ્વીકારી શકાશે અને તેના દ્વારા ઉત્તરના અન્ય ભવના વિપાકના ઉદ્‌બોધક તરીકે પણ પ્રથમના જ પ્રાયણને કારણરૂપે સ્વીકારી શકાય છે, તેથી પ્રાયણને એકભવના કર્મોના વિપાકના ઉદ્‌બોધક તરીકે સ્વીકારવાનું છોડીને એક જ પ્રાયણ ઘણા ઉત્તર ઉત્તરના અન્ય અન્ય ભવોના કર્મોનો ઉદ્‌બોધક

સ્વીકારવાનો અતિપ્રસંગ આવશે અને તે રીતે કોઈ ભવમાં થયેલા પ્રાયણથી નાના ભવની સંતતિ દ્વારા ઘણા પછીના ભવોમાં વિપાકમાં આવતા કર્મોના વિપાક પ્રત્યે પણ પૂર્વના જ પ્રાયણને ઉદ્‌બોધક સ્વીકારી શકાશે, તેથી પ્રાયણને પૂર્વભવમાં કરાયેલા કર્મ પ્રચયનો ઉદ્‌બોધક સ્વીકારવો ઉચિત નથી પરંતુ આયુષ્યકર્મનો જ ઉદ્‌બોધક પ્રાયણ છે તેમ સ્વીકારવું ઉચિત છે.

કર્મનું પ્રધાનપણું પણ એક આયુષ્યના સ્વીકાર વગર દુર્વચ :

વળી વ્યાસઋષિ કહે છે કે, એકભવમાં બંધાયેલો કર્મ પ્રચય હોય છે તે કર્મપ્રચયમાં કેટલાક કર્મો પ્રધાન હોય છે અને કેટલાક કર્મો ગૌણ હોય છે અને જે કર્મો પ્રધાન હોય છે તે ઉત્તર ભવમાં વિપાકમાં આવે છે તેને પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા કહે છે –

એક આયુષ્યકર્મને સ્વીકાર્યા વગર કર્મનું પ્રધાનપણું દુર્વચ છે. અર્થાત્ આયુષ્યકર્મની પ્રધાનતાને આધીન અન્ય કર્મની પ્રધાનતા છે, પરંતુ આયુષ્યકર્મ નિરપેક્ષ અન્ય કર્મની પ્રધાનતા નથી. તેથી જે આયુષ્ય બંધાયેલ હોય તેને અનુરૂપ સર્વકર્મોનો વિપાક પ્રાપ્ત થાય છે.

આયુષ્યકર્મની પ્રધાનતાનું સ્પષ્ટીકરણ :

સંસારી જીવો કોઈક એક ભવમાં જુદા જુદા કાળે જુદા જુદા અધ્યવસાયો કરીને જુદી જુદી ગતિ યોગ્ય કર્મો બાંધે છે, તેમાંથી ઉત્તરના ભવમાં અમુક જ કર્મ ફળવાળું થશે અન્ય નહીં, તેનું નિયામક આયુષ્ય છોડીને અન્ય કોઈ કર્મ નથી અને જે જીવો જે પ્રકારનું આયુષ્ય બાંધીને ઉત્તરના ભવમાં જાય છે તે જીવોમાં અનેક ગતિ યોગ્ય કર્મ બંધાયેલા હોવા છતાં તે આયુષ્યને અનુરૂપ જ કર્મ વિપાકમાં આવે છે અને આયુષ્યકર્મ એક ભવમાં એક વાર જ બંધાય છે અને તે આયુષ્યકર્મ અનુસાર તે ભવના અંતમાં તે જીવને તે લેશ્યાની પ્રાપ્તિ થાય છે, તેથી પૂર્વભવમાં બંધાયેલું આયુષ્યકર્મ તેવી લેશ્યાના વિપાકને પ્રાપ્ત કરીને ઉત્તરના ભવમાં બંધાયેલા સર્વ કર્મોમાં પ્રધાન બને છે અને તે કર્મના અનુસાર અન્ય સર્વ કર્મોને તે આયુષ્યકર્મ વિપાકમાં લાવે છે, તેથી આયુષ્યકર્મને પ્રધાન સ્વીકારવાથી સર્વ વ્યવસ્થા સંગત થાય છે.

વ્યાસઋષિ અનિયતવિપાકવાળા બંધાયેલા કર્મના વિષયમાં ત્રણ વિકલ્પો બતાવે છે –

(૧) કરાયેલું કર્મ વિપાકમાં આવતું નથી તેની પૂર્વે તે કર્મોનો નાશ થાય છે.

(૨) પ્રધાનકર્મમાં ગૌણ કર્મનું આવાપગમન થાય છે. જેમ-શાતા આપાદક પ્રધાન કર્મ વિપાકમાં આવે ત્યારે અશાતા આપાદક ગૌણકર્મ પ્રધાનકર્મમાં આવાપગમન પામે છે અર્થાત્ અંતર્ભાવ પામે છે.

(૩) નિયતવિપાકવાળા પ્રધાનકર્મથી અભિભૂત થયેલું તે કર્મ ચિરકાળ સુધી રહે છે.

આ ત્રણે વિકલ્પો કઈ રીતે સંગત થઈ શકે તે બતાવવા અર્થે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

[ય.] व्याख्या-प्रधानकर्मण्यावापगमनादिकमपि ।

''मूलप्रकृत्यभिन्नाः, सङ्क्रमयति गुणत उत्तराः प्रकृतीः ।
नन्वात्माऽमूर्तत्वादध्यवसायप्रयोगेण'' ॥

इत्याद्युक्तनीत्या सङ्क्रमविधिपरिज्ञानं विना नापादयितुं शक्यम्, अन्यथा किं कुत्र सङ्क्रामति ? इति विनिगन्तुमशक्यत्वात्, तस्मादत्रार्थेऽस्मत्कृतकर्मप्रकृतिवृत्तिं सम्यगवलोक्य वीतरागसिद्धान्तानुरोधि कर्माशयस्वरूपं व्याख्येयमिति कृतं विस्तरेण ॥

અર્થ :

પ્રધાનકર્મણિ ..... વિસ્તરેણ ॥ પ્રધાનકર્મમાં આવાપગમનાદિ પણ ''मूलप्रकृत्यभिन्नाः ..... अध्यवसायप्रयोगेण'' ઇત્યાદિ કહેવાયેલ નીતિથી સંક્રમવિધિના પરિજ્ઞાન વગર આપાદન કરવા માટે શક્ય નથી; કેમ કે અન્યથા=આ પ્રકારના કમ્મપયડીના પાઠને ગ્રહણ કર્યા વગર, ક્યું કર્મ ક્યાં સંક્રમ પામે છે એ પ્રમાણે વિનિગમના કરવા માટે=નિર્ણય કરવા માટે, અશક્યપણું છે. તે કારણથી આ અર્થમાં અમારા વડે કરાયેલ=પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ વડે કરાયેલ કર્મપ્રકૃતિની વૃત્તિનું સમ્યગ્ અવલોકન કરીને વીતરાગના સિદ્ધાંતને અનુરોધી એવા=અનુસરનાર એવા, કર્માશયનું સ્વરૂપ વ્યાખ્યાન કરવું જોઈએ.

ઇતિ શબ્દ પાતંજલયોગસૂત્ર ૨-૧૩ની પૂજ્ય ઉપાધ્યાય મહારાજની વ્યાખ્યારૂપ ટિપ્પણીની સમાપ્તિ-સૂચક છે. વિસ્તારથી સર્યું.

કર્મપ્રકૃતિનો ''मूलप्रकृत्यभिन्नाः ..... अध्यवसायप्रयोगेण ॥ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –

''**मूलप्रकृति ..... प्रयोगेण**'' ॥ "મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી=જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી ઉત્તરપ્રકૃતિઓને જીવ આત્માનું અમૂર્તપણું હોવાથી અધ્યવસાયના પ્રયોગથી પ્રકૃતિના ગુણથી=યોગ્યતા અનુસાર, સંક્રમણ કરે છે."

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ઉપર વ્યાસરચિત ભાષ્ય અનુસાર અનિયતવિપાકવાળા કર્મોના ત્રણ પ્રકારો :

પાતંજલયોગસૂત્ર ઉપર રચાયેલ વ્યાસના ભાષ્ય અનુસાર અનિયતવિપાકવાળા કર્મો ત્રણ પ્રકારના છે :-

(૧) પૂર્વમાં કરાયેલા એવા કર્મો, જેનો પક્વકાળ થયો નથી તેની પૂર્વે જ તે કર્મોનો નાશ થાય છે.

જૈન પ્રક્રિયા અનુસાર તે બંધાયેલું કર્મ અપવર્તનાકરણ દ્વારા ઉદયાવલિકામાં પ્રક્ષેપ કરીને જીવ નાશ કરે છે. આ રીતે અપક્વકર્મોનો નાશ કરીને જીવ કર્મની સ્થિતિ અલ્પ કરે છે, તેનાથી ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

(૨) કેટલાક કર્મો પ્રધાનકર્મમાં આવાપગમન પામે છે.

જેમ-કોઈક જીવે ચારેય ગતિના નામકર્મને બાંધેલું હોય છતાં મનુષ્યભવને આધીન ઉદયમાં

પામેલ મનુષ્યગતિરૂપ પ્રધાન કર્મમાં બાકીના ત્રણ ગતિનામકર્મરૂપ કર્મોની પ્રકૃતિનું આવાપગમન થાય છે, તેથી મનુષ્યગતિના વિપાકમાં અંતર્ભાવ પામીને તે ત્રણે ગતિના કર્મોનો ભોગ થાય છે.

જૈનદર્શન પ્રક્રિયા અનુસાર મનુષ્ય આયુષ્યવાળા જીવને મનુષ્યગતિ સિવાયની ત્રણ ગતિઓ સ્તિબુકસંક્રમણથી મનુષ્યગતિમાં સંક્રમણ પામે છે.

આ પ્રક્રિયાને વ્યાસઋષિ પ્રધાનકર્મમાં આવાપગમન કહે છે.

(૩) નિયતવિપાકવાળા પ્રધાનકર્મથી અભિભૂત થયેલું તે કર્મ ચિરકાળ સુધી અવસ્થાને પામે છે.

જેમ-અર્હદ્દત્તના જીવે ગુરુ પ્રત્યે ઈષદ્ દ્વેષ કરીને દુર્લભબોધિ કર્મ બાંધેલું. ત્યારપછી સંયમની સમ્યગ્ આરાધના કરીને જિનવચનમાં સ્થિર રુચિ કરીને સુલભબોધિ એવું કર્મ બાંધ્યું.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર કોટાકોટી કર્મની સ્થિતિનો અબાધાકાળ સો વર્ષનો હોય છે, આમ છતાં તે અર્હદ્દત્તના જીવને અબાધકાળના સો વર્ષ પછી તે દુર્લભબોધિ કર્મ વિપાકમાં આવ્યું નહીં પરંતુ પછીના દેવભવ દરમ્યાન સુલભબોધિ કર્મ વિપાકમાં આવ્યું તેથી ભગવાનના વચનમાં સ્થિર રુચિ વર્તતી હતી, તેથી તે દેવભવમાં નિયતવિપાકવાળા પ્રધાન એવા સુલભબોધિ કર્મથી અભિભૂત થયેલું એવું દુર્લભબોધિકર્મ ચિરકાળ સુધી અવસ્થાન પામી અને દેવભવના ઉત્તરના ભવમાં તે વિપાકમાં આવ્યું.

વ્યાસઋષિએ કરેલા ત્રણે ભેદોના ઉચિત યોજન માટે કર્મપ્રકૃતિના ઉદ્ધરણથી કહેલી સંક્રમવિધિનું જ્ઞાન આવશ્યક :

આ ત્રણેય પ્રકારના વ્યાસઋષિએ કરેલા ભેદોની સંગતિ "मूलप्रकृत्यभिन्नाः ... ઈત્યાદિ કહેવાયેલી નીતિથી સંક્રમની વિધિના પરિજ્ઞાન વગર કહેવા માટે શક્ય નથી; કેમ કે જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર જ્ઞાન કરવામાં ન આવે તો કઈ પ્રકૃતિ ક્યાં સંક્રમણ પામે છે તેનો નિર્ણય થઈ શકે નહીં, માટે વ્યાસઋષિએ કરેલા ત્રણેય ભેદોનું ઉચિત યોજન કરવા માટે સંક્રમણવિધિનું જ્ઞાન આવશ્યક છે, તેથી આ અર્થમાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે રચેલ કર્મપ્રકૃતિની વૃત્તિનું સમ્યગ્ અવલોકન કરવું જોઈએ અને વીતરાગના સિદ્ધાંતને અનુસાર કર્માશયનું વ્યાખ્યાન કરવું જોઈએ, તેથી જ્ઞાન થાય છે કે, અન્ય દર્શનકારોએ કર્મના વિષયમાં યત્કિંચિત્ માર્ગાનુસારી ઊહ કરેલ હોવા છતાં જિનવચન જેવું પરિશુદ્ધ કર્મપ્રકૃતિનું વર્ણન ક્યાંય પ્રાપ્ત થતું નથી.

અવતરણિકા :

उक्तानां कर्मफलत्वेन जात्यादीनां स्वकारणकर्मानुसारेण कार्यकर्तृत्वमाह –

અવતરણિકાર્થ :

કર્મના ફળપણાથી કહેવાયેલા જાતિ વગેરેનું પોતાના કારણ એવા કર્મના અનુસારથી કાર્યનું કર્તૃપણું છે તેને કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૩માં કર્માશયના જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ત્રણ વિપાકો બતાવ્યા. તેથી ફલિત થાય છે કે, જાતિ વગેરે કર્મના ફળો છે. વળી તે જાતિ વગેરે જીવમાં સુખ-દુઃખરૂપ કાર્ય કરે છે, તે સુખ-દુઃખરૂપ કાર્ય પોતાના કારણ એવા કર્મના અનુસારે કરે છે તે બતાવવા માટે કહે છે –

સૂત્ર :

ते ह्लादपरितापफलाः पुण्यापुण्यहेतुत्वात् ॥२-१४॥

સૂત્રાર્થ :

પુણ્યરૂપ અને અપુણ્યરૂપ હેતુપણું હોવાથી તે=જાતિ વગેરે, આહ્લાદ અને પરિતાપ ફળવાળા છે. ॥૨-૧૪॥

ટીકા :

'ते इति'-ह्लादः=सुखं, परितापो=दुःखं, ह्लादपरितापौ फलं येषां ते तथोक्ताः, पुण्य=कुशलं कर्म, तद्विपरीतमपुण्यं, ते पुण्यापुण्ये कारणं येषां ते (तथा) तेषां भावस्तस्मात् एतदुक्तं भवति-पुण्यकर्मारब्धा जात्यायुर्भोगा ह्लादफला अपुण्यकर्मारब्धास्तु परितापफलाः, एतच्च प्राणिमात्रापेक्षया द्वैविध्यम् ॥२-१४॥

ટીકાર્થ :

ह्लादः ..... तस्मात्, ह्लाद=सुख, परिताप=दुःख, ह्लाद=आह्लाद અને પરિતાપ ફળ છે જેઓને તે તેવા કહેવાયેલા છે=આહ્લાદફળવાળા અને પરિતાપફળવાળા કહેવાયેલા છે.

પુણ્ય=કુશળ કર્મ, અને તેનાથી વિપરીત=પુણ્યથી વિપરીત અપુણ્ય તે=પુણ્ય અને અપુણ્ય કારણ છે જેઓને તે તેવા છે=પુણ્ય અને અપુણ્ય હેતુવાળા છે તેનો ભાવ પુણ્યહેતુપણું અને અપુણ્યહેતુપણું, તેનાથી=પુણ્યહેતુપણાથી અને અપુણ્યહેતુપણાથી જાતિ વગેરે આહ્લાદફળવાળા અને પરિતાપફળવાળા છે, એમ અન્વય છે.

एतदुक्तं भवति – આ કહેવાયેલું થાય છે=સૂત્રના કથનથી આ કહેવાયેલું થાય છે.

पुण्य ..... द्वैविध्यम् ॥ પુણ્યકર્મથી આરબ્ધ એવા જાતિ, આયુષ્ય અને ભોગો આહ્લાદ ફળવાળા છે. વળી અપુણ્યકર્મથી આરબ્ધ એવા જાતિ, આયુષ્ય અને ભોગો, પરિતાપફળવાળા છે અને આ પ્રાણીમાત્રની અપેક્ષાએ દ્વૈવિધ્ય છે=બે પ્રકારે છે. ॥૨-૧૪॥

ભાવાર્થ :

કર્માશયનાં ફળસ્વરૂપ જાતિ, આયુષ્ય અને ભોગ પુણ્યરૂપ અને અપુણ્યરૂપ હેતુથી આહ્લાદફળ અને પરિતાપફળ :

પાતંજલદર્શનકારે સૂત્ર ૨-૧૩માં કહેલું કે, કર્મનો વિપાક જાતિ, આયુષ્ય અને ભોગ એ ત્રણ ફળસ્વરૂપ છે. તે જાતિ, આયુષ્ય અને ભોગ પુણ્યકર્મથી પણ પ્રાપ્ત થાય છે અને પાપકર્મથી પણ પ્રાપ્ત થાય છે, તેથી જે જીવોને પુણ્યકર્મથી સુંદર જાતિ વગેરે પ્રાપ્ત થાય છે તે જીવોને આનંદ આપવાના ફળવાળા છે અને જે જીવોને પાપકર્મના ઉદયથી અસુંદર જાતિ વગેરે પ્રાપ્ત થાય છે તે જીવોને પરિતાપ આપવાના ફળવાળા છે, આથી જ દેવોને તે જાતિ વગેરે પુણ્યના કારણે મળે છે, તેથી દેવના જીવોને તે જાતિ આદિ અત્યંત આહ્લાદનું કારણ બને છે અને નારકોને તે જાતિ વગેરે અત્યંત પાપના કારણે મળે છે, તેથી નરકના જીવોને તે જાતિ આદિ અત્યંત પરિતાપનું કારણ બને છે. **॥૨-૧૪॥**

અવતરણિકા :

યોગિનસ્તુ સર્વં દુઃખમિત્યાહ –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૫માં કહ્યું કે, પુણ્યથી મળેલ જાતિ વગેરે આહ્લાદફળવાળા છે અને પાપથી મળેલ જાતિ વગેરે પરિતાપફળવાળા છે, તેથી હવે યોગીને સર્વ=પુણ્યથી કે પાપથી મળેલ સર્વ જાતિ વગેરે, દુઃખરૂપ જણાય છે એ બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :

परिणामतापसंस्कारैर्गुणवृत्तिविरोधाच्च दुःखमेव सर्वं विवेकिनः ॥२-१५॥

સૂત્રાર્થ :

પરિણામને કારણે, તાપને કારણે, સંસ્કારને કારણે અને ગુણવૃત્તિના વિરોધને કારણે સર્વ=પુણ્ય અને પાપ એ બંનેથી મળેલ સર્વ જાતિ વગેરે, વિવેકીને દુઃખ જ છે. ॥૨-૧૫॥

ટીકા :

'परिणामेति'-विवेकिनः=परिज्ञातक्लेशादिविवेकस्य परिदृश्यमानं सकलमेव भोगसाधनं सविषं स्वाद्वन्नमिव दुःखमेव प्रतिकूलवेदनीयमेवेत्यर्थः, यस्मादत्यन्ताभिजातो योगी दुःखलेशेनाप्युद्विजते, यथाऽक्षिपात्रमूर्णातन्तुस्पर्शमात्रेणैव महतीं पीडामनुभवति नेतरदङ्गं तथा विवेकी स्वल्पदुःखानुबन्धेनापि उद्विजते कथमित्याह-परिणामताप-संस्कारदुःखैः, विषयाणामुपभुज्यमानानां यथायथं गर्धाभिवृद्धेस्तदप्राप्तिकृतस्य

दुःखस्यापरिहार्यतया दुःखान्तरसाधनत्वाच्चास्त्येव दुःखरूपतेति परिणामदुःखत्वम्, उपभुज्यमानेषु सुखसाधनेषु तत्प्रतिपन्थिनं प्रति द्वेषस्य सर्वदैवावस्थितत्वात् सुखानुभवकालेऽपि तापदुःखं दुष्परिहरमिति तापदुःखता, संस्कारदुःखत्वं च स्वाभिमतानभिमतविषयसन्निधाने सुखसंविद् दुःखसंविच्चोपजायमाना तथाविधमेव स्वक्षेत्रे संस्कारमारभते, संस्काराच्च पुनस्तथाविधसंविदनुभव इत्यपरिमितसंस्कारोत्पत्तिद्वारेण संसारानुच्छेदात् सर्वस्यैव दुःखत्वम्, गुणवृत्तिविरोधाच्चेतिगुणानां सत्त्वरजस्तमसां या वृत्तयः सुखदुःखमोहरूपाः परस्परमभिभाव्याभिभावकत्वेन विरुद्धा जायन्ते तासां सर्वत्रैव दुःखानुवेधाद् दुःखत्वम् । एतदुक्तं भवति-ऐकान्तिकीमात्यन्तिकीं च दुःखनिवृत्तिमिच्छतो विवेकिन उक्तरूपकारणचतुष्टयात् सर्वे विषया दुःखरूपतया प्रतिभान्ति तस्मात् सर्वकर्मविपाको दुःखरूप एवेत्युक्तं भवति ॥२-१५॥

ટીકાર્થ :

विवेकिनः ..... उद्विजते, વિવેકીને=પરિજ્ઞાતક્લેશાદિવિવેકવાળા જીવને=જાણ્યો છે ક્લેશાદિનો વિવેક જેમણે એવા જીવને, परिदृश्यमान=દેખાતું એવું સકલ, જ ભોગનું સાધન વિષસહિત એવા સ્વાદિષ્ટ અન્નની જેમ દુઃખ જ છે=પ્રતિકૂળ વેદનીય જ છે, જે કારણથી અત્યંત અભિજાત એવા યોગી અર્થાત્ તત્ત્વને જોવામાં અત્યંત ઉપયોગવાળા એવા યોગી દુઃખના લેશથી પણ ઉદ્વેગ પામે છે.

જે પ્રમાણે-અક્ષિપાત્ર=આંખોનું પાત્ર, ઊર્ણાતંતુના સ્પર્શમાત્રથી જ મોટી પીડાને અનુભવે છે. ઇતર અંગ અનુભવતું નથી. તે પ્રમાણે-વિવેકી જીવ અલ્પ દુઃખના અનુબંધથી પણ ઉદ્વેગ પામે છે.

कथमित्याह- કેવી રીતે વિવેકી જીવ સ્વલ્પ દુઃખના અનુબંધથી ઉદ્વેગ પામે છે તે કહે છે –

परिणाम ..... दुःखैः, પરિણામ, તાપ અને સંસ્કારના દુઃખો વડે ઉદ્વેગ પામે છે એમ અન્વય છે.

યોગીને પરિણામથી જાતિ વગેરેથી પ્રાપ્ત ભોગો કઈ રીતે દુઃખરૂપ પ્રતીત થાય છે તે બતાવે છે –

विषयाणाम् ..... परिणामदुःखत्वम्, ભોગવાતા વિષયોની યથાયોગ્ય ગૃદ્ધિની=આસક્તિની, અભિવૃદ્ધિ હોવાથી તેની અપ્રાપ્તિકૃત=વિષયોની અપ્રાપ્તિકૃત, દુઃખનું અપરિહાર્યપણું હોવાના કારણે અર્થાત્ અત્યાગ હોવાને કારણે, અને દુઃખાંતરનું સાધનપણું હોવાને કારણે=ભોગવાતા વિષયોનું અન્ય દુઃખનું સાધનપણું હોવાને કારણે, દુઃખરૂપતા છે જ, એથી પરિણામથી દુઃખપણું છે.

યોગીને તાપથી જાતિ વગેરેથી પ્રાપ્ત ભોગો કઈ રીતે દુઃખરૂપ પ્રતીત થાય છે તે બતાવે છે –

उपभुज्यमानेषु ..... तापदुःखता, ભોગવાતા સુખના સાધનોમાં તેના પ્રતિપંથી પ્રત્યે=સુખના સાધનના વ્યાઘાતક પ્રત્યે, દ્વેષનું સર્વદા=હંમેશા અવસ્થિતપણું હોવાથી સુખના અનુભવકાળમાં પણ તાપનું દુઃખ દુષ્પરિહર છે=દુઃખેથી ત્યાજ્ય છે, એથી તાપથી દુઃખપણું છે.

યોગીને સંસ્કારથી જાતિ વગેરેથી પ્રાપ્ત ભોગો કઈ રીતે દુઃખરૂપ પ્રતીત થાય છે તે બતાવે છે –

संस्कार... दुःखत्वम्, અને સંસ્કારથી દુઃખપણું સ્વઅભિમત અને અનભિમત એવા વિષયોના સંનિધાનમાં સુખની સંવિત્=સુખનું સંવેદન, અને દુઃખની સંવિત્=દુઃખનું સંવેદન થતું તેવા પ્રકારનું જ સ્વક્ષેત્રમાં સંસ્કારનો આરંભ કરે છે અને વળી સંસ્કારથી તેવા પ્રકારના સંવેદનનો અનુભવ થાય છે એથી અપરિમિત એવા સંસ્કારની ઉત્પત્તિ દ્વારા સંસારનો અનુચ્છેદ થવાથી સર્વનું જ=પુણ્ય અને પાપના ફળરૂપ જાતિ વગેરે સર્વનું જ, દુઃખપણું છે.

યોગીને ગુણવૃત્તિના વિરોધથી જાતિ વગેરેથી પ્રાપ્ત ભોગો કઈ રીતે દુઃખરૂપ પ્રતીત થાય છે તે બતાવે છે –

गुणवृत्ति ..... दुःखत्वम्। અને ગુણવૃત્તિના વિરોધથી દુઃખપણું=સત્ત્વ, રજ અને તમોરૂપ ગુણોની જે સુખ, દુઃખ અને મોહરૂપ વૃત્તિઓ પરસ્પર અભિભાવ્ય-અભિભાવકપણાથી વિરુદ્ધ થાય છે તેઓમાં=ત્રણે પ્રકારની ગુણવૃત્તિઓમાં, સર્વત્ર જ દુઃખનો અનુવેધ હોવાના કારણે દુઃખપણું છે અર્થાત્ સંસારના સર્વ ભોગોમાં દુઃખપણું છે.

एतदुक्तं भवति – આ કહેવાયેલું થાય છે – સૂત્રના કથનથી આગળમાં જે કહેવાય છે તે કહેવાયેલું થાય છે –

एकान्तिकीम् ..... भवति ॥ અને ઐકાંતિકી અને આત્યન્તિકી દુઃખની નિવૃત્તિને ઇચ્છતા એવા વિવેકી પુરુષને કહેવાયેલા સ્વરૂપવાળા કારણ ચતુષ્ટયને કારણે=પરિણામથી, તાપથી, સંસ્કારથી અને ગુણવૃત્તિના વિરોધથી એ ચાર કારણોથી, સર્વ વિષયો દુઃખરૂપતાથી પ્રતીત થાય છે, તે કારણથી સર્વકર્મનો વિપાક દુઃખરૂપ જ છે એ પ્રમાણે કહેવાયેલું થાય છે. ॥૨-૧૫॥

ભાવાર્થ :

યોગીને પુણ્યથી કે પાપથી મળેલ જાતિ, આયુષ્ય અને ભોગરૂપ સર્વમાં દુઃખરૂપતાની પ્રતીતિ :

યોગીઓ સંસારના સ્વરૂપને પારમાર્થિક રીતે જોનારા હોય છે, તેથી સંસારના ભોગોમાં કેવા પ્રકારના ક્લેશાદિ છે તેનું જ્ઞાન તેઓને વર્તે છે, તેથી દેખાતા સર્વ ભોગોના સાધનો તેઓને વિષયુક્ત સુંદર ભોજનની જેમ દુઃખરૂપ જ જણાય છે અર્થાત્ જેમ વિષયુક્ત ભોજન ભોગકાળમાં રમ્ય લાગે છે, પરંતુ ખાનારના પ્રાણનો નાશ કરતા હોવાથી દુઃખરૂપ છે તેમ પુણ્યથી મળેલા ભોગો ભોગકાળમાં રમ્ય હોવા છતાં આત્માના મોહથી અનાકુલ સ્વરૂપનો નાશ કરતાં હોવાથી દુઃખરૂપ જ જણાય છે.

સંસારના ભોગ સુખોને વિવેકી યોગીઓ કઈ રીતે યથાર્થ જોનારા છે તે બતાવતા માટે પરિણામાદિ ચાર કારણોથી તે સર્વ ભોગો દુઃખરૂપ છે તેમ બતાવે છે.

(૧) પરિણામને કારણે પુણ્ય અને પાપ બંનેથી મળેલ જાતિ આદિમાં યોગીને દુઃખરૂપતાની પ્રતીતિ :

સંસારી જીવો ભોગોને ભોગવે છે, ત્યારે ભોગકાળમાં તે ભોગ પ્રત્યે ગૃદ્ધિ થાય છે, તેથી અધિક પ્રાપ્તિની ઇચ્છા થાય છે અને અધિક પ્રાપ્તિકૃત દુઃખ ત્યાં વર્તે છે, તેથી પરિણામથી ભોગમાં દુઃખ

છે. વળી તે ભોગની પ્રવૃત્તિથી પાપ બંધાય છે, તેથી દુઃખાન્તરની પ્રાપ્તિ થાય છે અને દુઃખાન્તરની પ્રાપ્તિનું કારણ ભોગ છે માટે પરિમાણથી યોગીને સર્વ ભોગો દુઃખરૂપ જણાય છે.

(૨) તાપને કારણે પુણ્ય અને પાપ બંનેથી મળેલ જાતિ આદિમાં યોગીને દુઃખરૂપતાની પ્રાપ્તિ :

સંસારી જીવો ભોગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તે ભોગસાધનોના વિઘાતને કરનારા સાધનો પ્રત્યે દ્વેષ વર્તે છે, તેથી ભોગસુખના અનુભવકાળમાં દ્વેષના તાપનો પરિહાર થતો નથી માટે તાપથી યોગીને સર્વ ભોગો દુઃખરૂપ જણાય છે.

(૩) સંસ્કારને કારણે પુણ્ય અને પાપ બન્નેથી મળેલ જાતિ આદિમાં યોગીને દુઃખરૂપતાની પ્રાપ્તિ :

સંસારી જીવોને પોતાને ઇષ્ટ કે અનિષ્ટ વિષયોનું સંનિધાન થાય છે ત્યારે સુખ અને દુઃખનું સંવેદન થાય છે અને તે સુખ અને દુઃખના સંવેદનના તેવા પ્રકારના સંસ્કારો આત્મામાં પડે છે અને તે સંસ્કારને કારણે ફરી તેવા પ્રકારના સંવેદનોનો અનુભવ થાય છે. આ રીતે અપરિમિત સંસ્કારોની ઉત્પત્તિ દ્વારા સંસારનો અનુચ્છેદ થાય છે અને સંસાર જન્મ-મરણના ક્લેશરૂપ છે, તેથી તે સંસારના અનુચ્છેદના કારણીભૂત સંસ્કારોને કારણે યોગીને સર્વ ભોગો દુઃખરૂપ જણાય છે.

(૪) ગુણવૃત્તિના વિરોધને કારણે પુણ્ય અને પાપ બન્નેથી મળેલ જાતિ આદિમાં યોગીને દુઃખરૂપતાની પ્રાપ્તિ :

ગુણો પાતંજલદર્શનમતાનુસાર સત્ત્વ, રજસ અને તમસ્‌રૂપ છે અને તે ગુણોની વૃત્તિ સુખ, દુઃખ અને મોહરૂપ છે અર્થાત્ સત્ત્વગુણની વૃત્તિ સુખરૂપ છે, રજોગુણની વૃત્તિ દુઃખરૂપ છે અને તમોગુણની વૃત્તિ મોહરૂપ છે. આ ત્રણેય વૃત્તિઓ પરસ્પર એકબીજાનો અભિભવ કરે છે, તેથી સત્ત્વપ્રધાન એવી વૃત્તિથી સુખના અનુભવકાળમાં પણ અલ્પમાત્રમાં રહેલ રજોગુણની વૃત્તિ સત્ત્વવૃત્તિનો અભિભવ કરે છે, તેથી જેમ દૂધથી ભરેલા ઘડામાં થોડો પણ લીમડાનો રસ પડ્યો હોય તો તે અંશથી તે દૂધ કાંઈક લીમડાના સ્વાદવાળું છે. તેમ સંસારના સુખો પણ રજોગુણની વૃત્તિથી અને તમોગુણની વૃત્તિથી હણાયેલા હોવાના કારણે દુઃખના અનુવેધવાળા હોવાથી યોગીને સર્વ ભોગો દુઃખરૂપ જણાય છે.

આ સર્વ કથનથી શું ફલિત થાય છે સ્પષ્ટ કરતાં કહે છે –

પરિણામથી, તાપથી, સંસ્કારથી અને ગુણવૃત્તિના વિરોધથી સર્વ વિષયો વિવેકી એવા યોગીને દુઃખરૂપ પ્રતીત થવાને કારણે સર્વ કર્મના વિપાકની દુઃખરૂપે પ્રતીતિ :

વિવેકી એવા યોગીઓ એકાન્તિકી અને આત્યાન્તિકી એવી દુઃખનિવૃત્તિને ઇચ્છે છે અને સંસારના સર્વ વિષયો પરિણામ આદિ ચારને કારણે તેઓને દુઃખરૂપ પ્રતિભાસ થાય છે માટે વિવેકી યોગીઓને સર્વ કર્મનો વિપાક દુઃખરૂપ જ પ્રતીત થાય છે. **॥૨-૧૫॥**

પાતંજલયોગસૂત્ર ૨-૧૫ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-પ્રકૃતં પસ્તુમઃ

અર્થ :

પ્રકૃતને અમે પ્રસ્તુત કરીએ છીએ અર્થાત્ પાતંજલસૂત્ર-૨-૧૫માં કહેલ પ્રકૃતને અમે પ્રસ્તુત કરીએ છીએ –

[य.] व्याख्या-निश्चयनयमतमेतद्, यदुपजीव्याह स्तुतौ महावादी-

"भवबीजमनन्तमुज्झितं विमलज्ञानमनन्तमर्जितम् ।

न च हीनकलोऽसि नाधिकः समतां नाप्यतिवृत्त्य वर्तसे" ॥१॥ **इति ।**

અર્થ :

निश्चयनयमतम् ..... महावादी - આ નિશ્ચયનયનો મત છે=પરિણામાદિ ચારના કારણે વિવેકીને સર્વ જ દુઃખ છે એમ જે પાતંજલયોગસૂત્ર ૨-૧૫માં કહ્યું એ નિશ્ચયનયનો મત છે, જેને ઉપજીવ્ય=આશ્રયીને મહાવાદી સ્તુતિમાં કહે છે –

"भवबीज ..... वर्तसे" ॥ **इति ।** અનંત એવું ભવનું બીજ ત્યાગ કરાયું, અનંત એવું નિર્મળ જ્ઞાન પ્રાપ્ત કરાયું અને તું હીન કળાવાળો નથી, સમતાને અતિવર્તન કરીને=ઉલ્લંઘીને વર્તતો નથી."

इति શબ્દ મહાવાદીની સ્તુતિના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ભાવાર્થ :

પરિણામાદિ ચારના કારણે વિવેકીને સર્વ દુઃખરૂપ છે એ નિશ્ચયનયનો મત :

પતંજલિઋષિએ પરિણામાદિ ચાર કારણોને લીધે વિવેકીને સંસારના સર્વભોગો દુઃખરૂપ છે એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૨-૧૫માં સ્થાપન કર્યું એ કથન નિશ્ચયનયનો મત છે; કેમ કે નિશ્ચયનનય સૂક્ષ્મ પદાર્થને જોનાર છે, તેથી સંસારના સુખમાં લેશ પણ દુઃખનો અંશ હોય તો તેને દુઃખરૂપ જ સ્વીકારે છે; કેમ કે વિવેકી પુરુષ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરે તો લેશ પણ દુઃખ વગરનું સુખ તેમને વાસ્તવિક સુખરૂપ જણાય છે અને ઘણા સુખમાં પણ અલ્પ દુઃખ હોય તોપણ તે સુખ તેમને દુઃખરૂપ જણાય છે, આથી જ અનુત્તરવાસી જીવોને સંસારના સર્વ અન્ય સુખો કરતાં અતિશયિત સુખ છે તોપણ સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી ચ્યવનનું દુઃખ છે. વળી કાંઈક શ્રાંતપણું, પડખું ફેરવવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. તે અંશથી દુઃખથી અનુવિદ્ધ હોવાના કારણે સર્વાર્થસિદ્ધના સુખને પણ દુઃખરૂપે સ્વીકારે છે, ફક્ત મોક્ષના સુખને સુખરૂપે નિશ્ચયનય સ્વીકારે છે.

નિશ્ચયનય મોક્ષના સુખને સુખરૂપ સ્વીકારે છે તે કથન ઉપર જીવનાર એવી સ્તુતિ મહાવાદી એવા પૂજ્ય આચાર્યભગવંત સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ કહે છે –

"ભગવાને અનંત એવા ભવબીજનો ત્યાગ કર્યો છે છતાં તે ત્યાગના કારણે તેઓ હીનકળાવાળા થયા નથી. વળી વિમલ=નિર્મળ એવું કેવલજ્ઞાન ઉપાર્જિત કર્યું છે છતાં કાંઈ અધિક થયા નથી, પરંતુ આત્માના સમતા સ્વરૂપને છોડીને વર્તતા નથી."

આનાથી એ ફલિત થાય છે કે, સિદ્ધમાં સમતાનું સુખ છે તે સુખ જ પૂર્ણ સુખ છે અને તે સુખ જ નિશ્ચયનયને સુખરૂપે અભિમત છે. તેના સિવાય સર્વ સંસારનું સુખ દુઃખથી અનુવિદ્ધ હોવાના કારણે દુઃખરૂપ જ અભિમત છે અને આને આશ્રયીને જ "सर्वं पुण्यफलं दुःखम्" એ પ્રકારનું વચન પ્રવર્ત્યું છે.

अवतरणिका :

तदेवमुक्तस्य क्लेशकर्माशयविपाकराशेरविद्याप्रभवत्वादविद्यायाश्च मिथ्याज्ञानरूपतया सम्यग्ज्ञानोच्छेद्यत्वात्सम्यग्ज्ञानस्य च साधनहेयोपादेयावधारणरूपत्वात्तदभिधानायाऽऽह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૨થી અત્યારસુધી વર્ણન કર્યું તે પ્રમાણે કહેવાયેલા ક્લેશરૂપ કર્માશય-વિપાકરાશિનું અવિદ્યાપ્રભવપણું હોવાથી અને અવિદ્યાનું મિથ્યાજ્ઞાનરૂપપણું હોવાથી સમ્યગ્જ્ઞાનથી ઉચ્છેદ્યપણું હોવાને કારણે અને સમ્યગ્જ્ઞાનનું સાધનના વિષયમાં હેયનું અને ઉપાદેયનું અવધારણરૂપપણું હોવાથી=નિર્ણયરૂપપણું હોવાથી, તેને કહેવા માટે=હેય, ઉપાદેય આદિને કહેવા માટે પતંજલિઋષિ કહે છે –

सूत्र :

हेयं दुःखमनागतम् ॥२-१६॥

सूत्रार्थ :

અનાગત એવું દુઃખ હેય છે. ॥૨-૧૬॥

टीका :

'हेयमिति'-भूतस्यातिक्रान्तत्वादनुभूयमानस्य च त्यक्तुमशक्यत्वादनागतमेव संसारदुःखं हातव्यमित्युक्तं भवति ॥२-१६॥

टीकार्थ :

भूतस्य ..... भवति ॥ ભૂતના દુઃખનું અવિક્રાંતપણું હોવાથી તે દુઃખ હેય બને નહિ અને અનુભૂયમાન= અનુભવાતા એવા, દુઃખના ત્યાગ માટે અશક્યપણું હોવાથી તે દુઃખ હેય બને નહિ, તેથી અનાગત જ સંસારનું દુઃખ હાતવ્ય છે=જીવ માટે ત્યાગ કરવા યોગ્ય છે, એ પ્રમાણે સૂત્રથી કહેવાયેલું થાય છે. ॥૨-૧૬॥

भावार्थ :

અનાગત એવું સંસારનું દુઃખ હેય :

સંસારી જીવોને ભાવિનું સંસારનું દુઃખ હેય છે માટે તેનું સમ્યગ્જ્ઞાન કરીને તેના ત્યાગ માટે

ઉદ્યમ કરવો જોઈએ, તે બતાવવા માટે પ્રસ્તુત સૂત્રમાં કહ્યું કે સંસારી જીવો માટે અનાગત=ભવિષ્યકાળનું, દુઃખ હેય છે. **॥૨-૧૬॥**

અવતરણિકા :

हेयहेतुमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૬માં કહ્યું કે સંસારી જીવ માટે અનાગત દુઃખ હેય છે, તેથી જિજ્ઞાસા થાય કે સંસારી જીવ માટે હેય એવા અનાગત દુઃખનો હેતુ કોણ છે ? તેથી કહે છે –

સૂત્ર :

द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ॥२-१७॥

સૂત્રાર્થ :

દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ હેય એવા અનાગત દુઃખનો હેતુ છે. ॥૨-૧૭॥

ટીકા :

'दृष्टृरिति'-द्रष्टा=चिद्रूपः पुरुषः, दृश्यं=बुद्धिसत्त्वं, तयोरविवेकख्यातिपूर्वको योऽसो संयोगो=भोग्यभोक्तृत्वेन सन्निधानं, स हेयस्य दुःखस्य=गुणपरिणामस्य संसारस्य, हेतुः=कारणं तन्निवृत्त्या संसारनिवृत्तिर्भवति ॥२-१७॥

ટીકાર્થ :

द्रष्टा ..... भवति ॥ દ્રષ્ટા=ચિદ્રૂપ પુરુષ છે, દૃશ્ય=બુદ્ધિસત્ત્વ છે, તે બેનો=દ્રષ્ટા અને દૃશ્યનો, અવિવેકખ્યાતિપૂર્વક જે આ સંયોગ=ભોગ્ય-ભોક્તૃપણાથી સંનિધાન અર્થાત્ બુદ્ધિ ભોગ્ય છે અને પુરુષ ભોક્તા છે એ પ્રકારે સંનિધાન, તે હેય એવા દુઃખનો=ગુણપરિણામરૂપ સંસારનો, હેતુ=કારણ છે. તેની નિવૃત્તિથી=હેયરૂપ દુઃખના હેતુની નિવૃત્તિથી, સંસારની નિવૃત્તિ થાય છે. ॥૨-૧૭॥

ભાવાર્થ :

દૃષ્ટા અને દૃશ્યનો સંયોગ હેયનું કારણ :

પાતંજલમતાનુસાર ચિદ્રૂપ એવો પુરુષ દ્રષ્ટા છે, અને પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિસત્ત્વ દૃશ્ય છે, પુરુષ અને બુદ્ધિસત્ત્વનો પરમાર્થથી ભેદ છે, આમ હોવા છતાં અવિવેકખ્યાતિપૂર્વક પુરુષ અને પ્રકૃતિનો જે સંયોગ છે તે સંસારનો હેતુ છે.

પુરુષ અને બુદ્ધિસત્ત્વનો સંયોગ કેવો છે ? તે સ્પષ્ટ કહે છે –

બુદ્ધિ ભોગ્ય છે અને પુરુષ ભોક્તા છે, એ રીતે પુરુષ અને બુદ્ધિનું સંનિધાન છે તે સંયોગ છે

અને આ સંનિધાન આત્મા માટે હેય એવા દુઃખનો અર્થાત્ ગુણપરિણામરૂપ સંસારનો હેતુ છે, માટે યોગી હેયના કારણનું જ્ઞાન કરીને હેયની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે તો સંસારનો હેતુ એવા પુરુષ અને બુદ્ધિના સંનિધાનરૂપ સંયોગની નિર્વૃત્તિ થવાથી સંસારની નિવૃત્તિ થાય છે. **॥૨-૧૭॥**

અવતરણિકા :

દ્રષ્ટૃદૃશ્યયોઃ સંયોગ ઇત્યુક્તં તત્ર દૃશ્યસ્ય સ્વરૂપં કાર્યં પ્રયોજનં ચાહ –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૮માં 'દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ છે' એ પ્રમાણે કહ્યું. ત્યાં દૃશ્યના સ્વરૂપ, કાર્ય અને પ્રયોજનને કહે છે –

સૂત્ર :

પ્રકાશક્રિયાસ્થિતિશીલં ભૂતેન્દ્રિયાત્મકં ભોગાપવર્ગાર્થં દૃશ્યમ્ ॥૨-૧૮॥

સૂત્રાર્થ :

પ્રકાશ, ક્રિયા અને સ્થિતિશીલ દૃશ્યનું સ્વરૂપ છે. ભૂત-ઇન્દ્રિયાત્મક દૃશ્યનું કાર્ય છે અને ભોગ અને અપવર્ગ માટે દૃશ્ય છે એ દૃશ્યનું પ્રયોજન છે. ॥૨-૧૮॥

ટીકા :

'પ્રકાશેત્યાદિ'-પ્રકાશઃ સત્ત્વસ્ય ધર્મઃ, ક્રિયા પ્રવૃત્તિરૂપા રજસઃ, સ્થિતિર્નિયમરૂપા તમસઃ, તાઃ પ્રકાશક્રિયાસ્થિતયઃ શીલં સ્વાભાવિકં રૂપં યસ્ય તત્ તથાવિધમિતિ સ્વરૂપમસ્ય નિર્દિષ્ટમ્ । ભૂતેન્દ્રિયાત્મકમિતિ-ભૂતાનિ સ્થૂલસૂક્ષ્મભેદેન દ્વિવિધાનિ, પૃથિવ્યાદીનિ ગન્ધતન્માત્રાદીનિ ચ, ઇન્દ્રિયાણિ બુદ્ધીન્દ્રિયકર્મેન્દ્રિયાન્તઃકરણભેદેન ત્રિવિધાનિ, ઉભયમેતદ્ ગ્રાહ્યગ્રહણરૂપમાત્મા=સ્વરૂપાભિન્નઃ પરિણામો યસ્ય તત્ તથાવિધમિત્યનેનાસ્ય કાર્યમુક્તમ્, ભોગઃ કથિતલક્ષણઃ, અપવર્ગો વિવેકખ્યાતિપૂર્વિકા સંસારનિવૃત્તિઃ તૌ ભોગાપવર્ગૌ અર્થઃ પ્રયોજનં યસ્ય તત્ (તથા), તથાવિધં દૃશ્યમિત્યર્થઃ ॥૨-૧૮॥

ટીકાર્થ :

પ્રકાશઃ ..... દૃશ્યમિત્યર્થઃ ॥ પ્રકાશ એ સત્ત્વનો ધર્મ છે, પ્રવૃત્તિરૂપ ક્રિયાએ રજસ્નો ધર્મ છે, નિયમરૂપ સ્થિતિ એ તમસ્નો ધર્મ છે. પ્રકાશ, ક્રિયા અને સ્થિતિશીલ=સ્વાભાવિક રૂપ જેનું છે તે તેવા પ્રકારનું છે અર્થાત્ તે દૃશ્ય પ્રકાશ, ક્રિયા અને સ્થિતિશીલ છે. આ રીતે પ્રકાશ, ક્રિયા અને સ્થિતિશીલસ્વભાવપણું કહેવાયું એ રીતે, આનું=દૃશ્યનું, સ્વરૂપ બતાવાયું.

હવે ભૂત, ઇન્દ્રિયાત્મક દૃશ્યનું કાર્ય છે તે બતાવે છે –

ભૂતો સ્થૂલ અને સૂક્ષ્મ ભેદથી બે પ્રકારના છે અને તે પૃથિવ્યાદિ અને ગંધતન્માત્રાદિરૂપ છે.

બુદ્ધિઇન્દ્રિય અને કર્મઇન્દ્રિય અને અંત:કરણના ભેદથી ઇન્દ્રિયો ત્રણ પ્રકારની છે.

ઉભય એવાં આ=પાંચભૂતોરૂપ ગ્રાહ્ય અને ઇન્દ્રિયોરૂપ ગ્રહણ એ સ્વરૂપ ગ્રાહ્ય ગ્રહણરૂપ આત્મા=સ્વરૂપ=અભિન્ન પરિણામ છે, જેને તે તેવું છે અર્થાત્ ભૂત-ઇન્દ્રિયાત્મક છે. આના દ્વારા=ભૂત-ઇન્દ્રિયાત્મક દૃશ્ય છે એમ કહ્યું એના દ્વારા, આનું=દૃશ્યનું, કાર્ય કહેવાયું.

ભોગ અને અપવર્ગ સંપાદનરૂપ દૃશ્યનું પ્રયોજન છે તે બતાવે છે –

ભોગ પૂર્વમાં કહેવાયેલા લક્ષણવાળો છે, અપવર્ગ વિવેકખ્યાતિપૂર્વક સંસારની નિવૃત્તિ છે. તે=ભોગ અને અપવર્ગ પ્રયોજન છે જેને તે તેવું છે=ભોગ=અપવર્ગ અર્થવાળું છે (અને) તેવા પ્રકારનું દૃશ્ય છે=પ્રકાશ-ક્રિયા-સ્થિતિશીલ, ભૂત-ઇન્દ્રિયાત્મક અને ભોગ-અપવર્ગ અર્થવાળું દૃશ્ય છે, એ પ્રકારનો અર્થ છે. ॥૨-૧૮॥

ભાવાર્થ :

દૃશ્યના સ્વરૂપ, કાર્ય અને પ્રયોજનનું સ્વરૂપ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૭માં કહ્યું કે, હેય એવા સંસારનો હેતુ દૃષ્ટા અને દૃશ્યનો સંયોગ છે. તેથી પ્રસ્તુત સૂત્રમાં દૃશ્યના સ્વરૂપ, કાર્ય અને પ્રયોજનને બતાવે છે –

દૃશ્યનું સ્વરૂપ :

દૃશ્ય એટલે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ છે અને તે બુદ્ધિ પ્રકાશ ક્રિયા અને સ્થિતિશીલ છે તે દૃશ્યનું સ્વરૂપ છે.

પ્રકાશ એ સત્ત્વનો ધર્મ છે,

પ્રવૃત્તિરૂપ ક્રિયા એ રજસ્નો ધર્મ છે અને

નિયમરૂપ સ્થિતિ એ તમસ્નો ધર્મ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સત્ત્વ, રજસ્ અને તમસ્રૂપ જે પ્રકૃતિ છે, તેનાથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ એ પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ સ્વભાવવાળી છે. બુદ્ધિથી જે પદાર્થનો બોધ થાય છે તે પ્રકાશનો ધર્મ છે, બુદ્ધિથી જે પ્રવૃત્તિરૂપ ક્રિયા થાય છે તે રજસ્નો ધર્મ છે અને બુદ્ધિની જડતાને કારણે જે સ્થિતિ થાય છે=અપ્રવૃત્તિ થાય છે તે તમસ્નો ધર્મ છે.

દૃશ્યનું કાર્ય :

દૃશ્યરૂપ બુદ્ધિમાંથી પાંચ ભૂતો અને ઇન્દ્રિયોરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે એ પ્રમાણે પાતંજલદર્શનકાર માને છે, તેથી ભૂત અને ઇન્દ્રિયાત્મક બુદ્ધિ છે, આ કથન દ્વારા દૃશ્યરૂપ બુદ્ધિનું કાર્ય બતાવ્યું.

દૃશ્યનું પ્રયોજન :

દ્રષ્ટા એવા પુરુષથી દૃશ્યરૂપ બુદ્ધિ પુરુષને ભોગની અને અપવર્ગની પ્રાપ્તિ કરાવે છે; કેમ કે

સંસાર અવસ્થામાં પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી ભોગો થાય છે અને યોગી બુદ્ધિ દ્વારા સાધના કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે, તેથી પુરુષને ભોગ પ્રાપ્ત કરાવવા અને પુરુષને અપવર્ગ પ્રાપ્ત કરાવવો એ બુદ્ધિનું પ્રયોજન છે. **॥૨-૧૮॥**

અવતરણિકા :

तस्य च दृश्यस्य नानावस्थारूपपरिणामात्मकस्य हेयत्वेन ज्ञातव्यत्वात्तदवस्थाः कथयितुमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૮માં દૃશ્ય એવી બુદ્ધિના સ્વરૂપ, કાર્ય અને પ્રયોજન બતાવ્યાં. હવે નાના=જુદા જુદા પ્રકારના, અવસ્થારૂપ પરિણામ આત્મક એવા તે દૃશ્યનું હેયપણારૂપે જ્ઞાતવ્યપણું હોવાથી અર્થાત્ મોક્ષના અર્થી જીવ માટે દૃશ્ય એવી બુદ્ધિ હેયપણારૂપે જાણવા યોગ્ય હોવાથી, તેની અવસ્થાને=બુદ્ધિની અવસ્થાને, કહેવા માટે કહે છે –

સૂત્ર :

विशेषाविशेषलिङ्गमात्रालिङ्गानि गुणपर्वाणि ॥२-१९॥

સૂત્રાર્થ :

વિશેષ, અવિશેષ લિંગમાત્ર અને અલિંગ ગુણોના પર્વસ્થાનો છે અર્થાત્ ગુણનિષ્પત્તિ માટેની અવસ્થાવિશેષ છે. ॥૨-૧૯॥

ટીકા :

'विशेषेति'-गुणानां पर्वाण्यवस्थाविशेषाश्चत्वारो ज्ञातव्या इत्युपदिष्टं भवति, तत्र विशेषा महाभूतेन्द्रियाणि, अविशेषास्तन्मात्रान्तःकरणानि, लिङ्गमात्रं बुद्धिः, अलिङ्गमव्यक्त-मित्युक्तम्, सर्वत्र त्रिगुणरूपस्याव्यक्तस्यान्वयित्वेन प्रत्यभिज्ञानादवश्यं ज्ञातव्यत्वेन योगकाले चत्वारि पर्वाणि निर्दिष्टानि ॥२-१९॥

ટીકાર્થ :

गुणानां ..... निर्दिष्टानि ॥ ગુણોના પર્વો=અવસ્થાવિશેષો, ચાર જ્ઞાતવ્ય=જાણવા યોગ્ય છે, એ પ્રમાણે ઉપદિષ્ટ થાય છે=તે પ્રમાણે પ્રસ્તુત સૂત્રથી કહેવાયેલું થાય છે.

ગુણોના ચાર પર્વસ્થાનો=ચાર અવસ્થાવિશેષો બતાવે છે –

ત્યાં=ગુણોની ચાર અવસ્થાવિશેષ કહી ત્યાં, (૧) મહાભૂત અને ઇન્દ્રિયો વિશેષ છે=કોઈકના કાર્યરૂપ વિશેષો પાંચમહાભૂત અને અગિયાર ઇન્દ્રિયો છે (૨) તન્માત્રા અને અસ્મિતા અવિશેષ છે,

(૩) બુદ્ધિ લિંગમાત્ર છે, (૪) અવ્યક્ત અલિંગ છે અર્થાત્ અવ્યક્ત પ્રધાન છે, એ પ્રમાણે કહેવાયું છે.

સર્વત્ર=વિશેષ, અવિશેષ, લિંગમાત્ર અને અવ્યક્ત એ સર્વમાં, ત્રિગુણરૂપ એવા અવ્યક્તનું અર્થાત્ સત્ત્વ, રજસ્ અને તમસ્રૂપ એવા અવ્યક્તનું, અન્વયિપણારૂપે પ્રત્યભિજ્ઞાન થતું હોવાથી અવશ્ય જ્ઞાતવ્યપણાથી=વિશેષાંદિ સર્વનું અવશ્ય જાણવા યોગ્યપણું હોવાથી, યોગકાળમાં અર્થાત્ મોક્ષ અર્થે યોગી ધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે તે કાળમાં, ચાર પર્વસ્થાનો બતાવ્યા છે અર્થાત્ યોગી પ્રથમ વિશેષ ઉપર પછી અવિશેષ ઉપર, પછી લિંગમાત્ર ઉપર અને પછી અલિંગ ઉપર ચિત્તને સ્થિર કરવા માટે યત્ન કરે છે તે ચાર ગુણોની અવસ્થા વિશેષના સ્થાનો બતાવ્યા છે.

❖ અહીં રાજમાર્તંડ ટીકામાં "अविशेषास्तन्मात्रान्तःकरणानि" પાઠ છે. ત્યાં ભાષ્યના કથન અનુસાર 'अविशेषास्तन्मात्राऽस्मिताः' એ પ્રમાણે પાઠ હોવો જોઈએ.

પાતંજલયોગસૂત્ર ૨-૧૯ના ભાષ્યમાં આ પ્રમાણે કહ્યું છે – षड् अविशेषास्तद् यथा - शब्दतन्मात्रं, स्पर्शतन्मात्रं, रूपतन्मात्र, रसतन्मात्रं, गन्धतन्मात्रं, च इत्येकद्वित्रिचतुष्पञ्चलक्षणाः शब्दादयः पञ्चाऽविशेषाः, षण्ढश्चाऽविशेषोऽस्मितामात्र इति । આ પ્રમાણેપાઠ હોવાથી પાંચ તન્માત્રા અને અસ્મિતા એ છ અવિશેષ છે.

ભાવાર્થ :

ગુણોના ચાર પર્વો=ચાર અવસ્થાવિશેષનું સ્વરૂપ :

પતંજલિઋષિ પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી ત્રેવીસ તત્ત્વો ઉત્પન્ન થાય છે તેમ માને છે અને યોગી પાંચ ભૂતાદિ ઉપર ક્રમસર ચિત્તને સ્થિર કરીને યોગસાધના કરે છે. ત્યારે તે ત્રેવીસ તત્ત્વો ક્રમસર પોતાના કારણમાં વિલય પામે છે અને તે બધા તત્ત્વો પ્રકૃતિમાં વિલય પામે છે ત્યારે પુરુષની મુક્તિ થાય છે તેમ માને છે.

મુક્તિ માટે યોગી પાંચ ભૂતાદિ તત્ત્વો ઉપર ચિત્તને સ્થિર કરવા યત્ન કરે છે, તેની ચાર અવસ્થાવિશેષો છે તેને ચાર ગુણપર્વો કહેવાય છે તે ચાર ગુણપર્વોને બતાવે છે –

(૧) પાંચ મહાભૂત અને ઇન્દ્રિયોરૂપ વિશેષ અવસ્થાવિશેષ :

યોગી પ્રથમ પાંચમહાભૂત અને અગ્યાર ઇન્દ્રિયરૂપ વિશેષમાં ચિત્તને સ્થિર કરે છે, તેથી તે વિશેષો યોગીની ગુણ નિષ્પત્તિ માટેની અવસ્થાનું સ્થાન છે. પાંચ મહાભૂતો અને અગ્યાર ઇન્દ્રિયો એ, પાંચ તન્માત્રા અને અહંકારના કાર્ય હોવાથી પાતંજલદર્શનકાર પાંચ મહાભૂત અને ઇન્દ્રિયોને વિશેષ કહે છે; કેમ કે 'જે અવિશેષ હોય તે કારણ હોય છે અને વિશેષ હોય તે કાર્ય હોય છે' એ પ્રકારનો નિયમ છે.

(૨) પાંચ તન્માત્રા અને અસ્મિતારૂપ અવિશેષ અવસ્થાવિશેષ :

યોગી પાંચ મહાભૂત અને અગ્યાર ઇન્દ્રિયોરૂપ વિશેષ ઉપર ચિત્તને સ્થિર કર્યા પછી પાંચ તન્માત્રા

અને અસ્મિતા ઉપર ચિત્તને સ્થિર કરે છે, તે પાંચ તન્માત્રા અને અસ્મિતા એ કારણરૂપ છે માટે અવિશેષ છે.

(૩) બુદ્ધિરૂપ લિંગમાત્ર અવસ્થાવિશેષ :

યોગી પાંચમહાભૂત અને અગ્યાર ઇન્દ્રિયોરૂપ વિશેષ અને પાંચ તન્માત્રા અને અસ્મિતારૂપ અવિશેષ ઉપર ચિત્તને સ્થિર કર્યા પછી લિંગમાત્રરૂપ જે બુદ્ધિ=પુરુષને જ્ઞાન કરાવે એવી લિંગમાત્રરૂપ બુદ્ધિ, તેના ઉપર ચિત્તને સ્થિર કરે છે.

(૪) અવ્યક્તરૂપ અલિંગ અવસ્થાવિશેષ :

યોગી પાંચમહાભૂત અને અગ્યાર ઇન્દ્રિયોરૂપ વિશેષ, પાંચ તન્માત્રા અને અસ્મિતારૂપ અવિશેષ અને લિંગમાત્રરૂપ બુદ્ધિ આ ત્રણે ઉપર ક્રમશઃ ચિત્તને સ્થિર કર્યા પછી અવ્યક્તરૂપ અલિંગ એવી પ્રકૃતિ ઉપર ચિત્તને સ્થિર કરે છે.

આ પ્રમાણે યોગી યત્ન કરે છે ત્યારે પાંચમહાભૂતાદિ ત્રેવીસ તત્ત્વો ક્રમસર પ્રતિલોમપરિણામથી વિશ્રાંત થતાં થતાં પ્રકૃતિમાં વિલય પામે છે ત્યારે પુરુષનો મોક્ષ થાય છે અર્થાત્ પુરુષ મુક્ત થયો એમ કહેવાય છે. **॥૨-૧૯॥**

પાતંજલયોગસૂત્ર ૨-૧૯ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-પ્રાગભાવપ્રધ્વંસાભાવાનભ્યુપગમે સર્વમેતદુક્તમનુપપન્નમ્ । તદુક્તમકલઙ્કેન-

"कार्यद्रव्यमनादि स्यात् प्रागभावस्य निह्नवे ।
प्रध्वंसस्यापलापे तु तदेवानन्ततां व्रजेत्" ॥१॥

તદુપગમે તુ દ્રવ્યપર્યાયોભયરૂપત્વાદ્વસ્તુનઃ સર્વત્ર ત્રૈલક્ષણ્યેન કથઞ્ચિદેષા વ્યવસ્થા યુજ્યેતાપીતિ વયં વદામઃ ॥

❖ વ્યાખ્યામાં પ્રધ્વંસાભાવાનભ્યુપગમે છે તેનો અર્થ 'પ્રધ્વંસરૂપ અભાવની અસ્વીકાર કરાયે છતે' એ પ્રમાણે અર્થ સંગત જાણવો.

અર્થ :

પ્રાગભાવ ..... અનુપપન્નમ્ । પ્રાગભાવનો અને પ્રધ્વંસાભાવનો અસ્વીકાર કરાયે છતે સર્વ જ આ=પ્રસ્તુત ૨-૧૯ પાતંજલયોગસૂત્રમાં બતાવેલ સર્વ જ પર્વસ્થાનો, અનુપપન્ન-અસંગત, છે.

તદુક્તમકલઙ્કેન-તે=ઉપરમાં કથન કર્યું તે, અકલંકદેવ વડે કહેવાયું છે –

"कार्यद्रव्यम् ..... व्रजेत्" ॥ "પ્રાગભાવના નિહ્નવમાં કાર્યદ્રવ્ય અનાદિ થાય, વળી પ્રધ્વંસના અપલાપમાં તે જ=કાર્યદ્રવ્ય જ, અનંતતાને પ્રાપ્ત કરે."

તદુપગમે તુ... વદામઃ ॥ વળી તેના ઉપગમમાં=પ્રાગભાવના અને પ્રધ્વંસાભાવના સ્વીકારવામાં,

વસ્તુનું દ્રવ્ય-પર્યાય ઉભયરૂપપણું હોવાથી સર્વત્ર ત્રિલક્ષણપણું હોવાને કારણે કોઈક રીતે આ વ્યવસ્થા=યોગીના ચાર પર્વસ્થાનોને કહેનારી વ્યવસ્થા, ઘટે પણ છે. એ પ્રમાણે અમે=પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, કહે છે.

ભાવાર્થ :

પ્રાગભાવના અને પ્રધ્વંસરૂપઅભાવના અસ્વીકારમાં ચાર પર્વસ્થાનોની અસંગતિ :

પતંજલિઋષિએ પ્રસ્તુત પાંતજલયોગસૂત્રમાં ૨-૧૯ યોગીના ધ્યાનના અર્થે ચાર પ્રકારના પર્વસ્થાનો સ્વીકાર્યા, તેથી તે યોગીના આત્મામાં પૂર્વમાં ચાર પર્વસ્થાનો વિષયક ધ્યાનનો પ્રાગભાવ હતો, તેમ સ્વીકારવામાં આવે તો તે ચાર પર્વસ્થાનોમાં ક્રમસર ધ્યાન યોગીના આત્મામાં પ્રગટ થાય છે તેમ સ્વીકારી શકાય, અને તે પર્વસ્થાનો વિષયક ધ્યાન પ્રગટ થયા પછી ઉત્તર ઉત્તરના ધ્યાનકાળમાં પૂર્વપૂર્વના પર્વસ્થાનવિષયક ધ્યાનનો ધ્વંસ થાય છે તેમ સ્વીકારી શકાય અને યોગી જ્યારે મુક્ત થાય છે ત્યારે સર્વ પર્વસ્થાનોના ધ્યાનનો ધ્વંસ થાય છે તેમ સ્વીકારી શકાય, પરંતુ પાતંજલદર્શનકાર તો યોગીના આત્માને કૂટસ્થ નિત્ય માને છે, તેથી તે ચાર પર્વસ્થાનો વિષયક ધ્યાનનો પ્રાગભાવ તેઓ સ્વીકારી શકે નહીં અને તે ચાર પર્વસ્થાનોના ધ્વંસને પણ તેઓ સ્વીકારી શકે નહિ, અને આત્માને કૂટસ્થનિત્ય તેઓ સ્વીકારે તો યોગીમાં ચાર પર્વસ્થાનોને આશ્રયીને ક્રમસર ધ્યાન પ્રગટે છે તે કથન અનુપપન્ન થાય.

પ્રાગભાવના અને પ્રધ્વંસાભાવના અપલાપમાં આ ચાર પર્વસ્થાનો ઘટે નહીં તેમાં અકલંક નામના દિગંબરાચાર્યના વચનની સાક્ષી આપે છે –

અકલંક નામના દિગંબરાચાર્યે કહ્યું છે કે, "પ્રાગભાવનો અપલાપ કરવામાં આવે તો કાર્યરૂપ દ્રવ્ય અનાદિ થાય. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જે કાર્ય ઉત્પન્ન થાય છે તેની પૂર્વે તે કાર્યનો પ્રાગભાવ હોય છે અને તે કાર્યનો પ્રાગભાવ પૂર્વમાં ન સ્વીકારવામાં આવે તો તે કાર્યદ્રવ્ય અનાદિ પ્રાપ્ત થાય.

જેમ-ઘટનો પ્રાગભાવ માટીમાં સ્વીકારવામાં આવે છે માટે ઘટરૂપ કાર્યદ્રવ્ય અનાદિ નથી પરંતુ ઘટનો પ્રાગભાવ માટીમાં ન સ્વીકારવામાં આવે તો ઘટરૂપ કાર્યદ્રવ્ય અનાદિ સ્વીકારવું પડે. તેમ યોગીમાં આ ચાર પર્વસ્થાનોને આશ્રયીને ધ્યાનનો પ્રારંભ સ્વીકારવો હોય તો તે ચાર પર્વસ્થાનોને આશ્રયીને ધ્યાન કરનારા એવા યોગીરૂપ કાર્યદ્રવ્યમાં ધ્યાનના પૂર્વે તે ધ્યાનરૂપ કાર્યનો પ્રાગભાવ હતો તેમ સ્વીકારવું પડે અને જો તે ચાર પર્વસ્થાનોને આશ્રયીને ધ્યાન કરનાર યોગીમાં તે તે ધ્યાન પૂર્વે ચાર પર્વસ્થાનોમાં તે તે ધ્યાનનો પ્રાગભાવ ન સ્વીકારવામાં આવે અને યોગીનો આત્મા કૂટસ્થનિત્ય છે તેમ સ્વીકારવામાં આવે તો યોગીના આત્મામાં ચાર પર્વસ્થાનને આશ્રયીને થતા ચાર ધ્યાનરૂપ કાર્યથી વિશિષ્ટ એવું દ્રવ્ય અનાદિનું છે તેમ માનવું પડે અર્થાત્ યોગીનો આત્મા અનાદિથી તે ચાર સ્થાનોને આશ્રયીને થતા ચાર ધ્યાનથી યુક્ત છે તેમ માનવું પડે.

વળી પ્રધ્વંસરૂપ અભાવનો અપલાપ કરાયે છતે તે જ અનંતતાને પ્રાપ્ત કરે છે એમ કહેવાથી

એ પ્રાપ્ત થાય છે કે, ચાર પર્વસ્થાનને આશ્રયીને ધ્યાન કરનાર યોગી તે તે ધ્યાનપર્યાયથી પ્રધ્વંસ પામતા નથી, અને તેમ સ્વીકારવામાં આવે તો આત્મા કૂટસ્થ સિદ્ધ થાય અને યોગીના આત્માને કૂટસ્થ સ્વીકારવા માટે ચાર પર્વ સ્થાનોને આશ્રયીને વર્તતા ધ્યાનપર્યાયના પ્રધ્વંસનો અપલાપ કરવામાં આવે તો તે ચાર પર્વસ્થાનને આશ્રયીને ધ્યાનપર્યાયવાળા યોગી અનંતકાળ સુધી છે તેમ માનવું પડે.

આ રીતે પ્રાગભાવના અને પ્રધ્વંસાના અસ્વીકારમાં યોગીનો આત્મા કૂટસ્થ નિત્ય સિદ્ધ થાય તેથી યોગીનો આત્મા આ ચાર પર્વસ્થાનોને આશ્રયીને ક્રમસર ધ્યાન કરે છે તે કથન સંગત થાય નહીં.

વળી પ્રાગભાવનો અને પ્રધ્વંસાભાવનો સ્વીકાર કરવામાં આવે તો વસ્તુનું દ્રવ્ય અને પર્યાય ઉભયરૂપપણું હોવાથી સર્વત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ ત્રિલક્ષણની પ્રાપ્તિ હોવાથી યોગીની સાધનાને આશ્રયીને ચાર ગુણપર્વસ્થાનો સંગત થાય એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, પાતંજલદર્શનકાર યોગીના આત્મામાં યોગસાધના પૂર્વે આ ચાર પર્વસ્થાનોને આશ્રયીને ધ્યાનમાં અભાવ હતો તેમ સ્વીકારે તો યોગીના આત્મામાં ધ્યાનના પ્રારંભ પૂર્વે તે પર્યાયનો અભાવ પ્રાપ્ત થાય અને જ્યારે યોગી ધ્યાન કરે છે ત્યારે તે ચાર પર્વસ્થાનોને આશ્રયીને ધ્યાનરૂપ પર્યાય પ્રાદુર્ભાવ પામે છે તેમ પ્રાપ્ત થાય અને યોગીનું આત્મારૂપ દ્રવ્ય સર્વદા છે તેથી યોગીના આત્મારૂપ વસ્તુ દ્રવ્ય અને પર્યાય એમ ઉભયરૂપ સિદ્ધ થાય છે અને તેમ સિદ્ધ થવાથી પદાર્થ દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય સિદ્ધ થાય છે, તેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રિલક્ષણની સંગતિ આત્મામાં થાય અને તેમ સ્વીકારવાથી યોગીના આત્મામાં ધ્યાનને આશ્રયીને ચાર પર્વસ્થાનોની વ્યવસ્થા સંગત થાય. એમ અમે કહીએ છીએ=પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે.

અવતરણિકા :

एवं हेयत्वेन दृश्यस्य प्रथमं ज्ञातव्यत्वात्तदवस्थासहितं व्याख्यायोपादेयं द्रष्टारं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, હેયપણાથી દૃશ્યનું પ્રથમ જ્ઞાતવ્યપણું હોવાથી અવસ્થા સહિત એવા તેનું=હેય એવા દૃશ્યની પાતંજલયોગસૂત્ર ૨-૧૯માં ચાર પ્રકારની અવસ્થા બતાવી એ અવસ્થા સહિત એવા દૃશ્યનું, વ્યાખ્યાન કરીને ઉપાદેય એવા દ્રષ્ટાનું વ્યાખ્યાન કરવા માટે કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૬ની અવતરણિકામાં કહેલ કે, સમ્યગ્જ્ઞાન હેયના અને ઉપાદેયના અવધારણરૂપ છે, તેથી પ્રથમ હેયનું સ્વરૂપ બતાવ્યું અને હેયરૂપે દૃશ્ય એવી બુદ્ધિ પ્રથમ જ્ઞાતવ્ય છે. ત્યારપછી પાતંજલયોગસૂત્ર ૨-૧૯માં અવસ્થા સહિત એવા હેયનું વ્યાખ્યાન કર્યું. હવે પ્રસ્તુત પાતંજલયોગસૂત્ર-૨-૨૦માં ઉપાદેય એવા આત્મારૂપ દ્રષ્ટાનું વ્યાખ્યાન કરવા માટે પતંજલિઋષિ કહે છે –

સૂત્ર :

દ્રષ્ટા દૃશિમાત્રઃ શુદ્ધોઽપિ પ્રત્યયાનુપશ્યઃ ॥૨-૨૦॥

સૂત્રાર્થ :

દ્રષ્ટા એવો પુરુષ દૃશિમાત્ર છે=ચેતનામાત્ર છે, 'તે દ્રષ્ટા' શુદ્ધ હોવા છતાં પણ પ્રત્યયનો અનુપશ્ય છે=વિષયથી ઉપરક્ત એવા જ્ઞાનોને અનુ=અવ્યવધાનથી, જોનારો છે. ॥૨-૨૦॥

ટીકા :

દ્રષ્ટા=પુરુષો દૃશિમાત્રશ્ચેતનામાત્રઃ, માત્રગ્રહણં ધર્મધર્મિનિરાસાર્થમ્, કેચિદ્ધિ ચેતનામાત્મનો ધર્મમિચ્છન્તિ, સ શુદ્ધોઽપિ પરિણામિત્વાદ્યભાવેન સ્વપ્રતિષ્ઠોઽપિ પ્રત્યયાનુપશ્યઃ, પ્રત્યયા=વિષયોપરક્તાનિ જ્ઞાનાનિ, તાનિ અનુ=અવ્યવધાનેન પ્રતિસઙ્ક્રમાદ્યભાવેન પશ્યતિ । એતદુક્તં ભવતિ-જાતવિષયોપરાગાયામેવ બુદ્ધૌ સન્નિધિમાત્રેણૈવ પુરુષસ્ય દ્રષ્ટૃત્વમિતિ ॥૨-૨૦॥

ટીકાર્થ :

દ્રષ્ટા ..... પશ્યતિ । દ્રષ્ટા=પુરુષ દૃશિમાત્ર છે=ચેતનામાત્ર છે, માત્રનું ગ્રહણ ધર્મ અને ધર્મીના નિરાસ માટે છે અર્થાત્ ચેતના ધર્મ છે અને પુરુષ ધર્મી છે તેના નિરાસ માટે છે.

'માત્ર' શબ્દથી ધર્મ-ધર્મીનો નિરાસ કેમ કર્યો ? તેથી કહે છે –

કેટલાક આત્માનો ચેતનાધર્મ ઇચ્છે છે, તેના નિરાસ માટે માત્રનું ગ્રહણ છે એ પ્રમાણે અન્વય છે.

તે દ્રષ્ટા એવો પુરુષ શુદ્ધ હોવા છતાં પણ પરિણામિત્વાદિના અભાવને કારણે સ્વપ્રતિષ્ઠ પણ અર્થાત્ સ્વરૂપમાં પ્રતિષ્ઠ હોવા છતાં પણ પ્રત્યયનો અનુપશ્ય છે=વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનોરૂપ પ્રત્યયો છે અને તે પ્રત્યયોને અનુ=અવ્યવધાનથી, પ્રતિસંક્રમાદિ અભાવરૂપે જોનારો છે.

એતદુક્તં ભવતિ – આ કહેવાયેલું થાય છે –

જાત... દ્રષ્ટૃત્વમિતિ ॥ ઉત્પન્ન થયેલ વિષયના ઉપરાગવાળી જ બુદ્ધિ હોતે છતે અર્થાત્ વિષયોના સાંનિધ્યને કારણે વિષય ઉપરાગવાળી બુદ્ધિ થયે છતે, સંનિધિમાત્રથી જ અર્થાત્ બુદ્ધિમાં પોતાનું પ્રતિબિંબ પડે છે એ પ્રકારે પુરુષના સંનિધાન માત્રથી જ, પુરુષનું દ્રષ્ટૃપણું છે. ॥૨-૨૦॥

ભાવાર્થ :

ચેતનામાત્ર એવો દ્રષ્ટા શુદ્ધ હોવા છતાં પણ વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનોનો અનુપશ્ય :

પાતંજલદર્શનકાર હેયનું વર્ણન કર્યા પછી ઉપાદેય એવા પુરુષનું સ્વરૂપ બતાવે છે –

દ્રષ્ટા પુરુષ છે અને તે પુરુષ દૃશિમાત્રરૂપ=ચેતનામાત્રરૂપ, છે.

દ્રષ્ટા ચેતનામાત્રરૂપ છે એમ કહેવાથી કેટલાક પુરુષને ધર્મી માને છે અને ચેતના તેનો ધર્મ છે તેમ કહે છે તેનો નિરાસ થાય છે; કેમ કે ધર્મ-ધર્મી સ્વીકારવાથી આત્મામાં સમવાયસંબંધથી ચેતના

ધર્મ છે તેમ માનવું પડે. વસ્તુતઃ ચેતનારૂપ જ આત્મા છે તેમ પાતંજલદર્શનકાર કહે છે અને તે આત્મા શુદ્ધ છે અર્થાત્ પરિણામિત્વાદિ ભાવરૂપે પરિણમન પામતો નથી પરંતુ પોતાનામાં પ્રતિષ્ઠ છે અને આત્મા પોતાનામાં સ્વપ્રતિષ્ઠ છે છતાં પણ પ્રત્યયને જોનારો છે.

પ્રત્યય શું છે તે રાજમાર્તંડકાર ટીકામાં સ્પષ્ટ કરે છે –

વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનો પ્રત્યયો છે અને તે જ્ઞાનોનો અનુપશ્ય આત્મા છે=અવ્યવધાનથી જોનારો, આત્મા છે.

વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનોને કઈ રીતે અવ્યવધાનથી આત્મા જુએ છે તે સ્પષ્ટ કરે છે –

પ્રતિસંક્રમાદિ અભાવથી જોનારો છે.

આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરે છે –

પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ જ્યારે બાહ્ય પદાર્થોરૂપ વિષયોને ગ્રહણ કરે છે ત્યારે તે બુદ્ધિ વિષયોના ઉપરાગવાળી બને છે અને તે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી બુદ્ધિમાં પોતાનું પ્રતિબિંબ પડે છે તે પ્રકારનું પુરુષને સંનિધાન માત્ર છે તે અપેક્ષાએ પુરુષ વિષયોથી ઉપરક્ત જ્ઞાનોને જુએ છે તેમ કહ્યું છે, પરંતુ જે રીતે બુદ્ધિ વિષયોને ગ્રહણ કરે છે તેમ પુરુષ તે વિષયોથી ઉપરક્ત જ્ઞાનોને પોતાનામાં પ્રતિસંક્રાન્ત કરતો નથી.

આશય એ છે કે, સ્ફટિકની સામે પદ્મરાગાદિ ઉપાધિ મૂકવામાં આવે ત્યારે તે પદ્મરાગાદિ ઉપાધિથી સ્ફટિક વિક્રિયાને પામે છે, અર્થાત્ રક્તાદિ ભાવવાળું થાય છે. પરંતુ પદ્મરાગાદિ ઉપાધિ વિક્રિયાને પામતી નથી અર્થાત્ પદ્મરાગાદિ પોતાના રક્તાદિ ભાવોને છોડીને અન્યભાવને પામતાં નથી. તેમ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિમાં પુરુષ સંક્રમ પામે છે ત્યારે બુદ્ધિ વિક્રિયાને પામે છે તેથી બુદ્ધિને થાય છે કે 'હું ચેતન છું' પરંતુ જેમ પદ્મરાગાદિ ઉપાધિ વિક્રિયાને પામતી નથી તેમ પુરુષ પણ વિક્રિયાને પામતો નથી, આમ છતાં બુદ્ધિ વિષયોનું જ્ઞાન કરે છે તે સ્થાનમાં બુદ્ધિથી થતા વિષયોના જ્ઞાનમાં બુદ્ધિની સાથે સંનિધાનવાળો પુરુષ તે જ્ઞાનો કરે છે તેમ ઉપચારથી કહેવાય છે.

વસ્તુતઃ પુરુષ તે તે જ્ઞાનોને કરે તો તે તે જ્ઞાનોરૂપ ભાવો પુરુષમાં પ્રતિસંક્રમ પામે અને તેમ સ્વીકારીએ તો પુરુષ પોતે કૂટસ્થ નિત્ય રહે નહીં અને પાતંજલમત પ્રમાણે પુરુષ કૂટસ્થ નિત્ય છે, તેથી વિષયોથી ઉપરક્ત એવા જ્ઞાનો પુરુષમાં પ્રતિસંક્રમાદિ થતા નથી માત્ર બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે તે પ્રકારે પુરુષનું સંનિધાન છે અર્થાત્ જેમ તળાવમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે તે પ્રકારે ચંદ્રનું આકાશના સંનિધાન છે. તેમ પુરુષનું સંનિધાન છે એટલા માત્રથી પુરુષને દ્રષ્ટા કહેવાય છે. **॥૨-૨૦॥**

અવતરણિકા :

स एव भोक्तेत्याह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૦માં ઉપાદેય એવા પુરુષને દ્રષ્ટા કહ્યો, તે જ=ઉપાદેય એવો પુરુષ જ, ભોક્તા છે તે બતાવવા અર્થે કહે છે –

સૂત્ર :

तदर्थ एव दृश्यस्यात्मा ॥२-२१॥

સૂત્રાર્થ :

तदर्थ જ=દૃષ્ટાને અર્થ જ=પ્રયોજન જ, છે જેને એવું દૃશ્યનું સ્વરૂપ છે અર્થાત્ તે પુરુષના પ્રયોજન માટે જ દૃશ્યનું સ્વરૂપ છે=પુરુષને ભોગ અને અપવર્ગરૂપ બે પ્રકારનું પ્રયોજન પ્રાપ્ત કરાવવું તે દૃશ્યનું સ્વરૂપ છે. ॥૨-૨૧॥

ટીકા :

'तदर्थ इति'-दृश्यस्य प्रागुक्तलक्षणस्याऽऽत्मा यत्स्वरूपं स तदर्थः=तस्य=पुरुषस्य भोक्तृत्वसम्पादनं नाम स्वार्थपरिहारेण प्रयोजनम्, न हि प्रधानं प्रवर्तमानमात्मनः किञ्चित् प्रयोजनमपेक्ष्य प्रवर्तते किन्तु पुरुषस्य भोगं सम्पादयामीति ॥२-२१॥

ટીકાર્થ :

दृश्यस्य ..... सम्पादयामीती ॥ प्राग् ઉક્ત લક્ષણવાળા=પાતંજલયોગસૂત્ર ૨-૧૮માં કહેવાયેલા સ્વરૂપવાળા, દૃશ્યનો આત્મા=જે સ્વરૂપ, તે તેનો અર્થ છે અર્થાત્ સ્વના અર્થના=પ્રયોજનના, પરિહારથી તે પુરુષના ભોક્તૃત્વનું સંપાદન કરવું એ દૃશ્યનું પ્રયોજન છે, हि=જે કારણથી પ્રવર્તમાન=પુરુષના પ્રતિ પ્રવર્તતો, પ્રધાન=પ્રકૃતિ, પોતાના કોઈ પ્રયોજનની અપેક્ષા રાખીને પ્રવર્તતી નથી, પરંતુ પુરુષને ભોગ સંપાદન કરું એ પ્રકારના પ્રયોજનની અપેક્ષા રાખીને પ્રવર્તે છે. ॥૨-૨૧॥

ભાવાર્થ :

પુરુષના ભોગસંપાદનરૂપ પ્રયોજન માટે જ દૃશ્ય એવી પ્રકૃતિનું સ્વરૂપ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૧માં ઉપાદેય એવો દૃષ્ટા પુરુષ છે એમ બતાવ્યું. હવે દૃશ્ય એવી પ્રકૃતિ પુરુષના ભોગ સંપાદન કરવાના પ્રયોજનવાળી છે તેમ બતાવે છે –

આશય એ છે કે પ્રકૃતિ ભોગ માટે પ્રવૃત્તિ કરતી દેખાય છે; કેમ કે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી જ સંસારના ભોગો થાય છે. પ્રકૃતિને પોતાનું કોઈ પ્રયોજન નથી, આમ છતાં પુરુષને 'હું ભોગ સંપાદન કરું' એ પ્રકારના આશયથી પ્રકૃતિ પ્રવર્તે છે, આથી જ પાતંજલયોગસૂત્ર ૨-૧૮માં કહ્યું છે કે પુરુષના ભોગ અને અપવર્ગ માટે દૃશ્ય છે અર્થાત્ પુરુષના ભોગ માટે અને પુરુષના અપવર્ગ માટે દૃશ્ય એવી પ્રકૃતિ પ્રવર્તે છે. **॥૨-૨૧॥**

અવતરણિકા :

યદ્યેવં પુરુષસ્ય ભોગસમ્પાદનમેવ પ્રયોજનં તદા સમ્પાદિતે તસ્મિંસ્તન્નિષ્પ્રયોજનં વિરતવ્યાપારં સ્યાત્, તસ્મિંશ્ચ પરિણામશૂન્યે શુદ્ધત્વાત્ સર્વે દ્રષ્ટારો બન્ધરહિતાઃ સ્યુઃ, તતશ્ચ સંસારોચ્છેદ ઇત્યાશઙ્કયા ઽઽહ –

અવતરણિકાર્થ :

જો આ રીતે=પાતંજલયોગસૂત્ર ૨-૨૧માં કહ્યું એ રીતે, પુરુષને ભોગસંપાદન જ (પ્રકૃતિનું) પ્રયોજન છે તો તે સંપાદન કરાયે છતે=પ્રકૃતિ પુરુષને ભોગ સંપાદન કરે છતે, નિષ્પ્રયોજન વિરત વ્યાપારવાળી તે=પ્રકૃતિ, થાય, અર્થાત્ પ્રકૃતિનું અન્ય કોઈ પ્રયોજન નહિ હોવાથી વ્યાપાર વગરની થાય, અને તે પરિણામશૂન્ય થયે છતે=પ્રકૃતિ પરિણામશૂન્ય થયે છતે, શુદ્ધપણું હોવાથી અર્થાત્ પુરુષનું શુદ્ધપણું હોવાથી, સર્વ દ્રષ્ટાઓ અર્થાત્ સર્વ પુરુષો બંધરહિત થાય, અને તેથી=સર્વ પુરુષો બંધ રહિત થાય તેથી, સંસારનો ઉચ્છેદ થાય, એ પ્રકારની આશંકાથી કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૧માં કહ્યું કે પ્રવર્તતું એવું પ્રધાન=પ્રકૃતિ પોતાના કોઈ પ્રયોજનની અપેક્ષા રાખીને પ્રવર્તતી નથી, પરંતુ પુરુષના ભોગસંપાદન માટે પ્રવર્તે છે, તેથી કોઈ યોગી યોગસાધના કરે ત્યારે પ્રકૃતિનું ભોગસંપાદન કરવાનું પ્રયોજન સંપન્ન થઈ જાય છે; કેમ કે હવે તે યોગીના ભોગસંપાદન માટે પ્રકૃતિ પ્રવર્તતી નથી પરંતુ મોક્ષ સંપાદન માટે પ્રવર્તે છે અને જ્યારે તે યોગી મોક્ષને પામે છે ત્યારે તે પ્રધાનરૂપ પ્રકૃતિનું પુરુષના ભોગસંપાદનરૂપ પ્રયોજન પૂર્ણ થાય છે, તેથી પ્રકૃતિ નિષ્પ્રયોજન થશે અને ભોગસંપાદનરૂપ વ્યાપારથી વિરતવ્યાપારવાળી થશે અને જ્યારે પ્રધાનરૂપ પ્રકૃતિ ભોગસંપાદનના પ્રયોજનથી વિરત વ્યાપારવાળી બને છે ત્યારે તે પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી જે ભાવો ઉત્પન્ન થયેલા તે ભાવો ઉત્પન્ન થતા બંધ થશે તેથી પ્રકૃતિ પરિણામશૂન્ય બનશે.

વળી સર્વ પુરુષો કૂટસ્થ નિત્ય છે તેથી શુદ્ધ છે, આમ છતાં પ્રકૃતિના પરિણામને કારણે પુરુષો બંધવાળા છે અર્થાત્ બદ્ધ છે તેમ કહેવાય છે. હવે પ્રકૃતિ વિરતવ્યાપારવાળી થવાને કારણે પરિણામશૂન્ય થઈ, તેથી સર્વ પુરુષો=સર્વ જીવો, બંધરહિત થાય અને સર્વ જીવો બંધ રહિત થાય તો સંસારનો ઉચ્છેદ થાય, એ પ્રકારે આશંકાથી કહે છે –

સૂત્ર :

કૃતાર્થં પ્રતિ નષ્ટમપ્યનષ્ટં તદન્યસાધારણત્વાત્ ॥૨-૨૨॥

સૂત્રાર્થ :

કૃતાર્થ પ્રત્યે=યોગમાર્ગની સાધના કરીને જેમણે મોક્ષ સંપાદન કર્યો છે તેવા યોગી પ્રત્યે,

નષ્ટ પણ=વિરતવ્યાપારવાળું પ્રધાન પણ, અનષ્ટ છે=અન્ય પ્રત્યે અનષ્ટ છે; કેમ કે તેનાથી અન્યની સાથે=જે પુરુષ અપવર્ગને પામે છે તેનાથી અન્યની સાથે, સાધારણપણું છે=પ્રધાનનું સાધારણપણું છે. ॥૨-૨૨॥

ટીકા :

यद्यपि विवेकख्यातिपर्यन्ताद्भोगसम्पादनात्कमपि कृतार्थं पुरुषं प्रति तन्नष्टं=विरतव्यापारं, तथाऽऽपि सर्वपुरुषसाधारणत्वादन्यान्प्रत्यनष्टव्यापारमवतिष्ठते, अतः प्रधानस्य सकलभोक्तृ-साधारणत्वान्न कदाचिदपि विनाशः, एकस्य मुक्तौ वा न सर्वमुक्तिप्रसङ्ग इत्युक्तं भवति ॥२-२२॥

ટીકાર્થ :

यद्यपि ..... भवति ॥ જો વિવેકખ્યાતિ સુધી ભોગનું સંપાદન હોવાથી અર્થાત્ યોગીને વિવેકખ્યાતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી પ્રધાનનું=પ્રકૃતિનું, પુરુષને ભોગ પ્રાપ્ત કરાવવારૂપ સંપાદકપણું હોવાથી કોઈ પણ કૃતાર્થ પુરુષ પ્રત્યે=કોઈ એવા મુક્ત થયેલા પુરુષ પ્રત્યે, તે નષ્ટ છે=પ્રધાન વિરતવ્યાપારવાળું છે. તોપણ (પ્રધાનનું) સર્વ પુરુષ સાધારણપણું હોવાથી અન્યો પ્રત્યે અનષ્ટવ્યાપારવાળું છે, આથી જ પ્રધાનનું સકલ ભોક્તાનું સાધારણપણું હોવાથી ક્યારે પણ વિનાશ નથી અર્થાત્ એક પુરુષ સાધના કરીને મુક્ત થાય તોપણ પ્રધાનનો ક્યારે પણ વિનાશ નથી અને એકની મુક્તિમાં સર્વની મુક્તિનો પ્રસંગ નથી, એ પ્રમાણે કહેવાયેલું થાય છે=સૂત્રના કથનની કહેવાયેલું થાય છે. ॥૨-૨૨॥

ભાવાર્થ :

કૃતાર્થ પ્રત્યે વિરતવ્યાપારવાળું પણ પ્રધાન તેનાથી અન્ય સર્વપુરુષ પ્રત્યે સાધારણપણું હોવાથી અવિરતવ્યાપારવાળું હોવાને કારણે સકલ ભોક્તૃસાધારણ હોવાથી ક્યારેય પણ અવિનાશ અને એકની મુક્તિમાં સર્વની મુક્તિના પ્રસંગનો અભાવ :

પાતંજલદર્શનકાર પુરુષો=જીવો, અનંતા માને છે અને પ્રકૃતિ એક માને છે અને તે પ્રકૃતિ સર્વપુરુષસાધારણ છે તેમ માને છે, પરંતુ દરેક જીવોની પ્રધાનરૂપ પ્રકૃતિ જુદી જુદી છે તેમ માનતા નથી, તેથી ત્યાં પ્રશ્ન થાય કે પુરુષ અપવર્ગસંપાદન માટે પ્રયત્ન કરે અને તે પુરુષને વિવેકખ્યાતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે પુરુષ પ્રત્યે પ્રકૃતિ ભોગસંપાદન કરે છે અને વિવેકખ્યાતિ પ્રાપ્ત થયા પછી તે પુરુષ મુક્ત થાય છે, તેથી તે પુરુષ કૃતાર્થ થવાથી તેના પ્રત્યે પ્રકૃતિ નષ્ટ છે=વિરત વ્યાપારવાળી છે અર્થાત્ તે પુરુષ અર્થે પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી પ્રપંચ ઉત્પન્ન થતો નથી, તેથી તે પ્રકૃતિ વિરતવ્યાપારવાળી છે અને જો પ્રકૃતિ વિરતવ્યાપારવાળી થાય તો સર્વ જીવો મુક્ત થવા જોઈએ; કેમ કે પ્રકૃતિના વ્યાપારથી જ સર્વ જીવોનો સંસાર છે. આ પ્રકારની શંકાના નિરાસ માટે પાતંજલદર્શનકાર કહે છે –

પ્રકૃતિ કોઈક એક પુરુષ પ્રત્યે વિરતવ્યાપારવાળી થાય તોપણ સર્વ પુરુષો પ્રત્યે વિરત વ્યાપારવાળી થતી નથી; કેમ કે પ્રકૃતિ તે એક પુરુષમાત્રની નથી પરંતુ સર્વપુરુષ સાધારણ છે, તેથી કૃતાર્થ પ્રત્યે પ્રકૃતિ નષ્ટ વ્યાપારવાળી હોવા છતાં તે પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિના ક્રમથી પ્રપંચ ઉત્પન્ન થતો નથી તોપણ અન્ય પુરુષો પ્રત્યે પ્રકૃતિ અનષ્ટવ્યાપારવાળી હોવાથી બુદ્ધિ આદિના ક્રમથી પ્રપંચ ઉત્પન્ન થાય છે.

આશય એ છે કે, જેમ દસ વ્યક્તિ સાધારણ કોઈ સંપત્તિ હોય તેમાંથી એક પુરુષનું મૃત્યુ થાય તો તે સંપત્તિ નવ વ્યક્તિ સાધારણ બને છે, તેમ સર્વજીવો સાધારણ પ્રકૃતિ છે. કોઈક એક જીવ સાધના કરીને મુક્ત થાય તો તે જીવ પ્રત્યે તે પ્રકૃતિ નષ્ટવ્યાપારવાળી થાય તોપણ અન્ય જીવો પ્રત્યે તે પ્રકૃતિ નષ્ટવ્યાપારવાળી નથી, તેથી 'સર્વ જીવો બંધરહિત થાય' એ પ્રકારની આપત્તિ આવતી નથી અને પ્રકૃતિરૂપ પ્રધાનનો પોતાના કાર્ય કરવા પ્રત્યે ક્યારેય વિનાશ થતો નથી, પરંતુ પ્રકૃતિરૂપ પ્રધાનકૃત ભવપ્રપંચ સદા પ્રાપ્ત થાય છે. વળી કોઈક એક જીવસાધના કરીને મુક્ત થાય તો સર્વ જીવોની મુક્તિનો પ્રસંગ પણ આવતો નથી; કેમ કે સર્વ જીવો પ્રત્યે પ્રકૃતિ નષ્ટવ્યાપારવાળી થતી નથી, પરંતુ સાધના કરીને મુક્ત થયેલા પુરુષ પ્રત્યે પ્રકૃતિ નષ્ટવ્યાપારવાળી થાય છે. **॥૨-૨૨॥**

અવતરણિકા :

दृश्यद्रष्टारौ व्याख्याय संयोगं व्याख्यातुमाह –

અવતરણિકાર્થ :

દૃશ્ય અને દ્રષ્ટાનું વ્યાખ્યાન કરીને સંયોગને વ્યાખ્યાન કરવા માટે કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૭માં કહેલ કે, દ્રષ્ટાનો અને દૃશ્યનો સંયોગ હેયનો હેતુ છે, તેથી પ્રથમ દૃશ્ય એવું પ્રધાનનું=પ્રકૃતિનું, સ્વરૂપ બતાવ્યું, ત્યારપછી દ્રષ્ટાનું સ્વરૂપ બતાવ્યું, હવે તે બેના સંયોગને બતાવવા માટે કહે છે –

સૂત્ર :

स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः ॥२-२३॥

સૂત્રાર્થ :

સ્વની શક્તિ અને સ્વામીની શક્તિના=દૃશ્યની શક્તિના અને દૃષ્ટાની શક્તિના, સ્વરૂપની પ્રાપ્તિનો હેતુ સંયોગ છે=દૃશ્ય અને દૃષ્ટાનો સંયોગ છે. ॥૨-૨૩॥

ટીકા :

'स्वेत्यादि'-कार्यद्वारेणास्य लक्षणं करोति-स्वशक्तिः=दृश्यस्य स्वभावः, स्वामिशक्तिः=

द्रष्टुः स्वरूपं, तयोर्द्वयोरपि संवेद्यसंवेदकत्वेन व्यवस्थितयोर्या स्वरूपोपलब्धिस्तस्याः कारणं यः स संयोगः, स च सहजभोग्यभोक्तृभावस्वरूपान्नान्यः, न हि तयोर्नित्ययो-र्व्यापकयोश्च स्वरूपादतिरिक्तः कश्चित् संयोगः, यदेव भोग्यस्य भोग्यता भोक्तुश्च भोक्तृत्वमनादिसिद्धं स एव संयोगः ॥२-२३॥

टीकार्थ :

कार्यद्वारेण ..... संयोगः ॥ કાર્ય દ્વારા આનું=સંયોગનું લક્ષણ કરે છે –

સ્વશક્તિ=દૃશ્યનો સ્વભાવ અને સ્વામિશક્તિ=દ્રષ્ટાનું સ્વરૂપ, સંવેદ્ય-સંવેદકપણાથી વ્યવસ્થિત એવા તે બંનેની પણ=દૃશ્ય અને દ્રષ્ટા તે બંનેની પણ, સ્વરૂપઉપલબ્ધિ=સ્વરૂપપ્રાપ્તિ, તેનું જે કારણ તે સંયોગ છે અને તે સંયોગ સહજ ભોગ્યભોક્તૃભાવ સ્વરૂપથી અન્ય નથી અર્થાત્ પ્રકૃતિ ભોગ્ય છે અને પુરુષ ભોક્તા છે તે બેમાં રહેલ ભોગ્યભોક્તૃભાવસ્વરૂપથી તે સંયોગ અન્ય નથી.

કેમ ભોગ્યભોક્તૃભાવથી સંયોગ અતિરિક્ત નથી ? એથી કહે છે –

નિત્ય અને વ્યાપક એવા તે બેના=પ્રકૃતિ અને પુરુષ તે બેના, સ્વરૂપથી અતિરિક્ત કોઈ સંયોગ નથી. ભોગ્યની=ભોગ્ય એવી પ્રકૃતિની ભોગ્યતા અને ભોક્તાનું=ભોક્તા એવા પુરુષનું, ભોક્તૃપણું જે અનાદિસિદ્ધ છે તે જ સંયોગ છે. ॥૨-૨૩॥

ભાવાર્થ :

દૃશ્યની શક્તિ અને દ્રષ્ટાની શક્તિના સ્વરૂપની પ્રાપ્તિનો હેતુ દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગ :

પાતંજલમતાનુસાર દ્રષ્ટા એવો પુરુષ નિત્ય છે અને પ્રકૃતિ પણ નિત્ય છે. વળી દ્રષ્ટા એવા પુરુષો સંખ્યાથી અનંતા હોવા છતાં દરેક પુરુષો વ્યાપક છે=કોઈ નિયત દેશમાં નથી પરંતુ સર્વત્ર વ્યાપક છે, તેથી વ્યાપક એવા પુરુષ અને પ્રકૃતિ બંને નિત્ય છે અને તે બંનેના સ્વરૂપથી અતિરિક્ત કોઈ સંયોગ નથી પરંતુ તે બંનેનું જે સ્વરૂપ છે તે સંયોગ છે. દ્રષ્ટા એવા પુરુષ અને દૃશ્ય એવી પ્રકૃતિ તે બંનેનું સ્વરૂપ શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

દૃશ્ય એવી પ્રકૃતિનો સ્વભાવ એ તેની સ્વશક્તિ છે અને દ્રષ્ટા એવા પુરુષનું સ્વરૂપ એ તેની સ્વામીશક્તિ છે સંવેદ્યસંવેદકપણારૂપે વ્યવસ્થિત દૃશ્ય અને દ્રષ્ટા છે અર્થાત્ દૃશ્ય એવું પ્રધાન=પ્રકૃતિ, સંવેદ્ય છે અને દ્રષ્ટા એવો પુરુષ સંવેદક છે અને સંવેદ્યસંવેદકપણારૂપે તે બન્ને વ્યવસ્થિત છે અને તેઓના સ્વરૂપની પ્રાપ્તિ, તેનું જે કારણ તે સંયોગ છે અર્થાત્ તે સંયોગને કારણે દ્રષ્ટા એવો પુરુષ સંવેદક બને છે અને દૃશ્ય સંવેદ્ય બને છે.

આનાથી શું ફલિત થાય છે તે બતાવે છે –

ભોગ્ય એવા પ્રધાનની ભોગ્યતા અને ભોક્તા એવા પુરુષનું ભોક્તૃપણું જે અનાદિસિદ્ધ છે તે જ સંયોગ છે.

આશય એ છે કે, જ્યાં સુધી યોગી સાધના કરીને મુક્ત થયા નથી ત્યાં સુધી તે યોગીપુરુષ અને દૃશ્ય એવી પ્રકૃતિ તે બન્ને પરસ્પર સંવેદ્યસંવેદકભાવ વડે રહેલા છે, અને તે બન્ને સંવેદ્યસંવેદક-ભાવપણારૂપે રહેલા છે તેનું કારણ તે બન્નેનો તથાપ્રકારનો સંયોગ છે અર્થાત્ પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે અને તે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે અને તેના કારણે બુદ્ધિ જે ભોગો કરે છે તેની પુરુષને 'હું ભોગો કરું છું' એવી પ્રતીતિ થાય છે, તેથી પુરુષ ભોક્તા બને છે અને પ્રકૃતિરૂપ પ્રધાનમાંથી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે તે ભોગ્ય બને છે અને જે યોગી સાધના કરીને મુક્ત થાય છે તે યોગીપુરુષનો પ્રકૃતિ સાથે ભોક્તૃભોગ્યત્વરૂપ સંબંધ નષ્ટ થાય છે માટે તેમનો સંસાર નષ્ટ થાય છે. **॥૨-૨૩॥**

અવતરણિકા :

તસ્યાપિ કારણમાહ –

અવતરણિકાર્થ :

તેનું પણ=સંયોગનું પણ, કારણ કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૮માં દૃશ્યનું સ્વરૂપ બતાવ્યું, ત્યારપછી ૨-૨૦માં દ્રષ્ટાનું સ્વરૂપ બતાવ્યું ત્યારપછી ૨-૨૩માં દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગનું સ્વરૂપ કાર્ય દ્વારા બતાવ્યું, તેથી તેવું જે કાર્ય કરે તે સંયોગ કહેવાય તેવો અર્થ પ્રાપ્ત થાય તેથી તેવા પ્રકારના કાર્ય પ્રત્યે જે કારણ છે તે સંયોગ છે તેવો અર્થ પ્રાપ્ત થયો. હવે તેવા પ્રકારના કાર્ય પ્રત્યે કારણ એવા સંયોગના પણ કારણને કહે છે –

સૂત્ર :

તસ્ય હેતુરવિદ્યા ॥૨-૨૪॥

સૂત્રાર્થ :

તેનો હેતુ=દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગનો હેતુ, અવિદ્યા છે. ॥૨-૨૪॥

ટીકા :

'तस्येति'-या पूर्वं विपर्यासात्मिका मोहरूपाऽविद्या व्याख्याता सा तस्य=विवेका-ख्यातिरूपस्य संयोगस्य कारणम् ॥૨-૨૪॥

ટીકાર્થ :

या ..... कारणम् ॥ પાતંજલયોગસૂત્ર ૨-૫માં વિપર્યાસ આત્મક મોહરૂપ અવિદ્યા વ્યાખ્યાન કરાઈ તે=તે અવિદ્યા, તેનું=વિવેક અખ્યાતિરૂપ સંયોગનું=ભેદના અગ્રહણરૂપ સંયોગનું, કારણ છે. ॥૨-૨૪॥

ભાવાર્થ :

દૃશ્યના અને દ્રષ્ટાના સંયોગનો હેતુ અવિદ્યા :

પાતંજલયોગસૂત્ર ૨-૧૭માં કહ્યું કે, દ્રષ્ટા અને દૃશ્યના સંયોગ હેય એવા દુઃખનો હેતુ છે. હવે તે સંયોગનો હેતુ કોણ છે ? એવી જિજ્ઞાસાથી કહે છે –

દ્રષ્ટા અને દૃશ્યના સંયોગનો હેતુ વિપર્યાસરૂપ અવિદ્યા છે અર્થાત્ જીવને પરમાર્થથી દૃશ્ય સાથે કોઈ સંયોગ નથી. જીવ પોતાના સ્વરૂપમાં રહેનાર છે, આમ છતાં મોહથી વાસિત જીવ દૃશ્યની સાથે સંવેદ્યસંવેદકસ્વરૂપે સંયોગ પામે છે અર્થાત્ આ દૃશ્યનું હું વેદન કરું છું અને આ દૃશ્ય મારા માટે સંવેદ્ય છે તેવી બુદ્ધિ જીવ કરે છે, તેવી બુદ્ધિ થવામાં જીવમાં રહેલું અજ્ઞાન કારણ છે અને તે અજ્ઞાનને કારણે દૃશ્ય અને દ્રષ્ટા વચ્ચેના ભેદના અગ્રહણરૂપ સંયોગ ઉત્પન્ન થાય છે. **॥૨-૨૪॥**

અવતરણિકા :

હેયં હાનક્રિયાકર્મોચ્યતે, કિં પુનસ્તદ્ધાનમિત્યત આહ –

અવતરણિકાર્થ :

હેય એવો સંયોગ હાનક્રિયાનું કર્મ કહેવાય છે, વળી તે હાન શું છે ? એથી કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૧૬માં અનાગત એવા દુઃખને હેય કહેલ છે અને તેનો હેતુ દ્રષ્ટાનો અને દૃશ્યનો સંયોગ છે એમ સૂત્ર ૨-૧૭માં કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જેમ અનાગત દુઃખરૂપ સંસાર હેય છે, તેમ તેનું કારણ એવો સંયોગ પણ હેય છે અને યોગી તે હેયના હાનની જે ક્રિયા કરે છે તેનું કર્મ તે હેય એવો સંયોગ બને છે, તેથી હેયનું સ્વરૂપ બતાવ્યા પછી હાન શું છે ? તે બતાવવા અર્થે પ્રસ્તુત સૂત્રમાં કહે છે –

સૂત્ર :

तदभावे संयोगाभावो हानं तद् दृशेः कैवल्यम् ॥२-२५॥

સૂત્રાર્થ :

તેનો અભાવ હોતે છતે=અવિદ્યાનો અભાવ હોતે છતે, સંયોગનો અભાવ=દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગનો અભાવ, હાન છે. તે=સંયોગના અભાવરૂપ હાન, દૃશિનું=દ્રષ્ટાનું, કૈવલ્ય છે અર્થાત્ કેવળપણું છે. ॥૨-૨૫॥

ટીકા :

'तदभाव इति'-तस्याः=अविद्यायाः स्वरूपविरुद्धेन सम्यग्ज्ञानेनोन्मूलिताया योऽयम-

भावस्तस्मिन्सति तत्कार्यस्य संयोगस्याप्यभावस्तद्धानमित्युच्यते । अयमर्थः-नैतस्य मूर्तद्रव्यवत्परित्यागो युज्यते किन्तु जातायां विवेकख्यातावविवेकनिमित्तः संयोगः स्वयमेव निवर्तत इति तस्य हानम्, यदेव च संयोगस्य हानं तदेव नित्यं केवलस्यापि पुरुषस्य कैवल्यं व्यपदिश्यते ॥२-२५॥

ટીકાર્થ :

तस्याः ..... उच्यते । સ્વરૂપથી વિરુદ્ધ એવા સમ્યગ્જ્ઞાનથી=અવિદ્યાના સ્વરૂપથી વિરુદ્ધ એવા સમ્યગ્જ્ઞાનથી, ઉન્મૂલિત એવા તેનો=અવિદ્યાનો, જે આ અભાવ, તે હોતે છતે તેના કાર્ય એવા સંયોગનો પણ અભાવ છે, તે હાન એ પ્રમાણે કહેવાય છે.

अयमर्थः – આ અર્થ છે=સૂત્રના ઉપરોક્ત કથનનો આ અર્થ છે –

नैतस्य ..... व्यपदिश्यते ॥ આનો=સંયોગનો, મૂર્તદ્રવ્યની જેમ પરિત્યાગ ઘટતો નથી, પરંતુ વિવેકખ્યાતિ થયે છતે અવિવેકનિમિત્તવાળો એવો સંયોગ સ્વયં જ નિવર્તન પામે છે એ તેનું=સંયોગનું, હાન છે. અને સંયોગનું જે હાન છે, કેવલ પણ પુરુષનું તે જ નિત્ય કૈવલ્ય=કેવલપણું, કહેવાય છે. ॥૨-૨૫॥

ભાવાર્થ :

હાનનું સ્વરૂપ :

આત્માને માટે દુઃખ હેય છે અને દુઃખના હેતુ દૃશ્યનો અને દ્રષ્ટાનો સંયોગ છે અને તે સંયોગનો હેતુ આત્મામાં વર્તતું અજ્ઞાન છે, તેને પાતંજલદર્શનકાર અવિદ્યા કહે છે અને અવિદ્યાનો અભાવ થયે છતે સંયોગનો પણ અભાવ થાય છે.

કઈ રીતે અવિદ્યાનો અભાવ થાય છે ? તેથી કહે છે –

અવિદ્યાના સ્વરૂપથી વિરુદ્ધસ્વરૂપવાળા એવા સમ્યગ્જ્ઞાનથી અવિદ્યાનું ઉન્મૂલન થાય છે અને અવિદ્યાનું ઉન્મૂલન થયે છતે અવિદ્યાના કાર્ય એવા સંયોગનો અભાવ થાય છે, તે સંયોગનો અભાવ તે હાન છે અર્થાત્ પુરુષ સમ્યગ્જ્ઞાનમાં યત્ન કરે તે સંયોગના હાન માટેની ક્રિયા છે અને તે હાનની ક્રિયાથી સંયોગનો અભાવ પ્રાપ્ત થાય તે હેય એવા સંયોગનો હાન છે.

આ કથનથી શું ફલિત થાય છે. તે સ્પષ્ટ કરતાં કહે છે –

દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગના અભાવરૂપ હાન દૃષ્ટાનું કૈવલ્ય :

જેમ મૂર્તદ્રવ્યનો પરિત્યાગ થાય છે, તેવો પરિત્યાગ સંયોગનો થતો નથી; કેમ કે મૂર્તદ્રવ્ય ગ્રહણ થાય છે, તેથી કોઈક રીતે ગ્રહણ થયેલા મૂર્તદ્રવ્યને છોડી દેવાથી તેનો પરિત્યાગ થાય છે. જ્યારે અવિવેકરૂપ નિમિત્તથી થયેલો એવો દૃશ્યનો અને દ્રષ્ટાનો સંયોગ વિવેકખ્યાતિ પ્રગટ થાય છે ત્યારે સ્વયં નિવર્તન પામે છે, તેથી સમ્યગ્જ્ઞાનમાં કરાયેલા યત્નથી પ્રગટ થતી વિવેકખ્યાતિના બળથી

દૃશ્યનો અને દ્રષ્ટાનો સંયોગ નિવર્તન પામે છે અને તે સંયોગનું હાન છે અને સંયોગનો હાન એ જ કેવલ પણ પુરુષનું નિત્ય કેવલપણું છે એમ કહેવાય છે અર્થાત્ પરમાર્થથી પુરુષ પ્રકૃતિથી પૃથક્ હોવાને કારણે સદા કેવલ જ છે, આમ છતાં કેવલ પણ પુરુષ ભ્રમને કારણે પ્રકૃતિથી હું બંધાયેલો છું તેવું માને છે અને જ્યારે કલ્પનાથી ઉત્પન્ન થયેલો દૃશ્યનો અને દ્રષ્ટાનો સંયોગ વિવેકખ્યાતિથી નાશ પામે છે ત્યારે તે પુરુષ કેવલ છે અર્થાત્ પ્રકૃતિથી યુક્ત નથી અર્થાત્ પ્રકૃતિથી મુક્ત છે એ પ્રમાણે કહેવાય છે. **॥૨-૨૫॥**

અવતરણિકા :

तदेवं संयोगस्य स्वरूपं कारणं कार्यं चाभिहितम् । अथ हानोपायकथनद्वारेणोपादेय-कारणमाह —

અવતરણિકાર્થ :

તે આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દ્રષ્ટાના અને દૃશ્યના સંયોગનું સ્વરૂપ, કારણ અને કાર્ય અત્યાર સુધી કહેવાયું. હવે હાનના ઉપાયના કથન દ્વારા ઉપાદેયના કારણને કહે છે —

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૩માં સંયોગનું સ્વરૂપ બતાવ્યું, સૂત્ર ૨-૨૪માં સંયોગનું કારણ બતાવ્યું, સૂત્ર ૨-૧૭માં સંયોગનું કાર્ય બતાવ્યું અને સૂત્ર ૨-૨૫માં કહ્યું કે, હેય એવો સંયોગ હાનક્રિયાનું કર્મ છે તેથી ૨-૨૫માં હાનને બતાવ્યું તેથી જિજ્ઞાસા થાય કે, હાનનો ઉપાય શું છે ? તેથી હવે હાનના ઉપાયના કથન દ્વારા પુરુષ માટે ઉપાદેય એવા કારણને કહે છે અર્થાત્ સૂત્ર ૨-૨૦માં ઉપાદેય એવા દ્રષ્ટાને બતાવેલ. હવે ઉપાદેય એવા દ્રષ્ટાને કેવલરૂપે પ્રાપ્તિનું જે કારણ છે તે કારણને કહે છે —

સૂત્ર :

विवेकख्यातिरविप्लवा हानोपायः ॥२-२६॥

સૂત્રાર્થ :

અવિપ્લવવાળી એવી વિવેકખ્યાતિ=સ્ખલના વગર અસ્ખલિત પ્રવર્તતી એવી પુરુષ અને દૃશ્યના ભેદની બુદ્ધિ, હાનનો ઉપાય છે=દ્રષ્ટાના અને દૃશ્યના સંયોગના હાનનો ઉપાય છે. ॥૨-૨૬॥

ટીકા :

'विवेकेति'-'अन्ये गुणा अन्यः पुरुष' इत्येवंविधस्य विवेकस्य या ख्यातिः=प्रख्या साऽस्य हानस्य=दृश्यपरित्यागस्योपायः कारणम्, कीदृशी ? अविप्लवा=न विद्यते विप्लवो

विच्छेदोऽन्तराऽन्तरा व्युत्थानरूपो यस्य साऽविप्लवा । इदमत्र तात्पर्यम्-प्रतिपक्षभावना-बलादविद्याप्रविलये विनिवृत्तकर्तृत्वभोक्तृत्वाभिमानायां रजस्तमोमलानभिभूतायां बुद्धावन्तर्मुखायां या चिच्छायासङ्क्रान्तिः सा विवेकख्यातिरुच्यते, तस्यां च सन्ततत्वेन प्रवृत्तायां सत्यां दृश्यस्याधिकारनिवृत्तेर्भवत्येव कैवल्यम् ॥२-२६॥

❖ विनिवृत्तकर्तुत्वभोक्तृत्वाभिमानाया रजस्तमोमलानभिभूताया बुद्धेरन्तर्मुखाया પાઠ છે ત્યાં विनिवृत्तकर्तृत्व-भोक्तृत्वभिमानायां रजस्तमोमलानभिभूतायां बुद्धावन्तर्मुखायां આ રીતે પાઠ ઉચિત ભાસે છે તેથી તે મુજબ પાઠ લઈને અમે અર્થસંગતિ કરેલ છે.

ટીકાર્થ :

'अन्ये ..... कारणम्,' 'અન્ય ગુણો છે અર્થાત્ બુદ્ધિના ગુણો જે પ્રતીત થાય છે તે અન્ય છે, (અને) પુરુષ અન્ય છે' એવા પ્રકારની વિવેકની જે ખ્યાતિ=પ્રખ્યા અર્થાત્ બુદ્ધિ, તે આના હાનનો=દૃશ્યના પરિત્યાગનો, ઉપાય=કારણ, છે.

किदृशी ? કેવા પ્રકારની વિવેકખ્યાતિ હાનનો ઉપાય છે ? તેથી કહે છે –

अविप्लवा ..... सोऽविप्लवा । અવિપ્લવવાળી=વિપ્લવ=વિચ્છેદ=વચ વચમાં વ્યુત્થાનરૂપ વિચ્છેદ વિદ્યમાન નથી જેને તે અવિપ્લવવાળી કહેવાય છે.

इदमत्र तात्पर्यम्-આ=આગળ કહે છે એ, અહીં=સૂત્રના કથનમાં, તાત્પર્ય છે –

प्रतिपक्ष ..... कैवल्यम् ॥ પ્રતિપક્ષભાવનાના બળથી અર્થાત્ દ્રષ્ટા એવા પુરુષની અને દૃશ્ય એવી પ્રકૃતિની અભેદબુદ્ધિના પ્રતિપક્ષરૂપ ભેદબુદ્ધિના ભાવનાના બળથી, અવિદ્યાનો પ્રવિલય થયે છતે વિનિવૃત્ત કર્તૃત્વના અને ભોક્તૃત્વના અભિમાનવાળી રજ, તમ મલથી અનભિભૂત અંતર્મુખ એવી બુદ્ધિમાં જે ચિત્છાયાની સંક્રાન્તિ તે વિવેકખ્યાતિ કહેવાય છે અને સતતપણાથી તે પ્રવૃત્ત થયે છતે=વિવેકખ્યાતિ પ્રવૃત્ત થયે છતે, દૃશ્યના અધિકારની નિવૃત્તિથી કૈવલ્ય=કેવલપણું, થાય જ છે અર્થાત્ પુરુષનું કેવલપણું થાય જ છે. ॥૨-૨૬॥

ભાવાર્થ :

દ્રષ્ટાના અને દૃશ્યના સંયોગના હાનનો ઉપાય અવિપ્લવાળી એવી વિવેકખ્યાતિ :

વિવેકખ્યાતિનું સ્વરૂપ :

પ્રસ્તુત પાતંજલયોગસૂત્ર ૨-૨૬માં દૃશ્ય એવા પ્રધાનના=પ્રકૃતિના, હાનનો ઉપાય બતાવ્યો તેના દ્વારા અર્થથી પુરુષ માટે ઉપાદેય એવા મુક્તિના કારણરૂપ વિવેકખ્યાતિના સ્વરૂપને કહે છે –

વિવેકખ્યાતિ શું છે ? તે સ્પષ્ટ કરતાં રાજમાર્તંડકાર કહે છે કે, 'ગુણો અન્ય છે, પુરુષ અન્ય છે' એ પ્રકારનો વિવેક તે વિવેકખ્યાતિ છે અર્થાત્ સાંખ્યમતાનુસાર-પાતંજલમતાનુસાર બુદ્ધિના જે આઠ ગુણો છે તે અન્ય છે, તેનાથી અન્ય પુરુષ છે, એ પ્રકારનો વિવેક એ વિવેકખ્યાતિ છે. આ

વિવેકખ્યાતિ વિપ્લવ=વિચ્છેદ, વગરની થાય ત્યારે તે વિવેકખ્યાતિ હાનનો ઉપાય બને છે=દૃશ્ય અને દ્રષ્ટા એવા પુરુષના સંયોગના ત્યાગનું કારણ બને છે.

આનાથી શું ફલિત થાય છે તે બતાવે છે –

અનાદિથી દ્રષ્ટા એવા પુરુષને દૃશ્ય એવી પ્રકૃતિ સાથે અભેદબુદ્ધિ સ્થિર થયેલી છે. જે યોગી તે અભેદબુદ્ધિના નાશને અર્થે પ્રતિપક્ષનું ભાવન કરે અર્થાત્ વિચારે કે મારો આત્મા આ દૃશ્ય સાથે સંયોગવાળો નથી, યોગીની તે ભાવના દૃઢ થાય ત્યારે અવિદ્યાનો નાશ થાય છે અને અવિદ્યાનો નાશ થાય ત્યારે આત્મામાં બાહ્ય પદાર્થોમાં કર્તૃત્વનું અને ભોક્તૃત્વનું અભિમાન નિવર્તન પામે છે ત્યારે બુદ્ધિ અંતર્મુખ બને છે ત્યારે તે બુદ્ધિ રજ અને નયથી અનભિભૂત થાય છે તેથી અંતર્મુખ એવી બુદ્ધિમાં જે ચૈતન્યની છાયાની સંક્રાંતિ છે તે વિવેકખ્યાતિ છે.

આ વિવેકખ્યાતિ વચવચમાં વ્યુત્થાનદશાની પ્રાપ્તિરૂપ અંતર વગર યોગીમાં સતત પ્રવર્તે તો યોગીમાંથી દૃશ્યના અધિકારની નિવૃત્તિ થાય છે, તેથી પુરુષ કેવલ બને છે=પ્રકૃતિથી મુક્ત બને છે, અને તે પાતંજલમતાનુસાર પુરુષનો મોક્ષ છે.

વિશેષાર્થ :

યોગમાર્ગની પ્રવૃત્તિ અત્યંત ઉપયોગપૂર્વક જે યોગીઓ કરે છે તેમની બુદ્ધિ અંતર્મુખ બને છે અને તે અંતર્મુખ બનેલી બુદ્ધિ સુઅભ્સ્ત બને ત્યારે વ્યુત્થાનદશા વગર તે બુદ્ધિ સતત અંતરંગ ભાવોમાં પ્રવર્તે છે.

જેમ-કોઈ મહાત્મા સમિતિ-ગુપ્તિપૂર્વક સર્વક્રિયાઓ કરતા હોય ત્યારે સતત જિનવચનનું સ્મરણ કરીને સર્વ ક્રિયાઓઓમાં દૃઢ યત્ન કરતા હોય તો વિચ્છેદ વગર અંતર્મુખ બુદ્ધિની પ્રાપ્તિ થાય છે અને દીર્ઘકાળ સુધી તે રીતે અંતર્મુખ બુદ્ધિ પ્રવર્તે તો તે મહાત્મા સર્વ કર્મનો ક્ષય કરીને કેવલ પુરુષ બને છે અર્થાત્ કર્મરૂપી પ્રકૃતિથી રહિત મુક્ત બને છે. **॥૨-૨૬॥**

અવતરણિકા :

उत्पन्नविवेकख्यातेः पुरुषस्य यादृशी प्रज्ञा भवति तां कथयन् विवेकख्यातेरेव स्वरूपमाह –

અવતરણિકાર્થ :

ઉત્પન્ન વિવેકખ્યાતિવાળા પુરુષને જેવી પ્રજ્ઞા થાય છે તે પ્રજ્ઞાને કહેતા=બતાવતાં, વિવેકખ્યાતિના જ સ્વરૂપને કહે છે –

સૂત્ર :

तस्य सप्तधा प्रान्तभूमौ प्रज्ञा ॥२-२७॥

સૂત્રાર્થ :

તેમની=ઉત્પન્ન વિવેકખ્યાતિવાળા પુરુષની, પ્રજ્ઞા=જ્ઞાતવ્યના વિવેકવાળી પ્રજ્ઞા, પ્રાંતભૂમિમાં સાત પ્રકારની છે. ॥૨-૨૭॥

ટીકા :

'तस्येति'-तस्य=उत्पन्नविवेकज्ञानस्य, ज्ञातव्यविवेकरूपा प्रज्ञा प्रान्तभूमौ=सकलसालम्बनसमाधिभूमिपर्यन्ते, सप्तप्रकारा भवति, तत्र कार्यविमुक्तिरूपा चतुष्प्रकारा-ज्ञातं मया ज्ञेयं, न ज्ञातव्यं किंचिदस्ति, क्षीणा मे क्लेशा न किञ्चित्क्षेतव्यमस्ति, अधिगतं मया ज्ञानं, प्राप्ता मया विवेकख्यातिरिति, प्रत्ययान्तरपरिहारेण तस्यामवस्थायामीदृश्येव प्रज्ञा जायते, ईदृशी प्रज्ञा कार्यविषयं निर्मलं ज्ञानं कार्यविमुक्तिरित्युच्यते, चित्तविमुक्तिस्त्रिधा-चरितार्था मे बुद्धिर्गुणा, हताधिकारा गिरिशिखरनिपतिता इव ग्रावाणो न पुनः स्थितिं यास्यन्ति, स्वकारणे प्रविलयाभिमुखानां गुणानां मोहाभिधानमूलकारणाभावान्निष्प्रयोजनत्वाच्चामीषां कुतः प्ररोहो भवेत्, सात्मीभूतश्च मे समाधिः तस्मिन् सति स्वरूपप्रतिष्ठोऽहमिति, ईदृशी त्रिप्रकारा चित्तविमुक्तिः, तदेवमीदृश्यां सप्तविधप्रान्तभूमिप्रज्ञायामुपजातायां पुरुषः केवल इत्युच्यते ॥२-२७॥

ટીકાર્થ :

तस्य ..... भवति, તેમની=ઉત્પન્ન વિવેકજ્ઞાનવાળા પુરુષની, જ્ઞાતવ્યના વિવેકરૂપ પ્રજ્ઞા પ્રાંતભૂમિમાં=સકલ સાલંબન સમાધિની ભૂમિમાં અંતિમ ભાગમાં, સાત પ્રકારની થાય છે.

तत्र .....इत्युच्यते ॥ ત્યાં=સાત પ્રકારની પ્રજ્ઞામાં, કાર્યવિમુક્તિરૂપ પ્રજ્ઞા ચાર પ્રકારની છે તે આ રીતે –

(૧) મારા વડે જ્ઞેય જ્ઞાત=જણાયું છે, (૨) કાંઈ જ્ઞાતવ્ય બાકી રહ્યું નથી=જાણવા યોગ્ય બધું જણાયું છે, (૩) મારા ક્લેશો ક્ષીણ=ક્ષય થયેલા છે, (તેથી) કાંઈ ક્ષેતવ્ય=નાશ કરવા યોગ્ય નથી, (૪) મારા વડે જ્ઞાન અધિગત=પ્રાપ્ત કરાયું છે. (એથી) મારા વડે વિવેકખ્યાતિ પ્રાપ્ત=કરાઈ છે.

इति શબ્દ ચાર પ્રકારની કાર્યવિમુક્તિરૂપ પ્રજ્ઞાની સમાપ્તિસૂચક છે.

આ ચાર પ્રકાર કાર્યવિમુક્તિરૂપ કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

પ્રત્યાન્તરના પરિહારથી=ઉપરોક્ત ચાર પ્રત્યય કરતાં અન્ય પ્રકારના પ્રત્યયના પરિહારથી, તે અવસ્થામાં= પ્રાતંભૂમિની અવસ્થામાં, આવા પ્રકારની પ્રજ્ઞા થાય છે=ઉપરમાં કહ્યું એવી ચાર પ્રકારની પ્રજ્ઞા થાય છે, આવી પ્રજ્ઞા કાર્યવિષયક નિર્મળજ્ઞાન (છે તેથી) કાર્યવિમુક્તિ એ પ્રમાણે કહેવાય છે.

चित्तविमुक्तिः ..... ચિત્તવિમુક્તિ:, ચિત્તવિમુક્તિ ત્રણ પ્રકારની છે. તે આ રીતે –

(૧) મારા બુદ્ધિના ગુણો ચરિતાર્થ થયા છે,

કેમ ચરિતાર્થ થયા છે ? કે બતાવે છે –

હતાધિકારવાળા=નાશ પામેલ અધિકારવાળા, એવા બુદ્ધિના ગુણો ગિરિના શિખર ઉપરથી પડેલા પત્થરોની જેમ ફરી સ્થિતિને પામતા નથી, સ્વકારણમાં=પોતાના કારણમાં, પ્રવિલયને અભિમુખ એવા ગુણોના મોહ નામના મૂળકારણનો અભાવ હોવાથી અને નિષ્પ્રયોજનપણું હોવાથી આમનો=બુદ્ધિના ગુણોનો પ્રરોહ=ઉદ્ગમ ક્યાંથી હોય ? અર્થાત્ બુદ્ધિના ગુણોની ઉત્પત્તિ થાય નહિ.

(૨) મને સમાધિ સાત્મીભૂત=પ્રકૃતિભૂત, થઈ છે, (૩) તે હોતે છતે=સમાધિ સાત્મીભૂત હોતે છતે હું સ્વરૂપ પ્રતિષ્ઠ=સ્વરૂપમાં રહેલો છું. આવા પ્રકારની ત્રણ પ્રકારે ચિત્તવિમુક્તિ છે.

તદેવં ..... इत्युच्यते ॥ આ રીતે આવા પ્રકારની સાત પ્રકારની પ્રાંતભૂમિની પ્રજ્ઞા ઉત્પન્ન થયે છતે પુરુષ કેવલ છે. એ પ્રમાણે કહેવાય છે. ॥૨-૨૭॥

ભાવાર્થ :

ઉત્પન્ન થયેલ વિવેકખ્યાતિવાળા યોગીને જ્ઞાતવ્યના વિવેકરૂપ પ્રાંતભૂમિમાં સાત પ્રકારની પ્રજ્ઞાનું સ્વરૂપ :

યોગીઓ વિવેક ઉત્પન્ન કરવા માટે સર્વ ઉદ્યમ કરે છે અને તદર્થે જ શાસ્ત્રાધ્યયન કરે છે, શાસ્ત્રાધ્યયન કરીને તેનું સતત મનન, ચિંતન કરે છે અને મનન-ચિંતન દ્વારા શાસ્ત્રાધ્યયનના ભાવો જ્યારે સ્થિર થાય છે ત્યારે તે યોગી ઉત્પન્ન વિવેકજ્ઞાનવાળા થાય છે અને ઉત્પન્ન વિવેકજ્ઞાનવાળા યોગીને જ્ઞાતવ્યના વિવેકરૂપ સાત પ્રકારની પ્રજ્ઞા પ્રાંતભૂમિમાં થાય છે અર્થાત્ યોગી શાસ્ત્રાધ્યયન કરીને સાલંબનસમાધિમાં યત્ન કરે છે અને સકલ સાલંબનસમાધિની અંતિમ ભૂમિકામાં તે યોગીને સાત પ્રકારની પ્રજ્ઞા પ્રગટે છે.

તે સાત પ્રકારની પ્રજ્ઞામાંથી ચાર પ્રકારની પ્રજ્ઞા કાર્યવિમુક્તિરૂપ છે, તેથી તે યોગી સર્વ કાર્યથી નિર્વૃત્ત થઈને નિષ્ક્રિય એવી આત્માની અવસ્થાને પ્રાપ્ત કરવા માટે અભિમુખ પરિણામવાળા બને છે.

ચાર પ્રકારની કાર્યવિમુક્તિરૂપ પ્રજ્ઞાનું સ્વરૂપ :

(૧) 'મારા વડે જ્ઞેય જ્ઞાત છે તેથી મારે કાંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી' એ પ્રકારની કાર્યવિમુક્તિનું સ્વરૂપ :

સામાન્યથી જીવોમાં જ્ઞેયનું જ્ઞાન કરવા માટે ઔત્સુક્ય હોય છે, તેથી સંસારી જીવો તે તે જ્ઞેયને જાણવા માટે અને તેમાંથી આનંદ લેવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ સાધક એવા યોગીને જ્યારે જણાય છે કે, મારા વડે જ્ઞેય જ્ઞાત છે. હવે મારે કાંઈ જ્ઞાતવ્ય નથી, તેથી કોઈ જ્ઞેયને જાણવા વિષયક ઔત્સુક્ય યોગીની ચિત્તભૂમિમાં નથી. આ પ્રથમ પ્રકારની કાર્ય વિમુક્તિ છે.

(૨) મારા ક્લેશો ક્ષય પામેલા છે, તેથી મારે કાંઈ ક્ષય કરવા યોગ્ય નથી' એ પ્રકારની કાર્યવિમુક્તિનું સ્વરૂપ :

સાધક એવા યોગીને પોતાના ક્લેશો ક્ષીણ કરવાની ઇચ્છા હોય છે, તેથી સતત પોતાના ક્લેશોને ક્ષીણ કરવાના પ્રયત્નવાળા હોય છે પરંતુ યોગની અંતિમભૂમિને પામેલા યોગીઓનો ક્લેશો ક્ષીણ

થયેલા હોય છે. તેઓ માટે ક્લેશો ક્ષેતવ્ય=ક્ષય કરવા યોગ્ય નથી; કેમ કે તેમનું ચિત્ત અત્યંત નિરુત્સુક છે અને ઉત્સુકતા જ ક્લેશરૂપ છે માટે ઉત્સુકતા નહિ હોવાથી ક્ષેતવ્ય કાંઈ નથી. આ બીજા પ્રકારની કાર્યવિમુક્તિ છે.

(૩) 'મારા વડે જ્ઞાન પ્રાપ્ત છે' એ પ્રકારની કાર્યવિમુક્તિનું સ્વરૂપ :

સાધક એવા યોગીને આત્મકલ્યાણ માટે જ્ઞાન પ્રાપ્તવ્ય છે, અને આત્મકલ્યાણ માટે ઉપયોગી એવું સર્વ જ્ઞાન મારા વડે પ્રાપ્ત થયેલું છે; કેમ કે ઔત્સુક્યનાં શમનમાં જ સર્વ જ્ઞાન ફળવાન છે અને યોગીએ પોતે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેના દ્વારા ઔત્સુક્યનું શમન પોતાનામાં વર્તે છે તેથી નવા જ્ઞાનને પ્રાપ્ત કરવાની ઉત્સુકતારૂપ કાર્યવિમુક્તિ પ્રજ્ઞા તેમનામાં વર્તે છે. આ ત્રીજા પ્રકારની કાર્યવિમુક્તિ છે.

(૪) 'મારા વડે વિવેકખ્યાતિ પ્રાપ્ત થયેલી છે' એ પ્રકારની કાર્યવિમુક્તિનું સ્વરૂપ :

સાધક એવા યોગી વડે સાધના દ્વારા જ્યારે વિવેકખ્યાતિ પ્રાપ્ત થાય છે ત્યારે મારા વડે પ્રકૃતિ અને પુરુષના ભેદરૂપ વિવેકખ્યાતિ પ્રાપ્ત કરાઈ છે આવા પ્રકારની પ્રજ્ઞા તેમનામાં વર્તે છે. યોગીને સાધનાના ફળરૂપે જે કાંઈ પ્રાપ્તવ્ય છે તે વિવેકખ્યાતિ છે અને તે પોતાની પ્રાપ્ત થયેલી છે માટે તેવા પ્રકારની કાર્યવિમુક્તિ પ્રજ્ઞા તેમનામાં વર્તે છે આ ચોથા પ્રકારની કાર્યવિમુક્તિ છે.

આ ચાર પ્રકારની પ્રજ્ઞાને કાર્યવિષયક નિર્મળ જ્ઞાન કહેવાય છે=કાર્ય વિષયક સર્વ ઉત્સુકતા રહિત એવું નિર્મળજ્ઞાન કહેવાય છે, તેથી આ જ્ઞાનને કાર્યવિમુક્તિ એ પ્રમાણે કહેવાય છે.

ત્રણ પ્રકારની ચિત્તવિમુક્તિનું સ્વરૂપ :

(૧) 'મારા બુદ્ધિના ગુણો ચરિતાર્થ થયા છે' એ પ્રકારની ચિત્તવિમુક્તિનું સ્વરૂપ :

સાધક એવા યોગીના પોતાના બુદ્ધિના ગુણો ચરિતાર્થ થઈ ગયેલા છે, તેથી હવે તે ગુણોનો ફરી પ્રરોહ=ઉત્પત્તિ નથી.

કેમ ફરી બુદ્ધિના ગુણોનો પ્રરોહ=ઉત્પત્તિ નથી તે દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે –

જેમ પર્વત ઉપરથી નીચે પડેલા પથ્થરો ફરી પર્વત ઉપર ચડાવવાના પ્રયોજન વગરના હોય તો ફરી પર્વત ઉપર સ્થિતિને પામતા નથી. તેમ બુદ્ધિના ગુણો પોતાના કારણમાં નાશને અભિમુખ થયેલા હોવાથી મોહનામનું મૂળ કારણ નથી અર્થાત્ ફરી બુદ્ધિને પ્રવર્તાવવા માટે અનુકૂળ એવો મોહનો પરિણામ નથી અને ભાવિમાં પણ તે બુદ્ધિના ગુણોને પ્રાપ્ત કરવાનું કોઈ પ્રયોજન નથી, માટે બુદ્ધિના ગુણો યોગીના ચરિતાર્થ થયા છે, તેથી બુદ્ધિના ગુણોથી ચિત્તની વિમુક્તિ થાય છે. આ પ્રથમ પ્રકારની ચિત્તવિમુક્તિ છે.

(૨) 'મને સમાધિ સાત્મીભૂત થયેલી છે' એ પ્રકારની ચિત્તવિમુક્તિનું સ્વરૂપ :

સાધકયોગીને વિવેકખ્યાતિકાળમાં સમાધિ સાત્મીભૂત થયેલી છે અર્થાત્ 'ચંદનગંધ'ન્યાયથી જીવની પ્રકૃતિરૂપે થયેલી છે, તેથી સમાધિ મેળવવાની ઇચ્છાથી ચિત્તની વિમુક્તિ છે અર્થાત્ જે

યોગીઓને સમાધિ પ્રગટેલી છે. આમ છતાં તે સમાધિ સાત્મીભૂત થયેલી નથી. તેમના ચિત્તમાં સમાધિને સાત્મીભૂત કરવાની ઇચ્છા છે, પરંતુ પ્રાંતભૂમિને પામેલા વિવેકખ્યાતિવાળા યોગીને સમાધિ પ્રકૃતિરૂપ બનેલી છે, તેથી સમાધિ મેળવવાની ઇચ્છાથી તેમના ચિત્તની વિમુક્તિ થયેલી છે. આ બીજા પ્રકારની ચિત્તવિમુક્તિ છે.

(૩) **'સમાધિ પ્રાપ્ત થયે છતે હું સ્વરૂપ પ્રતિષ્ઠ છું' એ પ્રકારની ચિત્તવિમુક્તિનું સ્વરૂપ :**

સાધક એવા યોગીઓનું સર્વ પ્રયોજન પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે, તેથી યોગીઓ પોતાના સ્વરૂપમાં રહેવા માટે સદા ઉદ્યમવાળા હોય છે, આમ છતાં પોતાના સહજ સ્વરૂપમાં રહેવું એ યોગીઓને પણ દુષ્કર છે, તેથી પોતે પોતાના સહજ સ્વરૂપમાં સદા રહે તેવો ચિત્તનો અભિલાષ વર્તે છે, પરંતુ પ્રાંતભૂમિને પામેલ વિવેકખ્યાતિવાળા યોગીઓ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠાનને પામેલા છે તેથી 'હું સ્વરૂપમાં પ્રતિષ્ઠાન પામું કે હું સ્વરૂપમાં સદા રહેવા સમર્થ બનું' એ પ્રકારના વિકલ્પથી પર તે યોગીનું ચિત્ત હોય છે, તેથી સ્વરૂપમાં રહેવાના વિષયથી પર એવી ચિત્તની વિમુક્તિ વિવેકખ્યાતિકાળમાં યોગીને વર્તે છે. આ ત્રીજા પ્રકારની ચિત્તવિમુક્તિ છે.

આ રીતે ચાર પ્રકારની કાર્યવિમુક્તિ અને ત્રણ પ્રકારની ચિત્તવિમુક્તિ એમ સાત પ્રકારની પ્રજ્ઞાને પામેલા યોગીઓને શું ફળ પ્રાપ્તિ થાય છે ? તે બતાવતાં કહે છે –

સાત પ્રકારની પ્રાંતભૂમિની પ્રજ્ઞાથી થતી ફળપ્રાપ્તિ :

આ પ્રકારની સપ્તવિધ પ્રાંતભૂમિની પ્રજ્ઞા જે યોગીઓને થાય છે તે યોગી કર્મના બંધનથી મુક્ત થઈને કેવલ થાય છે=પૂર્વમાં કર્મના=પ્રકૃતિના બંધનવાળા હતા હવે કેવલ પુરુષ થાય છે. **॥૨-૨૭॥**

અવતરણિકા :

विवेकख्यातिः संयोगाभावहेतुरित्युक्तं तस्यास्तूत्पत्तौ किं निमित्तमित्यत आह –

અવતરણિકાર્થ :

સંયોગ અભાવનો હેતુ=દૃશ્યના અને દ્રષ્ટાના પરસ્પર સંયોગના અભાવનો હેતુ, વિવકખ્યાતિ છે એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૨-૨૬માં કહેવાયું. તેની=વિવેકખ્યાતિની, ઉત્પત્તિમાં શું નિમિત્ત=કારણ છે ? એથી કહે છે –

સૂત્ર :

योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ॥२-२८॥

સૂત્રાર્થ :

યોગાંગના અનુષ્ઠાનથી=યોગાંગના સેવનથી, અશુદ્ધિનો ક્ષય થયે છતે અર્થાત્ આત્માની અશુદ્ધિનો ક્ષય થયે છતે વિવેકખ્યાતિ પર્યંત જ્ઞાનની દીપ્તિ છે=તરતમતાથી જે જ્ઞાનની પ્રાપ્તિ છે, તે વિવેકખ્યાતિનું કારણ છે. ॥૨-૨૮॥

ટીકા :

'योगाङ्गेति'-योगाङ्गानि वक्ष्यमाणानि तेषामनुष्ठानाज्ज्ञानपूर्वकादभ्यासादाविवेक-ख्यातेरशुद्धिक्षये चित्तसत्त्वस्य प्रकाशावरणलक्षणक्लेशरूपाशुद्धिक्षये या ज्ञानदीप्ति-स्तारतम्येन सात्त्विकः परिणामो विवेकख्यातिपर्यन्तः स तस्याः ख्यातेर्हेतुरित्यर्थः ॥२-२८॥

ટીકાર્થ :

योगाङ्गानि ..... इत्यर्थः ॥ આગળમાં કહેવાશે એવા યોગના અંગો છે. તેઓના અનુષ્ઠાનથી=તે યોગાંગના જ્ઞાનપૂર્વકના અભ્યાસથી, અશુદ્ધિનો ક્ષય થયે છતે=ચિત્તસત્ત્વના પ્રકાશના આવરણસ્વરૂપ ક્લેશરૂપ અશુદ્ધિનો ક્ષય થયે છતે, વિવેકખ્યાતિની પ્રાપ્તિ સુધી જે જ્ઞાનની દીપ્તિ=વિવેકખ્યાતિ સુધી તરતમતાથી સાત્ત્વિક પરિણામ છે, તે તેનો=વિવેકખ્યાતિનો, હેતુ=કારણ છે, એ પ્રકારે સૂત્રનો અર્થ છે. ॥૨-૨૮॥

ભાવાર્થ :

યોગાંગના સેવનથી આત્માની અશુદ્ધિનો ક્ષય થયે છતે વિવેકખ્યાતિ પર્યંત જે જ્ઞાનની દીપ્તિ છે તે વિવેકખ્યાતિનું કારણ :

જે યોગીઓ સ્વભૂમિકા અનુસાર આગળમાં બતાવશે એ યોગના અંગોનું યથાર્થ જ્ઞાન મેળવીને તે બોધ અનુસાર તે યોગાંગોનું પુનઃ પુનઃ સેવન કરે છે, તેઓને વિવેકખ્યાતિની પ્રાપ્તિ સુધી ક્રમસર અશુદ્ધિનો ક્ષય થાય છે.

તે અશુદ્ધિ કેવા સ્વરૂપવાળી છે ? તે સ્પષ્ટ કરે છે –

ચિત્તસત્ત્વનો જે બોધરૂપ પ્રકાશ તેને આવરણ કરનાર એવી ક્લેશરૂપ અશુદ્ધિ છે, તે અશુદ્ધિનો યોગાંગના સેવનથી ક્ષય થાય છે, તે અશુદ્ધિનો ક્ષય વિવેકખ્યાતિની પ્રાપ્તિ સુધી તરતમતાથી થાય છે અને જેટલી જેટલી અશુદ્ધિનો ક્ષય થાય છે તેટલી તેટલી જ્ઞાનદીપ્તિ પ્રગટે છે અર્થાત્ મોહથી અનાકુળ એવા અનુભવજ્ઞાનરૂપ જ્ઞાનદીપ્તિ પ્રગટે છે. આ જ્ઞાનદીપ્તિ વિવેકખ્યાતિની પ્રાપ્તિ સુધી તરતમતાથી જીવનો સાત્ત્વિક પરિણામ છે અર્થાત્ જીવને પોતાને સ્વરૂપમાં જવાને અનુકૂળ મહાયત્ન કરાવે તેવો સાત્ત્વિક પરિણામ છે અને તેનાથી જીવમાં વિવેકખ્યાતિ પ્રગટે છે. **॥૨-૨૮॥**

અવતરણિકા :

योगाङ्गानुष्ठानादशुद्धिक्षय इत्युक्तं, कानि पुनस्तानि योगाङ्गानीति तेषामुद्देशमाह –

અવતરણિકાર્થ :

યોગાંગના અનુષ્ઠાનથી (વિવેકખ્યાતિમાં બાધક એવી) અશુદ્ધિનો ક્ષય થાય છે એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૨-૨૮માં કહેવાયું. વળી તે યોગાંગો કયા છે ? એથી તેઓનો=યોગાંગોનો, ઉદ્દેશને અર્થાત્ ઉદ્દેશરૂપ કથનને કહે છે –

સૂત્ર :

यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ॥२-२९॥

સૂત્રાર્થ :

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આઠ અંગો છે અર્થાત્ ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગના અંગો છે. ॥૨-૨૯॥

ટીકા :

'यमेति'-इह कानिचित् समाधेः साक्षादुपकारकत्वेनान्तरङ्गाणि, यथा धारणादीनि, कानिचित् प्रतिपक्षभूतहिंसादिवितर्कोन्मूलनद्वारेण समाधिमुपकुर्वन्ति, यथा यमनियमादीनि, तत्राऽऽसनादीनामुत्तरोत्तरमुपकारकत्वम्, तद्यथा-सत्यासनजये प्राणायामस्थैर्यम्, एवमुत्तरत्रापि योज्यम् ॥२-२९॥

ટીકાર્થ :

इह ..... योज्यम् ॥ અહીં=આઠ યોગાંગોમાં, કેટલાક સમાધિના સાક્ષાત્ ઉપકારકપણાથી અંતરંગ અંગો છે. જે પ્રમાણે ધારણા વગેરે. કેટલાક પ્રતિપક્ષભૂત એવા હિંસાદિના વિતર્કોના ઉન્મૂલન દ્વારા સમાધિમાં ઉપકાર કરે છે. જે પ્રમાણે યમ, નિયમ વગેરે. ત્યાં=યમ નિયમાદિ સમાધિમાં ઉપકાર કરે છે ત્યાં, આઠ યોગાંગોમાં આસન વગેરેનું ઉત્તરોત્તર ઉપકારપણું છે. તે આ પ્રમાણે-આસનજય થયે છતે પ્રાણાયામનું સ્થૈર્ય=સ્થિરતા થાય છે. એ રીતે ઉત્તરમાં પણ યોજન કરવું=પ્રત્યાહારમાં પ્રાણાયામની ઉપકારતાનું યોજન કરવું, એ જ રીતે ધારણામાં પ્રત્યાહારની ઉપકારતાનું યોજન કરવું. ॥૨-૨૯॥

ભાવાર્થ :

યોગના આઠ અંગો :

પાતંજલયોગસૂત્ર ૨-૨૮માં કહ્યું કે જે યોગીઓ સમ્યગ્જ્ઞાનપૂર્વક યોગાંગોને સેવે છે તેનાથી અશુદ્ધિનો ક્ષય થાય છે અને તેનાથી અનુભવજ્ઞાનસ્વરૂપ જ્ઞાનની દીપ્તિ પ્રગટે છે. જે ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને વિવેકખ્યાતિનું કારણ છે, તેથી હવે વિવેકખ્યાતિના અર્થી એવા યોગીને તેના ઉપાયરૂપ યોગાંગોનું સ્વરૂપ બતાવે છે –

આઠ યોગાંગોમાંથી ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણ યોગાંગો વિવેકખ્યાતિકાળવર્તી સમાધિના અંતરંગ અંગો છે; કેમ કે તે ત્રણમાં કરાયેલ યત્ન દ્વારા યોગી વિવેકખ્યાતિને પ્રાપ્ત કરે છે. વળી યમ, નિયમ એ સમાધિના પ્રતિપક્ષરૂપ હિંસાદિના વિતર્કોનાં ઉન્મૂલન દ્વારા સમાધિમાં ઉપકારક થાય છે; કેમ કે સામાન્યથી સંસારી જીવો હિંસાદિની પ્રવૃત્તિના વિતર્કોવાળા હોવાથી સમાધિને અભિમુખ થતા નથી. જે યોગીઓ યમ, નિયમ વગેરેને સેવે છે તેમના ચિત્તમાં હિંસાદિના

વિતર્કો શાંત થાય છે, તેથી તેઓ સમાધિને અભિમુખ બને છે. ત્યારપછી આસનજયાદિ દ્વારા ક્રમસર યત્ન કરીને સમાધિને પામે છે. વળી આસનજય એ ઉત્તરના યોગાંગ પ્રાણાયામને ઉપકારક બને છે; કેમ કે આસનજય કરેલ યોગી આસનજય દ્વારા પ્રાણાયામમાં ઉદ્યમ કરી શકે છે અને પ્રાણાયામ એ પ્રત્યાહારમાં ઉપકારક બને છે; કેમ કે પ્રાણાયામ દ્વારા સ્થિર થયેલું ચિત્ત ઇન્દ્રિયોના વિષયોથી પ્રત્યાહારને પામે છે અને પ્રત્યાહાર યોગાંગને પામેલ યોગી ધારણા વગેરેમાં યત્ન કરીને અંતે વિવેકખ્યાતિરૂપ સમાધિને પામે છે. **॥૨-૨૯॥**

અવતરણિકા :

ક્રમેણૈષાં સ્વરૂપમાહ –

અવતરણિકાર્થ :

ક્રમસર આમનું=યમાદિ યોગાંગોનું, સ્વરૂપ પતંજલિઋષિ બતાવે છે –

સૂત્ર :

अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥२-३०॥

સૂત્રાર્થ :

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ યમો છે. ॥૨-૩૦॥

ટીકા :

'अहिंसेति'-तत्र प्राणवियोगप्रयोजनव्यापारो हिंसा, सा च सर्वानर्थहेतुः, तदभावोऽहिंसा, हिंसायाः सर्वप्रकारेणैव परिहार्यत्वात् प्रथमं तदभावरूपाया अहिंसाया निर्देशः, सत्यं वाङ्मनसोर्यथार्थत्वम्, स्तेयं परस्वापहरणं तदभावोऽस्तेयम्, ब्रह्मचर्यमुपस्थसंयमः, अपरिग्रहो भोगसाधनानामनङ्गीकारः, त एतेऽहिंसादयः पञ्च यमशब्दवाच्या योगाङ्गत्वेन निर्दिष्टाः ॥२-३०॥

ટીકાર્થ :

तत्र ..... निर्दिष्टाः ॥ ત્યાં=પાંચ પ્રકારના યમોમાં, પ્રાણના વિયોગના પ્રયોજનવાળો વ્યાપાર હિંસા છે, તે=હિંસા સર્વ અનર્થોનો હેતુ છે, તેનો અભાવ=હિંસાનો અભાવ, અહિંસા છે, હિંસાનું સર્વ પ્રકારથી જ પરિહાર્યપણું હોવાથી=ત્યાગ કરવા યોગ્ય હોવાથી, પ્રથમ અર્થાત્ પાંચ પ્રકારના યમના વર્ણનમાં પ્રથમ, તેના અભાવરૂપ=હિંસાના અભાવરૂપ, અહિંસાનો નિર્દેશ છે. વાણી અને મનનું યથાર્થપણું સત્ય છે. પરના ધનનું અપહરણ સ્તેય છે, તેનો અભાવ અસ્તેય છે. ઉપસ્થનો સંયમ બ્રહ્મચર્ય છે. ભોગસાધનોનો અસ્વીકાર અપરિગ્રહ છે. તે આ અહિંસાદિ પાંચ યમ શબ્દથી વાચ્ય યોગાંગરૂપે નિર્દિષ્ટ=કહેવાયેલા છે. ॥૨-૩૦॥

ભાવાર્થ :

(૧) પાતંજલમતાનુસાર અષ્ટાંગયોગમાં પ્રથમ યોગાંગરૂપ યમનું સ્વરૂપ :

(૧) હિંસાના અભાવરૂપ અહિંસા :

જે સાધક યોગીઓ બાહ્યથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી હિંસાના પરિહાર માટે સર્વ સંયમની ક્રિયાઓ કરે છે તેમની સંયમની સર્વ આચરણાઓ અહિંસાના પાલનરૂપ છે.

જેમ-જૈનમુનિઓ ઈર્યાસમિતિપૂર્વક ગમનની ચેષ્ટા કરે, સૂક્ષ્મ એવા પણ જીવોનો પ્રાણનાશ ન થાય એ રીતે શાસ્ત્રવિધિ અનુસાર પડિલેહણાદિ ક્રિયા કરે કે આહારગ્રહણની ક્રિયામાં લેશ પણ કોઈ જીવની હિંસામાં સાક્ષાત્ કે પરંપરાએ કારણ ન બને તે રીતે યતના કરે તો તે અહિંસાવ્રતનું પાલન પ્રથમ મહાવ્રતરૂપ કહેલ છે.

(૨) વાણી અને મનનું યથાર્થપણું સત્ય :

વાણી અને મનનું યથાર્થપણું એ સત્યરૂપ યમ છે.

જે સાધક યોગીઓ પોતાને જે બોધ હોય અને તે બોધને અનુરૂપ તેમનું મન પ્રવર્તતું હોય, તેના કરતાં વિપરીત વચન ક્યારે પણ બોલે નહિ, તે સત્ય નામનો બીજો યમ છે.

(૩) પરના ધનનું અપહરણનો અભાવ અસ્તેય :

પારકી સંપત્તિનું હરણ તે સ્તેય છે અને તેનો અભાવ તે અસ્તેય છે, આથી અન્ય જીવોના દેહને ગ્રહણ કરવાથી સૂક્ષ્મ સ્તેયની પ્રાપ્તિ છે; કેમ કે અન્ય જીવાનો દેહ એ તેમની સંપત્તિ છે.

જે સાધકયોગીઓ અન્ય જીવોના દેહનો ગ્રહણ પોતાનાથી ન થાય તદર્થે સચિત્તે વસ્તુઓનો પણ ઉપભોગાદિ કરતા નથી, તે અસ્તેય નામનો ત્રીજો યમ છે.

(૪) ઉપસ્થનો સંયમ બ્રહ્મચર્ય :

પાતંજલમતાનુસાર કામવૃત્તિ પરનો સંયમ એ બ્રહ્મચર્ય છે. જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર વ્યવહારથી કામ ઉપરનો સંયમ બ્રહ્મચર્ય છે અને સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો આત્માનું સ્વરૂપ બ્રહ્મ છે અને આત્માના સ્વરૂપમાં જવાને અનુકૂળ ઉદ્યમ થતો હોય તો પાંચેય ઈન્દ્રિયોનો સંયમ વર્તે છે. તેથી પાંચેય ઈન્દ્રિયો પ્રત્યેનો સંયમ બ્રહ્મચર્ય છે.

જે સાધક યોગીઓ કામવૃત્તિઓ ઉપર સંયમ રાખીને આત્માના સ્વરૂપને પ્રાપ્ત કરવાને અનુકૂળ યત્ન કરે છે અને મન ઉપર કાબૂ રાખીને પાંચે ઈન્દ્રિયોનો સંયમ રાખે છે તે બ્રહ્મચર્ય નામનો ચોથો યમ છે.

(૫) ભોગસાધનોનો અસ્વીકાર અપરિગ્રહ :

જે સાધક યોગીઓ દેહથી માંડીને સર્વ બાહ્ય વસ્તુઓનો ત્યાગ કરીને માત્ર ધર્મના સાધનરૂપે

ઉપકરણોને ધારણ કરે છે અને ધર્મના પ્રયોજનથી તેનો ઉપયોગ કરે છે તે સર્વથા પરિગ્રહ વગરના છે અને તેમના દ્વારા થતો ભોગસાધનોનો અસ્વીકાર તે અપરિગ્રહ નામનો પાંચમો યમ છે.

વિશેષાર્થ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર અહિંસાદિ યમોનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર વ્યવહારનયથી પોતાનાથી ભિન્ન એવા જીવોને પીડા ન થાય, પ્રાણનાશ ન થાય તે પ્રકારની સૂક્ષ્મ યતનાપૂર્વક અન્યના પ્રાણનું રક્ષણ અહિંસા છે; કેમ કે અન્ય જીવોના પ્રાણનો નાશ ન થાય તેને અહિંસા સ્વીકારીએ તો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો કોઈના પ્રાણનો નાશ કરતા નથી તેથી તેમને અહિંસક સ્વીકારવા પડે. જ્યારે સાધુમહાત્મા તો છકાયના પાલન વખતે સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી જીવોની રક્ષાને અનુકૂળ એવો યત્ન કરે છે અને તે યત્નથી જે જીવોની રક્ષા થાય છે તે અહિંસા મહાવ્રત છે.

વળી, નિશ્ચિયનયથી ષટ્કાયના પાલનમાં યતનાપરાયણ એવા સાધુ મહાત્મા અંતરંગ રીતે ક્ષમાદિભાવોને અનુકૂળ યત્નવાળા હોય તો અહિંસા મહાવ્રતની પ્રાપ્તિ થાય; કેમ કે પોતાના ભાવ પ્રાણોનું રક્ષણ ક્ષમાદિભાવોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર દ્વારા અને અઢાર પાપસ્થાનકોના પરિહાર દ્વારા થાય છે, તેથી જે સાધુ અંતરંગ રીતે ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મમાં ઉદ્યમ કરે છે અને સંયમની ક્રિયાઓ પ્રતિદિન ષટ્કાયના પાલનને અનુરૂપ ઉચિત વ્યવહારરૂપે કરે છે તેઓમાં અહિંસા મહાવ્રત છે, આ અહિંસા મહાવ્રત પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે, તેથી અહિંસારૂપ યમમાં જ પૂર્ણ યોગમાર્ગનો પ્રવેશ થાય છે, આથી જ સૂક્ષ્મ નયની દૃષ્ટિથી પૂર્ણ અહિંસા યોગનિરોધકાળમાં સ્વીકારી છે.

વળી, પહેલા મહાવ્રતના રક્ષણના અંગરૂપ જ સત્યાદિ ચાર યમો છે; કેમ કે અસત્ય બોલવાથી સાધુનો ઉપયોગ સ્વભાવપ્રાણના રક્ષણને અનુકૂળ વ્યાપારવાળો બનતો નથી, પરંતુ સાવદ્યપ્રવૃત્તિવાળો બને છે, તેથી સંયમની વૃદ્ધિનું પ્રયોજન ન હોય તો સાધુ બોલતા જ નથી અને સંયમની વૃદ્ધિનું પ્રયોજન હોય કે યોગ્ય જીવોના ઉપકારનું પ્રયોજન હોય તો હિતકારી પરિમિત એવા સત્ય વચનો કહે છે.

વળી, અસ્તેયવ્રતમાં પણ સૂક્ષ્મ યતના જૈનશાસનમાં બતાવેલી છે તે પ્રમાણે જે સાધુભગવંતો અપ્રમાદભાવથી સદા પોતાના ભાવપ્રાણોના રક્ષણ માટે ઉદ્યમ કરે છે તેઓ જ અદત્તાદાનરૂપ અસ્તેયવ્રતનું પાલન કરી શકે છે; કેમ કે ચાર પ્રકારના અદત્તાદાન જૈનશાસનમાં કહેલ છે. જેમાં તીર્થંકર અદત્ત, ગુરુ અદત્ત, જીવ અદત્ત અને સ્વામી અદત્ત એમ ચાર ભેદો બતાવાયા છે, તેથી જે સાધુ નિર્દોષ ભિક્ષાચર્યા કરીને આજીવિકા કરતાં હોય આમ છતાં અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ ન કરતા હોય તો તેઓને નિર્દોષ પણ આહારગ્રહણની ભગવાને અનુજ્ઞા આપી નથી, તેથી તેઓ નિર્દોષ આહારગ્રહણ કરે કે, નિર્દોષ વસ્તી ગ્રહણ કરે તોપણ તીર્થંકર અદત્તની તેમને પ્રાપ્તિ છે.

માટે અદત્તાદાનનો પરિહાર પણ અહિંસા મહાવ્રતના અંગભૂત છે, છતાં સાધુને તે મહાવ્રતનો બોધ કરાવવાપૂર્વક અહિંસા મહાવ્રતને અતિશય કરવા અર્થે અદત્તાદાનને અહિંસાથી પૃથગ્ ગ્રહણ કરેલ છે.

વળી, બ્રહ્મચર્ય પણ પાંચેય ઇન્દ્રિયના સંયમરૂપ હોવાથી જે સાધુ અપ્રમાદભાવથી ક્ષમાદિની વૃદ્ધિના ઉદ્યમવાળા છે, તેઓ જ પાંચેય ઇન્દ્રિયોના સંવરવાળા છે, માટે બ્રહ્મચર્યનું પાલન કરે છે અને પાંચેય ઇન્દ્રિયોના સંવરમાં પણ વિજાતીય એવા સ્ત્રી આદિ પ્રત્યે રાગ થવાની અત્યંત સંભાવના છે, તેથી વ્યવહારનયથી બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરીને કામવિકારો ન થાય તે પ્રકારે સાધુ યત્ન કરે છે, તે યત્ન પણ પોતાના ભાવપ્રાણના રક્ષણના અંગભૂત છે; કેમ કે એ પ્રકારનો યત્ન સાધુ ન કરે તો કામવિકાર ઉત્થિત થવાને કારણે સાધુ ક્ષમાદિ ભાવોમાં ઉદ્યમવંત રહી શકે નહીં.

વળી, સાધુ સંયમના ઉપકરણ સિવાય કોઈ વસ્તુ રાખતા નથી, કોઈ વસ્તુનો પરિભોગ કરતા નથી, તેથી અપરિગ્રહવ્રતવાળા છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, ભાવપ્રાણના રક્ષણ માટે ઉપકારક હોય તેવા દેહનું પાલન કરે કે વસ્ત્ર-પાત્ર આદિને સાધુ ગ્રહણ કરે તો તે પરિગ્રહ નથી. તે સિવાય દેહનું ધારણ, દેહનું પાલન કે વસ્ત્રપાત્રાદિનું ગ્રહણ કરે તો તે પણ પરિગ્રહરૂપ છે. આ રીતે અપરિગ્રહ મહાવ્રત પણ ભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસામાં ઉપષ્ટંભક હોવાથી પ્રથમ મહાવ્રતનું અંગ છે.

ભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસા પૂર્ણપણે મુનિભાવમાં થાય છે અને તેની નિષ્ઠા યથાખ્યાત ચારિત્રમાં થાય છે અને ભાવપ્રાણનું રક્ષણ સ્થિરપરિણામરૂપે ક્ષાયિક ચારિત્રમાં આવે છે અર્થાત્ બારમાં ગુણસ્થાનકે વીતરાગને પ્રાપ્ત થાય છે અને અંતે જ્યારે કેવલી યોગનિરોધ કરે છે ત્યારે આત્માનો વ્યાપાર આત્મભાવમાં વિશ્રાંત હોવાથી પૂર્ણ અહિંસાનું પાલન થાય છે. **॥૨-૩૦॥**

અવતરણિકા :

એષાં વિશેષમાહ –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૩૧માં પાંચ પ્રકારના યમોનું સ્વરૂપ બતાવ્યું, એના વિશેષને કહે છે=પાંચ પ્રકારના યમોના સર્વ અને દેશરૂપ વિશેષને કહે છે –

સૂત્ર :

એતે જાતિદેશકાલસમયાનવચ્છિન્નાઃ સાર્વભૌમા મહાવ્રતમ્ ॥૨-૩૧॥

સૂત્રાર્થ :

આ=પાંચ પ્રકારના યમો, જાતિ, દેશ, કાળ અને સમયથી અનવચ્છિન્ન સાર્વભૌમ= સર્વક્ષિપ્તાદિ ચિત્ત ભૂમિમાં થનારા, મહાવ્રત છે. ॥૨-૩૧॥

ટીકા :

'एते इति'-जातिब्राह्मणत्वादिः, देशस्तीर्थादिः, कालश्चतुर्दश्यादिः, समयो ब्राह्मण-प्रयोजनादिः, एतैश्चतुर्भिरनवच्छिन्नाः पूर्वोक्ता अहिंसादयो यमाः सर्वासु क्षिप्तादिषु चित्तभूमिषु भवा महाव्रतमित्युच्यते, तद्यथा-ब्राह्मणं न हनिष्यामि, तीर्थे न कञ्चन हनिष्यामि, चतुर्दश्यां न हनिष्यामि, देवब्राह्मणप्रयोजनव्यतिरेकेण कमपि न हनिष्यामीति, एवं चतुर्विधा-वच्छेदव्यतिरेकेण किञ्चित् क्वचित् कदाचित् कस्मिंश्चिदर्थे न हनिष्यामीत्यनवच्छिन्ना, एवं सत्यादिषु यथायोगं योज्यम्, इत्थमनियतीकृताः सामान्येनैव प्रवृत्ता महाव्रतमित्युच्यते न पुनः परिच्छिन्नावधारणम् ॥२-३१॥

ટીકાર્થ :

जातिः ..... अवधारणम् ॥ જાતિ-બ્રાહ્મણત્વ વગેરે, દેશ-તીર્થ વગેરે, કાલ-ચતુર્દશી વગેરે, સમય-બ્રાહ્મણ પ્રયોજન વગેરે.

આ ચારેય વડે=જાતિ, દેશ, કાળ અને સમય વડે, અનવચ્છિન્ન એવા પૂર્વોક્ત અહિંસાદિ યમો સર્વ ક્ષિપ્તાદિ ચિત્તભૂમિમાં થનારા મહાવ્રત કહેવાય છે.

તે આ પ્રમાણે – હું બ્રાહ્મણને હણીશ નહિ=મારીશ નહિ, એ જાતિ અવચ્છિન્ન વ્રત છે એ પ્રમાણે અન્વય છે. તીર્થમાં કોઈને હણીશ નહિ=મારીશ નહિ, એ દેશ અવચ્છિન્ન વ્રત છે. ચૌદશના દિવસે કોઈને હણીશ નહિ=મારીશ નહિ, એ કાલઅવચ્છિન્ન વ્રત છે. દેવ-બ્રાહ્મણના પ્રયોજન વિના કોઈને પણ હણીશ નહિ, એ સમય અવચ્છિન્ન વ્રત છે. આ પ્રકારે ચાર પ્રકારના અવચ્છેદક વગર કોઈપણ સ્થાનમાં ક્યારેય=કોઈપણ કાળમાં, અને કોઈના માટે હું કોઈને પણ હણીશ નહિ=નાશ કરીશ નહિ, એ અનવચ્છિન્ન વ્રત છે. એવા અનવચ્છિન્ન યમો સાર્વભૌમ મહાવ્રતો છે એ પ્રમાણે અન્વય છે.

આ રીતે=અહિંસા યમમાં યોજન કર્યું એ રીતે, સત્યાદિ ચારે યમોમાં યથાયોગ યોજન કરવું. આ રીતે અનિયત કરાયેલા=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જાતિ આદિથી અનિયત કરાયેલા, સામાન્યથી જ પ્રવૃત્ત મહાવ્રતો એ પ્રમાણે કહેવાય છે. વળી પરિચ્છિન્નનું અવધારણ=જાતિ આદિથી પરિચ્છિન્નનું= વિભાગ કરાયેલનું, અવધારણ મહાવ્રતો કહેવાતા નથી. ॥૨-૩૧॥

ભાવાર્થ :

જાતિ, દેશ, કાળ અને સમયથી અનવચ્છિન્ન સર્વ ક્ષિપ્ત વગેરે ચિત્તભૂમિમાં થનારા અહિંસાદિ યમો મહાવ્રત :

પાતંજલયોગસૂત્ર ૨-૩૦માં અહિંસાદિ પાંચ પ્રકારના યમો બતાવ્યા. તે યમો જાતિ આદિથી અવચ્છિન્ન હોય તો તે દેશથી યમો કહેવાય છે પરંતુ સાર્વભૌમ મહાવ્રત કહેવાય નહીં.

જે સાધક યોગી મહાત્માઓ જાતિ આદિથી અનવચ્છિન્ન સાર્વભૌમ મહાવ્રતને પાળે છે તે સંપૂર્ણ યમને પાળે છે.

જાતિ આદિથી અનવચ્છિન્નનો અર્થ સ્પષ્ટ કરતાં રાજમાર્તંડકાર કહે છે –

જેમ કોઈ પ્રતિજ્ઞા કરે કે, હું બ્રાહ્મણ જાતિને હણીશ નહિ, તેથી તેનો આ અહિંસાસ્વરૂપ યમ જાતિથી અવચ્છિન્ન બને છે. જેમ કોઈ રાજાદિ હોય અને તેવા પ્રકારના કૃત્ય કરતો હોય અને તે વિચારે કે, બ્રાહ્મણ જાતિ શ્રેષ્ઠ છે માટે બ્રાહ્મણ જાતિના જીવોની હું હિંસા કરીશ નહિ, તો તે અહિંસા યમ જાતિથી અવચ્છિન્ન બને.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર કોઈ જૈનશ્રાવક પ્રતિજ્ઞા કરે કે ષટ્કાયજીવમાંથી હું ત્રસ જીવોની હિંસા કરીશ નહિ. તો તે અહિંસાયમ જાતિથી અવચ્છિન્ન બને.

સાધુમહાત્માઓ તે પ્રકારની જાતિથી અવચ્છિન્ન પ્રતિજ્ઞા કરતા નથી, પરંતુ ષટ્કાયના સર્વ જીવોને હું હણીશ નહિ, એ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે. આ રીતે પ્રતિજ્ઞા કરીને કોઈ સાધુભગવંત ષટ્કાયના પાલન માટે જે ઉચિત યતના છે તે યતનાપૂર્વક જીવન જીવતા હોય તો તેઓને અહિંસારૂપ મહાવ્રતની પ્રાપ્તિ થાય. ફક્ત તે અહિંસા મહાવ્રત યોગમાર્ગના સૂક્ષ્મ બોધપૂર્વક માર્ગાનુસારી રીતે સેવાયેલો હોય તો તે સાનુબંધ બને છે, અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે અને જેમનું અહિંસાનું પાલન લેશ પણ યોગમાર્ગના ભાવના સ્પર્શ વગરનું છે તેવા અભવ્ય વગેરે જીવો તે અહિંસા વ્રતના પાલનના બળથી ઉત્કૃષ્ટથી નવમાં ગ્રૈવેયક સુધી જઈ શકે છે પરંતુ તે વ્રતો તેમના સાનુબંધ નહિ હોવાથી મોક્ષરૂપ ફળના કારણ બનતા નથી.

આનાથી એ ફલિત થાય છે કે,

⁂ અપુનર્બંધક દશામાં જીવને યત્કિંચિત્ વિવેક છે, તેથી સ્થૂલબોધવાળા એવા અપુનર્બંધક જીવો જો પાંચ મહાવ્રતો સ્વીકારે તો તેમના તે મહાવ્રતો સ્થૂલ સમ્યગ્ બોધ અનુસાર સાનુબંધ બને છે અને જે અંશમાં સૂક્ષ્મબોધ નથી તે અપેક્ષાએ તે મહાવ્રતો નિરનુબંધ બને છે.

⁂ વિવેકસંપન્ન એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને સૂક્ષ્મબોધ છે અને સૂક્ષ્મબોધપૂર્વક તેઓ મહાવ્રત સ્વીકારે અને તે રીતે સમ્યક્ પાલન કરે તો તે મહાવ્રતો સંપૂર્ણ સાનુબંધ બને છે.

⁂ સાધુવેશમાં રહેલા સૂક્ષ્મબોધવાળા સંવિગ્નપાક્ષિકો પોતાના સૂક્ષ્મબોધ અનુસાર પૂર્ણ સમ્યક્ સાધ્વાચારનું પાલન કરી શકતા નથી, તેથી તેઓના મહાવ્રતો સૂક્ષ્મબોધથી અપેક્ષાએ સાનુબંધ હોવા છતાં સાધ્વાચારના પાલન અંશથી સમ્યગ્ નહિ હોવાના કારણે સૂક્ષ્મબોધવાળા સુસાધુ જેવા તેમના મહાવ્રતો સાનુબંધ થતા નથી. **॥૨-૩૧॥**

પાતંજલયોગસૂત્ર ૨-૩૧ ઉપર પૂજ્યઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[ય.] વ્યાખ્યા-सर्वशब्दगर्भप्रतिज्ञया महाव्रतानि, देशशब्दगर्भप्रतिज्ञया चाणुव्रतानीति पुनः पारमर्षविवेकः, एकवचनं चात्र सर्वप्रतिज्ञया पञ्चानामपि तुल्यत्वाभिव्यक्त्यर्थम् ॥

અર્થ :

સર્વશબ્દ ..... અભિવ્યક્ત્યર્થમ્ ।। સર્વશબ્દગર્ભપ્રતિજ્ઞાથી મહાવ્રતો છે અને વળી દેશશબ્દ-ગર્ભપ્રતિજ્ઞાથી અણુવ્રતો છે, એ પ્રકારે પારમર્ષનો વિવેક છે=ભગવાનના શાસનના મહાપુરુષોનો વિવેક છે, અને અહીં=પાતંજલયોગસૂત્ર ૨-૩૧માં મહાવ્રતમ્ શબ્દમાં એકવચનનો પ્રયોગ સર્વની પ્રતિજ્ઞાથી='સાર્વભૌમ' એ પ્રકારના સર્વની પ્રતિજ્ઞાથી, પાંચે પણ યમોના તુલ્યત્વની=સમુદિતપણાની, અભિવ્યક્તિ માટે છે.

ભાવાર્થ :

સર્વશબ્દગર્ભપ્રતિજ્ઞાથી મહાવ્રતો અને દેશશબ્દગર્ભપ્રતિજ્ઞાથી અણુવ્રતો એ પ્રકારે પારમર્ષનો વિવેક :

પાતંજલયોગસૂત્ર ૨-૩૧માં સાર્વભૌમ શબ્દ છે, તેથી સર્વશબ્દગર્ભપ્રતિજ્ઞા થાય છે અને સર્વશબ્દગર્ભપ્રતિજ્ઞાથી મહાવ્રતોની પ્રાપ્તિ છે અને વળી દેશશબ્દગર્ભપ્રતિજ્ઞાથી અણુવ્રતોની પ્રાપ્તિ છે અર્થાત્ જાતિ-દેશાદિથી અવચ્છિન્ન પ્રતિજ્ઞાથી અણુવ્રતોની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનો ભગવાનના શાસનનો વિવેક છે, આથી જ ભગવાનના શાસનમાં સર્વવિરતિનાં અર્થી એવા શ્રાવકો સર્વવિરતિની શક્તિના સંચય માટે દેશવિરતિને ગ્રહણ કરે છે.

પાતંજલયોગસૂત્ર ૨-૩૧માં 'મહાવ્રતમ્' શબ્દમાં એકવચનના પ્રયોગથી સર્વ પ્રતિજ્ઞાથી પાંચે યમોના તુલ્યપણાની અભિવ્યક્તિનું કથન :

પાતંજલયોગસૂત્ર ૨-૩૧માં 'મહાવ્રતમ્' એ પ્રમાણે એકવચનનો પ્રયોગ છે, તેથી એ પ્રાપ્ત થાય છે કે, સાર્વભૌમમાં રહેલા સર્વની પ્રતિજ્ઞા વડે પાંચેય પણ યમોનું તુલ્યત્વ છે એ પ્રમાણે અભિવ્યક્ત થાય છે.

આશય એ છે કે, પાંચેમાંથી કોઈપણ એક વ્રતનું સંપૂર્ણ પાલન કરવું હોય તો અન્ય વ્રતો અવશ્ય હોય તો જ તે એકવ્રતનું પૂર્ણપાલન થઈ શકે. જેમ કોઈ શ્રાવકે ચોથું મહાવ્રત ગ્રહણ કર્યું હોય અને મન, વચન, કાયાથી તેનું પૂર્ણ પાલન કરતા હોય તોપણ દેશવિરતિધર શ્રાવકને તે ચોથું વ્રત પૂર્ણથી નથી; કેમ કે સર્વપાપથી વિરામરૂપ ચોથું મહાવ્રત તો જ સંભવે કે અહિંસાદિ અન્ય ચાર વ્રતો પણ સહવર્તી હોય, તેથી પાંચે મહાવ્રતોનો સમુદાય જ સાર્વભૌમરૂપ છે તે બતાવવા માટે સૂત્રમાં 'મહાવ્રતમ્' એ પ્રકારે એક વચનનો પ્રયોગ છે.

અવતરણિકા :

નિયમાનાહ –

અવતરણિકાર્થ :

નિયમોને કહે છે=અષ્ટાંગ યોગમાં યોગનું બીજું અંગ નિયમ છે, તે નિયમોને કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૯માં આઠ યોગોના અંગો બનાવ્યા. તે આઠ અંગોમાંથી યમ નામનું પ્રથમ અંગ ૨-૩૦/૩૧માં બતાવ્યાં પછી હવે નિયમ નામના બીજા અંગને બતાવે છે –

સૂત્ર :

शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥२-३२॥

સૂત્રાર્થ :

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન નિયમો છે. ॥૨-૩૨॥

ટીકા :

'शौचेति'-शौचं द्विविधं बाह्यमाभ्यन्तरं च, बाह्यं मृज्जलादिभिः कायादिप्रक्षालनम्, आभ्यन्तरं मैत्र्यादिभिश्चित्तमलानां प्रक्षालनम्, सन्तोषस्तुष्टिः, शेषां प्रागेव कृतव्याख्यानाः । एते शौचादयो नियमशब्दवाच्याः ॥२-३२॥

ટીકાર્થ :

शौचं ..... नियमशब्दवाच्याः ॥ બાહ્ય અને આભ્યંતર બે પ્રકારનું શૌચ છે. માટી જલાદિ વડે કાયાદિનું પ્રક્ષાલન બાહ્ય શૌચ છે અને મૈત્ર્યાદિ વડે ચિત્તના મળોનું પ્રક્ષાલન આભ્યંતર શૌચ છે, તુષ્ટિ સંતોષ છે, શેષ=બાકીના નિયમો પૂર્વમાં કરાયેલ વ્યાખ્યાનવાળા=પાતંજલયોગસૂત્ર ૨-૧માં કરાયેલ વ્યાખ્યાવાળા, છે. આ શૌચાદિ નિયમ શબ્દથી વાચ્ય છે.

ભાવાર્થ :

(૨) પાતંજલમતાનુસાર અષ્ટાંગયોગમાં બીજા યોગાંગરૂપ નિયમનું સ્વરૂપ :

પાતંજલમતાનુસાર શૌચાદિ પાંચ નિયમો છે, જે યમના સેવન કરતાં વિશેષ પ્રકારે યોગાંગ છે.

(૧) **શૌચનું સ્વરૂપ :**

બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે શૌચ તેઓ સ્વીકારે છે, તેથી યોગમાર્ગની સાધનામાં પાણી, માટી આદિથી જે બાહ્ય શૌચ કરવામાં આવે છે તે પણ યોગમાર્ગની પ્રવૃત્તિમાં અંગરૂપ હોવાથી પાંતજલદર્શનકાર શૌચને નિયમરૂપ યોગાંગ તરીકે સ્વીકારે છે; કેમ કે બાહ્ય શુદ્ધિ દ્વારા જ વિશેષ પ્રકારની યોગમાર્ગની પ્રવૃત્તિ થાય છે.

વળી, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી ભાવિત થઈને ચિત્તના મલનું પ્રક્ષાલન કરવું એ અભ્યંતર શૌચ છે=મૈત્ર્યાદિ ચાર ભાવનાઓથી ભાવિત થઈને સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિ કરે તેવું ચિત્તનું શુદ્ધિકરણ અભ્યંકર શૌચ છે.

(૨) સંતોષનું સ્વરૂપ :

પોતાને પ્રાપ્ત થયેલા સંયોગ પ્રમાણે તુષ્ટિ=તોષ, એ સંતોષ નામનું નિયમરૂપ યોગાંગ છે.

(૩) તપનું સ્વરૂપ :

શાસ્ત્રાંતરમાં કહેવાયેલા કુચ્છ્રચાન્દ્રાયણાદિ એ તપ છે, એ તપનું સેવન કરવું એ તપના નિયમરૂપ યોગાંગ છે.

(૪) સ્વાધ્યાયનું સ્વરૂપ :

પ્રણવપૂર્વક=ઓંકારપૂર્વક મંત્રોનો જાપ એ સ્વાધ્યાય છે, એ=સ્વાધ્યાયરૂપ ઓંકારપૂર્વક મંત્રોનો જાપ કરવો એ, જાપ નામના નિયમરૂપ યોગાંગ છે.

(૫) ઈશ્વરપ્રણિધાનનું સ્વરૂપ :

ફળ નિરપેક્ષપણાથી સર્વક્રિયાઓનું પરમગુરુને સમર્પણ કરવું તે ઈશ્વર પ્રણિધાન છે અર્થાત્ ફળની આકાંક્ષા વગર સર્વક્રિયાઓને પરમગુરુ એવા પરમાત્મામાં સમર્પણ કરવું તે ઈશ્વરપ્રણિધાન નામના નિયમરૂપ યોગાંગ છે. **॥૨-૩૨॥**

પાતંજલયોગસૂત્ર ૨-૩૨ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[य.] व्याख्या-भावशौचानुपरोध्येव द्रव्यशौचं बाह्यमादेयमिति तत्त्वदर्शिनः ॥

અર્થ :

भावशौच ..... तत्त्वदर्शिनः ॥ ભાવશૌચના અનુરોધથી જ=અનુસરણથી જ, બાહ્ય એવું દ્રવ્યશૌચ આદેય છે, એ પ્રમાણે તત્ત્વને જોનારાઓ કહે છે.

ભાવાર્થ :

ભાવશૌચના અનુસરણથી જ દ્રવ્યશૌચની આદેયતા :

પાતંજલયોગસૂત્ર ૨-૩૨માં બતાવ્યા પ્રમાણે ભાવશૌચ મૈત્ર્યાદિ ચાર ભાવો સ્વરૂપ છે. મૈત્ર્યાદિ ચાર ભાવો સર્વ જીવો સાથે ભૂમિકાનુસાર ઉચિત પરિણામ સ્વરૂપ છે, માટે કોઈક પ્રકારના સમભાવના પરિણામસ્વરૂપ છે, આથી જ સમભાવવાળા મુનિનું ચિત્ત મૈત્ર્યાદિ ચાર ભાવોથી અત્યંત વાસિત હોય છે, તે ભાવશૌચનું કારણ બને તેવું બાહ્ય દ્રવ્યશૌચ વિવેકી પુરુષોને આદેય છે.

આનાથી એ ફલિત થય છે કે, દેહ પ્રત્યેના મમત્વથી કરાયેલ દ્રવ્યશૌચ આદેય નથી, પરંતુ બાહ્ય શૌચના અભાવમાં વિશેષ પ્રકારના સ્વાધ્યાયની પ્રવૃત્તિ કે ભગવાનની ભક્તિ આદિની પ્રવૃત્તિ થઈ શકતી નથી તેવા જીવો સ્વાધ્યાયાદિ દ્વારા કે ભગવાનની ભક્તિ દ્વારા મૈત્ર્યાદિભાવોરૂપ ભાવશૌચને અતિશય કરવા અર્થે ઉપયોગી એવું બાહ્ય દ્રવ્યશૌચ તે ભૂમિકાવાળા શ્રાવકો માટે આદેય છે પરંતુ જેઓ બાહ્ય દ્રવ્યશૌચ વગર અંતરંગ ભાવોમાં ઉદ્યમ કરી શકે છે તેવા મુનિઓને બાહ્ય દ્રવ્યશૌચ આદેય નથી.

અવતરણિકા :

कथमेषां योगाङ्गत्वमित्यत आह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૩૧/૩૨માં યમ અને નિયમને યોગાંગરૂપે બતાવ્યા. ત્યાં શંકા થાય કે, યમ અને નિયમ કઈ રીતે યોગાંગ બને ? એથી કહે છે –

સૂત્ર :

वितर्कबाधने प्रतिपक्षभावनम् ॥२-३३॥

સૂત્રાર્થ :

વિતર્કના બાધનમાં પ્રતિપક્ષનું ભાવન છે=યોગના વિરોધી એવા હિંસાદિના વિતર્કોના બાધન અર્થે યમાદિના પાલનથી પ્રતિપક્ષનું ભાવન થાય છે, તેથી યમ અને નિયમ યોગાંગ છે એમ અન્વય છે. ॥૨-૩૩॥

ટીકા :

'वितर्केति'-वितर्क्यन्त इति वितर्का योगपरिपन्थिनो हिंसादयस्तेषां प्रतिपक्षभावने सति यदा बाधा भवति तदा योगः सुकरो भवतीति भवत्येव यमनियमानां योगाङ्गत्वम् ॥२-३३॥

ટીકાર્થ :

वितर्क्यन्त ..... योगाङ्गत्वम् ॥ વિતર્કો કરાય તે વિતર્ક કહેવાય અને તે વિતર્કો યોગના પ્રતિપંથી એવા હિંસાદિ છે અને તેઓનું પ્રતિપક્ષ ભાવન કરાયે છતે=હિંસાદિના પ્રતિપક્ષ એવા અહિંસાદિના સેવન દ્વારા અહિંસાદિના ભાવોથી આત્માને ભાવિત કરાયે છતે, જ્યારે બાધા થાય છે=હિંસાદિ ભાવોની આત્મામાં બાધા થાય છે, ત્યારે યોગ સુકર બને છે, એથી યમ-નિયમનું યોગાંગપણું છે જ. ॥૨-૩૩॥

ભાવાર્થ :

અહિંસાદિ યમના સેવન દ્વારા અહિંસાદિથી આત્માને ભાવિત કરવાથી હિંસાદિ ભાવોની બાધા થવાને કારણે યોગની સુકરતા થવાથી યમ-નિયમનું યોગાંગપણું :

સંસારી જીવો બાહ્ય હિંસાદિની પ્રવૃત્તિ કરે છે તે વખતે ચિત્તમાં હિંસાદિમાં વિતર્કો પ્રવર્તે છે અને હિંસાદિના વિતર્કો યોગમાર્ગના પ્રતિપંથી છે; કેમ કે બાહ્ય એવા ભોગાદિના રાગથી સંસારી જીવોના ચિત્તમાં હિંસાદિના વિતર્કો પ્રવર્તે છે અને ભોગાદિનો રાગ હિંસાદિના વિતર્કકાળમાં પુષ્ટ-

પુષ્ટતર થાય છે, તેથી યોગમાર્ગ દુષ્કર બને છે અને જે મહાત્માઓ અહિંસાદિના પાલન માટે ઉચિત યતનાઓ કરે છે તેઓ હિંસાદિના ભાવોથી પ્રતિપક્ષ એવા અહિંસાદિ ભાવોથી ભાવિત બને છે અને આ રીતે અહિંસાદિ ભાવોથી ભાવિત થયેલા એવા તે મહાત્મામાં હિંસાદિ વિતર્કોની બાધા થાય છે અર્થાત્ ભોગાદિના રાગથી જન્ય હિંસાદિના વિતર્કો થતા નથી, ત્યારે તે મહાત્માઓનું ચિત્ત યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવા અર્થે સમર્થ બને છે, તેથી તેઓને માટે યોગની પ્રવૃત્તિ સુકર બને છે, તે અંશને સામે રાખીને યમ-નિયમને યોગના અંગરૂપે સ્વીકારેલ છે.

વિશેષાર્થ :

જે યોગીઓ ષટ્કાયના પાલન અર્થે સર્વ ઉચિત યતનાઓ કરે છે, તેઓને કોઈ જીવની હિંસા ન થાય કોઈ જીવને પીડા ન થાય તે પ્રકારના દયાળુ પરિણામના વિતર્કો પ્રવર્તે છે અને સંસારી જીવોને ભોગના રાગથી ભોગના ઉપાયની પ્રવૃત્તિ કાળમાં અન્ય જીવોની પીડાના ઉપેક્ષાના વિતર્કો વર્તે છે અને અન્ય જીવોની પીડા પ્રત્યેના ઉપેક્ષાના વિતર્કો ક્રૂરતાવાળા હોવાથી યોગમાર્ગમાં જવામાં બાધક છે અને અહિંસાદિના વિતર્કો દયાળુ પરિણામવાળા અને ઉચિત પ્રવૃત્તિ કરવાના પરિણામવાળા હોવાથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાને સહાયક બને તેવા છે. જો કે અહિંસાદિના વિતર્કો સાક્ષાત્ યોગમાર્ગમાં પ્રવર્તક નથી તોપણ ચિત્તના પરમસ્થૈર્યરૂપે યોગમાર્ગમાં જવા માટે બાધક એવા હિંસાદિના વિતર્કોની નિવૃત્તિ દ્વારા અનુકૂળ બને છે. **॥૨-૩૩॥**

અવતરણિકા :

इदानीं वितर्काणां स्वरूपं भेदप्रकारं कारणं फलं च क्रमेणाऽऽह –

અવતરણિકાર્થ :

હવે વિતર્કોનું સ્વરૂપ, ભેદપ્રકાર, કારણ અને ફળને ક્રમથી કહે છે –

સૂત્ર :

वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लोभक्रोधमोहपूर्वका मृदुमध्याधिमात्रा दुःखाज्ञानानन्तफला इति प्रतिपक्षभावनम् ॥२-३४॥

સૂત્રાર્થ :

હિંસાદિ વિતર્કો કૃત, કારિત અને અનુમોદિત, લોભ, ક્રોધ અને મોહપૂર્વક મૃદુ, મધ્ય અને અધિમાત્રાવાળા થાય છે, તે અનંત દુઃખ અને અજ્ઞાન અનંતના ફળવાળા છે, એ પ્રમાણે પ્રતિપક્ષનું ભાવન કરવું જોઈએ. ॥૨-૩૪॥

ટીકા :

'वितर्का इति'-एते पूर्वोक्ता वितर्का हिंसादयः प्रथमं त्रिधा भिद्यन्ते कृतकारिता-

नुमोदितभेदेन, तत्र स्वयं निष्पादिताः कृताः, कुर्विति प्रयोजकव्यापारेण समुत्पादिताः कारिताः, अन्येन क्रियमाणाः साध्वित्यङ्गीकृता अनुमोदिताः, एतच्च त्रैविध्यं परस्परव्यामोह-निवारणायोच्यते, अन्यथा मन्दमतिरेवं मन्येत न मया स्वयं हिंसा कृतेति नास्ति मे दोष इति, एतेषां कारणप्रतिपादनाय लोभक्रोधमोहपूर्वका इति, यद्यपि लोभः प्रथमं निर्दिष्टस्त-थाऽपि सर्वक्लेशानां मोहस्यानात्मनि आत्माभिमानलक्षणस्य निदानत्वात्तस्मिन् सति स्वपरविभागपूर्वकत्वेन लोभक्रोधादीनामुद्भवान्मूलत्वमवसेयम्, मोहपूर्विका सर्वा दोषजातिरित्यर्थः, लोभस्तृष्णा, क्रोधः कृत्याकृत्यविवेकोन्मूलकः प्रज्वलनात्मकश्चित्तधर्मः, प्रत्येकं कृतादिभेदेन त्रिप्रकारा अपि हिंसादयो मोहादिकारणत्वेन त्रिधा भिद्यन्ते, एषामेव पुनरवस्थाभेदेन त्रैविध्यमाह-मृदुमध्याधिमात्राः, मृदवो मन्दा न तीव्रा नापि मध्याः, मध्या नापि मन्दा नापि तीव्राः, अधिमात्रास्तीव्राः, पाश्चात्त्या नव भेदाः, इत्थं त्रैविध्ये सति सप्तविंशतिर्भवति, मृद्वादीनामपि प्रत्येकं मृदुमध्याधिमात्रभेदात् त्रैविध्यं संभवति, तद्यथायोगं योज्यम्, तद्यथा-मृदुमृदुर्मृदुमध्यो मृदुतीव्र इति । एषां फलमाह-दुःखाज्ञानानन्तफलाः, दुःखं=प्रतिकूलतयाऽवभासमानो राजसश्चित्तधर्मः, अज्ञानं=मिथ्याज्ञानं संशयविपर्ययरूपं, ते दुःखाज्ञाने अनन्तमपरिच्छिन्नं फलं येषां ते तथोक्ताः, इत्थं तेषां स्वरूपकारणादिभेदेन ज्ञातानां प्रतिपक्षभावनया योगिना परिहारः कर्तव्य इत्युपदिष्टं भवति ॥२-३४॥

ટીકાર્થ :

एते ..... दोष इति, આ પૂર્વમાં કહેલા હિંસાદિ વિતર્કો પ્રથમ કૃત, કારિત અને અનુમોદિત ભેદથી ત્રણ પ્રકારે ભેદને પામે છે. ત્યાં સ્વયં નિષ્પાદિત=સ્વયં કરેલા એવા હિંસાદિ કૃત છે, 'કરો' એ પ્રકારના પ્રયોજક વ્યાપારથી સમુત્પાદિત હિંસાદિ કારિત છે, 'અન્ય વડે કરાતા હિંસાદિ સારા છે' એ પ્રકારે અંગીકાર કરાયેલા હિંસાદિ અનુમોદિત છે. અને આ ત્રણ પ્રકારને પરસ્પર વ્યામોહના નિવારણ માટે કહેવાય છે. અન્યથા મંદમતિવાળા જીવ આ પ્રમાણે માને છે, મારા વડે સ્વયં હિંસા કરાયેલ નથી એથી મને દોષ નથી.

एतेषां ..... इत्यर्थः, આમના=હિંસાદિ વિતર્કોના, કારણના પ્રતિપાદન માટે કહે છે – લોભ, ક્રોધ અને મોહપૂર્વક વિતર્કો થાય છે જો કે લાભ પ્રથમ કહ્યો છે તોપણ સર્વ ક્લેશોનું અનાત્મામાં આત્માના અભિમાનસ્વરૂપ મોહનું નિદાનપણું=કારણપણું હોવાથી તે હોતે છતે=મોહ હોતે છતે, સ્વ-પરવિભાગપૂર્વકપણાથી લોભ, ક્રોધાદિનો ઉદ્ભવ થતો હોવાને કારણે મૂળપણું જાણવું અર્થાત્ મોહનું મૂળપણું જાણવું. અર્થાત્ મોહપૂર્વક સર્વ દોષોની જાતિ છે એ પ્રકારનો અર્થ જાણવો.

लोभस्तृष्णा, ... अधिमात्रास्तीव्राः, તૃષ્ણા લોભ છે, કૃત્ય-અકૃત્યના વિવેકના ઉન્મૂલનને કારણે પ્રજ્વલનાત્મક ચિત્તધર્મ ક્રોધ છે. કૃતાદિ ભેદથી ત્રણ પ્રકારવાળા પણ હિંસાદિ પ્રત્યેક મોહાદિના કારણપણાથી ત્રણ પ્રકારના થાય છે. વળી આમના જ=નવ પ્રકારના હિંસાદિ પ્રત્યેકના જ, અવસ્થાના

ભેદથી અર્થાત્ તરતમતારૂપ અવસ્થાના ભેદથી, ત્રણ પ્રકારને કહે છે – મૃદુ=મંદ, તીવ્ર નહીં અને મધ્યમ પણ નહીં. મધ્યમ=મંદ પણ નહિ, તીવ્ર પણ નહીં, અધિમાત્રા=તીવ્ર.

पाश्चात्त्या ..... मृदुतीव्र इति । પૂર્વમાં વર્ણન કર્યું એ નવ ભેદો=કૃત, કારિત અને અનુમોદિત, લોભ, ક્રોધ અને મોહપૂર્વક ગ્રહણ કરવાથી થયેલા નવ ભેદો, આ રીતે ત્રણ પ્રકાર હોતે છતે=મૃદુ, મધ્ય અને તીવ્ર આ રીતે ત્રણ પ્રકાર હોતે છતે, સત્તાવીશ ભેદો થાય છે. મૃદુ આદિના પણ પ્રત્યેક મૃદુ, મધ્ય અને અધિમાત્રાના ભેદથી ત્રણ પ્રકાર સંભવે છે તે યથાયોગ્ય=જે પ્રમાણે અનુભવને અનુરૂપ સંગત થાય એ રીતે યોજવા જોઈએ. તે આ પ્રમાણે-મૃદુમૃદુ, મૃદુમધ્યમ અને મૃદુતીવ્ર એમ ત્રણ પ્રકારે થાય છે, તેથી તે સત્તાવીશ ભેદો ત્રણ પ્રકારે ગ્રહણ કરવાથી એક્યાસી ભેદો થાય છે.

एषां ..... भवति ॥ આમના ફળને કહે છે=હિંસાદિ વિતર્કોના ફળને કહે છે – અનંત દુઃખ અને અનંત અજ્ઞાનના ફળવાળા હિંસાદિ છે, પ્રતિકૂળપણાથી ભાસતો રાજસચિત્તધર્મ દુઃખ છે. અજ્ઞાન, સંશય અને વિપર્યયરૂપ મિથ્યાજ્ઞાન છે. તે દુઃખ અને અજ્ઞાન અનંત=અપરિચ્છિન્ન ફળ છે જેઓને તે તેવા કહેવાયા છે=તે હિંસાદિ તેવા ફળવાળા કહેવાયા છે. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સ્વરૂપ અને કારણાદિના ભેદથી જ્ઞાત એવા તેઓનો=હિંસાદિનો, પ્રતિપક્ષના ભાવન દ્વારા યોગીએ ત્યાગ કરવા જોઈએ, એ પ્રકારે ઉપદિષ્ટ છે=પ્રસ્તુત સૂત્રથી કહેવાયું છે. ॥૨-૩૪॥

ભાવાર્થ :

પાતંજલ મતાનુસાર હિંસાદિ પાંચ યમો કૃત કારિત અને અનુમોદનાના ભેદથી ત્રણ પ્રકારના છે. તેઓ અનુમોદનાના ભેદમાં પ્રશંસા અનુમતિ, અનિષિદ્ધ અનુમતિ અને સંવાસાનુમતિ એ રૂપ ત્રણ ભેદ અનુમોદનાના સ્વીકારતા નથી.

જૈન દર્શનાનુસાર ત્રણ પ્રકારની અનુમોદના સ્વીકારીએ તો જ સંપૂર્ણ હિંસાની નિવૃત્તિ શક્ય બને, તેથી પાતંજલદર્શનકારે જે હિંસાદિના સત્યાવીશ ભેદો અને તે સત્યાવીશ ભેદોના મૃદુ આદિના ભેદથી એક્યાશી ભેદો પાડ્યા છે તે સ્થૂલથી અનુમોદનાને ગ્રહણ કરીને સંગત થાય છે.

ક્રોધ, લોભ અને મોહને વશ મૃદુહિંસાના મૃદુ, મધ્યમ અને અધિમાત્રાસ્વરૂપ ભેદો :

જે મહાત્માઓ સંયમજીવનમાં ભગવાનના વચનને પરતંત્ર થઈને ષટ્કાયના પાલનના ઉદ્યમમાં અપ્રમાદથી ઉદ્યમવાળા છે, તેથી સંયમની વૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો સ્થિર આસનમાં બેસીને સદા જિનવચનાનુસાર શ્રુતથી આત્માને ભાવિત કરે છે અને તેના દ્વારા વીતરાગતુલ્ય થવા માટે સતત ઉદ્યમ કરે છે. સંયમની વૃદ્ધિ અર્થે ગમનાદિ ચેષ્ટા આવશ્યક જણાય ત્યારે કંટકાકીર્ણ ભૂમિમાં ગમન તુલ્ય કાયચેષ્ટા કરીને ષટ્કાયના પાલનના રક્ષણ માટે ઉદ્યમ કરે છે તેવા મહાત્માઓ અંતરંગ રીતે જિનવચનાનુસાર ઉપયોગવાળા હોવા છતાં ક્યારેક અંતરંગ ઉપયોગમાં સ્ખલના થાય તો બાહ્ય પદાર્થને આશ્રયીને રતિ-અરતિ થવાની સંભાવના રહે તે વખતે ઈષ્ટ પદાર્થને જોઈને રતિ થાય તો લોભને વશ ષટ્કાયના પાલનમાં કાંઈક ગ્લાનિ થાય છે તે લોભથી મૃદુમાત્રાની હિંસા છે, વળી ક્યારેક

પ્રતિકૂળ ભાવોને કારણે અરુચિ થાય છે ત્યારે ક્રોધને વશ ષટ્કાયના પાલનમાં ગ્લાનિ થાય છે તે ક્રોધથી મૃદુમાત્રાની હિંસા છે, વળી ક્યારેક ઉપયોગની ગ્લાનિને કારણે ષટ્કાયના પાલનમાં યતનાની ખામી થાય છે તે મોહને વશ મૃદુમાત્રાની હિંસા છે.

આ મૃદુમાત્રાની હિંસા કોઈ સાધુને આદ્યભૂમિકાવાળી કોઈકને મધ્યમભૂમિકાવાળી તો કોઈકને ઉત્કૃષ્ટભૂમિકાવાળી હોય છે, તેથી તે મૃદુહિંસા પણ મૃદુ, મધ્ય અને અધિમાત્રાના ભેદથી ત્રણ પ્રકારની બને છે.

ક્રોધ, લોભ અને મોહને વશ મધ્યમહિંસાના મૃદુ મધ્યમ અને અધિમાત્રાસ્વરૂપ ભેદો :

વળી કોઈ શ્રાવક ભગવાનના વચનથી અત્યંત ભાવિત બનેલા હોય, સંપૂર્ણ અહિંસાપાલનના અર્થી હોય અને સંપૂર્ણ અહિંસાનું પાલન સર્વવિરતિના પરિણામથી થાય છે તેવા સૂક્ષ્મ બોધપૂર્વકનો સ્થિર નિર્ણય તેમને હોય, આમ છતાં પોતાનામાં સર્વવિરતિની શક્તિનો સંચય થયો નથી, તેથી સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સતત દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે અથવા સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલ છે અને સ્વશક્તિઅનુસાર દેશવિરતિ અને સર્વવિરતિની શક્તિ સંચય કરવા યત્ન કરે છે તેવા શ્રાવકો સ્વશક્તિ અનુસાર આરંભનો સંકોચ કરીને નિરારંભ જીવન જીવવા યત્ન કરે છે. તેઓ પોતાના ધર્મના ઉચિત કૃત્યમાં શક્તિ અનુસાર યતના કરે છે, તેથી આરંભ-સમારંભની નિવૃત્તિ થાય છે તોપણ પ્રમાદને વશ ક્યારેક કોઈક નિમિત્તથી રતિનો પરિણામ થાય ત્યારે ઇષ્ટ પદાર્થના લોભને વશ અયતના થાય છે તે મધ્યમ પ્રકારની હિંસા છે; કેમ કે સાધુ જેવી સૂક્ષ્મ અહિંસાનું પાલન તેમને નથી પરંતુ મધ્યમ પ્રકારના અહિંસાના પાલનનો ઉદ્યમ છે અને તે અહિંસાના પાલનમાં લોભને વશ કાંઈક સ્ખલના થાય ત્યારે લોભથી મધ્યમ હિંસાની પ્રાપ્તિ થાય છે. વળી અનિષ્ટ પદાર્થના સંપર્કથી દ્વેષ થાય છે ત્યાર ક્રોધને વશ કાંઈક યતનામાં સ્ખલના થાય છે તે ક્રોધથી મધ્યમ હિંસાની પ્રાપ્તિ છે, તો વળી ક્યારેક અનાભોગને કારણે ઉચિત કૃત્યોમાં યતનાની ખામી થાય છે તે મોહને વશ થયેલી મધ્યમ હિંસા છે.

વળી આ મધ્યમહિંસા કોઈ શ્રાવકને અત્યંત અલ્પમાત્રામાં હોય તો મૃદુ છે, કાંઈક વિશેષ માત્રામાં હોય તો મધ્યમ છે અને પ્રમાદને વશ પ્રકર્ષથી થયેલ હોય તો ઉત્કૃષ્ટ છે.

ક્રોધ, લોભ અને મોહને વશ અધિમાત્રહિંસાના મૃદુ, મધ્ય અને અધિમાત્રાસ્વરૂપ ભેદો :

વળી કોઈક અપુનર્બંધક જીવો યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય તેઓને સ્થૂલ બોધને કારણે હિંસાદિવિષયક સ્થૂલ વિવેક છે, તેથી તેઓના ધર્મકૃત્યમાં પ્રમાદને વશ જે હિંસાદિની પ્રાપ્તિ થાય છે તે અધિમાત્રાવાળી હોય છે. વળી આ અધિમાત્રાવાળી હિંસા પણ ક્રોધને વશ, લોભને વશ અને પ્રમાદને વશ થાય છે અને આ અપુનર્બંધક જીવો હિંસાકાળમાં ક્યારેક મૃદુપરિણામવાળા હોય છે તો ક્યારેક મધ્યમપરિણામવાળા હોય છે તો વળી ક્યારેક ઉત્કૃષ્ટ પરિણામવાળા હોય છે.

આ રીતે મૃદુ, મધ્યમ અને અધિમાત્રાવાળી હિંસા તરતમતાના ભેદથી અનેક ભેદવાળી પ્રાપ્ત

થાય છે. આ સર્વ ભેદો યોગમાર્ગમાં પ્રવૃત્ત અને હિંસાના પરિહાર માટે યત્ન કરનારા જીવોને આશ્રયીને પડી શકે છે.

વળી સર્વ જીવોની હિંસાને સામે રાખીને વિભાગ કરીએ તો શ્રાવકની, સમ્યગ્દૃષ્ટિ જીવોની અને અપુનર્બંધકજીવોની જે પણ પ્રમાદને વશ હિંસા થાય છે તે મધ્યમમાં ગ્રહણ કરવી જોઈએ અને સંસારી જીવો જે લેશ પણ યોગમાર્ગમાં પ્રવૃત્ત નથી અને સંસારના ભોગાર્થે અત્યંત આરંભ-સમારંભ કરે છે તેઓની હિંસા તીવ્રમાત્રાની ગ્રહણ કરવી જોઈએ અને જે સંસારી જીવો તીવ્રમાત્રાની હિંસા કરે છે તેમાં પણ જેઓ સામાન્ય હિંસા કરે છે તેઓ મૃદુમાત્રાની હિંસા કરે છે, વિશેષ પ્રકારના આરંભ-સમારંભ કરે છે તેઓ મધ્યમમાત્રાની હિંસા કરે છે અને જેઓ ક્રૂર અને ઘાતકી છે તેઓ અધિમાત્રાની હિંસા કરે છે. જેમ ઘાતકી એવા કસાઈ-લૂંટારા વગેરે.

જૈન દર્શનાનુસાર અનુમતિના ત્રણ પ્રકારોનું સ્વરૂપ :

અનુમતિના પ્રશંસા અનુમતિ, અનિષિદ્ધ અનુમતિ અને સંવાસાનુમતિરૂપ ત્રણ ભેદો છે તે આ રીતે પ્રાપ્ત થઈ શકે છે –

જે સાધુઓ સંસારના કોઈ આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરતાં નથી અને અન્ય જીવોના આરંભ સમારંભની પ્રશંસા કરતા નથી તેઓને પ્રશંસા અનુમતિ નથી. વળી જ્યાં પોતાના નિષેધના વચનથી હિંસાનો પરિહાર થાય તેવો છે ત્યાં ઉચિત ઉપદેશ દ્વારા તેનો અવશ્ય નિષેધ કરે છે તેથી અનિષિદ્ધ અનુમતિ નથી, આથી જ સમ્યગ્દૃષ્ટિજીવોને દેશવિરતિનો ઉપદેશ આપ્યા પછી સર્વવિરતિનો ઉપદેશ આપીને સર્વવિરતિ માટે અસમર્થ જણાય ત્યારે દેશવિરતિનું પચ્ચક્ખાણ આપે છે તે સાધુને શ્રાવકના અવિરતિ અંશની અનુમતિ નથી અને જે સાધુને તેવો બોધ નથી તેથી દેશવિરતિનો ઉપદેશ આપીને દેશવિરતિને ગ્રહણ કરવામાં તત્પર થયેલા શ્રાવકને દેશવિરતિનું પચ્ચક્ખાણ આપે તો તે સાધુને તે શ્રાવકના અવિરતિ અંશની અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. વળી જે સાધુ નિર્દોષ ભિક્ષાચર્યા ગ્રહણ કર્યા પછી તે ભિક્ષાના આહારથી પુષ્ટ થયેલા દેહથી સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત ક્રિયામાં યત્ન કરતા નથી તેઓને દેહ પ્રત્યેના મમત્વને કારણે દેહની સુખશીલતામાં યત્ન હોવાને કારણે તે નિર્દોષ ગ્રહણ કરેલા આહારની નિષ્પત્તિમાં જે કોઈ આરંભ-સમારંભ થયેલ તેની અનુમતિ પ્રાપ્ત થાય છે તે સંવાસાનુમતિ સ્થાનીય છે. જેમ પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે પુત્ર સાથેના સંવાસથી સંવાસાનુમતિ પ્રાપ્ત થાય છે. તેમ દેહ પ્રત્યેના સ્નેહને કારણે દેહથી ઉપભોગ કરાયેલા આહારાદિવિષયક થયેલો આરંભમાં સંવાસાનુમતિ પ્રાપ્ત થાય છે.

વળી આ હિંસાદિ વિતર્કો અનંતદુઃખ અને અનંત અજ્ઞાનફળવાળા છે; કેમ કે તે હિંસાદિ કૃત્યોમાં જે પાપ બંધાય છે તેનાથી દુઃખની પરંપરા ચાલે છે. જે કોઈ જીવ હિંસાદિ કૃત્યો કરે છે તે અજ્ઞાનને કારણે કરે છે તેથી તે અજ્ઞાન અજ્ઞાનના સંસ્કારો દ્વારા અનંત પરંપરા ચલાવે છે અને જે યોગીઓ આ હિંસાદિ વિતર્કોના સ્વરૂપને જાણીને હિંસાદિ વિતર્કોના પ્રતિપક્ષનું ભાવન કરે છે, તેઓ તેના

દ્વારા હિંસાદિના વિતર્કોનો પરિહાર કરીને પોતાની યોગમાર્ગની પ્રવૃત્તિ સમ્યક્ કરી શકે છે.

હિંસાદિ પાંચ વિતર્કો છે અને તે પાંચ વિતર્કોના પ્રતિપક્ષી એવા અહિંસાદિ પાંચ યમો છે અને હિંસાદિના વિતર્કોના નિવર્તનમાં અહિંસાદિ પ્રતિપક્ષભાવનરૂપ છે, તેમ શૌચ, સંતોષાદિ નિયમો પણ હિંસાદિના નિવર્તન માટે પ્રતિપક્ષભાવનરૂપ છે, તેથી યમ-નિયમને યોગાંગરૂપે સ્વીકારેલ છે. **॥૨-૩૪॥**

હિંસા, અસત્ય વગેરે પાંચ વિકલ્પોના એક્યાશી ભેદો :-

કૃત	કારિત	અનુમોદિત	૩
લોભ	ક્રોધ	મોહ	૩ x ૩=૯
મૃદુ	મધ્યમ	અધિમાત્ર-તીવ્ર	૯ x ૩=૨૭
૧ મૃદુ મૃદુ	૧ મધ્યમ મૃદુ	૧ તીવ્ર મૃદુ	
૨ મૃદુ મધ્યમ	૨ મધ્યમ મધ્યમ	૨ તીવ્ર મધ્યમ	
૩ મૃદુ તીવ્ર	૩ મધ્યમ તીવ્ર	૩ તીવ્ર તીવ્ર	૨૭ x ૩=૮૧

૧	લોભકૃત મૃદુવિતર્ક	૧૦ લોભકારિત મૃદુવિતર્ક	૧૯ લોભઅનુમોદિત મૃદુવિતર્ક
૨	લોભકૃત મધ્યમવિતર્ક	૧૧ લોભકારિત મધ્યમવિતર્ક	૨૦ લોભઅનુમોદિત મધ્યમવિતર્ક
૩	લોભકૃત તીવ્રવિતર્ક	૧૨ લોભકારિત તીવ્રવિતર્ક	૨૧ લોભઅનુમોદિત તીવ્રવિતર્ક
૪	ક્રોધકૃત મૃદુવિતર્ક	૧૩ ક્રોધકારિત મૃદુવિતર્ક	૨૨ ક્રોધઅનુમોદિત મૃદુવિતર્ક
૫	ક્રોધકૃત મધ્યમવિતર્ક	૧૪ ક્રોધકારિત મધ્યમવિતર્ક	૨૩ ક્રોધઅનુમોદિત મધ્યમવિતર્ક
૬	ક્રોધકૃત તીવ્રવિતર્ક	૧૫ ક્રોધકારિત તીવ્રવિતર્ક	૨૪ ક્રોધઅનુમોદિત તીવ્રવિતર્ક
૭	મોહકૃત મૃદુવિતર્ક	૧૬ મોહકારિત મૃદુવિતર્ક	૨૫ મોહઅનુમોદિત તીવ્રવિતર્ક
૮	મોહકૃત મધ્યમવિતર્ક	૧૭ મોહકારિત મધ્યમવિતર્ક	૨૬ મોહઅનુમોદિત મૃદુવિતર્ક
૯	મોહકૃત તીવ્રવિતર્ક	૧૮ મોહકારિત તીવ્રવિતર્ક	૨૭ મોહઅનુમોદિત તીવ્રવિતર્ક

૨૭ x ૩ મૃદુ મૃદુ, મૃદુમધ્યમ અને મૃદુ તીવ્ર
મધ્યમ મૃદુ, મધ્યમ મધ્યમ અને મધ્યમ તીવ્ર
તીવ્ર મૃદુ, તીવ્ર મધ્યમ અને તીવ્ર તીવ્ર.

૮૧ ભેદો પ્રાપ્ત થયા તે આ રીતે :-

૧	મૃદુમૃદુ લોભકૃત મૃદુવિતર્ક	૧૦ મૃદુમધ્યમલોભકૃત મૃદુવિતર્ક	૧૯ મૃદુતીવ્ર લોભકૃત તીવ્રવિતર્ક
૨	મધ્યમમૃદુ લોભકૃત મૃદુવિતર્ક	૧૧ મધ્યમમધ્યમલોભકૃત મધ્યમવિતર્ક	૨૦ મધ્યમતીવ્ર લોભકૃત તીવ્રવિતર્ક
૩	તીવ્રમૃદુ લોભકૃત મૃદુવિતર્ક	૧૨ તીવ્રમધ્યમલોભકૃત મધ્યમવિતર્ક	૨૧ તીવ્રતીવ્ર લોભકૃત તીવ્રવિતર્ક
૪	મૃદુમૃદુ લોભકારિત મૃદુવિતર્ક	૧૩ મૃદુમધ્યમલોભકારિત મધ્યમવિતર્ક	૨૨ મૃદુતીવ્ર લોભકૃત તીવ્રવિતર્ક
૫	મધ્યમમૃદુ લોભકારિત મૃદુવિતર્ક	૧૪ મધ્યમમધ્યમ લોભકારિત મધ્યમવિતર્ક	૨૩ મધ્યમતીવ્ર લોભકારિત તીવ્રવિતર્ક

૬ તીવ્રમૃદુ લોભકારિત મૃદુવિતર્ક	૧૫ તીવ્રમધ્યમ લોભકારિત મધ્યમવિતર્ક	૨૪ તીવ્રતીવ્ર લોભકારિત તીવ્ર વિતર્ક
૭ મૃદુમૃદુ લોભઅનુમોદિત મૃદુવિતર્ક	૧૬ મૃદુમધ્યમ લોભઅનુમોદિત મધ્યમવિતર્ક	૨૫ મૃદુતીવ્ર લોભ અનુમોદિત તીવ્રવિતર્ક
૮ મધ્યમમૃદુ લોભઅનુમોદિત મૃદુવિતર્ક	૧૭ મધ્યમમધ્યમ લોભઅનુમોદિત મધ્યમવિતર્ક	૨૬ મધ્યમતીવ્ર લોભઅનુમોદિત તીવ્રવિતર્ક
૯ તીવ્રમૃદુ લોભઅનુમોદિત મૃદુવિતર્ક	૧૮ તીવ્રમધ્યમ લોભઅનુમોદિત મધ્યમવિતર્ક	૨૭ તીવ્ર તીવ્ર લોભઅનુમોદિત તીવ્રવિતર્ક

આ રીતે ક્રોધના ૨૭ વિકલ્પો અને મોહના પણ ૨૭ વિકલ્પો થાય છે.

કુલ લોભના-૨૭ ક્રોધના-૨૭ અને મોહના-૨૭=૮૧ વિકલ્પો છે.

अवतरणिका :

एषामभ्यासवशात् प्रकर्षमागच्छतामनुनिष्पादिन्यः सिद्धयो यथा भवन्ति तथा क्रमेण प्रतिपादयितुमाह –

અવતરણિકાર્થ :

અભ્યાસના વશથી પ્રકર્ષને પામતી એવી આમની=યમાદિની, અનુનિષ્પાદિની એવી=યમાદિના સેવનથી પાછળ થનારી એવી, સિદ્ધિઓ જે પ્રમાણે થાય છે તે પ્રમાણે ક્રમથી પ્રતિપાદન કરવા માટે કહે છે –

ભાવાર્થ :

કોઈ યોગી યોગના અંગભૂત યમ-નિયમનો અભ્યાસ કરતાં હોય અને તે અભ્યાસના વશથી તે યમ-નિયમો પ્રકર્ષને પામે છે અને પ્રકર્ષને પામેલા યમ-નિયમથી નિષ્પન્ન થનારી સિદ્ધિઓ જે પ્રમાણે થાય છે તે પ્રમાણે ક્રમસર પાતંજલયોગસૂત્ર ૨-૪૫ સુધી પતંજલિઋષિ કહે છે.

सूत्र :

अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ॥२-३५॥

સૂત્રાર્થ :

અહિંસાની પ્રતિષ્ઠા થયે છતે=અહિંસા પરાકાષ્ઠાને પામે છતે, તેના સંનિધિમાં=અહિંસા-યમના પ્રકર્ષવાળા યોગીના સાંનિધ્યમાં, વૈરનો ત્યાગ=સહજ જાતિથી વૈરી એવા હિંસક પ્રાણીઓનો પરસ્પર વૈરત્યાગ થાય છે. ॥૨-૩૫॥

टीका :

'अहिंसेति'-तस्याहिंसां भावयतः संनिधौ सहजविरोधिनामप्यहिनकुलादीनां वैरत्यागो=निर्मत्सरतयाऽवस्थानं भवति, हिंस्रा अपि हिंस्रत्वं परित्यजन्तीत्यर्थः ॥२-३५॥

ટીકાર્થ :

तस्य ..... परित्यजन्तीत्यर्थः ॥ (१) તેના=અહિંસાના, ભાવન કરનારા યોગીના સાંનિધ્યમાં સહજ=સ્વાભાવિક વિરોધી પણ સાપ-નોળિયા આદિનો વૈરત્યાગ=નિર્મત્સરપણાથી=મત્સરરહિત અવસ્થાન થાય છે અર્થાત્ હિંસા કરનારા પ્રાણીઓ પણ હિંસકપણાનો ત્યાગ કરે છે એ પ્રમાણે અર્થ જાણવો. ॥૨-૩૫॥

ભાવાર્થ :

અહિંસા યમની સિદ્ધિનું કથન :

જે યોગીઓ હિંસાની બાહ્ય આચરણાઓનો ત્યાગ કરીને પૂર્ણ અહિંસાનું પાલન કરે છે અને અહિંસાના પાલનના બળથી તેમનામાં જીવની પ્રકૃતિરૂપ અહિંસાભાવના પ્રતિષ્ઠાને પામે ત્યારે તે યોગીઓમાં વિશેષ પ્રકારનો અહિંસાનો પરિણામ વર્તે છે જેને સિદ્ધિયમ કહેવાય છે અને સિદ્ધિયમવાળા યોગીઓના સાંનિધ્યમાં સહજ વૈરી એવા પણ સાપ-નોળિયા વગેરે પ્રાણીઓ પરસ્પર વૈરભાવનો ત્યાગ કરીને રહે છે. યોગીના સાંનિધ્યના બળથી તેમના અહિંસાના પરિણામની અસરથી હિંસક પણ જીવોમાં હિંસકવૃત્તિ તત્કાળ તિરોધાન પામે છે. **॥૨-૩૫॥**

અવતરણિકા :

सत्याभ्यासवतः किं भवतीत्याह –

અવતરણિકાર્થ :

સત્યના અભ્યાસવાળા યોગીઓને શું થાય છે અર્થાત્ કઈ સિદ્ધિ થાય છે ? એને કહે છે –

સૂત્ર :

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥२-३६॥

સૂત્રાર્થ :

સત્ય પ્રતિષ્ઠા પામે છતે=સત્ય યમ સિદ્ધિની ભૂમિકાને પ્રાપ્ત થયે છતે, ક્રિયાના ફળનું આશ્રયપણું છે=ક્રિયા કર્યા વગર પણ ક્રિયાના ફળની પ્રાપ્તિ છે. ॥૨-૩૬॥

ટીકા :

'सत्येति'-क्रियमाणा हि क्रिया यागादिकाः फलं स्वर्गादिकं प्रयच्छन्ति, तस्य तु सत्याभ्यासवतो योगिनस्तथा सत्यं प्रकृष्यते यथा क्रियायामकृतायामपि योगी फलमाप्नोति, तद्वचनाद्यस्य कस्यचित् क्रियामकुर्वतोऽपि क्रियाफलं भवतीत्यर्थः ॥२-३६॥

ટીકાર્થ :

ક્રિયમાણા ..... ભવતીત્યર્થઃ ॥ (૨) કરાતી એવી યાગાદિ ક્રિયાઓ સ્વર્ગાદિ ફળને આપે છે. વળી સત્યના અભ્યાસવાળા તે યોગીનું સત્ય તે પ્રકારનું પ્રકર્ષવાળું થાય છે કે જે પ્રમાણે અકૃત પણ ક્રિયામાં યોગી ફળને પામે છે અને તેમના વચનથી ક્રિયાને નહિ કરનારા પણ જે કોઈને ક્રિયાનું ફળ થાય છે એ પ્રમાણે અર્થ છે=ક્રિયાફળ આશ્રયપણાનો અર્થ જાણવો. ॥૨-૩૬॥

અવતરણિકા :

अस्तेयाभ्यासवतः फलमाह –

અવતરણિકાર્થ :

અસ્તેયયમના અભ્યાસવાળા યોગીના ફળને કહે છે=અસ્ત્યેયયમના પાલનથી કઈ સિદ્ધિ થાય છે તે કહે છે –

સૂત્ર :

अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थापनम् ॥२-३७॥

સૂત્રાર્થ :

અસ્તેય પ્રતિષ્ઠા પામે છતે=અસ્તેય નામનું યમ પ્રકૃતિરૂપે પ્રતિષ્ઠિત થયે છતે, સર્વ રત્નોનું ઉપસ્થાપન થાય છે=સર્વ દિવ્ય રત્નો તે મહાત્માને પ્રાપ્ત થાય છે. ॥૨-૩૭॥

ટીકા :

'अस्तेयेति'-अस्तेयं यदाऽभ्यस्यति तदाऽस्य तत्प्रकर्षान्निरभिलाषस्यापि सर्वतो दिव्यानि रत्नानि उपतिष्ठन्ते ॥२-३७॥

ટીકાર્થ :

અસ્તેયં ..... उपतिष्ठन्ते ॥ (૩) અસ્તેયયમનો જ્યારે યોગી અભ્યાસ કરે છે ત્યારે તેના પ્રકર્ષથી=અસ્તેય યમના પ્રકર્ષથી, નિરભિલાષ હોવા છતાં પણ આમને=તે યોગીને, સર્વથી દિવ્ય રત્નો ઉપસ્થિત થાય છે=પ્રાપ્ત થાય છે. ॥૨-૩૭॥

અવતરણિકા :

ब्रह्मचर्याभ्यासस्य फलमाह –

અવતરણિકાર્થ :

બ્રહ્મચર્યના અભ્યાસવાળા યોગીના ફળને કહે છે –

સૂત્ર :

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥२-३८॥

સૂત્રાર્થ :

બ્રહ્મચર્ય પ્રતિષ્ઠા પામે છતે=બ્રહ્મચર્યની સિદ્ધિ થમરૂપ પ્રાપ્ત થયે છતે, વીર્યનો લાભ થાય છે. ॥૨-૩૮॥

ટીકા :

'ब्रह्मचर्येति'-यः किल ब्रह्मचर्यमभ्यस्यति तस्य तत्प्रकर्षान्निरतिशयं वीर्यं सामर्थ्य-माविर्भवति, वीर्यनिरोधो हि ब्रह्मचर्यं तस्य प्रकर्षाच्छरीरेन्द्रियमनःसु वीर्यं प्रकर्षमागच्छति ॥२-३८॥

ટીકાર્થ :

यः किल ..... गच्छति ॥ (४) જે યોગી બ્રહ્મચર્યનો અભ્યાસ કરે છે તેમને=તે યોગીને, તેના પ્રકર્ષથી=બ્રહ્મચર્ય યમના પ્રકર્ષથી, નિરતિશય સામર્થ્યરૂપ વીર્ય આવિર્ભાવ પામે છે=પ્રાપ્ત થાય છે. જે કારણથી વીર્યનો નિરોધ બ્રહ્મચર્ય છે. તેના પ્રકર્ષથી=વીર્યના નિરોધરૂપ બ્રહ્મચર્યના પ્રકર્ષથી, શરીર, ઇન્દ્રિય અને મનમાં વીર્ય પ્રકર્ષને પામે છે. ॥૨-૩૮॥

અવતરણિકા :

अपरिग्रहाभ्यासस्य फलमाह –

અવતરણિકાર્થ :

અપરિગ્રહ યમના અભ્યાસવાળા યોગીના ફળને કહે છે – અપરિગ્રહના અભ્યાસથી પ્રાપ્ત થતા અપરિગ્રહ યમની સિદ્ધિને કહે છે –

સૂત્ર :

अपरिग्रहस्थैर्ये जन्मकथन्तासम्बोधः ॥२-३९॥

સૂત્રાર્થ :

અપરિગ્રહયમના સ્થૈર્યમાં જન્મના કથંતાનો સંબોધ છે=પૂર્વ - અપર જન્મનો નિર્ણય છે. ॥૨-૩૯॥

ટીકા :

'अपरिग्रहेति'-कथमित्यस्य भावः कथन्ता जन्मकथन्ता तस्या सम्बोधः=सम्यग्ज्ञानं

जन्मान्तरे कोऽहमासं कीदृशः किङ्कार्यकारीति जिज्ञासायां सर्वमेव सम्यग्जानातीत्यर्थः, न केवलं भोगसाधनपरिग्रह एव परिग्रहो यावदात्मनः शरीरपरिग्रहोऽपि परिग्रहः भोगसाधनत्वाच्छरीरस्य, तस्मिन् सति रागानुबन्धाद् बहिर्मुखायामेव प्रवृत्तौ न तात्त्विकज्ञानप्रादुर्भावः, यदा पुनः शरीरादिपरिग्रहनैरपेक्ष्येण माध्यस्थ्यमवलम्बते तदा मध्यस्थस्य रागादित्यागात् सम्यग्ज्ञानहेतुर्भवत्येव पूर्वपरजन्मसम्बोधः ॥२-३९॥

ટીકાર્થ :

कथमित्यस्य ..... इत्यर्थः, (५) કથં એનો ભાવ કથંતા, જન્મકથંતા તેનો સંબોધ=સમ્યગ્જ્ઞાન, એ જન્મકથંતા સંબોધ છે એમ અન્વય છે.

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

જન્માંતરમાં હું કોણ હતો ? કેવા પ્રકારનો હતો ? શું કાર્યને કરનાર હતો ? એ પ્રકારની જિજ્ઞાસામાં સર્વ જ સમ્યગ્ જાણે છે એ પ્રકારનો અર્થ છે=અપરિગ્રહના સ્થૈર્યવાળા યોગીને જન્મકથંતાનો સંબોધ છે એ પ્રકારના વચનનો અર્થ છે.

અપરિગ્રહના સ્થૈર્યથી જન્માંતરનો બોધ કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

न केवलं ..... सम्बोधः ॥ કેવલ ભોગના સાધન એવા ધન-ધાન્યાદિ પરિગ્રહ નથી, પરંતુ આત્માના શરીરનો પરિગ્રહ પણ પરિગ્રહ છે; કેમ કે શરીરનું ભોગસાધનપણું છે. તે હોતે છતે=શરીરરૂપ પરિગ્રહ હોતે છતે, રાગાનુબંધના કારણે બર્હિમુખપ્રવૃત્તિ હોતે છતે તાત્ત્વિક જ્ઞાન પ્રાદુર્ભાવ થતું નથી. વળી જ્યારે શરીરાદિ પરિગ્રહના નિરપેક્ષપણાથી યોગી મધ્યસ્થભાવનું અવલંબન લે છે ત્યારે મધ્યસ્થ એવા યોગીને રાગાદિના ત્યાગથી સમ્યગ્જ્ઞાનનો હેતુ એવો=કારણ એવો, પૂર્વ-અપર જન્મનો સંબોધ થાય જ છે. ॥૨-૩૯॥

અવતરણિકા :

उक्ता यमानां सिद्धयः अथ नियमानामाह –

અવતરણિકાર્થ :

અહિંસાદિયમોની સિદ્ધિ કહી, હવે નિયમોની સિદ્ધિને કહે છે –

સૂત્ર :

शौचात् स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः ॥२-४०॥

સૂત્રાર્થ :

શૌચથી=શૌચનામના નિયમના સેવનથી, સ્વ અંગમાં જુગુપ્સા=પોતાના અશુચિમય

એવા દેહમાં જુગુપ્સા, અને પરની સાથે=અશુચિવાળા એવા પરના દેહની સાથે, અસંસર્ગ (થાય છે.) ॥૨-૪૦॥

ટીકા :

'शौचादिति'-यः शौचं भावयति तस्य स्वाङ्गेष्वपि कारणस्वरूपपर्यालोचनद्वारेण जुगुप्सा=घृणा, समुपजायतेऽशुचिरयं कायो नात्राऽऽग्रहः कार्य इति, अमुनैव हेतुना परैरन्यैश्च कायवद्धिरसंसर्गः संसर्गाभावः संसर्गपरिवर्जनमित्यर्थः, यः किल स्वकीयमेव कायं जुगुप्सते तत्तदवद्यदर्शनात् स कथं परकीयैस्तथाभूतैः कायैः संसर्गमनुभवति ? ॥२-४०॥

ટીકાર્થ :

यः ..... अनुभवति ? ॥ જે યોગી શૌચને ભાવન કરે છે=આત્માના શુચિસ્વરૂપનું ભાવન કરે છે તેને સ્વઅંગોમાં પણ કારણ અને સ્વરૂપના પર્યાલોચન દ્વારા=સ્વશરીર પ્રત્યેનું કારણ અને સ્વશરીરનું સ્વરૂપ તેના પર્યાલોચન દ્વારા, જુગુપ્સા=ઘૃણા થાય છે.

કેવા પ્રકારની જુગુપ્સા=ઘૃણા, થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

આ કાયા અશુચિમય છે, અહીં=આ કાયામાં, આગ્રહ કરવો જોઈએ નહિ, અને આ જ હેતુથી=આ કાયા અશુચિમય છે એ જ હેતુથી, પર વડે=કાયાવાળા અન્ય વડે, અસંસર્ગ છે=સંસર્ગનો અભાવ છે અર્થાત્ સંસર્ગનો ત્યાગ છે એ પ્રમાણે અર્થ જાણવો.

કેમ પરની કાયા સાથે સંસર્ગનો અભાવ છે ? તે સ્પષ્ટ કરે છે –

ખરેખર જે યોગી તે તે અવદ્યના દર્શનને કારણે અર્થાત્ પોતાની કાયાની તે તે અશુચિના દર્શનને કારણે, સ્વકીય જ=પોતાની જ, કાયાની જુગુપ્સા કરે છે તે કેવી રીતે તેવા પ્રકારની પરકીય અશુચિવાળી કાયા સાથે સંસર્ગ કરે અર્થાત્ કરે નહીં. ॥૨-૪૦॥

ભાવાર્થ :

નિયમોથી થતી સિદ્ધિઓ :

(૧) શૌચરૂપ નિયમથી થતા ફળો :

શૌચભાવના એટલે શુચિ પ્રત્યેનો પક્ષપાત થાય તે રીતે આત્માને ભાવિત કરવાની ક્રિયા.

જેમને શુચિભાવ પ્રત્યે પક્ષપાત હોય તેવા જીવોને અશુચિમય એવી પોતાની કાયા પ્રત્યે જુગુપ્સા થાય છે; કેમ કે કાયાની ઉત્પત્તિ શુક્ર અને શોણિતરૂપ અશુચિ પદાર્થમાંથી થાય છે અને કાયાનું સ્વરૂપ મળમૂત્રાદિ અશુચિમય પદાર્થોના સમૂહરૂપ છે. જેમને શૌચ પ્રત્યે તીવ્ર પક્ષપાત થયો છે તેમને અશુચિમય એવી પોતાની કાયા પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે. શૌચભાવનાના પ્રકર્ષભાવનું તે ફળ છે.

વળી શૌચભાવનાના કારણે જેમને અશુચિ પ્રત્યે અત્યંત જુગુપ્સા છે, તેમને અશુચિથી યુક્ત એવી અન્યની કાયા સાથે કેવી રીતે સંસર્ગ હોય ? અર્થાત્ શૌચભાવનાવાળા યોગીઓ અશુચિમય એવી પરકીયકાયાના સંસર્ગનું વર્જન કરે છે. તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે યોગીઓ અશુચિ પ્રત્યે તીવ્ર જુગુપ્સાવાળા છે તેઓને પોતાની જ કાયા અશુચિમય દેખાવાના કારણે પોતાની કાયા પ્રત્યે જુગુપ્સા થતી હોય તેવા યોગીને અશુચિવાળી એવી અન્યની કાયાને જોઈને તેનો સંસર્ગ કરવાનું મન કઈ રીતે થાય ? અર્થાત્ થાય નહીં.

આનાથી એ ફલિત થાય છે કે, સંસારી જીવો અશુચિ પ્રત્યે જુગુપ્સાવાળા છે, તેથી આંખ સામે દેખાતા વિષ્ટાદિ પદાર્થો પ્રત્યે જુગુપ્સા કરે છે આમ છતાં શૌચભાવનાથી તેઓએ આત્માને પવિત્ર કર્યો નથી તેથી અશુચિમય એવી પોતાની કાયા પ્રત્યે જુગુપ્સા કરતાં નથી, પરંતુ તે કાયામાંથી નીકળતી અશુચિને સ્વચ્છ કરીને માત્ર બાહ્યશુચિને પ્રાપ્ત કરવામાં સંતોષ માને છે અને અશુચિમય એવી પરકીય કાયાને જોવા છતાં બાહ્યથી જ દેખાતા રમ્યરૂપ આદિને કારણે તેના અશુચિસ્વરૂપને ગ્રહણ કર્યા વગર અન્યના દેહ પ્રત્યે પ્રીતિ કરે છે તે તેઓની મૂઢતા છે અને શૌચભાવનાથી અમૂઢ થયેલા એવા યોગીઓને પોતાની કાયાનું અને પરકીયકાયાનું પારમાર્થિક સ્વરૂપ જ દેખાય છે અને તે પારમાર્થિક સ્વરૂપ અશુચિમય હોવાથી જુગુપ્સા થાય છે પરંતુ પ્રીતિ થતી નથી. **॥૨-૪૦॥**

અવતરણિકા :

शौचस्यैव फलान्तरमाह –

અવતરણિકાર્થ :

શૌચના જ=શૌચનિયમના જ, ફલાન્તરને કહે છે –

સૂત્ર :

सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्शनयोग्यत्वानि च ॥૨-૪૧॥

સૂત્રાર્થ :

સત્ત્વશુદ્ધિ, સૌમનસ્ય, એકાગ્રતા, ઇન્દ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા શૌચભાવનાથી થાય છે. ॥૨-૪૧॥

ટીકા :

'सत्त्वेति'-भवन्तीति वाक्यशेषः, सत्त्वं प्रकाशसुखाद्यात्मकं तस्य शुद्धी रजस्तमोभ्यामनभिभवः, सौमनस्यं खेदाननुभवेन मानसी प्रीतिः, एकाग्रता नियतेन्द्रियविषये चेतसः स्थैर्यम्, इन्द्रियजयो विषयपराङ्मुखमिन्द्रियाणामात्मनि अवस्थानम्, आत्मदर्शने विवेकख्यातिरूपे चित्तस्य योग्यत्वं=समर्थत्वम्, शौचाभ्यासवत एते सत्त्वशुद्ध्यादयः क्रमेण

प्रादुर्भवन्ति, तथाहि-सत्त्वशुद्धेः सौमनस्यं सौमनस्यादैकाग्र्यमैकाग्र्यादिन्द्रियजय इन्द्रियजयादात्मदर्शनयोग्यतेति ॥२-४१॥

ટીકાર્થ :

भवन्तीति ..... समर्थत्वम् । સૂત્રમાં 'भवन्ति' એ પ્રમાણે અધ્યાહાર છે. એ બતાવવા માટે ટીકામાં 'भवन्ति' એ પ્રમાણે વાક્યશેષ છે એમ કહેલ છે.

પ્રકાશ સુખાદિસ્વરૂપ સત્ત્વ છે. રજ અને તમ વડે અનભિભવ=પરાભવ ન થવો તે, તેની=સત્ત્વની, શુદ્ધિ છે.

ખેદના અનનુભવ વડે માનસી પ્રીતિ સૌમનસ્ય છે. નિયત ઇન્દ્રિયોના વિષયમાં ચિત્તની સ્થિરતા=બાહ્ય પદાર્થના અવલંબનથી ચિત્તનું સ્થૈર્ય, એકાગ્રતા છે.

વિષયમાં પરાઙ્મુખ એવી ઇન્દ્રિયોનું આત્મામાં અવસ્થાન ઇન્દ્રિયજય છે.

વિવેકખ્યાતિરૂપ આત્મદર્શનમાં ચિત્તનું યોગ્યપણું=સમર્થપણું, થાય છે.

સૂત્રનો ફલિતાર્થ બતાવે છે –

शौचाभ्यासवतः ..... योग्यतेति । શૌચના અભ્યાસવાળા યોગીને સત્ત્વશુદ્ધિ આદિ ક્રમસર પ્રાદુર્ભાવ પામે છે. તે આ પ્રમાણે –

સત્ત્વશુદ્ધિથી સૌમનસ્ય, સૌમનસ્યથી એકાગ્રતા, એકાગ્રતાથી ઇન્દ્રિયોનો જય અને ઇન્દ્રિયોના જયથી આત્મદર્શનની યોગ્યતા થાય છે.

इति શબ્દ સૂત્રના કથનની સમાપ્તિસૂચક છે. ॥૨-૪૧॥

ભાવાર્થ :

શૌચનિયમના અન્ય ફળો :

(૧) સત્ત્વની શુદ્ધિ :

જે યોગીઓ શૌચ નામના નિયમથી આત્માને ભાવિત કરે છે તે યોગીઓને જેમ અશુચિમય પોતાની કાયામાં અને પરની કાયામાં જુગુપ્સા થાય છે, તેથી સ્વ-પરની કાયામાં મમત્વ થતું નથી. તેમ શૌચભાવનાને કારણે તેમના ચિત્તના સત્ત્વધર્મની શુદ્ધિ થાય છે અર્થાત્ સંસારી જીવોનું ચિત્ત સત્ત્વ, રજસ્ અને તમસ્વાળું હોય છે અને સંસારી જીવોનો સત્ત્વગુણ હંમેશા રજ અને તમોગુણથી અભિભૂત હોય છે, તેથી તેઓનું ચિત્ત યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવારૂપ સત્ત્વગુણવાળું રહેતું નથી પરંતુ જે યોગીઓ શૌચભાવના કરે છે તે મહાત્માનું ચિત્ત રજ અને તમોગુણથી અભિભવ પામતું નથી તેથી તેમનો સત્ત્વગુણ શુદ્ધ બને છે. આ રીતે શૌચભાવનાથી યોગીઓને સત્ત્વની શુદ્ધિ થાય છે.

(૨) સૌમનસ્ય :

જે યોગીઓને શૌચભાવનાથી સત્ત્વની શુદ્ધિ થાય છે તેમને સત્ત્વગુણ શુદ્ધ બનવાને કારણે સૌમનસ્ય પ્રગટ થાય છે અર્થાત્ યોગમાર્ગ દુષ્કર છે તેમ માનીને ખેદનો અનુભવ થતો નથી પરંતુ ઉત્સાહપૂર્વક યોગમાર્ગમાં ચિત્તને પ્રવર્તાવી શકે તેવી માનસિક પ્રીતિ થાય છે. આ રીતે શૌચભાવનાથી સત્ત્વની શુદ્ધિ થવાને કારણે યોગીઓને સૌમનસ્યની પ્રાપ્તિ થાય છે.

(૩) એકાગ્રતા :

જે યોગીઓને શૌચભાવનાથી સત્ત્વની શુદ્ધિ થવાને કારણે સૌમનસ્યની પ્રાપ્તિ થાય છે તેઓ ખેદના ત્યાગપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકતા હોવાથી તેમનામાં એકાગ્રતા પ્રગટે છે અર્થાત્ યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા અર્થે નિયત ઇન્દ્રિયના વિષયમાં ચિત્તને સ્થિર કરી શકે તેવી એકાગ્રતા યોગીમાં પ્રગટે છે.

(૪) ઇન્દ્રિયજય :

જે યોગીઓ યોગમાર્ગમાં એકાગ્રતાપૂર્વક પ્રવૃત્તિ કરે છે તે યોગીઓને ઇન્દ્રિયજય પ્રગટે છે અર્થાત્ ઇન્દ્રિયો અસાર એવા બાહ્ય વિષયોથી પરાઙ્મુખ થઈને પોતાના નિરાકુળસ્વરૂપમાં અવસ્થાન પામે છે.

(૫) આત્મદર્શનની યોગ્યતા :

જે યોગીઓની ઇન્દ્રિયો વિષયોથી પરાઙ્મુખ થઈને પોતાના સ્વરૂપમાં રહે છે તે યોગીઓમાં વિવેકખ્યાતિરૂપ આત્મદર્શનની યોગ્યતા પ્રગટે છે અર્થાત્ દેહાદિથી પોતાનો આત્મા ભિન્ન છે એ પ્રકારના આત્માના પારમાર્થિકસ્વરૂપના દર્શનમાં સમર્થ બને તેવું યોગીઓનું ચિત્ત બને છે.

આ રીતે શૌચભાવનાથી ક્રમસર સત્ત્વશુદ્ધિ, સૌમનસ્ય, એકાગ્રતા, ઇન્દ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા પ્રગટે છે. **॥૨-૪૧॥**

અવતરણિકા :

सन्तोषाभ्यासस्य फलमाह –

અવતરણિકાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૩૨માં પાંચ પ્રકારના નિયમો બતાવ્યા તેમાંથી શૌચનિયમનું ફળ સૂત્ર ૨-૪૦/૪૧માં બતાવ્યું. હવે સંતોષનિયમના અભ્યાસના ફળને કહે છે –

સૂત્ર :

सन्तोषादनुत्तमः सुखलाभः ॥२-४२॥

સૂત્રાર્થ :

સંતોષથી=સંતોષ નિયમના અભ્યાસથી, અનુત્તમ સુખનો લાભ થાય છે. ॥૨-૪૨॥

ટીકા :

'सन्तोषादिति'-सन्तोषप्रकर्षेण योगिनस्तथाविधमान्तरं सुखमाविर्भवति, यस्य बाह्यविषयसुखं शतांशेनापि न समम् ॥२-४२॥

ટીકાર્થ :

सन्तोष ..... न समम् ॥ સંતોષના પ્રકર્ષથી યોગીઓને તેવા પ્રકારનું અંતરંગ સુખ આવિર્ભાવ પામે છે, બાહ્યવિષયોનું સુખ સો અંશ વડે પણ જેની સમાન નથી. ॥૨-૪૨॥

ભાવાર્થ :

(૨) સંતોષરૂપ નિયમથી થતું ફળ :

જે યોગીઓ સંતોષ નામના નિયમને સેવે છે, તેઓ બાહ્યપદાર્થના આલંબન વગર સ્વાભાવિક સ્વસ્થતાને અનુભવી શકે છે અને તેવા યોગીઓને સંતોષનિયમનો પ્રકર્ષ પ્રાપ્ત થાય તો બાહ્યનિમિત્તો સ્પર્શી ન શકે તેવી અંતરંગ સ્વસ્થતા પ્રાપ્ત થાય છે, તે ઉત્તમ કોટિની સ્વસ્થતાના સુખસ્વરૂપ છે. તે સુખની આગળ અનુકૂળ પદાર્થની પ્રાપ્તિથી થનારું સુખ સોમાં ભાગમાં પણ નથી અર્થાત્ ઘણાં વૈભવશાળી અને નિશ્ચિંત ભોગોને ભોગવનારા જીવોને જે બાહ્ય સુખ થાય છે તેના કરતાં કઈ ગણું ઉત્તમસુખ સંતોષનિયમને સેવનારા યોગીને થાય છે. **॥૨-૪૨॥**

અવતરણિકા :

तपसः फलमाह —

અવતરણિકાર્થ :

તપ નામના નિયમનું ફળ બતાવે છે –

સૂત્ર :

कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात् तपसः ॥२-४३॥

સૂત્રાર્થ :

તપથી અશુદ્ધિનો ક્ષય થવાથી કાય અને ઇન્દ્રિયની સિદ્ધિ થાય છે. ॥૨-૪૩॥

ટીકા :

'कायेति'-समभ्यस्यमानं चेतसः क्लेशादिलक्षणाशुद्धिक्षयद्वारेण कायेन्द्रियाणां सिद्धिमुत्कर्षमादधाति, अयमर्थः-चान्द्रायणादिना चित्तक्लेशक्षयस्तत्क्षयादिन्द्रियाणां

सूक्ष्मव्यवहितविप्रकृष्टदर्शनादिसामर्थ्यमाविर्भवति, कायस्य यथेच्छमणुत्वमहत्त्वादीनि ॥२-४३॥

ટીકાર્થ :

समभ्यस्यमानं ..... आदधाति, સમ્યગ્ રીતે અભ્યાસ કરાતો એવો તપ અર્થાત્ યોગી દ્વારા સેવાતો એવો તપ, ચિત્તના ક્લેશાદિસ્વરૂપ અશુદ્ધિના ક્ષય દ્વારા કાયા અને ઇન્દ્રિયોની સિદ્ધિને=ઉત્કર્ષને, આધાન કરે છે.

अयमर्थः – આ અર્થ છે=પ્રસ્તુત સૂત્રનો આ અર્થ છે –

चान्द्रायणादिना ..... महत्त्वादीनि ॥ ચાન્દ્રાયણાદિ તપ દ્વારા ચિત્તના ક્લેશોનો ક્ષય થાય છે, તેના ક્ષયથી=ચિત્તના ક્લેશના ક્ષયથી, ઇન્દ્રિયોનું સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ એવું દર્શનાદિનું સામર્થ્ય પ્રગટ થાય છે અને કાયાનું યથેચ્છ=ઇચ્છા મુજબ અણુપણું, મહત્પણું વગેરે કરવાનું સામર્થ્ય પ્રગટ થાય છે. ॥૨-૪૩॥

ભાવાર્થ :

(૩) તપરૂપ નિયમથી થતું ફળ :

જે યોગીઓ યોગમાર્ગના અત્યંત અર્થી છે અને યોગમાર્ગનો અતિશય કરવા અર્થે ચિત્તને બાહ્યવિષયોથી પરાઙ્મુખ કરીને નિર્લેપતાને પ્રગટ કરવા અર્થે તપનો અભ્યાસ કરે છે અને તપના સેવનથી તેમના ચિત્તના ક્લેશાદિસ્વરૂપ અશુદ્ધિઓનો ક્ષય થાય છે, તેથી તેઓનું ચિત્ત અત્યંત અસંશ્લેષવાળું બને છે, તેના કારણે તેઓને કાયા અને ઇન્દ્રિયોની સિદ્ધિ થાય છે.

કેવા પ્રકારની કાયા અને ઇન્દ્રિયોની સિદ્ધિઓ થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

તપના બળથી યોગીઓને પોતાની કાયા ઉપર તેવું પ્રભુત્વ પ્રાપ્ત થાય છે કે જેનાથી પોતાની ઇચ્છા અનુસાર કાયાને અણુ કે મહાન કરી શકે છે અને તપના બળથી તેઓની ઇન્દ્રિયો સૂક્ષ્મ, વ્યવધાનવાળા અને અત્યંત દૂર રહેલા પદાર્થનું દર્શન કરવા માટે સમર્થ બને છે. **॥૨-૪૩॥**

અવતરણિકા :

स्वाध्यायस्य फलमाह –

અવતરણિકાર્થ :

સ્વાધ્યાય નામના નિયમનું ફળ બતાવે છે –

સૂત્ર :

स्वाध्यायादिष्टदेवतासम्प्रयोगः ॥२-४४॥

સૂત્રાર્થ :

સ્વાધ્યાયથી ઇષ્ટદેવતાનો સંપ્રયોગ થાય છે અર્થાત્ ઇષ્ટદેવતા પ્રત્યક્ષ થાય છે. ॥૨-૪૪॥

ટીકા :

'स्वाध्यायादिति'-अभिप्रेतमन्त्रजपादिलक्षणे स्वाध्याये प्रकृष्यमाणे योगिन इष्टया-ऽभिप्रेतया देवतया सम्प्रयोगो भवति, सा देवता प्रत्यक्षा भवतीत्यर्थः ॥२-४४॥

ટીકાર્થ :

अभिप्रेत ..... इत्यर्थः ॥ અભિપ્રેત એવા મંત્ર, જપાદિસ્વરૂપ સ્વાધ્યાય પ્રકર્ષ થયે છતે યોગીને ઇષ્ટ=અભિપ્રેત એવા દેવતા સાથે સંપ્રયોગ થાય છે અર્થાત્ તે દેવતા પ્રત્યક્ષ થાય છે એ પ્રમાણે અર્થ છે. ॥૨-૪૪॥

ભાવાર્થ :

(૪) સ્વાધ્યાયરૂપ નિયમથી થતું ફળ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર કોઈ યોગી પૂર્ણ ગુણોથી યુક્ત એવા પરમાત્માના સ્વરૂપને યથાર્થ જાણીને તે સ્વરૂપની ઉપસ્થિતિ થાય તેવા અભિપ્રેત મંત્રજપાદિરૂપ સ્વાધ્યાય કરે અને તે સ્વાધ્યાયમાં તે યોગી અત્યંત તન્મયતાને પામે તો શાસ્ત્રોથી બોધ થયેલા સ્વરૂપવાળા એવા પરમાત્મા તે યોગીને માનસચક્ષુથી પ્રત્યક્ષ દેખાય છે અને તે પરમાત્માના સ્વરૂપમાં તન્મય થઈને તે યોગી સમાપત્તિ પણ કરી શકે છે.

જેમ - વીરભગવાનના સાધનાકાળના પારમાર્થિક સ્વરૂપને જાણીને અને સાધનાના બળથી વીતરાગ સર્વજ્ઞ થયા પછી અપાયાપગમાતિશય વગેરે ચાર અતિશયોથી યુક્ત એવા પરમાત્માના સ્વરૂપને જાણીને અને અંતે યોગનિરોધરૂપ પરમાત્માની અવસ્થાને જાણીને તે અવસ્થાને અત્યંત સ્પર્શે તે પ્રકારના ઉપયોગપૂર્વક પરમાત્માના સ્વરૂપના વાચક એવા મંત્ર-જપાદિરૂપ સ્વાધ્યાય કોઈ મહાત્મા કરે, તેના બળથી પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના દર્શનમાં પ્રતિબંધક એવા જ્ઞાનાવરણાદિ કર્મોનો નાશ થાય તો સાક્ષાત્ ચક્ષુથી જોનાર પુરુષને તે પરમાત્માનું જેવું સ્વરૂપ જણાય તેના કરતાં પણ વિશિષ્ટ સ્વરૂપ તે પરમાત્માની હાજરીના અભાવમાં પણ યોગી જાણી શકે છે અને તે પરમાત્માના સ્વરૂપની સાથે તે યોગીનું ચિત્ત તન્મયતાને પામે તો ઉપયોગરૂપે તે યોગીને પરમાત્માની સાથે સમાપત્તિ થાય છે. તે સમાપત્તિ પ્રકર્ષને પામીને પરમાત્મા તુલ્ય થવાનું કારણ બને છે. **॥૨-૪૪॥**

અવતરણિકા :

ईश्वरप्रणिधानस्य फलमाह –

અવતરણિકાર્થ :

ઈશ્વરના પ્રણિધાનરૂપ નિયમના ફળને કહે છે –

સૂત્ર :

समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ॥२-४५॥

સૂત્રાર્થ :

ઈશ્વરના પ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થાય છે. ॥૨-૪૫॥

ટીકા :

'समाधीति'-ईश्वरे यत् प्रणिधानं भक्तिविशेषस्तस्मात् समाधेरुक्तलक्षणस्याऽऽविर्भावो भवति, यस्मात् स भगवानीश्वरः प्रसन्नः सन्नन्तरायरूपान् क्लेशान् परिहृत्य समाधिं सम्बोधयति ॥२-४५॥

ટીકાર્થ :

ईश्वरे ..... सम्बोधयति ॥ ઈશ્વરમાં જે પ્રણિધાન=ભક્તિવિશેષ, તેનાથી પૂર્વમાં સમાધિપાદમાં કહેવાયેલા સ્વરૂપવાળી સમાધિ આવિર્ભાવ પામે છે.

ઈશ્વરના પ્રણિધાનથી સમાધિ આવિર્ભાવ પામે છે તેના તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

જેનાથી=ઈશ્વરના પ્રણિધાનથી, પ્રસન્ન થયેલા એવા તે ભગવાન ઈશ્વર અંતરાયરૂપ ક્લેશોનો પરિહાર કરીને સમાધિને સંબોધન કરે છે=યોગીમાં સમાધિને પ્રગટ કરે છે. ॥૨-૪૫॥

ભાવાર્થ :

(૫) ઈશ્વરના પ્રણિધાનરૂપ નિયમથી થતું ફળ :

જે યોગીઓ પોતાની સર્વક્રિયા ઈશ્વરને સમર્પણ કરવાનું પ્રણિધાન કરે છે અર્થાત્ આ ક્રિયાઓ જે રીતે ઈશ્વરે કહી છે તે રીતે કરીને ઈશ્વરની ભક્તિ સિવાય અન્ય કોઈની આશંસા રાખતા નથી તેઓ જે ક્રિયા ઈશ્વરને સમર્પણ કરે છે તે ઈશ્વર પ્રત્યેની ભક્તિવિશેષ છે, તેના કારણે તે મહાત્મામાં ઈશ્વરતુલ્ય થવામાં પ્રતિબંધક એવા અંતરાયરૂપ ક્લેશો નાશ પામે છે, તેથી જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર સર્વકર્મરહિત એવા પોતાના આત્મારૂપ ઈશ્વર તે યોગી પ્રત્યે પ્રસન્ન થાય છે અને ઈશ્વરની પ્રસન્નતાને કારણે તે યોગીમાં સમાધિના બાધક એવા અંતરાયરૂપ ક્લેશો નાશ પામે છે અને તેનાથી મોહની આકુળતાના અભાવરૂપ સમાધિ તે યોગીમાં પ્રગટ થાય છે. **॥૨-૪૫॥**

અવતરણિકા :

यमनियमानुक्त्वाऽऽसनमाह –

અવતરણિકાર્થ :

યમ-નિયમને કહીને યોગના અંગરૂપ આસનને કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૨૯માં યોગના આઠ અંગો બતાવ્યા, તેમાંથી યમ અને નિયમરૂપ યોગના બે અંગોને કહીને હવે આસનરૂપ યોગના ત્રીજા અંગને કહે છે –

સૂત્ર :

स्थिरसुखमासनम् ॥२-४६॥

સૂત્રાર્થ :

સ્થિર અને સુખરૂપ એવું આસન યોગનું અંગ છે. ॥૨-૪૬॥

ટીકા :

'स्थिरेति'-आस्यतेऽनेनेत्यासनं पद्मासन-दण्डासन-स्वस्तिकासनादि, तद्यदा स्थिरं निष्कम्पं सुखमनुद्वेजनीयं च भवति तदा योगाङ्गतां भजते ॥२-४६॥

ટીકાર્થ :

आस्यते ..... भजते ॥ આના વડે બેસાય તે આસન. પદ્માસન, દંડાસન, સ્વસ્તિકાસન વગેરે આસનો છે અને તે પદ્માસનાદિ આસનો જ્યારે સ્થિર=નિષ્પ્રકંપ અને સુખરૂપ=અનુદ્વેજનીય અર્થાત્ ઉદ્વેગ ન થાય તેવા થાય છે, ત્યારે યોગાંગતાને પામે છે. ॥૨-૪૬॥

ભાવાર્થ :

(૩) પાતંજલમતાનુસાર અષ્ટાંગ યોગમાં ત્રીજા યોગાંગરૂપ આસનનું સ્વરૂપ :

જે યોગીઓ યોગસાધના માટે ઉપષ્ટંભક બને તેવા પદ્માસનાદિ આસનોનો અભ્યાસ કરે છે અને તે તે આસનમાં બેસીને યોગમાર્ગથી આત્માને ભાવિત કરવા યત્ન કરે છે તેવા યોગીને આસનના અભ્યાસના બળથી સેવાતા એવા પદ્માસનાદિ આસન જ્યારે નિષ્પ્રકંપ બને અને સહજ પ્રકૃતિરૂપ થવાને કારણે ઉદ્વેગનું અર્થાત્ પીડાનું કારણ ન બને ત્યારે તે આસન તે યોગીને વિશિષ્ટ સાધનામાં ઉપકારક થતું હોવાથી તેવા આસનને યોગાંગ કહેલ છે.

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર આસનરૂપ યોગાંગનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર જે યોગીઓને પોતાની જીવનની જરૂરિયાત પ્રથમ ભૂમિકાની પ્રાપ્ત થયેલી છે, તેના કારણે અધિક મેળવવાની લાલસા તેમને થતી નથી. તેવા યોગીઓને અસત્ તૃષ્ણાનો અભાવ વર્તે છે, અને તે અસત્ તૃષ્ણાના અભાવને કારણે તે યોગીઓ સ્થિરતા અને સુખપૂર્વક ઉચિત યોગમાર્ગને સેવી શકે છે તે સ્થિર સુખાસનરૂપ યોગાંગ છે. **॥૨-૪૬॥**

અવતરણિકા :

तस्यैव स्थिरसुखत्वप्राप्त्यर्थमुपायमाह –

અવતરણિકાર્થ :

તેના જ=આસનના જ, સ્થિરપણાની અને સુખપણાની પ્રાપ્તિના અર્થે ઉપાયને કહે છે –

સૂત્ર :

प्रयत्नशैथिल्यानन्त्यसमापत्तिभ्याम् ॥२-४७॥

સૂત્રાર્થ :

પ્રયત્નની શિથિલતા અને આનન્ત્યની સમાપત્તિ દ્વારા સ્થિર સુખાસન થાય છે, એમ પાતંજલયોગસૂત્ર ૨-૪૬ સાથે સંબંધ છે. ॥૨-૪૭॥

ટીકા :

'प्रयत्नेति'-तदासनं प्रयत्नशैथिल्येनाऽऽनन्त्यसमापत्त्या च स्थिरं सुखं भवतीति सम्बन्धः। यदा यदाऽऽसनं बध्नामीतीच्छां करोति प्रयत्नशैथिल्येऽपि अक्लेशेनैव तदा तदाऽऽसनं सम्पद्यते, यदा चाऽऽकाशादिगत आनन्त्ये चेतसः समापत्तिः क्रियतेऽवधानेन तादात्म्यमापद्यते तदा देहाहङ्काराभावान्नाऽऽसनं दुःखजनकं भवति, अस्मिंश्चाऽऽसनजये सति समाध्यन्तरायभूता न प्रभवन्ति अङ्गमेजयत्वादयः ॥२-४७॥

ટીકાર્થ :

तदासनं ..... તે આસન=યોગના અંગરૂપ આસન, પ્રયત્નની શિથિલતાથી અને આનન્ત્યની સમાપત્તિથી સ્થિર અને સુખરૂપ થાય છે, એ પ્રમાણે પાતંજલયોગસૂત્ર ૨-૪૬ સાથે સંબંધ છે.

તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

યોગી જ્યારે જ્યારે હું આસન કરું એ પ્રકારની ઇચ્છા કરે છે ત્યારે ત્યારે પ્રયત્નની શિથિલતામાં પણ અક્લેશથી જ આસન પ્રાપ્ત થાય છે અને જ્યારે આકાશાદિગત અનંતપણામાં ચિત્તની સમાપત્તિ કરાય છે=અવધાનથી તાદાત્મ્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ ચિત્તના ઉપયોગથી આકાશાદિ સાથે તાદાત્મ્ય ઉત્પન્ન થાય છે ત્યારે દેહના અહંકારનો અભાવ થવાથી આસન દુઃખજનક થતું નથી, અને આ આસનજ્ય થયે છતે સમાધિમાં અંતરાયભૂત અંગમેજયત્વાદિ દોષો=શરીરના કંપનાદિ દોષો, ઉત્પન્ન થતા નથી. ॥૨-૪૭॥

અવતરણિકા :

तस्यैवानुनिष्पादि फलमाह –

અવતરણિકાર્થ :

તેના જ=સ્થિર સુખાસનના જ, અનુનિષ્પાદિ=પાછળ થનારા, ફળને કહે છે –

ભાવાર્થ :

પાતંજલયોગસૂત્ર ૨-૪૬માં આસનનામના યોગાંગનું સ્વરૂપ બતાવ્યું. હવે જે યોગીઓ એવું સ્થિર સુખાસન કરે છે તેનાથી તેઓને તરત કેવું ફળ મળે છે તે બતાવે છે.

સૂત્ર :

ततो द्वन्द्वानभिघातः ॥२-४८॥

સૂત્રાર્થ :

તેનાથી=સ્થિર સુખાસનથી, દ્વંદ્વનો અનભિઘાત થાય છે=શીત, ઉષ્ણાદિ દ્વંદ્વોથી યોગીને ઉપઘાત થતો નથી. ॥૨-૪૮॥

ટીકા :

'तत इति'-तस्मिन्नासनजये सति द्वन्द्वैः शीतोष्णक्षुत्तृष्णादिभिर्योगी नाभिहन्यत इत्यर्थः ॥२-४८॥

ટીકાર્થ :

तस्मि ..... इत्यर्थः ॥ તે આસનજય થયે છતે=પાતંજલયોગસૂત્ર ૨-૪૬માં બતાવ્યું તે આસનજય થયે છતે, શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષ્ણાદિ દ્વંદ્વોથી યોગી અભિઘાત પામતા નથી. ॥૨-૪૮॥

ભાવાર્થ :

આસનજયથી થતું તત્કાળ ફળ :

જે યોગીઓ પદ્માસનાદિ આસનમાં બેસીને યોગમાર્ગનો અભ્યાસ કરે છે, તેઓ જ્યારે તે આસનને સ્થિર અને ઉદ્વેગનું કારણ ન બને તેવું સહજ પ્રકૃતિરૂપ પ્રાપ્ત કરે છે ત્યારે તે આસન ઉપર તે યોગીને પ્રભુત્વ પ્રાપ્ત થાય છે અને આ રીતે આસન સહજ પ્રકૃતિરૂપ બનવાને કારણે તે યોગીઓ સદા સિદ્ધ થયેલા આસનમાં બેસીને યોગની સાધના કરે છે અને તે આસનજયના બળથી શરીરમાં તે પ્રકારનો પ્રાણસંચાર થાય છે, તેથી ઠંડી, ગરમી, ક્ષુધા, તૃષાદિ ભાવો શરીરને સ્પર્શીને તે યોગીને વિહ્વળ કરવા સમર્થ બનતા નથી, તેથી આત્મસાત્ થયેલું એવું આસન યોગની પ્રાપ્તિમાં અંગરૂપ બને છે. **॥૨-૪૮॥**

અવતરણિકા :

आसनजयानन्तरं प्राणायाममाह –

અવતરણિકાર્થ :

આસનજય કર્યા પછી પ્રાણાયામને કહે છે –

ભાવાર્થ :

યોગસાધના માટે પ્રવૃત્ત યોગી આસનનો અભ્યાસ કરે છે અને જ્યારે આસન સુઅભ્યસ્ત બને છે ત્યારે તે યોગીને આસનનો જય થાય છે અને આસનનો જય કર્યા પછી યોગી પ્રાણાયામ નામના ચોથા યોગાંગમાં ઉદ્યમ કરે છે, તેથી હવે પ્રાણાયામ નામનો યોગાંગ બતાવે છે.

સૂત્ર :

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥२-४९॥

સૂત્રાર્થ :

તે હોતે છતે=આસન સ્થિરભાવ પ્રાપ્ત કરે છતે, શ્વાસ, પ્રશ્વાસની ગતિના વિચ્છેદરૂપ પ્રાણાયામ અનુષ્ઠેય છે. ॥૨-૪૯॥

ટીકા :

'तस्मिन्निति'-आसनस्थैर्ये सति तन्निमित्तकः प्राणायामलक्षणो योगाङ्गविशेषोऽनुष्ठेयो भवति । कीदृशः ? श्वासप्रश्वासयोर्गतिविच्छेदलक्षणः, श्वासप्रश्वासौ निरुक्तौ, तयोस्त्रिधा रेचनस्तम्भनपूरणद्वारेण बाह्याभ्यन्तरेषु स्थानेषु गतेः=प्रवाहस्य, विच्छेदो=धारणं, प्राणायाम उच्यते ॥२-४९॥

ટીકાર્થ :

आसनस्थैर्ये ..... भवति, આસનનું સ્થૈર્ય હોતે છતે तद्निमित्तक=સ્થિરआસનના અવલંબનવાળું, પ્રાણાયામસ્વરૂપ યોગાંગવિશેષ અનુષ્ઠેય=કરવા યોગ્ય છે.

कीदृशः ? કેવો પ્રાણાયામ છે ? તેથી કહે છે –

श्वासप्रश्वास ..... उच्यते ॥ શ્વાસ, પ્રશ્વાસની ગતિના વિચ્છેદસ્વરૂપ પ્રાણાયામ છે, શ્વાસ, પ્રશ્વાસ પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા છે. તે બેને=શ્વાસ અને પ્રશ્વાસને રેચન, સ્તંભન અને પૂરણ દ્વારા ત્રણ પ્રકારે બાહ્ય અને અભ્યંતર સ્થાનોમાં ગતિનો=પ્રવાહનો, વિચ્છેદ=ધારણ, પ્રાણાયામ કહેવાય છે. ॥૨-૪૯॥

ભાવાર્થ :

(૪) પાતંજલમતાનુસાર અષ્ટાંગયોગમાં ચોથા યોગાંગરૂપ પ્રાણાયામનું સ્વરૂપ :

યોગની નિષ્પત્તિ અર્થે યોગાંગમાં યત્ન કરનારા યોગીઓ આસનમાં યત્ન કરીને આસનનો જય કર્યા પછી પ્રાણાયામરૂપ યોગાંગ વિશેષમાં યત્ન કરે છે અને તે પ્રાણાયામ સંસારી જીવો જે શ્વાસ-પ્રશ્વાસ ગ્રહણ કરે છે, તે સંસારી જીવોના શ્વાસ-પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરવાસ્વરૂપ છે.

કઈ રીતે શ્વાસ-પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

બાહ્ય અને અભ્યંતર સ્થાનોમાં શ્વાસ-પ્રશ્વાસને રેચન, સ્તંભન અને પૂરણ દ્વારા ધારણ કરે છે તે શ્વાસ, પ્રશ્વાસનો વિચ્છેદ છે, પરંતુ શ્વાસ, પ્રશ્વાસનો સર્વથા અભાવ પ્રાણાયામ નથી. **॥૨-૪૯॥**

અવતરણિકા :

तस्यैव सुखावगमाय विभज्य स्वरूपं कथयति –

અવતરણિકાર્થ :

તેના જ=પ્રાણાયામના જ, સુખપૂર્વક બોધ માટે વિભાગ કરીને=પ્રાણાયામના અવાંતરભેદોનો વિભાગ કરીને, પ્રાણાયામના સ્વરૂપને કહે છે –

સૂત્ર :

स तु बाह्याभ्यन्तरस्तम्भवृत्तिर्देशकालसङ्ख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः ॥२-५०॥

સૂત્રાર્થ :

વળી બાહ્યવૃત્તિ, અભ્યંતરવૃત્તિ અને સ્તંભવૃત્તિ એવો તે=પ્રાણાયામ, દેશ, કાળ અને સંખ્યા વડે જોવાયેલો દીર્ઘ અને સૂક્ષ્મ સંજ્ઞાવાળો છે. ॥૨-૫૦॥

ટીકા :

'स इति'-बाह्यवृत्तिः श्वासो रेचकः, अन्तर्वृत्तिः प्रश्वासः पूरकः, अन्तस्तम्भवृत्तिः कुम्भकः, तस्मिञ्जलमिव कुम्भे निश्चलतया प्राणा अवस्थाप्यन्त इति कुम्भकः, त्रिविधोऽयं प्राणायामो देशेन कालेन सङ्ख्यया चोपलक्षितो दीर्घसूक्ष्मसञ्ज्ञो भवति, देशेनोपलक्षितो यथानासाद्वादशान्तादौ, कालेनोपलक्षितो यथा-षट्त्रिंशन्मात्रादिप्रमाणः, सङ्ख्ययोपलक्षितो यथा-इयतो वारान् कृत एतावद्भिः श्वासप्रश्वासैः प्रथम उद्घातो भवतीति, एतज्ज्ञानाय सङ्ख्याग्रहणमुपात्तम्, उद्घातो नाम नाभिमूलात् प्रेरितस्य वायोः शिरसि अभिहननम् ॥२-५०॥

ટીકાર્થ :

બાહ્યવૃત્તિ ..... અભિહનનમ્ ॥ બાહ્યવૃત્તિ શ્વાસ રેચક છે, અન્તર્વૃત્તિ પ્રશ્વાસ પૂરક છે અને અન્તસ્તંભવૃત્તિ=પ્રશ્વાસથી ગ્રહણ કરાયેલા વાયુની અંદરમાં સ્તંભવૃત્તિ કુંભક છે. કુંભમાં જલની જેમ તેમાં=કુંભક નામના પ્રાણાયામમાં, નિશ્ચલપણાથી પ્રાણો=ગ્રહણ કરાયેલો વાયુ, અવસ્થાપન કરાય છે=ધારણ કરાય છે એથી કુંભક છે. ત્રણ પ્રકારનો આ પ્રાણાયામ દેશથી, કાળથી અને સંખ્યાથી ઉપલક્ષિત અર્થાત્ દેશથી, કાળથી અને સંખ્યાથી યોગી દ્વારા જણાયેલો, દીર્ઘ-સૂક્ષ્મસંજ્ઞાવાળો થાય છે અર્થાત્ તે પ્રાણાયામને દીર્ઘ, સૂક્ષ્મ પ્રાણાયામ કહેવાય છે.

જે પ્રમાણે-નાસાથી બાર અંગુલાદિ સુધી જે પ્રાણને બહાર કાઢવામાં આવે તે દેશથી ઉપલક્ષિત દીર્ઘ-સૂક્ષ્મ પ્રાણાયામ છે જે પ્રમાણે - છત્રીશ માત્રાદિ પ્રમાણ શ્વાસ, પ્રશ્વાસ લેવામાં આવે તે કાળથી ઉપલક્ષિત દીર્ઘ-સૂક્ષ્મમસંજ્ઞાવાળો પ્રાણાયામ છે.

જે પ્રમાણે-આટલી વખત કરાયેલો, આટલા શ્વાસ-પ્રશ્વાસ દ્વારા પ્રથમ ઉદ્‌ઘાત થાય છે તે સંખ્યાથી ઉપલક્ષિત દીર્ઘ-સૂક્ષ્મસંજ્ઞાવાળા પ્રાણાયામ કહેવાય છે.

આ પ્રકારે આના જ્ઞાન માટે=ઉદ્‌ઘાતના જ્ઞાન માટે સંખ્યાનું ગ્રહણ કરાયેલું છે.

નાભિના મૂળથી પ્રેરિત વાયુનું મસ્તકમાં અભિહનન ઉદ્‌ઘાત છે. ॥૨-૫૦॥

ભાવાર્થ :

પ્રાણાયામના અવાંતર ભેદોનો વિભાગ કરીને પ્રાણાયામના સ્વરૂપનું કથન :

રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામ દેશ, કાળ અને સંખ્યાથી દીર્ઘ-સૂક્ષ્મસંજ્ઞાવાળો :

પ્રાણાયામ કરનાર યોગી શ્વાસનું રેચન કરે છે ત્યારે તે શ્વાસ નાભિના સ્થાનથી બહાર કાઢવા પ્રયત્ન કરે છે અને તે નાસાથી બાર અંગુલાદિ પ્રમાણ નીચે જાય ત્યાં સુધી કાઢવા યત્ન કરે છે અને કાળથી તે પ્રાણનું રેચન અને ગ્રહણ છત્રીશ માત્રાદિ પ્રમાણથી કરે છે અર્થાત્ છત્રીશ આદિ ક્ષણો સુધી રેચન, પૂરણ અને કુંભન કરે છે અને સંખ્યાથી આટલા વખત રેચન આદિ કરે ત્યારે પ્રથમ ઉદ્‌ઘાત થાય છે તેવો નિર્ણય કરે છે. અર્થાત્ પ્રથમ ઉદ્‌ઘાત એટલે રેચનકાળમાં નાભિથી માંડીને તે વાયુ મસ્તકમાં અભિહનન કરીને પછી બાર અંગુલાદિ સુધી બહાર આવે ત્યારે પ્રથમ ઉદ્‌ઘાત થયો કહેવાય.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, અભ્યાસ દશામાં પ્રાણાયામ કરનાર યોગી રેચનાદિ કરતા હોય ત્યારે તે વાયુ નાભિમાંથી નીકળીને મસ્તકમાં હનન કરીને બાર આંગળ સુધી જતો નથી, પરંતુ જે યોગી અનેક વખત રેચનાદિ પ્રાણાયામ કરે ત્યારપછી કેટલાક પ્રાણાયામ કર્યા પછી તે વાયુ નાભિમાંથી નીકળીને મસ્તકમાં હનન કરીને બાર અંગુલાદિ સુધી જાય છે ત્યારે તે પ્રાણાયામ ઉદ્‌ઘાતવાળો થાય છે. આ પ્રમાણે દેશ, કાળ અને સંખ્યાથી જોવાતો પ્રાણાયામ દીર્ઘ-સૂક્ષ્મ સંજ્ઞાવાળો છે તેમ કહેવાય છે. **॥૨-૫૦॥**

અવતરણિકા :

ત્રીન્ પ્રાણાયામાનભિધાય ચતુર્થમભિધાતુમાહ –

અવતરણિકાર્થ :

ત્રણ પ્રકારના પ્રાણાયામને કહીને=રેચક, પૂરક અને કુંભકરૂપ ત્રણ પ્રકારના પ્રાણાયામને કહીને, ચોથા પ્રાણાયામને કહેવા માટે કહે છે –

સૂત્ર :

બાહ્યાભ્યન્તરવિષયાક્ષેપી ચતુર્થઃ ॥૨-૫૧॥

સૂત્રાર્થ :

બાહ્ય અને અભ્યંતર વિષયનો આક્ષેપી અર્થાત્ આક્ષેપ કરીને=પર્યાલોચન કરીને, જે સ્તંભરૂપ ગતિવિચ્છેદ તે ચોથો પ્રાણાયામ છે. ॥૨-૫૧॥

ટીકા :

'બાહ્યેતિ'-પ્રાણસ્ય બાહ્યો વિષયો નામાદ્વાદશાન્તાદિઃ, આભ્યન્તરો વિષયો હૃદયનાભિચક્રાદિઃ, તૌ દ્વૌ વિષયાવાક્ષિપ્ય=પર્યાલોચ્ય યઃ સ્તમ્ભરૂપો ગતિવિચ્છેદઃ સ ચતુર્થઃ પ્રાણાયામઃ, તૃતીયસ્માત્ કુમ્ભકાખ્યાદયમસ્ય વિશેષઃ સ બાહ્યાભ્યન્તરવિષયાવપર્યાલોચ્યૈવ સહસા તપ્તોપલનિપતિતજલન્યાયેન યુગપત્ સ્તમ્ભવૃત્ત્યા નિષ્પદ્યતે, અસ્ય તુ વિષયદ્વયાક્ષેપકો નિરોધઃ, અયમપિ પૂર્વવદ્દેશકાલસઙ્ખ્યાભિરુપલક્ષિતો દ્રષ્ટવ્યઃ ॥૨-૫૧॥

ટીકાર્થ :

પ્રાણસ્ય ..... પ્રાણાયામઃ, પ્રાણાયામનો બાહ્ય વિષય આ દ્વાદશાન્તાદિઃ=નાસાથી બાર આદિ આંગળ સુધીનો છે. અભ્યંતર વિષય હૃદય અને નાભિચક્રાદિ છે તે બંને વિષયોનો આક્ષેપ કરીને= પર્યાલોચન કરીને, જે સ્તંભરૂપ ગતિવિચ્છેદ છે તે ચોથો પ્રાણાયામ છે.

અહીં પ્રશ્ન થાય કે ત્રીજા અને ચોથા પ્રાણાયામમાં શો ભેદ છે ? તેથી કહે છે –

તૃતીયસ્માત્ ..... દ્રષ્ટવ્યઃ ॥ ત્રીજા એવા કુંભકનામના પ્રાણાયામથી આનો=ચોથા પ્રાણાયામનો, આ વિશેષ=ભેદ, છે –

તે=ત્રીજો કુંભકનામનો પ્રાણાયામ, બાહ્ય અને અભ્યંતર વિષયનું પર્યાલોચન કર્યા વગર જ અર્થાત્ રેચક અને પૂરક પ્રાણાયામના વિષયનું પર્યાલોચન કર્યા વગર જ સહસા=એકાએક, તપાવેલા પત્થર ઉપર પડતા જળન્યાયથી અર્થાત્ તપાવેલા પત્થર ઉપર પડેલું જળનું બિંદુ તરત જ શોધાઈ જાય છે તેમ યુગપત્ સ્તંભનવૃત્તિથી નિષ્પન્ન થાય છે=જેવી પૂરણની ક્રિયા કરે કે તરત સહસા તે પૂરણ થયેલો વાયુ સ્તંભન કરવામાં આવે ત્યારે ત્રીજો પ્રાણાયામ થાય છે.

વળી આનો=ચોથા પ્રાણાયામનો, વિષયદ્વય આક્ષેપક નિરોધ છે=રેચકનો અને પૂરણનો વિષય પર્યાલોચન કરીને અંદરના વાયુનો નિરોધ છે. આ પણ=ચોથો પ્રાણાયામ પણ, પૂર્વની જેમ= પાતંજલયોગસૂત્ર ૨-૫૦માં કહ્યું તેમ, દેશ, કાળ અને સંખ્યાથી ઉપલક્ષિત જાણવો. ॥૨-૫૧॥

ભાવાર્થ :

ચોથા સ્તંભન પ્રાણાયામનું સ્વરૂપ :

યોગી પ્રારંભિક ભૂમિકામાં રેચક, પૂરક અને કુંભકરૂપ ત્રણ પ્રકારના પ્રાણાયામો કરે છે, તે વખતે પ્રથમ રેચક પ્રાણાયામ દ્વારા શ્વાસ બહાર કાઢે છે, પૂરક પ્રાણાયામ દ્વારા શ્વાસ અંદરમાં લે છે અને પૂરક પ્રાણાયામ કરીને અંદરમાં લીધેલ શ્વાસને અંદરમાં સ્થિર કરવા માટે કુંભક પ્રાણાયામ કરે છે.

આ પ્રાણાયામ પ્રથમ ઉદ્‌ઘાતવાળો પ્રાપ્ત થાય એ માટે દેશ, કાળ અને સંખ્યાથી તેને જોવા માટે યત્ન કરે છે, તેથી તે પ્રાણાયામ દીર્ઘ અને સૂક્ષ્મ બને છે. આ રીતે પ્રાણાયામ કર્યા પછી રેચક અને પૂરક પ્રાણાયામના વિષયોનું પર્યાલોચન કરીને અંદરમાં રહેલા વાયુનો રોધ કરવા માટે યત્ન કરે છે તે ચોથો પ્રાણાયામ થાય છે અર્થાત્ ત્રીજા પ્રાણાયામમાં રેચન અને પૂરણ પછી તરત કુંભન થતું હતું અને ચોથા પ્રાણાયામમાં રેચનાદિ ત્રણેય પ્રાણાયામો અમુક વખત કરીને નાભિથી માંડીને નીકળેલા વાયુ મસ્તકમાં હનન કરીને બહાર નીકળે તે પ્રકારનો ઉદ્‌ઘાત થાય, ત્યારપછી તેનું પર્યાલોચન કરીન યોગી નિર્ણય કરે છે કે મારી રેચન અને પૂરણની ક્રિયા દ્વારા પ્રાણ નાભિચક્રથી નિકળીને મસ્તકમાં અભિહનન કરીને બહાર નીકળે છે. ત્યારપછી જે કુંભન માટે યત્ન કરવામાં આવે તે ચોથો પ્રાણાયામ છે. **॥૨-૫૧॥**

અવતરણિકા :

चतुर्विधस्यास्य फलमाह –

અવતરણિકાર્થ :

ચારેય પ્રકારના આના=પ્રાણાયામના, ફળને કહે છે –

સૂત્ર :

ततः क्षीयते प्रकाशावरणम् ॥२-५२॥

સૂત્રાર્થ :

તેનાથી=પ્રાણાયામથી, પ્રકાશનું આવરણ અર્થાત્ સૂક્ષ્મબોધનું આવરણ, ક્ષય પામે છે. ॥૨-૫૨॥

ટીકા :

'तत इति'-ततः=तस्मात् प्राणायामात्, प्रकाशस्य=चित्तसत्त्वगतस्य यदावरणं क्लेशरूपं तत्क्षीयते=विनश्यतीत्यर्थः ॥२-५२॥

ટીકાર્થ :

ततः ..... विनश्यतीत्यर्थः ॥ તેનાથી=તે પ્રાણાયામથી, પ્રકાશનું=ચિત્તસત્વગત પ્રકાશનું, જે ક્લેશરૂપ આવરણ તે ક્ષય પામે છે અર્થાત્ વિનાશ પામે છે. ॥૨-૫૨॥

ભાવાર્થ :

ચારે પ્રકારના પ્રાણાયામનું ફળ :

પાતંજલયોગસૂત્ર ૨-૫૦/૫૧માં ચાર પ્રકારના પ્રાણાયામો કહ્યા તે પ્રાણાયામના સેવનથી યોગીને વિવેકખ્યાતિનો બોધ કરવો છે અને તે બોધમાં બાધક એવા ચિત્તના ક્લેશો યોગીને વિવેકખ્યાતિ પ્રાપ્ત થવામાં અવરોધક છે. જે યોગીઓ પ્રાણાયામ કરીને ચિત્તના ક્લેશોરૂપ આવરણોનો ક્ષય કરે છે તેઓ વિવેકખ્યાતિરૂપ યોગની નિષ્પત્તિને અનુકૂળ નિર્મળ ચિત્તવાળા બને છે. **॥૨-૫૨॥**

અવતરણિકા :

फलान्तरमाह –

અવતરણિકાર્થ :

અન્ય ફળને કહે છે=ચાર પ્રકારના પ્રાણાયામનું પાતંજલયોગસૂત્ર ૨-૫૨માં ફળ બતાવ્યું. તેના કરતાં અન્ય ફળને કહે છે –

સૂત્ર :

धारणासु च योग्यता मनसः ॥૨-૫૩॥

સૂત્રાર્થ :

અને ધારણામાં મનની યોગ્યતા થાય છે. ॥૨-૫૩॥

ટીકા :

'धारणास्विति'-धारणा वक्ष्यमाणलक्षणास्तासु प्राणायामैः क्षीणदोषं मनो यत्र यत्र धार्यते तत्र तत्र स्थिरीभवति, न विक्षेपं भजते ॥૨-૫૩॥

ટીકાર્થ :

ધારણા ..... ભજતે ॥ વક્ષ્યમાણ લક્ષણવાળી=પાતંજલયોગસૂત્ર ૩-૧માં કહેવાશે તે સ્વરૂપવાળી, ધારણા છે. તેમાં પ્રાણાયામ દ્વારા ક્ષીણદોષવાળું મન જ્યાં જ્યાં ધારણ કરાય છે ત્યાં ત્યાં સ્થિર થાય છે, વિક્ષેપને પામતું નથી. ॥૨-૫૩॥

ભાવાર્થ :

ચારેય પ્રાણાયામોનું અન્ય ફળ :

જે યોગીઓ વિવેકપૂર્વક યોગનિષ્પત્તિનું કારણ બને તે રીતે પૂર્વમાં વર્ણન કરાયેલા ચારેય પ્રાણાયામોને કરે છે તે પ્રાણાયામ કાળમાં તેમનું ચિત્ત બાહ્ય વિષયોથી વિમુક્ત થઈને શરીરની શ્વાસ-પ્રશ્વાસની ગતિ ઉપર નિયંત્રિત થાય છે અને શ્વાસ-પ્રશ્વાસની ગતિને ચોક્કસ રીતે પ્રવર્તાવીને શરીરને અવલંબીને પ્રવર્તતું વીર્ય સમ્યગ્ યત્ન કરે તેવું સમર્થ પ્રાણાયામ દ્વારા કરે છે; કેમ કે પ્રાણાયામની પ્રક્રિયાથી શરીરના તંત્રો ચોક્કસ રીતે ગતિમાન બને છે અને પ્રાણાયામ દ્વારા સ્થિર થયેલું ચિત્ત યોગમાર્ગમાં ઉપયોગી એવી ધારણામાં યત્ન કરવા સમર્થ બને તેવું યોગ્ય બને છે; કેમ કે પ્રાણાયામ દ્વારા ક્ષીણ થયેલા દોષવાળું ચિત્ત અર્થાત્ ભટકવાની વૃત્તિરૂપ દોષના ક્ષયવાળું ચિત્ત, જ્યાં ધારણ કરાય ત્યાં સ્થિર થાય તેવું બને છે પરંતુ વિક્ષેપને પામતું નથી. **॥૨-૫૩॥**

અવતરણિકા :

प्रत्याहारस्य लक्षणमाह –

અવતરણિકાર્થ :

પ્રત્યાહારનું લક્ષણ કહે છે અર્થાત્ પ્રાણાયામનામના ચોથા યોગાંગને કહ્યા પછી હવે પાંચમાં યોગાંગરૂપ પ્રત્યાહારનું લક્ષણ કહે છે –

સૂત્ર :

स्वविषयासम्प्रयोगे चित्तस्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥२-५४॥

સૂત્રાર્થ :

સ્વવિષયનો અસંપ્રયોગ હોતે છતે=ઇન્દ્રિયોના વિષયોનાં આભિમુખ્યના=અભિમુખભાવના ત્યાગરૂપ અસંપ્રયોગ હોતે છતે જાણે ચિત્તના સ્વરૂપને અનુસરનાર ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે=ઇન્દ્રિયો યોગીના ચિત્તને અનુસરનારી થાય છે તે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે. ॥૨-૫૪॥

ટીકા :

'स्वेति'-इन्द्रियाणि विषयेभ्यः प्रतीपमाहृियन्तेऽस्मिन्निति प्रत्याहारः, स च कथं निष्पद्यत इत्याह-चक्षुरादीनामिन्द्रियाणां स्वविषयो रूपादिस्तेन सम्प्रयोगस्तदाभिमुख्येन वर्तनं तदभावस्तदाभिमुख्यं परित्यज्य स्वरूपमात्रेऽवस्थानं, तस्मिन् सति चित्तस्वरूपमात्रानुकारीणीन्द्रियाणि भवति, यतश्चित्तमनुवर्तमानानि मधुकरराजमिव मक्षिकाः सर्वाणीन्द्रियाणि प्रतीयन्तेऽतश्चित्तनिरोधे तानि प्रत्याहृतानि भवन्ति, तेषां तत्स्वरूपानुकारः प्रत्याहार उक्तः ॥२-५४॥

ટીકાર્થ :

इन्द्रियाणि ..... उक्तः ॥ ઇન્દ્રિયો વિષયોથી પાછી ફરે છે આમાં એ પ્રત્યાહાર છે.

આ રીતે પ્રત્યાહારનો વ્યુત્પત્તિ અર્થ બતાવીને તે પ્રત્યાહાર કઈ રીતે નિષ્પન્ન થાય છે ? તે બતાવે છે –

ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનો સ્વવિષય રૂપાદિ છે, તેની સાથે સંયોગ=તેને અભિમુખપણાથી વર્તન, તેનો અભાવ=ઇન્દ્રિયોના વિષયોના અભિમુખપણાનો ત્યાગ કરીને, સ્વરૂપમાત્રમાં અવસ્થાન, તે હોતે છતે=ઇન્દ્રિયોનું સ્વરૂપમાત્રમાં અવસ્થાન હોતે છતે, ચિત્તના સ્વરૂપમાત્રને અનુસારી ઇન્દ્રિયો થાય છે.

કેમ ચિત્તના સ્વરૂપમાત્રને અનુસરનારી ઇન્દ્રિયો થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જે કારણથી મક્ષિકા=માખીઓ જેમ મધુકરાજને અનુસરે છે તેમ ચિત્તને અનુસરનારી સર્વે ઇન્દ્રિયો પ્રતીત થાય છે, આથી જ ચિત્તનિરોધ કરાયે છતે તે=ઇન્દ્રિયો પ્રત્યાહૃત અર્થાત્ પોતપોતાના વિષયોથી વિમુખ, થાય છે. તેઓનો=ઇન્દ્રિયોનો તત્સ્વરૂપનો અનુકાર=ચિત્તના સ્વરૂપનું અનુસરણ, પ્રત્યાહાર કહેવાય છે. ॥૨-૫૪॥

ભાવાર્થ :

(૫) પાતંજલમતાનુસાર અષ્ટાંગયોગમાં પાંચમા યોગાંગરૂપ પ્રત્યાહારનું સ્વરૂપ :

ચક્ષુ વગરે ઇન્દ્રિયોનો વિષય રૂપાદિ છે અને તે વિષયો સાથે ઇન્દ્રિયોનો સંયોગ એટલે તે વિષયોને અભિમુખ=અનુસરનારું, ઇન્દ્રિયોનું વર્તન હોય છે. જ્યારે ઇન્દ્રિયોનો વિષયને અભિમુખભાવનો ત્યાગ થાય છે=ત્યારે ઇન્દ્રિયો પોતાના સ્વરૂપમાં અવસ્થાન પામે છે=ઇન્દ્રિયો વિષયોને ગ્રહણ કરવા માટે અભિમુખ પ્રવર્તતી નથી પરંતુ વિષયોના ગ્રહણનો ત્યાગ કરીને શાંત થઈ ગયેલી હોય છે તે ઇન્દ્રિયોના વિષયનો અસંપ્રયોગ છે. આવો વિષયોનો અસંપ્રયોગ=અસંયોગ, જે યોગીઓને થાય છે તે યોગીઓની ઇન્દ્રિયો તે યોગીના ચિત્તને અનુસરનારી બને છે, તેથી જેમ યોગીનું ચિત્ત વિષયો તરફ નહીં જવાના મનોવૃત્તિવાળું છે તેમ યોગીઓની ઇન્દ્રિયો પણ વિષયોને ગ્રહણ કરવાને અભિમુખભાવવાળી નથી પરંતુ વિમુખભાવવાળી છે તે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે.

આ કથનને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે – જેમ માખીઓ મધુકરરાજની પાછળ ખેંચાઈને જાય છે તેમ ઇન્દ્રિયો ચિત્તનું અનુસરણ કરે છે, આથી જ માંસમાંથી આસ્વાદ લેવાને અનુકૂળ જે માંસાહારીઓનું ચિત્ત છે તેઓને માંસને જોઈને ખાવાનો પરિણામ થાય છે કેમ કે તેઓનું ચિત્ત ખાવામાં અભિમુખભાવવાળું છે અને જેઓ માંસને જુગુપ્સાથી જોનારા છે તેઓનું ચિત્ત માંસથી વિમુખભાવવાળું હોવાથી તેઓની ઇન્દ્રિયો પણ માંસને જોઈને માંસ ખાવાના પરિણામવાળી થતી નથી પરંતુ માંસને જોઈને જુગુપ્સા થવાથી માંસથી નિવર્તન પામે છે.

એ રીતે જે યોગીઓએ તત્ત્વનું ભાવન કરીને ચિત્તનો નિરોધ કર્યો છે તેઓનું ચિત્ત વિષયોને ગ્રહણ કરવા માટે અભિમુખભાવવાળું નથી પરંતુ આત્માના સ્વસ્થ ભાવોમાં વિશ્રાંત થવાના ભાવવાળું

છે તેથી તેઓના ચિત્તના નિરોધને કારણે તેઓની ઇન્દ્રિયો પણ વિષયોથી પ્રત્યાહૃત થઈને=વિમુખ થઈને, વર્તે છે અર્થાત્ વિષયો પ્રત્યે જઈને તે વિષયોમાંથી આનંદ પ્રાપ્ત કરવાના અભિમુખવાળી નથી પરંતુ વિમુખભાવવાળી હોવાથી તેઓની ઇન્દ્રિયો તેમના ચિત્તના સ્વરૂપને અનુસરનારી બને છે તે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે. **॥૨-૫૪॥**

અવતરણિકા :

પ્રત્યાહારફલમાહ –

અવતરણિકાર્થ :

પ્રત્યાહારના ફળને કહે છે=પાતંજલયોગસૂત્ર ૨-૫૪માં ઇન્દ્રિયોના પ્રત્યાહારરૂપ પાંચમું પ્રત્યાહાર નામનું યોગાંગનું સ્વરૂપ બતાવ્યું. હવે તે પ્રત્યાહાર નામના યોગાંગની પ્રાપ્તિ જે યોગીને થાય છે તેમને શું ફળ થાય છે તે બતાવે છે –

સૂત્ર :

ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥२-५५॥

સૂત્રાર્થ :

તેનાથી=ઇન્દ્રિયોના પ્રત્યાહારથી, ઇન્દ્રિયોની પરમ વશ્યતા=પરમવશપણું યોગીને થાય છે. ॥૨-૫૫॥

ટીકા :

'तत इति'-अभ्यस्यमाने हि प्रत्याहारे तथा वश्यानि आयत्तानीन्द्रियाणि सम्पद्यन्ते तथा बाह्यविषयाभिमुखतां नीयमानान्यपि न यान्तीत्यर्थः ॥२-५५॥

ટીકાર્થ :

अभ्यस्यमाने ..... इत्यर्थः ॥ અભ્યસ્યમાન=અભ્યાસ કરાતો પ્રત્યાહાર હોતે છતે, તે પ્રકારે વશ્ય=આધીન, ઇન્દ્રિયો થાય છે, જેથી તે પ્રકારે લઈ જવાથી પણ=વિષયો પ્રત્યે ઇન્દ્રિયોને લઈ જવામાં આવે તોપણ, બાહ્ય વિષયોની અભિમુખતાને પામતી નથી એ પ્રમાણે અર્થ છે. ॥૨-૫૫॥

ભાવાર્થ :

યોગના પાંચમા અંગરૂપ પ્રત્યાહારનું ફળ :

કોઈ યોગી ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કરવા માટે અભ્યાસ કરે અને તે અભ્યાસ પ્રકર્ષવાળો થાય ત્યારે તે ઇન્દ્રિયો તે યોગીઓને આધીન બને છે, તેથી પૂર્વમાં ઇન્દ્રિયોની ઉત્સુક્તાને આધીન બાહ્ય વિષયોને જોવાને અભિમુખ ઇન્દ્રિયો જતી હતી તે હવે બાહ્ય વિષયોને અભિમુખ જતી નથી, એટલું

જ નહિ પણ તે યોગી યત્નપૂર્વક બાહ્ય વિષયોને અભિમુખ ઇન્દ્રિયોને લઈ જવા યત્ન કરે તોપણ તે ઇન્દ્રિયો વિષયોને અભિમુખ બનતી નથી.

જેમ - માંસાહાર પ્રત્યે જેઓને અત્યંત જુગુપ્સા છે તેઓ યત્નપૂર્વક માંસ ખાવાનો વિચાર કરે તોપણ તે માંસ ગ્રહણ કરવાને અભિમુખ તેઓનો પરિણામ થતો નથી. તેમ - જે યોગીઓએ ચિત્તનો નિરોધ કરીને ઇન્દ્રિયોનો પ્રત્યાહાર સુઅભ્યસ્ત કર્યો છે તેઓની ઇન્દ્રિયો તે પ્રકારે શાંત ભાવને પામેલી છે તેથી તે યોગીઓ વિષયોને જોઈને તેમાંથી આનંદ લેવાનો વિચાર કરે તોપણ શાંત ઇન્દ્રિયોના આનંદમાં મગ્ન થયેલું માનસ હોવાને કારણે વિષયોમાંથી આનંદ લઈ શકે તેવો ઇન્દ્રિયોનો પરિણામ યોગીને થતો નથી, આથી જ તેવા યોગીઓને સ્ત્રી આદિના રૂપને જોવાને બદલે તેની કાયામાં રહેલા અશુચિ ભાવો જોવાનો અત્યંત અભ્યાસ કર્યો હોવાથી તે સ્ત્રી આદિના કાયાની અત્યંત જુગુપ્સતાને કારણે તે સ્ત્રી આદિના રૂપને જોઈને તેમાંથી આનંદ લેવા માટે તેઓ સમર્થ બનતા નથી, તેથી તેવા યોગીઓની ઇન્દ્રિયો પરમ વશ્યતાને=પરમવશપણાને, પામેલી છે. **॥૨-૫૫॥**

પાતંજલયોગસૂત્ર ૨-૫૫ ઉપર પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની ટિપ્પણરૂપ વ્યાખ્યા :

[य.] व्याख्या-व्युत्थानध्यानदशासाधारणं वस्तुस्वभावभावनया स्वविषयप्रतिपत्ति-प्रयुक्तरागद्वेषरूपफलानुपधानमेवेन्द्रियाणां परमो जयः इति तु वयम् । तथोक्तं शीतोष्णीयाध्ययने [आचाराङ्ग, अध्ययन-३, उद्देशक-१]

"जस्सिमे सद्दा य रूपा य गंधा य रसा य फासा य अभिसमन्नागया भवंति से आयवं नाणवं वेयवं धम्मवं बंभवं" **इत्यादि ।**

अत्र "अभिसमन्वागता" इत्यस्य अभीत्याभिमुख्येन मनःपरिणामपरतन्त्रात् इन्द्रिय-विषयादत्युपयोगलक्षणेन समिति सम्यग्स्वरूपेण=नैते इष्टा अनिष्टा वेति निर्धारणया, अनु पश्चादागताः परिच्छिन्ना यथार्थस्वभावेन यस्येत्यर्थः, स आत्मवानित्यादि परस्परमिन्द्रिय-जयस्य फलार्थवादः । अन्यत्राप्युक्तम् –

"ण सक्का रूवमद्दट्ठुं चक्खूविसयमागयं ।
रागद्दोसा उ जे तत्थ ते भिक्खू परिवज्जए" ॥१॥ **इत्यादि ।**

चित्तनिरोधादतिरिक्तप्रयत्नानपेक्षत्वं तु परमेन्द्रियजये ज्ञानैकसाध्ये प्रयत्नमात्रानपेक्षत्वादेव निरूप्यते, तथा च स्तुतिकारः-

"संयतानि तवा (न चा)क्षाणि न चोच्छृङ्खलितानि च ।
इति सम्यक्प्रतिपदा (त्व)येन्द्रियजयः कृतः" ॥१॥ **इति ।**

न च प्राणायामादिहठयोगाभ्यासश्चित्तनिरोधे परमेन्द्रियजये च निश्चित उपायोऽपि "ऊसासं ण णिरुंभइ" **[आव. नि. १५१०] इत्याद्यागमेन योगसमाधानविघ्नत्वेन बहुलं तस्य**

निषिद्धत्वात्, तस्मादध्यात्मभावनोपबृंहितसमतापरिणामप्रवाही ज्ञानाख्यो राजयोग एव चित्तेन्द्रिय(जय)स्य परमेन्द्रियजयस्य चोपाय इति युक्तम् ।

અર્થ :

व्युत्थान ..... वयम्, વસ્તુના સ્વભાવની ભાવનાના કારણે અર્થાત્ આત્માને માટે બાહ્યપદાર્થોરૂપ વસ્તુનો સ્વભાવ પોતાને સુખનું કારણ પણ નથી અને દુઃખનું કારણ પણ નથી એ પ્રકારની ભાવનાને કારણે, વ્યુત્થાન-ધ્યાનદશાસાધારણ એવું સ્વવિષયની પ્રતિપત્તિ પ્રયુક્ત રાગ-દ્વેષરૂપ ફળનું અનુપધાન=ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિથી પ્રયુક્ત ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ-દ્વેષરૂપ ફળની અપ્રાપ્તિ ઇન્દ્રિયોનો પરમ જય છે, એ પ્રમાણે અમે કહીએ છીએ=પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે અમે જૈનદર્શન અનુસાર કહીએ છીએ.

तथोक्तं ..... अध्ययने - તે પ્રમાણે શીતોષ્ણીય અધ્યયનમાં (આચારાંગ અધ્યયન-૩ ઉદ્દે. ૧માં) કહેવાયું છે.

'जस्सिमे ..... बंभवं' इत्यादि "જેને આ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ અભિસમન્વાગત થાય છે તે આત્મવાન, જ્ઞાનવાન, વેદવાન, ધર્મવાન બ્રહ્મવાન છે" ઇત્યાદિ=ઇત્યાદિ શીતોષ્ણીય અધ્યયનમાં કહેવાયું છે એમ અન્વય છે.

अत्र ..... फलार्थवादः । અહીં=આચારાંગના શીતોષ્ણીય અધ્યયના ઉદ્ધરણમાં "अभिसमन्वागताः" એ પ્રકારના આના=શબ્દોના, અભિ એ અભિમુખ્યથી=મનપરિણામને પરતંત્ર એવા ઇન્દ્રિયોના વિષયોથી અતિ ઉપયોગસ્વરૂપ અભિમુખપણાથી सम् એ સમ્યગ્સ્વરૂપથી આ વિષયો ઇષ્ટ કે અનિષ્ટ નથી એ પ્રમાણે નિર્ધારણથી अनु=पश्चाद्=પાછળથી, आगताः=આવેલા=યથાર્થસ્વભાવથી પરિચ્છિન્ન છે જેને અર્થાત્ આ પ્રકારે અભિસમન્વાગત છે જેને, તે આત્મવાન ઇત્યાદિ પરસ્પર ઇન્દ્રિયજયનો ફલાર્થવાદ છે.

अन्यत्राप्युक्तम् - અન્યત્ર પણ કહેવાયું છે=અન્ય ગ્રંથમાં પણ ઇન્દ્રિયનો જય કહેવાયો છે –

"ण ..... परिवज्जए" ॥ ચક્ષુના વિષયમાં આવેલું રૂપ નહિ જોવા માટે શક્ય નથી જે ત્યાં=દેખાઈ રહેલા રૂપમાં રાગ-દ્વેષ થાય છે તેને ભિક્ષુ ત્યાગ કરે" ઇત્યાદિ=આવા બીજા અન્ય ઉદ્ધરણનો ઇત્યાદિથી સંગ્રહ કરવો.

चित्तनिरोधात् ..... निरूप्यते, જ્ઞાનથી એકસાધ્ય એવા પરમ ઇન્દ્રિયજયમાં પ્રયત્નમાત્રનું અનપેક્ષપણું હોવાથી જ=સર્વથા પ્રયત્નનું અનપેક્ષપણું હોવાથી જ, ચિત્તનિરોધથી અતિરિક્ત પ્રયત્નનું અનપેક્ષપણું નિરૂપણ કરાય છે.

तथा च स्तुतिकारः - અને તે પ્રમાણે સ્તુતિકાર કહે છે=પૂ.આ. હેમચંદ્રસૂરિ મહારાજા ભગવાનની સ્તુતિ કરતાં વીતરાગ સ્તોત્ર ૧૪માં પ્રકાશના શ્લોક-૨માં કહે છે –

"संयतानि ..... कृतः" ॥ इति । હે ભગવંત ! તમારા વડે ઇન્દ્રિયોને સંયત કરાઈ નથી અને ઉચ્છૃંખલ કરાઈ નથી. એ પ્રકારના સમ્યક્ પ્રતિપદથી=એ પ્રકારના સમ્યગ્ પ્રતિપદગમનથી, તમારા વડે ઇન્દ્રિયોનો જય કરાયો છે."

इति શબ્દ ઉદ્ધરણથી સમાપ્તિસૂચક છે.

न च ..... युक्तम् ॥ અને પ્રાણાયામાદિ હઠયોગનો અભ્યાસ ચિત્તનિરોધમાં અને પરમ ઇન્દ્રિયજયમાં નિશ્ચિત=નક્કી, ઉપાય પણ નથી. "ઉશ્વાસનો નિરોધ કરવો જોઈએ નહિ" (આવશ્યક નિ. ગાથા-૧૫૧૦) ઇત્યાદિ આગમથી યોગના સમાધાનમાં વિઘ્નપણું હોવાને કારણે બહુલતાએ તેનું નિષિદ્ધપણું છે=પ્રાણાયામાદિ હઠયોગનું નિષિદ્ધપણું છે. તે કારણથી=પ્રાણાયામાદિ હઠયોગ ઇન્દ્રિયજયનો ઉપાય નથી તે કારણથી, અધ્યાત્મ અને ભાવનાથી ઉપબૃંહિત સમતાના પરિણામનો પ્રવાહી એવો જ્ઞાનયોગ નામનો રાજયોગ જ ચિત્તજયનો અને ઇન્દ્રિયજયનો પરમ ઉપાય છે એ પ્રમાણે યુક્ત છે.

ભાવાર્થ :

પાતંજલમત પ્રમાણે પ્રાણાયામથી ઇન્દ્રિયોનો જય એ રાજયોગ નથી પરંતુ હઠયોગ છે તેનું દિગ્દર્શન :

પાતંજલદર્શનકાર પ્રાણાયામથી ઇન્દ્રિયજય સ્વીકારે છે અને તે પ્રાણાયામ ભાવપ્રાણાયામરૂપ નથી પરંતુ શ્વાસ-ઉચ્છ્વાસ ઉપર નિયંત્રણ કરવાની ક્રિયારૂપ છે તેથી હઠયોગ છે અર્થાત્ હઠથી બળાત્કારથી ચિત્તને નિયંત્રિત કરવાની ક્રિયા છે, પરંતુ રાજયોગ=ઇન્દ્રિયોના સંયમની પ્રાપ્તિ કરવાનો મુખ્ય માર્ગ, નથી.

ઇન્દ્રિયો પોતાને વશ થઈ છે એનો અર્થ પાતંજલદર્શનકાર કહે છે કે, ઇન્દ્રિયો વિષયને અભિમુખ જતી નથી તે ઇન્દ્રિયોની વશતા છે.

આ બંને કથનો પાતંજલદર્શનકારના ઉચિત હોવા છતાં પૂર્ણ ઉચિત નથી તે બતાવવા માટે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

જૈનમતાનુસાર ઇન્દ્રિયોના પરમજયનું સ્વરૂપ :

જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે ઇન્દ્રિયોનો જય વસ્તુના સ્વભાવની ભાવનાથી થાય છે અર્થાત્ જીવ વસ્તુનો સ્વભાવ છે કે વિષયો સાથે સંશ્લેષ ન પામે અને બાહ્ય પદાર્થરૂપ વસ્તુનો સ્વભાવ છે કે ઇન્દ્રિયોથી તે બાહ્યપદાર્થરૂપ જ્ઞેયનું ગ્રહણ થાય તોપણ તે જ્ઞેયવસ્તુ આત્મામાં એકત્વને પામીને સુખ-દુઃખનું આપાદન કરતી નથી, આમ છતાં અજ્ઞાનને કારણે જીવને વસ્તુના સ્વભાવનો બોધ નહિ હોવાથી ઇન્દ્રિયોને પ્રાપ્ત થતા પદાર્થો મને પ્રાપ્ત થાય છે અને મને તે સુખાકારી છે તેવો ભ્રમ જીવને થાય છે.

જેમને શાસ્ત્રવચનના બળથી વસ્તુના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન થયું છે તેઓ તે વસ્તુના સ્વભાવનો યથાર્થ નિર્ણય કરીને તેનાથી આત્માને ભાવિત કરે છે અને તેનાથી ભાવિત થયેલા આત્માને ઇન્દ્રિયના વિકાર વગરની અવસ્થા પોતાના માટે સુખરૂપ છે અને વિષયોના સંગથી થતા ઇન્દ્રિયોના વિકારવાળી અવસ્થા પોતાના માટે દુઃખરૂપ છે એવો સ્થિર નિર્ણય થાય છે અને તેના કારણે ઇન્દ્રિયોના વિષયને ગ્રહણ કરવા પ્રત્યેની ઉત્સુકતા તે મહાત્માની શાંત થાય છે, તેથી તથાવિધ

સંયોગને કારણે ઇન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિ થાય તોપણ તે મહાત્મામાં તે પ્રાપ્તિ પ્રયુક્ત રાગ-દ્વેષરૂપ ફળનું અનુપધાન છે=રાગ-દ્વેષરૂપ ફળ તેમનામાં પ્રગટ થતું નથી.

વળી આ રાગ-દ્વેષરૂપ ફળ તે મહાત્મા વ્યુત્થાનદશામાં હોય ત્યારે પણ થતું નથી અને ધ્યાનદશામાં હોય ત્યારે પણ થતું નથી, તેથી જ્યારે તે મહાત્મા વ્યુત્થાનદશામાં હોય ત્યારે ઇન્દ્રિયો સાથે વિષયોનો સંપર્ક થાય તોપણ ઇન્દ્રિયોનો વિષયમાં સંશ્લેષ થતો નથી અને ધ્યાનદશામાં હોય ત્યારે ઇન્દ્રિયોની સન્મુખ વિષયો આવે તોપણ તે વિષયોને ઇન્દ્રિયો ગ્રહણ કરતી નથી; કેમ કે તે મહાત્માનું ચિત્ત શુદ્ધ આત્માના સ્વરૂપના આવિર્ભાવના વ્યાપારવાળું છે, તેથી ઇન્દ્રિયોથી દેખાતા પદાર્થમાં બોધના વ્યાપારવાળું નથી.

જે યોગીઓને વસ્તુ સ્વભાવની ભાવના આ પ્રકારે સ્થિર થયેલી છે, તેથી વ્યુત્થાનદશામાં હોય કે ધ્યાનદશામાં હોય તોપણ ઇન્દ્રિયોના વિષયમાં રાગ-દ્વેષનો પરિણામ તેમને સ્પર્શતો નથી, પરંતુ ઇન્દ્રિયોના વિષયના સંપર્કકાળમાં કે અસંપર્કકાળમાં તે મહાત્મા પોતાના અસંગપરિણામને ધારણ કરે છે તે પ્રકારનો ઇન્દ્રિયોનો પરમજય જૈનદર્શનકાર સ્વીકારે છે.

અહીં પાતંજલદર્શનકાર કહે છે કે, ઇન્દ્રિયો વિષય તરફ લઈ જવામાં આવે તોપણ વિષયમાં જતી નથી તે ઇન્દ્રિયજય છે તે કથન સર્વથા સંગત નથી, ફક્ત ઇન્દ્રિયજયવાળા યોગીના ચિત્તમાં તે પ્રકારની ઉત્સુકતા નહિ હોવાથી તેઓ પોતાની ઇન્દ્રિયોને વિષય ગ્રહણ કરવામાં પ્રવર્તાવતા નથી આમ છતાં ઇન્દ્રિયોના વિષયો વ્યુત્થાનદશામાં સહસા પ્રાપ્ત થાય તોપણ તે મહાત્માનું ચિત્ત વિષયોમાં સંશ્લેષ પામતું નથી તે ઇન્દ્રિયજય છે. આ પ્રકારનો ઇન્દ્રિયજયનો અર્થ કરવા માટે આચારાંગસૂત્રમાં શીતોષ્ણીય અધ્યયન છે=આત્માને ઉપશમભાવની શીતળતા અને કષાયભાવની ઉષ્ણતાને બતાવનારું જે શીતોષ્ણીય અધ્યયન છે, તેની પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાક્ષી આપે છે –

શીતોષ્ણીય અધ્યયનમાં કહ્યું છે કે, જે યોગીને શબ્દ, રૂપ આદિ ઇન્દ્રિયોના વિષયો અભિસમન્વાગત છે તે આત્મવાન આદિ છે. આનાથી એ ફલિત થાય છે કે, જે યોગીઓને ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવાનો અભિમુખભાવ નથી અને વિષયો ઇન્દ્રિયોને સન્મુખ આવીને પ્રાપ્ત થાય ત્યારે લેશ પણ સંશ્લેષ થતો નથી તેઓ આત્મવાન વગેરે છે.

જેમ - સંયમમાં સ્થિત પરિણામવાળા મુનિઓ આહાર વાપરે છે ત્યારે રસનેન્દ્રિય સાથે આહારના પુદ્ગલનો સંસર્ગ થાય છે તોપણ તે મહાત્માને ઇન્દ્રિયો અભિસમન્વાગત હોવાથી આહારના ઇષ્ટ પદાર્થોમાં રાગ કે અનિષ્ટ પદાર્થોમાં દ્વેષ થતો નથી પરંતુ આહારસંજ્ઞાના સ્પર્શ વગર સંયમના પરિણામની વૃદ્ધિ થાય તે પ્રકારે સંયમના અંગભૂત આહારક્રિયા કરે છે, આથી જ આહાર વાપરતા વાપરતા પણ કેટલાય મહાત્માઓ કેવલજ્ઞાનને પામ્યા છે તેથી ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેનો સંશ્લેષનો અભાવ તે ઇન્દ્રિયજય છે અને જે મહાત્માઓને ઇન્દ્રિયો અભિસમન્વાગત પ્રાપ્ત થઈ હોય તે મહાત્માને વિષયોમાં સંશ્લેષ થતો નથી.

આચારાંગ અધ્યયન-૩ / ઉદ્દેશો-૧માં કહેલ "जस्सिमे ..... बंभवं" ઉદ્ધરણ આપ્યું તે ઉદ્ધરણનો અર્થ સ્પષ્ટ કરતાં પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

અભિસમન્વાગતમાં અભિ + सम् + અનુ+ આગત છે. તેમાં અભિનો અર્થ કરે છે – મનપરિણામને પરતંત્ર એવા ઇન્દ્રિયોના વિષયોથી અતિઉપયોગસ્વરૂપ અભિમુખપણારૂપે નિર્ધારણ. તેનો અર્થ એ છે કે, જે જીવોના મનનો પરિણામ વિષયોમાં સંશ્લેષવાળો છે તેને પરતંત્ર ઇન્દ્રિયોના વિષયો બને છે=તેને પરતંત્ર તે તે ઇન્દ્રિયના તે તે વિષયો ઇષ્ટ કે અનિષ્ટ બને છે અને તેનાથી અતિઉપયોગસ્વરૂપ અભિમુખપણારૂપે જે યોગીઓ વસ્તુસ્વભાવની ભાવના કરે છે તેમનું ચિત્ત વિષયોના સમ્યગ્ સ્વરૂપના જ્ઞાનથી આ વિષયો મને ઇષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી એ પ્રકારના નિર્ધારણવાળું બને છે તેથી તે તે વિષયોમાં સંશ્લેષ ન પામે તેવું અતિઉપયોગસ્વરૂપવાળું તેમનું ચિત્ત બને છે.

વળી, અભિમુખપણાથી તે યોગી સમ્યગ્ નિર્ધારણ કરે છે તે सम्નો અર્થ છે. શું સમ્યગ્ નિર્ધારણ કરે છે ? તે બતાવે છે – સ્વરૂપથી આ વિષયો મને ઇષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી અર્થાત્ આત્મા વિષયોમાં સંશ્લેષવાળો બને છે ત્યારે વિષયો ઇષ્ટ કે અનિષ્ટ બને છે, પરંતુ સ્વરૂપથી તે વિષયો ઇષ્ટ કે અનિષ્ટ નથી, તેવું નિર્ધારણ થવાને કારણે ઇન્દ્રિયો अनु આગત છે=પશ્ચાત્ આગત છે=વિષયો પ્રત્યેના સંશ્લેષથી પાછી વળેલી છે. ઇન્દ્રિયો વિષયો પ્રત્યેના સંસર્ગથી પાછી આવેલી છે તેનો અર્થ સ્પષ્ટ કરે છે – યથાર્થ સ્વભાવથી પરિચ્છિન્ન છે, અર્થાત્ ઇન્દ્રિયોના વિષયોના યથાર્થ સ્વભાવથી ઇન્દ્રિયોના વિષયોનો બોધ છે. જે યોગીને આવો બોધ છે તે યોગી આત્મવાન છે= આત્માના પોતાના સ્વરૂપમાં વસનારો છે.

આત્મવાન ઇત્યાદિ પરસ્પર ઇન્દ્રિયજયનો ફલાર્થવાદ છે એમ જે કહ્યું. તેનો ભાવ આ પ્રમાણે છે –

ઇન્દ્રિયોના જયને કારણે આત્મા આત્મવાન બને છે આથી ઇન્દ્રિયજયનું ફળ આત્મવાન છે, આત્મા આત્મવાન છે આથી જ જ્ઞાનવાળો છે; કેમ કે આત્મા પોતાના સ્વરૂપમાં રહે એ જ એનું પારમાર્થિક જ્ઞાન છે, વિષયોમાં સંશ્લેષવાળું જ્ઞાન એ પારમાર્થિક જ્ઞાન નથી તે જ્ઞાન જીવનો વિનાશ કરે તેવું વિપરીત જ્ઞાન છે, તેથી આત્મવાનનું ફળ જ્ઞાનવાન છે. વળી જ્ઞાનવાન છે આથી જ વેદવાન છે=શાસ્ત્રના પરમાર્થને જાણનાર છે; કેમ કે શાસ્ત્રના પરમાર્થ એ છે કે, આત્માના સંગભાવનો ત્યાગ કરીને અસંગભાવમાં જવા ઉદ્યમ કરવો જોઈએ. જ્ઞાનવાન એવા તે યોગી અસંગભાવમાં વર્તે છે માટે વેદવાન છે અને વેદવાન છે આથી જ ધર્મવાન છે અર્થાત્ આત્મા પોતાના સ્વાભાવિક ધર્મવાળો છે. આત્મા પોતાના સ્વાભાવિક ધર્મવાળો હોવાથી બ્રહ્મવાન છે; કેમ કે બ્રહ્મસ્વરૂપ પોતાના સ્વભાવમાં નિવેશ પામી રહ્યો છે, આથી જ ઇન્દ્રિયજયનો ફલાર્થવાદ આત્મવાન ઇત્યાદિ પરસ્પર છે.

વળી, પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે ઇન્દ્રિયોનો પરમજય બતાવ્યો. તે વિષયમાં અન્યત્ર જે કહેવાયું છે તે બતાવીને તેની પુષ્ટિ કરે છે –

"ચક્ષુના વિષયમાં આવેલું રૂપ નહિ જોવું શક્ય નથી પરંતુ તે રૂપને જોવામાં જે રાગ-દ્વેષ થાય છે તેનું પરિવર્જન સાધુ કરે."

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સાધુ ભિક્ષા વગેરે માટે ગયેલા હોય કે વસતિ આદિમાં કોઈ સન્મુખ આવેલું હોય ત્યારે ઇન્દ્રિયોના વિષયરૂપ સ્ત્રી વગેરેનું દર્શન ન જ થાય તેવું તો શક્ય નથી, પરંતુ સાધુએ રૂપ વગેરે જોઈને વિકાર ન થાય તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ અને ઉત્સુકતાપૂર્વક સ્ત્રી આદિને જોવી જોઈએ નહિ અને સહસા દૃષ્ટિ પડે તો લોહી-માંસ વગેરે અશુચિવાળો આ દેહ છે તે રીતે ઉપસ્થિતિ થાય તેવો સ્થિરપરિણામ રાખવો જોઈએ અને અતિસ્થિર ભૂમિકા પામેલા યોગીઓ તે સ્ત્રી વગેરેના સહસા દર્શનકાળમાં પણ તેનો અંતરંગ આત્મા શુદ્ધ આત્મસ્વરૂપ છે એ રીતે જોનારા હોય છે. શરીરાદિના પુદ્ગલો આત્માથી ભિન્ન અસાર પુદ્ગલો છે, તેમ જ તેમને દેખાય છે તેથી તે મહાત્મા તે પ્રકારના ઉપયોગ દ્વારા રાગ-દ્વેષનું પરિવર્જન કરે છે.

આનાથી એ ફલિત થાય છે કે, ઇન્દ્રિયના જયને પામેલા યોગીઓ સર્વથા ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરતા નથી એવું નથી પરંતુ ઇન્દ્રિયોના વિષયો સાથે સંશ્લેષ પામતા નથી તેવો અર્થ ફલિત થાય છે, માટે પાતંજલદર્શનકાર જે કહે છે કે ઇન્દ્રિયજયવાળા યોગીઓની ઇન્દ્રિયો પ્રયત્ન કરવા છતાં વિષયોમાં જતી નથી તે કથન સર્વથા સંગત નથી પરંતુ વિષયોમાં સંશ્લેષ પામીને વિષયોમાં જતી નથી એમ કહી શકાય.

વળી પાતંજલદર્શનકાર જે કહે છે કે, ઇન્દ્રિયજયવાળા યોગીની ઇન્દ્રિયો પ્રયત્ન કરવા છતાં વિષયોમાં જતી નથી. એ કથન સંગત નથી તે બતાવવા અર્થે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે –

જ્ઞાનથી એક સાધ્ય એવા પરમ ઇન્દ્રિયજયમાં પ્રયત્નમાત્રનું અનપેક્ષપણું છે અર્થાત્ ઇન્દ્રિયોને વિષયોમાં પ્રવર્તાવવારૂપ પ્રયત્ન કરવાની અપેક્ષા નથી અને ઇન્દ્રિયોને વિષયોથી પાછી ખેંચવાના પ્રયત્નની પણ અપેક્ષા નથી તો ઇન્દ્રિયજય કઈ રીતે થાય ? તેથી કહે છે –

ઇન્દ્રિયોના પારમાર્થિક સ્વરૂપનું સ્પર્શાત્મક જ્ઞાન થાય તેનાથી જ ઇન્દ્રિયોનો જય થાય છે, તેથી સ્પર્શાત્મક જ્ઞાનથી એક સાધ્ય પરમ ઇન્દ્રિયજય છે. જે યોગીઓને ઇન્દ્રિયોના વિષયોનું પારમાર્થિક જ્ઞાન થયું છે તે યોગીઓનું ચિત્ત સદા આત્મામાં સંગને ધારણ કરનાર હોવાથી વિષયોમાં સંગવાળું બનતું નથી, તેથી તે યોગીનું ચિત્ત વિષયો તરફ જવા માટે ઉત્સુક નહિ હોવાથી નિરોધદશાને પામેલું છે. ઇન્દ્રિયજય માટે ચિત્તનો નિરોધ કરવો આવશ્યક છે અને તે ચિત્તનિરોધ એક સ્પર્શાત્મક જ્ઞાનથી સાધ્ય છે. તેથી ચિત્તનિરોધના પ્રયત્નથી અતિરિક્ત ઇન્દ્રિયોને વિષય તરફ ન જાય તેવી બનાવવા અર્થે કોઈ પ્રયત્નની અપેક્ષા નથી, આથી જ જે યોગીઓનું ચિત્ત નિરોધ પામેલું છે, તે યોગીઓ વિષયોમાં ઇન્દ્રિયો ન જાય તેના માટે કોઈ પ્રયત્ન કરતા નથી; કેમ કે ઇન્દ્રિયજયવાળા યોગીઓને ઇન્દ્રિયજય અર્થે ચિત્તનિરોધથી અતિરિક્ત કોઈ પ્રયત્નની અપેક્ષા નથી અને આ કથનની પુષ્ટિને

અર્થે ભગવાનની સ્તુતિને કરનાર પૂજ્ય આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજાના વીતરાગસ્તોત્ર પ્રકાશ-૧૪/ શ્લોક-૨ના વચનને કહે છે –

"હે ભગવંત ! તમે ઇન્દ્રિયોને સંયમિત પણ કરી નથી અને ઉચ્છૃંખલ પણ કરી નથી એ પ્રકારના સમ્યગ્ પ્રતિપદથી=ઇન્દ્રિયના નિયંત્રણ અને ઉચ્છૃંખલના યત્ન વગર સમ્યગ્ ચિત્તના નિરોધથી, તમારા વડે ઇન્દ્રિયોનો જય કરાયો છે.

આનાથી એ ફલિત થાય છે કે, ભગવાનને વિષયોના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન હોવાને કારણે અને તે પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન સ્પર્શાત્મક હોવાને કારણે તેમનું ચિત્ત વિષયો પ્રત્યે સંગ ન પામે તેવું નિરોધ પામેલું છે, તેથી ઇન્દ્રિયોના વિષયોના સંપર્કમાં તેમને તે ઇન્દ્રિયોના વિષયો સાથે સંપર્ક ન પામે તે પ્રકારે સંયમ રાખવાની અપેક્ષા રહેતી નથી. જેમનું ચિત્ત વિષયો પ્રત્યે સંગ ન પામે તેવું નિરોધ પામેલું નથી તેમની ઇન્દ્રિયો ઉચ્છૃંખલ છે, ભગવાને ચિત્તનો નિરોધ કરેલ હોવાથી તેવી ઉચ્છૃંખલ ઇન્દ્રિયો ભગવાનની નથી, માટે ભગવાને ઇન્દ્રિયોના જય કર્યો છે.

વિશેષાર્થ :

જે યોગીઓનું ચિત્ત નિરોધદશાને પામ્યું નથી આમ છતાં વસ્તુના સ્વભાવની ભાવના દ્વારા ચિત્તનિરોધ કરવા માટે યત્ન કરી રહ્યા છે, તે યોગીઓને વસ્તુસ્વભાવની ભાવનાને સ્પર્શાત્મક બનાવવા ઇન્દ્રિયોના વિષયો વિઘ્નભૂત છે, તેથી અભ્યાસદશાવાળા તે યોગીઓ ઇન્દ્રિયોના વિષયોથી દૂર રહીને ઇન્દ્રિયોને સંયમિત કરવા પ્રયત્ન કરે છે અને આત્મામાં સંગનો પરિણામ વિદ્યમાન હોવાથી ઇન્દ્રિયો કંઈક ઉચ્છૃંખલ છે તે ઇન્દ્રિયોની ઉચ્છૃંખલતાને દૂર કરવા માટે શાસ્ત્રથી આત્માને ભાવિત કરે છે, પરંતુ જે યોગીઓએ ઇન્દ્રિયોનો પરમજય પ્રાપ્ત કર્યો છે તે યોગીઓનું ચિત્ત અસંગભાવમાં વર્તતું હોવાથી નિરોધ અવસ્થાવાળું છે તેવા યોગીઓને ઇન્દ્રિયોના પરમજય માટે ઇન્દ્રિયોના સંયમની અપેક્ષા નથી, પરંતુ ચિત્તના નિરોધથી જ તેઓની ઇન્દ્રિયો વિષયો પ્રત્યે રાગાદિ સંશ્લેષ વગરની બનેલી છે.

પ્રાણાયામાદિ હઠયોગ ઇન્દ્રિયજયનો નિશ્ચિત ઉપાય નથી, અધ્યાત્મ અને ભાવનાથી ઉપબૃંહિત સમતાના પરિણામનો પ્રવાહી એવો જ્ઞાનયોગ નામનો રાજયોગ ચિત્તજયનો અને ઇન્દ્રિયજયનો પરમ ઉપાય :

પતંજલિઋષિ હઠયોગરૂપ પ્રાણાયામથી ચિત્તનિરોધ અને ઇન્દ્રિયજય સ્વીકારે છે, તે વચન પણ એકાંતે નિરવદ્ય નથી; કેમ કે પ્રાણાયામરૂપ હઠયોગ ચિત્તનિરોધ પ્રત્યે કે ઇન્દ્રિયજય પ્રત્યે પરમ ઉપાય નથી પરંતુ કોઈક યોગીને ચિત્તને સ્થિર કરવામાં સહાયક બને તે અપેક્ષાએ ઉપાય સ્વીકારી શકાય પરંતુ મુખ્ય ઉપાય તો વસ્તુસ્વભાવની ભાવના છે.

વળી, આગમમાં પ્રાણાયામાદિ હઠયોગનો યોગના સમાધાનમાં વિઘ્નરૂપ સ્વીકારીને નિષેધ પણ કરેલો છે, તેથી કેટલાક યોગીઓને તે પ્રાણાયામાદિ હઠયોગ જ યોગસાધનામાં ઉપાયભૂત થવાને

બદલે વિઘ્નભૂત બને છે. તે આ રીતે –

કોઈ યોગી જિનગુણનું પ્રણિધાન કરીને જિનગુણના સ્વરૂપનું ચિંતવન કરે તો તેના દ્વારા યોગમાર્ગને અનુકૂળ એવું ચિત્ત સમાધાનવાળું બને છે. પ્રાણાયામાદિ હઠયોગ ઉચ્છ્વાસના નિરોધરૂપ હોવાથી તે પ્રકારે જિનગુણના પ્રણિધાનથી જે અંતરંગ યોગની નિષ્પત્તિ થાય છે તેમાં વિઘ્નભૂત બને છે આથી જ અન્નત્થસૂત્ર બોલીને કાર્યોત્સર્ગમાં લોગસ્સાદિ સૂત્રો બોલાય છે.

જે યોગી તે સૂત્રના અર્થના પર્યાલોચનપૂર્વક તે અર્થોનો પોતાના આત્માને સ્પર્શ થાય તે રીતે કાયોત્સર્ગ કરતાં હોય ત્યારે પ્રાણના રોધરૂપ પ્રાણાયામ તે પ્રકારના અંતરંગ યત્નમાં વિઘ્નભૂત બને છે માટે યોગનિષ્પત્તિ અર્થે જિનગુણના પ્રણિધાનવાળો ઉપયોગ જ આવશ્યક છે અને તેમાં વિઘ્નભૂત ઉચ્છ્વાસ નિરોધ અનિષ્ટ છે, આમ છતાં કોઈક યોગી જિનગુણનું પ્રણિધાન કરીને અંતરંગ ઉદ્યમ કરવા અસમર્થ હોય અને તેનું ચિત્ત આમ તેમ ભટકતું હોય તો તેવું ચિત્ત કાયોત્સર્ગમાં સ્થિરતાને પામતું ન હોય અને ક્વચિત્ પ્રાણાયામની પ્રક્રિયા દ્વારા ચિત્તને શાંત કરે અને તે શાંત થયેલા ચિત્ત દ્વારા જિનગુણના પ્રણિધાનથી કાયોત્સર્ગાદિ ક્રિયા કરે તો તેવા યોગીને પ્રાણાયામાદિ હઠયોગ પૂર્વભૂમિકારૂપે ઇષ્ટ પણ બને. આમ છતાં નિશ્ચિત ઉપાય તો જિનગુણના પ્રણિધાનપૂર્વક કાયોત્સર્ગની ક્રિયા છે અને તેમાં વિઘ્નભૂત એવો પ્રાણાયામાદિ હઠયોગ ત્યાજ્ય છે.

ઉપરમાં કહ્યું એ રીતે યોગસમાધાનમાં વિઘ્નભૂત પ્રાણાયામ ત્યાજ્ય છે તે કારણથી અધ્યાત્માદિ પાંચ યોગોમાંથી અધ્યાત્મ અને ભાવનારૂપ યોગના સંબંધથી ઉપબૃંહિત એવો સમતાના પરિણામનો પ્રવાહ જેને જ્ઞાનયોગ કહેવાય છે, તે જ્ઞાનયોગ જ મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે રાજયોગ છે અર્થાત્ મુખ્યયોગ છે, પરંતુ પ્રાણાયામાદિ હઠયોગ મુખ્યયોગ નથી, તેથી સમતાના પરિણામરૂપ રાજયોગ જ ચિત્તજયનો અને ઇન્દ્રિયજયનો પરમ ઉપાય છે.

આશય એ છે કે, અધ્યાત્મ અને ભાવનાથી આત્માને ભાવિત કરવામાં આવે તો જગતના તમામ ભાવો પ્રત્યે ચિત્ત સમભાવવાળું થાય છે અને આ સમભાવવાળું ચિત્ત અસંગપરિણામસ્વરૂપ હોવાથી તેને જ્ઞાનયોગ કહેવાય છે અને જે યોગીઓ આ પ્રકારે અધ્યાત્માદિ યોગોમાં યત્ન કરીને અસંગભાવના પરિણામવાળા બને છે તેમનું ચિત્ત વિષયોમાં સંગ પામતું નથી અને તેમની ઇન્દ્રિયો ઉત્સુક થઈને પદાર્થમાં પ્રવર્તતી નથી, તેથી ચિત્તનો જય અને ઇન્દ્રિયોનો જય કરવો હોય તો રાજયોગરૂપ જ્ઞાનયોગમાં યત્ન કરવો જોઈએ, પરંતુ પ્રાણાયામાદિ હઠયોગમાં યત્ન કરવો ઉચિત નથી.

બીજા સાધનપાદનો ઉપસંહાર કરતાં કહે છે –

ટીકા :

तदेवं प्रथमपादोक्तलक्षणस्य योगस्याङ्गभूतं क्लेशतनूकरणफलं क्रियायोगमभिधाय क्लेशानामुद्देशं स्वरूपं कारणं क्षेत्रं फलं चोक्त्वा कर्मणामपि भेदं कारणं स्वरूपं फलं

चाभिधाय विपाकस्य स्वरूपं कारणं चाभिहितम्, ततस्त्याज्यत्वात् क्लेशादीनां ज्ञानव्यतिरेकेण त्यागस्याशक्यत्वाज्ज्ञानस्य च शास्त्रायत्तत्वाच्छास्त्रस्य च हेयहानकारणोपादेयोपादानकारणबोधकत्वेन चतुर्व्यूहत्वाद्धेयस्य च हानव्यतिरेकेण स्वरूपानिष्पत्तेर्हानसहितं चतुर्व्यूहं स्वस्वकारणसहितमभिधायोपादेयकारणभूताया विवेकख्यातेः कारणभूतानामन्तरङ्गबहिरङ्गभावेन स्थितानां योगाङ्गानां यमादीनां स्वरूपं फलसहितं व्याकृत्या ऽऽसनादीनां धारणापर्यन्तानां परस्परमुपकार्योपकारकभावेनावस्थितानामुद्देशमभिधाय प्रत्येकं लक्षणकरणपूर्वकं फलमभिहितम् । तदयं योगो यमनियमादिभिः प्राप्तबीजभाव आसनप्राणायामैरङ्कुरितः प्रत्याहारेण पुष्पितो ध्यानधारणासमाधिभिः फलिष्यतीति व्याख्यातः साधनपादः ॥

ટીકાર્થ :

तदेव ..... साधनपादः ॥ અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે પ્રથમ સમાધિપાદમાં કહેવાયેલા સ્વરૂપવાળા યોગના અંગભૂત એવા, ક્લેશના તનૂકરણરૂપ=અલ્પકરણરૂપ, ફળવાળા ક્રિયા યોગને કહીને અને ક્લેશોના ઉદ્દેશ, સ્વરૂપ, કારણ, ક્ષેત્ર અને ફળને કહીને, કર્મોના પણ ભેદ, કારણ, સ્વરૂપ અને ફળને કહીને કર્મોના વિપાકનું સ્વરૂપ અને કારણ કહેવાયું. તેથી ક્લેશોનું ત્યાજ્યપણું હોવાથી જ્ઞાન વગર ત્યાગનું=ત્યાગ કરવા માટે, અશક્યપણું હોવાના કારણે અને જ્ઞાનનું શાસ્ત્રને આધીનપણું હોવાથી અને શાસ્ત્રનું હેયના હાનના કારણનું અને ઉપાદેયના ગ્રહણના કારણનું બોધકપણું હોવાના કારણે અને હેયના ચતુર્વ્યૂહપણાથી હાન વગર=પાતંજલયોગસૂત્ર ૨-૧૯માં હેયના હાન અર્થે કરાતા ધ્યાનમાં દૃશ્યના ચાર ગુણપર્વો બતાવ્યા તે રૂપ ચતુર્વ્યૂહપણાથી હાન વગર, (યોગના) સ્વરૂપની અનિષ્પત્તિ હોવાથી હાનસહિત ચતુર્વ્યૂહને સ્વ-સ્વ કારણસહિત કહીને ઉપાદેયના કારણભૂત એવી વિવેકખ્યાતિના કારણભૂત એવા અંતરંગ અને બહિરંગભાવથી રહેલા એવા યમાદિ યોગાંગના ફળસહિત સ્વરૂપને વ્યાકૃત કરીને=યોજન કરીને, પરસ્પર ઉપકાર્ય-ઉપકારકભાવથી અવસ્થિત=રહેલા એવા ધારણાપર્યંત આસનાદિના ઉદ્દેશને કહીને, પ્રત્યેકના લક્ષણ કરવાપૂર્વક ફળ કહેવાયું. તે આ યોગ યમનિયમાદિથી પ્રાપ્ત બીજભાવવાળો, આસન અને પ્રાણાયામથી અંકુરિત થયેલો, પ્રત્યાહારથી પુષ્પિત થયેલો, ધ્યાન, ધારણા અને સમાધિ વડે ફળવાન થશે. એ પ્રમાણે સાધનપાદ વ્યાખ્યાન કરાયો=કહેવાયો.

ભાવાર્થ :

બીજા સાધનપાદનો ઉપસંહાર :

બીજા સાધનપાદની સમાપ્તિ પછી રાજમાર્તંડકાર બીજા પાદના સર્વ પદાર્થો કઈ રીતે યોગનિષ્પત્તિ પ્રત્યે કારણભાવરૂપે સંલગ્ન છે તેનું એકવાક્યતાથી યોજન કરતાં કહે છે –

* પ્રથમ પાદમાં બતાવેલ સ્વરૂપવાળો યોગ છે અને તે યોગના અંગભૂત એવું ક્લેશોનું તનૂકરણ=ક્લેશોની અલ્પતા છે.

* ક્લેશોની અલ્પતા ક્રિયાયોગથી થાય છે તેથી બીજા સાધનપાદના પ્રારંભમાં ક્રિયાયોગ બતાવેલ છે.

* ક્રિયાયોગને બતાવ્યા પછી ક્રિયાયોગથી ક્લેશોનું તનૂકરણ થાય છે તે ક્લેશોનું ઉદ્દેશ, સ્વરૂપ, કારણ, ક્ષેત્ર અને ફળ બતાવ્યું.

* કલેશોનું ફળ કર્મ છે તેથી કર્મના ભેદ, કારણ, સ્વરૂપ અને ફળ ત્યારપછી બતાવ્યા.

* કર્મનું ફળ એ કર્મોનો વિપાક છે તેથી કર્મના વિપાકનું સ્વરૂપ અને ત્યારપછી કારણ બતાવ્યું.

* આ સર્વ કથનથી ક્લેશોનું ત્યાજ્યપણું સિદ્ધ થયું; કેમ કે ક્લેશો યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નભૂત છે.

* ત્યાજ્ય એવા ક્લેશોનો ત્યાગ જ્ઞાન વગર થઈ શકતો નથી અને જ્ઞાન શાસ્ત્રને આધીન છે.

* શાસ્ત્ર હેય એવા ક્લેશોના હાનના કારણો અને ઉપાદેય એવા યોગના ઉપાદાનના કારણો બતાવે છે.

* તે શાસ્ત્ર આ પાતંજલયોગસૂત્રનો બીજો સાધનપાદ છે, તેનાથી બોધ કર્યા પછી યોગીઓ હેયનો ત્યાગ કરવા અર્થે ચાર ગુણપર્વોને આશ્રયીને ધ્યાનમાં ઉદ્યમ કરે છે તે હેય ચતુર્વ્યૂહાત્મક છે.

* ચતુર્વ્યૂહાત્મક હેયના હાન વગર યોગના સ્વરૂપની નિષ્પત્તિ=પ્રાપ્તિ, થતી નથી તેથી હાન સહિત ચતુર્વ્યૂહને સ્વ-સ્વકારણ સહિત બતાવેલ છે.

* હાન સહિત ચતુર્વ્યૂહને સ્વ-સ્વકારણ સહિત બતાવીને ઉપાદેયના કારણભૂત એવી વિવેકખ્યાતિના કારણભૂત એવા અંતરંગભાવરૂપે અને બહિરંગભાવરૂપે રહેલા આઠ યોગાંગોમાંથી યમ અને નિયમરૂપ યોગાંગને ફળ સહિત બતાવેલ છે.

* ત્યારપછી આસનથી માંડીને ધારણા પર્યંતના યોગાંગો પરસ્પર કઈ રીતે ઉપકાર્ય-ઉપકારકભાવરૂપે રહેલા છે તે બતાવીને પ્રત્યેકના લક્ષણ કરવાપૂર્વક ફળ બતાવેલ છે.

સાધનપાદના કથનથી પ્રાપ્ત થતો ફલિતાર્થ :

* યોગ યમ અને નિયમ દ્વારા પ્રાપ્ત બીજભાવવાળો છે અર્થાત્ યોગની પ્રાપ્તિમાં યમ-નિયમ બીજસ્થાનીય છે.

* યમ અને નિયમ વડે પ્રાપ્ત બીજભાવવાળો યોગ અને આસન અને પ્રાણાયામ દ્વારા અંકુરિત બને છે અર્થાત્ યોગની પ્રાપ્તિમાં આસન અને પ્રાણાયામ અંકુરસ્થાનીય છે.

* યમ-નિયમ દ્વારા પ્રાપ્ત બીજભાવવાળો યોગ આસન અને પ્રાણાયામ દ્વારા અંકુરિત બનીને પ્રત્યાહાર દ્વારા પુષ્પિત બને છે અર્થાત્ યોગની પ્રાપ્તિમાં પ્રત્યાહાર પુષ્પસ્થાનીય છે.

* યમ અને નિયમ દ્વારા પ્રાપ્ત બીજભાવવાળો યોગ આસન અને પ્રાણાયામ દ્વારા અંકુરિત બનીને, પ્રત્યાહાર દ્વારા પુષ્પિત બનીને ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા ફલિત બનશે અર્થાત્ યોગની પ્રાપ્તિમાં ધારણા, ધ્યાન અને સમાધિ ફળસ્થાનીય છે.

સારાંશ :

યોગની પ્રાપ્તિમાં આઠ યોગાંગોના સ્થાન

↓

યમ અને નિયમ	→	બીજસ્થાનીય
આસન અને પ્રાણાયામ	→	અંકુરસ્થાનીય
પ્રત્યાહાર	→	પુષ્પસ્થાનીય
ધારણા, ધ્યાન અને સમાધિ	→	ફળસ્થાનીય

इति भोजदेवविरचितायां राजमार्तण्डभिधायां पातञ्जलयोगशास्त्रसूत्रवृत्तौ साधनपादो द्वितीयः ॥



योगसूत्राणि

प्रथमः समाधिपादः ॥

सूत्रम्	पृष्ठम्
अथ योगानुशासनम् ॥१-१॥	१
योगश्चित्तवृत्तिनिरोधः ॥१-२॥	४
तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥१-३॥	९
वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः ॥१-५॥	१२
प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ॥१-६॥	१३
प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ॥१-७॥	१३
विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ॥१-८॥	१६
शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ॥१-९॥	१७
अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा ॥१-१०॥	१८
अनुभूतविषयासम्प्रमोषः स्मृतिः ॥१-११॥	१९
अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥१-१२॥	२३
तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१-१३॥	२५
स तु दीर्घकालादरनैरन्तर्यसत्कारसेवितो दृढभूमिः ॥१-१४॥	२६
दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसञ्ज्ञा वैराग्यम् ॥१-१५॥	२६
तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥१-१६॥	२८
वितर्कविचारानन्दास्मितारूपानुगमात् सम्प्रज्ञातः ॥१-१७॥	३२
विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ॥१-१८॥	४०
भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ॥१-१९॥	४८
श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ॥१-२०॥	५०
तीव्रसंवेगानामासन्नः ॥१-२१॥	५२

सूत्रम्	पृष्ठम्
मृदुमध्याधिमात्रत्वात् ततोऽपि विशेषः ॥१-२२॥	५३
ईश्वरप्रणिधानाद् वा ॥१-२३॥	५८
क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥१-२४॥	५९
तत्र निरतिशयं सार्वज्ञ्यबीजम् ॥१-२५॥	६५
स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥१-२६॥	६८
तस्य वाचकः प्रणवः ॥१-२७॥	७७
तज्जपस्तदर्थभावनम् ॥१-२८॥	७८
ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥१-२९॥	८०
व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥१-३०॥	८१
दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासाविक्षेपसहभुवः ॥१-३१॥	८५
तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ॥१-३२॥	८७
मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्त-प्रसादनम् ॥१-३३॥	८८
प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ॥१-३४॥	९३
विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धिनी ॥१-३५॥	९७
विशोका वा ज्योतिष्मती ॥१-३६॥	९९
वीतरागविषयं वा चित्तम् ॥१-३७॥	१०१
स्वप्ननिद्राज्ञानालम्बनं वा ॥१-३८॥	१०२
यथाभिमतध्यानाद् वा ॥१-३९॥	१०३
परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥१-४०॥	१०५
क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः ॥१-४१॥	१०६

सूत्रम्	पृष्ठम्
तत्र शब्दार्थज्ञानविकल्पैः सङ्कीर्णा सवितर्का समापत्तिः ॥१-४२॥	१०९
स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का ॥१-४३॥	१०९
एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥१-४४॥	११०
सूक्ष्मविषयं चालिङ्गपर्यवसानम् ॥१-४५॥	११४
ता एव सबीजः समाधिः ॥१-४६॥	११६
निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः ॥१-४७॥	११८
ऋतम्भरा तत्र प्रज्ञा ॥१-४८॥	१२०
श्रुतानुमानप्रज्ञाभ्यां सामान्यविषया विशेषार्थत्वात् ॥१-४९॥	१२१
तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥१-५०॥	१२४
तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ॥१-५१॥	१२५

द्वितीयः साधनपादः ॥

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ॥२-१॥	१३०
समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥२-२॥	१३२
अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः ॥२-३॥	१३३
अविद्या क्षेत्रमुत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम् ॥२-४॥	१३४
अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ॥२-५॥	१३९
दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता ॥२-६॥	१४१
सुखानुशयी रागः ॥२-७॥	१४३
दुःखानुशयी द्वेषः ॥२-८॥	१४४
स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः ॥२-९॥	१४५
ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ॥२-१०॥	१५०
ध्यानहेयास्तद्वृत्तयः ॥२-११॥	१५२

सूत्रम्	पृष्ठम्
क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ॥२-१२॥	१५३
सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥२-१३॥	१५५
ते ह्लादपरितापफलाः पुण्यापुण्यहेतुत्वात् ॥२-१४॥	१८४
परिणामतापसंस्कारैर्गुणवृत्तिविरोधाच्च दुःखमेव सर्वं विवेकिनः ॥२-१५॥	१८५
हेयं दुःखमनागतम् ॥२-१६॥	१९०
द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ॥२-१७॥	१९१
प्रकाशक्रियास्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम् ॥२-१८॥	१९२
विशेषाविशेषलिङ्गमात्रालिङ्गानि गुणपर्वाणि ॥२-१९॥	१९४
द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः ॥२-२०॥	१९९
तदर्थ एव दृश्यस्यात्मा ॥२-२१॥	२०१
कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात् ॥२-२२॥	२०२
स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः ॥२-२३॥	२०४
तस्य हेतुरविद्या ॥२-२४॥	२०६
तदभावे संयोगाभावो हानं तद् दृशेः कैवल्यम् ॥२-२५॥	२०७
विवेकख्यातिरविप्लवा हानोपायः ॥२-२६॥	२०९
तस्य सप्तधा प्रान्तभूमौ प्रज्ञा ॥२-२७॥	२११
योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ॥२-२८॥	२१५
यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ॥२-२९॥	२१७
अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥२-३०॥	२१८
एते जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ॥२-३१॥	२२१
शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥२-३२॥	२२५
वितर्कबाधने प्रतिपक्षभावनम् ॥२-३३॥	२२७
वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लोभक्रोधमोहपूर्वका मृदुमध्याधिमात्रा दुःखाज्ञानानन्तफला इति प्रतिपक्षभावनम् ॥२-३४॥	२२८

सूत्रम्	पृष्ठम्
अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ॥२-३५॥	२३४
सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥२-३६॥	२३५
अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थापनम् ॥२-३७॥	२३६
ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥२-३८॥	२३७
अपरिग्रहस्थैर्ये जन्मकथन्तासम्बोधः ॥२-३९॥	२३७
शौचात् स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः ॥२-४०॥	२३८
सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्शनयोग्यत्वानि च ॥२-४१॥	२४०
सन्तोषादनुत्तमः सुखलाभः ॥२-४२॥	२४२
कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात् तपसः ॥२-४३॥	२४३
स्वाध्यायादिष्टदेवतासम्प्रयोगः ॥२-४४॥	२४४
समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ॥२-४५॥	२४६
स्थिरसुखमासनम् ॥२-४६॥	२४७
प्रयत्नशैथिल्यानन्त्यसमापत्तिभ्याम् ॥२-४७॥	२४८
ततो द्वन्द्वानभिघातः ॥२-४८॥	२४९
तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥२-४९॥	२५०
स तु बाह्याभ्यन्तरस्तम्भवृत्तिर्देशकालसङ्ख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः ॥२-५०॥	२५१
बाह्याभ्यन्तरविषयाक्षेपी चतुर्थः ॥२-५१॥	२५३
ततः क्षीयते प्रकाशावरणम् ॥२-५२॥	२५४
धारणासु च योग्यता मनसः ॥२-५३॥	२५५
स्वविषयासम्प्रयोगे चित्तस्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥२-५४॥	२५६
ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥२-५५॥	२५८

वीतरागविषयं वा चित्तम् ।।

અથવા વીતરાગના વિષયવાળું ચિત્ત મનની સ્થિતિનું=મનની સ્થિરતાનું, કારણ થાય છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401